न्यायविशारद-न्यायाचार्य
महोपाध्यायश्री
यशोविजयविरचित टीका-उपेता श्री



# कर्म प्रकृतिः

( कम्मपयडि )

ભાગ
૨

• વિવેચનકાર • ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા-સુરત

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||
|| શ્રી જિન પ્રવચનાય નમો નમઃ ||
|| શ્રી સરસ્વતી દેવ્યૈ નમઃ ||










પરમ પૂજ્ય શ્રી શિવશર્મસૂરીશ્વરજી કૃત

# કર્મપ્રકૃતિ અર્થાત્ કમ્મપયડિ
# સંક્રમણકરણ, ઉદ્વર્તનાકરણ, અપવર્તનાકરણ

પરમ પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત
સંસ્કૃત ટીકાના અનુવાદ સ્વરૂપ ભાવાર્થ સાથે

ભાગ-૨

: વિવેચક :
ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા
(સુઇગામવાળા)

: પ્રકાશક :
શ્રી જૈનધર્મ પ્રસારણ ટ્રસ્ટ
સુરત

**પ્રકાશક : જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ**
એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ, નવયુગ કોલેજ સામે,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯. ગુજરાત, (INDIA)
ફોન : ૦૨૬૧-૨૭૬૩૦૭૦, મો : ૯૮૯૮૩૩૦૮૩૫

**પ્રાપ્તિસ્થાન**

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**
એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ,
સુરત-૯, Ph. (0261) 2763070
Mob. : 9898330835

**શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા**
સ્ટેશન રોડ, રંગ મહોલના નાકે,
મહેસાણા. (ઉ. ગુજરાત)
Ph. (02762) 222927

**સેવંતીલાલ વી. જૈન**
ડી-૫૨, સર્વોદયનગર, ગ્રાઉન્ડ ફ્લોર,
પાંજરાપોળ, ૧લી લેન,
સી.પી. ટેન્ક રોડ, મુંબઈ-૪
Ph. : (022) 2240 4717
2241 2445

**સરસ્વતી પુસ્તક ભંડાર**
હાથીખાના, રતનપોળ,
અમદાવાદ.
ફોન : (૦૭૯) ૨૫૩૫૬૬૯૨

**જૈન દર્શન પ્રકાશન મંદિર**
અક્ષત એપાર્ટમેન્ટ, ધરણીધર દેરાસર સામે
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭
**Ph. (079) 26614328**







**પ્રકાશન વર્ષ**
વીર સંવત ૨૫૪૩
વિક્રમ સંવત ૨૦૭૩
ઈસ્વીસન્ ૨૦૧૬-૧૭

**કિંમત : રૂા. ૩૫૦-૦૦**

મુદ્રક : **ભરત ગ્રાફીક્સ,**
૭, ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૨૧૩૪૧૭૬, મો, ૯૯૨૫૦ ૨૦૧૦૬
E-mail : bharatgraphics1@gmail.com

# શ્રુતસહયોગીનો આભાર

પરમ પૂજ્ય ઉપાધ્યાય **શ્રી યશોવિજયજી મ.સાહેબ** કૃત સંસ્કૃત ટીકાના ગુજરાતી વિવેચન સાથે, પરમ પૂજ્ય આચાર્યદેવ **શ્રી શિવશર્મસૂરીશ્વરજી મ.સા.** કૃત **કમ્મપયડિ**માં આવતાં આઠ કરણો, ઉદય અને સત્તા તથા પરિશિષ્ટ વિગેરેનું ગુજરાતીમાં સરળ વિવેચન તૈયાર કર્યું છે. તેનો પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો સારો અભ્યાસ કરી શકે અને સારો લાભ લે, એવા શુભ આશયથી આ પુસ્તકનું પ્રકાશન ચાર ભાગમાં કરેલ છે. ભાગ પહેલામાં **બંધનકરણ**, ભાગ બીજામાં **સંક્રમણકરણ** તથા **ઉદ્વર્તના, અપવર્તનાકરણ**, ભાગ ત્રીજામાં **ઉદીરણા** અને **ઉપશમનાકરણ**, તથા **નિદ્ધત્તિ-નિકાચનાકરણ**, ભાગ ચોથામાં **ઉદય, સત્તા** અને **પરિશિષ્ટ** એમ ચાર ભાગમાં પ્રકાશન કર્યું છે.

આ પ્રકાશન કાર્યમાં નીચેના શ્રુતદાતાશ્રીઓ તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે. શ્રુતદાતાઓની ભૂરિ ભૂરિ અનુમોદના. તેઓશ્રીના સહયોગના કારણે કમ્મપયડિ નામના આ મહા ગ્રંથના ચાર ભાગ રૂપ એક કોપીની પડતર કિંમત અંદાજિત રૂા.૧૪૦૦ જેવી થતી હોવા છતાં દાતાશ્રીઓના સહયોગથી આ સેટ રૂા. ૭૦૦માં (ચાર ભાગ) આપવાનું નક્કી કરેલ છે. સહાયકદાતાશ્રીઓનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

(૧) **જિતેન્દ્રભાઈ શાહ તથા ચેતનાબેન (હ્યુસ્ટન, યુ.એસ.એ.)**

(૨) **રાકેશભાઈ તથા તેમનાં ધર્મપત્ની નેહાબેન (કોલંબસ, યુ.એસ.એ.)**

(૩) **નરેશભાઈ તથા ગિરીશભાઈ તથા રેખાબેન વિગેરે (ફીનીક્ષ, યુ.એસ.એ.)**

(૪) **કોઠારી છગનલાલ પ્રેમાજી આહોરવાળા સુપુત્ર શ્રી ગુલાબચંદજી ભાઈ તથા કુમારપાલભાઈ આદિ પુત્ર-પૌત્ર-પ્રપૌત્ર વિગેરે પરિવાર (એટલન્ટા, યુ.એસ.એ.)**

(૫) **રમાબેન છોટાલાલ દફતરી પરિવાર તથા જયાબેન શાન્તિલાલ કામદાર પરિવાર (વેક્કો, યુ.એસ.એ.)**

(૬) ડોક્ટર સાહેબશ્રી નિખીલભાઈ તથા રૂપાબેન
(કોલંબસ, યુ.એસ.એ.)

(૭) શ્રી કમલેશભાઇ તથા અવનીબેન-ઓર્લેન્ડો (U.S.A.)

(૮) ધીરુભાઇ શાહ તથા કીશોરીબેન શાહ-એલ. એ. (L.A.)

(૯) વર્ધમાનતપોનિધિ પ. પૂ. આ. શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મ. સા.ના સમુદાયના પ. પૂ. આ. શ્રી વિજયકલ્પેન્દ્રસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી શ્રી જીરાવલાપૂરમ્ તીર્થ-દસાડા

(૧૦) પ. પૂજ્ય આચાર્યદેવ શ્રી રામસૂરીશ્વરજી (ડહેલાવાળા)ના શિષ્યરત્ન પ. પૂજ્ય આચાર્યશ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સાહેબની આજ્ઞાવર્તિની પૂજ્ય સાધ્વીજી મ.સા. શ્રી પ્રિયદર્શનાશ્રીજી મ.સા.ની શુભ પ્રેરણાથી કતારગામ શ્રાવિકા ઉપાશ્રય'' સુરત

(૧૧) પ.પૂ.શાસનસમ્રાટ આચાર્યદેવ શ્રી નેમિસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના સાધ્વીજી શ્રી વિદ્યુત્પ્રભાશ્રીજી-શશિપ્રભાશ્રીજીનાં શિષ્યા પૂ.સા.શ્રી રાજપ્રજ્ઞાશ્રીજી મ.સા.

(૧૨) પૂ.સૌમ્યપ્રભાશ્રીજી મ.સાહેબ શ્રી દેવી કમલ જૈન સ્વાધ્યાય મંદિર-ઓપેરા-પાલડી, અમદાવાદ.

(૧૩) પૂજ્ય પદ્મલતાશ્રીજી મ.સા. તથા તેમના શિષ્યા પૂ.સા. શ્રી પ્રિયદર્શિતાશ્રીજી મ.સા.ની શુભ પ્રેરણાથી મફનજી પાર્ક જૈન સંઘ

(૧૪) પૂજ્ય પ્રિયદર્શનાશ્રીજી મ.સા.નાં શિષ્યા પૂજ્ય સા.શ્રી રાજપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની શુભ પ્રેરણાથી રિવેરા જૈન સંઘ

(૧૫) પ. પૂ. સા. શ્રી અમિતગુણાશ્રીજી મ. સા.ના સદુપદેશથી સુવિધિનાથ બંગલોઝમાં આરાધના કરનાર બેનો તરફથી.

(૧૬) શ્રી સમી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ પંચઉ વહિવટ ટ્રસ્ટ-સમી

ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

# આવકાર

કમ્મપયડી-કર્મપ્રકૃતિના કર્તા આચાર્ય શ્રી શિવશર્મસૂરિજી પ્રાયઃ દસ પૂર્વધર હતા એવું માનવામાં આવે છે. પંદરસો - સોળસો વર્ષ પૂર્વે થયેલા આ મહાપુરુષ શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના સમકાલીન કે પૂર્વકાલીન હોવાનું ઈતિહાસકારો માને છે

'કર્મપ્રકૃતિ'માં જે ગહન કર્મગ્રંથ સંબંધિ ચિંતન છે એ જોતાં ગ્રંથકારશ્રીની વિદ્વત્તા એમની બહુશ્રુતતા આગળ માથું ઝુકી જાય છે.

પ્રાચીન પાંચમો કર્મગ્રંથ 'શતક' પણ આચાર્ય શ્રી શિવશર્મસૂરિની જ રચના છે. કેટલાક વિદ્વાનો છટ્ઠા કર્મગ્રંથની રચના પણ તેઓની જ માને છે.

(બીજા કેટલાક વિદ્વાનોના મતે છટ્ઠો કર્મગ્રંથ 'સપ્તતિકા' શ્રી ચંદ્રમહર્ષિની રચના છે.)

વ્યાખ્યા સાહિત્ય :

ચૂર્ણિ : 'કર્મપ્રકૃતિ' ઉપર સર્વપ્રથમચૂર્ણિની રચના થઈ છે. ચૂર્ણિકાર શ્રી જિનદાસ ગણિ મહત્તર વિક્રમના છટ્ઠા સૈકામાં થયા હોવાનું ઈતિહાસકારોનું માનવું છે. ૭૦૦૦ શ્લોકપ્રમાણ ચૂર્ણિ ઉપર ૧૯૨૦ શ્લોકપ્રમાણ ટીપ્પણ આચાર્ય મુનિચંદ્રસૂરિજીએ વિક્રમના બારમા શતકમાં રચ્યું છે.

કર્મપ્રકૃતિને વિશદતાથી સમજાવનાર પ્રારંભિક સાધન તરીકે ચૂર્ણિ ઘણી મહત્ત્વની વ્યાખ્યા છે.

૧૨મા સૈકામાં કર્મપ્રકૃતિ ઉપરની સંસ્કૃતમાં વિશદ વ્યાખ્યા રચનાર આચાર્ય શ્રી મલયગિરિસૂરિએ પોતે જે કંઈ કહ્યું છે એનો સંપૂર્ણ યશ ચૂર્ણિકારશ્રીને આપતાં જણાવ્યું છે કે, अयं गुणश्चूर्णिकृतः समग्रो यदस्मदादिर्वदतीह किञ्चित्

આચાર્ય શ્રી મલયગિરિસૂરિજી કૃત ટીકા :

આચાર્ય શ્રી મલયગિરિસૂરિજીનું સ્થાન ટીકાકારોમાં સૌથી શ્રેષ્ઠ છે. એમની વ્યાખ્યા સરળ, સુબોધ હોવાથી 'માના ધાવણ'ની ઉપમા એને અપાય છે. ૮૦૦૦ શ્લોકપ્રમાણ આ ટીકા થકી 'કર્મપ્રકૃતિ'ને સમજવાનું સુંદર સાધન બારમા સૈકામાં પ્રાપ્ત થયું.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત ટીકા :

૧૮ મા સૈકામાં ૧૩૦૦૦ શ્લોકપ્રમાણ વિશદ વ્યાખ્યા રચનાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરનું નામ શ્રીસંઘમાં જાણીતું છે. અનેક નાના-મોટાગ્રંથો તેઓશ્રીએ રચ્યા છે કાશી જઈને નવ્યન્યાય વગેરેનો અભ્યાસ કરનારા અને ગ્રંથ રચનામાં નવ્ય ન્યાયની શૈલીનો પ્રયોગ કરનારા તેઓશ્રી સૌથી પ્રથમ છે.

સામાન્ય રીતે આચાર્ય શ્રી મલયગિરિસૂરિજીની રચના થયા પછી બીજા કોઈને તે ગ્રંથ ઉપર કલમચલાવવાની જરૂર ન રહે. ઉપાધ્યાયજી મહારાજ પણ ટીકાના પ્રારંભમાં આ વાત કરતાં જણાવે છે કે, मलयगिरिगिरां या व्यक्तिरत्रास्ति तस्याः किमधिकमिति भक्तिर्मेऽधिगन्तुं न दत्ते ॥

'કર્મપ્રકૃતિ' ગ્રંથ ઉપરની આવી ભક્તિના કારણે રચના કરી છે. એવું પ્રારંભમાં ઉપાધ્યાયજી લખે છે અને અંતે જણાવે છે કે, प्राक्तनार्थलिखनाद्विन्वतो नेह कश्चिदधिको मम श्रमः वीतरागवचनानुरागतः पुष्टमेव सुकृतं तथाख्यतः ॥६॥

મને આ કાર્ય કરવામાં પરિશ્રમ જરા પણ નથી પડ્યો. કારણ કે

इह चूर्णिकृदध्ववदर्शकोऽभून्मलयगिरिर्व्यतनोदकष्टकं तम्, इति तत्र पदप्रचारमात्राद् पथिकस्येव ममास्त्वभीष्टसिद्धिः ॥३॥ मंगलाचरण ॥

ટીકાકાર મહોપાધ્યાયજી પોતાની લઘુતા બતાવે છે અને બંન્ને પૂર્વ વ્યાખ્યાકારોને જ જશ આપે છે. છતાં તેઓની પ્રતિભાની છાંટ આ ટીકામાં સ્થળે - સ્થળે દેખાય છે. અનેક વિશિષ્ટ બાબતો તેઓએ ટીકામાં આપી છે.

'કર્મપ્રકૃતિ' ના કર્તા તરીકે ગ્રંથકારનો ઉલ્લેખ ચૂર્ણિકારશ્રીએ કે આચાર્ય મલયગિરિજીએ ક્યાંય કર્યો નથી. જ્યારે ઉપાધ્યાયજીએ સ્પષ્ટ ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે, इह हि भगवान् शिवशर्मसूरिः कर्मप्रकृत्याख्यं प्रकरणमारिप्सुर्ग्रंथादौ...

અને આ ગ્રંથ પૂર્વોદ્ધૃત પદાર્થોથી પવિત્ર છે એવા પણ જણાવતાં કહ્યું છે કે, इदं हि शास्त्रं श्रुतकेवलिस्फुटाधिगम्य पूर्वोद्धृतभावपावनम्

આમઅનેક કર્મગ્રંથ વિષયક રહસ્યનું ઉદ્‌ઘાટન કરતી ઉપાધ્યાયજીની ટીકા અભ્યાસીઓ માટે શ્રેષ્ઠ સાધન છે.

ગૂર્જરાનુવાદ :

કર્મપ્રકૃતિ અને અન્ય વ્યાખ્યા આધારિત અનુવાદ પૂર્વે પ્રગટ થયા છે પણ ઉપાધ્યાયજી મહારાજની ટીકા આધારિત અનુવાદ પંડિતવર્ય શ્રી ધીરજલાલ ડાહ્યાલાલ મહેતાએ કર્યો છે. આ અનુવાદ અભ્યાસીઓને ઘણો જ સહાયક થશે. એ નિઃશંક છે.

પંડિતજી છ દસકા જેટલા દીર્ઘકાળથી અધ્યાપન કાર્ય કરાવતા રહ્યા છે. કમ્મપયડિનો અભ્યાસ સેંકડો સાધુ-સાધ્વીજીઓને કરાવ્યો છે એટલે વિદ્યાર્થીઓને કઠીનમાં કઠીન પદાર્થ સરળ-સુબોધ કરી સમજાવવાની હથોટી તેઓને પ્રાપ્ત થયેલ છે.

અભ્યાસીઓ ઉપાધ્યાયજી મ. ની ટીકાનું અધ્યયન વધુ ને વધુ કરે.

-આચાર્ય મુનિચન્દ્રસૂરિજી



# પ્રસ્તાવના...

અનાદિ કાળથી સંસારી આ આત્મા કર્મોના બોજા નીચે ચાર ગતિરૂપ સંસારમાં ભટક્યા જ કરે છે. સર્વે પણ જીવો કર્મને પરવશ હોવાથી સુખ-દુ:ખમય આ સંસારમાં ઉપર-નીચે ગમનાગમન કરે છે. તેમાંથી બચવા માટે કર્મતત્ત્વ અવશ્ય જાણવું જોઈએ.

કર્મનું પ્રાથમિક ઘણું વર્ણન છ કર્મગ્રંથોમાં મહાત્મા પરુષોએ કર્યું છે. પરંતુ તેનાથી વધારે સૂક્ષ્મ વર્ણન હાલ વર્તમાનકાળે કર્મ પ્રકૃતિમાંથી જાણવા મળે છે. ભૂતકાળમાં તો કર્મપ્રવાદ નામના પૂર્વમાંથી ઘણું ઘણું જાણવા મળતું હતું. પરંતુ કાળ પ્રભાવે પૂર્વો વિચ્છેદ જતાં હાલ આ શ્રુત જ આપણને ઘણા આધારરૂપ છે. માટે યોગ્ય અભ્યાસાર્થીએ આવા કઠીન ગ્રન્થોનો પણ અભ્યાસ કરવો અતિશય જરૂરી છે. તેમાં સહાયક થવાની ભાવનાથી જ આ ગુજરાતી વિવેચન લખવાને મારા વડે યત્કિંચિત્ આ પ્રયાસ કરાયો છે.

આત્મા અને પુદ્ગલ આ બન્ને પદાર્થો અનાદિકાળથી સંસારમાં છે અને પરસ્પર જોડાયેલા છે. સ્ત્રી-પુરુષના યુગલની જેમ આ બન્ને દ્રવ્યોનું પણ યુગલ જ બનેલું છે. પુદ્ગલ દ્રવ્યના સંયોગે આ જીવ દુ:ખ અને ભૌતિક સુખ પામે છે. અને તે દુ:ખ-સુખમાંથી મૂકાય પણ છે. આ બધો ઔદયિકભાવ છે. સુખ મળે તો પણ પર એવા કર્મના ઉદયના કારણે જ મળે છે. માટે સુખ મળે તો પણ પરાધીન જ છે. એટલે જ ઉત્તમ આત્માઓ આવા પરતંત્ર સુખને ન ઈચ્છતાં પોતાના આત્માના ગુણોના અનુભવરૂપ સ્વાભાવિક સુખની સદાકાળ ઈચ્છા રાખતા હોય છે કે જેમાં કોઈ ટેન્શન નહીં, કોઈ કાળે તે સુખ ચાલ્યું જાય નહીં.તથા કોઈ પર પદાર્થની જરૂરિયાત જ નહી.

પ્રગટ થયેલું ક્ષાયિકભાવનું સુખ ક્યારેય પણ જતું નથી. તે સુખ મેળવવા માટે અને તેવા સુખના પ્રતિબંધક એવા કર્મને કાઢવા માટે આઠ કરણનું સ્વરૂપ જાણવું જરૂરી છે.

મિથ્યાત્વાદિ ચાર અથવા પ્રમાદ સાથે પાંચ બંધહેતુઓ વડે આત્માની સાથે જે કાર્મણવર્ગણા બંધાય છે અને આત્માને દુ:ખ-સુખ આપવામાં કારણ બને છે તેને કર્મ કહેવાય છે. આ કર્મ પુદ્ગલદ્રવ્ય છે. સૂક્ષ્મ છે, ઈન્દ્રિયથી અગોચર છે. કર્મ એ જડ હોવા છતાં આત્મા ઉપર સામ્રાજ્ય જમાવે છે. માટે તેને દૂર કરવું જ જોઈએ. તે માટે તેનું પણ જ્ઞાન પ્રાપ્ત કરવું અતિશય આવશ્યક છે.

કર્મો કુલ ૮ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય. તેના અનુક્રમે ૫+૯+૨+૨૮+૪+૧૦૩+૨+૫=કુલ ૧૫૮ ભેદો છે. તેનું વધારે વર્ણન છ કર્મગ્રંથોમાં આવે જ છે.

ડકર્મપ્રકૃતિ નામના ગ્રંથમાં આ બંધાયેલા કર્મોમાં બાંધ્યા પછી જે ઉથલ-પાથલ થાય છે. પરિવર્તન થાય છે તેમાં કારણભૂત વપરાતા વીર્યનું જ વધારે વર્ણન છે. કર્મના બંધમાં કારણભૂત જે વીર્ય તે બંધનકરણ, સંક્રમ થવામાં કારણભૂત જે વીર્ય તે સંક્રમણકરણ એમ કર્મોમાં થતા જુદાં જુદાં જે આઠ કાર્યો છે. તે કાર્યોમાં કારણભૂતપણે વપરાતું જે વીર્ય તે વીર્યને બંધનકરણ, સંક્રમણકરણ ઇત્યાદિ નામે વ્યવહાર થાય છે તેનું જ આ ગ્રંથમાં ઘણા જ વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.

કરણ કુલ-૮ (આઠ) છે. (૧) બંધનકરણ, (૨) સંક્રમણકરણ, (૩) ઉદ્દ્વર્તનાકરણ, (૪) અપવર્તનાકરણ, (૫) ઉદીરણાકરણ, (૬) ઉપશમનાકરણ, (૭) નિદ્ધતિકરણ અને (૮) નિકાચનાકરણ. આ આઠ કરણોને સમજાવતો આ કર્મપ્રકૃતિ નામનો ગ્રંથ પૂજ્યપાદ આચાર્યદેવશ્રી શિવશર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબે બનાવેલ છે.

આ ગ્રંથના હાર્દને સમજાવનારાં મુખ્યત્વે ત્રણ આલંબનો છે. (૧) પૂર્વાચાર્ય કૃત ચૂર્ણિ :- જે પ્રાપ્ત થાય છે. તે સૌથી પ્રથમ આલંબન છે. (૨) આ ગ્રંથ ઉપર પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી મલયગિરિજી મહારાજશ્રીએ બનાવેલી સરળ ભાષામય સંસ્કૃત ટીકા આ બીજું આલંબન છે. (૩) તથા પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી વાચકવરે બનાવેલી સંસ્કૃત ટીકા આ ત્રીજું આલંબન છે. જો કે ગુજરાતી ભાષામાં થયેલાં ભાષાન્તરો વિગેરે તો ઘણાં આલંબનો છે. પરંતુ મહાત્મા પુરુષો વડે સંસ્કૃત-પ્રાકૃત આદિ ભાષામાં લખાયેલ ગ્રંથરૂપે તો મુખ્યત્વે આ ત્રણ આલંબનો હાલ મળે છે.

પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાએ તથા તેમની પાસે અભ્યાસ કરતા મહાત્મા પુરુષોએ આ ત્રણે ટીકાની સાથે કર્મપ્રકૃતિ નામનો આ ગ્રંથ થોડાક વર્ષો પહેલાં પ્રકાશિત કર્યો છે. જે હાલ ભણવા-ભણાવવાના કામમાં મુખ્યત્વે આધારરૂપે લેવાય છે.

પૂજ્ય ચંદ્રર્ષિ મહત્તરાચાર્યે પણ પંચસંગ્રહ નામના ગ્રંથની સુંદર રચના કરી છે. તેના બીજા ભાગમાં આ જ કર્મપ્રકૃતિમાં આવતાં આઠ કરણોનું જ સુંદર વિવેચન કરેલું છે. પંચસંગ્રહની મૂળગાથાઓની રચના વધારે સરળ ભાષામાં છે. જ્યારે કમ્મપયડિની ગાથાઓની રચના કંઇક અંશે કઠીન રચનાવાળી છે. પરંતુ બન્નેમાં વિષય આઠ કરણો સમજાવવાનો એક જ છે. તેથી એક બીજા ગ્રંથો એક બીજાના પૂરક થાય છે.

હાલ વર્તમાનકાળે આ ગ્રંથો સુધીનું જ લગભગ જ્ઞાન પ્રવર્તે છે. કાળ પ્રભાવે ઘણું ઘણું જ્ઞાન નાશ પામી ગયું છે. હાલ છે તેને ભણનારા જીવોની સંખ્યા પણ ઘણી જ અલ્પ છે આપણે આશા રાખીએ કે પાંચમા આરાના છેડા સુધી આવા ગ્રંથો રચાતા રહે અને ભણાતા રહે.

આઠે કરણોમાં પ્રકૃતિ-સ્થિતિ-રસ અને પ્રદેશ એમ ચારે પ્રકારે વિષય સમજાવવામાં આવ્યો છે. આ ગ્રંથને સમજાવવામાં પૂજ્ય ગુરુજી શ્રી પુખરાજભાઇ અમીચંદભાઇએ કરેલ પંચસંગ્રહ બીજા ભાગનું વિવેચન ઘણું જ ઉપયોગી થાય તેમ છે. તો ખંતથી આવા મહાગ્રંથોનો અભ્યાસ કરવો જીવનમાં ઘણો જ જરૂરી છે.

કમ્મપયડિ ભણનારા જીવો દિન-પ્રતિદિન ઘટતા જાય છે. તેને ધ્યાનમાં રાખીને આ વિષયને શક્ય બને તેટલો સરળ બનાવવા અમે આ પ્રયત્ન કર્યો છે. પૂજ્ય યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત સંસ્કૃત ટીકાનો આધાર લઇને કમ્મપયડિના વિષયો ચાર ભાગમાં સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

(૧) પ્રથમ ભાગમાં માત્ર બંધનકરણ સમજાવાશે.

(૨) બીજા ભાગમાં સંક્રમણ, ઉદ્‌વર્તના અને અપવર્તનાકરણ સમજાવાશે.

(૩) ત્રીજા ભાગમાં ઉદીરણા અને ઉપશમનાકરણ સમજાવાશે. તથા

(૪) ચોથા ભાગમાં નિદ્ધતિનિકાચના, ઉદય, સત્તા અને સ્પર્ધક વિગેરે બાકીના તમામ વિષયો સમજાવાશે.

અભ્યાસક વર્ગને મારી ખાસ વિનંતી છે કે ચિત્તને આ વિષયમાં બરાબર પરોવીને આ ગ્રંથ ભણજો. જો સાંગોપાંગ સંપૂર્ણ આ ગ્રંથ ભણશે અને સમજાશે તો તમને તથા તમારા દ્વારા શ્રી સંઘને ઘણો જ ઘણો લાભ થશે. કર્મગ્રંથના જ વિષયો છે. કમ્મપયડિ ભણવાથી અને ભણાવવાથી કર્મગ્રંથો વધારે ખીલે છે અને અભ્યાસ મજબૂત થાય છે.

આઠે આ કરણો એક પ્રકારનું જીવનું વીર્ય વિશેષ જ છે. વીર્ય એ કરણ છે અને બંધ સંક્રમ વિગેરે આઠ કાર્યો છે. તે આઠ કાર્યો માટે વપરાતા વીર્યનું જ આ વર્ણન છે.

પૂજ્ય શિવશર્મસૂરીશ્વરજી મહારાજશ્રી પૂર્વધર હતા. એટલે આ ગ્રંથ ઘણો જુનો છે. પ્રાકૃત ભાષામાં તેઓશ્રીએ રચ્યો છે.

હાલ વર્તમાનકાળે ભણાતી સંસ્કૃત ટીકાઓ પૂજ્ય શ્રી મલયગિરિજી મ.શ્રીની તથા ન્યાયવિશારદ પૂજ્ય શ્રી યશોવિજયજી મહારાજશ્રીની છે. તેથી પાછલી ટીકાનો આધાર લઇને આ ગુજરાતી વિવેચન તૈયાર કર્યું છે.

ચતુર્વિધ શ્રીસંઘને મારી ખાસ વિનંતી છે કે, શક્ય બને તેટલો વધારે સારો આ ગ્રંથનો અભ્યાસ કરજો અને કરાવજો. પરમાત્મા શ્રી મહારવીરસ્વામી ભગવંતે પ્રગટ કરેલા આ શ્રુતજ્ઞાનરૂપી દીપકમાં ચમચી ચમચી ઘી પૂરવારૂપે કાર્ય કરવાનું ચાલુ રાખજો. તો પાંચમા આરાના છેડા સુધી આ ગ્રંથો ચાલશે અને ઘણા ભવ્ય આત્માઓનું કલ્યાણ પણ થશે.

વિવેચન લખવામાં ઘણી કાળજી રાખી છે, છતાં છદ્મસ્થતાના કારણે કંઈપણ ભૂલચૂક થઇ હોય તો ચતુર્વિધ સંઘ સમક્ષ ક્ષમાયાચના કરું છું.

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**

એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ, સુરત - ૯

**ફોન : (૦૨૬૧) ૨૭૬૩૦૭૦**
**મો. : ૯૮૯૮૩ ૩૦૮૩૫**

# અમારા અન્ય પ્રકાશનો

૧. **શ્રી જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્ત :-** નવકારથી સામાઇય-વયજુત્તો સુધીનાં સૂત્રો ઉપર વિવેચન. નવતત્ત્વ, ચૌદ ગુણ-સ્થાનકો, કર્મના ૧૫૮ ભેદો, સાત નયો, સપ્તભંગી અને કાલાદિ પાંચ સમવાયી કારણો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૨. **શ્રી જૈન તત્ત્વ પ્રકાશ :-** દેવસી-રાઇઅ પ્રતિક્રમણનાં સૂત્રો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૩. **જૈન ધાર્મિક પ્રશ્નોત્તર માલા :-** પ્રૌઢ બહેનો અને ભાઈઓને ઉપયોગી એવા ચારસો પ્રશ્ન-ઉત્તરોનો સુંદર સંગ્રહ.

૪. **જૈન ધાર્મિક પારિભાષિક શબ્દકોષ :-** જૈન શાસ્ત્રોમાં વારંવાર વપરાતા પારિભાષિક ધાર્મિક શબ્દોના અર્થો, ધાર્મિક શબ્દકોશ.

૫. **યોગવિંશિકા :-** ઉપાધ્યાયજી કૃત ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૬. **યોગશતક :-** સ્વોપજ્ઞટીકા તથા ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૭. **યોગદષ્ટિ સમુચ્ચય :-** પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કૃત સ્વોપજ્ઞ ટીકા સાથે ટીકાનું અતિશય સરળ ગુજરાતી વિવેચન.

૮. **પ્રથમકર્મગ્રન્થ (કર્મવિપાક) :-** સરળ ગુજરાતી વિવેચન.

૯. **દ્વિતીય કર્મગ્રન્થ (કર્મસ્તવ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૦. **તૃતીય કર્મગ્રન્થ (બંધસ્વામિત્વ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૧. **ચતુર્થ કર્મગ્રન્થ (ષડશીતિ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૨. **પંચમકર્મગ્રન્થ (શતક) :-** પૂજ્યપાદ આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ.સા. કૃત સો ગાથાના શતક નામના પાંચમા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

૧૩. **છઠ્ઠો કર્મગ્રન્થ (સપ્તતિકા) :-** છઠ્ઠા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

**૧૪. તત્ત્વાર્થાધિગમસૂત્ર :-** સૂત્રોનું સરળ, રોચક સંક્ષિપ્ત વિવેચન.

**૧૫. સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાય :-** ઘણી જ રોચક કથાઓ સાથે તથા સમ્યક્ત્વ સપ્તતિકાની ગાથાઓ સાથે સડસઠ ગુણોનું વર્ણન.

**૧૬. આઠ દૃષ્ટિની સજ્ઝાય :-** પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સા. કૃત આઠ દૃષ્ટિની સજ્ઝાયના સરળ ગુજરાતી અર્થો.

**૧૭. સવાસો ગાથાનું સ્તવન :-** પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ.સા. કૃત, શ્રી સીમંધરસ્વામી પરમાત્માને વિનંતિ કરવારૂપે નિશ્ચયનય અને વ્યવહારનય ગર્ભિત સવાસો ગાથાનું સ્તવન ગુજરાતી અર્થ વિવેચન સાથે.

**૧૮. નવસ્મરણ :-** મૂળ ગાથાઓ, ગુજરાતીમાં ગાથાઓના સરળ અર્થ, ઈંગ્લીશમાં મૂળ ગાથાઓ અને ઈંગ્લીશમાં તે ગાથાઓના અર્થ.

**૧૯. પૂજા સંગ્રહ સાર્થ :-** પંચકલ્યાણક, અંતરાયકર્મ નિવારણ, પિસ્તાલીસ આગમની પૂજા આદિ પૂજાઓ સુંદર ભાવવાહી અર્થ સાથે.

**૨૦. સ્નાત્રપૂજા સાર્થ :-** પૂ. વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા અર્થ સાથે.

**૨૧. શ્રી સમ્યક્ત્વ મૂલ બારવ્રત :-** વિવેચન સહ.

**૨૨. શ્રી વાસ્તુપૂજા સાર્થ :-** પૂ. આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી કૃત વાસ્તુપૂજાનું સુંદર-સરળ તથા જૈન વિધિ સહ ગુજરાતી ભાષાંતર.

**૨૩. રત્નાકરાવતારિકા(ભાગ-૧) :-** પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નાપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતી અર્થ. (પરિચ્છેદ ૧-૨)

**૨૪. રત્નાકરાવતારિકા (ભાગ-૨) :-** પૂ. વાદિદેવસૂરિજી રચિત પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતીમાં અર્થ. (પરિચ્છેદ ૩-૪-૫)

**૨૫. રત્નાકરાવતારિકા (ભાગ-૩) :-** પૂ. રત્નપ્રભાચાર્ય મ.સા. રચિત ટીકા તથા તેનું સરળ ગુજરાતી વિવેચન. (પરિચ્છેદ ૬-૭-૮)

**૨૬. દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ :-** પૂ. ઉ. શ્રીયશોવિ. મ. કૃત ગુજરાતી ટબા સાથે તથા ટબાની તમામ પંક્તિઓના વિવેચન અર્થ સાથે.

**૨૭. અઢાર પાપસ્થાનકની સજ્ઝાય :-** અર્થ વિવેચન સાથે.

૨૮. **સમ્મતિ પ્રકરણ :-** પૂજ્ય આ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી કૃત સમ્મતિ પ્રકરણનું પાઠ્ય પુસ્તકરૂપે ગુજરાતી વિવેચન.

૨૯. **ગણધરવાદ :-** પરમારાધ્ય સિદ્ધાન્તપાક્ષિક પૂજ્યપાદ આચાર્ય શ્રી જિનભદ્રગણિ-ક્ષમાશ્રમણજી વિરચિત શ્રી વિશેષાવશ્યકભાષ્ય આધારિત શ્રી મલધારી હેમચંદ્રાચાર્યજી વિરચિત ટીકાના અનુવાદ રૂપે ''ગણધરવાદ''.

૩૦. **જ્ઞાનસાર અષ્ટક તથા જ્ઞાનમંજરી :-** દ્રવ્યાનુયોગના પ્રખરાભ્યાસી શ્રી દેવચંદ્રજી મ. કૃત જ્ઞાનમંજરી ટીકા તથા ટીકાના વિવેચન સાથે સરળ ગુજરાતી જ્ઞાનસારાષ્ટકનું વિવેચન.

૩૧. **અમૃતવેલની સજ્ઝાય :-** અર્થ સભર સુંદર ગુજરાતી વિવેચન.

૩૨. **યોગસાર :-** પાંચ પ્રસ્તાવ ઉપર અર્થ સભર સુંદર-ભાવવાહી ગુજરાતી વિસ્તૃત વિવેચન છે.

૩૩. **શ્રી દેવચંદ્રજી મ. કૃત સ્તવન ચોવીશી (ભાગ : ૧-૨)** : પ્રથમ ભાગમાં ૧થી ૧૨ ભગવાનના સ્તવનોના ગુજરાતીમાં ભાવવાહી સુંદર અર્થો તેમજ ભાગ ૨માં ૧૩થી૨૪ ભગવાનના સ્તવનોના ગુજરાતી ભાષામાં સુંદર અર્થો લખેલા છે.

૩૪. **કર્મપ્રકૃતિ (ભાગ-૧) :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન. **(બંધનકરણ)**

૩૫. **કમ્મપયડી (ભાગ-૨) :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન. **(સંક્રમણકરણ, ઉદ્વર્તનાકરણ, અપવર્તનાકરણ)**

૩૬. **કમ્મપયડી (ભાગ-૩) :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન. **(ઉદીરણાકરણ, ઉપશમનાકરણ, નિદ્ધતિકરણ, નિકાચનાકરણ)**

૩૭. **કમ્મપયડી (ભાગ-૪) :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન.**( ઉદયાધિકાર, સત્તાધિકા તથા શેષવિષય)**

૩૮. **નિહ્નવવાદ :-** પૂજ્ય આચાર્યદેવ શ્રી જિનભદ્રગણિકૃત શ્રી વિશેષાવશ્યકભાષ્ય આધારિત ભગવાન મહાવીર પ્રભુની વાત ન સ્વીકારનારા નિહ્નવોની માન્યતા તથા ચર્ચા.

૪૦. **અધ્યાત્મ ગીતા :-** પૂ. શ્રી દેવચંદ્રજી મહારાજ કૃત અધ્યાત્મરસથી ભરેલી ગીતા.

૪૧. **પુદ્ગલ ગીતા :-** પૂ.શ્રી. ચિદાનંદજી મહારાજ કૃત (ગુજરાતી અર્થ વિવેચન સાથે).

૪૨. **તીર્થમાલાઃ-** સુઈગામ થઈને ગયેલો અને પાછા વળતાં પણ સુઈગામ આવેલો ૩૦૦ વર્ષ પૂર્વે નીકળેલો શ્રી છ'રિ પાલિત સંઘ. તેનું ગુજરાતીમાં સુંદર અને રોચક વર્ણન.

# અનુક્રમણિકા


| | વિષય | ગાથા નંબર | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | સંક્રમણકરણનું લક્ષણ | ૧ | ૧ |
| ૨ | બંધવિના પણ પતદ્ગ્રહ | ૨ | ૩ |
| ૩ | સંક્રમ વિષેના કેટલાક અપવાદો | ૩-૪ | ૪-૭ |
| ૪ | પતદ્ગ્રહ વિષેના કેટલાક અપવાદો | ૫ | ૮-૧૦ |
| ૫ | પ્રકૃતિસંક્રમમાં સાદ્યાવિના ભાંગા | ૬-૭ | ૧૧-૧૫ |
| ૬ | પ્રકૃતિસ્થાનોમાં સંક્રમ અને પતદ્ગ્રહનું વિધાન | ૮-૯ | ૧૬-૨૧ |
| ૭ | મોહનીયકર્મમાં સંક્રમસ્થાનોનું વિધાન | ૧૦ | ૨૨-૨૮ |
| ૮ | મોહનીયકર્મમાં પતદ્ગ્રહસ્થાનોનું વિધાન | ૧૧ | ૨૯-૩૮ |
| ૯ | સંક્રમસ્થાનોની તથા પતદ્ગ્રહસ્થાનોની પરસ્પર સંકલના | ૧૨-૨૨ | ૩૯-૫૫ |
| ૧૦ | નામકર્મનાં સંક્રમસ્થાનોનું વર્ણન | ૨૩ | ૫૭-૫૮ |
| ૧૧ | નામકર્મનાં પતદ્ગ્રહસ્થાનોનું વર્ણન | ૨૪ | ૫૮ |
| ૧૨ | નામકર્મનાં કયા કયા પતદ્ગ્રહમાં કયું કયું સંક્રમ સ્થાન હોય ? | ૨૫-૨૭ | ૫૯-૭૩ |
| ૧૩ | સ્થિતિસંક્રમના ભેદો અને વિશેષ લક્ષણ | ૨૮ | ૭૪ |
| ૧૪ | ઉત્કૃષ્ટસ્થિતિ સંક્રમનું વિધાન | ૨૯-૩૧ | ૭૫-૮૪ |
| ૧૫ | જઘન્યસ્થિતિ સંક્રમનું વિધાન | ૩૨-૩૫ | ૮૪-૯૦ |
| ૧૬ | મૂલકર્મોમાં સ્થિતિસંક્રમના વિષયક સાદ્યાદિની પ્રરૂપણા | ૩૬ | ૯૦ |
| ૧૭ | ઉત્તરપ્રકૃતિમાં સ્થિતિ સંક્રમવિષયક સાદ્યાદિની પ્રરૂપણા | ૩૭ | ૯૨ |
| ૧૮ | ઉત્કૃષ્ટસ્થિતિ સંક્રમનું સ્વામિત્વ | ૩૮-૩૯ | ૯૩-૯૪ |
| ૧૯ | જઘન્યસ્થિતિ સંક્રમનું સ્વામિત્વ | ૪૦-૪૩ | ૯૫-૧૦૦ |

| | વિષય | ગાથા નંબર | પાના નંબર |
|---|---|---|---|
| ૨૦ | અનુભાગસંક્રમના ભેદ તથા સ્પર્ધકની પ્રરૂપણા | ૪૪-૫૨ | ૧૦૧-૧૧૫ |
| ૨૧ | ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમનું સ્વામિત્વ | ૫૩-૫૪ | ૧૧૭-૧૧૯ |
| ૨૨ | જઘન્ય અનુભાગ સંક્રમનું સ્વામિત્વ | ૫૫-૫૯ | ૧૨૦-૧૨૫ |
| ૨૩ | પ્રદેશ સંક્રમના ભેદ તથા લક્ષણ | ૬૦ | ૧૨૬ |
| ૨૪ | ઉદ્વલના સંક્રમનું વર્ણન | ૬૧-૬૭ | ૧૩૦-૧૩૫ |
| ૨૫ | વિધ્યાત સંક્રમનું વર્ણન | ૬૮ | ૧૩૫ |
| ૨૬ | ગુણસંક્રમનું વર્ણન | ૬૯-૭૧ | ૧૩૭-૧૪૪ |
| ૨૭ | પ્રદેશસંક્રમમાં સાદ્યાદિની પ્રરૂપણા | ૭૨-૭૩ | ૧૪૫-૧૪૭ |
| ૨૮ | ગુણિતકર્માંશીનું લક્ષણ | ૭૪-૭૮ | ૧૪૭-૧૫૨ |
| ૨૯ | ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનું સ્વામિત્વ | ૭૯-૯૩ | ૧૫૩-૧૬૭ |
| ૩૦ | ક્ષપિત કર્માંશીજીવનું સ્વરૂપ | ૯૪-૯૬ | ૧૬૮-૧૭૦ |
| ૩૧ | જઘન્ય પ્રદેશસંક્રમનું સ્વામિત્વ | ૯૭-૧૧૧ | ૧૭૦-૧૮૬ |
| ૩૨ | ઉદ્વર્તના-અપવર્તનાકરણનું વિધાન | ૧થી૧૦ | ૧૮૭-૨૧૬ |








॥ ॐ ह्रीँ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥

॥ श्री सरस्वत्यै नमः ॥

॥ महोपाध्यायश्री श्रीकल्याणविजयजीगणि शिष्यगणपण्डित
श्री लाभविजयगणि शिष्यशिरोमणि पण्डित श्रीनयविजय गुरुभ्यो नमः ॥

न्यायविशारद-न्यायाचार्य-महोपाध्यायश्री
यशोविजयगणिविरचित टीका-उपेता
पूज्य श्री शिवशर्मसूरिजी कृता

# कर्मप्रकृतिः (संक्रमणकरणम्)

બન્ધનકરણ કહ્યું. તે સમાપ્ત થયું. હવે ઉદ્દેશના ક્રમ પ્રમાણે સંક્રમણ કરણ કહેવાનો અવસર પ્રાપ્ત થયો છે. તેથી તે કરણ કહેવાય છે. કોઈ પણ વિવક્ષિત એક કર્મને બીજા કર્મમાં પલટાવવું તેને **સંક્રમ** કહેવાય છે. તેમાં કારણભૂત વીર્યને **સંક્રમણકરણ** કહેવાય છે. આ સંક્રમ પ્રકૃતિ-સ્થિતિ અનુભાગ અને પ્રદેશના ભેદથી ચાર પ્રકારે છે. ત્યાં પ્રથમ તો સંક્રમનું સામાન્ય લક્ષણ ગ્રંથકારશ્રી જણાવે છે.

**सो संकमोत्ति वुच्चइ, जं बंधणपरिणओ पओगेण ।**
**पगयंतरत्थदलियं, परिणमयइ तयणुभावे जं ॥१॥**

**ગાથાર્થ :** કર્મના બંધ રૂપે પરિણામ પામેલો જીવ બીજી (પૂર્વે બાંધેલી) પ્રકૃતિમાં રહેલું કર્મદલિક તે બંધાતી પ્રકૃતિ રૂપે પરિણામ પમાડે તેને સંક્રમ કહેવાય છે અને જે વીર્ય વડે આ કાર્ય થાય છે. તે વીર્યને સંક્રમણકરણ કહેવાય છે. ॥૧॥

**વિવેચન :** અહીં બંધનભાવે પરિણામ પામેલો જીવ એટલે કે જે જે કર્મપ્રકૃતિઓના બંધન તરીકે પરિણામ પામેલો જીવ હોય છે. તેવો જીવ જ આ સંક્રમ કરે છે. આમ લખવાની પાછળ ગ્રંથકારશ્રીનો આ આશય છે કે જીવ અને કર્મનો પરસ્પર તેવો તેવો બન્ધક અને બધ્યભાવનો સંબંધ છે. જીવ કર્મ બાંધનાર છે. એટલે જીવ બંધક અને કર્મ એ બાંધવા માટે યોગ્ય છે. માટે કર્મ બધ્ય કહેવાય છે. પરંતુ જીવ પણ કર્મ બાંધે ક્યારે ? પૂર્વે બાંધેલા કર્મોના ઉદયને વશ થઈને વિકારી બન્યો હોય ત્યારે જ નવાં કર્મો બાંધે છે. માટે જીવને વિકારી બનાવનાર પૂર્વબદ્ધ કર્મનો ઉદય છે. માટે કર્મોની પરવશતાથી આ જીવ વિકારી બને છે અને તેવા જીવથી નવાં નવાં કર્મો બંધાય છે. આ પ્રમાણે પૂર્વબદ્ધ કર્મના ઉદયને આધીન

જીવનું પરિણમન થાય છે. અને જીવના પરિણામ પ્રમાણે નવા નવા કર્મનો બંધ થાય છે. આ પ્રમાણે પરસ્પર અપેક્ષાપૂર્વકનો આ વ્યવહાર ચાલે છે. શાસ્ત્રમાં જ કહ્યું છે કે :-

जीवपरिणामहेऊ, कम्मत्ता पोग्गला परिणमंति ।
पोग्गलकम्मनिमित्तं जीवो वि तहेव परिणमइ ॥१॥

જીવના તરતમતાવાળા અધ્યવસાયના કારણે કાર્મણવર્ગણાનાં પુદ્ગલો કર્મરૂપે પરિણામ પામે છે અને પૂર્વકાળમાં બાંધેલા કર્મપુદ્ગલના ઉદયના નિમિત્તે આ જીવ પણ તેવા તેવા ભાવે પરિણામ પામે છે.॥૧॥

પૂર્વે બાંધેલા કર્મના ઉદયથી જીવનું તેવા તેવા ભાવે પરિણમન થાય છે અને જીવના પરિણમન પ્રમાણે નવા નવા કર્મનું બંધન થાય છે. આમ આ બન્ને પ્રક્રિયા સાપેક્ષભાવે પ્રવર્તે છે. સારાંશ કે નવા નવા બંધાતા કર્મમાં જીવનો તેવા તેવા પ્રકારનો જે અધ્યવસાય છે તે કારણ છે. તેના દ્વારા નવાં કર્મો બંધાય છે અને જીવનો તેવા પ્રકારનો અધ્યવસાય થવામાં પૂર્વકાળમાં બાંધેલા કર્મોનો તેવા પ્રકારનો જે વિપાકોદય છે. તે કારણ છે. તેના દ્વારા આ બંધ થાય છે. આમ બન્નેનું પરસ્પર સહકારિપણું છે. આવા પ્રકારનો આ ગાથાનો ભાવાર્થ નીકળે છે.

प्रयोगेण = સંકલેશવાળા અથવા વિશુદ્ધિવાળા આ આત્માના કરણવીર્ય વડે અન્ય પ્રકૃતિમાં રહેલું (એટલે કે બંધાતી પ્રકૃતિથી ભિન્ન પ્રકૃતિમાં રહેલું) જે કર્મદલિક છે. તેને तदनुभावे = તે બંધાતી પ્રકૃતિના સ્વભાવે જે પરિણામ પમાડવો તે સંક્રમ કહેવાય છે. અહીં तदनुभावे શબ્દમાં જે સપ્તમી વિભક્તિ છે. તે તૃતીયાના અર્થવાળી હોવાથી "બંધાતી પ્રકૃતિના સ્વભાવ રૂપે" આવો અર્થ કર્યો છે.

સારાંશ કે બંધાતી કર્મપ્રકૃતિઓની અંદર અબધ્યમાન કર્મપ્રકૃતિઓના કર્મદલિકનો પ્રક્ષેપ કરીને બધ્યમાન પ્રકૃતિરૂપે તેનું જે પરિણમન કરવું તે સંક્રમ કહેવાય છે. જેમ કે સાતમા આદિ ગુણસ્થાનકોમાં વર્તતો આત્મા સાતા જ બાંધે છે. અસાતા બાંધતો નથી. પરંતુ પૂર્વકાળમાં બાંધેલી સ્ટોકમાં રહેલી અસાતાને બંધાતી એવી સાતામાં જે પલટાવે તે સંક્રમ કર્યો કહેવાય છે.

*તથા જેનો સંક્રમ કરવો છે તે પણ બંધાતી હોય ત્યારે બંધાતી એવી ભિન્ન-ભિન્ન* પ્રકૃતિઓના દલિકનું ઈતર-ઈતર પ્રકૃતિ રૂપે જે પરિણામન થાય તે પણ સર્વે સંક્રમ જ કહેવાય છે. જેમ કે જ્ઞાનાવરણીય કર્મની પાંચે પ્રકૃતિઓ ધ્રુવબંધી હોવાથી પાંચે સાથે સતત બંધાય જ છે. ત્યાં બંધાતી એવી મતિજ્ઞાનાવરણીય કર્મમાં પૂર્વે બંધાયેલી શ્રુતજ્ઞાનાવરણીય ઈત્યાદિ કર્મપ્રકૃતિઓને જે સંક્રમાવવી તે પણ સંક્રમ કહેવાય છે.

તથા બધ્યમાન પ્રકૃતિમાં અબધ્યમાન પ્રકૃતિનો પણ સંક્રમ થાય છે. જેમ કે સાતા વેદનીય બંધાતી હોય ત્યારે તેમાં ન બંધાતી અસાતા વેદનીયનો સંક્રમ થાય છે તથા બંધાતા એવા ઉચ્ચગોત્રમાં ન બંધાતા એવા નીચગોત્રનો સંક્રમ થાય છે.

તથા બધ્યમાનમાં બધ્યમાનનો સંક્રમ પણ થાય છે. જેમ કે બંધાતી એવી મતિજ્ઞાનાવરણીય કર્મમાં બંધાતી એવી શ્રુતજ્ઞાનાવરણીય અને બંધાતી એવી શ્રુતજ્ઞાનાવરણીયમાં બંધાતી એવી મતિજ્ઞાનાવરણીય કર્મનો જે સંક્રમ થાય છે તે બંધાતીમાં બંધાતીનો સંક્રમ કહેવાય છે. ॥૧॥

***અવતરણ :- ઉપર જે સમજાવવામાં આવ્યું છે કે ત્યાં જેનો સંક્રમ કરીએ તેનો બંધ હોય અથવા બંધ ભલે ન હોય તો પણ સંક્રમ થાય. પરંતુ જેમાં સંક્રમ કરવો છે. તેનો તો બંધ હોવો જ જોઈએ. આમ બંધવાળી પ્રકૃતિમાં જ ઈતરનો સંક્રમ થાય. આવી વાત ઉપરની ગાથામાં જે સમજાવવામાં આવી છે તે ત્રણ દર્શન મોહનીયકર્મને છોડીને સમજવું. કારણ કે દર્શનમોહનીયત્રિકમાં મિશ્રમોહનીય અને સમ્યકત્વમોહનીય આ કર્મોનો બંધ થતો નથી. છતાં તેમાં મિથ્યાત્વમોહનીયનો સંક્રમ થાય છે. આવા અભિપ્રાય વાળા ગ્રંથકારશ્રી બીજી ગાથામાં આ વાત સ્પષ્ટ કરે છે.***

**दुसु वेगे दिट्ठिदुगं, बंधेण विणा वि सुद्धदिट्ठिस्स ।**
**परिणमयइ जीसे, तं पगईइ पडिग्गहो एसा ॥२॥**

**ગાથાર્થ :** શુદ્ધ દષ્ટિવાળા જીવને (સમ્યગ્દૃષ્ટિ જીવને) બંધ વિના પણ દષ્ટિદ્વિક બેમાં અને એકમાં સંક્રમિત થાય છે. જે પ્રકૃતિમાં ઈતર પ્રકૃતિનું દલિક સંક્રમ પામે છે. તે આધારભૂત પ્રકૃતિને પતદ્ગ્રહ કહેવાય છે. ॥૨॥

**વિવેચન :** પહેલી ગાથામાં એમ સમજાવવામાં આવ્યું છે કે જેનો સંક્રમ થાય તેનો બંધ હોય અથવા ન પણ હોય પરંતુ જેમાં સંક્રમ થાય તેનો બંધ હોવો જ જોઈએ. તે બાબતમાં જે અપવાદ છે તે આ ગાથામાં સમજાવે છે અર્થાત્ જેનો બંધ ન હોય તેવી કર્મપ્રકૃતિમાં પણ સત્તાગત કર્મપ્રકૃતિનો સંક્રમ ક્યારેક થાય છે. આ વાત આ ગાથામાં સમજાવે છે.

જે સમ્યગ્દષ્ટિ જીવો છે તે જીવોને મિથ્યાત્વ મોહનીય કર્મનો શેષ બે દર્શન મોહનીયમાં અને મિશ્રમોહનીયનો માત્ર એક સમ્યક્ત્વમોહનીયમાં જે સંક્રમ થાય છે તે બંધ વિના જ થાય છે. કારણ કે મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયનો તો બંધ જ થતો નથી. આ બે કર્મપ્રકૃતિઓ તો રૂપાંતરથી જ બને છે અર્થાત્ બંધાતી જ નથી. છતાં दुसु = સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયનો બંધ ન હોવા છતાં તે બન્નેમાં મિથ્યાત્વ મોહનીયનો સંક્રમ થાય છે. તથા वेगे = वा એટલે અથવા એક સમ્યક્ત્વ મોહનીયમાં તેનો બંધ નથી થતો. છતાં પણ તેમાં दिट्ठिदुगं = મિથ્યાત્વ અને મિશ્ર આમ બન્ને કર્મો बंधेण विणा वि = બંધ વિના પણ સંક્રમિત થાય છે. આટલો તેમાં અપવાદ જાણવો.

આધારભૂત જે પ્રકૃતિ છે. તેનો બંધ અવશ્ય હોવો જોઈએ. આવો સામાન્ય નિયમ છે. તો પણ મિથ્યાત્વમોહનીયનો બેમાં અને મિશ્રમોહનીયનો એકમાં જે સંક્રમ થાય છે. તે બંધ વિના પણ થાય છે. આટલો અપવાદ સમજવો.

કારણ કે, અહીં બંધ માત્ર મિથ્યાત્વમોહનીયનો જ થાય છે. પરંતુ સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીયનો બંધ થતો નથી. કારણ કે જે મિથ્યાત્વમોહનીય કર્મનાં પુદ્ગલો છે. તે જ પુદ્ગલો ઔપશમિક સમ્યક્ત્વને અનુસરનારી વિશુદ્ધિ વિશેષ વડે જ ત્રણ પ્રકારનાં કરાય છે. (૧) શુદ્ધ, (૨) અર્ધશુદ્ધ, (૩) અશુદ્ધ ત્યાં જે શુદ્ધ પુદ્ગલો કરાય છે. તે સમ્યક્ત્વ મોહનીય કહેવાય છે. જે અર્ધશુદ્ધ કરાય છે. તે મિશ્રમોહનીય કહેવાય છે અને જે અશુદ્ધ પુદ્ગલો છે તે મિથ્યાત્વમોહનીય કહેવાય છે.

તે કારણથી ઉપર સમજાવ્યા પ્રમાણે પડતી પ્રકૃતિને જે ઝીલે તે પતદ્ગ્રહ કહેવાય, અહીં પતદ્ગ્રહવાળી પ્રકૃતિનો બંધ હોવો જોઈએ. પરંતુ તે પતદ્ગ્રહવાળી મિશ્રમોહનીયકર્મ અને સમ્યક્ત્વમોહનીયકર્મ આ બન્નેનો બંધ ન હોવા છતાં પણ તે બન્નેમાં મિથ્યાત્વમોહનીયનો સંક્રમ થાય છે. તેવી જ રીતે બંધના અભાવવાળી સમ્યક્ત્વમોહનીયમાં મિશ્રમોહનીયનો પણ સંક્રમ થાય છે.

તે માટે આ બે સ્થાનને છોડીને બાકી સર્વત્ર જ્યાં બંધ હોય ત્યાં જ પતદ્ગ્રહ થાય છે. તેથી આ બે પ્રકૃતિ વિના સર્વત્ર બંધ એ જ પતદ્ગ્રહતાનો અવચ્છેદક ધર્મ છે આમ જાણવું. (अवच्छेदक = જણાવનાર, અલગ કરનાર એવો ધર્મ) સંક્રમનું સામાન્યથી લક્ષણ સમજાવ્યું.

હવે જે પ્રકૃતિઓમાં બીજી પ્રકૃતિમાં રહેલું કર્મદલિક સંક્રમ પામે છે. તે આધારભૂત પ્રકૃતિઓને શું કહેવાય ? તે જાણવા માટે તેની સંજ્ઞાવિશેષ જણાવે છે :-

આધારભૂત એવી જે પ્રકૃતિમાં બીજી પ્રકૃતિમાં રહેલું કર્મ દલિક પરિણામ પામે છે. એટલે કે આધારભૂત પ્રકૃતિ રૂપે બની જાય છે. આ આધારભૂત પ્રકૃતિને **પતદ્ગ્રહ** કહેવાય છે. કારણ કે, સંક્રમ પામતી પ્રકૃતિના આધારભૂત તે પ્રકૃતિ હોવાથી જાણે પોતાનામાં પડતી પ્રકૃતિને તે ગ્રહણ કરતી ન હોય ? તેવા ભાવથી તેનું નામ "પતદ્ગ્રહ" કહેવાય છે. "पतन्तीं गृहणाति" इति पतद्ग्रहः ॥૨॥

***અવતરણ : "સત્તામાં હોય તેનો સંક્રમ થાય" આ લક્ષણ દ્વારા સામાન્યપણે સમજાવાતો સંક્રમ અતિવ્યાપ્તિ દોષવાળો છે. (જ્યાં સત્તા છે પણ સંક્રમ નથી થતો ત્યાં પણ આ લક્ષણ જાય છે.) તે માટે આ બાબતમાં અપવાદ માર્ગ સમજાવે છે.***

**मोहदुगाउगमूलपगईणं, न परोप्परम्मि संकमणं ।**
**संकमबंधुदओवट्टणालिंगाईणऽकरणाइं ॥३॥**

**ગાથાર્થ :** મોહનીય કર્મનું દ્વિક આયુષ્યકર્મ તથા મૂલ આઠ કર્મપ્રકૃતિઓનો પરસ્પર સંક્રમ થતો નથી. તથા સંક્રમાવલિકા, બંધાવલિકા, ઉદયાવલિકા તથા ઉદ્વર્તનાવલિકા વિગેરે કાળમાં રહેલું કર્મદલિક સકલ કરણને માટે અયોગ્ય છે અર્થાત્ અકરણ સ્વરૂપ છે. ॥૩॥

**વિવેચન :** मोहदुग = બે પ્રકારના મોહનીય કર્મનો પરસ્પર સંક્રમ થતો નથી. દર્શનમોહનીયનો ચારિત્ર મોહનીયમાં અને ચારિત્ર મોહનીય કર્મનો દર્શન મોહનીયમાં એમ અરસપરસ સંક્રમ થતો નથી પરંતુ દર્શન મોહનીય કર્મની ત્રણ પ્રકૃતિઓનો પરસ્પર સંક્રમ થાય છે. તથા ચારિત્રમોહનીય કર્મની ૨૫ પ્રકૃતિઓનો માંહોમાંહે અરસપરસ યથાયોગ્ય રીતે સંક્રમ થાય છે. પરંતુ દર્શનમોહનીયનો ચારિત્રમોહનીયમાં કે ચારિત્રમોહનીયનો દર્શનમોહનીયમાં એમ સંક્રમ થતો નથી. (૧)

તથા ચારે પ્રકારનાં આયુષ્યકર્મનો અરસપરસ સંક્રમ થતો નથી. કોઈ મનુષ્યના જીવે આવતા ભવનું ધારો કે દેવાયુષ્ય બાંધ્યું હોય તો આયુષ્યકર્મ સત્તામાં બે થયાં. ત્યાં મનુષ્યાયુષ્ય દેવાયુષ્યમાં કે દેવાયુષ્ય મનુષ્યાયુષ્યમાં સંક્રમ પામતું નથી એમ ચારે આયુષ્યકર્મ એક-બીજામાં સંક્રમ પામતા નથી. (૨)

તથા મૂલકર્મો જ્ઞાનાવરણીય - દર્શનાવરણીય ઇત્યાદિ જે આઠ કર્મો છે. તેઓનો અરસપરસ સંક્રમ થતો નથી. આઠમાંનું કોઈ પણ એક મૂલકર્મ બીજા મૂળકર્મમાં સંક્રમ પામતું નથી. (૩)

મૂલ ગાથામાં (१) मोहदुग, (२) आऊग, (३) मूलपगईणं આ ત્રણ પદનો न परोप्परंमि संकमणं = પરસ્પર સંક્રમ થતો નથી. આટલું તો સ્પષ્ટ લખેલું જ છે. इदम् उपलक्षणं = આ લખાણથી હવે કહેવાતો આટલો વિષય ઉપલક્ષણથી એટલે અધ્યાહરણથી સમજી લેવો.

(૧) જે જીવ ત્રણ પ્રકારની દર્શનમોહનીયમાંથી જે દર્શનમોહનીયના ઉદયમાં વર્તતો હોય તે દર્શનમોહનીયને અન્યત્ર સંક્રમાવતો નથી. એટલે કે મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વ મોહનીયને, મિશ્રદૃષ્ટિ જીવ મિશ્ર મોહનીયને અને (૩) સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યક્ત્વ મોહનીયને અન્યત્ર (એટલે કે બીજા કર્મોમાં) એટલે કે (અન્ય દર્શનમોહનીયમાં) સંક્રમાવતો નથી.

(૨) બીજો અપવાદ તે છે કે સાસ્વાદન ગુણસ્થાનવર્તી જીવો તથા મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનકવર્તી જીવો આ બન્ને ગુણસ્થાનકવાળા જીવો ત્રણ પ્રકારની દર્શનમોહનીયમાંથી કોઈ પણ દર્શનમોહનીય કર્મનો ક્યાંય સંક્રમ કરતા નથી. કારણ કે, આ બે ગુણસ્થાનકમાં જીવો અશુદ્ધ દૃષ્ટિવાળા છે. વિશુદ્ધ સમ્યગ્દૃષ્ટિ જીવને જ દર્શનમોહનીયનો સંક્રમ થાય છે. એમ શાસ્ત્રોમાં કહેલ છે. માટે અશુદ્ધ દૃષ્ટિ એવા સાસ્વાદન અને મિશ્રગુણસ્થાનકવર્તી જીવોને દર્શન મોહનીયનો સંક્રમ સંભવતો નથી.

(૩) તથા સમ્યક્ત્વમોહનીયનો સંક્રમ મિશ્રમોહનીયમાં આ જીવ ક્યારેય કરતો નથી. આમ આવા ત્રણ અપવાદ માર્ગ પણ જાણવા. શાસ્ત્રમાં (એટલે કે પંચસંગ્રહના સંક્રમણકરણ ગાથા ૩માં) કહ્યું છે કે :-

**नियनियदिट्ठि न केइ, दुइयतइया न दंसणतिगं पि ।**
**मीसम्मि न सम्मत्तं, दंसकसाया न अन्नोन्नं ॥१॥**

કોઈ પણ જીવ પોતપોતાની દૃષ્ટિનો અન્યત્ર સંક્રમ કરતો નથી. બીજા અને ત્રીજા ગુણસ્થાનકવાળા જીવો દર્શનત્રિકનો સંક્રમ અન્યત્ર કરતા નથી. તથા સમ્યક્ત્વ મોહનીય મિશ્ર મોહનીયમાં સંક્રમ પામતી નથી. તથા દર્શનમોહનીયનો અને કષાયોનો પરસ્પર સંક્રમ થતો નથી.

તથા વળી કોઈ પણ પરપ્રકૃતિઓમાં સંક્રમ પામેલું એવું (સંક્રમથી આવેલું) કર્મદલિક એક આવલિકાના કાળ સુધી ઉદ્વર્તના વિગેરે સર્વ કરણો માટે અયોગ્ય દલિક છે. એટલે કે ઉદ્વર્તનાથી આવેલા કે અપવર્તનાથી આવેલા કે સંક્રમથી આવેલા એવા દલિકમાં વિવક્ષિત સ્થાને આવ્યા પછી જ્યાં સુધી એક આવલિકાનો કાળ પસાર થતો નથી. ત્યાં સુધી અન્યત્ર તેનો સંક્રમ થતો નથી.

ઉદ્વર્તના-અપવર્તના કે સંક્રમથી આવેલા દલિકમાં જ એક આવલિકા સકલ કરણને અયોગ્ય છે. એટલું જ કેવળ નથી. પરંતુ બન્ધાદિની આવલિકામાં રહેલું દલિક પણ સકલ કરણને માટે અયોગ્ય છે. તે સમજાવે છે કે સંક્રમ આવલિકામાં રહેલું કર્મદલિક તથા બંધાવલિકામાં રહેલું કર્મદલિક તથા ઉદયાવલિકામાં રહેલું કર્મદલિક તથા ઉદ્વર્તનાવલિકામાં રહેલું કર્મદલિક તથા આદિ શબ્દથી ઉપશાન્ત થયેલું (દર્શન મોહનીય સિવાઈનું) સકલ પણ મોહનીયકર્મ આ સર્વે અકરણ છે. એટલે કે ઉપર કહેલી પરિસ્થિતિમાં આ સર્વે પણ કર્મો અકરણ છે અર્થાત્ સકલકરણને માટે અયોગ્ય છે. આમ જાણવું.

માત્ર દર્શનમોહનીય ત્રણ ઉપશાન્ત થઈ હોય તો પણ તે સંક્રમ પામે છે. ॥૩॥

***અવતરણિકા :*** *આ પ્રમાણે સંક્રમવિધિમાં જ્યાં જ્યાં અતિવ્યાપ્તિ આવતી નથી. તે સમજાવ્યું. હવે આ સંક્રમ ક્રમસર હોય કે ઉત્ક્રમે હોય. પરંતુ સંક્રમ સર્વત્ર થાય જ છે. આમ અર્થ પ્રાપ્ત થયે છતે તેમાં જે નિયમ છે. તે નિયમ સમજાવતાં કહે છે કે :-*

**अंतरकरणम्मि कए, चरित्तमोहे णुपूव्विसंकमणं ।**
**अन्नत्थ सेसियाणं च, सव्वहिं सव्वहा बंधे ॥४॥**

**ગાથાર્થ :** બન્ને શ્રેણીમાં અન્તરકરણ કરે છતે ચારિત્રમોહનીય કર્મમાં આનુપૂર્વીએ (ક્રમસર) જ સંક્રમ થાય છે. શ્રેણી વિના અન્ય સર્વ કાળે સર્વે પણ પ્રકૃતિઓનો ક્રમે અથવા

ઉત્ક્રમે પણ સંક્રમ ચાલુ જ હોય છે. પરંતુ અંતરકરણ કરે છતે ક્રમસર જ સંક્રમ થાય છે. પતદ્‌ગ્રહવાળી પ્રકૃતિઓનો બંધ હોય તો જ આ સંક્રમ થાય છે. ॥૪॥

**વિવેચન :** સામાન્યથી જેની જેની સત્તા હોય છે. તે તે કર્મોનો અવશ્ય સંક્રમ થાય છે અને તેનો તેનો સંક્રમ જેમાં કરવાનો છે. તે આધાર ભૂત પ્રકૃતિને **"પતદ્‌ગ્રહ"** કહેવાય છે. તે પતદ્‌ગ્રહ સ્વરૂપે બનતી પ્રકૃતિ જો બંધમાં ચાલુ હોય તો જ પતદ્‌ગ્રહ બને છે. અન્યથા એટલે કે જેનો બંધ ચાલુ ન હોય તે પ્રકૃતિ પતદ્‌ગ્રહ બનતી નથી.

સારાંશ કે સત્તાવાળી પ્રકૃતિનો સંક્રમ અને બંધવાળી પ્રકૃતિનો પતદ્‌ગ્રહ હોય છે. આ મુખ્ય નિયમ છે, છતાં તેમાં એક જ મુખ્ય અપવાદ છે કે મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીયનો બંધ થતો નથી. છતાં પતદ્‌ગ્રહ થાય છે. તથા બંધાવલિકા-ઉદયાવલિકા-સંક્રમાવલિકામાં રહેલું કર્મદલિક સકલ કરણ માટે અયોગ્ય છે માટે તેનો સંક્રમ થતો નથી.

તથા ઉપશમ શ્રેણીમાં અને ક્ષપકશ્રેણીમાં જ્યારે અંતરકરણ કરવામાં આવે છે. ત્યારથી પ્રારંભીને શ્રેણી સમાપ્ત થાય ત્યાં સુધી ક્રમસર જ મોહનીયનો સંક્રમ થાય છે. પુરૂષવેદનો સંજ્વલન ક્રોધમાં સંજ્વલન ક્રોધનો માનમાં, માનનો માયામાં અને માયાનો લોભમાં જ સંક્રમ થાય છે. તેથી સંજ્વલન લોભનો સંક્રમ થતો નથી.

અંતરકરણ કરવાની વિધિ આગળ ઉપર શ્રેણીના વર્ણન પ્રસંગે કહેવામાં આવશે. પરંતુ શ્રેણી પ્રારંભે ત્યારે ઉપશમ શ્રેણીમાં ચારિત્ર મોહનીય કર્મનો ઉપશમ કરવા માટે ૨૧ પ્રકૃતિઓનું અને ક્ષપકશ્રેણીમાં મધ્યમ આઠ કષાયોનો ક્ષય થાય ત્યાર બાદ મોહનીય કર્મની તેર પ્રકૃતિઓનું આ આત્મા અન્તકરણ કરે છે. (૨૧ નું અને ૧૩ નું અનુક્રમે બંન્ને શ્રેણિમાં અંતરકરણ થાય છે.)

આ અન્તરકરણ કરે ત્યારે પુરૂષવેદ અને સંજ્વલન ચાર કષાય એમ પાંચ પ્રકૃતિઓનો આનુપૂર્વી પ્રમાણે (ક્રમની પરિપાટિ વડે) જ સંક્રમ કરે છે. ત્યારે મોહનીયકર્મની બાકીની બધી જ પ્રકૃતિઓનો બંધ વિરામ પામ્યો હોવાથી મૂલગાથામાં चरित्तमोहे શબ્દ હોવા છતાં પણ આ પાંચ જ પ્રકૃતિઓ ગ્રહણ કરાય છે. તે પાંચમાં જ પરિપાટિ વડે જ (એટલે કે ક્રમસર જ) સંક્રમ થાય છે. પરંતુ અનાનૂપૂર્વી વડે એટલે કે ક્રમે અને ઉત્ક્રમે એમ બન્ને રીતે સંક્રમ થતો નથી.

ક્રમસર જ સંક્રમ થાય છે. આ કારણથી પુરૂષવેદ, સંજ્વલન ક્રોધાદિ ચારમાં જ પડે છે. પણ બીજી કોઈ પણ મોહનીય કર્મની પ્રકૃતિમાં પુરુષવેદનો સંક્રમ થતો નથી. તેવી જ રીતે સંજ્વલન ક્રોધનો પણ સંજ્વલન માન આદિ ત્રણમાં સંક્રમ થાય છે. પરંતુ પુરૂષવેદમાં થતો નથી તથા સંજ્વલન માનનો પણ સંજ્વલન માયા આદિ બેમાં જ સંક્રમ

થાય છે. પરંતુ સંજ્વલન ક્રોધ કે પુરૂષવેદમાં સંક્રમ થતો નથી તથા સંજ્વલન માયા પણ માત્ર સંજ્વલન લોભમાં જ સંક્રમ પામે છે. પરંતુ સંજ્વલન ક્રોધાદિ શેષ કષાયોમાં સંક્રમ પામતી નથી.

તથા સંજ્વલન લોભ તો અસંક્રમણાને જ પામે છે. તેનો કોઈમાં સંક્રમ થતો નથી.

આ અન્તરકરણ કર્યા પૂર્વે અર્થાત્ અન્ય કાલે પુરૂષવેદાદિ પાંચે પાંચ કર્મપ્રકૃતિઓનો તથા શેષ બાકીની કર્મપ્રકૃતિઓનો सव्वहिं = સર્વ અવસ્થા કાલે એટલે કે મિથ્યાત્વવાળી અવસ્થા હોય કે સમ્યક્ત્વવાળી અવસ્થા હોય ત્યારે सव्वहा = એટલે સર્વ પ્રકારે અર્થાત્ ક્રમે અને ઉત્ક્રમે સંક્રમ થાય છે.

**પ્રશ્ન** :- સત્તામાં જે કર્મ હોય તે સર્વ કર્મનો શું સર્વકાલે સંક્રમ થાય જ છે ?

**ઉત્તર** :- ના, સર્વકાલે સંક્રમ થતો નથી. પરંતુ પતદ્ગ્રહવાળી પ્રકૃતિનો સામે બંધ ચાલુ હોય ત્યારે જ સંક્રમ થાય છે. અન્યકાલે એટલે કે પતદ્ગ્રહવાળી પ્રકૃતિનો બંધ ન હોય ત્યારે સંક્રમ થતો નથી. કારણ કે જ્યારે જ્યારે પતદ્ગ્રહવાળી પ્રકૃતિનો બંધ ન થતો હોય ત્યારે ત્યારે **"બંધ થતો હોય તો જ તેમાં સત્તાગત પ્રકૃતિનો સંક્રમ થાય"** આવું જે સંક્રમનું લક્ષણ છે તે જ ત્યાં ઘટતું નથી. માટે પતદ્ગ્રહવાળી પ્રકૃતિનો બંધ હોવો જોઈએ. તે હોય તો જ સત્તાવાળી પ્રકૃતિનો સંક્રમ થાય છે. ॥૪॥

***અવતરણ** :- સંક્રમનું સામાન્ય લક્ષણ, તેની વિધિ, તથા તેમાં આવતા અપવાદો કહ્યા. હવે જે કર્મપ્રકૃતિનો બંધ ચાલુ હોય તે જ પ્રકૃતિ બીજી અન્ય કર્મપ્રકૃતિઓના દલિકના સંક્રમ પ્રત્યે પતદ્ગ્રહ બને છે. આમ જે સમજાવવામાં આવ્યું છે. તે બાબતમાં સામાન્યપણે જે અતિપ્રસક્ત (અતિવ્યાપ્તિ) દોષ આવે છે. તેમાં અપવાદ સમજાવે છે.*

**तिसु आवलियासु समउणियासु, अपडिग्गहा उ संजलणा ।**
**दुसु आवलियासु, पढमठिईइ वि य वेउ ॥ ५ ॥**

**ગાથાર્થ** :- સંજ્વલનના ચાર કષાયો એક સમય ન્યૂન ત્રણ આવલિકા જેટલી પ્રથમ સ્થિતિ બાકી રહે છતે અપતદ્ગ્રહ થાય છે અને ત્રણ વેદો એક સમયન્યૂન બે આવલિકા પ્રમાણ પ્રથમ સ્થિતિ બાકી રહે છતે અપતદ્ગ્રહ થાય છે. ॥૫॥

**વિવેચન** :- પતદ્ગ્રહ માટે સામાન્ય નિયમ એવો છે કે, **"જે કર્મ પ્રકૃતિઓ બંધાતી હોય તે પતદ્ગ્રહપણાને પામે"** અર્થાત્ તેમાં બીજી સત્તાગત પ્રકૃતિઓનો સંક્રમ થાય. આવા પ્રકારના સામાન્ય નિયમમાં નીચેનો અપવાદ ગ્રંથકારશ્રી જણાવે છે :-

ઉપશમશ્રેણિમાં તથા ક્ષપકશ્રેણિમાં અન્તરકરણ કરે છતે આગળ જતાં ચારે સંજ્વલન કષાયોની જ્યારે એક સમયન્યૂન ત્રણ આવલિકા પ્રમાણ પ્રથમ સ્થિતિ ઉપશમાવવાની કે

ખપાવવાની બાકી રહે ત્યારે આ ચારે કષાયો યથાસ્થાને અપતદ્ગ્રહ થઈ જાય છે. કારણ કે, હવે તે તે કષાયોનો જ ઉપશમ અથવા ક્ષય કરવાનો કાળ આવી ગયો છે. તેમાં જો આ રીતે અન્ય પ્રકૃતિઓનું કર્મદલિક આવ્યા જ કરે તો ઉપશમ અથવા ક્ષય કરવાનું કામ દુષ્કર બને એટલે તેની પ્રથમસ્થિતિનો આટલો કાળ બાકી રહે ત્યારથી તે પોતાનામાં અન્ય પ્રકૃતિઓના દલિકના આગમનનો નિષેધ કરે છે. જેથી તે ચારેનું જે થોડુક દલિક સત્તામાં ઉપશમાવ્યા વિનાનું કે ક્ષય કર્યા વિનાનું છે તે જલ્દીથી ઉપશમાવી શકે અથવા ક્ષય કરી શકે.

એટલે ચારે સંજ્વલન કષાયો બન્ને શ્રેણિમાં જ્યારે પ્રથમસ્થિતિમાં સમયન્યૂન ત્રણ આવલિકા જેટલા બાકી રહે ત્યારથી જ તે કષાયો અપતદ્ગ્રહ બને છે. તેથી જ પુરૂષવેદનું દલિક સંજ્વલન ક્રોધાદિ ચાર કષાયોમાં જે સંક્રમ પામતું હતું. તે સંજ્વલન ક્રોધની સમયન્યૂન ત્રણ આવલિકા બાકી રહે ત્યારે સં. ક્રોધ અપતદ્ગ્રહ થવાથી આ જ પુરૂષવેદનું દલિક સંજ્વલન માનાદિ ત્રણ કષાયોમાં સંક્રમ પામે પણ ક્રોધાદિ ચાર કષાયોમાં સંક્રમણ ન પામે.

એવી જ રીતે સંજ્વલન ક્રોધાદિ ચારનું કર્મદલિક સંજ્વલન માનાદિ ત્રણ કષાયોમાં સંક્રમ પામતું હતું. તે માન અપતદ્ગ્રહતાને પામે ત્યારથી માયા અને લોભ એમ બેમાં જ સંક્રમ પામે.

તથા સંજ્વલન માન-માયા અને લોભ એમ ત્રણનું કર્મદલિક માયા અને લોભ એ બેમાં સંક્રમ પામતું હતું. તે માયા જ્યારે અપતદ્ગ્રહી બને ત્યારથી આ કર્મદલિક માત્ર લોભમાં જ સંક્રમ પામે છે.

આ જ પ્રમાણે નવમા ગુણઠાણાના પાંચમા ભાગે સંજ્વલન લોભ સમયન્યૂન ત્રણ આવલિકા બાકી રહે ત્યારે માયા અને લોભનું દલિક જે લોભમાં સંક્રમ પામતું હતું. તે અપતદ્ગ્રહી બનવાથી આ બન્ને પ્રકૃતિઓનો સંક્રમ જ વિરામ પામી જાય છે. કારણ કે તે બે કર્મ પ્રકૃતિનું દલિક જેમાં નંખાય એવી કોઈ પણ મોહનીયકર્મની અન્ય પ્રકૃતિનો સામે બંધ નથી.

આ જ પ્રમાણે અન્તરકરણ કર્યા પછી વેદની પ્રથમસ્થિતિ એક સમયન્યૂન બે આવલિકા શેષ રહે છે ત્યારે પુરૂષવેદનો બંધ ચાલુ છે. પરંતુ તે અપતદ્ગ્રહી બને છે. તેથી તે કાળે હવે પુરૂષવેદમાં કોઈ પણ મોહનીયકર્મની પ્રકૃતિનો સંક્રમ થતો નથી.

**પ્રશ્ન :-** મૂલગાથામાં છેલ્લો વેઓ શબ્દ છે. તેથી પુરૂષવેદાદિ ત્રણે વેદ સમયન્યૂન બે આવલિકા બાકી રહે ત્યારે અપતદ્ગ્રહી બને છે. આવો અર્થ લખવો જોઈએ ? કેવળ એકલો પુરૂષવેદ જ અપતદ્ગ્રહી બને છે. આમ કેમ સમજાવો છો ?

**ઉત્તર :-** જેનો બંધ ચાલુ હોય તે જ પતદ્ગ્રહ થાય છે. આવો નિયમ પ્રથમ સમજાવેલો હોવાથી મૂળગાથામાં ભલે વેઓ પદ લખ્યું તો પણ આ શ્રેણીનાં ગુણસ્થાનક

હોવાથી અને તે શ્રેણીમાં પુરૂષવેદ વિના બીજા કોઈ પણ વેદનો બંધ થતો ન હોવાથી વેઓ શબ્દથી પુરૂષવેદ જ જાણવો. ત્યાં નવમા ગુણસ્થાનકે નપુંસકવેદ અને સ્ત્રીવેદનો બંધ ન હોવાથી અપતદ્ગ્રહતાની સિદ્ધિ થઈ ગયેલી હોવાથી ભલે મૂળગાથામાં વેદ શબ્દ સામાન્ય લખ્યો તો પણ વેદ શબ્દ વડે અહીં માત્ર પુરૂષવેદ જ ગ્રહણ કરાય છે.

હવે ગાથામાં ન લખેલી પણ સંભવથી ઘટી શકતી બીજી પણ કેટલીક અપતદ્ગ્રહતા ટીકાકારશ્રી અન્ય ગ્રન્થોના આધારે સમજાવે છે.

(૧) ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં જ્યારે મિથ્યાત્વમોહનીય કર્મનો સર્વથા ક્ષય થઈ જાય. ત્યારથી પ્રારંભીને મિશ્રમોહનીયની પતદ્ગ્રહતા રહેતી નથી. કારણ કે મિશ્ર મોહનીય કર્મમાં મિથ્યાત્વમોહનીય કર્મનો જ સંક્રમ થતો હતો. તે મિથ્યાત્વમોહનીય ક્ષય થઈ જવાથી મિશ્ર મોહનીયમાં આવનાર કોઈ પ્રકૃતિ ન હોવાથી મિશ્રમોહનીય કર્મ અપતદ્ગ્રહતાને પામે છે. દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો પરસ્પર સંક્રમ ન હોવાથી મિશ્રમાં માત્ર મિથ્યાત્વનાં દલિક જ સંક્રમ પામતાં હતાં, બીજું કોઈ કર્મ સંક્રમ પામતું ન હતું, તે મિથ્યાત્વ તો ખપાવી નાખ્યું. તેથી સંક્રમ થાય તેવાં કર્મદલિકોનો અભાવ હોવાથી ત્યાં (મિશ્ર મોહનીયમાં) અપતદ્ગ્રહતાની સિદ્ધિ જાણવી.

(૨) એવી જ રીતે મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીય એમ બન્ને દર્શન મોહનીય કર્મનો ક્ષય થયે છતે મોહનીયની ૨૨ની સત્તાવાળો જીવ જ્યારે થાય ત્યારે સમ્યક્ત્વ મોહનીયની પતદ્ગ્રહતા રહેતી નથી. કારણ કે તે સમ્યક્ત્વ મોહનીય કર્મમાં મિથ્યાત્વ અને મિશ્રમોહનીય એમ બે પ્રકૃતિઓનો જ સંક્રમ સંભવતો હતો. તે બન્ને દર્શન મોહનીયનો ક્ષય થયે છતે સંક્રમ્યમાણ (સંક્રમ પામે તેવી) કોઈ પણ પ્રકૃતિ ન હોવાથી (અર્થાત્ અસંભવ હોવાથી) સમ્યક્ત્વ મોહનીયકર્મની પતદ્ગ્રહતાનો અભાવ થાય છે.

(૩) તથા સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને તેને વમીને મિથ્યાત્વે ગયેલા જીવને મિથ્યાત્વના પ્રથમ સમયથી જ સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઉદ્વલના કરાય છે. તે જ્યારે આ બન્ને કર્મોની ઉદ્વલના સમાપ્ત થાય ત્યારથી મિથ્યાત્વમાં આવનાર કોઈ પ્રકૃતિ ન હોવાથી મિથ્યાત્વ મોહનીયકર્મની આપોઆપ અપતદ્ગ્રહતા થાય છે. કારણ કે, મિથ્યાત્વમાં સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીય આ બે જ પ્રકૃતિઓ સંક્રમ પામતી હતી. પણ ચારિત્ર મોહનીયકર્મની ઘણી પ્રકૃતિઓ સત્તામાં છે. પરંતુ તેનો સંક્રમ દર્શનમોહનીયમાં થાય નહિ. કારણ કે, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયના પરસ્પર સંક્રમનો શાસ્ત્રમાં પ્રતિષેધ કરેલો છે.

એટલે સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીય આ બન્ને કર્મોની ઉદ્લના થયે છતે મિથ્યાત્વગુણસ્થાનકે રહેલા જીવને મિથ્યાત્વમોહનીયની અપતદ્ગ્રહતા થાય છે. આવી કેટલીક વાતો મૂલ ગાથામાં अनुक्तं सर्वमपि = ન કહેલું પણ આ સર્વ કથન પંચસંગ્રહથી જાણી લેવું. (પંચસંગ્રહ ભાગ બીજો સંક્રમણકરણ ગાથા-૬ તથા ૭) ॥૫॥

*અવતરણ : સંક્રમ અને પતદ્ગ્રહ સંબંધી વિધાન તથા કેટલાક અપવાદો સમજાવ્યા.હવે પ્રકૃતિ સંક્રમમાં સાદિઅનાદિના ભાંગા કહે છે :-*

**साई अणाई धुव अधुवा य, सव्वधुवसंतकम्माणं ।**
**साई अ अधुवसेसा, मिच्छावेयणीयनीएहिं ॥ ६ ॥**

**ગાથાર્થ :-** સર્વે પણ ધ્રુવ સત્તાવાળી કર્મપ્રકૃતિઓ (૧૨૬)નો સંક્રમ સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારનો જાણવો. તથા શેષ એટલે અધ્રુવસત્તાવાળી (૨૪) તથા મિથ્યાત્વમોહનીય સાતા-અસાતા વેદનીય અને નીચગોત્ર એમ કુલ ૨૮ પ્રકૃતિઓનો સંક્રમ સાદિ-અધ્રુવ જાણવો. ॥૬॥

**વિવેચન :-** સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, નરકદ્વિક, મનુષ્યદ્વિક, દેવદ્વિક, વૈક્રિય સપ્તક, આહારક સપ્તક, તીર્થંકર નામકર્મ, ઉચ્ચગોત્ર આ ૨૪ પ્રકૃતિઓ તથા ૪ આયુષ્ય આ ૨૮ અધ્રુવ સત્તાવાળી પ્રકૃતિ જાણવી. તેના વિના બાકીની (૧૫૮ - ૨૮ =) ૧૩૦ એકસોહ ત્રીસ પ્રકૃતિઓ ધ્રુવ સત્તા વાળી જાણવી.

તે ૧૩૦ ધ્રુવસત્તાવાળી પ્રકૃતિઓમાંથી સાતા અસાતા એમ બે વેદનીય નીચગોત્ર અને મિથ્યાત્વમોહનીય સ્વરૂપ ચાર પ્રકૃતિઓ દૂર કરાય છે. તેથી બાકી રહેલી ૧૨૬ ધ્રુવ સત્તાવાળી પ્રકૃતિઓ સંક્રમને આશ્રયી સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવ એમ ચારે પ્રકારે પ્રાપ્ત થાય છે.

આ ૧૨૬ ધ્રુવ સત્તા હોવાથી જીવને સત્તામાં સદાકાળ હોય છે. તેથી જો સામે જેમાં પતદ્ગ્રહ થઈ શકે એવી આધારભૂત પ્રકૃતિ પ્રાપ્ત થતી હોય તો સદાકાળ સંક્રમ થઈ શકે છે.

સંક્રમ જેમાં થવાનો છે. એવી સંક્રમના વિષયભૂત એટલે કે આધારભૂત પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ થયે છતે આ ૧૨૬ પ્રકૃતિઓની સત્તા છે. સંક્રમ થઈ શકે તેમ છે. પરંતુ તેના આધારભૂત એટલે કે જ્યાં સંક્રમ થવાનો છે. તેનો બંધ ન હોવાથી પતદ્ગ્રહ નથી. માટે સંક્રમ થતો નથી. જેમ કે અગીયારમા-બારમા-તેરમા ગુણસ્થાનકે કોઈ પણ કર્મનો બંધ થતો નથી. (જો કે સાતાવેદનીય બંધાય છે. પરંતુ તે માત્ર યોગવિષયક જ બંધ હોવાથી તેની અહીં અવિવક્ષા કરવામાં આવી છે.) તેથી અર્થાત્ કોઈ પણ કર્મપ્રકૃતિનો બંધ ન હોવાથી કોઈ પણ પ્રકૃતિનો પતદ્ગ્રહ સંભવતો નથી. તે માટે કોઈનો પણ સંક્રમ થતો નથી.

પરંતુ અગીયારમા ગુણસ્થાનકથી આ જીવ જ્યારે પડે છે અને દસમાં ગુણસ્થાનકે આવીને ૧૬ ઉત્તર પ્રકૃતિનો અને પછી વધારે વધારે વધારે બંધ ચાલુ કરે છે.ત્યારે તે સંક્રમ જેમાં કરવો છે. તેવી સંક્રમના વિષયભૂત પ્રકૃતિઓનો તથા તેના પોતાના બંધના હેતુભૂત કષાયનો સંપર્ક મળવાથી બંધ શરૂ થાય છે અને બંધનો આરંભ થયે છતે પતદ્ગ્રહ પ્રાપ્ત

થવાથી સંક્રમ યોગ્ય (૧૨૬) પ્રકૃતિઓનો સંક્રમ પણ ચાલુ થાય છે. જેમ જેમ પતદ્ગ્રહ પ્રાપ્ત થતો જાય છે. તેમ તેમ ત્યારે ત્યારે તેના સંક્રમની સાદિ કહેવાય છે.

જે જે જીવો તે તે બન્ધવિચ્છેદના સ્થાનને પામ્યા નથી. તે તે જીવોને આ ૧૨૬ના સંક્રમને યોગ્ય એવી પતદ્ગ્રહ પ્રકૃતિઓનો બંધ ચાલુ હોવાથી પતદ્ગ્રહતા ચાલુ જ છે. તેથી તેમાં ૧૨૬નો સંક્રમ પણ ચાલુ જ છે તેથી તેવા જીવને આશ્રયી ૧૨૬નો સંક્રમ અનાદિ. અભવ્ય જીવોને આશ્રયી આ સંક્રમ ધ્રુવ છે. કારણ કે સદાકાળ પ્રથમ ગુણસ્થાનક જ હોવાથી પતદ્ગ્રહ પ્રાપ્ત થવાનો જ છે. તેથી સંક્રમ ચાલુ જ રહેવાનો છે માટે અનાદિ અને ભવ્યજીવોને આશ્રયી વળી અધ્રુવ, કારણ કે જે ભવ્ય જીવ છે તે કાલાન્તરે ઉપર-ઉપરના ગુણસ્થાનકે આરોહણ કરશે જ, અને ત્યાં ત્યાં બીજા કર્મગ્રંથમાં જણાવ્યા પ્રમાણે બંધવિચ્છેદ થશે જ. આ રીતે બંધ વિચ્છેદ સંભવતો હોવાથી પતદ્ગ્રહતા રહેશે નહીં. તેથી સંક્રમ્યમાણ પ્રકૃતિઓનો સંક્રમ પણ અટકી જશે. કારણ કે સામે જો કોઈ પતદ્ગ્રહ જ ન હોય તો સંક્રમ થઈને પડે કોનામાં ? તેથી સંક્રમ ન થવાથી આ સંક્રમ અધ્રુવ બનશે.

આ પ્રમાણે ધ્રુવસત્તાવાળી ૧૨૬ કર્મપ્રકૃતિઓનો સંક્રમ સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે.

બાકીની અધ્રુવસત્તાવાળી ૨૪ પ્રકૃતિઓ (જે ઉપર કહેવામાં આવી છે તે) તથા મિથ્યાત્વમોહનીય સાતા અસાતાવેદનીય અને નીચગોત્ર એમ ૪ની સાથે મળીને ૨૮ પ્રકૃતિઓ સંક્રમને આશ્રયી સાદિ-અધ્રુવ જાણવી.

જે ૨૪ પ્રકૃતિઓ અધ્રુવ સત્તાવાળી છે તે અધ્રુવસત્તા હોવાથી જ (ક્યારેક સત્તામાં હોય અને હોય ત્યારે સંક્રમ થાય તથા જ્યારે સત્તામાં જ ન હોય ત્યારે સંક્રમ ન થાય તે માટે) તેઓનો સંક્રમ સાદિ-અધ્રુવ જાણવો.

સાતા-અસાતા અને નીચગોત્ર આ ત્રણે પ્રકૃતિઓ પરાવર્તમાન હોવાથી ક્યારેક સંક્રમ હોય અને ક્યારેક સંક્રમ ન હોય માટે સાદિ-અધ્રુવ સંક્રમ જાણવો. તે આ પ્રમાણે - સાતા બંધાતી હોય ત્યારે અસાતાનો જ સંક્રમ થાય અને અસાતા બંધાતી હોય ત્યારે સાતાનો જ સંક્રમ થાય. અન્યકાળે પતદ્ગ્રહ સામે ન હોવાથી સંક્રમ ન થાય તથા ઉચ્ચગોત્ર બંધાતુ હોય ત્યારે જ નીચગોત્રનો સંક્રમ થાય અને નીચગોત્ર બંધાતુ હોય ત્યારે જ ઉચ્ચગોત્રનો સંક્રમ થાય. તેથી આ ચારે પ્રકૃતિઓનો સંક્રમ સાદિ-અધ્રુવ માત્ર જ છે. ત્યાં ઉચ્ચગોત્ર અધ્રુવસત્તાવાળી ૨૪માં આવી ગયેલી હોવાથી અહીં ત્રણ જ લખવામાં આવી છે.

તથા મિથ્યાત્વમોહનીયનો સંક્રમ જ્યારે આત્મા સમ્યક્ત્વ પામે અને મિશ્રમોહનીય તથા સમ્યક્ત્વમોહનીય બને ત્યારે તેમાં તેનો સંક્રમ થાય છે. પરંતુ અનાદિ મિથ્યાત્વી જીવને

મિથ્યાત્વમોહનીયની સત્તા હોવા છતાં પણ સામે પતદ્ગ્રહવાળી મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય ન હોવાથી સંક્રમ થતો નથી. આ કારણે મિથ્યાત્વમોહનીય ધ્રુવસત્તા હોવા છતાં પણ તે કર્મનો સંક્રમ પણ સાદિ-અધ્રુવ છે.

ચાર આયુષ્ય કર્મનો ક્યાંય પરમાં સંક્રમ થતો જ નથી. આ પ્રમાણે ૧૨૬-૨૮-૪ કુલ ૧૫૮ પ્રકૃતિઓના સંક્રમના આશ્રયી સાદ્યાદિ ભાંગા સમજાવ્યા.

હવે स्यादेतत् = કદાચ આવો પ્રશ્ન થાય કે કઈ કઈ પ્રકૃતિઓના સંક્રમનું પર્યવસાય (અન્તિમ) સ્થાન ક્યાં કયાં હોય અર્થાત્ કઈ કઈ પ્રકૃતિનો સંક્રમ કયા કયા ગુણસ્થાનક સુધી ચાલે ? તે જણાવો કે જેથી તે ગુણ સ્થાનથી ઉપરના ગુણસ્થાનકોમાં સંક્રમ ન થતો હોવાથી ત્યાંથી પડે ત્યારે સંક્રમ ચાલુ થાય. જેથી સંક્રમનું સાદિત્વ સારી રીતે સમજી શકાય.

આવો કદાચ કોઈ પ્રશ્ન કરે તો उच्यते = આવા પ્રશ્નનો ઉત્તર કહેવાય છે.

(૧) સાતાવેદનીયનો સંક્રમ કરનાર જીવો મિથ્યાદૃષ્ટિથી પ્રમત્ત ગુણસ્થાનક સુધીના જીવો જાણવા. તેના ઉપરના નહીં. કારણ કે છઠ્ઠાગુણસ્થાનકથી આગળ સાતાનો જેમાં સંક્રમ કરવો છે. તે પતદ્ગ્રહ રૂપ અસાતાવેદનીય બંધાતી નથી. પરંતુ સાતા જ બંધાય છે. તેથી બંધાતી એવી સાતામાં અસાતાનો જ સંક્રમ થાય છે. પરંતુ સાતાનો સંક્રમ થતો નથી.

(૨) અનંતાનુબંધી ચાર કષાયોનો સંક્રમ કરનારા જીવો મિથ્યાદૃષ્ટિથી અપ્રમત્ત સંયમ સુધીના જીવો જાણવા. પરંતુ તેનાથી આગળલા ગુણસ્થાનકવાળા નહીં. કારણ કે આઠમા ગુણસ્થાનકથી તે કષાયો (ઉપશાન્ત થયેલા) અથવા ક્ષીણ થયેલા હોવાથી હવે તેઓના સંક્રમનો અભાવ છે.

(૩) યશઃકીર્તિ નામકર્મનો સંક્રમ કરનારા મિથ્યાદૃષ્ટિથી અપૂર્વકરણના (છઠ્ઠા ભાગના) પર્યવસાન સુધીના જીવો સ્વામી જાણવા. તેનાથી આગળ તે યશકીર્તિનામકર્મ જ કેવળ એકલુ બંધાતુ હોવાથી તેની માત્ર પતદ્ગ્રહતા જ હોય છે. યશનામકર્મને ઝીલે એવી અન્ય પ્રકૃતિની પતદ્ગ્રહતાનો જ ત્યાં અભાવ છે. તેથી યશઃ નામકર્મનો સંક્રમ થતો નથી.

(૪) અનંતાનુબંધી ચાર કષાય વર્જીને બાકીના બાર કષાય અને નવનોકષાયનો સંક્રમ કરનારા જીવો મિથ્યાદૃષ્ટિથી આરંભીને અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનક સુધીના જીવો જાણવા. તેનાથી આગળલા ગુણસ્થાનકોમાં આ બાર કષાય અને નવ નોકષાય કાંતો ઉપશાન્ત થયેલા છે અથવા ક્ષીણ થયેલા છે. તેથી તેઓના સંક્રમનો અભાવ છે.

(૫) મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયનો સંક્રમ કરનારા અવિરત સમ્યગ્દૃષ્ટિથી ઉપશાન્તમોહ સુધીના જીવો જાણવા. તેનાથી આગળલા ૧૨-૧૩-૧૪મા ગુણસ્થાનકવાળા સ્વામી ન જાણવા. કારણ કે અગીયારમાંથી આગળ તે બન્ને મોહનીયની સત્તાનો જ અભાવ

છે માટે સંક્રમ થતો નથી. તેમાં પણ ૪ થી ૧૨ ગુણસ્થાનકોમાં પણ ક્ષાયિકસમ્યક્ત્વવાળા જીવો સ્વામી ન જાણવા.

(૬) સાસ્વાદન અને મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનકે જો કે દર્શનત્રિકની સત્તા છે એટલે સંક્રમ થવો જોઈએ. પરંતુ બીજા-ત્રીજા ગુણસ્થાનકવાળા જીવો દર્શનમોહનીયત્રિકમાંથી કોઈ પણ પ્રકૃતિનો ક્યાંય પણ સંક્રમ કરતા નથી.

(૭) મિથ્યાત્વમોહનીયકર્મનો સંક્રમ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ આદિ જીવો કરે છે. જે જીવને જે દર્શનમોહનીયનો ઉદય ચાલુ હોય તે જીવ તે દર્શનમોહનીયનો સંક્રમ અન્યત્ર કરતો નથી. આવો નિયમ હોવાથી પ્રથમગુણસ્થાને મિથ્યાત્વમોહનીય પોતે જ સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયના આધારભૂત છે. તેના કારણે સ્વભાવિકપણે જ તેનો સંક્રમ આ જીવ ત્યાં કરતો નથી.

સારાંશ એવો છે કે (૧) મિશ્રમોહનીયનો (સમ્યગ્દૃષ્ટિ જીવ તથા) મિથ્યાદૃષ્ટિ જીવ પણ સંક્રમક હોય છે તથા સમ્યક્ત્વમોહનીયનો મિથ્યાદૃષ્ટિ જીવ જ સંક્રમક હોય છે. બીજા કોઈ જીવો સંક્રમક હોતા નથી.

કારણ કે સમ્યક્ત્વમોહનીયનો સંક્રમ મિથ્યાત્વે વર્તતો જીવ જ કરે છે. પરંતુ સાસ્વાદને કે મિશ્રે વર્તતો જીવ દર્શનત્રિકનો સંક્રમ ન કરતો હોવાથી સમ્યક્ત્વમોહનો પણ સંક્રમ કરતો નથી. પણ મિથ્યાદૃષ્ટિ જીવ સમ્યક્ત્વમોહનીયનો સંક્રમ કરે છે. મિથ્યાત્વના ઉદયમાં વર્તતો જીવ મિથ્યાદૃષ્ટિ જ કહેવાય છે.

(૮) ઉચ્ચગોત્રકર્મનો સંક્રમ મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદનવાળા જ કરે છે. અન્ય ગુણસ્થાનકવાળા નહીં. કારણ કે મિશ્રાદિ અન્ય ગુણસ્થાનકોમાં ઉચ્ચગોત્રનો જેમાં સંક્રમ થાય તેવા નીચગોત્રનો બંધ જ ન હોવાથી સામે પતદ્ગ્રહતા નથી.

(૯) ઉપર કહેલી પ્રકૃતિઓ સિવાય બાકીની મતિજ્ઞાનાવરણીય વિગેરે કર્મપ્રકૃતિઓના સંક્રમના સ્વામી જીવો મિથ્યાદૃષ્ટિ વિગેરે સૂક્ષ્મ સંપરાય સુધીના જીવો જાણવા. તેનાથી આગળલા ગુણસ્થાનકવાળા જીવો સંક્રમના સ્વામી નથી. કારણ કે આગલા ગુણસ્થાનકોમાં સામે બંધ ન હોવાથી પતદ્ગ્રહ પ્રકૃતિનો જ અભાવ છે. માટે સંક્રમ થતો નથી.

આ પ્રમાણે સંક્રમને આશ્રયી કેટલાક નિયમો અને અપવાદ સમજાવ્યા. (અહીં પંચસંગ્રહ ભાગ બીજો સંક્રમણકરણ ગાથા-૮ અને ૯ જોવી.) ॥૬॥

***અવતરણ : તે આ પ્રમાણે સંક્રમને આશ્રયી સાદ્યાદિ ભાગા સમજાવ્યા. હવે પતદ્ગ્રહને આશ્રયી તે સાદ્યાદિની પ્રરૂપણા કહે છે :-***

**मिच्छत्तजढा य पडिग्गहम्मि सव्वधुवबंधपगईओ ।**
**णेया चउव्वियप्पा, साईअधुवा य सेसाओ ॥ ७ ॥**

**ગાથાર્થ :** મિથ્યાત્વમોહનીયને છોડીને બાકીની સર્વે પણ ધ્રુવ બંધી (૪૬) પ્રકૃતિઓના પતદ્ગ્રહને વિષે સાદ્યાદિ ચારે વિકલ્પો જાણવા અને બાકીની સર્વે પણ ૭૩ + ૧ = ૭૪ પ્રકૃતિઓના પતદ્ગ્રહને વિષે સાદિ અને અધ્રુવ એમ માત્ર બે જ ભાંગા જાણવા. ॥૭॥

**વિવેચન :-** સંક્રમને આશ્રયી ભાંગાઓ કહ્યા. હવે પતદ્ગ્રહને આશ્રયી ભાંગાઓ સમજાવે છે. :- મૂળ આઠ કર્મોની બંધને આશ્રયી ૧૨૦ ઉત્તર પ્રકૃતિઓ છે. તેમાં ૪૭ ધ્રુવબંધી છે અને ૭૩ અધ્રુવબંધી છે. પરંતુ અહીં ટીકાકારશ્રી ૧૨૦ ને બદલે ૧૫૮ ઉત્તરભેદને આશ્રયી આ પતદ્ગ્રહવિધિ સમજાવે છે.

જેનો બંધ ચાલુ હોય છે. તેનો પતદ્ગ્રહ પણ ચાલુ જ હોય છે. તેથી ૪૭ જે ધ્રુવબંધી છે. તે સદા બંધાતી હોવાથી તેનો સદા પતદ્ગ્રહ પણ ચાલુ જ હોય છે. ત્યાં ૧૨૦ની સંખ્યા પ્રમાણે ૪૭ ધ્રુવબંધી છે. પરંતુ ૧૫૮ની વિવક્ષા કરીએ તો તૈજસ-કાર્મણ એ બે શરીરને બદલે તૈજસકાર્મણ સપ્તક લેવાનુ થાય તથા વર્ણાદિ મૂલ ચાર ભેદને બદલે ઉત્તરભેદ ૨૦ લેવાના થાય. તેથી તૈજસ-કાર્મણની પાંચ અને વર્ણાદિની ૧૬ સંખ્યા ઉમેરતાં ૪૭ + ૫ + ૧૬ = ૬૮ પ્રકૃતિઓ લેવાની થાય. તેમાંથી ૧ મિથ્યાત્વ મોહનીયને ત્યજીને બાકીની ૬૭ ધ્રુવબંધી પ્રકૃતિઓનો પતદ્ગ્રહ સાદ્યાદિ ચાર પ્રકારે જાણવો.

જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૯, કષાયો-૧૬, ભય, જુગુપ્સા, તૈજસ કાર્મણ સપ્તક ૭, વર્ણાદિના ઉત્તર ભેદ ૨૦, નિર્માણ, અગુરૂલઘુ, ઉપઘાત અને અંતરાયની ૫ એમ કુલ ૬૭ પ્રકૃતિઓ પતદ્ગ્રહને આશ્રયી સાદ્યાદિ ચાર પ્રકારે છે તે આ પ્રમાણે - આ ૬૭ પ્રકૃતિઓ ધ્રુવબંધી છે. પોતપોતાના બંધવિચ્છેદવાળા ગુણસ્થાનક સુધી સદાકાળ બંધાય છે. એટલે સદાકાળ પતદ્ગ્રહતાને પામે છે.

પરંતુ પોતપોતાના બંધવિચ્છેદવાળુ ગુણસ્થાનક પસાર થયે છતે ત્યાર પછીના ગુણસ્થાનકમાં પતદ્ગ્રહ બનતી નથી. અન્ય કોઈ પણ પ્રકૃતિનું કર્મદલિક તેમાં સંક્રમ પામતું નથી. પરંતુ તે બંધવિચ્છેદવાળા ગુણસ્થાનકની ઉપરના ગુણસ્થાનકે જઈને ત્યાંથી પડતાં પોતપોતાનો બંધ ચાલુ થાય તેવા બંધનાં હેતુઓનું સામ્રાજ્ય પ્રાપ્ત થયે છતે બંધનો આરંભ કરાયે છતે પતદ્ગ્રહપણું પ્રાપ્ત થાય છે. તેથી ત્યારે પતદ્ગ્રહતાની સાદિ થાય છે.

તથા પોતપોતાના તે તે બંધવિચ્છેદવાળા સ્થાનને ન પામેલા જીવને આ ૬૭ પ્રકૃતિઓ ધ્રુવબંધી હોવાથી સદા બંધાય જ છે. તેથી સદા પતદ્ગ્રહપણાને પામે જ છે તે માટે અનાદિ, તથા ધ્રુવાધ્રુવત્વ અભવ્ય અને ભવ્યની અપેક્ષાએ સમજી લેવા. આ પ્રમાણે આ ૬૭ ધ્રુવબંધી પ્રકૃતિઓનો પતદ્ગ્રહ સાદ્યાદિ ચાર પ્રકારે પ્રાપ્ત થાય છે.

બાકીની અધ્રુવબંધી ૮૭ (૧૫૮ - ૬૭ = ૯૧ - ૪ આયુષ્ય = ૮૭) સંખ્યાવાળી પ્રકૃતિઓ અધ્રુવબંધી હોવાથી બંધાય ત્યારે પતદ્ગ્રહ થાય અને ન બંધાય ત્યારે પતદ્ગ્રહ

ન થાય એટલે તે ૮૭ની પતદ્ગ્રહતા સાદિ અને અધ્રુવ એમ બે જ પ્રકારની પ્રાપ્ત થાય છે. જો કે મિથ્યાત્વમોહનીય કર્મ ધ્રુવબંધી છે. તેમ હોવા છતાં પણ તેમાં માત્ર સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય આ બે જ કર્મનો સંક્રમ થઈ શકે છે અને તે બે કર્મ અનાદિકાળથી સત્તામાં છે જ નહીં. સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી જ તે બેની સત્તા શરૂ થાય છે અને જ્યારે તે બેની સત્તા શરૂ થાય છે અને જ્યાં સુધી તે બેની સત્તા હોય છે ત્યાં સુધી મિથ્યાત્વની પતદ્ગ્રહતા પ્રાપ્ત થાય છે. તે મિથ્યાત્વમાં બીજી કોઈ પણ પ્રકૃતિઓનો સંક્રમ થતો નથી તે માટે તેની પતદ્ગ્રહતા સાદિ અને અધ્રુવ એમ બે જ પ્રકારે પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે ૬૭ની પતદ્ગ્રહતા ચાર પ્રકારે, ૮૭ની પ્રતદ્ગ્રહતા બે પ્રકારે જાણવી અને ૪ આયુષ્યનો સંક્રમ થતો નથી માટે ૬૭+૮૭+૪ = ૧૫૮ (પંચસંગ્રહ બીજો ભાગ સંક્રમણકરણ ગાથા ૧૦માં પણ આ જ વિષમ છે ત્યાંથી જોઈ લેવું.) ॥૭॥

***અવતરણ : તે આ પ્રમાણે એક એક પ્રકૃતિને આશ્રયી સંક્રમ અને પતદ્ગ્રહને આશ્રયી સાદ્યનાદિની પ્રરૂપણા કરી. હવે પ્રકૃતિસ્થાનોમાં તે પ્રરૂપણા સમજાવવા માટે ભલામણ કરતાં કહે છે કે :-***

**पगईठाणे वि तहा, पडिग्गहो संकमो य बोद्धव्वो ।**
**पढमंतिमपगडीणं पंचसु पंचण्ह दो वि भवे ॥८॥**

**ગાથાર્થ :** પ્રકૃતિસ્થાનોમાં પણ પતદ્ગ્રહસ્થાન તથા સંક્રમસ્થાન તે જ પ્રમાણે જાણવા. ત્યાં પ્રથમ કર્મ જ્ઞાનાવરણીય અને અંતિમ કર્મ અંતરાયકર્મ આ બન્ને કર્મોમાં પાંચનો પાંચમાં સંક્રમ થાય છે. ॥૮॥

**વિવેચન :** જેમ એક એક પ્રકૃતિનો પતદ્ગ્રહ અને સંક્રમ સાદ્યાદિભેદે સમજાવ્યો તેવી જ રીતે પ્રકૃતિસ્થાનોમાં પણ સમજી લેવો. બે-ત્રણ-ચાર આદિ પ્રકૃતિઓનો જે સમુદાય તે પ્રકૃતિસ્થાન કહેવાય છે. ત્યાં એક-એક પ્રકૃતિને બુદ્ધિમાં રાખીને જે રીતે પ્રકૃતિઓનો સંક્રમ અને પ્રકૃતિઓનો પતદ્ગ્રહ કહેવાયો છે. તે જ પ્રમાણે સમુદાયની વિવક્ષામાં પણ સંક્રમવિધિ અને પતદ્ગ્રહની વિધિ પણ સમજી લેવી. તેમાં કોઈ અધિક ભિન્ન વિશેષતા નથી.

વાસ્તવિકપણે વિચાર કરીએ તો જ્યારે કોઈ પણ એક પ્રકૃતિ બીજી એક પ્રકૃતિમાં સંક્રમ પામે છે. જેમ કે સાતાવેદનીય અસાતાવેદનીયમાં અને અસતાવેદનીય સાતાવેદનીયમાં ત્યારે પ્રકૃતિ સંક્રમ કહેવાય છે. જેમાં સંક્રમ પામે છે તે આધારભૂત પ્રકૃતિને પતદ્ગ્રહ પ્રકૃતિ કહેવાય છે.

પરંતુ જ્યારે ઘણી પ્રકૃતિઓ એકમાં સંક્રમ પામે છે. ત્યારે પ્રકૃતિ સ્થાનસંક્રમ અને પ્રકૃતિપતદ્ગ્રહ કહેવાય છે. જેમ કે આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગથી આગળ દશમા

ગુણસ્થાનક સુધી નામકર્મની બાબતમાં એક યશઃકીર્તિમાં નામકર્મની શેષ સર્વપ્રકૃતિઓનો સંક્રમ થાય છે. ત્યારે સંક્રમ ઘણી પ્રકૃતિઓનો છે. માટે પ્રકૃતિસ્થાન સંક્રમ કહેવાય છે. પરંતુ પતદ્ગ્રહ માત્ર યશઃનામકર્મ એક જ છે. તેથી પ્રકૃતિપતદ્ગ્રહ કહેવાય છે. (સમૂહ ન હોવાથી સ્થાન શબ્દ વપરાતો નથી.)

જ્યારે ઘણી પ્રકૃતિઓમાં એક પ્રકૃતિનો સંક્રમ થતો હોય છે. ત્યારે પ્રકૃતિસ્થાન પતદ્ગ્રહ અને પ્રકૃતિ સંક્રમ કહેવાય છે. જેમ કે સમ્યગ્દષ્ટિ જીવોને એક મિથ્યાત્વમોહનીયનો સંક્રમ, મિશ્ર અને સમ્યક્ત્વમોહનીય એમ બેમાં થાય છે. ત્યારે પ્રકૃતિ સંક્રમ અને પ્રકૃતિ સ્થાન પતદ્ગ્રહ જાણવો.

તથા જ્યારે બહુ પ્રકૃતિઓ બહુ પ્રકૃતિઓમાં સંક્રમ પામે ત્યારે પ્રકૃતિસ્થાન સંક્રમ અને પ્રકૃતિસ્થાન પતદ્ગ્રહ કહેવાય છે. જેમ કે જ્ઞાનાવરણીય અને અંતરાયકર્મમાં પાંચનો સંક્રમ પાંચમાં થાય છે. ત્યાં આ બન્ને સંભવી શકે છે.

આ પ્રમાણે પ્રકૃતિસ્થાન સંક્રમ અને પ્રકૃતિસ્થાન પતદ્ગ્રહની સાદ્યાદિની પ્રરૂપણાને અતિદેશથી જ કરીને (અર્થાત્ પૂર્વે સમજાવ્યું છે. તેને અનુસારે આ સરળ હોવાથી સમજી લેવું આવી ભલામણ કરેલી હોવાથી તે કહીને). હવે એક એક કર્મવાર સંક્રમસ્થાનો અને પતદ્ગ્રહસ્થાનોની સંખ્યાનું નિરૂપણ કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે કે :-

''पढमंतिम'' ઇત્યાદિ પાઠથી પ્રથમ પ્રકૃતિ જ્ઞાનાવરણીય કર્મ અને અન્તિમ કર્મ અંતરાય કર્મ સંબંધી પ્રત્યેક કર્મમાં (અર્થાત્ બન્ને કર્મમાં) પાંચ પ્રકૃતિનો સંક્રમ થાય છે અને પાંચ પ્રકૃતિઓના પતદ્ગ્રહમાં થાય છે. એમ બન્ને કર્મોમાં પાંચ-પાંચ પ્રકૃતિવાળું ૧ સંક્રમસ્થાન અને પાંચ-પાંચ પ્રકૃતિવાળું એક પતદ્ગ્રહ સ્થાન એમ બન્ને સ્થાનો પ્રાપ્ત થાય છે.

ઉપર કહેલી વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે કે જ્ઞાનાવરણીય કર્મ અને અંતરાયકર્મ આ બન્ને કર્મોમાં પાંચ પ્રકૃતિના સમુદાય સ્વરૂપ એક જ સત્તાસ્થાન છે એટલે એક જ સંક્રમ સ્થાન થાય છે તથા પાંચે પ્રકૃતિઓ જ્યારે બંધાય ત્યારે સાથે જ બંધાતી હોવાથી પાંચ પ્રકૃતિ સ્વરૂપ એક જ બંધસ્થાનક થાય છે. તેથી એક જ પતદ્ગ્રહસ્થાન પ્રાપ્ત થાય છે.

આ પાંચ પ્રકૃતિનું સંક્રમસ્થાન તથા પાંચ પ્રકૃતિનું પતદ્ગ્રહસ્થાન ૧ થી ૧૦ ગુણ સ્થાનક સુધી સદાકાળ હોય છે. આ બન્ને સ્થાનો સાદ્યાદિ ચાર પ્રકારે પ્રાપ્ત થાય છે તે આ પ્રમાણે -

ઉપશાન્તમોહ ગુણસ્થાનકે જ્ઞાનાવરણીય કર્મ અને અંતરાયકર્મ બન્નેનો સંક્રમ પણ નથી અને પતદ્ગ્રહ પણ નથી. પરંતુ ત્યાંથી જ્યારે પતન પામે છે અને જીવ સૂક્ષ્મસંપરાય

ગુણસ્થાનકે આવે છે ત્યારે સંક્રમ અને પતદ્ગ્રહ તે બન્ને ચાલુ થતા હોવાથી તે બન્નેની સાદિ થાય છે, જે આત્માઓ અગીયારમું ગુણસ્થાનક નથી પામ્યા અને અનાદિકાળથી પાંચની સત્તા અને પાંચના બંધમાં જ વર્તે છે. તેથી સંક્રમ અને પક્ષદ્ગ્રહ ચાલુ જ છે તેને આશ્રયી અનાદિ.

તથા ધ્રુવ અને અધ્રુવતા તો અભવ્ય અને ભવ્યને આશ્રયી સમજાય તેમ જ છે. આ રીતે જ્ઞાનાવરણીય કર્મમાં તથા અંતરાયકર્મમાં પાંચ પ્રકૃતિ આત્મક એક જ સંક્રમસ્થાન અને પાંચ પ્રકૃતિ આત્મક એક જ પતદ્ગ્રહસ્થાન પ્રાપ્ત થાય છે. (પંચસંગ્રહ સંક્રમણકરણ ગાથા ૧૧) ॥૮॥

***અવતરણ : હવે દર્શનાવરણીય કર્મમાં સંક્રમસ્થાન અને પતદ્ગ્રહ સ્થાનની વિધિ સમજાવે છે :-***

**णवगच्छक्कचउक्के, णवगं छक्कं च चउसु बिइयम्मि ।**
**अन्नयरिस्से अन्नयरा, विय वेयणीयगोएसु ॥९॥**

**ગાથાર્થ :** બીજા દર્શનાવરણીય કર્મમાં નવનો સંક્રમ નવ-છ અને ચારના પતદ્ગ્રહમાં થાય છે અને છનો સંક્રમ ચારના પતદ્ગ્રહમાં થાય છે તથા વેદનીય અને ગોત્રકર્મમાં કોઈ પણ બંધાતી એવી અન્યતર એક પ્રકૃતિમાં સત્તાગત એવી અન્યતર એક પ્રકૃતિનો સંક્રમ થાય છે. ॥૯॥

**વિવેચન :** દર્શનાવરણીય કર્મનાં સંક્રમસ્થાનો ૯, ૬ અને ૪ એમ કુલ ત્રણ છે અને પતદ્ગ્રહ સ્થાન ૯ તથા ૬ એમ બે જ છે ત્યાં પહેલે બીજે ગુણઠાણે નવનો બંધ છે માટે ૯નો પતદ્ગ્રહ છે. ત્રીજા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના પ્રથમ ભાગ સુધી છનો જ બંધ છે. માટે છનો પતદ્ગ્રહ છે તથા આઠમા ગુણસ્થાનકના પ્રથમ ભાગથી આગળ બીજા ભાગથી દશમા ગુણસ્થાનક સુધી ચારનો બંધ છે તે માટે ચારનો પતદ્ગ્રહ છે. આ પ્રમાણે દર્શનાવરણીયકર્મમાં ૯, ૬ અને ૪ એમ કુલ ૩ બંધસ્થાનક અને ૩ પતદ્ગ્રહ સ્થાનો છે.

તથા નવની સત્તા ઉપશમશ્રેણિમાં અગીરમા ગુણસ્થાનક સુધી છે. તેથી જ્યાં સુધી દર્શનાવરણીયકર્મ બંધાય છે ત્યાં સુધી બંધ હોવાથી પતદ્ગ્રહ થાય છે અને જ્યાં સુધી દર્શનાવરણીયની નવે પ્રકૃતિઓનો સંક્રમ થઈ શકે છે ત્યાં સુધી નવેનો પણ સંક્રમ થાય છે. તે માટે પહેલા-બીજા બે ગુણઠાણે નવનો સંક્રમ નવમાં થાય છે અને ત્રીજા ગુણસ્થાનકથી આઠમાના ગુણસ્થાનકના પ્રથમ ભાગ સુધી નવનો સંક્રમ છના પતદ્ગ્રહમાં થાય છે.

તથા આઠમા ગુણસ્થાનકના બીજા ભાંગથી પ્રારંભીને ઉપશમ શ્રેણિમાં દસમા ગુણસ્થાનક સુધી નવનો સંક્રમ ચારના પતદ્ગ્રહમાં થાય છે. અગીયારમા ગુણસ્થાનકે નવની સત્તા છે. અને બારમા ગુણસ્થાનકે દર્શનાવરણીયકર્મની છની અને ચારની સત્તા છે. તેથી

સંક્રમ થઈ શકે તેમ છે. પરંતુ સામે દર્શનાવરણીયકર્મનો બંધ ન હોવાથી પતદ્ગ્રહતા પ્રાપ્ત થતી નથી. માટે સંક્રમ થતો નથી.

પરંતુ ક્ષપકશ્રેણીમાં આઠમા ગુણસ્થાનકે નિદ્રાદ્વિકનો બંધવિચ્છેદ થયા પછી નવનો સંક્રમ ચારમાં તથા નવમા ગુણઠાણે ૧૬ પ્રકૃતિઓનો ક્ષય ન થાય ત્યાં સુધી આ નવનો સંક્રમ ચારમાં થાય છે.

પરંતુ નવમા ગુણઠાણે ક્ષપકશ્રેણિમાં ૧૬ પ્રકૃતિઓની સત્તાનો ક્ષય થયા પછી થિણદ્ધિત્રિકની સત્તા જ ન હોવાથી છનો સંક્રમ ચારમાં થાય છે તે પણ દસમા ગુણસ્થાનકના ચરમ સમય સુધી જાણવો. ત્યાર બાદ બારમા ગુણસ્થાનકે દર્શનાવરણીયકર્મની બારમાના ઉપાન્ત્ય સમય સુધી ૬ની અને ચરમ સમયે ૪ની સત્તા છે. એટલે સંક્રમ થઈ શકે તેમ છે. પરંતુ સામે એક પણ પ્રકૃતિઓ દર્શનાવરણકર્મમાં બંધાતી નથી. તેથી પતદ્ગ્રહતા પ્રાપ્ત થતી નથી. માટે સંક્રમ પણ થતો નથી.

આ પ્રમાણે દર્શનાવરણીય કર્મમાં સંક્રમ સ્થાનો ૯, ૬ અને ૪ એમ ત્રણ પ્રાપ્ત થાય છે અને પતદ્ગ્રહસ્થાનો ૯ અને ૬ એમ બે જ પ્રાપ્ત થાય છે. તેમાં ૯નો સંક્રમ ૯ના પતદ્ગ્રહમાં પહેલા બીજા ગુણ સ્થાનકે પ્રાપ્ત થાય છે અને ૯નો સંક્રમ ૬ના પતદ્ગ્રહમાં ત્રીજા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના પ્રથમ ભાગ સુધી બન્ને શ્રેણિમાં થાય છે અને ૯નો સંક્રમ ૪ ના પતદ્ગ્રહમાં ઉપશમ શ્રેણીમાં આઠમા ગુણસ્થાનકના બીજા ભાગથી પ્રારંભીને દસમા ગુણસ્થાનક સુધી પ્રાપ્ત થાય છે અને ક્ષપકશ્રેણીમાં આ જ ભાંગો (એટલે કે ૯નો સંક્રમ અને ૪નો પતદ્ગ્રહ) આઠમા ગુણસ્થાકના બીજા ભાગથી પ્રારંભીને નવમા ગુણસ્થાનકમાં ૧૬ પ્રકૃતિઓનો ક્ષય ન થાય ત્યાં સુધી પ્રાપ્ત થાય છે.

તથા ક્ષપકશ્રેણિમાં નવમા ગુણસ્થાનકે ૧૬ પ્રકૃતિઓનો ક્ષય થયા પછીથી પ્રારંભીને દસમા ગુણસ્થાનક સુધી થિણદ્ધિત્રિકની સત્તાનો ક્ષય થયેલ હોવાથી ૬નો સંક્રમ ૪ના પતદ્ગ્રહમાં થાય છે. બંધવિચ્છેદ થયા પછી અગિયારમે તથા બારમા ગુણસ્થાનકે દર્શનાવરણીય કર્મનો બંધ ન હોવાથી પતદ્ગ્રહતા નથી. તે માટે સંક્રમ પણ થતો નથી. આ રીતે દર્શનાવરણીય કર્મમાં નીચે મુજબ સંવેધ ભાંગા થાય છે.

(૧) ૯નો સંક્રમ ૯ના પતદ્ગ્રહમાં પહેલા બીજા ગુણસ્થાનકે થાય છે.

(૨) ૯નો સંક્રમ ૬ના પતદ્ગ્રહમાં ત્રીજા ગુણસ્થાનકથી ૮/૧ ભાગ સુધી થાય છે.

(૩) ૯નો સંક્રમ ૪ના પતદ્ગ્રહમાં ઉપશમ શ્રેણિમાં ૮/૨ ભાગથી પ્રારંભીને દસમા ગુણસ્થાનક સુધી તથા ક્ષપકશ્રેણિમાં ૮/૨ ભાગથી

| | |
|---|---|
| | નામકર્મની ૧૩ પ્રકૃતિઓ તથા થિણદ્ધિક એમ ૧૬નો ક્ષય ન થાય ત્યાં સુધી હોય છે. |
| (૪) ૬નો સંક્રમ ૪ના પતદ્ગ્રહમાં | માત્ર ક્ષપકશ્રેણિમાં જ, નવમા ગુણઠાણે ૧૬નો ક્ષય થયા પછીથી ૧૦મા ગુણઠાણા સુધી હોય છે. |

આ પ્રમાણે દર્શનાવરણીય કર્મનો સંવેધ જાણવો. ત્યાં ૯નો સંક્રમ આદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવ એમ ચાર ભેદવાળો છે. જે જીવો ઉપશમ શ્રેણિમાં આરૂઢ થઈને અગિયારમા ગુણસ્થાનકે ગયા છે. તેવા જીવોને દર્શનાવરણકર્મની સત્તા ૯ની છે. પરંતુ સંક્રમ થતો નથી કારણ કે સામે પતદ્ગ્રહ થાય એવી દર્શનાવરણકર્મની કોઈ પણ પ્રકૃતિનો બંધ નથી તે માટે પતદ્ગ્રહ પણ નથી. આ કારણથી જ્યારે ઉપશાન્તમોહથી પડીને સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે તે જીવ આવે છે ત્યારે ૯ની સત્તા હોવાથી નવનો સંક્રમ ૪ના પતદ્ગ્રહમાં ચાલુ થાય છે તે માટે તેવા જીવને દસમે ગુણઠાણે આવે ત્યારે ૯ના સંક્રમની સાદિ.

જે જીવોએ ઉપશમ શ્રેણિ અથવા ક્ષપકશ્રેણિ પ્રાપ્ત કરી જ નથી. તેવા જીવો સદા-કાળ-નવનો જ સંક્રમ કરતા આવ્યા છે તે માટે તેવા જીવને આશ્રયી ૯નો સંક્રમ અનાદિ, અભવ્ય જીવને અનંત કાળ બંધ રહેવાનો હોવાથી સંક્રમ ધ્રુવ અને ભવ્યજીવને ભાવિમાં ૯ના સંક્રમનો અંત આવવાનો હોવાથી અધ્રુવ આ પ્રમાણે નવનો સંક્રમ સાદ્યાદિ ચાર પ્રકારે પ્રાપ્ત થાય છે.

પરંતુ ૬નો સંક્રમ અને ૪નો સંક્રમ શ્રેણિમાં જ માત્ર પ્રાપ્ત થતો હોવાથી કાદાચિત્ક છે માટે સાદિ-અધ્રુવ છે.

તથા ૯નો પતદ્ગ્રહ સાદ્યાદિ ચારે પ્રકારે છે. કારણ કે આ ૯નો પતદ્ગ્રહ પહેલા-બીજા ગુણસ્થાનકે જ માત્ર પ્રાપ્ત થાય છે. કારણ કે ત્યાં જ ૯નો બંધ છે. તેથી સમ્યક્ત્વાદિ ગુણસ્થાનક પ્રાપ્ત કરીને પડતાં પહેલા ગુણસ્થાનકે આવે ત્યારે નવના પતદ્ગ્રહની સાદિ થાય છે. જે જીવો અનાદિકાળથી પહેલે જ છે સમ્યક્ત્વાદિ ગુણો પ્રાપ્ત કર્યા જ નથી. તેને આશ્રયી અનાદિ તથા અભવ્ય અને ભવ્યજીવોને આશ્રયી નવનો પતદ્ગ્રહ ધ્રુવ-અધ્રુવ જાણવો.

આ પ્રમાણે નવનો પતદ્ગ્રહ સાદ્યાદિ ચાર પ્રકારે છે. પરંતુ છનો અને ચારનો પતદ્ગ્રહ માત્ર સાદિ-અધ્રુવ જ છે. કારણ કે નવનો પતદ્ગ્રહ પહેલા-બીજા ગુણ સ્થાનકે હોવાથી સમ્યક્ત્વાદિ ગુણસ્થાનક આવે ત્યારે મિશ્રથી અપૂર્વકરણના પ્રથમ ભાગ સુધી ૬નો અને અપૂર્વકરણના બીજા ભાગથી દસમા ગુણસ્થાનક સુધી ૪નો બંધ હોવાથી ત્યાં ૪નો પતદ્ગ્રહ થાય છે. તે બન્ને કાદાચિત્ક હોવાથી તેમાં અનાદિ અને ધ્રુવ ભાંગા સંભવતા નથી માટે સાદિ-અધ્રુવ એમ બે જ ભાંગા થાય છે.

આ દસમા ગુણસ્થાનકથી ઉપર અગિયારમા-બારમા આદિ ગુણસ્થાનકોમાં દર્શનાવરણીયકર્મનો સંક્રમ કે પતદ્ગ્રહ પ્રાપ્ત થતો નથી. કારણ કે ત્યાં બંધનો અભાવ છે. બંધ ન હોવાથી પતદ્ગ્રહ નથી અને પતદ્ગ્રહ ન હોવાથી સંક્રમ પણ સંભવતો નથી.

આ કારણથી જ ૪નું ત્રીજું સંક્રમ સ્થાન પ્રાપ્ત થતું નથી. પરંતુ ૯નું અને ૬નું એમ બે જ સંક્રમસ્થાન હોય છે. આ પ્રમાણે દર્શનાવરણીય કર્મ કહ્યું.

વેદનીયકર્મ તથા ગોત્રકર્મમાં માત્ર બે બે જ પ્રકૃતિઓ છે. તે પરસ્પર વિરોધિ છે. એટલે એક બંધાય ત્યારે બીજી ન બંધાય. તે કારણથી જે બંધાતી હોય તે એક પ્રકૃતિનો જ પતદ્ગ્રહ થાય છે અને તેમાં ન બંધાતી શેષપ્રકૃતિનો સંક્રમ થાય છે. આ કારણથી જે પ્રકૃતિ જેમાં સક્રમ પામે છે તે આધારભૂત પ્રકૃતિ સંક્રમ્યમાણ પ્રકૃતિનો પતદ્ગ્રહ કહેવાય છે અને ઇતર પ્રકૃતિનું સંક્રમસ્થાન કહેવાય છે. ત્યાં મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકથી પ્રારંભીને સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક સુધીનાં દશ ગુણસ્થાનકોમાં જે જે જીવો જ્યારે જ્યારે સાતાવેદનીયના બંધક હોય છે. ત્યારે ત્યારે સાતા અને અસાતા એમ બન્નેની સત્તાવાળા તે જીવોને સાતાવેદનીય પતદ્ગ્રહ થાય છે અને અસાતાવેદનીયનો સંક્રમ થાય છે.

તથા મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકથી પ્રમત્ત સંયમ સુધીના છ ગુણસ્થાનકોમાં વર્તતા જીવો જ્યારે જ્યારે અસાતા વેદનીયના બંધક હોય છે. ત્યારે ત્યારે અસાતા વેદનીયનો પતદ્ગ્રહ થાય છે અને સાતાવેદનીયનો સંક્રમ થાય છે.

આ સાતાવેદનીય અને અસાતાવેદનીય એમ બન્નેમાંથી એક એકનું સંક્રમસ્થાન અને એક એકનું પતદ્ગ્રહ સ્થાન પરાવર્તમાન બંધ હોવાથી કાદાચિત્ક છે માટે સાદિ અને અધ્રુવ જ છે.

આ જ પ્રમાણે ઉચ્ચગોત્રના બંધક મિથ્યાદષ્ટિ ગુણ સ્થાનકથી સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક સુધીના જીવોને ઉચ્ચગોત્ર અને નીચગોત્ર એમ બન્નેની સત્તા હોતે છતે ઉચ્ચગોત્રનો એકનો જ પતદ્ગ્રહ થાય છે અને એક નીચગોત્રનો જ સંક્રમ થાય છે.

તથા નીચગોત્રના બંધક એવા મિથ્યાદષ્ટિ તથા સાસ્વાદન ગુણસ્થાનકવાળા જીવોને નીચગોત્ર પતદ્ગ્રહ સ્થાન પામે છે અને ઉચ્ચગોત્રનું એકનું સંક્રમ સ્થાન થાય છે. આ એકલા નીચગોત્રનું કે એકલા ઉચ્ચગોત્રનું સંક્રમસ્થાન કે પતદ્ગ્રહસ્થાન કાદાચિત્ક હોવાથી જ સાદિ-અધ્રુવ છે. આ પ્રમાણે આ ગાથામાં દર્શનાવરણીય કર્મ વેદનીય કર્મ અને ગોત્રકર્મના ભાગા કહ્યા તથા જ્ઞાનાવરણીય અને અંતરાયકર્મના સાદ્યાદિના ભાગા ૮મી ગાથામાં છેલ્લે છેલ્લે સમજાવ્યા છે તથા આયુષ્ય કર્મનો તો પરસ્પર સંગ્રહ થતો જ નથી. તેથી સંક્રમસ્થાન કે પતદ્ગ્રહ સ્થાન સંભવતું જ નથી. આમ કુલ છ કર્મોના પ્રકૃતિ સંક્રમના

સાદ્યાદિ ભાંગા સમજાવ્યા. હવે મોહનીય કર્મ અને નામકર્મની પ્રકૃતિઓનાં સંક્રમસ્થાનો તથા પતદ્ગ્રહ સ્થાનો કહીશું. ॥૯॥

**अट्ठचउरहिगवीसं, सत्तरसं सोलसं च पन्नरसं ।**
**वज्जिय संकमठाणाइं, होंति तेवीसइं मोहे ॥ १० ॥**

**ગાથાર્થ :-** આઠ અને ચાર અધિક એવા વીશ (૨૮-૨૪) તથા ૧૭-૧૬ અને ૧૫ આ પાંચને વર્જીને મોહનીય કર્મમાં ૧ થી ક્રમશઃ ૨૩ સંક્રમ સ્થાનો હોય છે. ॥૧૦॥

**વિવેચન :-** સંક્રમસ્થાનો સમજવા માટે પ્રથમ સત્તાસ્થાનો સમજાવાય છે. કારણ કે સત્તામાં હોય તો જ સંક્રમ થાય છે. તે માટે મોહનીય કર્મનાં કુલ સત્તા સ્થાનો ૧૫ છે. ૨૮, ૨૭, ૨૬, ૨૪, ૨૩, ૨૨, ૨૧, ૧૩, ૧૨, ૧૧, ૫, ૪, ૩, ૨ અને ૧ એમ કુલ ૧૫ સત્તા સ્થાનો છે ત્યાં ૧૫ સત્તા સ્થાનોમાં ૨૮નું અને ૨૪નું સત્તાસ્થાન કહ્યું છે. પરંતુ સંક્રમમાં ૨૮/૨૪નાં સ્થાન પ્રાપ્ત થતાં નથી. તેથી તે બે તથા ૧૭, ૧૬ અને ૧૫ એમ કુલ પાંચને વર્જીને બાકીનાં ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬ અને ૨૭ લક્ષણવાળાં કુલ ૨૩ સંક્રમસ્થાનો પ્રાપ્ત થાય છે.

તે આ પ્રમાણે છે :- ૨૮ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિ જીવને મિથ્યાત્વમોહનીય જે છે તે સમ્યક્ત્વમોહનીયની અને મિશ્ર મોહનીયની પતદ્ગ્રહતાને જ માત્ર પ્રાપ્ત કરે છે. તેથી તેનો સંક્રમ થતો નથી. "જે દૃષ્ટિના ઉદયવાળો જીવ હોય છે. તે દૃષ્ટિને અન્ય પ્રકૃતિમાં આ જીવ સંક્રમાવતો નથી" આવો નિયમ હોવાથી મિથ્યાત્વી જીવને મિથ્યાત્વમોહનીયનો સંક્રમ ન હોવાથી સત્તાસ્થાન ૨૮નું પણ સંક્રમસ્થાન ૨૭નું જ હોય છે.

તે ૨૭માં ચારિત્રમોહનીય કર્મની ૨૫ પ્રકૃતિઓ પરસ્પર ૨૫માં યથાયોગ્ય બંધાતીમાં સંક્રમ પામે છે અને સમ્યક્ત્વ મોહનીય તથા મિશ્ર મોહનીય આ બન્ને કર્મ માત્ર મિથ્યાત્વ મોહમાં જ સંક્રમ પામે છે. કારણ કે દર્શનમોહનીય અને ચારિત્ર મોહનીય આ બન્નેનો પરસ્પર સંક્રમ થતો નથી.

તથા પહેલા ગુણસ્થાનકે જ ૨૮ની સત્તામાંથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગનો કાળ ગયે છતે સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલા સમાપ્ત થયે છતે ૨૭ની સત્તાવાળો મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વમોહનીય વિના ૨૬નો સંક્રમ કરે છે.

**પ્રશ્ન :-** મિથ્યાત્વમોહનીયના સંક્રમનો ત્યાગ કેમ કરાય છે ?

**ઉત્તર :-** જે દર્શનમોહનીયનો ઉદય હોય તેનો સંક્રમ અન્યત્ર કરે નહીં આવો નિયમ હોવાથી જે મિથ્યાત્વમોહનીય છે. તે મિશ્રમોહનીયની પતદ્ગ્રહ જ બને છે. પરંતુ તેનો (એટલે કે મિથ્યાત્વ મોહનો) સંક્રમ થતો નથી. માટે તેનો ત્યાગ કરાય છે.

તથા મિથ્યાત્વ ગુણઠાણે જ પલ્યોપમનો બીજો અસંખ્યાતમો ભાગ ગયે છતે મિશ્રમોહનીયની પણ ઉદ્વલના સમાપ્ત થયે છતે સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય વિના ૨૬ની સત્તાવાળો તે જ જીવ (મિથ્યાત્વ મોહનીય વિના) શેષ ૨૫નો જ સંક્રમ કરે છે. અથવા અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને ૨૬ની સત્તા હોતે છતે (મિથ્યાત્વ મોહનીય વિના) શેષ ૨૫નો જ સંક્રમ હોય છે. મિથ્યાત્વમોહનીયને નાખવાની (પ્રક્ષેપ કરવાની) જગ્યા નથી. કારણ કે તે દર્શનમોહનીયમાં જ પરસ્પર સંક્રમ થાય. ચારિત્ર મોહનીયમાં ન થાય અને દર્શનમોહનીયમાં સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની સત્તા આવા જીવને નથી. તેથી તેની સત્તા ન હોવાથી તેનો પતદ્ગ્રહ થતો નથી માટે મિથ્યાત્વમોહનો સંક્રમ થતો નથી.

૨૫ પછીનાં તમામ સંક્રમસ્થાનો લગભગ સમ્યગ્દૃષ્ટિ જીવને આવે છે. ત્યાં ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવ મોહનીયકર્મની ૨૮ પ્રકૃતિઓની સત્તાવાળો છે. પરંતુ તે જીવ, ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે. ત્યાર પછી એક આવલિકા કાળ પસાર થઈ જાય. ત્યાર બાદ અવલિકાથી ઉર્ધ્વકાળમાં વર્તતા તે જીવને એક સમ્યક્ત્વમોહનીય જે છે તે મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયની માત્ર પતદ્ગ્રહ જ બનતી હોવાથી તેનો સંક્રમ કોઈમાં થતો નથી. પૂર્વે કહ્યું હતું કે, "જે દર્શનમોહનીયનો ઉદય હોય તેનો સંક્રમ તે જીવ કરતો નથી તે કારણથી સમ્યક્ત્વમોહનીય પતદ્ગ્રહ માત્ર હોવાથી તેને ત્યજીને શેષ બાકીની મોહનીયકર્મની ૨૭નો સંક્રમ તે જીવ સમ્યક્ત્વમાં વર્તે ત્યાં સુધી લગભગ સદાકાળ તે જીવને ચાલુ હોય છે."

તે જ ઔપશમિકસમ્યક્ત્વી જીવ ૨૮ની સત્તાવાળો જ્યારે ઔપશમિક સમ્યક્ત્વ નવું જ પામ્યો હોય અને પ્રથમ આવલિકામાં વર્તતો હોય ત્યારે મિશ્રમોહનીય બન્યાને હજી ૧ આવલિકા પૂર્ણ થઈ નથી. તેથી મિશ્રમોહનીયનો સમ્યક્ત્વમોહનીયમાં જે સંક્રમ થવો જોઈએ તે થતો નથી. પ્રથમ આવલિકા સકલ કરણને અયોગ્ય છે માટે મિશ્રમોહનીય વિના અને સમ્યક્ત્વી જીવ સમ્યક્ત્વમોહનીયને પરમાં સંક્રમાવે નહીં તેના કારણે સમ્યક્ત્વ મોહનીય વિના એમ તે બન્ને પ્રકૃતિ વિના ૨૬નો સંક્રમ હોય છે.

ખરેખર તો મિથ્યાત્વમોહનીયનાં પુદ્ગલો જ સમ્યક્ત્વને અનુકૂળ વિશુદ્ધિના પ્રભાવે મિશ્રમોહનીયરૂપે પરિણામાન્તર જ પમાડ્યાં હતાં. આત્માના પરિણામ વિશેષનો એટલે કે અધ્યવસાય વિશેષનો કંઈ સંક્રમ થતો નથી. કોઈ પણ વિવક્ષિત પ્રકૃતિ રૂપે રહેલાં દલિકોને પરિણામાન્તર પમાડવાં તે જ સંક્રમનું યથાર્થ લક્ષણ છે અને જેમ બંધાવલિકા સકલ કરણને માટે અયોગ્ય હોય છે. તેમ સંક્રમ આવલિકા પણ સકલ કરણને માટે અયોગ્ય જ હોય છે. તે કારણથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય. ત્યાર પછીથી પ્રથમ એક આવલિકાની અંદર વર્તતા

જીવ વડે મિશ્રમોહનીયનો સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમ થતો નથી. પરંતુ કેવલ એક મિથ્યાત્વમોહનીયનો જ મિશ્ર તથા સમ્યક્ત્વમોહનીયમાં એમ બન્નેમાં સંક્રમ થાય છે.

તેથી સમ્યક્ત્વમોહનીય જેમ સંક્રમમાંથી દૂર કરી છે. તેમ મિશ્રમોહનીય પણ સંક્રમમાંથી અપસારિત કરાયે છતે ૨૬નો સક્રમ થાય છે. જેને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું જ નથી. તેવા અનાદિમિથ્યાત્વી જીવને મિથ્યાત્વમોહનીયનો મિથ્યાદષ્ટિ જીવ સંક્રમ ન કરતો હોવાથી ૨૫મો સંક્રમ થાય છે. આ વાત પૂર્વે સમજાવેલી છે.

૨૪નું સંક્રમસ્થાન પ્રાપ્ત થતું જ નથી. કારણ કે ૪ અનંતાનુંબંધી કષાયોની જેણે વિસંયોજના કરીને સત્તામાંથી ખપાવ્યા છે. તેને સત્તા ૨૪ની હોઈ શકે છે. પરંતુ આવો જીવ સમ્યક્ત્વી હોવાથી સમ્યક્ત્વમોહનીયનો સંક્રમ કરતો નથી. તેથી ૨૪ની સત્તાવાળા સમ્યગ્દષ્ટિ જીવને ૪ અનંતાનુબંધી અને ૧ સમ્યક્ત્વમોહનીય વિના બાકીની ૨૩નો જ સંક્રમ થાય છે. પરંતુ ૨૪ નો સંક્રમ સંભવતો નથી.

૨૪ની સત્તાવાળો સમ્યગ્દષ્ટિ જીવ મિથ્યાત્વના ઉદયથી મિથ્યાત્વગુણઠાણે જાય છે અને ત્યાં ગયા પછી મિથ્યાત્વનો ઉદય હોવાના કારણે ફરીથી અનંતાનુબંધી ૪ કષાય બાંધે છે. તેથી તેની સત્તા શરૂ થાય છે. માટે તેવા જીવને મોહનીયની ૨૮ની સત્તા છે. અનંતાનુબંધીનો બંધ ચાલુ હોવાથી લબ્ધ સત્તાવાળા અનંતાનુબંધી છે. તો પણ બંધાવલિકા સકલ કરણને માટે અયોગ્ય છે. તે માટે અનંતાનુબંધીનો સંક્રમ થતો નથી. તથા મિથ્યાત્વી જીવ મિથ્યાત્વમોહનીયનો સંક્રમ કરતો નથી. તેથી ૨૮ની સત્તા હોવા છતાં પણ ૨૩નો જ સંક્રમ થાય છે. કારણ કે જે મિથ્યાત્વમોહનીય છે. તે સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની પતદ્ગ્રહ જ રહે છે. માટે ૨૩નો સંક્રમ થાય છે. પરંતુ ૨૪નું સંક્રમસ્થાન થતું નથી.

અથવા અનંતાનુબંધી ૪ કષાયોની જેણે વિસંયોજના કરી છે અને ૨૪ની સત્તાવાળો જે જીવ બન્યો છે. એવા ૨૪ની સત્તાવાળા સમ્યગ્દષ્ટિ જીવને જે સમ્યક્ત્વમોહનીયકર્મ છે. તે મિથ્યાત્વ અને મિશ્રમોહનીયનો પતદ્ગ્રહ જ માત્ર હોવાથી તે સમ્યક્ત્વમોહનીય વિના (તેનું અપસારણ કરે છતે) શેષ ૨૩ પ્રકૃતિનો જ સંક્રમ કરે છે પણ ૨૪ નો સંક્રમ સંભવતો નથી.

આ જ સમ્યગ્દષ્ટિ જીવ ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કરવાની શરૂઆત કરે અને તેમાં જ્યારે મિથ્યાત્વમોહનીયનો ક્ષય થઈ જાય ત્યારે (અનંતાનુબંધી ૪ અને સમ્યક્ત્વ મોહનીય વિના) જે ૨૩નો સંક્રમ હતો. તેને બદલે તે ૨૩માંથી પણ મિથ્યાત્વ મોહ વિના ૨૨નો સંક્રમ થાય છે.

અથવા ઔપશમિક સમ્યક્ત્વી જીવને ઉપશમ શ્રેણિમાં વર્તતો હોય ત્યારે ચારિત્ર-મોહનીયનું અંતરકરણ કરાયે છતે ક્રમસર જ સંક્રમ થાય છે. એવું શાસ્ત્રવિધાન હોવાથી

પુરૂષવેદ અને સંજ્વલન ચાર કષાયોનો આનુપૂર્વીએ જ સંક્રમ થાય છે તે માટે સંજ્વલન લોભનો સંક્રમ થશે નહિ.

તે કારણથી અનંતાનુબંધી ૪ કષાયની વિસંયોજના કરેલી હોવાથી અથવા મતાન્તરે ઉપશમ કરેલો હોવાથી તે ૪ કષાયના સંક્રમનો અભાવ છે. તથા જે સમ્યક્ત્વમોહનીય છે. તે મિથ્યાત્વ અને મિશ્રમોહનીયની પતદ્ગ્રહ જ છે. તે માટે તે સમ્યક્ત્વમોહનીયનો પણ સંક્રમ થતો નથી. આમ સંજ્વલન લોભ ૧, અનંતાનુબંધી કષાય૪ તથા સમ્યક્ત્વમોહનીય એમ કુલ છ પ્રકૃતિ વિના, અઠયાવીસમાંથી છનું અપનયન કરે છતે શેષ ૨૨નો સંક્રમ થાય છે.

તે જ જીવને નપુંસકવેદ ઉપશાન્ત થયે છતે ૨૧નો સંક્રમ થાય છે અથવા ક્ષાયિક પામતા ૨૨ની સત્તાવાળા જીવને સમ્યક્ત્વમોહનીયને પડવા માટે સામે કોઈ પતદ્ગ્રહ પ્રકૃતિ ન હોવાથી સમ્યક્ત્વમોહનીય કોઈમાં પણ સંક્રમ પામતી નથી. તેથી ૨૧નો સંક્રમ હોય છે અથવા ક્ષપકશ્રેણિમાં વર્તતા ક્ષપક જીવને જ્યાં સુધી આઠ કષાયોનો ક્ષય ન કરે ત્યાં સુધી ૨૧ની જ સત્તા છે. તે માટે ૨૧નો જ સંક્રમ કરે છે.

હવે ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવને પૂર્વે કહેલી ૨૧માંથી સ્ત્રીવેદ ઉપશાન્ત થયે છતે બાકીની ૨૦નો સંક્રમ થાય છે અથવા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવ હોય અને ઉપશમ શ્રેણિ પ્રારંભી હોય તેવા જીવને ચારિત્રમોહનીયનું અંતરકરણ કરાયે છતે સંજ્વલન લોભનો ઉપર કહેલી યુક્તિને અનુસારે સંક્રમ ન હોવાથી (દર્શનસપ્તક તથા સંજ્વલન લોભ એમ કુલ ૮ પ્રકૃતિ વિના) શેષ ૨૦નો સંક્રમ થાય છે.

તેમાંથી નપુંસકવેદ ઉપશાન્ત થયે છતે તે જ જીવને ૧૯નો સંક્રમ થાય છે તથા તેમાંથી સ્ત્રીવેદ ઉપશાન્ત થયે છતે ૧૮નો સંક્રમ થાય છે તથા ઉપશમશ્રેણિમાં વર્તતા ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવને પૂર્વે કહેલી ૨૦માંથી હાસ્યષટ્કનો ઉપશમ થયે છતે શેષ ૧૪નો સંક્રમ થાય છે. પણ અહીં ૧૭-૧૬-૧૫ નાં એમ ત્રણ સંક્રમ સ્થાનો સંભવતા નથી.

તે ૧૪ માંથી પુરૂષવેદ ઉપશાન્ત થયે છતે ૧૩નો સંક્રમ થાય છે. અથવા ક્ષપકશ્રેણીમાં વર્તતા ક્ષપક જીવને જે ૨૧ની સત્તા હતી. તેમાંથી આઠ કષાયોનો ક્ષય થયે છતે ૧૩નો સંક્રમ થાય છે. તે જ જીવને ક્ષપકશ્રેણિમાં ચારિત્રમોહનીયનું અંતરકરણ કરાયે છતે સજ્વલનલોભનો સંક્રમ થતો ન હોવાથી ૧૨નો સંક્રમ થાય છે.

અથવા ઉપશમ શ્રેણિમાં વર્તતા ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ જીવને પૂર્વે કહેલી ૧૮માંથી હાસ્યષટ્કનો સર્વથા ઉપશમ થયે છતે ૧૮ બાદ ૬ = ૧૨નો સંક્રમ થાય છે તથા ક્ષપક શ્રેણિમાં ઉપર કહેલી ૧૨માંથી નપુંસકવેદનો ક્ષય થયે છતે બાકીની ૧૧નો જ સંક્રમ પ્રાપ્ત થાય છે. અથવા ઔપશમિક સમ્યક્ત્વી જીવને ઉપશમશ્રેણિમાં પૂર્વે કહેલી ૧૩માંથી

અપ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાનાવરણ એમ બે ક્રોધનો સર્વથા ઉપશમ થયે છતે તે બે વિના શેષ ૧૧નો સંક્રમ પ્રાપ્ત થાય છે.

ક્ષપકશ્રેણિમાં ૧૧માંથી સ્ત્રીવેદનો ક્ષય થયે છતે બાકીની ૧૦ પ્રકૃતિનો સંક્રમ થાય છે અથવા ઔપશમિક સમ્યગ્દષ્ટિ જીવને ઉપશમશ્રેણિમાં વર્તતાને અગિયારમાંથી સંજ્વલન ક્રોધ ઉપશાન્ત થયે છતે શેષ ૧૦નો સંક્રમ હોય છે.

ક્ષાત્રિક સમ્યગદ્રષ્ટિ જીવને ઉપશમશ્રેણિમાં સંજ્વલન ક્રોધ ઉપશાન્ત થયે છતે આઠનો સંક્રમ થાય છે.

અથવા ઉપશમશ્રેણિમાં વર્તતા ઔપશમિક સમ્યગ્દષ્ટિ જીવને પૂર્વે કહેલી ૧૦માંથી અપ્રત્યાખ્યાન તથા પ્રત્યાખ્યાનાવરણ એમ બે માન ઉપશાન્ત થયે છતે પણ આઠનો સંક્રમ થાય છે.

તે જ જીવને સંજ્વલનમાન ઉપશાન્ત થયે છતે સાતનો સંક્રમ થાય છે. ઉપશમશ્રેણિમાં વર્તતા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને પૂર્વે કહેલી આઠમાંથી અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનાવરણ એમ બે માનનો ઉપશમ થયે છતે ૬નો સંક્રમ થાય છે. તે જ જીવને સંજ્વલન માન ઉપશાન્ત થયે છતે પાંચનો સંક્રમ થાય છે. અથવા ઔપશમિક સમ્યગ્દષ્ટિ જીવને ઉપશમ શ્રેણિમાં વર્તતો હોય ત્યારે પૂર્વે કહેલી સાત પ્રકૃતિમાંથી બે માયાનો ઉપશમ થયે છતે પાંચનો સંક્રમ થાય છે.

તે જ જીવને સંજ્વલનમાયા ઉપશાન્ત થયે છતે ચારનો સંક્રમ થાય છે અથવા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને ક્ષપકશ્રેણિમાં હોય ત્યારે પૂર્વે કહેલી ૧૦માંથી નોકષાયષટ્કનો ક્ષય થયે છતે શેષ ચાર પ્રકૃતિનો સંક્રમ થાય છે.

તે જ જીવને પુરૂષવેદ ક્ષય થયે છતે ત્રણનો સંક્રમ થાય છે અથવા ક્ષાયિકસમ્યગ્દષ્ટિ જીવને ઉપશમશ્રેણિમાં વર્તતો હોય ત્યારે પૂર્વે કહેલી પાંચમાંથી અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનાવરણ એમ બે માયા ઉપશાન્ત થયે છતે પણ શેષ ત્રણનો સંક્રમ થાય છે.

તે જ જીવને સંજ્વલન માયા ઉપશાન્ત થયે છતે બેનો સંક્રમ થાય છે અથવા ઉપશમશ્રેણિમાં વર્તતા ઔપશમિક સમ્યગ્દષ્ટિ જીવને પૂર્વે કહેલી ચાર પ્રકૃતિઓમાંથી અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનાવરણ એમ બે લોભ ઉપશાન્ત થયે છતે બાકીની બે પ્રકૃતિઓનો સંક્રમ થાય છે અથવા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને ક્ષપકશ્રેણિમાં પૂર્વે કહેલી ત્રણ પ્રકૃતિમાંથી સંજ્વલનક્રોધ ક્ષીણ થયે છતે બે પ્રકૃતિનો સંક્રમ થાય છે.

તે જ જીવને સંજ્વલનમાન ક્ષીણ થયે છતે એકનો સંક્રમ થાય છે. તે આ પ્રમાણે આ ૨૩ સંક્રમસ્થાનો સમજાવ્યાં.

આ ૨૩ સંક્રમસ્થાનોમાં ૨૫ પ્રકૃતિવાળુ એક જ સંક્રમસ્થાન સાદિ-અનાદિ ઇત્યાદિ પ્રકારે ચાર ભેદવાળું છે. તે આ પ્રમાણે છે :- ૨૮ની સત્તાવાળો સમ્યગ્દૃષ્ટિ જીવ મિથ્યાત્વે આવીને સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીય એમ બન્નેની જયારે ઉદ્વલના કરી રહે ત્યારે ૨૬ની સત્તા થયે છતે છતે ૨૫ના સંક્રમની સાદિ થાય છે.

જે જીવો સમ્યક્ત્વ જ નથી પામ્યા. તેવા અનાદિ મિથ્યાદષ્ટિ જીવોને ૨૫નો સંક્રમ અનાદિ છે. તથા અધ્રુવ અને ધ્રુવતા તો ભવ્ય અને અભવ્યને આશ્રયી જાણી લેવી.

બાકીનાં સર્વે પણ સંક્રમસ્થાનો કાદાચિત્ક હોવાથી જ સાદિ-અધ્રુવ છે. ॥૧૦॥

ઉપર કહેલી વાત ચિત્ર દોરીને સમજાવાય છે ત્યાં (૧) ઉપશમ શ્રેણિમાં ઉપશમ સમ્યક્ત્વી જીવને આશ્રયી તથા (૨) ઉપશમ શ્રેણિમાં ક્ષાયિક સમ્યક્ત્વને આશ્રયી તથા (૩) ક્ષપકશ્રેણિમાં ક્ષાયિક સમ્યક્ત્વને આશ્રયી ચિત્ર આ પ્રમાણે છે.

ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર જીવને આવલિકા બહાર ૨૭નો સંક્રમ, ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરનારા જીવને આવલિકાની અંદર ૨૬નો સંક્રમ, અનાદિ મિથ્યાત્વી જીવને ત્રણદર્શનત્રિક વિના ૨૫નો સંક્રમ.

(૧) ૨૪ની સત્તાવાળો જીવ મિથ્યાત્વે જાય ત્યારે પ્રથમાવલિકામાં ૨૩નો સંક્રમ.

(૨) અથવા ૨૪ની સત્તાવાળા સમ્યક્ત્વી જીવને સમ્યક્ત્વ મોહ વિના ૨૩નો સંક્રમ.

(૩) ક્ષાયિક પ્રાપ્ત કરતાં મિથ્યાત્વના ક્ષય પછી ૨૩ની સત્તા હોય ત્યારે ૨૨નો સંક્રમ.

(૪) અથવા ઉપશમ શ્રેણિમાં ઉપશમ સમ્યક્ત્વીને અંતરકરણ કર્યા પછી ૨૨નો સંક્રમ. તથા આ જ જીવને નપુંસકવેદ ઉપશમાવે ત્યારે ૨૧નો સંક્રમય

(૫) આ જ જીવને નપુંસકવેદ ઉપશાન્ત થયે છતે ૨૧નો સંક્રમ.

(૬) અથવા ક્ષાયિક પ્રાપ્ત કરતા ૨૨ની સત્તાવાળા જીવને ૨૧નો સંક્રમ.

(૭) અથવા ક્ષાયિક સમ્યક્ત્વી જીવને ક્ષયકશ્રેણિમાં જ્યાં સુધી આઠ કષાયોનો ક્ષય ન કરે ત્યાં સુધી ૨૧નો સંક્રમ પ્રાપ્ત થાય છે.

(૮) ઔપશમિક સમ્યક્ત્વી જીવને પૂર્વે કહેલી (સંજ્વલન લોભ, અનંતાનુબંધી ચાર, સમ્યક્ત્વમોહનીય અને નપુંસકવેદ વિના) બાકીની ૨૧માંથી સ્ત્રીવેદ ઉપશાન્ત થયે છતે સ્ત્રીવેદ વિના ૨૦નો સંક્રમ હોય છે.

(૯) અથવા ઉપશમ શ્રેણિને પામેલા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને ચારિત્રમોહનીયનું અંતરકરણ કરે છતે ઉપર કહેલી યુક્તિથી સંજ્વલન લોભનો સંક્રમ ન થવાથી દર્શન સપ્તક અને સંજ્વલન લોભ વિના ૨૦નો સંક્રમ થાય છે.

(૧૦) તે જ જીવને તેમાંથી નપુંસકવેદ ઉપશાન્ત થયે છતે ૧૯નો સંક્રમ થાય છે.

(૧૧) તથા તે જ જીવને તેમાંથી સ્ત્રીવેદ ઉપશાન્ત થયે છતે ૧૮નો સંક્રમ થાય છે.

(૧૨) તથા ઉપશમ શ્રેણિમાં વર્તતા ઔપશમિક સમ્યગ્દષ્ટિ જીવને પૂર્વે કહેલી (સંજ્વલન લોભ, અનંતાનુબંધી ચાર, સમ્યક્ત્વમોહનીય નપુંસકવેદ તથા સ્ત્રીવેદ એમ કુલ ૮ વિના) ૨૦માંથી છ નોકષાયો ઉપશાન્ત થયે છતે ૧૪નો સંક્રમ થાય છે.

(૧૩) તે જ જીવને એટલે કે ઉપશમશ્રેણિમાં ઉપશમ સમ્યક્ત્વ જીવને પુરૂષવેદ ઉપશાન્ત થયે છતે ૧૩નો સંક્રમ થાય છે. ત્યારબાદ બે ક્રોધ ઉપશાન્ત થયે છતે ૧૧નો સંક્રમ થાય છે.

(૧૪) અથવા ક્ષપકશ્રેણીમાં રહેલા ક્ષાયિક સમ્યક્ત્વી જીવને ૨૧માંથી આઠ કષાયોનો ક્ષય થયે છતે ૧૩નો સંક્રમ થાય છે.

(૧૫) તે જ ક્ષાયિકસમ્યક્ત્વી ક્ષપકશ્રેણિમાં વર્તતા જીવને ચારિત્ર મોહનીયનું અંતરકરણ કરે છતે સંજ્વલન લોભનો સંક્રમ ન થવાથી ૧૨નો સંક્રમ થાય છે.

(૧૬) અથવા ઉપશમશ્રેણિમાં વર્તતા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને પૂર્વે ચિત્રમાં ૯ નંબરમાં કહેલી ૨૦ પ્રકૃતિમાંથી હાસ્યાદિ ષટ્કનો ઉપશમ થયે છતે ૧૨નો સંક્રમ થાય છે.

(૧૭) તેમાંથી તે જ જીવને પુરૂષવેદનો ઉપશમ થયે છતે ૧૧નો સંક્રમ થાય છે.

(૧૮) અથવા ક્ષપકશ્રેણિવાળા જીવને ૧૫ નંબરમાં કહ્યા પ્રમાણે જે ૧૨ની સત્તા થઈ છે. તે ૧૨માંથી નપુંસકવેદ ક્ષય થયે છતે શેષ ૧૧નો સંક્રમ થાય છે.

(૧૯) ક્ષપકશ્રેણિમાં વર્તતા તે જ જીવને સ્ત્રીવેદનો ક્ષય થયે છતે ૧૦નો સંક્રમ થાય છે.

(૨૦) અથવા ઉપશમશ્રેણિમાં ઉપશમ સમ્યક્ત્વી જીવને ૧૧માંથી સંજ્વલન ક્રોધ ઉપશાન્ત થયે છતે શેષ ૧૦નો સંક્રમ થાય છે.

(૨૧) ક્ષાયિક સમ્યક્દષ્ટિ જીવ ઉપશમશ્રેણિમાં વર્તતો હોય ત્યારે પૂર્વે ૧૭ નંબરમાં કહેલી ૧૧માંથી બે ક્રોધ ઉપશાન્ત થયે છતે ૯નો સંક્રમ થાય છે.

(૨૨) તે જ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને ઉપશમશ્રેણિમાં સંજ્વલન ક્રોધ ઉપશાન્ત થયે છતે ૮નો સંક્રમ થાય છે.

(૨૩) અથવા ઉપશમ શ્રેણિમાં વર્તતા ઔપશમિક સમ્યક્ત્વી જીવને પૂર્વે કહેલી ૧૦માંથી બે માન ઉપશાન્ત થયે છતે ૮નો સંક્રમ થાય છે.

(૨૪) તથા આ જ જીવને સંજ્વલન માન ઉપશાન્ત થયે છતે ૭નો સંક્રમ થાય છે.

(૨૫) તથા ઉપશમશ્રેણિમાં વર્તતા ક્ષાયિકસમ્યક્ત્વી જીવને પૂર્વે કહેલી આઠમાંથી બે માનનો ઉપશમ થયે છતે ૬નો સંક્રમ થાય છે.

(૨૬) તથા આ જ જીવને સંજ્વલન માનનો ઉપશમ થયે છતે ૫નો સંક્રમ થાય છે.

(૨૭) અથવા ઉપશમશ્રેણિમાં વર્તતા ઔપશમિક સમ્યગ્દષ્ટિ જીવને પૂર્વે ૨૪નંબરમાં કહેલી ૭માંથી બે માયા ઉપશાન્ત થયે છતે ૫નો સંક્રમ થાય છે.

(૨૮) તથા આ જ જીવને સંજ્વલનની માયા ઉપશાન્ત થયે છતે ૪નો સંક્રમ થાય છે.

(૨૯) અથવા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને ક્ષપકશ્રેણિમાં (૧૯માં નંબરમાં કહ્યા પ્રમાણે) સ્રીવેદનો ક્ષય થયા પછી જ્યારે હાસ્યષટ્કનો ક્ષય થાય ત્યારે ૪નો સંક્રમ થાય છે.

(૩૦) તથા ક્ષપકશ્રેણિમાં વર્તતા ક્ષાયિક સમ્યક્ત્વી જીવને પુરૂષવેદનો ક્ષય થયે છતે ૩નો સંક્રમ થાય છે.

(૩૧) અથવા ઉપશમશ્રેણિમાં વર્તતા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને પૂર્વે આ જ ક્ષાયિક સમ્યક્ત્વી જીવને કહેલી પાંચમાંથી બે માયા ઉપશાન્ત થયે છતે ૩નો સંક્રમ થાય છે.

(૩૨) તે જ જીવને સંજ્વલન માયાનો ઉપશમ થયે છતે ૨નો સંક્રમ થાય છે.

(૩૩) અથવા ઉપશમ શ્રેણિમાં વર્તતા ઔપશમિક સમ્યગ્દષ્ટિ જીવને પૂર્વે ૨૮નંબરમાં કહેલી ૪માંથી બે લોભ ઉપશાન્ત થયે છતે ૨નો સંક્રમ થાય છે.

(૩૪) અથવા ક્ષાયિકસમ્યગ્દષ્ટિ જીવને ક્ષપકશ્રેણિમાં (૩૦ નંબરમાં કહ્યા પ્રમાણે) ૩માંથી સંજ્વલનક્રોધનો ક્ષય થયે છતે સંજ્વલનમાન અને માયા એમ ૨નો જ સંક્રમ થાય છે.

(૩૫) તે જ ક્ષાયિકસમ્યક્ત્વી જીવને ક્ષપક શ્રેણિમાં સંજ્વલન માનનો ક્ષય થયે છતે ૧નો (સંજ્વલન માયાનો) સંક્રમ હોય છે.

આ પ્રમાણે ૨૮, ૨૪, ૧૭, ૧૬ અને ૧૫ એમ કુલ પાંચ સ્થાનને વર્જીને બાકીનાં ૨૩ સંક્રમસ્થાનો મોહનીયમાં પ્રાપ્ત થાય છે. ||૧૦||

***અવતરણ : તે આ પ્રમાણે મોહનીયકર્મમાં સંક્રમસ્થાનની પ્રરૂપણા કરી. હવે પતદ્ગ્રહ સ્થાનની પ્રરૂપણા કરાય છે. તે કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે :-***

**सोलस बारसट्ठग वीसग तेवीसाइगे छच्च ।**
**वज्जिय मोहस्स, पडिग्गहा उ अट्ठारस हवंति ॥ ११ ॥**

**ગાથાર્થ :** ૧૬, ૧૨, ૮, ૨૦ અને ૨૩ વિગેરે (૨૩ થી ૨૮ સુધીનાં) છ એમ કુલ ૧૦ વર્જીને બાકીનાં ૧૮ મોહનીયકર્મનાં પતદ્ગ્રહ સ્થાનો છે. ||૧૧||

**વિવેચન :** પતદ્ગ્રહસ્થાનો પ્રાયઃ બંધને અનુસારે હોય છે. તેથી પ્રથમ મોહનીયકર્મનાં બંધસ્થાનક સમજાવાય છે. મોહનીયકર્મનાં બંધસ્થાનક ૧૦ છે. ૨૨, ૨૧, ૧૭, ૧૩, ૯,

૫, ૪, ૩, ૨ અને ૧ એમ કુલ ૧૦ બંધસ્થાનકો છે. જે છઠ્ઠા કર્મગ્રંથમાં આપેલાં છે અને પ્રસિદ્ધ છે. તેથી અહીં સમજાવાતાં નથી.

પતદ્ગ્રહસ્થાનો ૧૬, ૧૨, ૮, ૨૦ તથા ૨૩ થી ક્રમસર છ (૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮) એમ કુલ ૧૦ વર્જીને બાકીનાં ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૧ અને ૨૨ એમ કુલ ૧૮ પતદ્ગ્રહસ્થાનો થાય છે. તેની ભાવના આ પ્રમાણે છે :-

(૧) મિથ્યાદષ્ટિ જીવને સમ્યક્ત્વથી પડીને આવેલો હોય ત્યારે ૨૮ની સત્તા હોતે છતે મિથ્યાદષ્ટિ જીવ મિથ્યાત્વમોહનીયનો સંક્રમ કરતો નથી માટે (કારણ કે મિથ્યાત્વી જીવને મિથ્યાત્વમોહનીય કર્મ તો માત્ર સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયનો પતદ્ગ્રહ જ હોય છે તે માટે તે એકને ત્યજીને) બાકીથી ૨૭ પ્રકૃતિઓનો સંક્રમ થાય છે અને તે મિથ્યાત્વમોહ, ૧૬ કષાય, કોઈપણ એક વેદ, ભય-જુગુપ્સા તથા હાસ્યરતિનું અથવા અરતિશોકનું યુગલ એમ કુલ ૨૨ બંધાયે છતે તે ૨૨ના પતદ્ગ્રહમાં થાય છે. આ પ્રમાણે *૨૭નો સંક્રમ ૨૨માં થાય તે સમજાવ્યું.*

(૨) તે જ જીવને સમ્યક્ત્વ મોહનીયની ઉદ્વલના સમાપ્ત કરાયે છતે ૨૭ની સત્તા *થાય ત્યારે મિથ્યાત્વમોહનીય તો મિશ્રમોહનીયની માત્ર પતદ્ગ્રહ જ બને છે. પણ તેનો સંક્રમ થતો નથી તે માટે તે એક મિથ્યાત્વમોહને ત્યજીને બાકીની ૨૬નો સંક્રમ પૂર્વે કહેલી* બંધાતી ૨૨ના પતદ્ગ્રહમાં પડે છે. આ પ્રમાણે આ ૨૬નો સંક્રમ ૨૨માં થાય છે તે સમજાવ્યું.

(૩) તે જ મિથ્યાદષ્ટિ જીવને મિશ્રમોહનીયકર્મની ઉદ્વલના થયે છતે ૨૬ની સત્તા હોતે છતે મિથ્યાત્વમોહનીયમાં પતન પામનાર બીજી કોઈ દર્શનમોહનીય ત્યાં ન હોવાથી મિથ્યાત્વમોહનીય પતદ્ગ્રહ પામતી નથી. તેથી તેને ૨૨ના પતદ્ગ્રહમાંથી દૂર કરીએ ત્યારે ૨૧ પ્રકૃતિના સમુદાય રૂપ પતદ્ગ્રહમાં ૨૫ પ્રકૃતિનો સંક્રમ થાય છે. આ ૨૫નો સંક્રમ ૨૧માં થાય તે સમજાવ્યું.

(૪) અથવા અનાદિ મિથ્યાદષ્ટિ ૨૬ની સત્તાવાળા જીવને મિથ્યાત્વમાં પતન પામનાર સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની સત્તા જ ન હોવાથી સંક્રમ થતો નથી. તે માટે મિથ્યાત્વનો પતદ્ગ્રહ પણ બનતો નથી. તથા બીજી પણ કોઈ પ્રકૃતિ તે મિથ્યાત્વમાં સંક્રમ પામતી નથી. આ પ્રમાણે મિથ્યાત્વમોહનીય સંક્રમના પ્રતિયોગિભાવથી અને સંક્રમના અનુયોગિ ભાવથી એમ બન્નેમાંથી ભ્રષ્ટ થયે છતે તે વિના શેષ ૨૧માં મોહનીયકર્મની ૨૫નો સંક્રમ થાય છે. આ ૨૫નો સંક્રમ ૨૧માં સમજાવ્યો.

(૫) તથા અનંતાનુબંધિ ચાર કષાયોની સમ્યક્ત્વના કાલે જ વિસંયોજના કરીને ૨૪ની સત્તાવાળો થયા બાદ સમ્યક્ત્વથી પડીને પહેલા ગુણઠાણે આવેલા જીવને મિથ્યાત્વના નિમિત્તે અનંતાનુબંધિ ચાર કષાય નવા બંધાયે છતે ૨૮ની સત્તાવાળા થયેલા તે જીવને અનંતાનુબંધી ચાર કષાયની જ્યાં સુધી બંધાવલિકા ચાલે ત્યાં સુધી તે ચાર કષાય સંક્રમને માટે અયોગ્ય હોવાથી તે ચાર કષાયને છોડીને તથા મિથ્યાત્વી જીવ મિથ્યાત્વમોહનો સંક્રમ કરે નહીં. તેથી તેની સાથે પાંચને છોડીને શેષ ૨૩નો સંક્રમ પૂર્વે કહેલી ૨૨માં થાય છે. આ પ્રમાણે આ ૨૩નો સંક્રમ ૨૨માં સમજાવ્યો.

આ પ્રમાણે મિથ્યાદષ્ટિ જીવમાં ૨૨ના પતદ્ગ્રહમાં ૨૭, ૨૬ અને ૨૩ એમ ત્રણ સંક્રમસ્થાનો પ્રાપ્ત થાય છે અને ૨૧ના પતદ્ગ્રહમાં ૨૫નું એક જ સંક્રમસ્થાન પ્રાપ્ત થાય છે. બાકીનાં કોઈ પણ સંક્રમસ્થાન કે પતદ્ગ્રહ સ્થાન મિથ્યાદષ્ટિ જીવને પ્રાપ્ત થતાં નથી.

---

હવે સાસ્વાદન સમ્યગ્દષ્ટિની વાત કરીએ. આ જીવ પતનાભિમુખ છે તે માટે શુદ્ધ દષ્ટિપણું ન હોવાથી દર્શનમોહનીય ત્રણના સંક્રમનો અભાવ છે. આ કારણે સદાકાળ બીજા ગુણઠાણે ૨૧નો જ બંધ હોવાથી ૨૧ના પતદ્ગ્રહમાં દર્શન મોહનીય ત્રણ વિના ૨૫નો જ સંક્રમ હોય છે.

---

મિશ્રદષ્ટિ ગુણસ્થાનક વાળો જીવ પણ શુદ્ધદષ્ટિવાળો ન હોવાથી ત્રણ દર્શનમોહનીયનો સંક્રમ કરતો નથી. તેથી ૨૮ની સત્તાવાળો હોય તો પણ અને સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના કર્યા પછી મિશ્રે આવ્યો હોય ત્યારે ૨૭ની સત્તાવાળો હોય તો પણ દર્શનમોહનીયત્રિક વિના ૨૫નો જ સંક્રય કરે છે ત્યારે ૧૭ બંધાતી હોવાથી ૧૭નો પતદ્ગ્રહ હોય છે. આ પ્રમાણે આ ત્રીજા ગુણસ્થાનકે ૨૮ અને ૨૭ની સત્તાવાળા જીવને ૨૫નો સંક્રમ ૧૭ના પતદ્ગ્રહમાં થાય છે.

તથા અનંતાનુબંધી ૪ કષાયોની વિસંયોજના કરીને ત્રીજે આવેલા ૨૪ની સત્તાવાળા જીવને દર્શનત્રિક વિના શેષ ૨૧ પ્રકૃતિઓનો સંક્રમ ૧૨ કષાય પુરૂષવેદ, ભય જુગુપ્સા તથા કોઈપણ એક યુગલ એમ કુલ ૧૭ના પતદ્ગ્રહમાં થાય છે. આ ૨૧ નો સંક્રમ ૧૭ ના પતદ્ગ્રહમાં થાય છે.

---

હવે અવિરત સમ્યગ્દષ્ટિ, દેશવિરતિધર, તથા પ્રમત્ત અને અપ્રમત્ત મુનિ આ ચારે પ્રકારના જીવોમાં સંક્રમ સ્થાનોની તુલ્યતા હોવાથી એકી સાથે ચારેનાં પતદ્ગ્રહ સ્થાનો સાથે જ સમજાવાય છે. ચોથા ગુણસ્થાનકે ૧૭નો બંધ છે. પાંચમા ગુણસ્થાનકે ૧૩નો બંધ છે અને છઠ્ઠે સાતમે ગુણઠાણે ૯નો બંધ છે. જે પ્રકૃતિઓ બંધાતી હોય તે તો પતદ્ગ્રહ બને

જ છે. તદુપરાંત સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય બંધાતી નથી. તો પણ મિથ્યાત્વ મોહનીય અને મિશ્રમોહનીયના સંક્રમના આધારભૂત બનતી હોવાથી પતદ્ગ્રહપણાને પામે છે. તેથી તે બે પ્રકૃતિઓ વધારે પતદ્ગ્રહપણાને પામે છે.

તે કારણથી ચોથા ગુણઠાણે ૧૭નો બંધ, પણ પતદ્ગ્રહ ૧૯નો હોય છે. પાંચમા ગુણઠાણે ૧૩નો બંધ પણ પતદ્ગ્રહ ૧૫નો હોય છે અને છઠ્ઠા-સાતમા ગુણઠાણે ૯નો બંધ, પણ પતદ્ગ્રહ ૧૧નો થાય છે.

ત્યાં જ્યારે આ જીવ ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે. તેની પ્રથમ આવલિકામાં આ જીવ વર્તતો હોય ત્યારે સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની રચના થઈ છે ખરી, તેથી સત્તા છે જ. માટે તેનો પણ સંક્રમ થવો જોઈએ. પરંતુ પ્રથમ જ આવલિકા હોવાથી અને આ આવલિકા સકલ કરણને માટે અયોગ્ય છે તે માટે તે બે મોહનીય વિના શેષ ૨૬નો સંક્રમ અવિરત સમ્યગ્દષ્ટિ જીવોને ૧૯ના પતદ્ગ્રહમાં, દેશવિરતિધર જીવોને ૧૫ના પતદ્ગ્રહમાં અને પ્રમત્ત તથા અપ્રમત્ત જીવોને ૧૧ના પતદ્ગ્રહમાં થાય છે. આ ૨૬નો સંક્રમ ૧૯, ૧૫ અને ૧૧ના પતદ્ગ્રહમાં સમજાવ્યો.

આ જ અવિરત સમ્યગ્દષ્ટિ, દેશવિરતિ, પ્રમત્ત તથા અપ્રમત્ત જીવોને ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યાને આવલિકા પસાર થઈ ગઈ હોય ત્યારે અર્થાત્ આવલિકા બહાર મિશ્ર મોહનીય પણ સંક્રમમાં અને પતદ્ગ્રહમાં એમ બન્નેમાં હવે પ્રાપ્ત થાય છે. પ્રથમ આવલિકા સમાપ્ત થયેલી હોવાથી પતદ્ગ્રહની જેમ સંક્રમ પણ પ્રાપ્ત થાય છે. તે માટે હવે ૨૭નો સંક્રમ ઉપર કહેલા ૧૯, ૧૫ અને ૧૧ એમ ત્રણે પતદ્ગ્રહમાં થાય છે. આવલિકાની અંદર હોય ત્યારે ૨૬નો સંક્રમ અને આવલિકાની બહાર હોય ત્યારે ૨૭નો સંક્રમ ઉપરોક્ત ચારે ગુણસ્થાનકોમાં અનુક્રમે ૧૯, ૧૫ અને ૧૧ના પતદ્ગ્રહમાં થાય છે.

તે જ અવિરતસમ્યગ્દષ્ટિ, દેશવિરતિધર અને પ્રમત્ત તથા અપ્રમત્ત ગુણસ્થાનકવર્તી જીવોને ચાર અનંતાનુબંધી કષાયોની જ્યારે વિસંયોજના અથવા ક્ષય થાય ત્યારે ૨૪ની સત્તાવાળા થયેલા હોય ત્યારે તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળા જીવોને સમ્યક્ત્વમોહનીય તો માત્ર પતદ્ગ્રહ જ છે. (પણ તેનો સંક્રમ થતો નથી.) તે માટે શેષ ૨૩નો સંક્રમ પૂર્વે કહેલા ૧૯, ૧૫ અને ૯ એમ ત્રણ પતદ્ગ્રહ સ્થાનોમાં થાય છે.

ત્યાર બાદ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં જ્યારે મિથ્યાત્વમોહનીયનો ક્ષય થઈ જાય છે ત્યારે મિશ્રમોહનીય પતદ્ગ્રહમાંથી દૂર થઈ જાય છે. કારણ કે મિશ્રમાં મિથ્યાત્વનો જ સંક્રમ થતો હતો. તે મિથ્યાત્વનો ક્ષય થયો એટલે મિશ્રમાં આવનાર કોઈ કર્મ રહ્યું જ નહીં. તેથી મિશ્રમોહનીય પતદ્ગ્રહમાંથી દૂર થઈ જાય છે માટે જે ચોથે ગુણઠાણે ૧૯નો, પાંચમા

ગુણઠાણે ૧૫નો અને છઠ્ઠા-સાતમા ગુણઠાણે ૧૧નો પતદ્ગ્રહ હતો. તેમાંથી ૧ ઓછી થવાથી અનુક્રમે ૧૮-૧૪-૧૦ ના પતદ્ગ્રહો હોય છે. આ પ્રમાણે મિથ્યાત્વનો ક્ષય કર્યા પછી ૨૩ની સત્તાવાળા જીવને ૨૨નો સંક્રમ ૧૮-૧૪-૧૦માં થાય છે.

તથા તે જ ક્ષાયિકસમ્યક્ત્વ પામતા જીવને મિશ્રમોહનીયનો પણ જ્યારે ક્ષય થાય છે ત્યારે મોહનીયની સત્તા ૨૨ની હોય છે. તેમાંથી એક સમ્યક્ત્વમોહનીયનો સંક્રમ થતો નથી. કારણ કે દર્શનમોહનીય કર્મની આ એક જ પ્રકૃતિ છે. મિથ્યાત્વ તથા મિશ્રમોહનીય ક્ષય થઈ ગયાં છે. તેથી સામે પતદ્ગ્રહવાળી કોઈ પ્રકૃતિ ન હોવાથી સમ્યક્ત્વી જીવ સમ્યક્ત્વમોહનો સંક્રમ ન કરતો હોવાથી સમ્યક્ત્વમોહનીયનો સંક્રમ થતો નથી. તેથી શેષ ૨૧નો સંક્રમ અવિરતિ-દેશવિરતિધર અને પ્રમત્તાપ્રમત્ત મુનિને અનુક્રમે ૧૭-૧૩ અને ૯ના પતદ્ગ્રહમાં થાય છે. અહીં સુધીની સંક્રમવિધિ તથા પતદ્ગ્રહવિધિ શ્રેણિ વિનાના જીવોને આશ્રયી ૧ થી ૭ ગુણસ્થાનકોમાં જે પ્રાપ્ત થાય છે. તે સમજાવી. હવે શ્રેણિ આશ્રયી સંક્રમવિધિ તથા પતદ્ગ્રહવિધિ કહેવાય છે.

સૌથી પ્રથમ ઉપશમ શ્રેણિમાં વર્તતા ઔપશમિક સમ્યક્ત્વીને આશ્રયી આ સંક્રમવિધિ તથા પતદ્ગ્રહવિધિ સમજાવાય છે.

(૧) અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કરનારો જીવ જ ઉપશમ શ્રેણિ પ્રારંભી શકે એમ કમ્મપયડિકાર શ્રી શિવશર્મસૂરીશ્વરજી મહારાજ માને છે. તેથી ૨૪ની સત્તાવાળો જીવ જ્યારે ઉપશમ શ્રેણિ પ્રારંભે ત્યારે સત્તા ૨૪ની છે. પરંતુ સંક્રમ ૨૩નો જ હોય છે. કારણ કે સમ્યગ્દૃષ્ટિ જીવો સમ્યક્ત્વમોહનીયનો સંક્રમ કરતા નથી. તેથી ઉપશમશ્રેણીના પ્રારંભમાં ૨૩નો સંક્રમ હોય છે અને નવમા ગુણઠાણે પુરૂષવેદ તથા સંજ્વલન ચાર કષાય એમ પાંચ પ્રકૃતિનો બંધ હોંવાથી પાંચ પ્રકૃતિઓ તે, તથા સમ્યક્ત્વમોહનીયમાં મિશ્ર અને મિથ્યાત્વ એમ બે પ્રકૃતિઓનો સંક્રમ, બંધ વિના પણ થાય છે તથા મિશ્રમાં મિથ્યાત્વનો સંક્રમ પણ બંધ વિના થાય છે. તેથી સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય એમ બે પ્રકૃતિઓ બંધ વિના પણ પતદ્ગ્રહમાં છે. તેથી તે બેની વૃદ્ધિ થતાં કુલ ૭નો પતદ્ગ્રહ હોય છે. સારાંશ કે ૨૩નો સંક્રમ ૭ના પતદ્ગ્રહમાં થાય છે.

તે જ જીવને ઉપશમ શ્રેણિમાં અંતરકરણ કરે ત્યારે સંક્રમ ક્રમસર જ થાય છે. આવું વિધાન હોવાથી સંજ્વલન લોભનો સંક્રમ થતો નથી. શેષ ૨૨નો સંક્રમ ઉપરોક્ત ૭ના પતદ્ગ્રહમાં થાય છે.

આ જ જીવને ઉપશમ શ્રેણિમાં આગળ વધતાં નપુંસકવેદનો ઉપશમ થયે છતે ૨૧નો સંક્રમ ઉપરોક્ત ૭ના પતદ્ગ્રહમાં થાય છે. ત્યાર બાદ તે જ જીવને સ્ત્રીવેદનો ઉપશમ થયે છતે

૨૦નો સંક્રમ ૭ના પતદ્ગ્રહમાં થાય છે એમ કરતાં કરતાં પુરૂષવેદની પ્રથમ સ્થિતિ ૧ સમય ન્યૂન બે આવલિકા શેષ રહે ત્યારે પુરૂષવેદ અપતદ્ગ્રહી બને છે. તેથી પૂર્વે કહેલી ૭માંથી પુરૂષવેદ દૂર કરાયે છતે બાકી રહેલી ૬ પ્રકૃતિના પતદ્ગ્રહમાં ૨૦નો સંક્રમ થાય છે.

ત્યાર બાદ ૬ નોકષાયો ઉપશાન્ત થયે છતે ૧૪નો સંક્રમ પૂર્વે કહેલા ૬ના પતદ્ગ્રહમાં થાય છે તે સમયન્યૂન બે આવલિકા કાળ સુધી આ સંક્રમ અને આ પતદ્ગ્રહ હોય છે. તેમાંથી પુરૂષવેદ ઉપશાન્ત થયે છતે શેષ ૧૩નો સંક્રમ ૬ના પતદ્ગ્રહમાં થાય છે. તે અંતમુહૂર્ત સુધી થાય છે.

ત્યાર બાદ સંજ્વલન ક્રોધની પ્રથમસ્થિતિ ૧ સમયન્યૂન ૩ આવલિકા કાળ બાકી રહે ત્યારે ક્રોધ અપતદ્ગ્રહી બને છે. તેથી પૂર્વે કહેલા ૬ના પતદ્ગ્રહમાંથી ૧ સંજ્વલન ક્રોધ દૂર કરાયે છતે ૫ના પતદ્ગ્રહમાં ૧૩નો સંક્રમ થાય છે. અર્થાત્ ૧૩નો સંક્રમ ૫ ના પતદ્ગ્રહમાં થાય છે.

ત્યાર બાદ અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનાવરણ એમ બે પ્રકારનો ક્રોધ ઉપશાન્ત થયે છતે શેષ બાકીની ૧૧ પ્રકૃતિઓનો સંક્રમ ૫ના પતદ્ગ્રહમાં થાય છે.

ત્યાર બાદ સંજ્વલન ક્રોધ ઉપશાન્ત થયે છતે તેના વિના શેષ ૧૦ પ્રકૃતિઓનો સંક્રમ ૫ના પતદ્ગ્રહમાં થાય છે. આ સંક્રમ અંતર્મુહૂર્ત સુધી ચાલે છે ત્યાર બાદ સંજ્વલન માનની પ્રથમ સ્થિતિ ૧ સમયન્યૂન ત્રણ આવલિકા શેષ રહે ત્યારે તે માન અપતદ્ગ્રહી થાય છે. તેથી પાંચના પતદ્ગ્રહમાંથી ૧ સંજ્વલન માન ન્યૂન કરે છતે શેષ ૪ના પતદ્ગ્રહમાં ઉપરોક્ત ૧૦નો સંક્રમ થાય છે. તે ૧ સમય ન્યૂન બે આવલિકાકાળ સુધી આ સંક્રમ અને આ પતદ્ગ્રહ થાય છે.

તેમાંથી અપ્રત્યાખ્યાનીય તથા પ્રત્યાખ્યાનાવરણ એમ બે માન ઉપશાન્ત થયે છતે શેષ આઠ પ્રકૃતિઓનો સંક્રમ ૪ના પતદ્ગ્રહમાં થાય છે. ત્યાર બાદ સંજ્વલન માન ઉપશાન્ત થયે છતે સાતનો સંક્રમ ૪ના પતદ્ગ્રહમાં થાય છે. આ સંક્રમ અંતર્મુહૂર્ત કાળ સુધી ચાલે છે.

ત્યારબાદ સંજ્વલનમાયાની પ્રથમ સ્થિતિ સમયન્યૂન ત્રણ આવલિકા બાકી રહે ત્યારે સંજ્વલન માયા પણ અપતદ્ગ્રહી થાય છે. તેથી ચારના પતદ્ગ્રહમાંથી સંજ્વલન માયા દૂર કરાયે છતે ૭નો સંક્રમ શેષ રહેલા ૩ના પતદ્ગ્રહમાં થાય છે. તે ૧ સમયન્યૂન બે આવલિકાકાળ સુધી થાય છે.

ત્યારબાદ અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનાવરણ માયાનો ઉપશમ થયે છતે બાકીની ૫ પ્રકૃતિઓનો સંક્રમ ૩ના પતદ્ગ્રહમાં થાય છે. તે ૧ સમયન્યૂન બે આવલિકા કાળ સુધી

થાય છે. ત્યાર બાદ સંજ્વલનમાયા ઉપશાન્ત થયે છતે શેષ ૪નો સંક્રમ ૩માં થાય છે. તે અંતર્મુહૂર્ત કાળ સુધી ચાલે છે.

ત્યારબાદ નવમું ગુણસ્થાનક સમાપ્ત થવા આવે ત્યારે ચરમસમયે અપ્રત્યાખ્યાનીય તથા પ્રત્યાખ્યાનાવરણ એમ બે લોભ ઉપશાન્ત થયે છતે તે બે લોભ વિના શેષ બેનો જ સંક્રમ થાય છે અને દર્શનમોહનીય તથા ચારિત્રમોહનીયનો પરસ્પર સંક્રમ થતો ન હોવાથી ૩ના પતદ્ગ્રહમાંથી સંજ્વલન લોભ આપો આપ નીકળી જાય છે. એટલે પતદ્ગ્રહ પણ બે પ્રકૃતિનો જ રહે છે. આ રીતે ૨ નો સંક્રમ ૨ ના પતદ્ગ્રહમાં થાય છે.

તેથી મિથ્યાત્વમોહનીયનો સંક્રમ મિશ્ર અને સમ્યક્ત્વમોહનીય એમ બેમાં થાય છે અને મિશ્રમોહનીયનો સંક્રમ માત્ર સમ્યક્ત્વમોહનીયમાં જ થાય છે. આમ વિવેક કરવો.

આ જે વિધિ સમજાવ્યો તે ઉપશમ શ્રેણિમાં ઉપશમ સમ્યક્ત્વી જીવને આશ્રયી જાણવો.

ચિત્ર આ પ્રમાણે છે.

| | |
|---|---|
| ૨૩ નો સંક્રમ ૭ માં | ૧૦ નો સંક્રમ ૫ માં |
| ૨૨ નો સંક્રમ ૭ માં | ૧૦ નો સંક્રમ ૪ માં |
| ૨૧ નો સંક્રમ ૭ માં | ૮ નો સંક્રમ ૪ માં |
| ૨૦ નો સંક્રમ ૭ માં | ૭ નો સંક્રમ ૪ માં |
| ૨૦ નો સંક્રમ ૬ માં | ૭ નો સંક્રમ ૩ માં |
| ૧૪ નો સંક્રમ ૬ માં | ૫ નો સંક્રમ ૩ માં |
| ૧૩ નો સંક્રમ ૬ માં | ૪ નો સંક્રમ ૩ માં |
| ૧૩ નો સંક્રમ ૫ માં | ૨ નો સંક્રમ ૨ માં |
| ૧૧ નો સંક્રમ ૫ માં | આ પ્રમાણે આ સંક્રમસ્થાન તથા પતદ્ગ્રહસ્થાન જાણવાં. |

ઉપશમશ્રેણિમાં વર્તતા ઉપશમ સમ્યગ્દૃષ્ટિ જીવને આશ્રયી આ સંક્રમવિધિ તથા પતદ્ગ્રહવિધિ સમજાવ્યાં. હવે ઉપશમ શ્રેણિમાં વર્તતા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવને આશ્રયી સંક્રમવિધિ તથા પતદ્ગ્રહવિધિ સમજાવાય છે.

દર્શન સપ્તકનો જેણે ક્ષય કર્યો છે. એવો ક્ષાયિક સમ્યગ્દષ્ટિ ૨૧ની સત્તાવાળો જીવ જ્યારે ઉપશમશ્રેણિ પ્રારંભે છે. ત્યારે નવમા ગુણસ્થાનકે પુરૂષવેદ અને સંજ્વલન ચાર કષાય એમ પાંચના પતદ્ગ્રહમાં ૨૧નો સંક્રમ કરે છે. બંધ પાંચનો છે માટે પતદ્ગ્રહ પણ પાંચનો છે તથા સત્તા ૨૧ની. છે માટે સંક્રમ પણ ૨૧નો થાય છે.

ત્યારબાદ અંતરકરણ કરાયે છતે ક્રમસર જ સંક્રમ થવાના કારણે સંજ્વલન લોભનો સંક્રમ થતો નથી. તેથી ૨૧માં જે સંજ્વલન લોભ છે. તે દૂર કરાયે છતે ૨૦નો સંક્રમ ૫ના પતદ્ગ્રહમાં થાય છે. તેમાંથી નપુંસકવેદ ઉપશાન્ત થયે છતે ૧૯નો સંક્રમ ૫ના પતદ્ગ્રહમાં થાય છે. તે પણ અંતર્મુહૂર્ત કાળ સુધી થાય છે. ત્યારબાદ સ્રીવેદ ઉપશાન્ત થયે છતે બાકીની ૧૮ પ્રકૃતિનો સંક્રમ ૫ના પતદ્ગ્રહમાં થાય છે.

તેમાંથી પુરૂષવેદની પ્રથમસ્થિતિ સમયન્યૂન બે આવલિકા શેષ રહે છતે પુરૂષવેદ અપતદ્ગ્રહી થાય છે. તેથી ૫ના પતદ્ગ્રહમાંથી પુરૂષવેદ દૂર કરાયે છતે ૪ના પતદ્ગ્રહમાં ૧૮નો સંક્રમ થાય છે. તેમાંથી હાસ્યાદિ ૬ નોકષાયો ઉપશાન્ત થયે છતે તે ૬ વિના બાકીની ૧૨ પ્રકૃતિઓનો સંક્રમ ૪ના પતદ્ગ્રહમાં થાય છે. તે સમયન્યૂન બે આવલિકાકાળ સુધી થાય છે.

ત્યારબાદ પુરૂષવેદ ઉપશાન્ત થયે છતે ૧૧નો સંક્રમ ૪ના પતદ્ગ્રહમાં થાય છે તે અંતર્મુહૂર્ત સુધી થાય છે ત્યારબાદ નવમા ગુણસ્થાનકમાં સંજ્વલન ક્રોધની પ્રથમસ્થિતિ ૧ સમયન્યૂન ત્રણ આવલિકા બાકી હોય ત્યારે તે સંજ્વલન ક્રોધ અપતદ્ગ્રહી થાય છે. તેથી તે ક્રોધ વિના બાકીની ત્રણ પ્રકૃતિના પતદ્ગ્રહમાં ઉપરોક્ત ૧૧ પ્રકૃતિનો સંક્રમ થાય છે. તે સમયન્યૂન બે આવલિકા સુધી થાય છે.

ત્યારબાદ અપ્રત્યાખ્યાનીય ક્રોધ તથા પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ એમ બે ક્રોધ ઉપશાન્ત થયે છતે બાકીની ૯ પ્રકૃતિઓનો સંક્રમ પૂર્વોક્ત ૩ના પતદ્ગ્રહમાં થાય છે. તે સમયન્યૂન બે આવલિકા સુધી થાય છે. તેમાંથી સંજ્વલન ક્રોધ ઉપશાન્ત થયે છતે ૮નો સંક્રમ ૩ના પતદ્ગ્રહમાં થાય છે. તે એક અંતર્મુહૂર્ત સુધી ચાલે છે.

ત્યારબાદ સંજ્વલન માનની પ્રથમસ્થિતિ સમયન્યૂન ત્રણ આવલિકા બાકી રહે છતે સંજ્વલન માન પણ અપતદ્ગ્રહી થાય છે. તેથી સંક્રમ્યમાણ પ્રકૃતિનું દલિક તેમાં પડતું નથી. માટે ૮નો સંક્રમ ૨ના પતદ્ગ્રહમાં થાય છે. આ સંક્રમ સમયન્યૂન બે આવલિકા સુધી થાય છે.

ત્યારબાદ અપ્રત્યાખ્યાની માન તથા પ્રત્યાખ્યાનાવરણ માન એમ બે માન ઉપશાન્ત થયે છતે શેષ ૬નો સંક્રમ ૨ના પતદ્ગ્રહમાં થાય છે. ત્યારબાદ સંજ્વલન માન ઉપશાન્ત થયે છતે ૫નો સંક્રમ બેના પતદ્ગ્રહમાં થાય છે. જે અંતર્મુહૂર્ત સુધી ચાલે છે.

ત્યારબાદ સંજ્વલન માયાની પ્રથમ સ્થિતિ સમયન્યૂન ત્રણ આવલિકા બાકી રહે ત્યારે તે માયા પણ અપતદ્ગ્રહી બને છે. તેથી સંક્રમ્યમાન પ્રકૃતિનું દલિક તેમાં સંક્રમ થતું

નથી માટે એક ૧ સંજ્વલન લોભમાં જ પાંચ પ્રકૃતિઓનો સંક્રમ થાય છે. જે સમયન્યૂન બે આવલિકા સુધી ચાલે છે.

ત્યારબાદ બે માયા ઉપશાન્ત થયે છતે ૩નો સંક્રમ ૧ સંજ્વલન લોભમાં થાય છે જે સમયન્યૂન બે આવલિકા કાળ સુધી ચાલે છે. ત્યારબાદ સંજ્વલન માયા ઉપશાન્ત થયે છતે બે લોભનો સંક્રમ ૧ સંજ્વલન લોભના પતદ્ગ્રહમાં થાય છે. જે એક અંતર્મૂહૂર્ત સુધી ચાલે છે.

ત્યારબાદ નવમા ગુણસ્થાનકનો ચરમ સમય આવે ત્યારે અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનાવરણ એમ બન્ને લોભ ઉપશાન્ત થયે છતે કોઈનો કોઈમાં સંક્રમ થતો નથી. જેથી સંક્રમ અને પતદ્ગ્રહ સંભવતો નથી. આ પ્રમાણે આ વિધિ ઉપશમ શ્રેણિમાં વર્તતા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને આશ્રયી કહી છે.

ચિત્ર આ પ્રમાણે છે.

| | |
|---|---|
| ૨૧ નો સંક્રમ ૫ માં | ૮ નો સંક્રમ ૩ માં |
| ૨૦ નો સંક્રમ ૫ માં | ૮ નો સંક્રમ ૨ માં |
| ૧૯ નો સંક્રમ ૫ માં | ૬ નો સંક્રમ ૨ માં |
| ૧૮ નો સંક્રમ ૫ માં | ૫ નો સંક્રમ ૨ માં |
| ૧૮ નો સંક્રમ ૪ માં | ૫ નો સંક્રમ ૧ માં |
| ૧૨ નો સંક્રમ ૪ માં | ૩ નો સંક્રમ ૧ માં |
| ૧૧ નો સંક્રમ ૪ માં | ૨ નો સંક્રમ ૧ માં |
| ૧૧ નો સંક્રમ ૩ માં | નવમા ગુણઠાણાના ચરમ સમયે સંક્રમ પતદ્ગ્રહવિધિ સમાપ્ત થાય છે. |
| ૯ નો સંક્રમ ૩ માં | |

હવે ક્ષપકશ્રેણિમાં વર્તતા ક્ષાયિક સમ્યક્દષ્ટિ જીવને આશ્રયી સંક્રમવિધિ તથા પતદ્ગ્રહવિધિ જણાવી છે. ત્યાં આ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ છે. તેથી ૨૧ની સત્તા છે. માટે ૨૧નો સંક્રમ થાય છે તથા નવમા ગુણઠાણે ૫ પ્રકૃતિ બંધાતી હોવાથી ૫ના પતદ્ગ્રહમાં થાય છે. આ પ્રમાણે ૨૧નો સંક્રમ પાંચના પતદ્ગ્રહમાં થાય છે. તેમાંથી અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનાવરણ ૪-૪ એમ ૮ કષાયોનો ક્ષય થયે છતે ૧૩નો સંક્રમ ૫ના પતદ્ગ્રહમાં થાય છે. ત્યારબાદ અંતકરણ કરે ત્યારે ક્રમસર સંક્રમ થવાથી સંજ્વલનલોભનો સંક્રમ થતો નથી. તેથી ૧૨નો સંક્રમ ૫ના પતદ્ગ્રહમાં થાય છે. જે અંતર્મુહૂર્ત ચાલે છે.

ત્યારબાદ નપુંસકવેદ ક્ષીણ થયે છતે ૧૧નો સંક્રમ ૫ના પતદ્ગ્રહમાં થાય છે. ત્યારબાદ સ્ત્રીવેદ ક્ષીણ થયે છતે ૧૦નો સંક્રમ ૫ના પતદ્ગ્રહમાં થાય છે. જે અંતર્મુહૂર્ત સુધી ચાલે છે.

ત્યારબાદ પુરૂષવેદની પ્રથમ સ્થિતિ સમયન્યૂન બે આવલિકા શેષ બાકી રહે ત્યારે પુરૂષવેદ અપતદ્ગ્રહી બને છે. તેથી ૧૦નો સંક્રમ ૪ના પતદ્ગ્રહમાં થાય છે. જે સમયન્યૂન બે આવલિકા કાળ ચાલે છે. તેમાંથી હાસ્યાદિ ષટ્કનો ક્ષય થયે છતે ૪નો સંક્રમ ૪ના પતદ્ગ્રહમાં થાય છે.

ત્યારબાદ જ્યારે પુરૂષવેદનો ક્ષય થાય છે. ત્યારે પુરૂષવેદ સત્તામાં જ ન હોવાથી તેનો સંક્રમ થતો નથી. તેની સાથે જ સંજ્વલન ક્રોધ અપતદ્ગ્રહી બને છે. કારણ કે તેમાં ક્રમસર સંક્રમ હોવાથી પુરૂષવેદ જ સંક્રમ પામતો હતો. તે સત્તામાંથી ટળી ગયો. એટલે સંજ્વલન ક્રોધમાં પડનાર કોઈ જ રહ્યું નથી. તેથી સંજ્વલન ક્રોધ વિના ૩નો સંક્રમ સંજ્વલન માનાદિ ૩ના પતદ્ગ્રહમાં થાય છે અને તે અંતર્મુહૂર્ત ચાલે છે.

ત્યારબાદ સમયન્યૂન બે આવલિકા કાળે સંજ્વલન ક્રોધનો સંપૂર્ણપણે ક્ષય થાય છે. તેથી સંજ્વલન માનમાં પડનાર કોઈ પ્રકૃતિ ન હોવાથી સંજ્વલન માન પણ અપતદ્ગ્રહી થાય છે. તેથી માન અને માયા એમ ૨નો સંક્રમ માયા અને લોભ એમ ૨ના પતદ્ગ્રહમાં થાય છે. જે અંતર્મુહૂર્ત સુધી ચાલે છે.

ત્યારબાદ સંજ્વલન માન પણ સમયન્યૂન બે આવલિકાકાળે સંપૂર્ણપણે ક્ષય થાય છે. તે જ સમયે માયા અપતદ્ગ્રહી બને છે. કારણ કે માયામાં માનનો જ સંક્રમ થતો હતો. તે માન ક્ષીણ થયું એટલે માયામાં પડનાર કોઈ રહ્યું નહીં. જેથી માયા અપતદ્ગ્રહી બને છે. તેથી ૧ સંજ્વલન લોભના પતદ્ગ્રહમાં ૧ સંજ્વલન માયાનો જ સંક્રમ થાય છે. તે અંતર્મુહૂર્ત સુધી થાય છે. ત્યારબાદ બે આવલિકાકાળે સંજ્વલન માયા પણ ક્ષય પામે છે. એટલે મોહનીય કર્મની કોઈપણ પ્રવૃત્તિ કોઈમાં પણ સંક્રમ પામતી નથી. તેનું ચિત્ર આ પ્રમાણે છે.

| | |
|---|---|
| ૨૧ નો સંક્રમ ૫ માં | ૧૦ નો સંક્રમ ૪ માં |
| ૧૩ નો સંક્રમ ૫ માં | ૪ નો સંક્રમ ૪ માં |
| ૧૨ નો સંક્રમ ૫ માં | ૩ નો સંક્રમ ૩ માં |
| ૧૧ નો સંક્રમ ૫ માં | ૨ નો સંક્રમ ૨ માં |
| ૧૦ નો સંક્રમ ૫ માં | ૧ નો સંક્રમ ૧ માં |

આ પ્રમાણે ક્ષપકશ્રેણિમાં ક્ષાયિકસમ્યક્ત્વી જીવને સંક્રમવિધિ તથા પતદ્ગ્રહવિધિ જાણવી.

ઉપર કહેલા સર્વ પતદ્ગ્રહ સ્થાનોમાં ૨૧નો પતદ્ગ્રહ સાદ્યાદિ રૂપે ૪ પ્રકારે પ્રાપ્ત થાય છે. બાકીના સર્વે પણ પતદ્ગ્રહો સાદિ અને અધ્રુવ એમ બે જ પ્રકારે છે. જે જીવ એકવાર સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને પહેલા ગુણઠાણે આવે છે. ત્યારે ૨૨નો બંધ હોવાથી ૨૨નો પતદ્ગ્રહ થાય છે. પરંતુ જ્યારે સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય એમ બેની ઉદ્વલના સમાપ્ત થાય છે. ત્યારે મિથ્યાત્વમોહનીયમાં પડનાર કોઈ ન હોવાથી મિથ્યાત્વમોહનીય પણ અપતદ્ગ્રહી બને છે. તેથી તે કાળે ૨૧ના પતદ્ગ્રહની સાદિ થાય છે.

તથા અનાદિ મિથ્યાદષ્ટિ જીવને સમ્યક્ત્વમોહનીય મિશ્રમોહનીય સત્તામાં જ ન હોવાથી મિથ્યાત્વમોહમાં પડનાર કોઈ પ્રકૃતિ નથી. તેથી બંધ ભલે ૨૨નો છે. તો પણ સંક્રમ ૨૧નો અનાદિકાળથી ચાલે છે. તેને આશ્રયી અનાદિ.

અભવ્ય અને ભવ્યજીવને આશ્રયી આ ૨૧નો સંક્રમ ધ્રુવ-અધ્રુવ જાણવો. બાકીના બધા જ પતદ્ગ્રહો કાદાચિત્ક હોવાથી ક્યારેક ક્યારેક આવે છે. તે માટે સાદિ-અધ્રુવ જ છે. ॥૧૧॥

*અવતરણ : ઉપર કહેલા પતદ્ગ્રહસ્થાનોમાં સંક્રમસ્થાનોની સંકલના કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે :-*

**छत्तीससत्तवीसाण संकमो होइ चउसु ठाणेसु ।**
**बावीसपन्नरसगे, इक्कारसइगुणबीसाए ॥ १२ ॥**

**ગાથાર્થ** :- સત્ત્યાવીસ અને છવીસનો સંક્રમ ૨૨, ૧૫, ૧૧ અને ૧૯ એમ કુલ ચાર સ્થાનોમાં થાય છે. ॥૧૨॥

**વિવેચન** :- સંક્રમસ્થાનો કુલ ૨૩ છે. જે ઉપર કહેલી ૧૦મી ગાથામાં કહ્યાં છે તે આ પ્રમાણે છે :- ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૨૭ એમ કુલ ૨૩ સંક્રમ સ્થાનો છે. માત્ર ૧૫, ૧૬, ૧૭, ૨૪, ૨૮ એમ પાંચ સત્તાસ્થાનો છે. પરંતુ સંક્રમસ્થાનો નથી. તે વિના ઉપર કહ્યા પ્રમાણે ૧૦મી ગાથાના અનુસારે ૨૩ સંક્રમ સ્થાનો હોય છે.

તેમાંનાં એક એક સંક્રમસ્થાનો કેટલા કેટલા પતદ્ગ્રહ સ્થાનમાં પડે છે. તે હવે સમજાવે છે. પરંતુ ૨૭-૨૬ વાળા સંક્રમસ્થાનથી લઈએ ઉલટા ક્રમે સમજાવે છે.

ત્યાં ૨૭નો અને ૨૬નો સંક્રમ અર્થાત્ આ બે સંક્રમસ્થાનો ૨૨, ૧૫, ૧૧ અને ૧૯ એમ કુલ ૪ પતદ્ગ્રહસ્થાનમાં સંક્રમિત થાય છે. તેની વિશેષ ભાવના આ પ્રમાણે છે:-

સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને જે જીવ મિથ્યાત્વે ગયો છે. તેવા જીવને સત્તા ૨૮ની છે. પરંતુ મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વમોહનીયનો સંક્રમ કરતો નથી. તેથી ૨૭નો સંક્રમ થાય છે. તે કાળે મિથ્યાત્વગુણસ્થાનક હોવાથી ૨૨નો બંધ છે તે માટે ૨૨નો પતદ્ગ્રહ છે ત્યાં ૨૨ના પતદ્ગ્રહમાં મિથ્યાત્વમોહનીયમાં શેષ બે દર્શનમોહનીયનો સંક્રમ થાય છે અને ચારિત્રમોહનીયની ૨૧ પ્રકૃતિઓમાં ચારિત્રમોહનીયની ૨૫નો સંક્રમ થાય છે. કુલ ૨૨ના પતદ્ગ્રહમાં ૨૭નો સંક્રમ થાય છે.

સમ્યક્ત્વ મોહનીયની ઉદ્વલના સમાપ્ત થયા બાદ ૨૭ની સત્તાવાળો થયેલો તે જીવ સમ્યક્ત્વ મોહનીયની સત્તા નથી. તે માટે તેનો સંક્રમ થતો નથી તથા મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વમોહનીયનો સંક્રમ કરે નહીં. તેથી ૨૬નો સંક્રમ ૨૨ના પતદ્ગ્રહમાં આ જીવ કરે છે.

તથા મિશ્રમોહનીયની ઉદ્વલના કર્યા પછી ૨૬ની સત્તાવાળો થયેલો તે મિથ્યાદૃષ્ટિ જીવ અથવા અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ પણ ૨૬ની જ સત્તાવાળો છે. આ બન્ને જીવને ૨૫નો સંક્રમ ૨૧ના પતદ્ગ્રહમાં થાય છે. કારણ કે સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની સત્તા જ નથી. તથા મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વમોહનીયનો સંક્રમ કરતો નથી. તેથી ૨૫નો જ સંક્રમ હોય છે તથા બંધ ૨૨નો છે. તેથી પતદ્ગ્રહ ૨૨નો હોવો જોઈએ. પરંતુ મિથ્યાત્વમોહમાં પડનાર કોઈ પ્રકૃતિ નથી. તેથી સંક્રમ ૨૫નો છે અને પતદ્ગ્રહ ૨૧નો છે. (જે ૨૫ના સંક્રમ સ્થાનને સમજાવવાના અવસરે કહેવામાં આવશે.)

તથા ૨૮ની સત્તાવાળા અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવને, દેશવિરતિધર જીવને તથા પ્રમત્તાપ્રમત્ત મુનિને સમ્યક્ત્વમોહનીયના સંક્રમ વિના ૨૭નો સંક્રમ અનુક્રમે ૧૯, ૧૫ અને ૧૧ના પતદ્ગ્રહમાં થાય છે.

આ પ્રમાણે પહેલા ગુણઠાણે ૨૭નો સંક્રમ ૨૨માં ચોથે ગુણઠાણે ઔપશમિક અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળા જીવને ૨૭નો સંક્રમ ૧૯માં, પાંચમા ગુણઠાણે ૨૭નો સંક્રમ ૧૫માં અને છઠ્ઠા-સાતમા ગુણઠાણે ૨૭નો સંક્રમ ૧૧ના પતદ્ગ્રહમાં થાય છે. આ પ્રમાણે ૨૭નો સંક્રમ કુલ ૨૨, ૧૯, ૧૫, ૧૧ એમ ચાર પતદ્ગ્રહસ્થાનેમાં થાય છે. આ વાત સમજાવી. હવે ૨૬ના સંક્રમસ્થાનની વિધિ સમજાવાય છે.

૨૬નો સંક્રમ પણ ૨૨, ૧૯, ૧૫ અને ૧૧ એમ કુલ ૪ પતદ્ગ્રહસ્થાનોમાં થાય છે. ત્યાં મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે સમ્યક્ત્વથી પતિત થઈને આવેલા જીવને સમ્યક્ત્વ મોહનીયની ઉદ્વલના થયા બાદ હજી મિશ્રમોહનીયની ઉદ્વલના ચાલુ હોય. પણ સમાપ્ત ન થઈ હોય

ત્યારે મોહનીયની સત્તા ૨૭ની હોય. પરંતુ મિથ્યાદષ્ટિ જીવ મિથ્યાત્વમોહને ક્યાંય સક્રમાવે નહીં. તેથી તેનો તો પતદ્ગ્રહ જ હોય. આવો નિયમ હોવાથી ૨૭ની સત્તાવાળા આ જીવને ૨૬નો સંક્રમ થાય છે અને તે વખતે પ્રથમ ગુણઠાણે ૨૨નો બંધ ચાલુ હોવાથી ૨૨નો જ પતદ્ગ્ર હોય છે ત્યાં મિશ્રમોહનીયનો સંક્રમ મિથ્યાત્વમાં અને બાકીની ચારિત્ર મોહનીયની ૨૫નો સંક્રમ ૨૧માં થાય છે. આ રીતે પ્રથમ ગુણસ્થાનકે ૨૨ના બંધક જીવને ૨૭ની સત્તા હોય છે ત્યારે ૨૬નો સંક્રમ ૨૨ના પતદ્ગ્રહમાં થાય છે.

તથા અવિરત સમ્યગ્દષ્ટિ, દેશવિરતિધર અને પ્રમત્તા પ્રમત્ત જીવને ઔપશમિક અથવા ક્ષાયોપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિની પ્રથમ આવલિકા હોય ત્યારે મિથ્યાત્વમોહનીયમાંથી રસઘાત કરીને સમ્યક્ત્વમોહનીય તથા મિશ્રમોહનીય બનાવે છે. તેથી સત્તા ૨૮ની હોય છે. તો પણ પ્રથમ આવલિકા હોવાથી અને તે પ્રથમ આવલિકા સકલકરણને અયોગ્ય હોવાથી સમ્યક્ત્વમોહનીય તથા મિશ્રમોહનીયનો સંક્રમ થતો નથી. તેથી સત્તા ૨૮ની પણ સંક્રમ ૨૬નો જ પ્રાપ્ત થાય છે. તથા તે કાળે આ ચારે ગુણસ્થાનકે અનુક્રમે ૧૭, ૧૩ અને ૯નો બંધ થાય છે. તેથી તેટલો તો પતદ્ગ્રહ હોય જ છે. તદુપરાન્ત સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય ન બંધાતી હોવા છતાં તે બન્નેમાં મિથ્યાત્વમોહનો સંક્રમ ચાલુ છે તે માટે પતદ્ગ્રહમાં આ બે પ્રકૃતિઓ વધારતાં. આ ૨૬નો સંક્રમ અનુક્રમે ચોથેગુણઠાણે ૧૯માં, પાંચમા ગુણસ્થાનકે ૧૫માં અને છટ્ઠા-સાતમા ગુણસ્થાનકે ૧૧માં થાય છે. આ પ્રમાણે ૨૬નો સંક્રમ પણ ૨૨, ૧૯, ૧૫ અને ૧૧ એમ ૪ પતદ્ગ્રહસ્થાનોમાં મળી શકે છે. ॥૧૨॥

***અવતરણ : હવે ૨૫નો સંક્રમ કયા કયા પતદ્ગ્રહમાં પ્રાપ્ત થાય તે વાત સમજાવે છે :-***

**सत्तरसइक्कवीसासु, संकमो होइ पन्नवीसाए ।**
**णियमा चउसु गईसु णियमा दिट्ठी कए तिविहे ॥ १३ ॥**

**ગાથાર્થ :** ૨૫નો સંક્રમ ૧૭ અને ૨૧ એમ બે પતદ્ગ્રહમાં થાય છે અને તે પણ જે જીવને ત્રણે દર્શનમોહનીયની સત્તા છે. એવા જીવને જ હોય છે. તથા ચારે ગતિમાં વર્તતા જીવને હોઈ શકે છે. ॥૧૩॥

**વિવેચન :** હવે ૨૫નો સંક્રમ કયા કયા પતદ્ગ્રહમાં થાય તે સમજાવાય છે. ત્યાં જેને ત્રણે દર્શનમોહનીય સત્તામાં છે. એવા ૨૮ની સત્તાવાળા મિશ્રદષ્ટિ જીવને અથવા ૨૭ની સત્તાવાળા મિશ્રદષ્ટિ જીવને (બીજે-ત્રીજે ગુણસ્થાનકે દર્શનત્રિકનો સંક્રમ ન થતો હોવાથી) ૨૫નો સંક્રમ થાય છે. તથા તે કાલે ત્રીજે ગુણઠાણે ૧૭ બંધ ચાલે છે. તેથી ૧૭નો પતદ્ગ્રહ થાય છે. આ પ્રમાણે મિશ્રગુણસ્થાનકે ૨૫નો સંક્રમ ૧૭ના પતદ્ગ્રહમાં થાય છે.

તથા સાસ્વાદન ગુણસ્થાનકે વર્તતો જીવ પણ દર્શન મોહનીય ત્રણનો સંક્રમ કરતો નથી. તેથી ૨૫નો સંક્રમ કરે છે અને તેને મોહનીયકર્મની ૨૧ બંધાય છે. તે માટે ૨૧ના પતદ્ગ્રહમાં કરે છે. આ પ્રમાણે સાસ્વાદને ૨૫નો સંક્રમ ૨૧ના પતદ્ગ્રહમાં મળી શકે છે.

તથા અનાદિ મિથ્યાત્વી જીવને અથવા સમ્યક્ત્વથી પતન થયા પછી મિથ્યાત્વે ગયા પછી સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઉદ્વલના કર્યા પછી ૨૬ની સત્તાવાળા મિથ્યાદષ્ટિ જીવને મિથ્યાત્વમોહનો ક્યાંય સંક્રમ થતો ન હોવાથી ૨૫નો સંક્રમ હોય છે અને તે કાળે ૨૨નો બંધ હોવાથી ૨૨નો પતદ્ગ્રહ હોવો જોઈએ. પરંતુ સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય સત્તામાં જ ન હોવાથી મિથ્યાત્વમાં પડનાર કોઈ નથી તે માટે મિથ્યાત્વમોહનીય બંધાતુ હોવા છતાં તેનો પતદ્ગ્રહ નથી માટે ૨૧નો પતદ્ગ્રહ થાય છે. આ પ્રમાણે મિથ્યાત્વે પણ ૨૫નો સંક્રમ ૨૧ના પતદ્ગ્રહમાં થાય છે.

૧૭માં ૨૫નો જે સંક્રમ થાય છે તે મિશ્રદષ્ટિને જ થાય અને ૨૧ના પતદ્ગ્રહમાં ૨૫નો જે સંક્રમ થાય તે સાસ્વાદની તથા મિથ્યાદષ્ટિ જીવને એમ બન્ને ગુણસ્થાનવાળા જીવોને થાય છે.

આ ૨૫નો સંક્રમ ૧૭ના પતદ્ગ્રહમાં હોય કે ૨૧ના પતદ્ગ્રહમાં હોય. પરંતુ આ ૨૫નો સંક્રમ ચારે ગતિમાં વર્તતા જીવોને હોઈ શકે છે. કારણ કે પહેલુ - બીજુ અને ત્રીજુ ગુણસ્થાનક ચારે ગતિમાં હોઈ શકે છે.

"તથા નિયમા ત્રણે દર્શન મોહનીયની જેને સત્તા છે એવા જીવને આ સંક્રમ તથા આ પતદ્ગ્રહ હોય છે" આમ જે ઉપર કહ્યું છે તે મિશ્ર ગુણઠાણે ૧૭ના પતદ્ગ્રહમાં ૨૫નો સંક્રમ કરે ત્યારે તથા સાસ્વાદને ૨૧ના પતદ્ગ્રહમાં ૨૫નો સંક્રમ કરે ત્યારે, એમ બે પ્રકારના જીવોને આશ્રયી જાણવું. (પરંતુ ૨૬ની સત્તાવાળા મિથ્યાદષ્ટિ જીવને પણ ૨૫નો સંક્રમ ૨૧માં હોય છે. ત્યાં આ વિશેષણ ન સમજવું.) કારણ કે "त्रिधाकृतदर्शनमोहस्य = ત્રણ પ્રકારની કરી છે દર્શન મોહનીયની સત્તા જેણે" આ વિશેષણ મિશ્ર તથા સાસ્વાદને જ સંભવી શકે છે. પરંતુ મિથ્યાદષ્ટિમાં આ વિશેષણ સંભવતું નથી.

કારણ કે અનાદિ મિથ્યાત્વવાળા જીવને પણ ત્રિવિધ દર્શનમોહનીયની સત્તા ન હોવા છતાં પણ ૨૧ના પતદ્ગ્રહમાં ૨૫નો સંક્રમ સંભવી શકે છે અને ત્યાં દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિની સત્તા નથી.

મૂળ ગાથામાં कए तिविहे જે લખ્યું છે તે कृते त्रिविधे આમ પુલિંગપણે જે નિર્દેશ કર્યો છે. તે પ્રાકૃત હોવાથી જાણવું. અન્યથા તો પ્રકૃતિ શબ્દનું વિશેષણ હોવાથી कृतायां त्रिविधायां આમ સ્ત્રીલિંગ થવું જોઈએ.

*આ પ્રમાણે ૨૫નો સંક્રમ ૧૭ અને ૨૧માં જાણવો. આ બધી ગાથાઓમાં ૨૭-*

૨૬-૨૫ એમ સંક્રમના ક્રમ પ્રમાણે સમજાવવામાં આવ્યું છે માટે ૨૭-૨૬ અને ૨૫ના સંક્રમની વાત સમાપ્ત કરીને હવે ૨૩ના સંક્રમની વાત ગ્રંથકારશ્રી કરે છે. ॥૧૩॥

***અવતરણ : હવે ૨૩નો સંક્રમ કયા કયા પતદ્ગ્રહોમાં થાય છે. સમજાવે છે.***

**बावीस पन्नरसगे, सत्तगेक्कारसिगुणवीसासु ।**
**तेवीसाए णियमा, पंच वि पंचिदिएसु भवे ॥ १४ ॥**

**ગાથાર્થ :** ૨૨, ૧૫, ૭, ૧૧ અને ૧૯ એમ પાંચ પ્રકારના પતદ્ગ્રહમાં ૨૩નો સંક્રમ હોય છે. પરંતુ આ પાંચે પતદ્ગ્રહ સ્થાનો પંચેન્દ્રિયના ભવમાં જ માત્ર પ્રાપ્ત થાય છે. ॥૧૪॥

વિવેચન : ૨૨, ૧૫, ૭, ૧૧ અને ૧૯ એમ કુલ પાંચ પતદ્ગ્રહ સ્થાનોમાં ૨૩નો સંક્રમ હોઈ શકે છે ત્યાં અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે આવીને જે જીવોએ અનંતાનુબંધી ૪ કષાયોની વિસંયોજના કરી છે. અને ૨૪ની સત્તા વાળા બન્યા છે. તેવા જીવો જ્યારે મિથ્યાત્વે આવે ત્યારે પ્રથમ સમયથી જ ૪ અનંતાનુબંધી બાંધે છે. એટલે સત્તા ૨૮ની થાય છે. પરંતુ અનંતાનુબંધની આ પ્રથમ આવલિકા હોવાથી સકલકરણને માટે અયોગ્ય છે. એટલે ૪ અનંતાનુબંધીનો સંક્રમ આ પ્રથમ આવલિકામાં થતો નથી. તથા મિથ્યાદષ્ટિ જીવ મિથ્યાત્વ મોહનો સંક્રમ કરે નહીં. તેથી ૨૩નો સંક્રમ હોય છે તથા ૨૨ બંધાય છે માટે ૨૨નો પતદ્ગ્રહ હોય છે. આ પ્રમાણે ૨૩નો સંક્રમ ૨૨ના પતદ્ગ્રહમાં મિથ્યાદ્રષ્ટિને હોય છે.

ત્યાં મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયનો માત્ર મિથ્યાત્વમાં જ સંક્રમ થાય અને બાકીની ૨૧નો સંક્રમ ચરિત્રમોહનીયની ૨૧માં થાય છે. આમ સર્વત્ર સ્વયં વિવેક કરવો.

તથા અવિરત સમ્યગ્દષ્ટિ આદિ ૪ ગુણસ્થાનકોમાં ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતો જીવ ૪ અનંતાનુબંધીનો ક્ષય કરે ત્યારે અથવા વિસંયોજના કરે ત્યારે ૪ અનંતાનુબંધી સત્તામાં જ ન હોવાથી તેનો સંક્રમ થતો નથી. તથા સમ્યગ્દષ્ટિ જીવ સમ્યક્ત્વમોહનીયનો સંક્રમ ન કરે એટલે ૨૩નો જ સંક્રમ થાય તે પણ ચોથે ગુણઠાણે ૧૯માં, પાંચમા ગુણઠાણે ૧૫માં, અને પ્રમત્ત-અપ્રમત્તે ૧૧માં સંક્રમ થાય છે.

તથા ઉપશમશ્રેણિમાં આરોહણ કરે ત્યારે નવમા ગુણઠાણાના પ્રથમ ભાગે પાંચનો બંધ હોવાથી પાંચ પ્રકૃતિઓ તે જ તથા મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય એમ કુલ ૭ના પતદ્ગ્રહમાં આ ૨૩નો સંક્રમ આ જીવ કરે છે.

આ પ્રમાણે ૨૩નો સંક્રમ ૨૨, ૧૫, ૭, ૧૧ અને ૧૯ એમ કુલ ૬ પતદ્ગ્રહમાં થાય છે અને આ ૨૩નો સંક્રમ સમ્યક્ત્વાદિ ગુણસ્થાનકોમાં અથવા સમ્યક્ત્વ પામીને અનંતાનુબંધી ૪ કષાયોની વિસંયોજના કરે તેવા જીવોને જ આવતો હોવાથી પંચેન્દ્રિયના ભવમાં જ સંભવે છે. અન્ય કોઈ પણ ભવોમાં આ સંક્રમ સંભવતો નથી. તેથી જ ગાથામાં લખ્યું છે કે णियमा पंच वि पंचिदिएसुं भवे ॥૧૪॥

*અવતરણ : હવે ૨૨નો સંક્રમ કયા કયા પતદ્ગ્રહોમાં થાય તે સમજાવે છે :-*

**चोद्दसगदसगसत्तगअठारसगे य होइ बावीसा ।**
**णियमा मणुयगईए, णियमा दिट्ठी कए दुविहे ॥ १५ ॥**

**ગાથાર્થ :** ૨૨નો સંક્રમ ૧૪-૧૦-૭ અને ૧૮ એમ કુલ ૪ પતદ્ગ્રહસ્થાનોમાં થાય છે અને તે નિયમા મનુષ્યની ગતિમાં જ હોય છે તથા દર્શનમોહનીયની બે પ્રકૃતિ જ જે મનુષ્યને સત્તામાં હોય અને મિથ્યાત્વમોહનો નાશ કર્યો હોય તેવા જીવને જ હોય છે. ॥૧૫॥

**વિવેચન :** ૨૭-૨૬-૨૫ અને ૨૩ના સંક્રમસ્થાનની વિધિ જણાવીને હવે તેની પછીના ૨૨ના સંક્રમની વિધિ આ ગાથામાં સમજાવે છે :-

ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કરતો એવો ક્ષાયોપશમિકસમ્યક્ત્વવાળો, ૪ થી ૭ ગુણસ્થાનકમાં વર્તતો, પ્રથમ સંઘયણવાળો, તીર્થંકરાદિના વિહરમાનકાળમાં વર્તતો એવો માત્ર મનુષ્ય જ અનંતાનુબંધી ૪ કષાય અને મિથ્યાત્વમોહનીયકર્મ ખપાવ્યા પછી મિશ્રમોહનીયનો ક્ષય કરતો હોય ત્યારે ૨૩ની સત્તાવાળો માનવી જ, તે ૨૩માંથી ૧ સમ્યક્ત્વમોહનીય વિના શેષ ૨૨નો સંક્રમ કરનાર હોય છે.

તેવા પ્રકારના જીવને જો ચોથુ ગુણસ્થાનક હોય તો ૧૭નો બંધ છે તે માટે ૧૭ તો જે બંધાય છે. તે જ પ્રતદ્ગ્રહ બને છે તથા સમ્યક્ત્વમોહનીયનો બંધ નથી તો પણ મિશ્રમોહનીય માટે પતદ્ગ્રહ બને છે. એમ ક્ષાયિક પ્રાપ્ત કરતાં કુલ ૧૭ + ૧ = ૧૮નો પતદ્ગ્રહ ચોથે ગુણઠાણે હોય છે.

તથા પાંચમા દેશવિરતિ ગુણસ્થાનકે ૧૩નો બંધ છે. તેથી ૧૩ જે બંધાય છે તે, તથા સમ્યક્ત્વમોહનીય (કે જેનો બંધ નથી તો પણ મિશ્રમોહનીયના આધારભૂત બને છે તે માટે) તે એક, બંધ વિના પણ પતદ્ગ્રહમાં હોય છે. તેથી કુલ ૧૩ + ૧ = ૧૪નો પતદ્ગ્રહ થાય છે.

તથા છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકે પણ આ જ પ્રમાણે ૯ બંધાય છે. તે તથા તદુપરાંત ૧ સમ્યક્ત્વમોહનીય એમ કુલ ૧૦નો પતદ્ગ્રહ હોય છે.

તથા ઉપશમશ્રેણિમાં વર્તતા ઔપશમિક સમ્યક્ત્વવાળા જીવને નવમા ગુણસ્થાનકે અંતરકરણ ન કરે ત્યાં સુધી પાંચનો બંધ છે. તેથી બંધાતી એવી પુરૂષવેદ અને સંજ્વલન ૪ કષાય એમ પાંચ, તથા બંધ વિના પણ સમ્યક્ત્વમોહનીય તથા મિશ્રમોહ આ બે એમ

કુલ ૭નો પતદ્‌ગ્રહ હોય છે. ત્યાં અનંતાનુબંધિ ચાર મિથ્યાત્વમોહ અને સમ્યક્ત્વમોહ વિના બાકીની ૨૨ નો સંક્રમ ૭ ના પતદ્‌ગ્રહમાં કરે છે.

આ ૨૨નું સંક્રમસ્થાન નિયમા મનુષ્યગતિમાં જ આવે છે. કારણ કે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં કરતાં જ્યારે મિથ્યાત્વમોહનીયનો ક્ષય થઈ જાય છે અને મિશ્રમોહનીયનો ક્ષય થતો હોય છે. ત્યારે જ આવે છે અને ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાની પ્રક્રિયા માત્ર મનુષ્યગતિમાં જ થાય છે. તેમાં પણ મિથ્યાત્વમોહ ખપાવ્યા પછી મિશ્ર અને સમ્યક્ત્વમોહનીય એમ બે જ દર્શનમોહનીય સત્તામાં કરી હોય (રહી હોય) ત્યારે જ આવે છે. માટે આ મનુષ્યગતિમાં જ હોય છે. ॥૧૫॥

***અવતરણ :- ૨૧નો સંક્રમ કયા કયા પતદ્‌ગ્રહમાં થાય ? અને કયા ગુણસ્થાનકવર્તી જીવોને થાય ? તે વાત આ ગાથામાં સમજાવે છે :-***

**तेरसगणवगसत्तगसत्तरसगपणग एक्कवीसासु ।**
**एक्कावीसा संकमइ सुद्धसासाणमीसेसु ॥ १६ ॥**

**ગાથાર્થ :-** ૨૧નો સંક્રમ ૧૩-૯-૭-૧૭-૫ અને ૨૧ એમ કુલ ૬ પતદ્‌ગ્રહ સ્થાનોમાં થાય છે. આ સંક્રમસ્થાન વિશુદ્ધ એવા સમ્યગ્દષ્ટિ જીવોમાં તથા સાસ્વાદન અને મિશ્રગુણ સ્થાનકવર્તી જીવોમાં પ્રાપ્ત થાય છે. ॥૧૬॥

**વિવેચન :-** મોહનીયની ૨૧ પ્રકૃતિઓનો સંક્રમ ઉપરોક્ત ૬ પતદ્‌ગ્રહ સ્થાનોમાં થાય છે. તે આ પ્રમાણે :-

(૧) **૧૩ના પતદ્‌ગ્રહમાં ૨૧નો સંક્રમ :-** દેશવિરતિ ગુણસ્થાનકે વર્તતા શ્રાવક-શ્રાવિકાના જીવોને બંધ તેરનો છે માટે પતદ્‌ગ્રહ પણ ૧૩નો છે અને ક્ષાયિક સમ્યક્ત્વ પામેલો જીવ હોય તો ૨૧ની જ સત્તા છે. તેથી ૨૧નો સંક્રમ હોય છે. પરંતુ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતા હોય તો મિથ્યાત્વ અને મિશ્ર આ બેનો ક્ષય કર્યા પછી સમ્યક્ત્વ મોહનીયની સત્તા હોવા છતાં સમ્યગ્દષ્ટિ જીવો સમ્યક્ત્વમોહનો સંક્રમ કરે નહીં. તેથી ૨૧નો સંક્રમ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે સત્તા ૨૨ અથવા ૨૧ની, પરંતુ સંક્રમ ૨૧નો અને બંધ તથા પતદ્‌ગ્રહ ૧૩નો હોય છે.

(૨) **૯ના પતદ્‌ગ્રહમાં ૨૧નો સંક્રમ :-** ઉપર સમજાવ્યું તે જ પ્રમાણે છઠ્ઠા - સાતમા ગુણસ્થાનકે વર્તતા મહાત્માને બંધ ૯નો હોવાથી પતદ્‌ગ્રહ ૯નો હોય છે અને ક્ષાયિક પામેલાને ૨૧નો સંક્રમ અને ક્ષાયિક પ્રાપ્ત કરતા જીવને પણ મિથ્યાત્વ તથા મિશ્રનો ક્ષય કર્યા પછી સમ્યક્ત્વમોહનો ક્ષય ચાલતો હોય ત્યારે સત્તા ૨૨ની પણ સંક્રમ ૨૧નો જ હોય છે.

(૩) **૭ના પતદ્ગ્રહમાં ૨૧નો સંક્રમ :-** ઔપશમિક સમ્યગ્દષ્ટિ જીવ ઉપશમ શ્રેણિમાં વર્તતો હોય અને નવમા ગુણસ્થાનકના પ્રથમ ભાગમાં પાંચના બંધમાં વર્તતો હોય ત્યારે પુરૂષવેદ અને ૪ સંજ્વલન એમ જે પાંચ પ્રકૃતિઓ બંધાય છે તે, તથા સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય આ બંધાતી નથી તો પણ મિથ્યાત્વ અને મિશ્રનો તેમાં સંક્રમ થાય છે. તેથી આ બેની સાથે કુલ ૭નો પતદ્ગ્રહ છે અને ત્યારે અનંતાનુબંધી ૪ કષાયની વિસંયોજના કરેલો જીવ હોય તો તે ચાર કષાય વિના ૨૪ની સત્તા છે. તેમાં સમ્યગ્દષ્ટિ જીવ સમ્યક્ત્વમોહનીયનો સંક્રમ ન કરે. તેટલા માટે ૨૩નો સંક્રમ ચાલુ હોય છે. તેમાંથી અંતરકરણ કરે એટલે ક્રમસર જ સંક્રમ થાય તેથી સંજ્વલન લોભનો સંક્રમ ન થાય તેથી ૨૨નો સંક્રમ થાય છે. અને ૭નો પતદ્ગ્રહ હોય છે.

તે ૨૨માંથી નપુંસકવેદ ઉપશમાવે ત્યારે નપુંસકવેદ વિના શેષ ૨૧નો સંક્રમ આ ૭ના પતદ્ગ્રહમાં થાય. ત્યારબાદ જ્યારે સ્ત્રીવેદનો પણ ઉપશમ થઈ જાય ત્યારે તે સ્ત્રીવેદ વિના ૨૦નો સંક્રમ ૭ના પતદ્ગ્રહમાં થાય છે.

આ રીતે ઉપશમશ્રેણિમાં ઔપશમિક સમ્યક્ત્વી જીવને આશ્રયી નપુંસક વેદ ઉપશાન્ત થાય ત્યારે ૨૧નો સંક્રમ ૭ના પતદ્ગ્રહમાં મળી શકે છે.

***અવતરણ :-** ૨૧ના સંક્રમથી પછીનાં તમામ સંક્રમસ્થાનો શ્રેણિમાં જ પ્રાપ્ત થાય છે. તે માટે તે વિષે ભલામણ કરતા ગ્રન્થકારશ્રી જણાવે છે કે :-*

**एत्तो अविसेसा संकमंति उवसामगे व खवगे वा ।**
**उवसामगेसु वीसा य सत्तगे छक्क पणगे वा ॥ १७ ॥**

**ગાથાર્થ :-** હવે અહીંથી આગળ ૨૦ વિગેરેનાં સંક્રમસ્થાનો ઉપશામક જીવમાં અથવા ક્ષપક જીવમાં બન્ને શ્રેણિમાં યથાયોગ્ય રીતે પ્રાપ્ત થાય છે. ત્યાં ૨૦નો સંક્રમ ઉપશામક જીવમાં ૭-૬ અને ૫ના પતદ્ગ્રહમાં થાય છે. ॥૧૭॥

**વિવેચન :-** હવે અહીંથી આગળ ૨૦ વિગેરે જે સંક્રમ સ્થાનો છે. તે (૨૦-૧૯-૧૮-૧૪-૧૩-૧૨-૧૧-૧૦-૯-૮-૭-૬-૫-૪-૩-૨-૧ એમ જે) કુલ ૧૭ સંક્રમસ્થાનો છે. તે ઉપશમ શ્રેણિમાં તથા ક્ષપકશ્રેણિમાં જ પ્રાપ્ત થાય છે. ઉપશમશ્રેણિમાં બે જાતના જીવો હોય છે. (૧) ઔપશમિક સમ્યગ્દષ્ટિ અને (૨) ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવો તથા (૩) ક્ષપકશ્રેણિમાં તો ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવો જ હોય છે. આ ત્રણે પ્રકારના જીવોને લક્ષ્યમાં રાખીને આ સઘળાં સંક્રમસ્થાનો વિચારવાં. ત્યાં પ્રથમ ૨૦ના સંક્રમની વિધિ કહેવાય છેઃ-

**૨૦નો સંક્રમ** ૭-૬ અને ૫માં થાય છે. તે આ પ્રમાણે :- **૨૦નો સંક્રમ ૭માં** ઉપશમ શ્રેણિમાં ઔપશમિક સમ્યગ્દષ્ટિ જીવને સ્ત્રી વેદ ઉપશમાવ્યા પછી આ સંક્રમસ્થાન તથા

બંધાતી પાંચ પ્રકૃતિઓ અને સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય એમ ૭નો પતદ્ગ્રહ હોય છે અને આ જ જીવને આગળ વધતા પુરૂષવેદની પ્રથમસ્થિતિ એક સમયન્યૂન બે આવલિકા બાકી રહે ત્યારે પુરૂષવેદ અપતદ્ગ્રહી બને છે. તેથી પતદ્ગ્રહમાંથી એક ઓછી કરતાં **૨૦નો સંક્રમ ૬ના** પતદ્ગ્રહમાં થાય છે. આ બે પતદ્ગ્રહસ્થાનો ઉપશમ શ્રેણિમાં ઔપશમિક સમ્યક્ત્વીને આશ્રયી જાણવાં. તથા **૨૦નો સંક્રમ ૫ના પતદ્ગ્રહમાં** ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ જ્યારે ઉપશમશ્રેણિ પ્રારંભે છે. ત્યારે ઉપશમશ્રેણિમાં આગળ વધતાં જ્યારે અંતરકરણ કરે છે ત્યારે ક્રમસર જ સંક્રમ થાય છે. આવું વિધાન હોવાથી સંજ્વલન લોભનો સંક્રમ થતો નથી. તે માટે સત્તા ૨૧ની છે. પણ સંક્રમ ૨૦નો થાય છે અને તે કાલે નવમા ગુણઠાણાના પ્રથમ ભાગે ૫નો બંધ છે તે જ ૫નો પતદ્ગ્રહ થાય છે. આમ ૨૦નો સંક્રમ ૫ના પતદ્ગ્રહમાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે ૨૦નો સંક્રમ ઉપશમશ્રેણિમાં ઔપશમિક સમ્યગ્દષ્ટિ જીવને આશ્રયી ૭ અને ૬ના પતદ્ગ્રહમાં તથા ઉપશમ શ્રેણિમાં જ ક્ષાયિક સમ્યગ્દષ્ટિને આશ્રયી ૫ના પતદ્ગ્રહમાં એમ કુલ ૭-૬-૫ના પતદ્ગ્રહમાં ૨૦નો સંક્રમ પ્રાપ્ત થાય છે. ॥૧૭॥

**पंचसु एगुणवीसा, अठारस पंचगे चउक्के य ।**
**चोद्दस छसु पगडीसुं, तेरसगं छक्कपणगम्मि ॥ १८ ॥**

**ગાથાર્થ :-** ૧૯નો સંક્રમ ૫ના એક પતદ્ગ્રહમાં તથા ૧૮નો સંક્રમ ૫ અને ૪ એમ બે પતદ્ગ્રહમાં તથા ૧૪નો સંક્રમ ૬ના પતદ્ગ્રહમાં અને ૧૩નો સંક્રમ ૬ તથા ૫ના પતદ્ગ્રહમાં થાય છે. ॥૧૮॥

**વિવેચન :** આ ગાથામાં ૧૯, ૧૮, ૧૪ અને ૧૩નો સંક્રમ કયા કયા પતદ્ગ્રહસ્થાનોમાં થાય છે તે સમજાવવામાં આવે છે.

**૧૯નો સંક્રમ ૫ના પતદ્ગ્રહમાં :-** ઉપશમ શ્રેણિમાં ક્ષાયિક સમ્યક્ત્વી જીવને અંતરકરણ કરાયા પછી નપુંસકવેદ ઉપશાન્ત થાય ત્યારે ૧૯નો સંક્રમ ૫ના પતદ્ગ્રહમાં થાય છે.

**૧૮નો સંક્રમ ૫ અને ૪ના પતદ્ગ્રહમાં :-** ઉપશમ શ્રેણિમાં વર્તતા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને સ્ત્રીવેદ ઉપશાન્ત થયે છતે ૧૮નો સંક્રમ ૫ના પતદ્ગ્રહમાં થાય છે તથા ઉપશમશ્રેણિમાં વર્તતા આ જ ક્ષાયિકસમ્યગ્દષ્ટિ જીવને પુરુષવેદની પ્રથમ સ્થિતિ ૧ સમય ન્યૂન બે આવલિકા શેષ રહે ત્યારે પુરૂષવેદ અપતદ્ગ્રહી થવાથી ૧૮નો સંક્રમ ૪ના પતદ્ગ્રહમાં થાય છે. (૧૭-૧૬ અને ૧૫નાં સંક્રમસ્થાનો સંભવતાં જ નથી.)

**૧૪નો સંક્રમ ૬ના પતદ્ગ્રહમાં :-**

ઉપશમ શ્રેણિમાં વર્તતા ઔપશમિક સમ્યગ્દષ્ટિ જીવને જ્યારે ૨૦ પ્રકૃતિઓમાંથી હાસ્યષટ્કનો ઉપશમ થાય ત્યારે તે ૨૦માંથી હાસ્ય ષટ્ક બાદ કરતાં ૧૪નો સંક્રમ ૬ના

પતદ્ગ્રહમાં થાય છે. (હવે દર્શનમોહનીય ૨, અને સંજ્વલન કષાય ૪ એમ ૬નો જ પતદ્ગ્રહ રહે છે.)

**૧૩નો સંક્રમ ૬ અને ૫ના પતદ્ગ્રહમાં :-**

ઉપશમ શ્રેણિમાં વર્તતા ઔપશમિક સમ્યગ્દષ્ટિ જીવને હાસ્યષટ્કનો ઉપશમ થયા પછી જ્યારે પુરૂષવેદ પણ ઉપશાન્ત થાય છે ત્યારે પુરૂષવેદનો પણ સંક્રમ ન હોવાથી ૧૩નો સંક્રમ બે દર્શનમોહનીય અને ચાર સંજ્વલન એમ ૬ના પતદ્ગ્રહમાં થાય છે. એક અંતર્મુહૂર્ત આ સંક્રમ અને આ પતદ્ગ્રહ ચાલે છે. ત્યારબાદ સંજ્વલન ક્રોધની પ્રથમસ્થિતિ ૧ સમયન્યૂન ૩ આવલિકા બાકી રહે ત્યારે સંજ્વલન ક્રોધ અપતદ્ગ્રહવાળો બનવાથી આ જ ૧૩નો સંક્રમ ૬ના પતદ્ગ્રહને બદલે ૫ના પતદ્ગ્રહમાં થાય છે. ॥૧૮॥

**पंच चउक्के बारस, एक्कारस पंचगे तिगचउक्के ।**
**दसगं चउक्कपणगे, णवगं च तिगम्मि बोद्धव्वं ॥ १९ ॥**

**ગાથાર્થ :-** ૧૨નો સંક્રમ ૫ અને ૪ના પતદ્ગ્રહમાં થાય છે. ૧૧નો સંક્રમ ૫-૪ અને ૩ ના પતદ્ગ્રહમાં થાય છે. ૧૦નો સંક્રમ ૪ અને ૫ના પતદ્ગ્રહમાં થાય છે અને ૯નો સંક્રમ ૩ના પતદ્ગ્રહમાં થાય છે. ॥૧૯॥

**વિવેચન :-** આ ગાથામાં ૧૨, ૧૧, ૧૦ અને ૯નાં સંક્રમ સ્થાનો કયા કયા પતદ્ગ્રહસ્થાનમાં થાય છે. તે સમજાવવામાં આવ્યું છે. ત્યાં સૌથી પ્રથમ.

**૧૨નો સંક્રમ ૪ અને ૫ના પતદ્ગ્રહમાં :-**

ક્ષપકશ્રેણિમાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ જ્યારે અંતરકરણ કરે છે ત્યારે ક્રમશર જ સંક્રમ થાય છે. તેથી સંજ્વલન લોભનો સંક્રમ ન થવાથી ૧૨નો સંક્રમ ૫ના પતદ્ગ્રહમાં થાય છે તથા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ જ્યારે ઉપશમશ્રેણિમાં વર્તતો હોય ત્યારે હાસ્યાદિ ષટ્કનો જ્યારે ઉપશમ કરે છે ત્યારે હાસ્યાદિષટ્ક વિના ૧૨નો સંક્રમ ૫ માં અને પુરુષવેદ ૧ સમય ન્યૂન બે આવલિકા બાકી રહે ત્યારે અપતદ્ગ્રહી બનવાથી ૧૨ નો સંક્રમ ૪ માં થાય છે. એમ ૧૨નો સંક્રમ ૨ પતદ્ગ્રહ સ્થાનમાં કરે છે.

**૧૧નો સંક્રમ ૫-૪-૩ના પતદ્ગ્રહમાં :-**

ઉપશમ શ્રેણિમાં ઔપશમિક સમ્યગ્દષ્ટિ જીવને અપ્રત્યાખ્યાનીય તથા પ્રત્યાખ્યાનાવરણ એમ બે ક્રોધ ઉપશાન્ત થયે છતે શેષ મોહનીયની ૧૧ પ્રકૃતિઓનો સંક્રમ, સંજ્વલન માન-માયા અને લોભ એમ ૩ ચારિત્રમોહનીય તથા મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય એમ બે દર્શનમોહનીય એમ કુલ ૫ના પતદ્ગ્રહમાં થાય છે. તથા ઉપશમ શ્રેણિમાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને જ્યારે પુરૂષવેદ ઉપશાન્ત થાય છે ત્યારે સંજ્વલન લોભ વિના ૧૧નો

સંક્રમ ૪ના પતદ્ગ્રહમાં થાય છે. જે એક અંતર્મુહૂર્ત ચાલે છે. ત્યારબાદ સંજ્વલન ક્રોધ પણ અપતદ્ગ્રહી થાય છે. તેથી તે જ ૧૧ પ્રકૃતિઓનો સંક્રમ ૩ના પતદ્ગ્રહમાં થાય છે. આ પ્રમાણે ૧૧નો સંક્રમ કુલ ૫-૪ અને ૩ના પતદ્ગ્રહમાં સંભવે છે.

**૧૦નો સંક્રમ ૪ અને ૫ના પતદ્ગ્રહમાં :-**

ઉપશમશ્રેણિમાં ઔપશમિક સમ્યગ્દષ્ટિ જીવને જ્યારે સંજ્વલન ક્રોધ ઉપશાન્ત થાય ત્યારે ૧૦નો સંક્રમ ૫ના પતદ્ગ્રહમાં થાય છે. આ જ જીવને સંજ્વલન માનની પ્રથમ સ્થિતિ ૧ સમય ન્યૂન ૩ આવલિકા બાકી રહે ત્યારે સંજ્વલન માન અપતગ્રહી થાય છે. તેથી ૧૦નો સંક્રમ ચારના પતદ્ગ્રહમાં થાય છે. ત્યાં અપ્રત્યાખ્યાનીય તથા પ્રત્યાખ્યાનાવરણ માન-માયા અને લોભ એમ ૬, તથા સંજ્વલન માન અને માયા એમ ૮ કષાયનો સંક્રણ સંજ્વલન લોભમાં થાય છે અને ઉપશાન્ત એવી મિથ્યાત્વમોહનીયનો સંક્રમ મિશ્ર અને સમ્યક્ત્વમોહનીય એમ ૨માં તથા મિશ્રમોહનીયનો સંક્રમ સમ્યક્ત્વમોહનીયમાં થાય છે.

તથા ક્ષપકશ્રેણિમાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને જ્યારે સ્ત્રીવેદનો ક્ષય થાય છે ત્યારે ૧૦નો સંક્રમ ૫ના પતદ્ગ્રહમાં થાય છે. જે એક અંતર્મુહૂર્ત ચાલે છે. ત્યારબાદ પુરૂષવેદની પ્રથમસ્થિતિ ૧ સમયન્યૂન બે આવલિકા બાકી રહે ત્યારે પુરૂષવેદ અપતદ્ગ્રહવાળો બનવાથી ૧૦નો સંક્રમ ૪ના પતદ્ગ્રહમાં થાય છે.

**૯નો સંક્રમ ૩ના પતદ્ગ્રહમાં :-**

ઉપશમશ્રેણિમાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનાવરણ એમ બે ક્રોધ ઉપશાન્ત થયે છતે ૯નો સંક્રમ સંજ્વલન માન-માયા અને લોભ એમ ૩ના પતદ્ગ્રહમાં થાય છે.

આ પ્રમાણે આ ગાથામાં ૧૨નો સંક્રમ ૫ અને ૪ના પતદ્ગ્રહમાં, ૧૧નો સંક્રમ ૫-૪-૩ના પતદ્ગ્રહમાં, ૧૦નો સંક્રમ ૫-૪ના પતદ્ગ્રહમાં અને ૯નો સંક્રમ ૩ના પતદ્ગ્રહમાં થાય છે. આ વાત સ્પષ્ટ રીતે સમજાવવામાં આવી છે. ॥૧૯॥

**अट्ठ दुगतिगचउक्के, सत्त चउक्के तिगे य बोद्धव्वा ।**
**छक्कं दुगम्मि णियमा, पंच तिगे एक्कगदुगे य ॥ २० ॥**

**ગાથાર્થ :-** આઠનો સંક્રમ ૨-૩ અને ૪ના પતદ્ગ્રહમાં થાય છે. સાતનો સંક્રમ ૪ અને ૩ના પતદ્ગ્રહમાં થાય છે. તથા છનો સંક્રમ ૨માં જ થાય છે. એમ નિયમા જાણવું તથા પાંચનો સંક્રમ ૩-૧ અને ૨માં થાય છે. ॥૨૦॥

**વિવેચન :** આ ગાથામાં ૮-૭-૬ અને ૫નો સંક્રમ કયા કયા પતદ્ગ્રહસ્થાનોમાં થાય છે. તે સ્પષ્ટપણે સમજાવવામાં આવે છે. ત્યાં પ્રથમ

**૮નો સંક્રમ ૨-૩-૪ના પતદ્ગ્રહમાં**

ત્યાં ઉપશમશ્રેણિમાં ઔપશમિક સમ્યક્ત્વી જીવને બે માન ઉપશાન્ત થાય ત્યારે ૮નો સંક્રમ ૪ના પતદ્ગ્રહમાં થાય છે ત્યાં મિથ્યાત્વનોસંક્રમ મિશ્રમાં અને સમ્યક્ત્વમોહનીય એમ બેમાં થાય છે. તથા મિશ્રનો સંક્રમ સમ્યક્ત્વમોહનીયમાં થાય છે અને બાકીની ચારિત્રમોહનીયની (સંજ્વલન માન તથા તેની જ માયા તથા અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનાવરણ ૨ માયા તથા તેના જ ૨ લોભ એમ કુલ) ૬ પ્રકૃતિઓનો સંક્રમ સંજ્વલન માયા અને લોભમાં થાય છે. આ પ્રમાણે ૮નો સંક્રમ ૪માં થાય છે.

તથા ઉપશમશ્રેણિમાં ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવને સંજ્વલન ક્રોધ ઉપશાન્ત થાય ત્યારે ૮નો સંક્રમ ૩માં અંતર્મુહૂર્ત સુધી થાય છે. તે જ જીવને સંજ્વલન માનની પ્રથમસ્થિતિ ૧ સમય ન્યૂન ૩ આવલિકા બાકી રહે ત્યારે સંજ્વલન માન અપતદ્ગ્રહી બને છે. તેથી આ જ ૮ પ્રકૃતિઓનો સંક્રમ ૨ના પતદ્ગ્રહમાં સંક્રમિત થાય છે. આ પ્રમાણે ૮નો સંક્રમ કુલ ૪-૩-૨ના પતદ્ગ્રહમાં પડે છે.

**૭નો સંક્રમ ૪-૩ના પતદ્ગ્રહમાં**

ઉપશમશ્રેણિમાં ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવને સંજ્વલન માન ઉપશાન્ત થાય ત્યારે ૭નો સંક્રમ ૪ના પતદ્ગ્રહમાં સંક્રમિત થાય છે. ત્યાં બે દર્શનમોહનીય બે દર્શનમોહનીયમાં જ પડે છે અને ૩ માયા તથા ૨ લોભ એમ પાંચ ચારિત્રમોહનીયનો સંક્રમ સંજ્વલન માયા અને લોભ એમ ૨માં થાય છે.

તે જ ઉપશમ શ્રેણિમાં ઔપશમિક સમ્યક્ત્વી જીવને ૧ સમયન્યૂન ૩ આવલિકા કાળ સંજ્વલન માયાનો બાકી રહે ત્યારે માયા અપતદ્ગ્રહી બને છે. તેથી ૭નો સંક્રમ ૩માં થાય છે. ત્યાં બે દર્શનમોહનીયનો બે દર્શનમોહનીયમાં અને ૩ માયા તથા ૨ લોભ એમ પાંચનો સંક્રમ ૧ લોભમાં જ થાય છે.

**૬નો સંક્રમ નિયમા ૨ના જ પતદ્ગ્રહમાં**

ઉપશમશ્રેણિમાં ક્ષાયિક સમ્યક્ત્વી જીવને બે માન ઉપશાન્ત થયા પછી સંજ્વલન માન ૧, ત્રણે માયા અને બે લોભ ૨, એમ કુલ ૬નો સંક્રમ હોય છે અને સંજ્વલન માયા અને લોભ એમ ૨નો પતદ્ગ્રહ હોય છે તથા

**૫નો સંક્રમ ૩-૧ અને ૨ના પતદ્ગ્રહમાં**

ઉપશમશ્રેણિમાં વર્તતા ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવને ૫નો સંક્રમ ૩ના પતદ્ગ્રહમાં થાય છે. નવમા ગુણસ્થાનકે બે માયા ઉપશાન્ત થાય ત્યારે સંજ્વલન માયા અને અપ્રત્યાનીય તથા પ્રત્યાખ્યાનાવરણ ૨ લોભ એમ ૩નો સંક્રમ ૧ સંજ્વલન લોભમાં અને મિથ્યાત્વનો સંક્રમ મિશ્ર અને સમ્યક્ત્વમોહનીયમાં અને મિશ્રમોહનીયનો સંક્રમ સમ્યક્ત્વમોહનીયમાં થાય છે. આ પ્રમાણે કુલ ૫નો સંક્રમ થાય છે અને ૩નો પતદ્ગ્રહ બને છે.

તથા ઉપશમ શ્રેણિમાં જ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવને સંજ્વલન માન ઉપશાન્ત થાય ત્યારે ત્રણ માયા અને બે લોભ એમ પાંચનો સંક્રમ સંજ્વલન માયા અને લોભ એમ ૨ના પતદ્ગ્રહમાં થાય છે. જે એક અંતર્મુહૂર્ત કાળ ચાલે છે.

ત્યારબાદ સંજ્વલન માયાની પ્રથમ સ્થિતિ ૧ સમયન્યૂન ૩ આવલિકા બાકી રહે ત્યારે સંજ્વલન માયા પણ અપતદ્ગ્રહી થાય છે. તેથી આ જ પાંચ પ્રકૃતિઓનો સંક્રમ ૧ના પતદ્ગ્રહમાં થાય છે ત્યારે ૫નો સંક્રમ ૧ના પતદ્ગ્રહમાં થાય છે. ॥૨૦॥

**चत्तारि तिगंचउक्के, तिन्नि तिगे एक्कगे य बोद्धव्वा ।**
**दोसु दु एक्काए विय, एक्का एक्काइ बोद्धव्वा ॥ २१ ॥**

**ગાથાર્થ :-** ૪ની સંક્રમ ૩ અને ૪ના પતદ્ગ્રહમાં થાય છે. તથા ૩ના સંક્રમ ૩ અને ૧ના પતદ્ગ્રહમાં થાય છે. ૨નો સંક્રમ ૨ના અને ૧ના પતદ્ગ્રહમાં થાય છે અને એકનો સંક્રમ માત્ર ૧ના પતદ્ગ્રહમાં જ થાય છે. ॥૨૧॥

**વિવેચન :-** આગલી ગાથામાં પાંચ સુધીના સંક્રમ સ્થાનોની ચર્ચા કરીને હવે આ ગાથામાં ૪-૩-૨ અને ૧ના સંક્રમસ્થાનની ચર્ચા ગ્રંથકારશ્રી સમજાવે છે.

**૪નો સંક્રમ ૩ અને ૪ના પતદ્ગ્રહમાં :-**

ઉપશમ શ્રેણિમાં ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવને સંજ્વલન માયા ઉપશાન્ત થાય ત્યારે ૪નો સંક્રમ ૩માં થાય છે. ત્યાં બે લોભનો સંક્રમ સંજ્વલન લોભમાં અને બે દર્શનમોહનો સંક્રમ બે દર્શનમોહનીયમાં જાણવો. આ પ્રમાણે બન્ને મળીને કુલ ૪નો સંક્રમ ૩ ના પતદ્ગ્રહમાં થાય છે.

તથા ૪નો સંક્રમ ૪ના પતદ્ગ્રહમાં પણ થાય છે. પરંતુ તે સંક્રમ ક્ષપકશ્રેણિમાં ક્ષાયિક સમ્યક્ત્વી જીવને હાસ્યષટ્કની સત્તાનો ક્ષય થયા પછી પુરૂષવેદ અને સંજ્વલન ક્રોધાદિ ૩ કષાયો એમ કુલ ૪નો સંક્રમ થાય છે અને સંજ્વલન ક્રોધાદિ ચાર કષાયોનો પતદ્ગ્રહ હોય છે.

**૩નો સંક્રમ ૩ તથા ૧ના પતદ્ગ્રહમાં :-**

ક્ષપકશ્રેણિમાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને પુરૂષવેદનો ક્ષય થયા પછી સંજ્વલન ક્રોધાદિ ૩ કષાયોનો સંક્રમ સંજ્વલન માનાદિ ૩ કષાયોમાં થાય છે ત્યારે ૩નો સંક્રમ અને ૩નો પતદ્ગ્રહ સંભવે છે.

તથા ઉપશમશ્રેણિમાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને બે માયા ઉપશાન્ત થયા પછી સંજ્વલન માયાનો સંક્રમ તથા ૨ લોભનો સંક્રમ એમ ત્રણનો સંક્રમ એકલા સંજ્વલન લોભમાં જ થાય છે ત્યારે ૩નો સંક્રમ ૧ના પતદ્ગ્રહમાં હોય છે.

**૨નો સંક્રમ ૨ તથા ૧ના પતદ્ગ્રહમાં :-**

ઉપશમ શ્રેણિમાં ઔપશમિક સમ્યક્ત્વી જીવને અપ્રત્યાખ્યાનીય તથા પ્રત્યાખ્યાનાવરણ એમ બે લોભ ઉપશાન્ત થાય ત્યારે નવમું ગુણસ્થાનક સમાપ્ત થાય છે. ત્યાર બાદ તે જીવને દસમા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે બે દર્શનમોહનીયનો સંક્રમ ૨ દર્શનમોહનીયમાં પ્રાપ્ત થાય છે ત્યારે ૨નો સંક્રમ અને ૨નો પતદ્ગ્રહ થાય છે.

તથા ઉપશમશ્રેણિમાં ક્ષાયિકસમ્યગ્દષ્ટિ જીવને સંજ્વલનમાયા ઉપશાન્ત થાય ત્યારે ૨ લોભનો સંક્રમ ૧ સંજ્લનલોભમાં થાય છે. ત્યારે ૨ નો સંક્રમ ૧ ના પતદ્ગ્રહમાં થાય છે.

**૧નો સંક્રમ ૧ના પતદ્ગ્રહમાં :-**

તથા ક્ષપકશ્રેણિમાં ક્ષાયિકસમ્યગ્દષ્ટિ જીવને આ ૧ સંજ્વલનમાયાનો સંક્રમ-કેવળ ૧ સંજ્વલન લોભમાં થાય છે અને તે ક્ષપક શ્રેણિમાં હોય છે.

આ પ્રમાણે કુલ ૨૭ના સંક્રમથી ૧ના સંક્રમ સુધીના સંક્રમસ્થાનો કેટલા કેટલા પતદ્ગ્રહમાં પડે અને ક્યારે પડે તે સમજાયું. તે આ પ્રમાણે પતદ્ગ્રહસ્થાનોમાં સંકલિત કરેલાં આ સંક્રમ સ્થાનોની સંવેધની વિચારણા કરવી હોય ત્યારે પટ્ટકાદિમાં ચિત્ર દોરીને બુદ્ધિપૂર્વક વિચારવાં. ॥૨૧॥

*અવતરણ :- ઉપરોક્ત પતદ્ગ્રહ સ્થાનોમાં સંક્રમ સ્થાનોની વિચારણા કરવાના ઉપાયોને જણાવે છે :-*

**अणुपुव्विअणाणुपुव्वी खीणमखीणे य दिट्ठिमोहम्मि ।**
**उवसामगे य खवगे य, संकमे मग्गणोवाया ॥ २२ ॥**

**ગાથાર્થ :-** આ સંક્રમસ્થાન શું આનુપૂર્વીએ થાય છે ? કે અનાનુપૂર્વીએ થાય છે? તથા દર્શનમોહનીય ક્ષીણ થયું છે કે ક્ષીણ નથી થયું ? તથા ઉપશમશ્રેણિ છે કે ક્ષપકશ્રેણિ છે ? આ સર્વેનું ધ્યાન રાખવું. એ જ આ સંક્રમસ્થાન અને પતદ્ગ્રહસ્થાન જાણવાના ઉપાયો છે. ॥૨૨॥

**વિવેચન :-** મોહનીયકર્મનાં સંક્રમસ્થાનો તથા પતદ્ગ્રહસ્થાનો જણાવીને હવે તેના ઉપાયો આ ગાથામાં જણાવે છે કે આ સર્વ સંકલના જાણવી હોય તો આટલું ખાસ ધ્યાન રાખવા જેવું છે કે અહીં પ્રથમ ઉપાય, સંક્રમ ક્રમસર જ થાય છે ? કે ઉત્ક્રમે પણ થાય છે ? બીજો ઉપાય તે છે કે દર્શનમોહનીય ત્રણનો ક્ષય થયો છે કે ક્ષય થયો નથી ? તથા ત્રીજો ઉપાય તે છે કે ઉપશમશ્રેણિ પ્રવર્તે છે કે ક્ષપકશ્રેણિ પ્રવર્તે છે ? ઇત્યાદિ ભાવોને જાણીને આ સ્થાનોની વિચારણા કરવી તથા વળી વિસ્તૃત કપડા ઉપર તેનું આલેખન કરીને (ચિત્ર દોરીને) વિચારણા કરવી. તો સમજવું સરળ પડશે.

તે આ પ્રમાણે ઘણા જ વિસ્તાર સાથે મોહનીય કર્મની સંક્રમવિધિ અને પતદ્ગ્રહવિધિ કહી. હવે નામકર્મની આ વિધિ કહેવાય છે.

નામકર્મનાં સત્તાસ્થાનો ૧૨ છે. તે આ પ્રમાણે ૧૦૩, ૧૦૨, ૯૬, ૯૫ આ ચારને પ્રથમ એવી સંજ્ઞાવાળુ સત્તા ચતુષ્ક કહેવાય છે. ત્યાં નામકર્મની બધી જ પ્રકૃતિઓ સત્તામાં હોય તો ૧૦૩ની સત્તા જાણવી. તેમાંથી જો તીર્થંકર નામકર્મ જે જીવોએ બાંધ્યુ ન હોય તેઓને તેની ૧ની સત્તા ઓછી હોય છે. તેથી ૧૦૨ની સત્તા જાણવી.

તથા સર્વ પ્રકૃતિના સમુદાય રૂપ ૧૦૩ની સત્તામાંથી જે આત્માઓએ આહારક સપ્તક બાંધ્યું નથી. પરંતુ તીર્થંકર નામકર્મ બાંધ્યું છે. તેવા જીવોને ૧૦૩માંથી આહારક સપ્તક વિના ૯૬ની જ સત્તા હોય છે અને જો તીર્થંકર નામકર્મ પણ ન બાંધ્યું હોય તેવા જીવોને આહારક સપ્તક અને તીર્થંકર નામકર્મ એમ આઠ વિના ૯૫ની સત્તા હોય છે. આ ૧૦૩, ૧૦૨, ૯૬, ૯૫ એમ આ ચાર સત્તાસ્થાનકોને પ્રથમ સત્તા ચતુષ્ક કહેવાય છે.

જ્યારે જીવ ક્ષપકશ્રેણિમાં આરૂઢ થાય છે. ત્યારે નવમા ગુણસ્થાનકે ૧ નરકગતિ, ૧ નરકાનુપૂર્વી, ૧ તિર્યંચગતિ, ૧ તિર્યંચાનુપૂર્વી, ૪ આદ્યજાતિચતુષ્ક, ૧ સ્થાવર, ૧ સૂક્ષ્મ, ૧ સાધારણ, ૧ આતમ અને ૧ ઉદ્યોત એમ નામકર્મની ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થાય ત્યારે ૧૦૩ વાળાને ૯૦, ૧૦૨ વાળાને ૮૯, ૯૬ વાળાને ૮૩ અને ૯૫ વાળાને ૮૨ એમ ૯૦, ૮૯, ૮૩, ૮૨ સત્તામાં થાય છે. આ બીજું સત્તાચતુષ્ક થાય છે.

તથા આહારકસપ્તક અને તીર્થંકરનામકર્મ વિના ૯૫ની સત્તાવાળો જીવ જ્યારે એકેન્દ્રિયમાં જાય છે ત્યારે ત્યાં વૈક્રિય અષ્ટકની ઉદ્વલના કરે છે. તેમાંથી પ્રથમ દેવદ્વિકની ઉદ્વલના સમાપ્ત થાય છે ત્યારે ૯૩ની સત્તા થાય છે. તેમાંથી બાકીના વૈક્રિય સપ્તક અને નરકદ્વિક એમ ૯ની ઉદ્વલના થાય છે. ત્યારે ૮૪ની સત્તા હોય છે. તેમાંથી તેઉકાય-વાઉકાયમાં જવા દ્વારા મનુષ્યદ્વિકની ઉદ્વલના થાય ત્યારે ૮૨ની સત્તા હોય છે આ ૯૩, ૮૪, ૮૨ની જે સત્તા થઈ તેને જૈનશાસ્ત્રોમાં અધ્રુવસત્તાત્રિક એમ કહેવાય છે.

જો કે ઉપર કહેલાં પ્રથમનાં ૪, ત્યાર પછીનાં ૪ અને ૩ અધ્રુવ સત્તા એમ કુલ ૧૧ સત્તા સ્થાનો દેખાય છે. પરંતુ બીજા નંબરના સત્તા ચતુષ્કમાં અને અધ્રુવસત્તાત્રિકમાં ૮૨-

**કયા કયા પતદ્ગ્રહ સ્થાનમાં કેટલાં કેટલાં અને કયાં કયાં સંક્રમસ્થાનો સંભવે ? તેનું સામાન્ય ચિત્ર**

| | | |
|---|---|---|
| ૨૨ ના પતદ્ગ્રહમાં | ૨૭, ૨૬ અને ૨૩ ત્રણ સંક્રમસ્થાનો | ૩ |
| ૨૧ ના પતદ્ગ્રહમાં | ૨૫ અને ૨૧ એમ બે સંક્રમસ્થાનો | ૨ |
| ૧૯ ના પતદ્ગ્રહમાં | ૨૭, ૨૬ અને ૨૩ ત્રણ સંક્રમસ્થાનો | ૩ |
| ૧૮ ના પતદ્ગ્રહમાં | ૨૨ નું એક જ સંક્રમસ્થાન | ૧ |
| ૧૭ ના પતદ્ગ્રહમાં | ૨૫ અને ૨૧ એમ બે સંક્રમસ્થાન | ૨ |
| ૧૫ ના પતદ્ગ્રહમાં | ૨૭, ૨૬ અને ૨૩ એમ ત્રણ સંક્રમસ્થાન | ૩ |
| ૧૪ ના પતદ્ગ્રહમાં | ૨૨ નું એક જ સંક્રમસ્થાન | ૧ |
| ૧૩ ના પતદ્ગ્રહમાં | ૨૧ નું એક જ સંક્રમસ્થાન | ૧ |
| ૧૧ ના પતદ્ગ્રહમાં | ૨૭, ૨૬ અને ૨૩ એમ ત્રણ સંક્રમસ્થાન | ૩ |
| ૧૦ ના પતદ્ગ્રહમાં | ૨૨ નું એક જ સંક્રમસ્થાન | ૧ |
| ૯ ના પતદ્ગ્રહમાં | ૨૧ નું એક જ સંક્રમસ્થાન | ૧ |
| ૭ ના પતદ્ગ્રહમાં | ૨૨, ૨૧, ૨૦ અને ૨૩ એમ ૪ સંક્રમસ્થાન | ૪ |
| ૬ ના પતદ્ગ્રહમાં | ૨૦, ૧૪ અને ૧૩ એમ કુલ ત્રણ સંક્રમસ્થાન | ૩ |
| ૫ ના પતદ્ગ્રહમાં | ૨૦, ૨૧, ૧૯, ૧૮, ૧૩, ૧૨, ૧૧ અને ૧૦ એમ કુલ ૮ સંક્રમસ્થાનો | ૮ |
| ૪ ના પતદ્ગ્રહમાં | ૧૮, ૧૨, ૧૧, ૧૦, ૮, ૭ અને ૪ એમ કુલ ૭ સંક્રમ સ્થાનો | ૭ |
| ૩ ના પતદ્ગ્રહમાં | ૧૧, ૯, ૮, ૭, ૫, ૪, ૩ એમ કુલ ૭ સંક્રમસ્થાનો | ૭ |
| ૨ ના પતદ્ગ્રહમાં | ૮, ૬, ૫ અને ૨ કુલ ૪ સંક્રમસ્થાનો | ૪ |
| ૧ ના પતદ્ગ્રહમાં | ૫, ૩, ૨, ૧ કુલ ૪ સંક્રમસ્થાનો | ૪ |
| | | કુલ ૫૮ |

**કયુ કયુ સંક્રમસ્થાન કયા કયા અને કેટલા કેટલા પતદ્ગ્રહસ્થાનમાં સંક્રમિત થાય ? તેનું સામાન્ય ચિત્ર**

| | | |
|---|---|---|
| ૨૭ નો સંક્રમ | ૨૨, ૧૫, ૧૧ અને ૧૯ એમ કુલ ૪ પતદ્ગ્રહમાં | ૪ |
| ૨૬ નો સંક્રમ | ૨૨, ૧૫, ૧૧ અને ૧૯ એમ કુલ ૪ પતદ્ગ્રહમાં | ૪ |
| ૨૫ નો સંક્રમ | ૨૧ અને ૧૭ એમ કુલ ૨ પતદ્ગ્રહમાં | ૨ |
| ૨૩ નો સંક્રમ | ૨૨, ૧૫, ૭, ૧૧ અને ૧૯ એમ કુલ ૫ પતદ્ગ્રહમાં | ૫ |
| ૨૨ નો સંક્રમ | ૧૮, ૧૪, ૧૦, ૭, એમ કુલ ૪ પતદ્ગ્રહમાં | ૪ |
| ૨૧ નો સંક્રમ | ૧૩, ૯, ૭, ૧૭, ૫ અને ૨૧ એમ કુલ ૬ પતદ્ગ્રહમાં | ૬ |
| ૨૦ નો સંક્રમ | ૭, ૬ અને ૫ એમ કુલ ૩ પતદ્ગ્રહમાં | ૩ |
| ૧૯ નો સંક્રમ | ૫ ના એક જ પતદ્ગ્રહમાં | ૧ |
| ૧૮ નો સંક્રમ | ૫ અને ૪ એમ બે પતદ્ગ્રહમાં | ૨ |
| ૧૪ નો સંક્રમ | ૬ પ્રકૃતિના એક જ પતદ્ગ્રહ સ્થાનમાં | ૧ |
| ૧૩ નો સંક્રમ | ૬ તથા ૫ એમ ૨ પતદ્ગ્રહમાં | ૨ |
| ૧૨ નો સંક્રમ | ૫ તથા ૪ એમ ૨ પતદ્ગ્રહમાં | ૨ |
| ૧૧ નો સંક્રમ | ૫, ૪, અને ૩ ના એમ કુલ ૩ પતદ્ગ્રહમાં | ૩ |
| ૧૦ નો સંક્રમ | ૪ તથા ૫ એમ ૨ પતદ્ગ્રહસ્થાનમાં | ૨ |
| ૯ નો સંક્રમ | ૩ ના એક જ પતદ્ગ્રહસ્થાનમાં | ૧ |
| ૮ નો સંક્રમ | ૪, ૩ અને ૨ એમ કુલ ૩ પતદ્ગ્રહમાં | ૩ |
| ૭ નો સંક્રમ | ૪ અને ૩ એમ ૨ પતદ્ગ્રહમાં | ૨ |
| ૬ નો સંક્રમ | ૨ ના એક જ પતદ્ગ્રહમાં | ૧ |
| ૫ નો સંક્રમ | ૩, ૨ અને ૧ એમ કુલ ૩ પતદ્ગ્રહમાં | ૩ |
| ૪ નો સંક્રમ | ૪ અને ૩ એમ કુલ ૨ પતદ્ગ્રહમાં | ૨ |
| ૩ નો સંક્રમ | ૩ તથા ૧ એમ કુલ ૨ પતદ્ગ્રહમાં | ૨ |
| ૨ નો સંક્રમ | ૨ તથા ૧ એમ કુલ ૨ પતદ્ગ્રહમાં | ૨ |
| ૧ નો સંક્રમ | ૧ ના એક જ પતદ્ગ્રહમાં | ૧ |
| | | કુલ સ્થાનો ૫૮ |

૮૨ બે વાર સત્તા સ્થાન આવે છે અને આ ૮૨ના સત્તાસ્થાનમાં પ્રકૃતિઓ ભિન્ન ભિન્ન છે. તો પણ સંખ્યાની દૃષ્ટિએ ૮૨ રૂપે તુલ્યતા હોવાથી એક જ સત્તાસ્થાન ગણાય છે. તેથી આ પ્રમાણે આ ૧૦ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય છે. જેટલી સત્તા હોય તેટલાનો સંક્રમ થાય તેવો નિયમ હોવાથી સંક્રમસ્થાનો પણ ૧૦ જ થવાં જોઈએ.

પરંતુ આ ૧૦માંથી ૯૦ અને ૮૩ આ બન્ને **સત્તા સ્થાનો** પ્રાપ્ત થાય છે. પરંતુ સંક્રમ સ્થાનોમાં આ બન્ને પ્રાપ્ત થતાં નથી. કારણ કે આ સત્તાસ્થાનો ક્ષપકશ્રેણિમાં નવમા ગુણસ્થાનકે નામકર્મની ૧૩ તથા થિણદ્ધિત્રિક એમ કુલ ૧૬ પ્રકૃતિઓનો ક્ષય કર્યા પછી જ આ ચાર સત્તા સ્થાનો પ્રાપ્ત થાય છે તે કાળે સામે પતદ્‌ગ્રહ રૂપે કેવલ એકલું યશઃ નામકર્મ જ પ્રાપ્ત થાય છે. કારણ કે તેનો એકનો જ બંધ છે. બીજી કોઈ નામ કર્મની પ્રકૃતિ બંધાતી નથી. તેથી યશનામકર્મનો અન્યત્ર સંક્રમ થતો નથી. માટે ૯૦ની સત્તાવાળાને ૮૯નો સંક્રમ તથા ૮૩ની સત્તાવાળાને ૮૨નો સંક્રમ પ્રાપ્ત થાય છે. તેથી સત્તાસ્થાન ભલે ૧૦ હોય. પરંતુ સંક્રમસ્થાનો આ ૧૦માંથી ૯૦ અને ૮૩ બે બાદ કરીએ તો આ દસમાંથી આઠ જ પ્રાપ્ત થાય છે. (બીજા નવાં સંક્રમસ્થાનો ૧૦૧, ૯૪, ૮૮ અને ૮૧ એમ બીજાં ચાર પ્રાપ્ત થાય છે. જે હમણાં જ આગળ ઉપર સમજાવવામાં આવશે.)

તથા ૯ અને ૮ આ બન્ને સત્તાસ્થાનો અયોગી ગુણસ્થાનકના ચરમ સમયે જ પ્રાપ્ત થાય છે. પરંતુ ત્યાં યોગદશા ન હોવાથી સંક્રમ થતો નથી માટે આ બે સત્તાસ્થાનો છે. પરંતુ તે બે સંક્રમસ્થાનો નથી. ચૌદમા ગુણસ્થાનકે સંક્રમ ન હોવાનું એક કારણ યોગ નથી તે છે તથા બીજું કારણ સામે કોઈ પણ પ્રકૃતિનો બંધ નથી. બંધ ન હોય એટલે પતદ્‌ગ્રહ થાય નહીં. તથા પતદ્‌ગ્રહવાળી કોઈ પ્રકૃતિ જો ન હોય તો સંક્રમ થાય કોનામાં ? એટલે સંક્રમ પણ થાય નહીં.

આ કારણે સત્તાસ્થાનો ભલે ૧૦+૨=૧૨ છે. પરંતુ સંક્રમસ્થાનો તો આ ૧૨ સત્તા-સ્થાનોમાંથી ૯૦, ૮૩, ૯, ૮ આ ચાર છોડીને બાકીનાં આઠ જ પ્રાપ્ત થાય છે.

પરંતુ સત્તાસ્થાનમાં ન આવતાં હોય એવાં બીજાં સંક્રમસ્થાનો ૪ પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે :- ૧૦૧, ૯૪, ૮૮ અને ૮ આ ચાર સત્તાસ્થાન નથી. પરંતુ સંક્રમસ્થાન બન્ને છે. તે માટે આ ચાર અને ઉપર કહેલાં આઠ એમ કુલ સંક્રણસ્થાનો ૧૨ થાય છે. એટલે સારાંશ આ પ્રમાણે છે કે સત્તાસ્થાનો ૧૦૩, ૧૦૨, ૯૬, (૯૫), ૯૦, ૮૯, (૮૩), ૮૨, ૯૩, ૮૪, (૯) અને (૮) એમ ૧૨ કુલ પ્રાપ્ત થાય છે. જ્યારે સંક્રમસ્થાનો ૧૦૩, ૧૦૨, <u>૧૦૧</u>, ૯૬, ૯૫, <u>૯૪</u>, ૯૩, ૮૯, <u>૮૮</u>, ૮૪, ૮૨ અને <u>૮૧</u> એમ કુલ ૧૨ પ્રાપ્ત થાય છે.

ઉપરનું ચિત્ર જોવાથી સમજાશે કે ( ) આવા કૌંસવાળાં સત્તાસ્થાનો છે. પણ સંક્રમ સ્થાનો નથી અને -- આવી લીટીવાળાં સંક્રમસ્થાનો છે. પણ સત્તાસ્થાનક નથી. બાકીનાં

આઠ બન્નેમાં છે. આ જ ૧૨ સંક્રમસ્થાનોની વાત ગ્રંથકારશ્રી હવે પછીની ગાથામાં સમજાવે છે. ॥૨૨॥

**तिदुगेगसयं, छप्पणचउतिगणउई य इगुणणउई य ।**
**अट्ठचउदुगिक्कसीई, संकमा बारस व छट्ठे ॥ २३ ॥**

**ગાથાર્થ :-** ૧૦૩, ૧૦૨, ૧૦૧, ૯૬, ૯૫, ૯૪, ૯૩, ૮૯, ૮૮, ૮૪, ૮૨ અને ૮૧ એમ કુલ ૧૨ સંક્રમસ્થાનો છઠ્ઠા નામકર્મમાં થાય છે. ॥૨૩॥

**વિવેચન :-** નામકર્મમાં કુલ ૧૨ સંક્રમસ્થાનો છે. તે આ પ્રમાણે છે. ૧૦૩, ૧૦૨, ૧૦૧, ૯૬, ૯૫, ૯૪, ૯૩, ૮૯, ૮૮, ૮૪, ૮૨ અને ૮૧ એમ કુલ ૧૨ સંક્રમસ્થાનો છે. તેની ભાવના આ પ્રમાણે છે :-

નામકર્મની સર્વે પણ પ્રકૃતિઓ જે જીવને સત્તામાં છે તેવા જીવને ૧૦૩ની સત્તા હોય છે. અને જ્યારે આહારકદ્વિક તથા જિનનામકર્મની બંધાવલિકા પસાર થઈ ગઈ હોય ત્યારે ૧૦૩ની સત્તા અને ૧૦૩નો સંક્રમ હોય છે.

આ ૧૦૩ નામકર્મની પ્રકૃતિઓમાંથી જે જીવને તીર્થંકરનામકર્મની સત્તા નથી તેવા જીવને તીર્થંકરનામકર્મ વિના ૧૦૨ની સત્તા અને ૧૦૨નો સંક્રમ હોય છે અથવા ૧૦૩ની સત્તાવાળા જીવને જો તીર્થંકરનામકર્મ હમણાં જ બાંધવા લીધુ હોય અને તેની બંધાવલિકા વર્તતી હોય ત્યારે તીર્થંકરનામકર્મનો સંક્રમ ન હોવાથી સત્તા ૧૦૩ની પણ ૧૦૨નો સંક્રમ હોય છે અથવા આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ પછી યશનામકર્મનો એકનો જ બંધ હોવાથી તેનો સંક્રમ થાય તેવી સામે કોઈ પ્રકૃતિ બંધાતી ન હોવાથી ૧૦૩ની સત્તાવાળાને પણ યશનામકર્મ વિના ૧૦૨નો સંક્રમ પ્રાપ્ત થાય છે.

હવે જે આત્માઓએ તીર્થંકરનામકર્મ બાંધ્યું નથી. તેથી સત્તામાં જ તે પ્રકૃતિ નથી માટે તેનો સંક્રમ તેવા જીવને સંભવતો નથી. તેવો જીવ જ્યારે ક્ષપકશ્રેણિ માંડે અથવા ઉપશમ શ્રેણિ માંડે અને આઠમા ગુણ સ્થાનકના છઠ્ઠા ભાગથી આગળ વર્તે ત્યારે યશનામકર્મનો પણ સંક્રમ કરતો નથી. કારણ કે તેનો જેમાં સંક્રમ કરી શકાય એવી નામકર્મની કોઈ પતદ્ગ્રહ પ્રકૃતિ નથી. તેથી તીર્થંકરનામકર્મ અને યશનામકર્મ આ ઉભય વિના ૧૦૧ પ્રકૃતિઓનો સંક્રમ આઠમાના છઠ્ઠા ભાગથી આગળ ક્ષપકશ્રેણિ અને ઉપશમશ્રેણિમાં વર્તતા જીવને હોય છે.

હવે આહારક સપ્તકની સત્તા જે જીવોને નથી. પણ તીર્થંકરનામકર્મની સત્તા છે. તેવા જીવોને ૧૦૩માંથી આહારક સપ્તક બાદ કરતાં ૯૬ની સત્તા અને ૯૬નો સંક્રમ હોય છે તથા જે જીવે તીર્થંકરનામકર્મ હમણાં જ બાંધવા લીધું છે. તેવા જીવને જિનનામની સત્તા હોવાથી સત્તા ભલે ૯૬ની છે. તો પણ પ્રથમ આવલિકામાં તે જીવ વર્તતો હોય ત્યારે ૯૫નો સંક્રમ હોય છે., તથા જેણે જિનનામનામકર્મ તથા આહારકદ્વિક બાંધ્યું જ નથી. તેથી તેની સત્તા છે જ નહિ. તેવા જીવને ૯૫નો સંક્રમ હોય છે. અને ૯૫ની સત્તા હોય છે.

આહારક સપ્તક અને તીર્થંકરનામકર્મની સત્તા વિના બાકીની ૯૫ પ્રકૃતિઓની સત્તાવાળો જીવ આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગની ઉપર જાય ત્યારે સામે પતદ્ગ્રહવાળી કોઈ પ્રકૃતિ ન હોવાથી યશનામકર્મનો પણ સંક્રમ થતો નથી. માટે સત્તા ૯૫ની પરંતુ સંક્રમ ૯૪નો જ થાય છે. ત્યારે ૯૪નું સંક્રમસ્થાન બને છે.

તથા ૯૫ની સત્તાવાળો જીવ એકેન્દ્રિયમાં જાય અને દેવગતિ તથા દેવાનુપૂર્વીની ઉદ્વલના કરે ત્યારે ૯૩ની સત્તા અને ૯૩નો સંક્રમ થાય છે. અથવા દેવગતિ અને દેવાનુપૂર્વીને બદલે નરકગતિ તથા નરકાનુપૂર્વીની ઉદ્વલના કરી હોય તો પણ ૯૩ની જ સત્તા અને ૯૩નો જ સંક્રમ હોય છે.

૧૦૩ની સત્તાવાળો આત્મા નવમા ગુણસ્થાનકે જાય અને નામકર્મની ૧૩ તથા ક્ષિણદ્ધિત્રિક એમ ૧૬ની સત્તાનો ક્ષય કરે ત્યારે નામકર્મની ૯૦ની સત્તા થાય છે. પરંતુ યથ:નામકર્મ માટે સામે કોઈ પ્રકૃતિ પતદ્ગ્રહ રૂપે ન હોવાથી યશનામકર્મનો સંક્રમ થતો નથી. તેથી સત્તા ૯૦ની, પણ સંક્રમ ૮૯નો હોય છે. આ જ જીવને નવમા દસમા ગુણઠાણે તીર્થંકરનામકર્મની સત્તા ન હોય તો સત્તા ૮૯ની પરંતુ સંક્રમ યશનામકર્મ વિના ૮૮નો હોય છે.

તથા ૯૫ની સત્તાવાળો જીવ જ્યારે એકેન્દ્રિયમાં જાય અને વૈક્રિય એકાદશની ઉદ્વલના કરે. તેમાં પ્રથમ દેવદ્વિક અથવા નરકદ્વિકની ઉદ્વલના કરે ત્યારે ૯૩ની સત્તા અને ૯૩નો સંક્રમ હોય છે. પરંતુ ત્યારબાદ વૈક્રિય સપ્તક અને શેષદ્વિક એમ ૯ની ઉદ્વલના કરે ત્યારે ૮૪ની સત્તા અને ૮૪નો સંક્રમ હોય છે. તે ૮૪ની સત્તાવાળો આત્મા તેઉકાય અને વાઉકાયમાં જાય ત્યારે મનુષ્યદ્વિકની ઉદ્વલના કરે છે ત્યારે ૮૨ની સત્તા અને ૮૨નો સંક્રમ હોય છે.

અથવા ૯૬ની સત્તાવાળા આત્માને નામકર્મની ૧૩ પ્રકૃતિઓનો (તથા દર્શનાવરણીય કર્મની થિણદ્ધિત્રિક એમ ૧૬ પ્રકૃતિઓનો) ક્ષય થાય. ત્યારે સત્તા ૮૩ની પરંતુ સંક્રમ યશનામકર્મ વિના ૮૨નો હોય છે.

આ જ ૮૨માંથી જેને તીર્થંકરનામકર્મ બાંધ્યુ જ નથી. જેથી સત્તા નથી એવા જીવને ૮૧નો સંક્રમ થાય છે. આ પ્રમાણે નામકર્મમાં ૧૦૩, ૧૦૨, ૧૦૧, ૯૬, ૯૫, ૯૪, ૯૩, ૮૯, ૮૮, ૮૪, ૮૨, ૮૧ એમ કુલ ૧૨ સંક્રમસ્થાનો હોય છે. ॥૨૩॥

*હવે પતદ્ગ્રહ સ્થાનો સમજાવે છે :-*

**तेवीसा पणवीसा, छव्वीसा अट्ठवीसिगुणतीसा ।**
**तीसेगतीसेक्का वि य, पडिग्गहा अट्ठ णामस्स ॥ २४ ॥**

**ગાથાર્થ :-** ૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ૧ એમ નામકર્મનાં ૮ પતદ્ગ્રહ સ્થાનો છે. ॥૨૪॥

**વિવેચન :-** નામકર્મનાં ૮ બંધસ્થાનક છે અને જે આઠ બંધ સ્થાનક છે. તે જ આઠ પતદ્ગ્રહસ્થાનક છે. જે પ્રકૃતિ બંધાતી હોય છે. તે જ પ્રકૃતિ પતદ્ગ્રહ બને છે. ॥૨૪॥

*હવે કયુ કયુ સંક્રમસ્થાનક કયા કયા પતદ્ગ્રહ સ્થાનમાં સંક્રમિત થાય છે. તે વિષય સમજાવે છે :-*

**एक्कगदुगसय पणचउणउई ता तेरसूणिया वा वि ।**
**परभवियबंधवुच्छेय उवरि सेढिइ इक्कम्मि ॥ २५ ॥**

**ગાથાર્થ :-** પરભવ સંબધી બંધ વિચ્છેદ પામ્યા પછી બન્ને પ્રકારની શ્રેણિમાં એકના પતદ્ગ્રહમાં <u>૧૦૧</u>,૧૦૨,૯૫,<u>૯૪</u> તથા તેમાંથી તેર ન્યુન કરીએ તે <u>૮૮</u>,૮૯,૮૨,<u>૮૧</u> એમ આઠ સંક્રમ સ્થાનો હોય છે. ॥ ૨૫ ॥

**વિવેચન :-** ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિ એમ બન્ને પ્રકારની શ્રેણિમાં આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ પછી એટલે કે સાતમા ભાગથી એક યશનામકર્મ જ બંધાય છે. તે માટે તે પ્રકૃતિ પતદ્ગ્રહ રૂપ જ બને છે. પરંતુ બીજી નામકર્મની કોઈ પ્રકૃતિ બંધાતી ન હોવાથી તે યશનામકર્મનો સંક્રય થતો નથી. કારણ કે તેના સંક્રમના આધારભૂત નામકર્મની બીજી કોઈપણ પ્રકૃતિ સામે બંધાતી નથી. તે માટે ત્યારે ત્યાં ૧નો પતદ્ગ્રહ થાય છે.

ઉપશમશ્રેણિમાં આરોહણ કરનારા જીવોમાં ૧૦૩, ૧૦૨, ૯૬ અને ૯૫ એમ ચાર સત્તાસ્થાનક હોય છે. તેમાંથી યશનામકર્મનો સંક્રમ ન થવાથી તેના વિના શેષનામકર્મની સર્વપ્રકૃતિઓનો સંક્રમ બંધાતા એવા યશનામકર્મમાં થાય છે.

ત્યાં ૧૦૩ની સત્તાવાળા જીવને યશનામકર્મ વિના ૧૦૨નો સંક્રમ ૧ના પતદ્ગ્રહમાં થાય છે. તે જ પ્રમાણે ૧૦૨ની સત્તાવાળા જીવને યશનામકર્મ વિના ૧૦૧નો સંક્રમ ૧ના પતદ્ગ્રહમાં થાય છે. આહારક સપ્તક વિના ૯૬ની સત્તાવાળા જીવને યશનામકર્મ વિના ૯૫નો સંક્રમ ૧ના પતદ્ગ્રહમાં થાય છે અને ૯૫ની સત્તાવાળા જીવને તે યશનામકર્મ વિના ૯૪નો સંક્રમ ૧ના પતદ્ગ્રહમાં થાય છે. આ રીતે વિચારતાં ઉપશમશ્રેણિમાં :-

| | | |
|---|---|---|
| ૧૦૩ ની સત્તાવાળાને | ૧૦૨નો સંક્રમ | ૧ ના પતદ્ગ્રહમાં થાય છે. |
| ૧૦૨ ની સત્તાવાળાને | ૧૦૧નો સંક્રમ | ૧ ના પતદ્ગ્રહમાં થાય છે. |
| ૯૬ ની સત્તાવાળાને | ૯૫નો સંક્રમ | ૧ ના પતદ્ગ્રહમાં થાય છે. |
| ૯૫ ની સત્તાવાળા જીવને | ૯૪નો સંક્રમ | ૧ ના પતદ્ગ્રહમાં થાય છે. |

તથા ક્ષપકશ્રેણિમાં નામકર્મની ૧૩ તથા થિણદ્ધિત્રિક એમ કુલ ૧૬ કર્મપ્રકૃતિઓની સત્તાનો ક્ષય ન કરે ત્યાં સુધી ઉપર પ્રમાણે જ ૧ ના પતદ્ગ્રહમાં ૧૦૨, ૧૦૧, ૯૫ અને ૯૪નો સંક્રમ થાય થાય છે. પરંતુ નવમા ગુણસ્થાનકે આવ્યા પછી ૧૬ પ્રકૃતિઓની સત્તાનો જ્યારે ક્ષય થાય છે. ત્યારથી આગળ આ ૧૬ પ્રકૃતિમાં ૧૩ નામકર્મની જ હોવાથી તે ૧૩ની સત્તા નથી તે માટે તે ૧૩નો સંક્રમ પણ સંભવતો નથી. આ રીતે સંક્રમમાં તે ૧૩ની બાદબાકી થાય છે એટલે -

| | | | |
|---|---|---|---|
| ૧૦૩ ની સત્તાવાળાને | ૯૦ ની સત્તા | ૮૯ નો સંક્રમ | ૧ ના પતદ્ગ્રહમાં થાય છે. |
| ૧૦૨ ની સત્તાવાળાને | ૮૯ ની સત્તા | ૮૮ નો સંક્રમ | ૧ ના પતદ્ગ્રહમાં થાય છે. |
| ૯૬ ની સત્તાવાળાને | ૮૩ ની સત્તા | ૮૨ નો સંક્રમ | ૧ ના પતદ્ગ્રહમાં થાય છે. |
| ૯૫ ની સત્તાવાળાને | ૮૨ ની સત્તા | ૮૧ નો સંક્રમ | ૧ ના પતદ્ગ્રહમાં થાય છે. |

આ રીતે વિચારણા કરતાં ૧ ના પતદ્ગ્રહમાં ઉપશમશ્રેણિમાં સર્વત્ર અને ક્ષપકશ્રેણિમાં ૧૩નો ક્ષય ન થાય ત્યાં સુધી ૧૦૨, ૧૦૧, ૯૫ અને ૯૪ એમ કુલ (૪) ચાર સંક્રમ સ્થાનો હોય છે તથા માત્ર ક્ષપકશ્રેણિમાં જ ૧૩નો ક્ષય કર્યા પછી આ જ ચારે પ્રકારના જીવોને ૮૯,૮૮,૮૨ અને ૮૧ એમ બીજા ચાર સંક્રમસ્થાનો હોય છે. આમ સમજવું. બન્નેનો સાથે વિચાર કરતાં ૧ ના પતદ્ગ્રહસ્થાનમાં ૧૦૨, ૧૦૧, ૯૫, ૯૪, ૮૯, ૮૮, ૮૨ અને ૮૧ એમ કુલ (૮) આઠ સંક્રમસ્થાનો હોય છે. આમ સમજવું. ॥૨૫॥

***અવતરણ : નામકર્મનાં ૮ બંધસ્થાનકમાં છેલ્લેથી ૧ ના બંધસ્થાનકના કાળે ૧ ના પતદ્ગ્રહસ્થાનમાં ૮ સંક્રમસ્થાનો થાય છે. આ વાત ઉપર કહ્યા પ્રમાણે સમજાવીને હવે ૩૧ના પતદ્ગ્રહમાં કેટલાં સંક્રમસ્થાનો પ્રાપ્ત થાય છે. તે વાત ગ્રંથકારશ્રી હવે સમજાવે છે.***

**तिगदुगसय छप्पंचगणउई य जइस्स एक्कतीसाए ।**
**एगंतसेढिजोगे, वज्जिय तीसिगुणतीसासु ॥ २६ ॥**

**ગાથાર્થ :-** (૩૧ના) એકત્રીસના પતદ્ગ્રહમાં ૧૦૩, ૧૦૨, ૯૬ અને ૯૫ એમ કુલ ૪ સંક્રમસ્થાનો હોય છે. તથા (૩૦-૨૯) ત્રીસ અને ઓગણત્રીસના પતદ્ગ્રહમાં એકાન્તે શ્રેણિયોગ્ય સંક્રમસ્થાનોને ત્યજીને બાકીનાં સર્વે પણ સંક્રમસ્થાનો સંભવે છે. ॥૨૬॥

**વિવેચન :-** નામકર્મમાં ૧ ના પતદ્ગ્રહમાં ૮ સંક્રમસ્થાનો હોય છે. આ વાત સમજાવીને હવે ૩૧ અને ૩૦ તથા ૨૯ના પતદ્ગ્રહમાં કયા કયા અને કેટલાં કેટલાં સંક્રમસ્થાનો મળી શકે છે. તેનુ ચિત્ર ગ્રંથકારશ્રી આ ગાથામાં રજુ કરે છે.

ત્યાં પ્રથમ ૩૧ના પતદ્ગ્રહમાં ૧૦૩, ૧૦૨, ૯૬ અને ૯૫ એમ કુલ ૪ સંક્રમસ્થાનો હોઈ શકે છે. તેની વિગત આ પ્રમાણે છે.

૩૧ ના પતદ્ગ્રહવાળા જીવને આહારકદ્વિક અને જિનનામકર્મ નિરંતર બંધાતુ હોવાથી તેમાં શેષ નામકર્મની પ્રકૃતિઓનો (જે સત્તામાં હોય તેનો) અવશ્ય સંક્રમ થાય છે. તે માટે ૩૧ના પતદ્ગ્રહમાં ૧૦૩ની સત્તાવાળા જીવને ૧૦૩નો સંક્રમ સુખે સુખે પ્રાપ્ત થાય છે.

પરંતુ જિનનામકર્મ જે જીવે હમણાં જ બાંધવા લીધું છે. તેવા જીવને અર્થાત્ જિનનામકર્મના બંધની પ્રથમ આવલિકામાં વર્તતા જીવને બંધ ૩૧નો હોવાથી પતદ્ગ્રહ ૩૧નો હોય છે. પરંતુ સત્તા ૧૦૩ની હોવા છતાં પણ જિનનામકર્મની બંધાવલિકા ચાલુ હોવાથી બંધાવલિકા પસાર થઈ ગયેલી અર્થાત સમાપ્ત થયેલી ન હોવાથી અને ત્યાં જિનનામકર્મનો સંક્રમ થતો ન હોવાથી સત્તા ૧૦૩ની પણ સંક્રમ ૧૦૨નો ૩૧ ના પતદ્ગ્રહમાં થાય છે.

આ જ પ્રમાણે જે જીવે જિનનામકર્મ વહેલું બાંધવા પ્રારંભેલું છે. તેથી બંધાવલિકા સમાપ્ત થઈ ગઈ છે. પરંતુ આહારકદ્વિક હમણાં જ બાંધવા લીધું છે અર્થાત્ તેની બંધાવલિકા પસાર થઈ નથી. પણ ચાલુ જ છે. તેવા જીવને સત્તા ૧૦૩ની, પણ સંક્રમ આહારક સપ્તકની સત્તા ચાલુ હોવા છતાં બંધાવલિકા ચાલુ હોવાથી તેનો સંક્રમ ન થતો હોવાથી આવા જીવને બંધ ૩૧નો, સંક્રમ ૯૬નો, અને પતદ્ગ્રહ ૩૧નો પણ સત્તા ૧૦૩ની હોય છે. આ રીતે આહારક સપ્તકની બંધાવલિકામાં વર્તતા જીવને ૩૧ના પતદ્ગ્રહમાં ૯૬નો સંક્રમ સંભવી શકે છે.

આ જ પ્રમાણે જે જીવે આહારકદ્વિક અને જિનનામકર્મ આ બન્ને પ્રકૃતિઓ હમણાં જ બાંધવા લીધી છે. તે બન્નેના બંધની પ્રથમ આવલિકામાં વર્તતા જીવને બંધની પ્રથમ આવલિકા ચાલતી હોય ત્યાં સુધી આહારક સપ્તક અને તીર્થંકરનામકર્મ સત્તામાં હોવા છતાં પણ તેનો સંક્રમ ન થતો હોવાથી ૩૧ના પતદ્ગ્રહમાં ૯૫નો સંક્રમ થાય છે. આ પ્રમાણે લાંબી વિચારણા કરતાં.

(૧) ૧૦૩ની સત્તાવાળાને આહારક સપ્તક અને જિનનામના બંધની બંધાવલિકા સમાપ્ત થયા બાદ ૧૦૩ની સત્તા, ૧૦૩નો સંક્રમ અને ૩૧નો બંધ તથા ૩૧નો પતદ્ગ્રહ હોય છે.

(૨) ૧૦૩ની સત્તાવાળા જીવને જિનનામકર્મની બંધાવલિકા ચાલતી હોય પણ સમાપ્ત ન થઈ હોય તેવા જીવને ૧૦૩ની સત્તા, ૧૦૨નો સંક્રમ, ૩૧નો બંધ અને ૩૧નો પતદ્ગ્રહ હોય છે.

(૩) ૧૦૩ની સત્તાવાળા જીવને જિનનામકર્મની બંધાવલિકા સમાપ્ત થઈ ગઈ હોય. પરંતુ આહારક સપ્તકની બંધાવલિકા ચાલતી હોય તેવા જીવને ૧૦૩ની સત્તા, ૯૬નો સંક્રમ, ૩૧નો બંધ અને ૩૧નો પતદ્ગ્રહ થાય છે.

(૪) ૧૦૩ની સત્તાવાળા જીવને આહારક સપ્તક અને જિનનામકર્મ એમ બન્નેની બંધાવલિકા

જ ચાલતી હોય તેવા જીવને ૧૦૩નો સત્તા, ૯૫નો સંક્રમ, ૩૧નો બંધ અને ૩૧નો સંક્રમ હોય છે.

આ પ્રમાણે ૩૧ના પતદ્ગ્રહ સ્થાનમાં ૧૦૩, ૧૦૨, ૯૬ અને ૯૫ એમ કુલ ૪ સંક્રમ સ્થાનો પ્રાપ્ત થાય છે. એકના પતદ્ગ્રહમાં તથા ૩૧ના પતદ્ગ્રહમાં કેટલાં કેટલાં અને કયાં કયાં સંક્રમસ્થાનો સંભવે છે. તે વિગતવાર સમજાવીને હવે ૩૦ના પતદ્ગ્રહમાં અને ૨૯ના પતદ્ગ્રહમાં કેટલાં કેટલાં અને કયાં કયાં સંક્રમસ્થાનો સંભવે છે. તે વાત સ્પષ્ટપણે ગ્રંથકારશ્રી સમજાવે છે.

**૩૦ના પતદ્ગ્રહસ્થાનમાં**

એકાન્તે શ્રેણિને યોગ્ય (એટલે કે શ્રેણિમાં જ આવવાવાળા) એવાં સંક્રમસ્થાનોને વર્જીને બાકીનાં બધાં જ સંક્રમસ્થાનો આ ૩૦ના પતદ્ગ્રહસ્થાનમાં સંભવે છે. ૧૦૩, ૧૦૨, ૧૦૧, ૯૬, ૯૫, ૯૪, ૯૩, ૮૯, ૮૮, ૮૪, ૮૨ અને ૮૧ એમ કુલ ૧૨ નામકર્મનાં સંક્રમ સ્થાનો છે.

આ ૧૨ સંક્રમસ્થાનોમાં ૧૦૧, ૯૪, ૮૯ અને ૮૮ તથા ૮૧ આ પાંચ સંક્રણસ્થાનો શ્રેણિમાં જ સંભવે છે. ત્યાં કેવળ એકલા યશનામકર્મનો જ બંધ હોવાથી ૧નો જ પતદ્ગ્રહ હોય છે. પરંતુ ૩૦-૨૯ના પતદ્ગ્રહ હોતા નથી. તે માટે ૩૦ અને ૨૯ના પતદ્ગ્રહસ્થાનમાં આ પાંચ સંક્રમસ્થાનો સંભવતાં નથી. તે માટે તે પાંચને વર્જીને બાકીનાં ૧૦૩, ૧૦૨, ૯૬, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ એમ કુલ (૭) સાત સંક્રમ સ્થાનો હોય છે. આ વાતનું વધારે સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે :-

૩૦નું બંધ સ્થાનક દેવ પ્રાયોગ્ય, મનુષ્ય પ્રાયોગ્ય અને પંચેન્દ્રિય તિર્યંચપ્રાયોગ્ય તથા વિકલેન્દ્રિય પ્રાયોગ્ય એમ ચાર પ્રકારે છે ત્યાં (૧) દેવપ્રાયોગ્ય ૩૦ના બંધમાં આહારકદ્વિક બંધાય છે. પણ જિનનામકર્મ બંધાતું નથી. આહારકદ્વિક આ ૨૯ના બંધમાં હોવાથી તેનો બંધ કરનારા અપ્રમત્ત મુનિ મહાત્માઓ જ હોય છે.

(૨) મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ના બંધમાં તીર્થંકરનામકર્મ બંધાય છે. પણ આહારકદ્વિક બંધાતું નથી તથા તીર્થંકરનામકર્મ બંધાતું હોવાથી આ બંધના સ્વામી માત્ર સમ્યગ્દષ્ટિ દેવો અને સમ્યગ્દષ્ટિ નારકીના જીવો જ જાણવા.

(૩) પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૩૦નો બંધ આહારકદ્વિક અને તીર્થંકર નામકર્મના બંધ વિનાનો છે. પણ ઉદ્યોત નામકર્મના બંધવાળો છે. તેના બંધના સ્વામી ચારે ગતિના મિથ્યાદષ્ટિ અને સાસ્વાદનગુણસ્થાનકવર્તી જીવો છે.

(૪) તથા વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૩૦નો બંધ પણ ઉદ્યોત નામકર્મ સહિત છે. તેના બંધના સ્વામી મિથ્યાદષ્ટિ તિર્યંચ અને મનુષ્યો છે.

હવે આ ચારે પ્રકારના ૩૦ના (બંધસ્થાનકમાં) અર્થાત્ પતદ્ગ્રહ સ્થાનકમાં કયાં કયાં સંક્રણસ્થાનો હોય ? તેનો આપણે વિચાર કરીએ.

(૧) ત્યાં સૌથી પ્રથમ આહારકદ્વિકના બંધ સહિત દેવપ્રાયોગ્ય ૩૦નો બંધ કરતા એવા સંયમી મનુષ્યોને આ ૩૦ના બંધમાં તીર્થંકરનામકર્મનો બંધ ન હોવાથી ૩૦ના પતદ્ગ્રહમાં ૧૦૨નો સંક્રમ મળી શકે છે. પરંતુ ધારો કે આવા સંયમી મનુષ્યોએ આહારદ્વિક હમણાં જ બાંધવાનું શરૂ કર્યું હોય તો તેવા જીવોને આહારદ્વિકના બંધનો પ્રથમ આવલિકાનો કાળ ચાલતો હોય ત્યારે આ પ્રથમ આવલિકામાં તેનો સંક્રમ ન હોવાથી ૯૫નો સંક્રમ પણ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે દેવપ્રાયોગ્ય આહારકદ્વિક સહિત ૩૦ બાંધતા સંયમી મનુષ્યોને બંધની પ્રથમ આવલિકા હોય ત્યારે ૩૦નો બંધ, ૩૦નો પતદ્ગ્રહ ૧૦૨ની સત્તા પરંતુ આહારક સપ્તકની બંધાવલિકા હોવાથી સંક્રમ ૯૫નો હોય છે.

પ્રથમ આવલિકા પસાર થઈ જાય ત્યારબાદ સંયમી આ જ મનુષ્યોને દેવપ્રાયોગ્ય ૩૦નો બંધ, ૩૦નો જ પતદ્ગ્રહ, ૧૦૨ની સત્તા, અને ૧૦૨નો સંક્રમ થાય છે. આ પ્રમાણે દેવ પ્રાયોગ્ય ૩૦ના બંધે ૩૦ના પતદ્ગ્રહમાં ૯૫ અને ૧૦૨નો સંક્રમ હોય છે.

(૨) હવે મનુષ્ય પ્રાયોગ્ય જે ૩૦નો બંધ છે. તે તીર્થંકરનામકર્મ યુક્ત હોવાથી તેને બાંધનારા સમ્યગ્દષ્ટિ દેવો અને નારકી જ માત્ર હોય છે. ત્યાં દેવોને આ ૩૦ના બંધે ૩૦નો પતદ્ગ્રહ અને જેણે પૂર્વ મનુષ્યના ભવમાં આહારકદ્વિક બાંધ્યું છે. તેવા જીવને ૧૦૩ની સત્તા તથા ૧૦૩નો સંક્રમ હોય છે. તથા જેઓએ આહારદ્વિક બાંધ્યું નથી તેઓને ૯૬ની સત્તા હોય છે. તથા મનુષ્ય પ્રાયોગ્ય જિનનામકર્મ સાથે આ જ ૩૦ પ્રકૃતિ બાંધતા નારકીના જીવોને (જે જીવોએ મનુષ્યના ભવમાં પૂર્વે આહારકસદ્વિક ન બાંધ્યું હોય તથા નરકનું આયુષ્ય બાંધ્યું હોય તેવો મનુષ્ય અવિરત સમ્યગ્દષ્ટિ થઈને નારકી થાય તો તેવા નારકીના જીવને મનુષ્યપ્રાયોગ્ય ૩૦ના બંધે ૩૦નો પતદ્ગ્રહ અને ૯૬ની સત્તા તથા ૯૬નો સંક્રમ હોય છે.

તથા પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય તથા વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૩૦ના બંધે ૩૦નો પતદ્ગ્રહ હોય છે ત્યારે જે જીવોએ પૂર્વભવમાં આહારકદ્વિક બાંધ્યું હોય અને તેની સત્તા હોય તેવા જીવોને ૧૦૨ની સત્તા અને ૧૦૨નો સંક્રમ હોય છે અને જે જીવોએ પૂર્વભવમાં આહારકદ્વિક બાંધ્યું નથી તેવા જીવોને ૩૦નો બંધ, ૩૦નો પતદ્ગ્રહ ૯૫ની સત્તા અને ૯૫નો સંક્રમ હોય છે.

તથા આવા પ્રકારનો ૩૦નો બંધ કરતા કેટલાક જીવોને ૯૩, ૮૪ અને ૮૨ની પણ સત્તા હોય છે. તેવા જીવોને ૯૩, ૮૪ અને ૮૨ની સત્તા અને ૯૩, ૮૪ અને ૮૨નો સંક્રમ જાણવો તથા તિર્યંચ પંચેન્દ્રિય પ્રાયોગ્ય અને વિકલેન્દ્રિ પ્રાયોગ્ય ૩૦નો બંધ કરતા મનુષ્યોને ૧૦૨, ૯૫, ૯૩ અને ૮૪ એમ ચાર જ સત્તાસ્થાન અને ચાર જ સંક્રમસ્થાન જાણવાં.

આ પ્રમાણે ૩૦ના બંધે ૩૦ના પતદ્ગ્રહમાં સર્વ જીવોની અપેક્ષાએ ૧૦૩, ૧૦૨, ૯૬, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ એમ કુલ ૭ સત્તાસ્થાન અને આ જ સાત સંક્રમસ્થાન હોય છે.

**હવે ૨૯ના પતદ્ગ્રહમાં :-**

૨૯નો પતદ્ગ્રહ નામકર્મમાં (૧) દેવપ્રાયોગ્ય, (૨) મનુષ્યપ્રાયોગ્ય, (૩) પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય અને (૪) વિકલેન્દ્રિય પ્રાયોગ્ય એમ ૪ પ્રકારે હોય છે. ત્યાં પણ ૧૦૩, ૧૦૨, ૯૬, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ એમ કુલ સાત સંક્રમસ્થાનો હોય છે. તેનું વધારે સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે.

(૧) દેવગતિ પ્રાયોગ્ય ૨૯નો બંધ તીર્થંકરનામકર્મ સહિત છે. તેથી તેનો બંધ કરનારા સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો જ માત્ર હોય છે. કારણ કે દેવ અને નારકીના જીવો દેવ પ્રાયોગ્ય બંધ કરે નહી અને તિર્યંચગતિના જીવો તથા મિથ્યાદૃષ્ટિ મનુષ્યો દેવપ્રાયોગ્ય બંધ તો કરે. પરંતુ તીર્થંકરનામકર્મ ન બાંધે. માત્ર દેવપ્રાયોગ્ય ૨૮ જ બાંધે. તેથી આ સર્વ જીવોને ત્યજીને કેવળ એકલા સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો જ આ ૨૯ના બંધક છે. તેથી તીર્થંકરનામકર્મ સહિત દેવપ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિ બાંધતા એવા સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોને ૧૦૩ અને ૯૬ એમ બે જ સત્તાસ્થાનક અને આ જ બે સંક્રમ સ્થાનક સંભવે છે.

(૨) મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિઓનો બંધ કરનારા દેવ-નારકી પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય, વિકલેન્દ્રિય અને એકેન્દ્રિય એમ (તેઉકાય અને વાઉકાય તથા સાતમી નારકી વિના) સર્વ જીવો હોય છે. આ બધા જ જીવોમાં યથા યોગ્ય પણે લગભગ ૧૦૨, ૯૫, ૯૩ અને ૮૪ એમ ચાર સત્તાસ્થાન અને ચાર સંક્રમ સ્થાન હોય છે. ત્યાં દેવ-નારકીના જીવોને ૧૦૨ અને ૯૫ તથા મનુષ્યોને - પંચેન્દ્રિય તિર્યંચોને, વિકલેન્દ્રિયને અને પૃથ્વીકાય અપ્કાય તથા વનસ્પતિકાયના જીવોને ચારે સત્તા સ્થાન અને ચારે સંક્રણસ્થાન સંભવે છે.

(૩) પંચેન્દ્રિય તિર્યંચ્ચ પ્રાયોગ્ય તથા વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૯ના બંધે ૨૯નો પતદ્ગ્રહ અને ૧૦૨, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ આ પાંચમાંથી યથાયોગ્ય પાંચ સત્તાસ્થાનો અને આ જ પાંચમાંથી યથાયોગ્ય સંક્રમસ્થાનો હોય છે.

આ પ્રમાણે ૨૯ના બંધે ૨૯ના પતદ્ગ્રહમાં કુલ ૭ સંક્રમસ્થાનો હોય છે. સાર એ છે કે એકાન્તે શ્રેણિયોગ્ય સ્થાનોને વર્જીને શેષ ૧૦૩, ૧૦૨, ૯૬, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ એમ કુલ ૭ સત્તાસ્થાનો અને સાત સંક્રમસ્થાનો હોય છે. ॥૨૬॥

***અવતરણ :** હવે બાકી રહેલા ૨૮-૨૬-૨૫ અને ૨૩ એમ નામકર્મનાં આ ચાર પતદ્ગ્રહસ્થાનોમાં કેટલાં કેટલાં અને કયાં કયાં સંક્રમસ્થાનો હોય ? તે વાત આ ગાથામાં સમજાવે છે.*

**अट्ठावीसाए ते बासीई तिसयवज्जिया पंच ।**
**तेच्चिय बासीइजुया सेसेसुं छन्नउइ य वज्जा ॥ २७ ॥**

**ગાથાર્થ :** ૨૮ના પતદ્ગ્રહમાં ઉપરોક્ત સાત સંક્રમ સ્થાનોમાંથી ૮૨ અને ૧૦૩ એમ બે વર્જીને શેષ પાંચ સંક્રમ સ્થાનો (૧૦૨, ૯૬, ૯૫, ૯૩ અને ૮૪) હોય છે. તથા આ જ પાંચ સંક્રમ સ્થાનોમાંથી ૯૬ના સ્થાનને વર્જીને અને ૮૨ના સ્થાનથી યુક્ત કરીએ તેવા (૧૦૨, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨) એમ કુલ પાંચ પાંચ સંક્રમસ્થાનો શેષ પતદ્ગ્રહ સ્થાનોમાં હોય છે. ॥૨૭॥

**વિવેચન :-** (૧) દેવગતિ પ્રાયોગ્ય ૨૮નો બંધ કરતા પંચેન્દ્રિય તિર્યંચોને અને મનુષ્યોને ૨૮નો પતદ્ગ્રહ હોય છે. તથા ૧૦૨ની સત્તાવાળાને ૧૦૨નું સંક્રમસ્થાન પ્રાપ્ત થાય છે તથા આહારકસપ્તકની સત્તા વિનાના જીવોને ૯૫ની સત્તા હોવાથી ૯૫નું સંક્રમસ્થાન પ્રાપ્ત થાય છે.

તથા એકેન્દ્રિયમાંથી આવેલા અને પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યમાં ઉત્પન્ન થયેલા જીવને દેવપ્રાયોગ્ય અથવા નરકપ્રાયોગ્ય ૨૮ બાંધતાં ૯૩ની સત્તા અને ૯૩નો સંક્રમ પણ હોઈ શકે છે. આ બંધમાં તીર્થંકરનામકર્મનો બંધ નથી. તેથી ૧૦૩ અને ૯૬નું સંક્રમસ્થાન સંભવતું નથી. આ પ્રમાણે દેવપ્રાયોગ્ય ૨૮ના બંધે ૨૮નો પતદ્ગ્રહ અને ૧૦૨, ૯૫ અને ૯૩ એમ કુલ ૩ સંક્રમસ્થાનો હોય છે.

(૨) તથા નરકગતિ પ્રાયોગ્ય ૨૮નો બંધ કરતા પંચેન્દ્રિય તિર્યંચોને તથા મનુષ્યોને ૧૦૨ની સત્તાવાળાને ૧૦૨નો સંક્રમ અને ૯૫ની સત્તાવાળાને ૯૫નો સંક્રમ થાય છે. તદુપરાન્ત ભૂતકાળમાં જે આત્માઓએ મિથ્યાત્વ ગુણસ્થાનકે નરકનું આયુષ્ય બાંધ્યું હોય, ત્યારબાદ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યુ હોય તેવો મનુષ્ય ધારો કે તીર્થંકરનામકર્મ બાંધનાર બન્યો. તેથી તીર્થંકરનામકર્મની સત્તાવાળો થયો. ત્યારબાદ મૃત્યુકાળ નજીક આવતાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ લઈને નરકમાં જવાતું ન હોવાથી તે સમ્યક્ત્વને વમીને મિથ્યાત્વે ગયો. આવો જીવ મૃત્યુ પામે તેની પૂર્વે એક અંતર્મુહૂર્ત સુધી નરકના ભવમાં જવાને યોગ્ય લેશ્યામાં વર્તતો હોય ત્યારે મિથ્યાત્વ ગુણસ્થાનકે જાય છે ત્યારે ત્યાં નરક પ્રાયોગ્ય ૨૮નો બંધ, ૨૮નો પતદ્ગ્રહ અને જિનનામકર્મની સત્તા હોવાથી તેની સાથે ૯૬ની સત્તા અને ૯૬નો સંક્રમ પણ પ્રાપ્ત થાય છે. (ઉભયની સત્તાવાળો જીવ મિથ્યાત્વે અને નરકમાં ન જતો હોવાથી ૧૦૩ની સત્તા અને ૧૦૩નો સંક્રમ કહ્યો નથી.)

આ પ્રમાણે ૨૮ના પતદ્ગ્રહમાં દેવપ્રાયોગ્યમાં ૧૦૨, ૯૫ અને૯૩ એમ ત્રણ તથા નરકપ્રાયોગ્યમાં ૧૦૨, ૯૫, ૯૩ અને ૯૬ એમ ચાર સંક્રમસ્થાનો સમજવાં.

હવે કોઈક જીવ એકેન્દ્રિયમાં જઈને વૈક્રિય એકાદશકની ઉદ્‌વલના કરીને ત્યાંથી મૃત્યુ પામીને પંચેન્દ્રિય તિર્યંચમાં અથવા મનુષ્યમાં આવ્યો. આવા જીવને વૈક્રિયસપ્તક, નરકદ્વિક અને દેવદ્વિક એમ ૧૧ પ્રકૃતિઓની ઉદ્‌વલના થયેલી હોવાથી નામકર્મની ૮૪ની સત્તા છે. તે જીવ પંચેન્દ્રિય તિર્યંચ અથવા મનુષ્યના ભવમાં આવીને સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તો થયો છતો દેવપ્રાયોગ્ય ૨૮ અથવા નરકપ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિઓ બાંધે ત્યારે વૈક્રિયસપ્તક અને દેવદ્વિક અથવા વૈક્રિયસપ્તક અને નરકદ્વિક એમ કુલ ૯ પ્રકૃતિઓની સત્તા વધવાથી ૯૩ની સત્તા થાય છે તેવા જીવને દેવપ્રાયોગ્ય અથવા નરકપ્રાયોગ્ય ૨૮ના બંધે બંધાવલિકા પસાર થયા બાદ ૯૩નો સંક્રમ પણ ૨૮ના પતદ્‌ગ્રહમાં હોઈ શકે છે.

તથા વૈક્રિયસપ્તક અને દેવદ્વિક એમ નવ પ્રકૃતિઓ જે જીવે બાંધી લીધી છે. તેવો ૯૩ની સત્તાવાળો જીવ પરિણામ પલટાવાથી ધારો કે નરકદ્વિક બાંધે તો બંધ ૨૮નો, સત્તા ૯૫ની પણ નરકદ્વિક હમણાં જ બાંધવા લીધુ હોવાથી તેની પ્રથમ એક આવલિકા વર્તતી હોય ત્યારે તે બંધાવલિકાવાળા કાળમાં નરકદ્વિકની સત્તા છે. પરંતુ બંધાવલિકા સકલકરણને માટે અયોગ્ય છે તે માટે તેનો સંક્રમ થતો નથી. તે માટે બંધ ૨૮નો, પતદ્‌ગ્રહ પણ ૨૮નો, અને સત્તા ૯૫ની પરંતુ સંક્રમ ૯૩નો જ થાય છે. નરકદ્વિકની બંધાવલિકા હોવાથી તેનો સંક્રમ થતો નથી.

આ જ પ્રમાણે એકેન્દ્રિયના ભવમાં જઈને ૮૪ની સત્તાવાળો બન્યા પછી તે એકેન્દ્રિયના ભવમાંથી પંચેન્દ્રિય તિર્યંચ અથવા મનુષ્યના ભવમાં આવીને સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તો થયો છતો ધારો કે પ્રથમ નરકપ્રાયોગ્ય બંધ કરીને ૯૩ની સત્તાવાળો થયો છતો ત્યારબાદ દેવ પ્રયોગ્ય બંધ કરે ત્યારે સત્તા ૯૫ની હોવા છતાં દેવપ્રાયોગ્ય બંધની પ્રથમ આવલિકા ચાલતી હોય ત્યારે દેવદ્વિકની સત્તા છે. પરંતુ બંધાવલિકા સકલકરણને માટે અયોગ્ય છે. તે માટે ત્યારે દેવદ્વિકનો સંક્રમ થતો નથી. તેથી ૨૮નો બંધ, ૨૮નો પતદ્‌ગ્રહ, સત્તા ૯૫ની પણ સંક્રમ ૯૩નો હોય છે.

તથા એકેન્દ્રિયમાં ૮૪ની સત્તાવાળો થયેલો જીવ એકેન્દ્રિયમાંથી નીકળીને પંચેન્દ્રિય તિર્યંચ મનુષ્યમાં આવે અને ત્યાં આવ્યા પછી સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તો થયો છતો જો નરકપ્રાયોગ્ય બંધ કરે તો વૈક્રિયસપ્તક અને નરકદ્વિક એમ ૯ની સત્તા વધતાં ૯૩ની સત્તાવાળો તે જીવ બંધાવલિકા બહાર આવ્યા પછી ૯૩નો સંક્રમ ૨૮ના પતદ્‌ગ્રહમાં કરે છે એવી જ રીતે ૮૪ની સત્તાવાળો એકેન્દ્રિયનો જીવ ત્યાંથી નીકળીને પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યના ભવમાં આવ્યો છતો ત્યાં આવ્યા પછી સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તો થયો છતાં જો દેવપ્રાયોગ્ય બંધ કરે તો પણ ૯૩ની સત્તા તથા ૯૩નો સંક્રમ ૨૮ના પતદ્‌ગ્રહમાં પ્રાપ્ત થાય છે.

હવે જે જીવ એકેન્દ્રિયના ભવમાં ગયો છે અને વૈક્રિય એકાદશની જેણે ઉદ્‌વલના કરી છે. તેવો ૮૪ની સત્તાવાળો બનેલો જે જીવ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચના ભવમાં અથવા મનુષ્યના ભવમાં આવીને સર્વપર્યાપ્તિએ પર્યાપ્તો થયો છતો દેવપ્રાયોગ્ય અથવા નરક પ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિઓ જ્યારે બાંધે છે. ત્યારે દેવપ્રાયોગ્ય બાંધનારા જીવને વૈક્રિયસપ્તક અને દેવદ્વિક એમ ૯ પ્રકૃતિઓની સત્તા વધવાથી ૯૩ની સત્તા થાય છે અથવા નરક પ્રાયોગ્ય બાંધનારા જીવને વૈક્રિય સપ્તક અને નરકદ્વિક એમ ૯ પ્રકૃતિઓની સત્તા વધવાથી પણ ૯૩ની સત્તા થાય છે.

આવા પ્રકારની ૯૩ની સત્તાવાળા જીવને પંચેન્દ્રિય તિર્યચના ભવમાં અથવા મનુષ્યના ભવમાં આવેલાને ૯ પ્રકૃતિઓની બંધાવલિકા જ્યારે વર્તતી હોય ત્યારે ૯૩ની સત્તા પણ સંક્રમ ૮૪નો જ પ્રાપ્ત થાય છે. ૯ પ્રકૃતિઓની બંધાવલિકા વર્તતી હોવાથી તેનો સંક્રમ થતો નથી માટે ૨૮નો બંધ, ૨૮નો પતદ્‌ગ્રહ, ૯૩ની સત્તા, પરંતુ સંક્રમ ૮૪નો જ થાય છે.

આ પ્રમાણે ૨૮ના પતદ્‌ગ્રહમાં કુલ ૧૦૨, ૯૬, ૯૫, ૯૩ અને ૮૪ એમ કુલ પાંચ સંક્રમસ્થાનો પ્રાપ્ત થાય છે.

**૨૬-૨૫ અને ૨૩ના પતદ્‌ગ્રહમાં :-**

હવે ૨૬-૨૫ અને ૨૩ના પતદ્‌ગ્રહમાં તીર્થંકરનામકર્મવાળાં ૧૦૩ અને ૯૬નાં સંક્રમસ્થાનો વર્જીને બાકીનાં ૧૦૨, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ એમ કુલ પાંચ સંક્રમસ્થાનો હોય છે. ત્યાં ઉદ્યોત અથવા આતમ સાથે એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૬નો બંધ કરતા એવા (નારકી વિનાના) સર્વ જીવોને ૨૬ના પતદ્‌ગ્રહમાં ૧૦૨ની સત્તાવાળાને ૧૦૨નો સંક્રમ અને ૯૫ની સત્તા વાળાને ૯૫નો સંક્રમ હોય છે.

તથા એકેન્દ્રિયના ભવમાં આવીને વૈક્રિય એકાદશની ઉદ્‌વલના કરનારો જીવ ૮૪ની સત્તાવાળો થઈને પંચેન્દ્રિય તિર્યંચ અથવા મનુષ્યના ભવમાં આવે અને દેવપ્રાયોગ્ય અથવા નરકપ્રાયોગ્ય બંધ કરે ત્યારે તેવો જીવ ૯૩ની સત્તાવાળો થાય.

ત્યારબાદ એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૬નો બંધ કરે તેવા પરિણામ વાળો થાય. તેવા જીવને ૨૬નો બંધ છે. તે માટે ૨૬નો પતદ્‌ગ્રહ હોય છે અને ૯૩ની સત્તા છે. તથા વૈક્રિયાદિ નવની બંધાવલિકા પસાર થઈ ગયેલી છે. તે માટે ૯૩નો સંક્રમ હોય છે.

તથા એકેન્દ્રિયના જ ભવમાં રહેલા જીવોને વૈક્રિય એકાદશની ઉદ્‌વલના કર્યા પછી ૮૪ની સત્તા હોય ત્યારે એકેન્દ્રિયના જ ભવમાં અથવા ત્યાંથી નીકળીને પંચેન્દ્રિય તિર્યંચના ભવમાં અથવા વિકલેન્દ્રિયના ભવમાં ગયેલા જીવને એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૬ પ્રકૃતિઓ

બાંધતા જીવને ૮૪ની સત્તા અને ૮૪નો જ સંક્રય ૨૬ના પતદ્ગ્રહમાં હોય છે. તથા તેઉકાય અને વાઉકાયના ભવમાં ગયેલા જીવને ૮૨ ની સત્તા અને એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૬ બાંધતાં ૮૨ નો સંક્રમ પણ હોય છે.

આ પ્રમાણે ૨૬ ના પતદ્ગ્રહમાં ૧૦૨, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ એમ પાંચ સંક્રમસ્થાનો હોય છે.

૨૫ના પતદ્ગ્રહમાં એકેન્દ્રિય પ્રાયોગ્ય, પંચેન્દ્રિય અપર્યાપ્તા તિર્યંચ પ્રાયોગ્ય તથા અપર્યાપ્તા વિકલેન્દ્રિય પ્રાયોગ્યમાં તો ૨૬ના પતદ્ગ્રહની જેમ જ જાણવું. અર્થાત્ પાંચ સંક્રમસ્થાન જાણવાં. પરંતુ અપર્યાપ્તા મનુષ્યપ્રાયોગ્ય ૨૫ના બંધમાં ૨૫નો પતદ્ગ્રહ હોય છે. ત્યાં તેઉકાય અને વાઉકાય વિનાના એકેન્દ્રિય જીવો, વિકલેન્દ્રિય જીવો, સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચના જીવો તથા મનુષ્યના જીવોમાં જે જીવોને ૧૦૨ની સત્તા હોય તેઓને ૧૦૨નો સંક્રમ અને જે જીવોને ૯૫ની સત્તા હોય તેઓને ૯૫નો સંક્રમ, જે જીવોને ૯૩ની અને ૮૪ની સત્તા હોય તેઓને ૯૩નો અને ૮૪ના સંક્રમ હોય છે. મનુષ્ય પ્રાયોગ્ય બંધ હોવાથી મનુષ્યદ્વિક અવશ્ય સત્તામાં હોય છે. તેથી અવશ્ય સંક્રમ પણ હોય જ છે. માટે સામાન્યપણે ૧૦૨, ૯૫, ૯૩ અને ૮૪ એમ કુલ ચાર જ સંક્રમસ્થાનો પ્રાપ્ત થાય છે.

પરંતુ અપર્યાપ્તા મનુષ્ય પ્રાયોગ્ય ૨૫ પ્રકૃતિના બંધમાં તેઉકાય અને વાઉકાયમાંથી આવેલા ૮૨ની સત્તાવાળા જીવોને વિકલેન્દ્રિયના ભવમાં પૃથ્વીકાય અપ્કાય વનસ્પતિકાયના ભવમાં અથવા પંચેન્દ્રિય તિર્યંચના ભવમાં આવીને મનુષ્ય પ્રાયોગ્ય બંધ કરે ત્યારે પ્રથમ આવલિકામાં વર્તતો જીવ હોય ત્યારે મનુષ્યપ્રાયોગ્ય ૨૫ના બંધે પ્રથમની એક આવલિકામાં મનુષ્યદ્વિકનો બંધ ચાલુ હોવાથી સત્તા ૮૪ની પરંતુ પ્રથમ આવલિકા સકલ કરણને માટે અયોગ્ય છે. તેથી સંક્રમ ૮૨નો હોય છે અને પતદ્ગ્રહ ૨૫નો હોય છે. આ પ્રમાણે ૨૫ ના પતદ્ગ્રહમાં પણ પાંચ સંક્રમ સ્થાનો થાય છે.

૨૩ના પતદ્ગ્રહમાં પણ ૧૦૨, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ એમ કુલ પાંચ સંક્રમસ્થાનો હોય છે. ત્યાં આ ૨૩નો પતદ્ગ્રહ અપર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય છે. તેને બાંધતા એવા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચના જીવોને ૧૦૨, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ આ પાંચ સત્તાસ્થાનો અને આ પાંચ સંક્રમસ્થાનો હોય છે.

તથા અપર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરતા એવા મનુષ્યોને ૧૦૨, ૯૫, ૯૩ અને ૮૪ એમ ચાર સત્તા સ્થાનક તથા ચાર જ સંક્રમ સ્થાનો હોય છે.

આ પ્રમાણે નામકર્મનાં સંક્રમસ્થાનો તથા પતદ્ગ્રહસ્થાનો વિસ્તારપૂર્વક સમજાવ્યાં છે. છતાં તેનું સ્પષ્ટપણે સામાન્ય ચિત્ર આ પ્રમાણે છે.

આ પ્રમાણે આ ચિત્ર ઉપરથી અતિશય સ્પષ્ટપણે સંક્રમવિધિ જાણવી.

| નામકર્મનાં સંક્રમ સ્થાન અને પતદ્ગ્રહ સ્થાનનું ચિત્ર | | |
|---|---|---|
| ૧ના પતદ્ગ્રહ સ્થાનમાં | ૧૦૨, ૧૦૧, ૯૫, ૯૪ તથા ૮૯, ૮૮, ૮૨, ૮૧ એમ કુલ ૮ સંક્રમ સ્થાનો જાણવાં. | ઉપશમ શ્રેણિમાં પ્રથમનાં ચાર અને ક્ષપક શ્રેણિમાં ૧૬ પ્રકૃતિઓનો ક્ષય ન થાય ત્યાં સુધી પ્રથમનાં ૪ અને ૧૬ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી પાછળનાં ૪ એમ કુલ ૮ સંક્રમ સ્થાનો હોય છે. |
| ૩૧ના પતદ્ગ્રહ | ૧૦૩, ૧૦૨, ૯૬ અને ૯૫ એમ ચાર સંક્રમસ્થાનો હોય છે. | સામાન્યથી આહારકદ્વિક અને જિનનામ આ બન્નેની બંધાવલિકા પસાર થઈ હોય તેવા જીવને ૧૦૩, જિનનામકર્મની બંધાવલિકા પસાર થઈ ન હોય તેવા જીવને ૧૦૨, આહારકદ્વિકની બંધાવલિકા પસાર ન થઈ હોય તેવા જીવને ૯૬ અને બન્નેની બંધાવલિકા સમાપ્ત ન થઈ હોય તેવા જીવને ૯૫નું સંક્રમ સ્થાન હોય છે. |
| ૩૦ના પતદ્ગ્રહ સ્થાનમાં | ૧૦૩, ૧૦૨, ૯૬, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ એમ કુલ સાત સંક્રમ સ્થાનો હોય છે. | દેવપ્રાયોગ્ય ૩૦ના પતદ્ગ્રહમાં ૧૦૨, અને ૯૫ એમ બે સંક્રમસ્થાનો હોય છે. મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ના પસદ્ગ્રહમાં ૧૦૩ તથા ૯૬ એમ બે સ્થાનો હોય છે. પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય અને વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૩૦ના પતદ્ગ્રહમાં ૧૦૨, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ એમ પાંચ સંક્રમસ્થાનો હોય છે. |
| ૨૯ના પતદ્ગ્રહ સ્થાનમાં | ૧૦૩, ૧૦૨, ૯૬, ૯૫, ૯૩, ૮૪, અને ૮૨ એમ કુલ સાત સંક્રમ સ્થાનો હોય છે. | દેવપ્રાયોગ્ય ૨૯ના પતદ્ગ્રહમાં ૧૦૩ અને ૯૬ એમ બે સંક્રમ સ્થાનો હોય છે. મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ના પસદ્ગ્રહમાં ૧૦૨, ૯૫, ૯૩, ૮૪ એમ સર્વ મળીને ચાર સંક્રમ સ્થાનો હોય છે. પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય અને વિકલેન્દ્રિય પ્રાયોગ્યમાં ૧૦૨, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ એમ કુલ પાંચ સંક્રમસ્થાનો હોય છે. સર્વે મળીને કુલ સાત સંક્રમસ્થાનો હોય છે. |
| ૨૮ના પતદ્ગ્રહ સ્થાનમાં | ૧૦૨, ૯૬, ૯૫, ૯૩ અને ૮૪ એમ કુલ ૫ સંક્રમસ્થાનો હોય છે. | દેવ પ્રાયોગ્ય ૨૮ના પતદ્ગ્રહમાં ૧૦૨, ૯૫, ૯૩ અને ૮૪ એમ કુલ ૪ સંક્રમસ્થાનો હોય છે અને નરક પ્રાયોગ્ય ૨૮ના પતદ્ગ્રહ સ્થાનમાં ૧૦૨, ૯૬, ૯૫, ૯૩ અને ૮૪ એમ કુલ પાંચ સંક્રમસ્થાનો હોય છે. |

| | | |
|---|---|---|
| ૨૬ના પતદ્ગ્રહ સ્થાનમાં | ૧૦૨, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ એમ કુલ પાંચ સંક્રમસ્થાનો હોય છે. | એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૬ બાંધતા દેવોને ૨૬ના પતદ્ગ્રહમાં ૧૦૨ અને ૯૫ એમ બે સંક્રમસ્થાન જાણવાં. તથા આ જ બંધ કરતા મનુષ્યના જીવોને ૧૦૨, ૯૫, ૯૩ અને ૮૪ એમ ૪ સંક્રમસ્થાનો હોય છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચના જીવોને ૧૦૨, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ એમ પાંચ સંક્રમ સ્થાનો હોય છે. |
| ૨૫ના પતદ્ગ્રહ સ્થાનમાં | ૧૦૨, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ એમ કુલ પાંચ સંક્રમસ્થાન હોય છે. | પર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫ના બંધે ૨૫ના પતદ્ગ્રહમાં ૧૦૨, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ એમ કુલ પાંચ સંક્રમ સ્થાનો હોય છે. અપર્યાપ્તા વિકલેન્દ્રિય પ્રાયોગ્ય તથા અપર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૫ના પતદ્ગ્રહમાં પણ આ જ પાંચ ૧૦૨, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ સંક્રમ સ્થાન હોય છે. પરંતુ અપર્યાપ્તા મનુષ્ય પ્રાયોગ્ય ૨૫ના પસદ્ગ્રહમાં ૮૨ વિના ચાર સંક્રમસ્થાન હોય છે. |
| ૨૩ના પતદ્ગ્રહ સ્થાનમાં | ૧૦૨, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ એમ કુલ પાંચ સંક્રમસ્થાનો હોય છે. | અપર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩ના બંધે ૨૩નો પતદ્ગ્રહ અને તેનો બંધ કરનારા એકેન્દ્રિય-વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચને પાંચ સંક્રમસ્થાન તથા મનુષ્યોને ૮૨ વિના ચાર સંક્રમસ્થાનો સંભવે છે. |

**પ્રશ્ન :-** હાલ તમે આ સઘળો "પ્રકૃતિ સંક્રમ" સમજાવો છો અને હવે પછી સ્થિતિ સંક્રમ. રસસંક્રમ અને પ્રદેશ સંક્રમ આગળ ઉપર સમજાવવાના છો. પરંતુ વિચાર કરતાં એક પ્રદેશ સંક્રમ જ બુદ્ધિમાં બેસે છે. તે વિના બાકીના ત્રણ પ્રકારના સંક્રમ ઘટી શકતા નથી. કારણ કે, પ્રકૃતિ સંક્રમમાં પ્રકૃતિ એટલે સ્વભાવ તે સ્વભાવનો જે સંક્રમ થવો તેને પ્રકૃતિ સંક્રમ કહેવાય. પરંતુ જેમ લીંબુમાંથી ખટાશ, ખાંડમાંથી ગળપણનો સ્વભાવ તારવી શકાતો નથી. તે સ્વભાવને અન્યમાં નાખી શકાતો નથી. દાળ શાકને તીખાં કરવાં હોય તો મરચામાંથી માત્ર તીખાશ નાખવી હોય અને ખારાં કરવાં હોય તો મીઠામાંથી માત્ર ખારાશ નાખવી હોય તો નખાતી નથી. દ્રવ્ય જ નાખવું પડે છે. તેથી દ્રવ્યનો એટલે કે પ્રદેશોનો જ સંક્રમ સંભવે છે. પરંતુ એકલી પ્રકૃતિનો સંક્રમ સંભવતો નથી. તેવી જ રીતે એકલી સ્થિતિ અને રસનો પણ સંક્રમ સંભવતો નથી.

તેવી જ રીતે સ્થિતિ સંક્રમ અને અનુભાગ સંક્રમ પણ ઘટી શકતા નથી. કારણ કે સ્થિતિ એટલે કે અમુક નિયતકાળ સુધીનું અવસ્થાન તે સ્થિતિ. પરંતુ પદાર્થમાં રહેલો આ અવસ્થાન નામનો ગુણ તે ગુણીથી છુટો પાડી શકાતો નથી. તેથી અન્યત્ર સંક્રમાવી શકાતો નથી. અનુભાગ એટલે રસ અને રસ એટલે ફળ આપવાની શક્તિ આ પણ કર્મ પરમાણુઓનો ગુણ હોવાથી પરમાણુઓનો સંક્રમ ન કરીએ અને તેમાંથી આવો રસ (આવી શક્તિ) કાઢીને બીજામાં નાખવી આ વાત આકાશ વલોવવા જેવું છે અર્થાત્ શક્ય નથી.

હવે જો રસનો (રસગુણનો) સંક્રમ કરવા માટે રસવાળા પરમાણુઓનો સંક્રમ લેવામાં આવે તો તો તે પ્રદેશ સંક્રમ જ થયો કહેવાય. તે માટે કેવળ એકલી પ્રકૃતિનો કે કેવળ એકલી સ્થિતિનો કે કેવળ એકલા રસનો સંક્રમ સંભવી શકતો નથી. આ ત્રણે ગુણો હોવાથી ગુણીથી ક્યારેય છુટા પાડી શકાતા નથી. તેથી અન્યત્ર સંક્રમાવી શકાતા નથી. ચાર પ્રકારનો જે આ સંક્રમ તમે સમજાવો છો તે વ્યર્થ છે. માત્ર પ્રદેશસંક્રમ જ કહેવો જોઈએ.

**ઉત્તર :-** વિવક્ષિત પરમાણુઓમાંથી કેવળ એકલી પ્રકૃતિ (સ્વભાવ) કેવળ એકલી સ્થિતિ (કાળ નિયમન) અને કેવળ એકલો અનુભાગ (રસગુણ)ને પરમાણુઓમાંથી ખેંચીને અન્યમાં નાખના રૂપ કેવળ એકલી પ્રકૃતિનો સ્થિતિનો કે અનુભાગ માત્રનો સંક્રમ કરવો તેને પ્રકૃતિ સંક્રમ સ્થિતિ સંક્રમ અને અનુભાગ સંક્રમ કહેવાય એમ અમે કહેતા નથી કે જેથી ઉપરના તમે કહેલા દોષો અમને લાગે.

પરંતુ સ્વભાવ-સ્થિતિ અને અનુભાગ. આ ત્રણે કર્મ પરમાણુઓના ગુણો છે. તેથી આ ત્રણે ગુણોના આધારભૂત એવા પ્રદેશો જ પરપ્રકૃતિઓમાં સંક્રમિત થાય છે. જેમ દૂધને ગળ્યું કરવું હોય તો જરૂર છે. ગળપણની, પરંતુ ખાંડમાંથી ગળપણ નીચોવીને બહાર કઢાતું નથી. તેથી ગળપણવાળી જે ખાંડ નામનું દ્રવ્ય છે. તેના પ્રદેશો જ દૂધમાં નખાય છે. દાળ શાકને ખારાં કરવાં હોય ત્યારે જરૂર છે માત્ર ખારાશની. પરંતુ મીઠામાંથી ખારાશ જુદી તારવી શકાતી નથી. એટલે મીઠું જ નાખવામાં આવે છે.

આ જ રીતે સાતાવેદનીયના પરમાણુઓ જ અસાતા રૂપે બનાવાય છે. અસાતામાં નંખાય છે. ત્યાં સાતા આપવાનો જે સ્વભાવ બદલાયો તેને જ પ્રકૃતિ સંક્રમ કહેવાય છે. સાતા રૂપે રહેવાને બદલે અસાતા રૂપે રહેવાનો ૩૦ કોડાકોડી સાગરોપમનો જે કાળ બદલાયો તે સ્થિતિ સંક્રમ કહેવાય છે અને સાતા આપવાની જે તીવ્રતા-મંદતા હતી તે હવે અસાતા આપવાની તીવ્રતા મંદતા થઈ તે અનુભાગ સંક્રમ કહેવાય છે.

સારાંશ કે કર્મદલીકનો જ સંક્રમ થાય છે. ફક્ત તે કાલે તેમાં રહેલી જે પ્રકૃતિ બદલાઈ તેને પ્રકૃતિ સંક્રમ કહેવાય છે. પતદ્ગ્રહ પ્રકૃતિ રૂપે નિયતકાળ સુધી રહેવાનો જે

નિયમ બદલાયો. તેને જ સ્થિતિ સંક્રમ કહેવાય છે. તથા પતદ્ગ્રહ પ્રકૃતિ રૂપે રસનું (શક્તિનું) જે સ્થાપન કરવામાં આવ્યું. તેને જ અનુભાગ સંક્રમ કહેવાય છે અને પ્રકૃતિ સ્થિતિ તથા અનુભાગની **વિવક્ષા વિના** જે માત્ર કર્મ પરમાણુઓનો એકમાંથી બીજામાં પ્રક્ષેપ કરવો. તેની જ માત્ર વિવક્ષા કરાય તેને પ્રદેશ સંક્રમ કહેવાય છે.

આ કારણે જ આ ચારે સંક્રમો પરસ્પર અવિનાભાવવાળા છે માટે ચારે સાથે જ થાય છે. માત્ર બોલાય છે ક્રમસર, લખાય છે ક્રમસર અને સમજાવાય છે ક્રમસર.

પરમ પૂજ્ય ચંદ્રર્ષિ મહત્તરાચાર્ય મહારાજશ્રી વડે બનાવાયેલા પંચસંગ્રહ નામના ગ્રંથની સંસ્કૃત ટીકામાં કહ્યું છે કે "આ પ્રકૃતિમાં સ્થિતિમાં અનુભાગમાં અને પ્રદેશમાં સંક્રમ ઉદય તથા બંધ સમકાલે જ થાય છે. (એકીસાથે એક જ કાળે પ્રવર્તે છે.) પરંતુ વાચા ક્રમવર્તી હોવાથી સમજાવાય છે ક્રમસર. એકી સાથે સમજાવી શકાતા નથી.

આ કાર્ય એકી સાથે જ થાય છે તે કારણથી જ્યારે જ્યારે જે જે સંક્રમને વિષે વાત સમજવી - સમજાવવી હોય જે જે સંક્રમમાં વિશેષ વિચારો કરવાના હોય તે જ સંક્રમને બુદ્ધિથી પૃથક્ કરીને વિસ્તારપૂર્વક તે જ સંક્રમવિધિ તે તે કાળે સમજાવાય છે. આ રીતે સમજવાથી અને અન્યને સમજાવવાથી સર્વ વાત સંગતિને પામે છે.

**પ્રશ્ન :-** કર્મના પરમાણુઓમાં રહેલો જે રસ તે તો પૃથ્વી અને જલની જેમ દલીકો મૂર્ત હોવાથી તેનો રસ (પ્રવાહી પાણી) પણ મૂર્ત હોવાથી તેનો તો સંક્રમ હજુ શક્ય છે. પરંતુ સ્થિતિ એટલે કાળ, તે તો અમૂર્ત હોવાથી આ જીવ વડે તેનું (કાળનું) રૂપાંતર થઈ શકતું નથી. તેથી સ્થિતિ સંક્રમ કહેવો તે અયોગ્ય છે. તેવી જ રીતે પ્રકૃતિ એટલે સ્વભાવ. પરંતુ આ સ્વભાવ જે પદાર્થનો હોય છે. તેમાંથી ખેંચીને દૂર કરી શકાતો નથી. એક કર્મમાં રહેલા સ્વભાવને કાઢીને બીજા કર્મમાં લઈ જવાતો નથી. તેથી તેનું પણ રૂપાન્તર (સંક્રમ) કેમ થાય ? માટે પ્રકૃતિસંક્રમ અને સ્થિતિ સંક્રમ કહેવા તે અયુક્ત જ છે.

**ઉત્તર :** **मैवं** = ઉપર કહેલો પ્રશ્ન કરવો નહિ. કારણ કે કર્મના પરમાણુઓમાંથી કેવળ એકલા કાળનો જે સંક્રમ થાય તે સ્થિતિ સંક્રમ અને કેવળ એકલા સ્વભાવનો જે બદલો થાય તે પ્રકૃતિ સંક્રમ. આમ અમારા વડે તમને સમજાવાતું નથી.

પરંતુ સ્થિતિ એટલે રહેવું કોઈ પણ કર્મનું જે પ્રકૃતિ રૂપે નિર્માણ થયું છે. તે રૂપે રહેવાનું હોય છે. તે રૂપમાંથી પ્રચ્યુતિ (વિનાશ) ન થવો તેને સ્થિતિ કહેવાય છે તે સ્થિતિ (રહેવાપણું) પૂર્વે અન્ય કર્મ રૂપે હતું. એટલે કે ધારો કે સાતા રૂપે હતું. તે જ કર્મદલિક હવે આત્માની સાથે અન્ય પ્રકૃતિ રૂપે એટલે કે અસાતા રૂપે રહેવાપણે પરિણામ પામ્યું. તેને જ સ્થિતિ સંક્રમ કહેવાય છે. પરંતુ કેવળ એકલા કાળનો સંક્રમ તે સ્થિતિ સંક્રમ કહેવાય એવું અમારા વડે ઈચ્છાતું નથી. માટે વિવક્ષિત કર્મને બદલે તે કર્મનું અન્ય કર્મ પ્રકૃતિ રૂપે

વિવક્ષિતકાળ સુધી રહેવું તેને જ અમે સ્થિતિ સંક્રમ સમજાવીએ છીએ. તેવી જ રીતે કર્મમાં જે સાતા આપવાનો સ્વભાવ નિયત કર્યો હતો તે બદલીને અસાતા આપવા પણે કરાય તેને જ પ્રકૃતિ સંક્રમ કહેવાય છે.

આવો અર્થ અન્ય પદાર્થોમાં પણ સાક્ષાત્ દેખાય જ છે. તે આ પ્રમાણે - તૃણ (ઘાસ) આદિના પરમાણુઓ પૂર્વકાળમાં તૃણાદિ રૂપે સ્વાદ આપનારા હતા. તે જ તૃણાદિના પરમાણુઓને લવણ આદિની અંદર નાખ્યા છતા કાળક્રમે લવણાદિ રૂપે ફળ આપવાપણે પરિણામ પામતા સાક્ષાત્ દેખાય જ છે. તેની જેમ સાતા રૂપે ફળ આપવાપણે રહેલું કર્મ અસાતા રૂપે ફળ આપે તેવા પરિણામને પામે છે. તેને જ અમે પ્રકૃતિ સંક્રમ કહીએ છીએ. આ પ્રમાણે અર્થ સમજવામાં કંઈ પણ અનુચિત નથી.

અથવા સ્થિતિ સ્વરૂપ જે કાળ છે તેનો પણ સંક્રમ થાય છે. ઋતુઓના સંક્રમની જેમ આવો અર્થ કરીએ તો તે પણ નિર્દોષ જ છે. જેમ કે વૃક્ષ આદિ વનસ્પતિઓમાં સામાન્યપણે વર્ષા ઋતુ આદિ છએ ઋતુઓ પોતપોતાના કાળે જ પોતપોતાના ભાવો દેખાડે છે. વરસાદ વર્ષાઋતુમાં જ આવે, ગરમી ગ્રીષ્મઋતુમાં જ પડે. આમ ઋતુ એટલે કાળ પોત પોતાનાં ભાવો પોતપોતાના અવસરે દેખાડે જ છે.

છતાં પણ દેવ આદિના પ્રયોગથી અથવા તીર્થંકર પરમાત્મા જેવા મહાત્મા પુરૂષોનું વિચરણ થવા રૂપ પ્રબળ નિમિત્તકારણ મળવાથી છએ ઋતુઓ એકી સાથે ફળ આપનાર પણ બને છે. પરમાત્માના અતિશયોમાં આ વાત આવે જ છે. ભગવાન જ્યાં વિચરે ત્યાં સર્વ ઋતુઓ ફળીભૂત થાય.

તેવી જ રીતે અહીં પણ જીવના પ્રયત્ન વિશેષથી કર્મના પરમાણુઓમાં પણ સાતા આદિ રૂપે ફળ આપવાની તે તે કર્મોમાં જે કારણતા હતી. તે બદલાઈ જાય છે અને અસાતા આદિ રૂપે ફળ આપવાની કારણતા-થવા રૂપે સંક્રમિત થાય છે. આવો અર્થ કરવામાં કોઈ વિરોધ કે દોષ આવતો નથી. માટે આવો અર્થ કરવો. આ પ્રમાણે હવે ઘણી આ ચર્ચા કરવા વડે સર્યું.

**આ પ્રમાણે અહીં પ્રકૃતિ સંક્રમ સમાપ્ત થયો**

# સ્થિતિસંક્રમ

**ठिईसंकमोति वुच्चई, मूलुत्तर पगईत्तो ऊ जा हि ठिही ।**
**उव्वट्टिया व ओवट्टिया व, पगई णिया वन्नं ॥ २८ ॥**

**ગાથાર્થ :** હવે સ્થિતિસંક્રમ કહેવાય છે. મૂલ પ્રકૃતિવિષયક અને ઉત્તરપ્રકૃતિવિષયક એમ બે પ્રકાર છે. ત્યાં ઉદ્વર્તના કરાયેલી અથવા અપવર્તના કરાયેલી અથવા અન્ય પ્રકૃતિ રૂપે લઈ જવાયેલી જે સ્થિતિ તે સ્થિતિસંક્રમ કહેવાય છે. ॥ ૨૮ ॥

હવે સ્થિતિસંક્રમ સમજાવે છે - વિવક્ષિત પ્રકૃતિ રૂપે રહેલા કર્મને અન્ય કર્મપ્રકૃતિની સ્થિતિ રૂપે લઈ જવાય અર્થાત્ વિવક્ષિત પ્રકૃતિ જે સ્વરૂપે સ્થિતિવાળી હતી. તેને બદલીને તેના આધારભૂત પ્રકૃતિની સ્થિતિરૂપે કરાય તેને જ સ્થિતિસંક્રમ કહેવાય છે. (૧) સ્થિતિ વધારવી, (૨) સ્થિતિ ઘટાડવી, (૩) અથવા વિવક્ષિત પ્રકૃતિને અન્ય પ્રકૃતિની સ્થિતિ રૂપે કરાય તે સર્વે પણ સ્થિતિ સંક્રમ કહેવાય છે.

તે સ્થિતિસંક્રમ બે પ્રકારનો છે. (૧) મૂલપ્રકૃતિ વિષયક અને (૨) ઉત્તરપ્રકૃતિ વિષયક. ત્યાં આદ્ય એટલે કે મૂલપ્રકૃતિ વિષયક સ્થિતિસંક્રમ આઠ પ્રકારનો છે. તે આ પ્રમાણે જ્ઞાનાવરણીય કર્મથી આરંભીને યાવત્ અન્તરાયકર્મ સુધી આઠ પ્રકારનો આ સંક્રમ છે.

બીજો જે સંક્રમ ઉત્તરપ્રકૃતિવિષયક છે. તે એકસોહ અઠ્ઠાવન (૧૫૮) પ્રકારનો છે અર્થાત્ ૧૫૮ ભેદવાળો છે ત્યાં મતિ જ્ઞાનાવરણીય કર્મથી આરંભીને યાવત્ વીર્યાન્તરાય કર્મ સુધી જાણવું. मूलुत्तरमर्गईओ આ પાઠથી સંક્રમના બે ભેદ સમજાવ્યા. આ પ્રમાણે પ્રથમ ભેદદ્વાર સમજાવ્યું.

હવે "उव्वट्टिया" ઇત્યાદિ ગાથામાં લખેલા પાઠ વડે સંક્રમનું વિશેષ લક્ષણ ગ્રંથકારશ્રી જણાવે છે :- તે સંક્રમ ત્રણ પ્રકારે છે. (૧) પૂર્વે બાંધેલાં કર્મ પરમાણુઓની જે હ્રસ્વ સ્થિતિ બાંધેલી છે. તે હ્રસ્વસ્થિતિવાળા કાળને દૂર કરીને દીર્ઘસ્થિતિવાળા કાળરૂપે કરવી તે **ઉદ્વર્તના.** (૨) તે જ કર્મોમાં જે દીર્ઘસ્થિતિવાળાપણું બાંધેલું છે. તેને દૂર કરીને હ્રસ્વ સ્થિતિવાળા કાળપણે સ્થાપિત કરવું તે **અપવર્તના** અને (૩) સંક્રમ કરાતી કર્મપ્રકૃતિઓની સ્થિતિનું પતદ્ગ્રહ પ્રકૃતિરૂપે લઈ જવું અર્થાત્ પતદ્ગ્રહ પ્રકૃતિ રૂપે સ્થિતિ બનાવવી તે પ્રકૃત્યન્તરનયન (અન્ય અન્ય પ્રકૃતિની સ્થિતિરૂપે સ્થિતિ બનાવવી) આનું નામ પ્રકૃત્યન્તર નયન સ્થિતિ સંક્રમ કહેવાય છે.

સ્થિતિસંક્રમ એટલે સ્થિતિઓનો અન્યત્ર સંક્રમ કરવો. સારાંશ કે સ્થિતિથી યુક્ત એવા કર્મપરમાણુઓ દ્વારા જ આ સંક્રમ થવો શક્ય છે. અન્યથા નહીં. કારણ કે, સ્થિતિનો

એટલે કે એકલા કાળનો (અમૂર્ત હોવાથી) અથવા રહેવાપણાનો ગુણ હોવાથી ગુણીના સંક્રમની સાથે જ ગુણનો સંક્રમ થાય છે. કેવળ એકલા ગુણનો સંક્રમ થવો શક્ય નથી.

તેથી મૂલકર્મનો પરસ્પર સંક્રમ થવાનો નિષેધ હોવાથી તે કર્મોમાં પ્રકૃત્યન્તર નયન નામનો સંક્રમ થતો નથી. પરંતુ ઉદ્વર્તના તથા અપ્રવર્તના જ પ્રવર્તે છે. ઉત્તર પ્રકૃતિઓમાં ત્રણે પણ સંક્રમ પ્રવર્તે છે. આ પ્રમાણે સમજવું. ॥ ૨૮ ॥

*અવતરણ :- ભેદ અને વિશેષલક્ષણ સમજાવ્યાં. હવે ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમનું પ્રમાણ સમજાવે છે.*

**तीसा सत्तरि चतालीसा, विसुदहि कोडिकोडीणं ।**
**जेट्ठो आलिग दुगहा, सेसाण वि आलिगतिगूणो ॥ २९ ॥**

**ગાથાર્થ :** જે જે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦,૭૦,૪૦, અને ૨૦ કોડાકોડી સાગરોપની છે. તેઓનો ઉત્કૃષ્ટસંક્રમ બે આવલિકાહીન અને બાકીની પ્રકૃતિઓનો આવલિકાહીન ઉત્કૃષ્ટ સંક્રમ જાણવો. ॥ ૨૯ ॥

**વિવેચન :** સર્વે પણ કર્મોની બંધને ઉત્કૃષ્ટ સ્થિતિ પહેલાં જ બંધનકરણમાં જણાવી છે. અહીં સંક્રમણકરણમાં વિચાર કરતાં ઉત્કૃષ્ટ સ્થિત બે પ્રકારે પ્રાપ્ત થાય છે.

(૧) બંધોત્કૃષ્ટા અને (૨) સંક્રમોત્કૃષ્ટા, ત્યાં પોતાના બંધથી જ જે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય છે, તે બંધોત્કૃષ્ટા કહેવાય છે. અને જે કર્મ પ્રકૃતિઓ પોતાનો બંધ ન હોય ત્યારે પણ અન્ય પ્રકૃતિના સંક્રમથી જ ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત થાય છે. તે સંક્રમોકૃષ્ટા કહેવાય છે.

ત્યાં જે ઉત્તરપ્રકૃતિઓની સ્થિતિ પોતપોતાની મૂલપ્રકૃતિની સ્થિતિની અપેક્ષાએ ન્યુન બંધવાળી સ્થિતિ નથી. પરંતુ જે ઉત્તરપ્રકૃતિઓની સ્થિતિ મૂલકર્મની સાથે તુલ્ય સ્થિતિ રૂપે બંધાય છે એટલે કે જે પ્રકૃતિઓ બંધોત્કૃષ્ટા છે. તેવી પ્રકૃતિઓ કુલ ૯૭ છે. તે આ પ્રમાણે :-

જ્ઞાનાવરણપંચક, દર્શનાવરણનવક, અંતરાયપંચક, ચારઆયુષ્ય, અસાતાવેદનીય, નરકદ્વિક, તિર્યંચદ્વિક, એકેન્દ્રિયજાતિ, પંચેન્દ્રિયજાતિ, તૈજસસપ્તક, ઔદારિકસપ્તક, વૈક્રિયસપ્તક, નીલવર્ણ અને તિકત રસને વર્જીને શેષ અશુભ વર્ણાદિસપ્તક, અગુરુલઘુ, પરાઘાત, ઉપઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, નિર્માણ, છઠ્ઠુ સંસ્થાન, છઠ્ઠુ સંઘયણ, અશુભવિહાયોગતિ, સ્થાવરનામકર્મ, ત્રસચતુષ્ક, અસ્થિરષટ્ક, નીચગોત્ર, સોળ કષાયો[૧૬] અને મિથ્યાત્વમોહનીય કુલ ૯૭.

આ ૯૭ ઉત્તર કર્મપ્રકૃતિઓ પોતપોતાના મૂલકર્મની જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તે રૂપે બંધાય તેવી છે. તેથી બંધોત્કૃષ્ટા છે. બાકીની ૬૧ કર્મપ્રકૃતિઓ સંક્રમોત્કૃષ્ટા છે. પરંતુ બંધોત્કૃષ્ટા નથી. તે ૬૧ કર્મપ્રકૃતિઓ આ પ્રમાણે જાણવી. સાતાવેદનીય, સમ્યક્ત્વમોહનીય,

મિશ્રમોહનીય, નવ નોકષાય, આહારકસપ્તક, શુભવર્ણાદિ એકાદેશ, નીલવર્ણ અને તિક્તરસ, દેવદ્વિક, મનુષ્યદ્વિક, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય તથા ચઉરિન્દ્રિય જાતિ, અન્તિમ વિનાનાં પાંચ સંસ્થાન અને પાંચ સંઘયણ, પ્રશસ્ત વિહાયોગતિ, સૂક્ષ્મ, સાધારણ, અપર્યાપ્ત, સ્થિરષટ્ક, તીર્થંકર નામકર્મ અને ઉચ્ચગોત્ર.

ત્યાં બંધોત્કૃષ્ટા ૯૭ પ્રકૃતિમાંથી (૧) મતિજ્ઞાનાવરણીયાદિ કેટલીક પ્રકૃતિઓ કે જેની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ છે (૨) તથા મિથ્યાત્વમોહનીય કે જેની ઉત્કૃષ્ટસ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ છે. (૩) તથા કષાય ૧૬ કે જેની ઉત્કૃષ્ટ સ્થિતિ ૪૦ કોડાકોડી સાગરોપમ છે તથા (૪) નરકદ્વિક આદિ કેટલીક પ્રકૃતિઓ કે જેની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમની છે. આ ચારે પ્રકારની પ્રકૃતિઓ કે જેની ઉત્કૃષ્ટ સ્થિતિ અનુક્રમે ૩૦, ૭૦, ૪૦ અને ૨૦ કોડાકોડી સાગરોપમ છે. તેવી આ ૯૭ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમ "आवलियदुगहा" इति અર્થાત્ બે આવલિકા ન્યૂન પોતાની સ્થિતિ પ્રમાણ જાણવો તે આ પ્રમાણે :-

ઉપરોક્ત ૯૭ પ્રકૃતિઓની પોતપોતાની ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાયે છતે બંધાવલિકા એક પસાર થાય ત્યારે જ તેનો અન્યત્ર સંક્રમ થાય છે. કારણ કે બંધાવલિકા, ઉદયાવલિકા, સંક્રમાવલિકા ઇત્યાદિ આવલિકાઓ સકલ કરણ માટે અયોગ્ય હોય છે. તેથી બંધાવલિકા પસાર થયે છતે આ ૯૭ પ્રકૃતિઓનો સંક્રમ થઈ શકે છે.

ત્યાં પણ બંધાવલિકા પસાર થયે છતે બીજી એક આવલિકા કે જે ઉદયાવલિકા કહેવાય છે. તે પણ સકલ કરણને માટે અયોગ્ય છે. આથી કરીને ઉદયાવલિકાના પ્રથમ સમયમાં વર્તતો જીવ ઉદયાવલિકા ઉપરથી તમામ સ્થિતિની ઉદવર્તના - અપવર્તના તથા અન્ય પ્રકૃતિનયન આ ત્રણમાંનો કોઈ પણ સંક્રમ કરી શકે છે તે માટે બંધાવલિકા અને ઉદયાવલિકા એમ બે આવલિકા હીન પોતપોતાની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રમાણ એટલે કે ૩૦, ૭૦, ૪૦ અને ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમ થાય છે.

ઉદયાવલિકામાં જ માત્ર રહેલું કર્મદલીક સર્વથા અસંક્રાન્ત જ રહે છે. આ પ્રમાણે બન્ધોત્કૃષ્ટા ૯૭ કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમ બે આવલિકાહીન જ પ્રાપ્ત થાય છે. અહીં ઉદયવતી પ્રકૃતિ હોય કે અનુદયવતી પ્રકૃતિ હોય તો પણ ઉદય સમયથી આરંભીને એક આવલિકા માત્ર જે સ્થિતિ તે ઉદયાવલિકા કહેવાય છે. આ પ્રમાણે પૂર્વગ્રન્થોમાં મહાપુરૂષો દ્વારા વ્યવહાર કરાય છે. અહીં એટલી વિશેષતા છે કે મિથ્યાત્વમોહનીય કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ જો કે બે આવલિકા ન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રાપ્ત થાય છે. એમ કહ્યું છે તો પણ (એક આવલિકા ન્યૂન તથા) અન્તમુહૂર્ત ન્યૂન જ સંક્રમ સમજવો. કારણ કે મિથ્યાત્વમોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ બાંધીને ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ

પરિણામ હોવાથી જઘન્યથી પણ અંતર્મુહૂર્તકાળ મિથ્યાત્વે જ આ જીવ રહે છે. ત્યારબાદ સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને સમ્યક્ત્વ પામ્યો છતો અંતર્મુહૂર્તન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમની જે મિથ્યાત્વની સ્થિતિ સ્ટોકમાં છે. તેમાંથી (પ્રથમ એક આવલિકા ઉદયવતી રૂપ ગણીને તે આવલિકા વિના) બાકીની ૭૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ સમ્યક્ત્વમોહનીયમાં તથા મિશ્રમોહનીયમાં સંક્રમાવે છે. તે કારણથી (એક આવલિકા તથા) અન્તર્મુહૂર્ત ન્યૂન જ આ મિથ્યાત્વમોહનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ પ્રાપ્ત થાય છે.

"सत्तरि" એવું જે કથન (ઉપાદાન) મૂળગાથામાં કર્યું છે. તે બાકી રહેલી તમામ બન્ધોત્કૃષ્ટા પ્રકૃતિઓની બહુલતાએ બે આવલિકા હીન ઉત્કૃષ્ટસ્થિતિ સંક્રમ હોય છે. એમ વ્યાપ્તિ જણાવવા માટે કરેલ છે.

**शेषाणां** = બાકીની જે પ્રકૃતિઓ સંક્રમોત્કૃષ્ટા છે અર્થાત્ પોતાના બંધથી મૂળકર્મ જેટલી ઉત્કૃષ્ટસ્થિતિ બંધાતી નથી. પરંતુ બીજા કર્મોના સંક્રમથી પોતાના મૂલકર્મ જેટલી ઉત્કૃષ્ટસ્થિતિ થાય છે. તેવી સંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટસ્થિતિસંક્રમ ત્રણ આવલિકા હીન સમજવો. તે આ પ્રમાણે જાણવો.




સંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિઓમાં સંક્રમ થાય તેવી બીજી પ્રકૃતિ બાંધવાનું શરૂ કરે તેનો બંધ કરતાં કરતાં એક આવલિકાકાળ જાય ત્યારે તે બંધાયેલીના પ્રતિપક્ષભૂત પ્રકૃતિ આ જીવ બાંધે, જેમ કે સાતાવેદનીયકર્મ સંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિ છે. કારણ કે તે કર્મની ઉત્કૃષ્ટસ્થિતિ ૧૫ કોડાકોડી સાગરોપમ જ બંધાય છે. તેથી તેની ૩૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટસ્થિતિ કરવી હોય તો તેની પ્રતિપક્ષભૂત અસાતાવેદનીય કર્મ ૩૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ બાંધવું પડે તે બાંધતાં ધારો કે એક આવલિકા કાળ ગયો ત્યારે અસાતાની લતા સાતામાં સંક્રમ કરવા યોગ્ય બની.

તેથી ૧ આવલિકા બાદ અસાતા વેદનીયકર્મની તે એક આવલિકા ન્યૂન ૩૦ કોડાકોડી સાગરોપમની તમામ સ્થિતિ હવે બંધાતી સાતા વેદનીયમાં નાખે (સંક્રમાવે). ત્યાં પણ જે અસાતાની સ્થિતિનો સાતામાં સંક્રમ થાય છે. ત્યારે જીવ જ્યાં છે ત્યાંથી બીજી એક આવલિકા (કે જેને ઉદયાવલિકા કહેવાય છે તેને) છોડીને સાતામાં પણ ઉદયાવલિકાની ઉપર સંક્રમ કરે છે. જેમ કે

અસાતાની ૩૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ બંધાઈ, તેમાંથી ૧ આવલિકા ગયા પછી સાતા બાંધવા લીધી. તેમાં બંધાયેલી અસાતાની ૧ આવલિકા ન્યૂન ૩૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ છે. તેમાંથી પ્રથમની ૧ આવલિકા તે ઉદયાવલિકા કહેવાય તે વિનાની એટલે કે કુલ બે આવલિકાન્યૂન ૩૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ અસાતાની સ્થિતિ, બંધાતી એવી સાતા વેદનીયમાં તેની એક આવલિકા ઉપર સંક્રમિત થાય છે.

એક કુલ ૨ આવલિકાન્યૂન અસાતાની સ્થિતિ સાતામાં ૧ આવલિકા ઉપર ગોઠવાય છે. સાતામાં આવ્યાને એક આવલિકા થવા દેવી પડે ત્યારે જ તે સંક્રમ યોગ્ય બને તે સંક્રમ થયાને એક આવલિકા એટલે સંક્રમાવલિકા કાળ જાય, ત્યારે હવે તે સાતાની લતા અન્યમાં એટલે કે અસાતામાં સંક્રમ થવાને યોગ્ય બની, ત્યારે સાતાની બે આવલિકાન્યૂન ૩૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિની સત્તા છે. ત્યાં સંક્રમ શરૂ કરતાં પ્રથમ આવલિકા સાતાની જે છે તે ઉદયાવલિકા કહેવાય છે. તે સકલ કરણને માટે અયોગ્ય છે. તેથી આ ત્રીજી એક આવલિકા છોડીને કુલ ૩ આવલિકાન્યૂન ૩૦ કોડાકોડી સાગરોપમ જેટલું સાતા વેદનીય અસાતામાં સંક્રમિત થાય છે. આ પ્રમાણે -

અસાતાના બંધની પ્રથમ એક આવલિકા, ત્યારબાદ અસાતા-સાતામાં સંક્રમિત થઈ તેની બીજી એક આવલિકા, તથા સાતાનો અસાતામાં સંક્રમ કરતાં પ્રથમ સમયથી ગણાતી ઉદયાવલિકા એમ કુલ ૩ આવલિકાન્યૂન ૩૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ જે સાતાવેદનીય છે. તે બંધાતી એવી અસાતામાં સંક્રમિત થાય છે.

આ પ્રમાણે બંધાવલિકા ગયે છતે એક આવલિકા ઉપરની જે સ્થિતિ અસાતાની છે તે સર્વ પણ સ્થિતિ અન્યત્ર એટલે કે સાતામાં સંક્રમિત થાય છે ત્યાં આવ્યા પછી જ્યારે તે સાતાનો અસાતામાં સંક્રમ કરે છે ત્યારે પણ એક આવલિકા ઉપરની સાતાની સ્થિતિ અસાતામાં પડે છે. કારણ કે સાતામાં જે કર્મદલિક ૩૦ કોડાકોડીનું થયું છે તે સંક્રમથી થયું છે તે માટે આ સંક્રમ થયે છતે પણ એક આવલિકા માત્ર કાળ સકલ કરણને માટે અયોગ્ય છે એમ સમજીને સંક્રમિત થયાંને એક આવલિકા કાળ પસાર થઈ જાય ત્યારબાદ તે સાતાવેદનીય પાછી અસાતામાં નાખવા આ જીવ સંક્રમ ચાલુ કરે છે. પરંતુ ત્યારે પણ જીવ જ્યાં છે ત્યાંથી ૧ આવલિકા કે જે ઉદયાવલિકા કહેવાય છે. તેને મુકીને જ ઉદયાવલિકા ઉપરની જ સ્થિતિ ત્યાંથી એટલે કે સાતામાંથી અન્યત્ર એટલે અસાતામાં સંક્રમિત કરે છે.

આ પ્રમાણે સંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટસ્થિતિ સંક્રમ કુલ ત્રણ આવલિકા હીન જ પ્રાપ્ત થાય છે.

ઉદાહરણ તરીકે નરકદ્વિકની ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટસ્થિતિ બાંધવા લીધી. તેને બાંધ્યાને એક આવલિકા કાળ ગયો. આ બંધાવલિકાનો કાળ ગયે છતે તે

નરકદ્વિકને મનુષ્યાદ્વિકમાં સંક્રમાવવા લીધું. જ્યારે આ જીવે સંક્રમ ચાલુ કર્યો ત્યારે પણ બીજી એક ઉદય આવલિકાન્યૂન તે નરકદ્વિકનું કર્મદલિક બંધાતી એવી મનુષ્યદ્વિકની પ્રકૃતિમાં સંક્રમિત થયું. તેને સંક્રમિત થયાને બીજી એક આવલિકા સમાપ્ત થાય ત્યારે તે મનુષ્યદ્વિકને ધારો કે નવી બંધાતી નામકર્મની પ્રકૃતિમાં સંક્રમાવવાનું કામ કરવું છે તેથી ત્યારબાદ દેવદ્વિક બાંધવા લીધું છે ત્યારે સંક્રમાવલિકા જેની પસાર થઈ ગઈ છે એવું મનુષ્યદ્વિકનું આ કર્મદલિક મનુષ્યદ્વિકની એક ઉદય આવલિકા ન્યૂન સઘળી તે સ્થિતિને બંધાતા એવા દેવદ્વિકમાં આ જીવ સંક્રમાવે છે.

આ પ્રમાણે સર્વે પણ સંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિઓનો ૩ આવલિકાન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ પ્રાપ્ત થાય છે. આમ ભાવના ભાવવી. ॥૨૯॥

***અવતરણ :-*** *તે આ પ્રમાણે જે કર્મોનો બંધ હોતે છતે સંક્રમથી ઉત્કૃષ્ટસ્થિતિ સત્તા થાય છે. તે પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમનું પ્રમાણ જણાવ્યું. હવે જે કર્મપ્રકૃતિઓનો બંધ ન હોય ત્યારે જ કેવળ એકલા સંક્રમથી જ ઉત્કૃષ્ટસ્થિતિ સત્તા પ્રાપ્ત થાય છે. તેવી પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમના પ્રમાણનું નિરૂપણ કરતાં કહે છે :-*

**मिच्छत्तस्सुक्कोसो, भिन्नमुहुत्तुणगो उ सम्मत्ते ।**
**मिस्सेवंतो कोडाकोडी, आहारतित्थयरे ॥ ३० ॥**

**ગાથાર્થ :-** મિથ્યાત્વ મોહનીય કર્મનો ઉત્કૃષ્ટસ્થિતિ સંક્રમ એક અંતર્મુહૂર્તન્યૂન જાણવો. તથા સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયનો ઉત્કૃષ્ટસ્થિતિ સંક્રમ પણ અંતર્મુહૂર્ત (તથા બે આવલિકા ન્યૂન) ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ જાણવો તથા આહારકદ્વિક અને તીર્થંકરનામકર્મનો ઉત્કૃષ્ટસ્થિતિ સંક્રમ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ જાણવો. ॥૩૦॥

**વિવેચન :-** મિથ્યાત્વમોહનીય કર્મનો ઉત્કૃષ્ટસ્થિતિ સંક્રમ અંતર્મુહૂર્ત ન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ જાણવો તથા સમ્યક્ત્વમોહનીયકર્મનો અને મિશ્રમોહનીયકર્મનો ઉત્કૃષ્ટસ્થિતિ સંક્રમ અંતર્મુહૂર્તન્યૂન (તથા બે આવલિકાન્યૂન) ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ જાણવો.

મૂલગાથાના પૂર્વાર્ધમાં જે તુ શબ્દ છે. તે અધિક અર્થને સૂચવનાર હોવાથી સમ્યક્ત્વમોહનીય તથા મિશ્રમોહનીયનો સંક્રમ આવલિકાદ્વિક (અર્થાત્ બેઆવલિકા) હીન જાણવો. ઉપર કહેલી વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે :-

ત્રણે દર્શનમોહનીયની સત્તાવાળો મિથ્યાદૃષ્ટિ જીવ ઉત્કૃષ્ટસંક્લેશમાં વર્તતો છતો મિથ્યાત્વમોહનીયકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ (૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ) બાંધીને ત્યાં મિથ્યાત્વે અંતર્મુહૂર્ત માત્ર કાલ ગયા પછી કંઈક વિશુદ્ધ પરિણામ વાળો થવાથી મિથ્યાત્વ

ગુણસ્થાનકથી પડીને (અર્થાત્ મિથ્યાત્વને ત્યજીને) વિશુદ્ધિને પામતો તે જીવ સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. તેથી મિથ્યાત્વમોહનીયકર્મની ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ બાંધેલી જે સ્થિતિ સત્તામાં હતી. તેમાં એક અંતર્મુહૂર્ત કાળ પસાર થયા પછી અંતર્મુહૂર્તન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ, તેમાં પણ (એક આવલિકા હીન) તમામ સ્થિતિ સમ્યક્ત્વ-મોહનીયમાં તથા મિશ્ર મોહનીયમાં સંક્રમાવે છે.

ત્યાં સંક્રમિત થઈ છતી તે સ્થિતિ એક આવલિકા માત્ર કાળ સકલકરણને માટે અયોગ્ય થાય છે. તેથી એક સંક્રમાવલિકા ગયે છતે તે ઉદયાવલિકા ઉપરની સમ્યક્ત્વ મોહનીયની સ્થિતિને અપવર્તનાકરણ વડે સ્વસ્થાનમાં જ સંક્રમાવે છે.અર્થાત્ અપવર્તના કરણ વડે અપવર્તીને પોતાની આગલી સ્થિતિમાં ગોઠવે છે.

તથા મિશ્રમોહનીયની સ્થિતિમાં પણ સંક્રમાવલિકા પસાર થયે છતે ઉદયાવલિકા ઉપરની સ્થિતિને સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાવે છે અથવા અપવર્તના કરણ વડે સ્વસ્થાનમાં જ એટલે કે મિશ્રમોહનીયના આગલા સ્થાનોમાં અપવર્તિત કરે છે. અર્થાત્ સ્વસ્થાનમાં જ સંક્રમ કરે છે. તેથી આ પ્રમાણે મિથ્યાત્વમોહનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ (એક આવલિકા અને) અંતર્મુહૂર્ત ન્યૂન ૭૦ કોડાકોડી પ્રમાણ જાણવો. તથા સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયનો બે આવલિકા અને એક અંતર્મુહૂર્ત હીન ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિસંક્રમ જાણવો.

**પ્રશ્ન :-** ત્રણે દર્શનમોહનીયકર્મની સત્તાવાળો એવો તે મિથ્યાદૃષ્ટિ જીવ કે જે જીવ પૂર્વકાલમાં સમ્યગ્દૃષ્ટિ થઈને દર્શનત્રિકની સત્તાવાળો બનીને સમ્યક્ત્વથી પડ્યો છે અને મિથ્યાદૃષ્ટિ બન્યો છે તેવા પડેલા અને મિથ્યાત્વે આવેલા જીવને ઉત્કૃષ્ટસ્થિતિબંધ સંભવતો નથી. કારણ કે શાસ્ત્રમાં જ કહ્યું છે કે સમ્યક્ત્વથી પડેલો જીવ સમ્યક્ત્વગુણઠાણે જે અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિ બાંધતો હતો. તેનું ક્યારેય પણ ઉલ્લંઘન કરતો નથી અર્થાત્ મિથ્યાત્વે જાય તો પણ અંતઃકોડાકોડી સાગરોપમથી વધારે સ્થિતિ ક્યારેય બાંધતો નથી તો પછી ૭૦ કોડાકોડી જેટલી સ્થિતિ જ બાંધતો નથી તો આટલો સંક્રમ કેમ કરે ?

તેથી રાગ અને દ્વેષની ગાંઠ જેણે ભેદી છે એવા ભિન્નગ્રન્થિવાળા સમ્યગ્દૃષ્ટિ જીવને ત્યાંથી પતિત થઈને મિથ્યાત્વે આવે તો પણ અંતઃકોડાકોડી સાગરોપમથી અધિક બન્ધ ન જ કરે, આવો નિષેધ હોવાથી આટલી સત્તા જ નથી. તો આટલી લાંબી સ્થિતિનો સંક્રમ કેમ ઘટી શકે ? તેથી તમારૂં આ બધુ કથન નિર્મૂળ જ છે અર્થાત્ નિરર્થક જ છે. અલ્પાંશે પણ સાચું નથી.

**ઉત્તર :-** ઉપર પ્રમાણે જો કોઈ પ્રશ્ન કરે તો તે પ્રશ્ન જ બરાબર નથી. "बंधेण न बोलइ कयावि" આવો જે પાઠ છે. શાસ્ત્રવચન છે. તે સિદ્ધાન્તકારના મતે છે. અર્થાત્

સિદ્ધાન્તકારના મતે સમ્યક્ત્વ પામીને પડેલા અને મિથ્યાત્વી થયેલા જીવને ઉત્કૃષ્ટસ્થિતિ બંધાય નહીં. પણ અંતઃકોડાકોડી જ બંધાય આમ સિદ્ધાન્તકાર માને છે. તેમની દૃષ્ટિએ તે વાત બરાબર છે. પરંતુ કર્મગ્રંથકાર મહાત્માઓ એમ માને છે કે સમ્યક્ત્વથી પડેલા અને મિથ્યાત્વે આવેલા જીવોને પતિત પરિણામની ધારા હોવાથી ઉત્કૃષ્ટસ્થિતિ બંધ પણ થાય છે. એટલે કે ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ મોહનીયકર્મ અને ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ નામકર્મ પણ બંધાય છે અને તેટલી સત્તા તથા તેટલો સંક્રમ પણ હોય છે. આમ કર્મગ્રંથકારોએ માનેલું છે. ફક્ત તે પડેલા જીવને તેવા પ્રકારના અનાદિ મિથ્યાત્વી જીવ જેવા ઉત્કૃષ્ટ રસના બંધનો જ અભાવ હોય છે. (પણ ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરે છે. આમ વિશેષ સમર્થન જાણવું.)

આ પ્રમાણે ઉત્કૃષ્ટ રસબંધ ન થાય. પરંતુ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય છે. આવી કર્મગ્રન્થકારની માન્યતા હોવાથી તેમના મતે કોઈ પણ જાતનો દોષ લાગતો નથી.

હવે તીર્થંકર નામકર્મ અને આહારકસપ્તકનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ જ થાય છે. પરંતુ ૧૦ કે ૨૦ કોડાકોડી સાગરોપમ જેટલો દીર્ઘસ્થિતિ બંધ જ થતો નથી. તેથી તે કર્મોની સત્તા પણ તેટલી જ હોય છે.અર્થાત અંતઃકોડાકોડી જ હોય છે.

હવે અહીં પ્રશ્ન થાય છે કે આ તીર્થંકરનામકર્મ અને આહારક સપ્તકની પ્રકૃતિઓ શું બંધોત્કૃષ્ટા છે કે શું સંક્રમોત્કૃષ્ટા છે ? આવો સંશય થયે છતે ગ્રંથકારશ્રી કહે છે કે :- "अंतोकोडाकोडी आहारतित्थयरे" इत्यादि મૂળગાથાના પાઠમાં કહે છે કે આહારક એટલે આહારકસપ્તક તથા તીર્થંકરનામકર્મમાં સંક્રમથી જ ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ થાય છે. પરંતુ બંધથી નહીં. તેથી તે પ્રકૃતિઓ સંક્રમોત્કૃષ્ટા છે પણ બંધોત્કૃષ્ટા નથી.

જો કે બંધમાં પણ આ પ્રકૃતિઓની સત્તા અંતઃકોડાકોડી સાગરોપમ જ હોય છે. આવું શાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલું છે તો પણ બંધથી જે ઉત્કૃષ્ટ બંધાય તેના કરતાં સંક્રમથી જે ઉત્કૃષ્ટસ્થિતિ સત્તા થાય તે સંખ્યાત ગુણી મોટી અંતઃકોડાકોડી જાણવી. કારણ કે, "बंधठिईओ संतकम्मठिई संखेज्जगुणत्ति" બંધ વાળી અંતઃકોડાકોડી સાગરોપમ કરતાં સત્તાવાળી અંતઃકોડાકોડીની સ્થિતિ સંખ્યાત ગણી જાણવી. આવું ચૂર્ણિકાર મહાત્મા પુરૂષનું વચન જ પ્રમાણભૂત છે માટે બંધ કરતાં સત્તા સંખ્યાતગણી હોય છે. પણ હોય છે તો અંતઃકોડાકોડી જ.

**પ્રશ્ન** :- નામકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય છે. તેથી આહારકસપ્તક અને તીર્થંકરનામકર્મની સ્થિતિ પણ સંક્રમથી ઉત્કૃષ્ટ જો પ્રાપ્ત થાય તો બંધાવલિકા અને ઉદયાવલિકા રહિત ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ જ પ્રાપ્ત થવી જોઈએ

અને આમ કહેવું જોઇએ. તો પછી તીર્થંકરનામકર્મ અને આહારકસપ્તકની ઉત્કૃષ્ટસ્થિતિ સાગરોપમ અંતઃકોડાકોડી પ્રમાણ જ હોય છે એમ કેમ કહો છો ?

**ઉત્તર :-** मैवं = આવો પ્રશ્ન કરવો નહીં અર્થાત્ તેનો ઉત્તર આ પ્રમાણે છે :- આ તીર્થંકરનામકર્મ અને આહારકસપ્તકમાં અન્ય પ્રકૃતિઓનો સંક્રમ ત્યારે જ થાય છે કે જ્યારે આ તીર્થકરનામકર્મ અને આહારકસપ્તક બંધાતુ હોય અર્થાત્ બંધાતા એવા તીર્થંકરનામકર્મમાં અને આહારકસપ્તકમાં શેષ નામકર્મની પ્રકૃતિઓનો સંક્રમ થાય છે. પરંતુ તીર્થંકરનામકર્મ અને આહારકસપ્તક બંધાતુ ન હોય ત્યારે સંક્રમ થતો નથી. કારણ કે પતદ્ગ્રહ પ્રકૃતિઓનો બંધ અવશ્ય હોવો જોઈએ.

આ તીર્થકરનામકર્મનો બંધ વિશુદ્ધ સમ્યગ્દષ્ટિને અને આહારકસપ્તકનો બંધ વિશુદ્ધ સંયમી જીવને જ થાય છે. અન્યને થતો નથી તથા "साणाइ अपूव्वंते" ઇત્યાદિ ગાથાથી સાસ્વાદનથી અપૂર્વકરણ સુધી અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ જ કર્મ બંધાય છે. પરંતુ અધિક બંધ થતો જ નથી. આવું કહ્યું છે. તેથી સત્તા અને સંક્રમ પણ તેટલો જ થાય છે. પણ અધિકસંક્રમ થતો નથી. માટે અમારા કથનમાં કોઈ દોષ નથી. દોષનો સર્વથા અભાવ જ છે.

પંચસંગ્રહ નામના ગ્રંથમાં પણ કહ્યું છે કે :-

**तित्थयराहाराणं, संकमणे बन्धसंतएसुं पि ।**
**अंतोकोडाकोडी, तहा वि ता संकमुक्कोसा ॥ ३८ ॥**
**एवइय संतया जं, सम्मद्दिट्ठीण सव्वकम्मेसु त्ति ॥३९॥** પૂર્વાર્ધ

**ગાથાર્થ :-** તીર્થંકર નામકર્મ તથા આહારકસપ્તક એમ કુલ ૮ પ્રકૃતિઓનો સંક્રમ, બન્ધ અને સત્તા એમ સર્વમાં પણ અંતઃકોડાકોડી જ હોય છે. પરંતુ અધિક હોતાં નથી. તેથી તે સંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિઓ કહેવાય છે.

કારણ કે, સમ્યગ્દષ્ટિ જીવોને સર્વે પણ કર્મોમાં સત્તા આટલી જ હોય છે. તેનાથી અધિક સત્તા હોતી નથી. તેથી અધિક સંક્રમ પણ હોતો નથી. ॥૩૮+૩૯॥

આ પ્રમાણે "एवइय संतयत्ति" આવો પાઠ હોવાથી અંતઃકોડાકોડી સાગરોપમની જ સત્તા હોય છે. તેથી સંક્રમ પણ તેટલો જ સંભવે છે. પરંતુ અધિક નહીં ॥૩૦॥

**અવતરણ :** હવે બંધોત્કૃષ્ટા પ્રકૃતિ હોય કે સંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિ હોય એમ બન્ને પ્રકારની પ્રકૃતિઓના સંક્રમકાળે જેટલી સત્તાગત સ્થિતિ હોય છે. તેને यत्स्थिति કહેવાય છે. *તે યત્સ્થિતિને જણાવતાં ગ્રન્થકારશ્રી કહે છે કે :-*

**सव्वासिं जट्ठिइगो, सावलिगो सो अहाउगाणं तु ।**
**बंधुक्कस्सुक्कसो, साबाहठिई य जट्ठिइगो ॥ ३१ ॥**

**ગાથાર્થ :-** સર્વે પણ કર્મોની યત્સ્થિતિ નું પ્રમાણ સંક્રમનું જ પ્રમાણ છે. તેમાં એક આવલિકા ઉમેરીએ તેટલું છે. પરંતુ આયુષ્ય કર્મમાં ચારેની ઉત્કૃષ્ટ સ્થિતિની સત્તા ઉત્કૃષ્ટ બંધથી જ થાય છે. પરંતુ સંક્રમથી થતી નથી. માટે બંધોત્કૃષ્ટા જ છે. તેની યત્સ્થિતિ (એક બંધાવલિકા હીન) ઉત્કૃષ્ટ અબાધા સહિત ઉત્કૃષ્ટસ્થિતિ સત્તા પ્રમાણ જાણવી. ॥૩૧॥

**વિવેચન :-** સંક્રમકાલે જે સત્તાગતસ્થિતિ હોય છે. તેને જ શાસ્ત્રોમાં યત્સ્થિતિ કહેવાય છે. "તેથી સંક્રમકાળે જે પ્રકૃતિની જેટલા પ્રમાણવાળી સ્થિતિ સત્તા વિદ્યમાન છે. તે પ્રકૃતિની તેટલા પ્રમાણવાળી સ્થિતિને યત્સ્થિતિ કહેવાય છે" આવો બહુવ્રીહિ સમાસ અહીં જાણવો. તે સ્થિતિ સંક્રમને એક આવલિકા સહિત કરીએ તેટલી યત્સ્થિતિ જાણવી. સારાંશ કે જે પૂર્વે કહેલો સંક્રમ છે. તેને જ એક આવલિકા સહિત કરતાં જેટલું પ્રમાણ થાય તેટલી યત્સ્થિતિ સંક્રમકાલે જાણવી.

તેની સ્પષ્ટતા આ પ્રમાણે છે. સંકિલષ્ટ અવસ્થા થવી અથવા વિશુદ્ધ અવસ્થા થવી. ઈત્યાદિ આવાં કારણો મળવાથી આ જીવ કર્મોની ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે છે તે બાંધીને બંધાવલિકા ગયે છતે ઉદયાવલિકા ઉપરની સર્વે પણ સ્થિતિનો આ જીવ સંક્રમ કરવાનો આરંભ કરે છે. તેથી બન્ધોત્કૃષ્ટા પ્રકૃતિઓના ઉત્કૃષ્ટસ્થિતિ સંક્રમ કાળે યત્સ્થિતિ એક આવલિકાહીન પોતાની ઉત્કૃષ્ટસ્થિતિ સત્તા પ્રમાણ પ્રાપ્ત થાય છે. પરંતુ સંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિઓની બન્ધાવલિકા અને સંક્રમાવલિકા એમ કુલ બે આવલિકા પસાર થાય ત્યારબાદ જ ઉદયાવલિકા ઉપરની વર્તમાન એવી તમામ સ્થિતિ અન્યત્ર સંક્રમ પામે છે. તેથી સંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિઓની આવલિકાદ્વિક હીન એવી સર્વ પણ સ્થિતિ જે સંક્રમકાળે છે તે યત્સ્થિતિ કહેવાય છે.

આયુષ્યકર્મમાં પરસ્પર સંક્રમ થતો જ નથી. તેથી સંક્રમથી ઉત્કૃષ્ટસ્થિતિ સત્તા પ્રાપ્ત થતી નથી. પોતાનો વધારેમાં વધારે જેટલો બંધ થાય છે તે જ સત્તામાં હોય છે. તેથી તે ચારે આયુષ્ય બંધોત્કૃષ્ટા ગણાય છે. પણ સંક્રમોત્કૃષ્ટા કહેવાતા નથી. કારણ કે તે ચારે આયુષ્યોનો પરસ્પર એક-બીજામાં સંક્રમ થતો જ નથી.

ચારે પણ આયુષ્યકર્મમાં યત્સ્થિતિનું પ્રમાણ અબાધા સહિત સર્વે પણ બંધાયેલી જેટલી સ્થિતિ હોય છે તેટલું પ્રમાણ જાણવું. ફક્ત બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓમાં એક બંધાવલિકાન્યૂન સ્થિતિ તે જ યત્સ્થિતિ કહેવાય છે. તે કારણથી બન્ધાવલિકાન્યૂન અને અબાધાકાળ સહિત એવી આયુષ્ય કર્મની જે સ્થિતિ છે. તે જ યત્સ્થિતિ જાણવી.

અહીં આયુષ્યકર્મમાં વ્યાઘાતભાવિની એવી અપવર્તના[1] (એટલે પોતપોતાનું આયુષ્ય તુટી જાય અને મોટામાંથી નાની સ્થિતિ થાય. વહેલાસર મરણ થાય. એવી જે અપવર્તના તે વ્યાઘાતભાવિની અપવર્તના કહેવાય છે.) તે અપવર્તના નિયમા તે તે આયુષ્યનો ઉદય હોય ત્યારે જ થાય છે. જેમ કે સો વર્ષના આયુષ્યવાળો મનુષ્ય હોય અને ૬૦મા વર્ષે ઝેર પીએ અથવા આગમાં બળી મરે તો તે આયુષ્યની અપવર્તના તે તે આયુષ્યનો ઉદય ચાલુ હોય ત્યારે જ થઈ એમ કહેવાય છે અને તે પણ મનુષ્યાયુષ્ય અને તિર્યયાયુષ્યમાં જ આ વ્યાઘાતભાવિની અપવર્તના થાય છે. તેથી તેવી વ્યાઘાતભાવિની અપવર્તનાને આશ્રયી આ યત્સ્થિતિનું પ્રમાણ જણાવાતું નથી.

પરંતુ જે નિર્વ્યાઘાતભાવિની અપવર્તના સમયે સમયે ચાલું જ છે. જેનાથી આયુષ્યકર્મ ઘટતું નથી. તુટતુ નથી. પરંતુ પાછળથી લતા પાતળી પાતળી થાય છે. આવી જે નિર્વ્યાઘાતભાવિની અપવર્તના છે તે તો અનુદયકાળે પણ થાય છે અને આવી આ અપવર્તના બંધાવલિકા પસાર થયા પછી સર્વ ઉદયકાળે ચાલુ જ હોય છે.

ફક્ત એટલું ખાસ જાણવું કે બન્ધ હોય ત્યારે બન્ધ હોતે છતે પ્રથમ સમયની, દ્વિતીય સમયની, તૃતીય સમયની જે જે લતાઓ બંધાણી છે તે તે લતાની એક બંધાવલિકા ગયે છતે ઉદ્વર્તના અને અપવર્તના બન્ને પણ સ્વમાં થાય છે. તેથી નિર્વ્યાઘાત ભાવિની ઉદ્વર્તના અને નિર્વ્યાઘાત ભાવિની અપવર્તના કરવા સ્વરૂપ સ્વસ્થાનના સંક્રમને આશ્રયી યત્સ્થિતિનું પ્રમાણ એક બંધાવલિકા હીન અને અબાધાકાળ સહિત સર્વ પણ સ્થિતિ જેટલું જાણવું.

આ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિના સંક્રમનું પ્રમાણ જણાવ્યું. ॥૩૧॥

***અવતરણ :- હવે જઘન્યસ્થિતિસંક્રમના પ્રમાણને જણાવવાનો અવસર છે ત્યાં જઘન્યસ્થિતિસંક્રમ બે પ્રકારે થાય છે. (૧) સ્વપ્રકૃતિમાં અને (૨) પરપ્રકૃતિમાં, બન્ને પ્રકારના સંક્રમમાં ઉદયાવલિકામાં જે અન્તિમ પ્રક્ષેપ કરવા રૂપ જે સંક્રમ થાય છે. તે જ જઘન્યસ્થિતિ સંક્રમ જાણવો. તેથી ઉદયાવલિકાની બહારના ભાગમાં પણ જે સ્થિતિ સંક્રમ થાય છે. તે જઘન્યસ્થિતિસંક્રમ કહેવાતો નથી. આ વાત ઉપરના અર્થથી સિદ્ધ થાય છે. આ લક્ષણ નિદ્રાદ્વિકને ત્યજીને જાણવું. ત્યાં સ્વપ્રકૃતિમાં જઘન્યસ્થિતિ સંક્રમનું પ્રમાણ કેટલું હોય ? તે સમજાવે છે :-***

**आवरणविग्घदंसण, चउक्कलोभंतवेयगाऊणं ।**
**एगा ठिई जहन्नो, जट्ठिइ समयाहिगावलिगा ॥ ३२ ॥**

---

૧. આયુષ્યકર્મની વ્યાઘાતભાવિની અપવર્તના તે તે આયુષ્યના ઉદયકાલે જ થાય છે અને તે અપવર્તનીય આયુષ્યકર્મમાં જ થાય છે. પણ અનપવર્તનીય આયુષ્યકર્મમાં વ્યાઘાતભાવિની અપવર્તના થતી જ નથી. અનપવર્તનીય આયુષ્યકર્મમાં ફક્ત નિર્વ્યાઘાત અપવર્તના જ થાય છે.

**ગાથાર્થ :-** જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય પાંચ, દર્શનાવરણીય ચાર, અન્તિમ (સંજ્વલન) લોભ, વેદક (સમ્યક્ત્વ) મોહનીય, ચાર આયુષ્ય એમ કુલ ૨૦ કર્મપ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિ સંક્રમ ૧ સમય જાણવો તથા તેઓની યત્સ્થિતિ એક સમય અધિક એક આવલિકા પ્રમાણ જાણવી. ॥૩૨॥

**વિવેચન :-** જ્ઞાનાવરણીય કર્મની પાંચ, અંતરાય કર્મની પાંચ, દર્શનાવરણીય કર્મની ચાર, અન્તિમ લોભ એટલે સંજ્વલન લોભ, વેદકમોહનીય એટલે સમ્યક્ત્વમોહનીય અને ચાર આયુષ્ય એમ કુલ ૨૦ કર્મપ્રકૃતિઓનો જ્યારે જ્યારે પોતાની સત્તાનો જ્યાં જ્યાં *વિચ્છેદ થતો હોય ત્યાં ત્યાં ત્યારે ત્યારે એટલે કે સ્વસત્તાના વ્યવચ્છેદ સમયે તે તે ગુણસ્થાનકે* સમયાધિક એક આવલિકાની સત્તા બાકી હોય ત્યારે પ્રથમની એક આવલિકા કે જે ઉદયાવલિકા કહેવાય છે. તે સકલકરણને માટે અયોગ્ય છે. તેથી તે આવલિકાને છોડીને તેની ઉપરની ચરમ સમયવાળી એક સમયની સ્થિતિને અપવર્તના સંક્રમ વડે અપવર્તાવીને તેની નીચેની જે ઉદયાવલિકા છે. તેના સમયાધિક ત્રીજા ભાગમાં સંક્રમ કરે છે. ત્યારે આ એક સમયનો જે સંક્રમ કર્યો તે જઘન્ય સ્થિતિ સંક્રમ કહેવાય છે અને એક સમય અધિક એક આવલિકા તે યત્સ્થિતિ કહેવાય છે. ॥૩૨॥

*અવતરણ : નિદ્રાદ્વિક અને હાસ્યાદિષટ્કનો જઘન્ય સ્થિતિસંક્રમ અને યત્સ્થિતિનું પ્રમાણ જણાવે છે :-*

**निद्दादुगस्स एगा, आवलियदुगं असंखभागो य ।**
**जट्ठिइ हासछक्के, संखेज्जाओ समाओ उ ॥ ३३ ॥**

**ગાથાર્થ :-** નિદ્રાદ્વિકનો જઘન્યસ્થિતિસંક્રમ એક સમયની સ્થિતિપ્રમાણ છે. પરંતુ તેની યત્સ્થિતિ બે આવલિકા અને ત્રીજી એક આવલિકાનો અસંખ્યાતમો ભાગ અધિક આટલી યત્સ્થિતિ જાણવી તથા હાસ્યાદિ ષટ્કમાં સંખ્યાતા વર્ષ પ્રમાણ જે અન્તિમ સંક્રમ થાય છે તે જ જઘન્યસંક્રમ છે. આમ જાણવું ॥૩૩॥

**વિવેચન :-** બારમા ક્ષીણમોહ વીતરાગ છદ્મસ્થગુણસ્થાનકે ઘાતી કર્મોનો ક્ષય કરતાં કરતાં નિદ્રાદ્વિકની સત્તા આવલિકાના અસંખ્યાતમા ભાગ વડે અધિક એવી બે આવલિકાકાળ જેટલો બાકી રહે ત્યારે પોતાના સંક્રમના અન્તકાલે પોતાની સ્થિતિમાં જે ઉપરની અન્તિમ એક સમયમાત્રની સ્થિતિ છે. તેનો જે સંક્રમ થાય છે. તે જઘન્યસ્થિતિ સંક્રમ કહેવાય છે અને તે સંક્રમકાળે અન્તિમ સમયનો સંક્રમ કરીને તેની નીચેની એક આવલિકાના ત્રીજા ભાગમાં અર્થાત્ સમયાધિક એવા ત્રીજા ભાગમાં પ્રક્ષેપ કરે છે. ત્યારે એક સમયની સ્થિતિનો જઘન્ય સંક્રમ મળે છે અને બે આવલિકા પરિપૂર્ણ તદુપરાન્ત ત્રીજી એક આવલિકાનો અસંખ્યાતમો ભાગ અધિક એટલી યત્સ્થિતિ હોય છે.

ઉપરની વાતનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે :- નિદ્રા અને પ્રચલાની બે આવલિકા અને ત્રીજી આવલિકાનો અસંખ્યાતમો ભાગ અધિક એટલી સ્થિતિ બાકી રહે ત્યારે છેલ્લા એક સમય માત્રની સ્થિતિની અપવર્તના કરવારૂપ સંક્રમ થાય છે. તેને જ જઘન્યસંક્રમ કહેવાય છે. પરંતુ મતિજ્ઞાનાવરણીયાદિની જેમ સમયાધિક એક આવલિકા બાકી રહે ત્યારે જઘન્યસંક્રમ સંભવતો નથી. આ સઘળી ૨૨ પ્રકૃતિઓની વાત સ્વસંક્રમને આશ્રયી જઘન્ય સંક્રમ થાય છે. આ વાત સમજાવી.

હવે જે પ્રકૃતિઓનો પતદ્ગ્રહભૂત એવી પરપ્રકૃતિઓમાં સંક્રમ કરતી વેળાએ જઘન્યસ્થિતિ સંક્રમ થાય છે. તે પ્રકૃતિઓ જણાવે છે. હાસ્ય વડે ઓળખાતું જે ષટ્ક તે હાસ્યષટ્ક અર્થાત્ હાસ્ય-રતિ-અરતિ-શોક-ભય અને જુગુપ્સા લક્ષણવાળું જે ષટ્ક તે હાસ્યષટ્ક. તેની ક્ષપકશ્રેણિમાં વર્તતો જીવ જ્યારે અપવર્તના કરણ કરીને સ્થિતિ ઘટાડીને સંખ્યાતા વર્ષ પ્રમાણ જ સ્થિતિ રાખે છે. અર્થાત્ તેટલી સ્થિતિ કરે છે ત્યારે તે હાસ્યષટ્ક સર્વથા નિર્લેપ થતા હોય છે. તેની સત્તા મૂળથી જ સમાપ્ત થતી હોય છે અને રહ્યું સહ્યું જે કંઈ દલિક છે. તેનો સંજ્વલન ક્રોધમાં પ્રક્ષેપ કરાતો હોય છે ત્યારે હાસ્યાદિ ષટ્કનો જઘન્યસ્થિતિ સંક્રમ પ્રાપ્ત થાય છે. ॥૩૩॥

**सोणमुहुत्ता जट्ठिइ, जहन्नबंधो उ पुरिससंजलणे ।**
**जट्ठिइ सगुणजुत्तो आवलियदुगूणगो तत्तो ॥ ३४ ॥**

**ગાથાર્થ :-** હાસ્યાદિ ષટ્કનો જે જઘન્યસ્થિતિસંક્રમ થયો તે જ અન્તર્મુહૂર્ત અધિક કરો તેટલી હાસ્યાદિષટ્કની યત્સ્થિતિ જાણવી. પુરુષવેદ અને સંજ્વલન ચાર કષાયનો જે જઘન્યસ્થિતિ બંધ પૂર્વે કહ્યો છે. તે જ અબાધાકાળન્યૂન જઘન્યસ્થિતિ સંક્રમ જાણવો તથા તે પાંચની યત્સ્થિતિ પોતાનો ન્યૂન કરેલો અબાધાવાળો કાળ યુક્ત કરીએ અને બીજી બે આવલિકાન્યૂન કરીએ તે તેની યત્સ્થિતિ જાણવી. ॥૩૪॥

**વિશેષાર્થ :-** હાસ્યાદિ ષટ્કના જઘન્યસ્થિતિ સંક્રમકાળે જે સંખ્યાતા વર્ષ પ્રમાણ જઘન્ય સ્થિતિસંક્રમ થાય છે. આ વાત ઉપરની ગાથામાં સમજાવી છે. તે જ સંક્રમકાળને એક અન્તર્મુહૂર્તથી અધિક કરીએ તેટલી હાસ્યાદિ ષટ્કની સર્વે પણ જે સ્થિતિ તે યત્સ્થિતિ જાણવી. કારણ કે અન્તરકરણમાં જે સ્થાનો છે તેમાં કર્મદલિક વિદ્યમાન નથી. પરંતુ અન્તરકરણની ઉપરના કાળમાં દલિક રચના છે. તેથી ઉપર ગોઠવેલી સંખ્યાતા વર્ષ પ્રમાણ હાસ્યષટ્કની જે સ્થિતિ છે. તેનો જ્યારે આ જીવ સંક્રમ કરે છે. ત્યારે તેવા જઘન્યસ્થિતિ સંક્રમકાળે અન્તકરણવાળો જે એક અંતર્મુહૂર્તનો કાળ છે તેટલી વધારે યત્સ્થિતિ છે. એમ કહેવાય છે.

હાસ્યાદિ ષટ્કની અંતરકરણની ઉપર સંખ્યાતા વર્ષ પ્રમાણ જે આ સ્થિતિ છે. તેને અપવર્તનાકરણ વડે અપવર્તાવીને સંજ્વલનક્રોધની ઉદયાવલિકામાં આ જીવ પ્રક્ષેપ કરે છે. આમ સમજવું. જો આમ ન લઈએ તો સ્થિતિ સંખ્યાતા વર્ષ પ્રમાણ હોવાથી એટલે કે બહુ હોવાથી ઉદયાવલિકાના બહારના ભાગમાં પણ તેનો પ્રક્ષેપ થાય અને જો ઉદયાવલિકાના બહારના ભાગમાં પ્રક્ષેપ થાય તો અન્ય પ્રકૃતિનો ઉદયાવલિકાની અંદર જ જે પ્રક્ષેપ થાય છે. તેને જ જઘન્ય સ્થિતિસંક્રમ કહેવાય એવું જઘન્ય સંક્રમનું જે લક્ષણ છે. તેનો વિરોધ આવે. તે માટે ઉદયાવલિકાના બહિર્ભાગમાં સંક્રમ ન લેતાં ઉદયાવલિકાની અંદર જ જે પ્રક્ષેપ થાય. તે જઘન્યસ્થિતિસંક્રમ જાણવો.આવો અર્થ હોવાથી ઉદયાવલિકાની અંદર પ્રક્ષેપ જાણવો.

પુરૂષવેદ અને સંજ્વલન ચાર કષાયનો નવમા ગુણસ્થાનકે જે જઘન્યસ્થિતિબન્ધ કહ્યો છે. જેમ કે પુરુષવેદનો આઠ વર્ષ પ્રમાણ, સંજ્વલન ક્રોધનો બે માસ, સંજ્વલન માનનો એક માસ, સંજ્વલન માયાનો અર્ધો માસ, આ પ્રમાણે જઘન્યસ્થિતિ બંધ છે. તેમાંથી અબાધાકાળ સંબંધી નાનું એક અંતર્મુહૂર્ત બાદ કરીએ ત્યારબાદ જેટલી સ્થિતિ રહે તેટલો જઘન્યસ્થિતિ સંક્રમ જાણવો. કારણ કે, અબાધાકાળમાં દલિકરચના નથી. તેથી અબાધાકાળ વિનાની સઘળી પણ સ્થિતિ અન્યપ્રકૃતિમાં સંક્રમ પામે છે. ત્યાં જ કર્મદલિકની રચનાનો સંભવ છે તે માટે અબાધાકાળથી ન્યૂન કર્મસ્થિતિમાં જ કર્મદલિકોની રચના હોવાથી તેટલો જઘન્ય સ્થિતિ સંક્રમ જાણવો.

જ્યારે જઘન્ય સ્થિતિ બંધાતી હોય ત્યારે અંતર્મુહૂર્ત માત્ર અબાધા હોય છે. તથા જ્યારે આ પ્રમાણે ૮ વર્ષ, ૨ માસ, ૧ માસ, અર્ધમાસ ઈત્યાદિ જઘન્યસ્થિતિ બંધાતી હોય છે. ત્યારે અબાધાવાળા અંતર્મુહૂર્ત કાળમાં પૂર્વે બાંધેલું કર્મદલિક ત્યાં હાલ સત્તામાં નથી. કારણ કે તે સર્વદલિકનો તે કાળે ક્ષય થયેલો છે. તે કારણથી પુરૂષવેદાદિ પાંચ પ્રકૃતિઓની અંતર્મુહૂર્ત ન્યૂન પોતપોતાની જે જઘન્યસ્થિતિ છે. તે જ જઘન્ય સ્થિતિસંક્રમ જાણવો.

તથા તે કાળે આ પાંચે કર્મોની યત્સ્થિતિ ન્યૂન કરેલા પોતાના અબાધાકાળવાળા એક અંતર્મુહૂર્તથી સહિત જઘન્ય સ્થિતિબંધ કરીએ અને જેટલી સ્થિતિ થાય. તેમાંથી બંધાવલિકા અને સંક્રમાવલિકા એમ બે આવલિકાન્યૂન જેટલી સ્થિતિ થાય તેટલો યત્સ્થિતિકાળ જાણવો.

બે આવલિકાનું જે ન્યૂનપણું કહ્યું. તે આ પ્રમાણે સમજવું. પુરૂષવેદ અને સંજ્વલન ચતુષ્કનો બંધ વિચ્છેદ જ્યારે થાય છે. ત્યાર પછી એક બંધની આવલિકા પસાર થયે છતે બંધાવલિકાના ચરમ સમયે જે લતા બાંધી છે તે પુરૂષવેદાદિ પાંચે પ્રકૃતિઓની ચરમલતાનો સંક્રમ આ જીવ કરે છે. તે સંક્રમ એક આવલિકા કાળ ચાલે છે. એક આવલિકા કાળે આ

સંક્રમ દ્વારા દલિકોની સત્તા સમાપ્ત થાય છે અર્થાત્ પરપ્રકૃતિમાં સર્વથા સંક્રમી જાય છે. તેથી તે સંક્રમાવલિકાના ચરમસમયે જે સંક્રમ થયો તે જઘન્ય સ્થિતિ સંક્રમ કહેવાય છે. આ રીતે બે આવલિકા ન્યૂન યત્સ્થિતિ જાણવી.

સારાંશ કે બન્ધાવલિકા તથા સંક્રમાવલિકા રહિત અને અબાધાકાળ સહિત જે જઘન્યસ્થિતિબંધ થયો. તે જ જઘન્યસ્થિતિ સંક્રમકાળે જઘન્ય યત્સ્થિતિ કહેવાય છે. ॥૩૪॥

*અવતરણ :- કેવલી પરમાત્માને જે જે કર્મોની સત્તા છે. તે તે કર્મોનો ત્યાં જ જઘન્ય સ્થિતિ સંક્રમ પ્રાપ્ત થાય છે. હવે કેવલી પરમાત્માને જે જઘન્ય સ્થિતિસંક્રમ થાય છે તેની પ્રરૂપણા કરતા એવા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-*

**जोगंतिगाणमंतोमुहुत्तिओ सेसियाण पल्लस्स ।**
**भागो अंसंखियतमो जद्विइगो आलिगाइ सह ॥ ३५ ॥**

**ગાથાર્થ :-** સંયોગી કેવલી ગુણસ્થાનકે જેના સંક્રમનો અંત થાય છે. એવી ૯૪ પ્રકૃતિઓનો જઘન્યસ્થિતિસંક્રમ અંતર્મુહૂર્ત પ્રમાણ જાણવો. તથા બાકીની ૩૨ પ્રકૃતિઓનો પોતપોતાના ક્ષીણ થવાના કાલે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જે ચરમ સંક્રમ થાય છે. તે જ જઘન્યસ્થિતિ સંક્રમ જાણવો. સર્વ ઠેકાણે યત્સ્થિતિકાલ જઘન્યસ્થિતિ સંક્રમ કરતાં એક આવલિકા અધિક જાણવો. ॥૩૫॥

**વિવેચન :-** "जोगंतियाण अंतोमुहुत्तिओ" સંયોગી કેવલી નામના તેરમા ગુણસ્થાનકના *ચરમ સમયે સંક્રમને આશ્રયી અંત પામનારી "નરકદ્વિક, તિર્યંચદ્વિક, આદ્ય જાતિ ચતુષ્ટય,* સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, આતપ અને ઉદ્યોત આ ૧૩ પ્રકૃતિને વર્જીને બાકીની નામ કર્મની ૯૦ પ્રકૃતિઓ તથા સાતા અને અસાતા વેદનીય, ઉચ્ચગોત્ર અને નીચગોત્ર એમ કુલ ૯૪ પ્રકૃતિઓનો જઘન્યસ્થિતિ સંક્રમ અંતર્મુહૂર્ત પ્રમાણ જાણવો. તે આ પ્રમાણે સમજવો :-

આ ૯૪ પ્રકૃતિઓની સત્તા ચૌદમા ગુણસ્થાનક સુધી હોય છે. પણ ચૌદમે ગુણસ્થાનકે યોગ ન હોવાથી સંક્રમ કરણ પ્રવર્તતું નથી. કારણ કે, આઠે કરણો યોગાત્મક છે અને યોગ તેરમા ગુણસ્થાનક સુધી જ છે અને તેરમા સંયોગી કેવલી ગુણસ્થાનકના ચરમ સમયે આ ૯૪ પ્રકૃતિઓની અંતર્મુહૂર્ત પ્રમાણ જ સ્થિતિ વિદ્યમાન છે.

તે સ્થિતિની તે સમયે જ સર્વ અપવર્તના કરવા વડે અપવર્તિત થાય છે ત્યાં એક ઉદયાવલિકા સકલકરણને માટે અયોગ્ય છે. તેથી તેની અપવર્તના થતી નથી. તે આવલિકા અનપવર્તનીય છે માટે અપવર્તમાન એવી પ્રકૃતિઓની ઉદયાવલિકા રહિત જે સ્થિતિ છે. તે જઘન્યસ્થિતિસંક્રમ જાણવો. અપવર્તના સ્વરૂપ જઘન્ય સ્થિતિ સંક્રમકાળે તે પ્રકૃતિઓની તે ઉદયાવલિકા સહિત જે સ્થિતિ તે યત્સ્થિતિ જાણવી.

**પ્રશ્ન :-** જેમ મતિજ્ઞાનાવરણીયાદિ કર્મોની સત્તાનો ક્ષીણમોહે અંત થાય છે. ત્યારે સમયાધિક એક આવલિકા પ્રમાણ યત્સ્થિતિ હોતે છતે છેલ્લા ૧ સમયનો જે સંક્રમ તે જઘન્યસંક્રમ કહેવાય છે. તેમ ઉપર કહેલી પદ્ધતિ પ્રમાણે આ ૯૪ કર્મપ્રકૃતિઓની સત્તા ચૌદમે ગુણસ્થાનકે છે. તો ત્યાં બારમા ગુણસ્થાનકવાળી પ્રકૃતિઓની જેમ સમયાધિક એક આવલિકા બાકી હોય ત્યારે એક આવલિકા છોડીને છેલ્લા એક ચરમ સમયનો જે સંક્રમ તે જ જઘન્ય સંક્રમ કહેવાય. આમ કેમ નથી સમજાવાતું ? અને તેરમા ગુણસ્થાનકના અન્તે અંતર્મુહૂર્ત પ્રમાણ (ઉદયાવલિકા રહિત અંતર્મુહૂર્ત પ્રમાણ) જઘન્ય સ્થિતિસંક્રમ કેમ કહેવાય છે !

**ઉત્તર :-** અયોગી કેવલી ભગવંતો સૂક્ષ્મ અને બાદર એમ તમામ પ્રકારના યોગદશાથી રહિત હોવાના કારણે યોગાત્મક ક્રિયાની અપેક્ષાએ નિષ્ક્રિય છે એટલે કે કોઈ પણ પ્રકારના કરણવીર્યના પ્રવર્તક નથી. માટે ચૌદમા ગુણસ્થાનકે જઘન્ય સ્થિતિ સંક્રમ ન લેતાં તેરમા ગુણઠાણાના છેલ્લા સમયે જ જઘન્ય સ્થિતિસંક્રમનું સ્વામિત્વ સમજાવ્યું છે અને તે કાલે આ ૯૪ કર્મોની સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ છે માટે આ જ કથન ઉચિત છે.

બાકી રહેલી પ્રકૃતિઓને આશ્રયી જઘન્યસ્થિતિસંક્રમનું પ્રમાણ હવે સમજાવે છે. ઉપર કહેલી પ્રકૃતિઓથી બાકી રહેલી કર્મપ્રકૃતિઓ [૩]થિણદ્ધિત્રિક મિથ્યાત્વ[૧]મોહનીય, મિશ્રમોહનીય[૧], અનંતાનુબંધિ[૪], અપ્રત્યાખ્યાનીય[૪] અને પ્રત્યાખ્યાનાવરણ[૪] કષાય, નપુંસકવેદ[૧], સ્ત્રીવેદ[૧], નરકદ્વિક[૨], તિર્યંચદ્વિક[૨], આદ્યજાતિ ચતુષ્ટય[૪], સ્થાવર[૧], સૂક્ષ્મ[૧], આતપ[૧], ઉદ્યોત[૧] અને સાધારણ[૧] નામકર્મ આવા નામોવાળી કુલ ૩૨ પ્રકૃતિઓનો પોતપોતાના ક્ષયકાળે જે અન્તિમ ચરમ સંક્રમ પલ્યોપમના અસંખ્યાતના ભાગ માત્ર સ્થિતિનો જે થાય છે. તે જ જઘન્યસ્થિતિ સંક્રમ જાણવો. કારણ કે આ પ્રકૃતિઓનો આ જ છેલ્લો સંક્રમ છે અને તે કાળે આટલી સ્થિતિ સત્તા છે કે જેનો સંક્રમ થાય છે માટે તે જ જઘન્ય સ્થિતિસંક્રમ જાણવો.

યત્સ્થિતિનું પ્રમાણ તો પોતાના કાળે થતો (જઘન્યસ્થિતિ સંક્રમ કાળે થતો) જે જઘન્યસ્થિતિ સંક્રમ છે. તે જ એક આવલિકાની સાથે યુક્ત કરીએ ત્યારે તે તે પ્રકૃતિઓનો તેટલો તેટલો યત્સ્થિતિકાળ જાણવો.

આ જે એક આવલિકા યુક્ત જઘન્યસ્થિતિ સંક્રમ પ્રમાણ યત્સ્થિતિ કહી છે. તે પણ સ્ત્રીવેદ અને નપુંસકવેદ આ બે પ્રકૃતિને ત્યજીને શેષ ૩૦ પ્રકૃતિઓની યત્સ્થિતિ જાણવી. કારણ કે સ્ત્રીવેદ અને નપુંસકવેદ વર્જીને બાકીની ૩૦ પ્રકૃતિઓની પ્રથમની એક આવલિકા નીચેની મૂકીને બાકીની ઉપરની સ્થિતિમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્ર રૂપ ચરમખંડનો અન્ય પ્રકૃતિમાં આ જીવ સંક્રમ કરે છે. તેથી તે ૩૦ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ સંક્રમકાળે એક આવલિકા અધિક યત્સ્થિતિ જાણવી જઘન્ય સ્થિતિ સંક્રમનું પ્રમાણ જે છે. તેને જ એક આવલિકા સહિત કરો તેટલી તે ૩૦ પ્રકૃતિઓની યત્સ્થિતિ હોય છે.

પરંતુ સ્ત્રીવેદ તથા નપુંસકવેદનો અન્તિમ ચરમ સ્થિતિ ખંડનો આ જીવ જ્યારે અંતરકરણમાં હોય ત્યારે જ અન્યત્ર સંક્રમ કરે છે અને અંતરકરણમાં દલીક વિદ્યમાન નથી. પરંતુ અંતરકરણથી ઉપરની સ્થિતિમાં દલીક વિદ્યમાન છે તથા તે અંતરકરણ કે જે દલીકરહિત છે. તે અંતર્મુહૂર્તના પ્રમાણવાળું છે. તેથી અંતરકરણવાળા અંતર્મુહૂર્તથી યુક્ત એવો જે જઘન્યસ્થિતિ સંક્રમ છે. તે જ આ બન્ને વેદની યત્સ્થિતિ જાણવી. ॥૩૫॥

*અવતરણ :- આ પ્રમાણે જઘન્ય સંક્રમનું પણ પ્રમાણ કહ્યું. હવે સાદ્યાદિથી પ્રરૂપણા કરવાનો અવસર છે. તે મૂલપ્રકૃતિ વિષયક અને ઉત્તર પ્રકૃતિવિષયક એમ બે પ્રકારનો છે ત્યાં પ્રથમ મૂલપ્રકૃતિ વિષયક સાદ્યાદિની પ્રરૂપણા કરતાં જણાવે છે કે :-*

**मूलठिई अजहन्नो, सत्तण्ह तिहा चउव्विहो मोहे ।**
**सेसविगप्पा तेसिं, दुविगप्पा संकमे हुंति ॥ ३६ ॥**

**ગાથાર્થ :-** મૂલકર્મોની સ્થિતિમાં એક મોહનીય કર્મને વર્જીને શેષ સાત કર્મોનો અજઘન્ય સ્થિતિ સંક્રમ ત્રણ પ્રકારે છે અને મોહનીય કર્મનો જઘન્યસ્થિતિ સંક્રમ ચાર પ્રકારે છે. તે કર્મોના શેષ વિકલ્પો સ્થિતિ સંક્રમમાં બે પ્રકારે જ છે. ॥૩૬॥

**વિવેચન :-** મોહનીય કર્મ વિના શેષ સાતકર્મોનો અજઘન્યસ્થિતિ સંક્રમ ત્રણ પ્રકારે હોય છે. (૧) અનાદિ, (૨) ધ્રુવ અને (૩) અધ્રુવ. તે આ પ્રમાણે -

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય આ ત્રણ કર્મોનો જઘન્ય સ્થિતિ સંક્રમ બારમા ક્ષીણમોહ ગુણસ્થાનકનો સમયાધિક એક આવલિકાકાળ બાકી રહે ત્યારે પ્રથમની આવલિકા સકલકરણને માટે અયોગ્ય છે. તેથી તેના ઉપરના અન્તિમ એક સમયની અપવર્તના કરે છે. તે જઘન્યસ્થિતિ સંક્રમ, તે જઘન્યસ્થિતિસંક્રમ તે કાળે જ થાય છે.આવા પ્રકારનો જઘન્ય સ્થિતિ સંક્રમ અન્યત્ર સંભવતો નથી. તે માટે સાદિ અને અધ્રુવ છે.

તે જ પ્રમાણે ચાર અઘાતીકર્મો (નામ-ગોત્ર-વેદનીય અને આયુષ્ય આ ચાર કર્મો)નો જઘન્યસ્થિતિ સંક્રમ તેરમા સંયોગી કેવલી ગુણસ્થાનકના ચરમસમયે થાય છે. ત્યારબાદ અયોગી થવાથી કરણવીર્ય ન હોવાથી સંક્રમકરણ પ્રવર્તતું નથી. તેથી તેરમા ગુણસ્થાનકના ચરમસમયે જ ચાર અઘાતી કર્મોના જઘન્ય સંક્રમની સાદિ થાય છે અને બીજા જ સમયે અયોગી થવાથી સંક્રમ અટકી જાય છે. માટે અધ્રુવ થાય છે. આ પ્રમાણે ચાર અઘાતીકર્મોનો જઘન્ય સ્થિતિસંક્રમ સાદિ-અધ્રુવ છે.

ઉપર કહેલાં સાતેકર્મોનો ઉપરોક્ત સંક્રમ વિનાના બીજા બધા સંક્રમ અજઘન્યસંક્રમ કહેવાય છે અને આવો અજઘન્ય સ્થિતિસંક્રમ અનાદિકાળથી ચાલુ જ છે. તેથી તે અનાદિ છે. અભવ્ય જીવો ક્યારેય બારમા-તેરમા ગુણસ્થાનકે આવવાના નથી. તેથી ક્યારેય જઘન્ય

સંક્રમ તેઓને આવવાનો નથી કે ચાલુ સંક્રમ વિરામ પામવાનો નથી. માટે અજઘન્ય સંક્રમ અનંત છે. ધ્રુવ છે.

પરંતુ ભવ્ય જીવોને આ સંક્રમ ભલે છે અનાદિ તો પણ મોક્ષગામી હોવાથી ભવિષ્યમાં ક્યારેક બારમે તેરમે જશે. ત્યારે આ સંક્રમ વિરામ પામશે માટે તે ભવ્ય જીવોને આશ્રયી આ સાતકર્મોનો અજઘન્યસંક્રમ અધ્રુવ જાણવો. આ પ્રમાણે સાત મૂલકર્મોનો અજઘન્ય સ્થિતિસંક્રમ અનાદિ ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારે છે.

મોહનીયકર્મનો અજઘન્ય સ્થિતિ સંક્રમ સાદિ - અનાદિ ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. મોહનીયકર્મનો જઘન્ય સ્થિતિ સંક્રમણ ક્ષપકશ્રેણિમાં વર્તતા આત્માને દસમા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે મોહનીયકર્મનો ક્ષય કરતાં કરતાં સમયાધિક એક આવલિકાકાળ શેષ રહે ત્યારે એક સમયપ્રમાણ જઘન્ય સ્થિતિસંક્રમ થાય છે. બીજા જ સમયે સંક્રમ વિરામ પામે છે તે માટે તે જઘન્યસંક્રમ સાદિ-અધ્રુવ છે.

ઉપરોક્ત જઘન્યસંક્રમ વિનાનો બીજો તમામ મોહનીયકર્મનો સંક્રમ અજઘન્યસ્થિતિ સંક્રમ છે. ત્યાં ઉપશાન્ત મોહ ગુણસ્થાનકે આરૂઢ થયેલા ક્ષાયિક સમ્યક્ત્વી જીવને મોહનીય કર્મનો સંક્રમ નથી. ત્યાંથી પડીને દશમા ગુણસ્થાનકે આવે ત્યારે મોહનીયકર્મનો સંક્રમ ચાલુ થાય છે ત્યારે અજઘન્ય સ્થિતિ સંક્રમની સાદિ થાય છે. અગીયારમું ગુણસ્થાનક નહીં પામેલા જીવને મોહનીયકર્મનો અજઘન્યસ્થિતિસંક્રમ અનાદિ છે. અભવ્ય તથા ભવ્ય જીવને આશ્રયી ધ્રુવ અને અધ્રુવ સ્વયં સમજી લેવા.

આ પ્રમાણે મોહનીય કર્મનો અજઘન્યસ્થિતિ સંક્રમ ચાર પ્રકારે છે અને શેષ સાત કર્મોનો અજઘન્ય સ્થિતિ સંક્રમ ત્રણ પ્રકારે છે. આ આઠે કર્મોના જઘન્ય ઉત્કૃષ્ટ અને અનુષ્કૃટ સ્થિતિ સંક્રમ સાદિ અને અધ્રુવ એમ બે જ પ્રકારે છે. ત્યાં જઘન્યસ્થિતિસંક્રમ તો ઉપર જ અજઘન્યસ્થિતિસંક્રમ સમજાવતાં જ સમજાવ્યો છે. મોહનીયકર્મનો દસમા ગુણસ્થાનકની અને ત્રણ ઘાતીકર્મોનો બારમા ગુણસ્થાનકની સમયાધિકની આવલિકા બાકી રહે ત્યારે ૧ સમયનો જે સંક્રમ થાય છે તે જઘન્યસ્થિતિ સંક્રમ અને ચાર અઘાતી કર્મોનો તેરમાના ચરમ સમયે જઘન્યસ્થિતિસંક્રમ થાય છે. આ આઠે કર્મોનો જઘન્યસ્થિતિસંક્રમ એક સમય માત્ર હોવાથી સાદિ-અધ્રુવ છે.

આ આઠે કર્મોનો ઉત્કૃષ્ટસ્થિતિસંક્રમ ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે ત્યારે એક બંધાવલિકા પછી કરે છે અને ઉત્કૃષ્ટસંક્લિષ્ટ અધ્યવસાય ક્યારેક આવે છે. જ્યારે આવે છે ત્યારે ઉત્કૃષ્ટસ્થિતિબંધ અને ઉત્કૃષ્ટસંક્રમ કરે ત્યારે ઉત્કૃષ્ટસંક્રમની સાદિ અને ઉત્કૃષ્ટસંક્લિષ્ટતા ચાલી જાય ત્યારે અનુત્કૃષ્ટ સ્થિતિ સંક્રમ કરે ત્યારે અનુત્કૃષ્ટ સ્થિતિ સંક્રમની સાદિ આમ બન્ને વારાફરતી કાળક્રમે થતા હોવાથી ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમ અને અનુત્કૃષ્ટ સ્થિતિ સંક્રમ આ બન્ને સાદિ-અધ્રુવ જ છે.

આ પ્રમાણે મૂલ આઠકર્મોના સ્થિતિ સંક્રમના ભાંગા સમજાવ્યા મોહનીય કર્મનો અજઘન્ય સ્થિતિ સંક્રમ ચાર પ્રકારે અને જઘન્ય-ઉત્કૃષ્ટ તથા અનુત્કૃષ્ટ સંક્રમ સાદિ-અધ્રુવ બે પ્રકારે છે. મોહનીયકર્મ વિનાનાં શેષ સાત કર્મોનો અજઘન્ય સંક્રમ અનાદિ-ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારે છે તથા તે સાતે કર્મોના જઘન્ય-ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ સ્થિતિસંક્રમ સાદિ-અધ્રુવ માત્ર છે આવો વિવેક કરવો. ॥૩૬॥

અવતરણ :- હવે ઉત્તર પ્રકૃતિઓની સાદિ-અનાદિની પ્રરૂપણા કરે છે.

**ध्रुवसंतकम्मिगाणं, तिहा चउद्धा चरित्तमोहाणं ।**
**अजहन्नो सेसेसु य, दुहेतरासिं च सव्वत्थ ॥ ३७ ॥**

**ગાથાર્થ :-** ધ્રુવસત્તાવાળી કર્મપ્રકૃતિઓનો અજઘન્યસ્થિતિસંક્રમ ત્રણ પ્રકારે અને ચારિત્ર મોહનીય કર્મની પ્રકૃતિઓનો અજઘન્ય સ્થિતિસંક્રમ ચાર પ્રકારે હોય છે. આ કર્મ પ્રકૃતિઓના શેષ જઘન્ય-ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ સ્થિતિ સંક્રમ તથા બાકી રહેલી અધ્રુવસત્તાવાળી સર્વે પણ પ્રકૃતિઓના જઘન્યાદિ ચારે પ્રકારના સંક્રમ સાદિ અને અધ્રુવ જ હોય છે. ॥૩૭॥

**વિવેચન :-** નરકદ્વિક, મનુષ્યદ્વિક, દેવદ્વિક, વૈક્રિયસપ્તક, આહારકસપ્તક, તીર્થંકર નામકર્મ, સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, ઉચ્ચગોત્ર અને ચાર આયુષ્ય એમ કુલ ૨૮ પ્રકૃતિઓ અધ્રુવસત્તાવાળી છે. ક્યારેક બંધાઈ હોય અને ઉદ્વલના કે અન્યનયન સંક્રમ ન થયો હોય તો તેની સત્તા હોય અન્યથા આ ૨૮ની સત્તા ન પણ હોય. આમ આ ૨૮ અધ્રુવ સત્તાવાળી છે. બાકીની ૧૩૦ પરાવર્તે પરાવર્તે બંધાતી હોવાથી અથવા કેટલીક સતત બંધાતી હોવાથી ધ્રુવસત્તા છે.

ધ્રુવસત્તાવાળી ૧૩૦ પ્રકૃતિઓમાંથી ચારિત્રમોહનીયકર્મની ૨૫ પ્રકૃતિ બાદ કરતાં શેષ રહેલ ૧૦૫ કર્મપ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિસંક્રમ પોતપોતાના ક્ષયકાળે દસમા-બારમા અને તેરમા ગુણસ્થાનકના ચરમસમયે થાય છે. આ સંક્રમ ત્યારે જ થાય છે અને એક સમય પછી સંક્રમ વિરામ પામી જાય છે. તે માટે જઘન્ય સ્થિતિ સંક્રમ સાદિ-અધ્રુવ છે.

તે વિનાનો બાકીનો તમામ સંક્રમ આ ૧૦૫ પ્રકૃતિઓનો અજઘન્ય સ્થિતિ સંક્રમ કહેવાય છે. આવા પ્રકારનો અજઘન્યસ્થિતિસંક્રમ અનાદિકાળથી થતો હોવાથી અનાદિ છે. તથા અભવ્યજીવ અને ભવ્યજીવને આશ્રયી ધ્રુવ અધ્રુવ છે.

ચારિત્ર મોહનીય કર્મની ૨૫ પ્રકૃતિઓનો અજઘન્યસ્થિતિ સંક્રમ સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે છે. જ્યારે આ જીવ ઉપશમશ્રેણિમાં આરૂઢ થાય છે. ત્યારે આ પચીસે પ્રકૃતિઓ જેમ જેમ ઉપશાન્ત થાય છે તેમ તેમ તેઓનો સંક્રમ થતો નથી. પરંતુ ઉપશાન્ત થયા પછી ઉપર ચઢીને જ્યારે પતન પામે છે ત્યારે ત્યારે ફરીથી સંક્રમ ચાલુ થાય છે. આ અજઘન્યસંક્રમની સાદિ કહેવાય છે. આવું અગિયારમું ગુણસ્થાનક અર્થાત્

સંક્રમવિરામ પામે તેવું સ્થાન જે જીવો પામ્યા નથી. તેવા જીવોને આશ્રયી અનાદિ, ધ્રુવ અને અધ્રુવ અભવ્ય અને ભવ્યને આશ્રયી સમજી લેવા. આ પ્રમાણે ૧૦૫નો અજઘન્ય સ્થિતિ સંક્રમ ત્રણ પ્રકારે અને ૨૫નો અજઘન્યસ્થિતિ સંક્રમ ચાર પ્રકારે જાણવો.

તથા આ ૧૩૦ કર્મપ્રકૃતિઓ ધ્રુવ સત્તાવાળી હોવાથી જીવને અનાદિકાળથી સત્તામાં છે જ. તેથી સંક્રમ પણ છે જ. માટે આ ૧૩૦માંથી ૧૦૫નો અજઘન્ય સ્થિતિસંક્રમ અનાદિ-ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારે જાણવો. પરંતુ ૨૫ ચારિત્રમોહનીયનો અજઘન્યસ્થિતિસંક્રમ સાદ્યાદિ ચાર પ્રકારે જાણવો. આ ૧૩૦ કર્મપ્રકૃતિઓ ધ્રુવસત્તાવાળી હોવા છતાં તેનો જઘન્ય-ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ સંક્રમ ક્યારેક જ થતો હોવાથી સાદિ-અધ્રુવ સમજવા. જઘન્ય સ્થિતિસંક્રમ પોતપોતાના ક્ષયને અંતે ૧ સમયમાત્ર સ્થિતિનો હોવાથી સાદિ-અધ્રુવ છે અને ઉત્કૃષ્ટસ્થિતિ સંક્રમ ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે ત્યારે ૧ આવલિકા પછી *પ્રથમસમય માત્ર જ હોય છે. શેષકાળે અનુત્કૃષ્ટ સ્થિતિ સંક્રમ હોય છે માટે તે પણ સાદિ-*અધ્રુવ જાણવો.

બાકીની ૨૮ પ્રકૃતિઓ તો અધ્રુવસત્તાવાળી જ છે. ક્યારેક સત્તામાં હોય અને ક્યારેક સત્તામાં ન પણ હોય તે માટે તેના ચારે જઘન્યાદિ સ્થિતિ સંક્રમો સાદિ-અધ્રુવ જાણવા. ॥૩૭॥

***અવતરણ :- હવે સ્થિતિસંક્રમમાં ક્રમસરપણે પ્રાપ્ત થયેલું સ્વામિત્વદ્વાર કહેવાનું છે. તે સ્વામિત્વદ્વાર બે પ્રકારે છે. (૧) ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમસ્વામિત્વ અને (૨) જઘન્ય સ્થિતિ સંક્રમસ્વામિત્વ. ત્યાં પ્રથમ આદ્ય એવા ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામિત્વને સમજાવતાં ગ્રંથકારશ્રી કહે છે :-***

**बंधाओ उक्कस्सो, जासिं गंतूण आलिगं परओ ।**
**उक्कस्स सामिओ, संकमेण जासिं दुगं तासिं ॥ ३८ ॥**

**ગાથાર્થ :-** જે જે કર્મોની બંધથી ઉત્કૃષ્ટસ્થિતિ થાય છે. તે તે કર્મોના ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમનું સ્વામિત્વ એક આવલિકા પછી સમજવું અને જે જે કર્મોની ઉત્કૃષ્ટસ્થિતિ સંક્રમથી થાય છે. તેઓનું ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમનું સ્વામિત્વ બે આવલિકા પછી જાણવું. ॥૩૮॥

**વિવેચન :-** જે જે કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ પોતપોતાની રીતે સ્વયં બંધાય છે. પણ અન્ય પ્રકૃતિના સંક્રમથી ઉત્કૃષ્ટસ્થિતિ સત્તા થતી નથી. પણ બંધથી જ ઉત્કૃષ્ટસ્થિતિ સત્તા થાય છે. તેવી પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ બાંધનારા દેવ-નારકી તિર્યંચ અને મનુષ્ય એમ ચારે ગતિના જીવો યથાયોગ્ય રીતે ઉત્કૃષ્ટસ્થિતિ જ્યારે બાંધવાનો પ્રારંભ કરે ત્યારથી ૧ બંધાવલિકા પસાર કર્યા પછી ઉત્કૃષ્ટસ્થિતિનો સંક્રમ કરી શકે છે. તેથી આવી બન્ધોત્કૃષ્ટા પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટસ્થિતિ બંધ કર્યા પછી એક આવલિકા પછીના સમયે જીવો ઉત્કૃષ્ટસ્થિતિ સંક્રમ કરે છે. સારાંશ કે ત્યારે ઉત્કૃષ્ટસ્થિતિ સંક્રમના સ્વામી થાય છે.

તથા વળી જે કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ સત્તા પોતાના બંધથી થતી નથી. પરંતુ અન્ય સજાતીય પ્રકૃતિ બાંધીને તેનો વિવક્ષિત પ્રકૃતિમાં સંક્રમ કરવાથી ઉત્કૃષ્ટસ્થિતિ સત્તા થાય છે. તેવી સંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટસ્થિતિ સંક્રમ બંધાવલિકા અને સંક્રમાવલિકા એમ બે આવલિકા ગયા પછી જીવો ઉત્કૃષ્ટસ્થિતિ સંક્રમના સ્વામી થાય છે. ॥૩૮॥

**तस्संतकम्मगो बंधिउण उक्कस्सियं मुहुत्तंता ।**
**सम्मत्तमीसगाणं, आवलिगा सुद्धदिट्ठीओ ॥ ३९ ॥**

**ગથાર્થ :-** તે દર્શનમોહનીયત્રિકની સત્તાવાળો કોઈ જીવ ઉત્કૃષ્ટસ્થિતિવાળું મિથ્યાત્વમોહનીય બાંધીને એક મુહૂર્ત બાદ સમ્યક્ત્વ પામીને સમ્યક્ત્વમોહનીયની અને

---

- જે કર્મો પોતાના બંધથી જ ૨૦, ૩૦, ૪૦ અને ૭૦ કોડાકોડી બંધાય છે. તે કર્મો બંધોત્કૃષ્ટા કર્મપ્રકૃતિ કહેવાય છે. આવા કર્મોનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ શરૂ કર્યા પછી એક આવલિકા કાળ જાય ત્યારે પ્રથમ સમયે બંધાયેલી લતાનો અન્ય પ્રકૃતિમાં સંક્રમ થઈ શકે છે. તે માટે તેવી પ્રકૃતિઓના ઉત્કૃષ્ટસ્થિતિ સંક્રમનો સ્વામી આ જીવ બંધાવલિકા પસાર કર્યા પછીના પ્રથમ સમયે જ થાય છે.

જો કે નવી બંધાતી આ કર્મપ્રકૃતિના દલીકોની રચના અબાધા કાળને છોડીને ઉપર જ દલીક રચના થાય છે. તો પણ તે વિવક્ષિત અબાધાકાળમાં પણ પૂર્વકાળમાં બાંધેલી તે પ્રકૃતિની સત્તા પડેલી જ હોય છે. તે જુની પૂર્વે બાંધેલી લતા અને હાલ વર્તમાનકાળે બંધાતી લતા એકમેક થવાના કારણે તે પ્રકૃતિનો સંક્રમ બંધાવલિકા ગયા પછી જ્યારે શરૂ થાય છે ત્યારે ત્યાંથી એક ઉદયાવલિકા છોડીને અન્યમાં સંક્રમ થાય છે. આમ કુલ બે આવલિકાન્યૂન સ્થિતિ સંક્રમ થાય છે. પરંતુ તેનું સ્વામિત્ત્વ બંધની એક આવલિકા ગયા પછી ઉદયાવલિકાના પ્રથમ સમયમાં જ આવે છે માટે સ્વામિત્વ જ્યારે વિચારવું હોય ત્યારે ૧ આવલિકાન્યૂન અને સંક્રમનું પ્રમાણ વિચારવું હોય ત્યારે ૧ બંધાવલિકા અને ૧ ઉદયાવલિકા એમ બે આવલિકાન્યૂન સ્થિતિસંક્રમ જાણવો.

હવે જે પ્રકૃતિઓની પોતાના બંધથી ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા થતી નથી. પરંતુ સજાતીય અન્ય પ્રકૃતિ બાંધીને તેને વિવક્ષિતમાં સંક્રમાવવાથી ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા થાય છે. જેમ કે ઉચ્ચગોત્ર ૧૦ કોડાકોડી સાગરોપમથી વધારે બંધાતું જ નથી. તેની ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ ત્યારે જ ઉપલબ્ધ થાય છે કે જ્યારે નીચગોત્રકર્મ ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ બાંધીને ઉચ્ચગોત્ર બાંધવા લે અને તેમાં પૂર્વે બાંધેલું નીચગોત્ર કર્મ સંક્રમાવે તો જ ઉચ્ચગોગકર્મ ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ થાય તે માટે આવી પ્રકૃતિઓમાં પ્રથમ નીચગોત્ર બાંધ્યું હોય. તેની ૧ બંધાવલિકા ગયા પછી તેનો ઉચ્ચગોત્રમાં સંક્રમ થાય. હવે ઉચ્ચગોત્રમાં આવ્યા પછી પાછું તે કર્મને નીચગોત્રમાં સંક્રમાવવું હોય ત્યારે ઉચ્ચગોત્રમાં આવ્યાને એક આવલિકા જવા દેવી પડે. કારણ કે જેમ બંધાવલિકા સકલકરણને માટે અયોગ્ય છે તેમ સંક્રમથી આવેલું કર્મ પણ એક આવલિકાકાળ સકલકરણને માટે અયોગ્ય છે તે માટે ઉચ્ચગોત્રમાં સંક્રમથી આવેલી નીચગોત્રકર્મની લતાને ૧ આવલિકા (કે જેને સંક્રમાવલિકા કહેવાય છે તે આવલિકા) પસાર થવા દેવી પડે. એટલે ઉચ્ચગોત્રમાં આવેલું કર્મ બે આવલિકા ન્યૂન બને ત્યારે તે સંક્રમને યોગ્ય બને, માટે જ બંધોત્કૃષ્ટાનો સ્વામી ૧ આવલિકા પછી અને સંક્રમોત્કૃષ્ટાનો સ્વામી બે આવલિકા પછી આ જીવ થાય છે.

પરંતુ જે સંક્રમ થાય છે તે જીવ જ્યાં છે ત્યાંથી એક આવલિકા (એટલે કે ઉદયાવલિકા) છોડીને જ થાય છે માટે બંધોત્કૃષ્ટાનો ૨ આવલિકાન્યૂન અને સંક્રમોત્કૃષ્ટાનો ત્રણ આવલિકાન્યૂન સંક્રમ થાય છે. તે *જ સંક્રમને ઉત્કૃષ્ટ સંક્રમ કહેવાય છે.*

મિશ્રમોહનીયની અપવર્તના કરતો એવો શુદ્ધ સમ્યગ્દષ્ટિ જીવ આવલિકા ઉપરની સ્થિતિની અપવર્તના કરે છે. ॥૩૯॥

**વિવેચન :-** ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમના સ્વામી સમજાવે છે. ત્યાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરેલો એવો જીવ સમ્યક્ત્વના પ્રતાપે મિથ્યાત્વમોહનીયકર્મને સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયમાં સંક્રમાવીને ત્રણે દર્શનમોહનીયકર્મની સત્તાવાળો થયો છતો પડીને મિથ્યત્વના ઉદયવાળો થયો છતો મિથ્યાત્વ ગુણસ્થાનકે આવીને ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ મિથ્યાત્વની સ્થિતિને બાંધીને ત્યારબાદ અંતર્મુહૂર્ત મિથ્યાત્વે રહીને વિશુદ્ધિના વશથી મિથ્યાત્વ ગુણસ્થાનકથી નીકળીને સમ્યક્ત્વનું આલંબન લે છે અર્થાત્ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે.

તે શુદ્ધ સમ્યગ્દષ્ટિ જીવ અંતર્મુહૂર્તન્યૂન મિથ્યાત્વમોહની ઉત્કૃષ્ટસ્થિતિને સમ્યક્ત્વમોહનીયમાં અને મિશ્રમોહનીયમાં સંક્રમાવે છે. જેથી ત્રણે દર્શનમોહનીયકર્મની અંતર્મુહૂર્તન્યૂન ૭૦ કોડાકોડીની સ્થિતિ સત્તા પ્રાપ્ત કરે છે.

ત્યારબાદ આ કરેલા સંક્રમને એક આવલિકા પસાર થયે છતે ઉદયાવલિકા ઉપરની તમામ સમ્યક્ત્વમોહનીયની સ્થિતિને સ્વસ્થાનમાં સંક્રમાવે છે અર્થાત્ અપવર્તના કરે છે અને મિશ્રમોહનીયની ઉદયાવલિકા ઉપરની ૭૦ કોડાકોડી પ્રમાણ તમામ સ્થિતિને સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાવે છે અથવા પોતાનામાં અપર્વતના પણ કરે છે (સ્વસંક્રમ પણ કરે છે.)

આ પ્રમાણે દર્શનમોહનીય ત્રણે કર્મોનો ઉત્કૃષ્ટસ્થિતિ સંક્રમનો સ્વામી સમ્યગ્દષ્ટિ જીવ જ થાય છે. ફક્ત મિથ્યાત્વમોહનીયના ઉત્કૃષ્ટસ્થિતિ સંક્રમનો સ્વામી સમ્યક્ત્વના પ્રથમ સમયે જ થાય છે અને સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયના ઉત્કૃષ્ટસંક્રમનો સ્વામી સમ્યક્ત્વ પામ્યા પછી એક સંક્રમાવલિકા ગયા પછી સ્વામી થાય છે. આવલિકા પછી જ સંક્રમ શરૂ કરે છે. આટલી વિશેષતા છે. ॥૩૯॥

*અવતરણ : ઉત્કૃષ્ટસ્થિતિસંક્રમનું સ્વામિત્વ કહ્યું. હવે જઘન્યસ્થિતિસંક્રમનું સ્વામિત્વ કહેવાય છે :-*

**दंसणचउक्कविग्घावरणं, समयाहियालिगा छउमो ।**
**णिद्दाणाण आवलिगदुगे आवलियअसंखतम सेसे ॥ ४० ॥**

**ગાથાર્થ :-** દર્શનાવરણીય ચાર, અંતરાય પાંચ, તથા જ્ઞાનાવરણીયકર્મ પાંચ એમ કુલ ૧૪ પ્રકૃતિઓના જઘન્યસ્થિતિ સંક્રમના સ્વામી છદ્મસ્થ (બારમા ગુણસ્થાનકવાળા) સમયાધિક એક આવલિકા બાકી હોય ત્યારે જાણવા. નિદ્રા અને પ્રચલા આ બે પ્રકૃતિના બે આવલિકા પરિપૂર્ણ અને ત્રીજી આવલિકાનો એક અસંખ્યાતમો ભાગ અધિક એટલો કાળ બાકી હોય એવા બારમા ગુણઠાણાવાળા જીવો સ્વામી જાણવા. ॥૪૦॥

**વિવેચન :-** ચક્ષુ-અચક્ષુ-અવધિ અને કેવલદર્શનાવરણીય એમ ચાર દર્શનાવરણીય કર્મ, પાંચ અંતરાયકર્મ અને પાંચ જ્ઞાનાવરણીયકર્મ એમ કુલ ૧૪ પ્રકૃતિઓના સમયાધિક એક આવલિકા જેટલો કાળ બાકી હોય એવા ક્ષીણમોહગુણસ્થાનકવાળા જીવો સ્વામી જાણવા. કારણ કે ઉપરોક્ત ૧૪ પ્રકૃતિઓનો ક્ષય કરતો કરતો જીવ જ્યારે બારમા ગુણસ્થાનકે આરૂઢ થાય છે ત્યારે આગળ વધતાં જ્યારે એક સમય અધિક એક આવલિકા જેટલો કાળ બારમા ગુણસ્થાનકનો બાકી રહે ત્યારે એક આવલિકા અતીત્થાપના રૂપે છોડીને અન્તિમ એક સમયના કર્મદલિકનો જે સંક્રમ થાય છે. તે સ્થિતિને આશ્રયી નાનામાં નાનો સંક્રમ હોવાથી જઘન્યસ્થિતિસંક્રમ કહેવાય છે.

તથા નિદ્રા અને પ્રચલા આ બન્ને પ્રકૃતિઓના જઘન્યસ્થિતિ સંક્રમનો સ્વામી બારમા ગુણસ્થાનકની બે આવલિકા પરિપૂર્ણ તથા ત્રીજી આવલિકાનો અસંખ્યાતમો ભાગ અધિક, બાકી હોય તેવા સમયમાં વર્તતો જીવ સ્વામી જાણવો. છેલ્લો ઉપરોક્ત કાળ બાકી હોય ત્યાર પછી નિદ્રાદ્વિકનો સંક્રમ થતો નથી માટે આ જ અન્તિમ સંક્રમ છે અને તે જ જઘન્યસંક્રમ છે. ॥૪૦॥

**समयाहिगालिगाए, सेसाए वेयगस्स कयकरणे ।**
**सखवग चरमखंडगसंछुभणे दिट्ठिमोहाणं ॥ ४१ ॥**

**ગાથાર્થ :-** કર્યાં છે ત્રણે કરણો જેણે એવો જીવ સમયાધિક આવલિકા શેષ બાકી હોય ત્યારે ક્ષાયોપશમિક સમ્યત્વી જીવ સમ્યક્ત્વમોહનીયના જઘન્ય સ્થિતિસંક્રમનો સ્વામી થાય તથા મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયકર્મના જઘન્યસ્થિતિસંક્રમનો સ્વામી તે તે પ્રકૃતિનો ક્ષય કરનારો જીવ પોતાની સ્થિતિના અન્તિમ ખંડનો પરમાં જ્યારે સંક્રમ કરે ત્યારે સ્વામી જાણવો. ॥૪૧॥

**વિવેચન :-** દર્શનમોહનીય કર્મને ખપાવવા કર્યાં છે ત્રણે કરણો જેણે એવો ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાને સન્મુખ થયેલો જીવ જઘન્યથી પણ આઠ વર્ષથી ઉપરની ઉંમરવાળો મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીય આ બન્ને કર્મોનો સંપૂર્ણપણે ક્ષય કરીને સમ્યક્ત્વમોહનીયને પણ સર્વ અપવર્તના વડે અપવર્તાવીને ઘણું ખરૂં સમ્યક્ત્વમોહનીય કર્મ જે જીવે ખપાવી નાખ્યું છે. અલ્પમાત્રાવાળું જ સમ્યક્ત્વમોહનીય કર્મ જે જીવને બાકી છે તેવો જીવ મૃત્યુ પામીને ચારે ગતિમાંથી કોઈ પણ ગતિમાં ગયો હોય ત્યારે તે જીવ જ્યારે

સમ્યક્ત્વમોહનીય કર્મની સમયાધિક એક આવલિકા જેટલી સ્થિતિ બાકી રહે ત્યારે ઉદયાવલિકા ઉપરની એક સમય માત્રની સ્થિતિને જ્યારે અપવર્તના સંક્રમ વડે અપવર્તીને નીચે પોતાની ઉદયાવલિકામાં જ તેના સમયાધિક એક તૃતીયાંશ ભાગમાં નિક્ષેપ કરતો હોય એવો ચારે ગતિમાંથી કોઈપણ ગતિમાં વર્તતો જીવ તે સમ્યક્ત્વમોહનીયના જઘન્ય સ્થિતિસંક્રમનો સ્વામી થાય છે. આ સમ્યક્ત્વમોહનીય કર્મના જઘન્યસ્થિતિ સંક્રમના સ્વામી કહ્યા.

હવે મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય કર્મના જઘન્યસ્થિતિ સંક્રમના સ્વામી કહે છે. ચોથા ગુણસ્થાનકવાળા અવિરત સમ્યગ્દષ્ટિ, દેશવિરતિધર, તથા પ્રમત્ત-અપ્રમત્ત મુનિ આ ચારગુણસ્થાનકમાં વર્તતો મનુષ્ય જ્યારે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાને તત્પર થાય ત્યારે મિથ્યાત્વમોહનીય અને મિશ્ર મોહનીય આ બન્ને કર્મોને સર્વ અપર્વતના વડે અપવર્તાવીને નાની સ્થિતિવાળાં કરીને અન્તિમ જે ચરમ સ્થિતિખંડ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. તેની અપવર્તના કરીને જ્યારે સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાવતો હોય ત્યારે આ બે દર્શનમોહનીયના જઘન્ય સ્થિતિસંક્રમનો સ્વામી થાય છે. ॥૪૧॥

**समउत्तरालिगाए लोभे सेसाइ सुहुमरागस्स ।**
**पढमकसायाण विसंजोयणसंछोभणाए उ ॥ ४२ ॥**

**ગાથાર્થ :-** સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકની સમયાધિક એક આવલિકા બાકી રહે ત્યારે ચરમ એક સમયનો જે સંક્રમ તે સંજ્વલન લોભનો જઘન્ય સ્થિતિ સંક્રમ થાય છે. તથા અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કરતાં જે ચરમ સ્થિતિઘાત પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણનો છે. તેના પ્રક્ષેપકાલે જીવ અનંતાનુબંધીના જઘન્ય સ્થિતિ સંક્રમનો સ્વામી થાય છે. ॥૪૨॥

**વિવેચન :-** ક્ષપકશ્રેણિમાં આરૂઢ થયેલા જીવો જ્યારે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે

૧. સર્વ અપવર્તના વડે અપવર્તે છે. તેનો અર્થ એ છે કે વ્યાઘાતભાવિની અપવર્તના વડે જેટલી બની શકે તેટલી સ્થિતિ ઓછી કરે. હવે જેટલી સ્થિતિ સત્તામાં બાકી રહી તેટલી સ્થિતિ લઈને આ જીવ મૃત્યુ પ્રાપ્ત કરી શકે અને ચારે ગતિમાં ઉત્પન્ન થઈ શકે. તેથી જઘન્ય સંક્રમનો સ્વામી ચારે ગતિમાંનો જીવ થઈ શકે. પંચસંગ્રહના ઉપશમના કરણ ગાથા ૩૬માં મિથ્યાત્વ અને મિશ્રમોહનીયકર્મનો ક્ષય થાય ત્યારે સમ્યક્ત્વમોહનીય કર્મની આઠ વર્ષ પ્રમાણ સ્થિતિ સત્તા શેષ રહે છે, એમ કહ્યું છે. તેનો એક એક અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિ ખંડોનો ક્ષય કરતો કરતો આ જીવ જ્યારે છેલ્લા સ્થિતિ ખંડનો ક્ષય કરે અને ઉદય સમયથી આરંભીને ગુણશ્રેણિના મસ્તક સુધીની અંતર્મુહૂર્ત પ્રમાણવાળી સ્થિતિ જ્યારે સત્તામાં શેષ રહે છે. તે સ્થિતિને લઈને તે જીવ ચારે ગતિમાંથી કોઈ પણ ગતિમાં પરિણામને અનુસારે જાય છે.

આવે અને મોહનીયકર્મનો ક્ષય કરતાં કરતાં આગળ વધતાં જ્યારે સમયાલિક એક આવલિકા કાળ બાકી રહે ત્યારે સંજ્વલન લોભની એક આવલિકા અતીત્થાપના રૂપે મૂકીને અન્તિમ એક સમયનો સંક્રમ ઉદયાવલિકાના સમયાધિક એક તૃતીયાંશ ભાગમાં જ્યારે કરે છે ત્યારે સંજ્વલન લોભના જઘન્ય સંક્રમનો આ જીવ સ્વામી થાય છે.

મૂલ ગાથામાં લોભે જે સપ્તમી વિભક્તિ છે તે ષષ્ઠીના અર્થમાં આવેલી છે. તેથી લોભની સમયાધિક આવલિકા શેષ રહે ત્યારે સ્વામી થાય છે. આવો અર્થ કરવો.

અનંતાનુબંધી ચારે કષાયોની વિસંયોજના કરતાં કરતાં સમ્યગ્દષ્ટિ જીવ જ્યારે છેલ્લો પલ્યોપમના એક અસંખ્યાતમા ભાગ પ્રમાણ ચરમ સ્થિતિખંડ ઉકેરીને શેષ બાર કષાયોમાં જ્યારે પ્રક્ષેપ કરતો હોય ત્યારે ચારથી સાત ગુણસ્થાનકોમાં વર્તતો જીવ જઘન્ય સ્થિતિસંક્રમનો સ્વામી થાય છે. ॥૪૨॥

**चरमसजोगे जा अत्थि, तासिं सो चेव सेसिगाणं तु ।**
**खवगक्कमेण अणियट्टि, बायरो वेयगो वेए ॥ ४३ ॥**

**ગાથાર્થ :-** સયોગી ગુણસ્થાનકના ચરમ સમયે જેની સત્તા છે. તેવી ૯૪ પ્રકૃતિઓનો ચરમ અપવર્તનામાં વર્તતો જીવ તે સમયે જ સ્વામી થાય છે. અને બાકી રહેલી ૩૬ પ્રકૃતિઓના જઘન્ય સ્થિતિ સંક્રમનો સ્વામી અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનકવર્તી જીવ સમજવો તથા જે જે વેદના ઉદયવાળો જીવ ક્ષપકશ્રેણિમાં આરોહણ કરે છે, તે જ જીવ તે વેદના જઘન્યસ્થિતિ સંક્રમનો સ્વામી જાણવો. ॥૪૩॥

**વિવેચન :-** સંક્રમને આશ્રયી સંયોગી કેવલી નામના તેરમા ગુણસ્થાનકના ચરમ સમયે છે અંત જેનો એવી ત્રણ અઘાતી કર્મોની ૯૪ પ્રકૃતિઓ છે. તે આ પ્રમાણે (નવમા ગુણસ્થાનકે ૧૬ પ્રકૃતિઓનો જ્યારે ક્ષય થાય છે ત્યારે તે કાલે નામકર્મની જે ૧૩ પ્રકૃતિઓનો ક્ષય કરે છે તે નરકદ્વિક, તિર્યંચદ્વિક, ચાર જાતિનામકર્મ, સૂક્ષ્મ, સાધારણ, આતપ અને ઉદ્યોતનામકર્મ તથા સ્થાવર નામકર્મ આ ૧૩ ક્ષય થયેલી હોવાથી આ ૧૩ વિના બાકીની નામકર્મની (૧૦૩ ―૧૩=) ૯૦ પ્રકૃતિઓનો તથા સાતા-અસાતાવેદનીય અને ઉચ્ચ-નીચગોત્ર એમ કુલ ૯૦+૪ = ૯૪ પ્રકૃતિઓનો તેરમા ગુણસ્થાનકના ચરમસમયે સર્વ અપવર્તના વડે અપવર્તના કરે ત્યારે અંતર્મુહૂર્તની સ્થિતિ પ્રમાણ જઘન્યસ્થિતિસંક્રમ થાય છે. ત્યાંથી આગળ ચૌદમા ગુણસ્થાનકે યોગ ન હોવાથી સંક્રમ થતો નથી. ૯૪ કર્મપ્રકૃતિઓનો આ જ જઘન્યસ્થિતિસંક્રમ કહેવાય છે.

**પ્રશ્ન :-** અહીં કદાચ કોઈ વ્યક્તિ આવો પ્રશ્ન કરે કે મતિજ્ઞાનવરણીયાદિ કર્મોની સ્થિતિ એક સમયાધિક આવલિકા જેટલી બાકી રહે ત્યારે બારમા ગુણઠાણે પ્રથમની એક આવલિકા પ્રમાણ યત્સ્થિતિ છોડીને અન્તિમ એક સમય માત્રની જેમ અપવર્તના કરે છે. ત્યાં ૧ સમયનો જઘન્ય સ્થિતિ સંક્રમ પ્રાપ્ત થાય છે. તેની જેમ આ ૯૪ કર્મપ્રકૃતિઓની સત્તા ચૌદમા ગુણંસ્થાનક સુધી છે. તો ત્યાં ચૌદમા ગુણસ્થાનકની સમયાધિક એક આવલિકા બાકી રહે ત્યારે ઉદયાવલિકા ઉપરના માત્ર એક સમયનો જે સંક્રમ તે જઘન્યસ્થિતિસંક્રમ કહેવાય. આમ કેમ કહેતા નથી અને અંતર્મુહૂર્ત પ્રમાણ જઘન્ય સ્થિતિ સંક્રમ કેમ સમજાવો છો ?

**ઉત્તર :-** તેનો ઉત્તર સમજવો કે ચૌદમા ગુણસ્થાનકે આ ૯૪ની સત્તા છે. પરંતુ યોગ ન હોવાથી અયોગીકેવલી પરમાત્મા આઠે કરણ વિનાના છે. માત્ર ઉદય અને સત્તાવાળા જ હોય છે. તેથી અયોગી ગુણઠાણે સંક્રમ હોતો જ નથી. તેથી જ તેરમાના ચરમ સમયે જ આ જીવ જઘન્ય સ્થિતિ સંક્રમનો સ્વામી થાય છે.

सेसिगाणं तु = ઉપર કહેલી પ્રકૃતિઓ વિનાની શેષ બાકી રહેલી થિણદ્ધિત્રિક, નામકર્મની ૧૩, આઠ કષાય, નવ નોકષાય અને સંજ્વલન ક્રોધ-માન અને માયા એમ ૩૨ પ્રકૃતિઓનો પોતપોતાના ક્ષય થવાના અવસરે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિખંડનો જે અન્તિમ સંક્રમ થાય છે. તે જ જઘન્ય સ્થિતિસંક્રમ જાણવો.

નવ નોકષાયમાં ત્રણ વેદના જઘન્યસ્થિતિસંક્રમનો સ્વામી નવમા ગુણસ્થાનકે પોતાની સત્તાનો વિચ્છેદ થાય ત્યારે ઉપરના વાક્યમાં સ્વામી કહ્યો છે. તો પણ એટલું વિશેષ જાણવું છે. "वेयगो वेए" તે તે વેદની જઘન્ય સ્થિતિના સંક્રમનો સ્વામી તે તે વેદના ઉદયવાળો વેદક જીવ જ સ્વામી જાણવો. અન્ય વેદે ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થયેલા જીવને અન્ય વેદનો ઉદય ન હોવાથી ઘણું કર્મદલિક શેષ બાકી હોય છે. તેથી તેનો વધારે વધારે સંક્રમ થાય છે. માટે જઘન્યસ્થિતિ સંક્રમ ત્યાં પ્રાપ્ત થતો નથી. તેથી તે તે વેદના વેદક જીવે જ ઉદય ઉદીરણા દ્વારા ઘણી સ્થિતિ ન્યૂન કરેલી હોવાથી આવો જીવ જ જઘન્ય સ્થિતિ સંક્રમનો સ્વામી પ્રાપ્ત થાય છે.

ઉપરોક્ત વાત વિચારતાં નપુંસકવેદના ઉદયે ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થયેલો જીવ જો કે સ્ત્રીવેદ અને નપુંસકવેદ એમ બન્ને વેદોને એકી સાથે ખપાવે છે. તો પણ તે જીવ માત્ર નપુંસકવેદના જ જઘન્યસ્થિતિ સંક્રમનો સ્વામી થાય છે. પણ સ્ત્રીવેદના જઘન્યસ્થિતિ સંક્રમનો સ્વામી થતો નથી. કારણ કે નપુંસકવેદના ઉદયે આરૂઢ થયો છે. તેથી નપુંસકવેદની

ઘણી ઘણી સ્થિતિ ઉદય અને ઉદીરણા વડે લુપ્ત થયેલી છે. થોડી જ બાકી છે. તેનો સંક્રમ થાય છે. જ્યારે સ્ત્રીવેદનો ઉદય ન હોવાથી તેની ઘણી સ્થિતિ સંક્રમયોગ્ય હોય છે. તેથી તે જીવ સ્ત્રીવેદના જઘન્ય સ્થિતિ સંક્રમનો સ્વામી થતો નથી માટે જ તે તે વેદના ઉદયવાળો જીવ જ જંઘન્યસ્થિતિસંક્રમનો સ્વામી થાય છે.

સ્ત્રીવેદના ઉદયે ક્ષપકશ્રેણિ પ્રારંભ કરનારને નપુંસકવેદના ક્ષય પછી એક અંતર્મુહૂર્ત કાળે સ્ત્રીવેદનો ક્ષય થાય છે અને પુરૂષવેદના ઉદયે ક્ષપકશ્રેણિ પ્રારંભ કરનારને પણ સ્ત્રીવેદનો ક્ષય કરતાં આટલો જ કાળ લાગે છે તો પણ સ્ત્રીવેદના ઉદયે શ્રેણિ પ્રારંભ કરનારને સ્ત્રીવેદનો ઉદય ચાલુ હોવાથી ઉદય અને ઉદીરણા દ્વારા ઘણી ઘણી સ્થિતિ તુટી ગયેલી હોવાથી અથવા તુટતી જતી હોવાથી તે સ્ત્રીવેદના ઉદયવાળા જીવને જ સ્ત્રીવેદનો જઘન્યસ્થિતિ સંક્રમ પ્રાપ્ત થાય છે. પરંતુ પુરૂષવેદના ઉદયે શ્રેણિ માંડનારને સ્ત્રીવેદનો જઘન્ય સ્થિતિ સંક્રમ પ્રાપ્ત થતો નથી.

પુરૂષવેદના જઘન્ય સ્થિતિ સંક્રમનો સ્વામી પુરૂષવેદના જ ઉદયે શ્રેણિ પ્રારંભ કરનાર જીવને હાસ્યાદિ ષટ્કનો ક્ષય થયા પછી જ્યારે પુરૂષવેદને ખપાવે છે ત્યારે જ પુરૂષવેદની જઘન્યસ્થિતિ સંક્રમનો સ્વામી જાણવો. પરંતુ જો અન્ય વેદના ઉદયે શ્રેણી પ્રારંભી હોય તો તેવા જીવને તે અન્ય વેદની જ (એટલે કે સ્ત્રીવેદ અને નપુંસકવેદની જ ઘણી ઘણી સ્થિતિ ઉદય-ઉદારણા વડે તુટે છે. પણ પુરૂષવેદની ઘણી સ્થિતિ તે વેદના ઉદયવાળા ક્ષપકશ્રેણિ પ્રારંભકને તુટતી નથી. કારણ કે ઉદય-ઉદીરણા પુરૂષવેદની નથી. તે માટે પુરૂષવેદના ઉદયે જ શ્રેણિ પ્રારંભકને પુરૂષવેદની ઘણી ઘણી સ્થિતિ ઉદય ઉતરણા વડે તુટી ગયેલી હોવાથી તેને જ જઘન્યસ્થિતિ સંક્રમ પ્રાપ્ત થાય છે. પણ શેષ જીવને (એટલે કે સ્ત્રીવેદ કે નપુંસક વેદના ઉદયે શ્રેણિ પ્રારંભકને) પુરૂષવેદનો જઘન્ય સ્થિતિ સંક્રમ પ્રાપ્ત થતો નથી.

(ગાથામાં નથી લખ્યું તો પણ અધ્યાહરથી આટલું સમજવું કે ચારે પણ આયુષ્ય કર્મનો જઘન્યસ્થિતિ સંક્રમ પોત પોતાના ભવમાં અન્તિમ કાળે સમયાધિક એક આવલિકા આયુષ્ય બાકી હોય ત્યારે તે સ્થિતિમાં વર્તતો જીવ ઉપર ઉદયાવલિકા મૂકીને અન્તિમ એક ચરમ સમયનો જ સંક્રમ ઉદયાવલિકાના પ્રાથમિક સમયાધિક ત્રીજા ભાગમાં નીચે જયારે કરે છે. ત્યારે જઘન્યસ્થિતિ સંક્રમનો સ્વામી થાય છે આટલું સ્વયં સમજી લેવું.) ॥૪૩॥

**॥ સ્થિતિ સંક્રમ સમાપ્ત ॥**

*અવતરણ :- આ પ્રમાણે સ્થિતિસંક્રમ સમજાવ્યો. હવે અનુભાગ સંક્રમ કહેવાનો અવસર છે. ત્યાં આ પ્રમાણે અર્થાધિકારો (દ્વારો) છે.૧ ભેદદ્વાર, ૨ સ્પર્ધક પ્રરૂપણા, ૩ વિશેષ લક્ષણ પ્રરૂપણા, ૪ ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ પ્રરૂપણા અને ૫ જઘન્ય અનુભાગ સંક્રમ પ્રરૂપણા, ૬ સાદ્યાદિ પ્રરૂપણા અને ૭ સ્વામિત્વ પ્રરૂપણા. ત્યાં સૌથી પ્રથમ ભેદદ્વારની પ્રરૂપણા કરે :-*

**मूलुत्तरपगइगओ, अणुभागो संकमो जहा बंधे ।**
**फड्डगणिद्देसो सिं, सव्वेयर घायऽधाईणं ॥ ४४ ॥**

**ગાથાર્થ :-** આ અનુભાગ સંક્રમ પણ મૂલપ્રકૃતિ વિષયક અને ઉત્તરપ્રકૃતિ વિષયક એમ બે પ્રકારે છે. આ વિષય જેવો બંધશતકમાં કહ્યો છે. તેમ જ જાણવો. અહીં સર્વઘાતી દેશઘાતી અને અઘાતી કર્મપ્રકૃતિઓના સ્પર્ધકનો નિર્દેશ શતકનામા પાંચમા કર્મગ્રંથને અનુસારે જાણવો. ॥૪૪॥

**વિવેચન :-** અનુભાગ વિષયક સંક્રમ મૂલપ્રકૃતિ વિષયક અને ઉત્તરપ્રકૃતિ વિષયક એમ બે પ્રકારે છે ત્યાં મૂલપ્રકૃતિના જ્ઞાનાવરણીયાદિ આઠ ભેદો અને ઉત્તરપ્રકૃતિ વિષયક મતિજ્ઞાનાવરણીયાદિ ૧૫૮ ભેદો બન્ધશતક નામના પાંચમા કર્મગ્રંથમાં જેમ કહ્યા છે. તેમ અહીં સંક્રમમાં પણ ૮ અને ૧૫૮ ભેદો જાણવા[૧].

આ પ્રમાણે ભેદની પ્રરૂપણા કરી. તે નામનું પ્રથમ દ્વાર કહ્યું. હવે સ્પર્ધક પ્રરૂપણા નામનું બીજું દ્વાર સમજાવે છે :-

सिं = આ સર્વઘાતી દેશઘાતી અને અઘાતી એમ ત્રણે પ્રકારની પ્રકૃતિઓના સ્પર્ધકનો નિર્દેશ અમે (ગ્રંથકારશ્રીએ) જેમ શતક એટલે બંધશતક નામના પાંચમા કર્મગ્રંથમાં કર્યો છે. તેમ અહીં સંક્રમના વિષયમાં પણ આ અનુભાગ સંક્રમ પણ તેને અનુસારે કરી લેવો અર્થાત્ સમજી લેવો.

બંધનકરણમાં પહેલી જ ગાથામાં પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજશ્રીએ જે (પીઠિકા રૂપે) નૌકા લખી છે. તેમાં જ આ રસના બંધનો અધિકાર સમજાવેલો છે. તે કારણથી ફરીથી આ ગાથામાં વધારે વિસ્તાર કરાતો નથી. ત્યાંથી જ જોઈ લેવો. ॥૪૪॥

*અવતરણ :- દર્શનમોહનીયકર્મમાં મિથ્યાત્વમોહનીય કર્મ વિના બાકીનાં બે દર્શનમોહનીય બંધાતાં નથી. તેથી તે બે પ્રકૃતિનાં રસનાં સ્પર્ધકો બંધને આશ્રયી પ્રાપ્ત થતાં નથી. તેથી તેના સ્પર્ધકોની પ્રરૂપણા વિશેષપણે જણાવવાની ઈચ્છાથી ગ્રંથકારશ્રી આ ગાથામાં કહે છે :-*

---

૧ અહીં ગ્રંથકારશ્રીએ મૂલગાથામાં જ બંધશતકની જેમ સમજવું. આવી ભલામણ કરી હોવાથી જણાય છે કે પ્રાચીન બન્ધ શતક નામના પાંચમા કર્મગ્રંથના અને આ કમ્મપયડિના કર્તા એક જ હોવા જોઈએ તો જ આવી ભલામણ કરે.

**सव्वेसु देसघाईसु, सम्मत्तं तदुवरिं तु वा मिस्सं ।**
**दारु समाणस्साणंतमो त्ति मिच्छत्तमुप्पिमओ ॥ ४५ ॥**

**ગાથાર્થ :-** સર્વ પણ દેશઘાતિ રસસ્પર્ધકોમાં સમ્યક્ત્વમોહનીયકર્મ હોય છે. તેનાથી ઉપર દારુ સમાન (કાષ્ટ સમાન) કષાયો વડે બંધાતા દ્વિસ્થાનિકરસના અનંતમા ભાગ સુધી મિશ્રમોહનીય હોય છે. એનાથી ઉપરનો તમામ રસ મિથ્યાત્વમોહનીયકર્મનો હોય છે. ॥૪૫॥

**વિવેચન :-** અહીં દર્શનમોહનીયકર્મનાં કર્મદલીકો સત્તામાં ત્રણ પ્રકારે હોય છે. (૧) સમ્યક્ત્વમોહનીય, (૨) મિશ્રમોહનીય અને (૩) મિથ્યાત્વમોહનીય ત્યાં ત્રણે દર્શનમોહનીયનાં કર્મપુદ્ગલોમાં રહેલો રસ બે પ્રકારનો હોય છે. દેશઘાતી રસ અને સર્વઘાતી રસ. તેથી કર્મપુદ્ગલો પણ બે પ્રકારનાં હોય છે. દેશઘાતી રસસ્પર્ધકોવાળાં અને સર્વઘાતી રસસ્પર્ધકોવાળાં.

ત્યાં એકઠાણીયા રસવાળાં તથા બે ઠાણીયા રસવાળાં પ્રારંભિક મંદરસવાળાં જે જે કર્મપુદ્ગલો છે. તે સર્વે પણ કર્મપરમાણુઓમાં સમ્યક્ત્વમોહનીય કર્મ કહેવાય છે.

દ્વિસ્થાનિક રસવાળા કર્મપરમાણુઓમાં જ્યાં દેશઘાતી રસ સ્પર્ધકો સમાપ્તિને પામે છે અને તેના ઉપરનાં કર્મપુદ્ગલો સર્વઘાતી રસથી સંયુક્ત જે હોય છે. તે મિશ્રમોહનીય કર્મ કહેવાય છે. તે રસનાં સ્પર્ધકો મિશ્રમોહનીયકર્મનાં છે આમ જાણવું.

**પ્રશ્ન :** મિશ્રમોહનીય કર્મનાં તે કર્મપુદ્ગલો કેટલાં હશે ? આવો કદાચ પ્રશ્ન થાય તો તેનો ઉત્તર નીચે પ્રમાણે જાણવો.

**ઉત્તર :** મૂલગાથામાં तु वा मिस्सं પાઠમાં લખેલો वा શબ્દ "यावत्" એવા અર્થવાળો હોવાથી અને તે યાવત્ એવો અર્થ ભિન્ન ક્રમ રૂપે અહીં જોડાતો હોવાથી ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

દારુ સમાન અર્થાત્ કાષ્ટ સમાન કષાયો વડે એટલે કે નેતરની સોટી જેવા ચોથા સંજ્વલન કષાયો વડે નહીં. પરંતુ તેના પછીના લાકડાની સોટી જેવા પ્રત્યાખ્યાનાવરણ નામના ત્રીજા કષાયો વડે જે રસ બંધાય છે તે દ્વિસ્થાનિકરસબંધ કહેવાય છે. શાસ્ત્રમાં જ કહ્યું છે કે, "लतादार्वस्थिशैलाख्या एकस्थानादयो रसाः" इति लता એટલો નેતરની સોટી. दारु એટલે લાકડાની સોટી, अस्थि એટલે હાડકું અને शैल એટલે પર્વત આ ચારે પદાર્થો જેવા જે ચાર માનકષાયો છે. તેનાથી જે રસ બંધાય છે તે અનુક્રમે એકઠાણીયો, બે ઠાણીયો, ત્રણ ઠાણીયો અને ચારઠાણીયો રસ છે.

આ પ્રમાણેની મહાત્મા પુરૂષોએ બનાવેલા ગ્રંથોની શૈલી પ્રમાણે અહીં દારુ શબ્દ ગાથામાં કહેલ હોવાથી પ્રત્યાખ્યાનાવરણ કષાયો વડે બંધાયેલો જે બેઠાણીયો રસ છે. તે બેઠાણીયા રસ સંબંધી જે સ્પર્ધકો છે. તેના પ્રારંભના સમયક્ત્વ મોહનીય પછીનાં અનંતના ભાગ સુધીનાં જે રસસ્પર્ધકો છે. તે સઘળાં પણ સ્પર્ધકો મિશ્રમોહનીય કહેવાય છે.

અને ત્યારબાદ જ્યાં મિશ્રમોહનીયનાં રસસ્પર્ધકો સમાપ્ત થાય છે. તેના પછીનાં તેના ઉપરનાં તીવ્ર રસશક્તિવાળાં બેઠાણીયા રસનાં તથા ત્રણ ઠાણીયા રસનાં અને ચાર ઠાણીયા રસવાળાં જે જે અનંત અનંત સ્પર્ધકો છે તે સર્વે પણ રસસ્પર્ધકો મિથ્યાત્વમોહનીય કર્મ કહેવાય છે.

સારાંશ કે એક ઠાણીયા રસવાળાં અને પ્રારંભિક બે ઠાણીયા રસવાળાં રસસ્પર્ધકો સમ્યક્ત્વમોહનીયકર્મ કહેવાય છે. મધ્યમ બે ઠાણીયા રસવાળાં રસસ્પર્ધકો મિશ્રમોહનીય કર્મ કહેવાય છે અને તીવ્ર બે ઠાણીયા રસવાળાં તથા ત્રણ-ચાર ઠાણીયા રસવાળાં રસસ્પર્ધકો મિથ્યાત્વમોહનીય કર્મ કહેવાય છે. ॥૪૫॥

***અવતરણ : સ્પર્ધકોની પ્રરૂપણા સમાસ કરીને. હવે અનુભાગ સંક્રમનું વિશેષ લક્ષણ જણાવે છે :-***

**तत्थट्ठपयं उव्वट्टिया व ओवट्टिया व अविभागा ।**

**अणुभागसंकमो एस, अन्नपगइं णीया वावि ॥ ४६ ॥**

**ગાથાર્થ :-** ત્યાં અનુભાગ સંક્રમનું વિશેષ અર્થવાળું પદ અર્થાત્ વિશેષ વર્ણન આ પ્રમાણે છે. (૧) ઉદ્વર્તના થાય તે, (૨) અથવા અપવર્તના થાય તે, (૩) અથવા અન્ય પ્રકૃતિ રૂપે લઈ જવાય તે આમ આ ત્રણેને અનુભાગ સંક્રમ કહેવાય છે. ॥૪૬॥

**વિવેચન :-** ત્યાં અનુભાગ સંક્રમમાં તેનું અર્થપદ એટલે કે તેનું વિશેષ લક્ષણ આ પ્રમાણે છે :-

(૧) ઉદ્વર્તના કરાયેલી જે સ્થિતિ અને રસ, અર્થાત્ લઘુસ્થિતિ હોય તેને મોટી સ્થિતિ કરાય. ન્યૂન રસવાળું કર્મ અધિક રસવાળું કરાય તેને ઉદ્વર્તના કહેવાય છે અથવા (૨) અપવર્તના કરાયેલી જે સ્થિતિ અને રસ, અર્થાત્ અધિકસ્થિતિવાળા કર્મની લઘુસ્થિતિ કરાય, તીવ્રરસવાળું કર્મ મંદ રસવાળું કરાય. તથા (૩) અન્ય પ્રકૃતિ રૂપે રહેલા કર્મના રસને અન્ય પ્રકૃતિના રસ રૂપે કરાય. સારાંશ કે વિવક્ષિત પ્રકૃતિરૂપે જે હોય તેને બદલીને અન્ય કર્મપ્રકૃતિરૂપે કરાય તે સર્વ પણ અનુભાગ સંક્રમ કહેવાય છે.

ત્યાં મૂલ આઠ કર્મોમાં ઉદ્વર્તના અને અપવર્તના એ નામના પ્રથમના બે જ સંક્રમ થાય છે. પરંતુ અન્યનયન નામનો ત્રીજો સંક્રમ થતો નથી. જ્ઞાનાવરણીય કર્મ દર્શનાવરણીય રૂપે અથવા દર્શનાવરણીયકર્મ જ્ઞાનાવરણીય રૂપે કયારે ય બનતું નથી. માટે અન્યનયન

નામનો ત્રીજો જે સંક્રમ છે. તે મૂલ આઠ કર્મોમાં સંભવતો નથી. કારણ કે મૂલકર્મોનો અરસપરસ સંક્રમ થતો નથી.

પરંતુ ઉત્તર પ્રકૃતિઓમાં ત્રણે સંક્રમો પ્રવર્તે છે. ઉદ્વર્તના પણ થાય છે. અપવર્તના પણ થાય છે. તથા અન્યનયન સંક્રમ પણ પ્રવર્તે છે. જે હવે આગળ ઉપર સમજાવવામાં આવશે. ॥૪૬॥

*અવતરણ : ત્રણે પ્રકારનાં સંક્રમનાં વિશેષ લક્ષણો (સ્પષ્ટ અર્થો) સમજાવ્યા. હવે ઉત્કૃષ્ટથી અનુભાગનો સંક્રમ કેટલો થાય. તે વિષય જણાવતાં કહે છે કે :-*

**दुविहपमाणे जेट्ठो, सम्मत्ते देसघाइ दुठाणे ।**
**नरतिरियाउ आयवमिस्से वि य सव्वघाइम्मि ॥ ४७ ॥**

**ગાથાર્થ :-** બે પ્રકારના પ્રમાણમાં સમ્યક્ત્વ મોહનીયકર્મનો ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ દેશઘાતી અને દ્વિસ્થાનિક રસ જાણવો. તથા મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્ય, આતપનામકર્મ અને મિશ્રમોહનીય એમ ચાર કર્મોનો ઉત્કૃષ્ટ અનુભાગસંક્રમ ઘાતીને આશ્રયી સર્વઘાતી જાણવો. (સ્થાનને આશ્રયી દ્વિસ્થાનિક રસ જાણવો.) ॥૪૭॥

**વિવેચન :-** સર્વે પણ ઉત્તર પ્રકૃતિઓનો અન્યનયન નામનો અનુભાગ સંક્રમ બે પ્રકારે વિચારી શકાય છે. (૧) સ્થાન પ્રમાણ અને (૨) ઘાતિત્વ પ્રમાણ.

સારાંશ કે કઈ કઈ કર્મપ્રકૃતિઓનો કેટલા ઠાણીયો રસ પર પ્રકૃતિમાં સંક્રમિત થાય. આ વિષય સમજાવવો તે સ્થાન પ્રમાણ જાણવું અને કઈ કઈ કર્મપ્રકૃતિઓનો સર્વઘાતી, દેશઘાતી કે અઘાતી રસનો અન્ય પ્રકૃતિમાં સંક્રમ થાય. આ વિષય સમજાવવો તે ઘાતિત્વ પ્રમાણ કહેવાય.

ત્યાં સ્થાન પ્રમાણ અને ઘાતિત્વ પ્રમાણ એમ આ બન્ને વિષયને આશ્રયી સંક્રમનો વિચાર કરતાં ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ જણાવવામાં આવે છે. ત્યાં સમ્યક્ત્વમોહનીયકર્મનો દેશઘાતી અને દ્વિસ્થાનિક એવા રસનાં સ્પર્ધકો પરપ્રકૃતિમાં મિથ્યાત્વમોહમાં તથા મિશ્રમોહમાં સંક્રમિત થાય છે તે ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ કહેવાય છે.

ભાવાર્થ એમ છે કે સમ્યક્ત્વમોહનીયકર્મનો ઘાતિત્વને આશ્રયી દેશઘાતી જ અને સ્થાનપ્રમાણને આશ્રયી બેઠાણીયા રસથી સંયુક્ત એવાં રસનાં સ્પર્ધકો મિથ્યાત્વમાં તથા મિશ્રમાં જ્યારે સંક્રમિત થતાં હોય ત્યારે તેનો ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ થયો, એમ કહેવાય છે.

**પ્રશ્ન :-** દ્વિસ્થાનિક રસનો જે સંક્રમ તે જ ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ કહેવાય. આમ કેમ સમજાવો છો ? ત્રિસ્થાનિક કે ચતુસ્થાનિક રસના સંક્રમને ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ કહેવાય. આમ કેમ સમજાવતા નથી ?

ઉત્તર :- સમ્યક્ત્વમોહનીયકર્મનો જે એકસ્થાનિક રસ છે. તેનો સંક્રમ થાય છે. પરંતુ તે જઘન્ય હોવાથી ત્યાગ કરાય છે અને ત્રિસ્થાનિક કે ચતુઃસ્થાનિકરસ સમ્યક્ત્વ મોહનીયનો સંભવતો જ નથી. માત્ર મિથ્યાત્વમોહનીયનો જ સંભવે છે. તેથી સમ્યક્ત્વ મોહનીયકર્મનો ઘાતિને આશ્રયી દેશઘાતી અને સ્થાનને આશ્રયી માત્ર દ્વિસ્થાનિકરસનો જે સંક્રમ થાય છે. તેને જ ઉત્કૃષ્ટઅનુભાગ સંક્રમ કહેવાય છે. પરંતુ ત્રિસ્થાનિક કે ચતુઃસ્થાનિક રસ જ તેનો નથી કે જેથી તેનો સંક્રમ થાય.

તથા મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્ય, આતમનામકર્મ તથા મિશ્રમોહનીય એમ ચાર કર્મોનો સ્થાનને આશ્રયી દ્વિસ્થાનિક રસથી યુક્ત કર્મદલિક અને ઘાતિત્વને આશ્રયી સર્વઘાતી રસસ્પર્ધકોનો જે સંક્રમ થાય છે તે ચારકર્મોનો ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ કહેવાય છે.

હવે આ ચાર કર્મપ્રકૃતિઓમાં મિશ્રમોહનીયકર્મનો તો સર્વે પણ રસ સર્વઘાતી જ હોય છે. દેશઘાતી કે અઘાતી સંભવતો જ નથી. તેથી નક્કી સર્વઘાતી રસનો જ સંક્રમ થાય છે. તથા સ્થાનને આશ્રયી નિયમા બેઠાણીયો જ સંભવે છે. ક્યારેય એકઠાણીયો ત્રણઠાણીયો કે ચારઠાણીયો રસ હોતો જ નથી. તેથી તે તે ઠાણીયાનો સંક્રમ કહ્યો નથી. માટે જ મિશ્ર મોહનીયમાં બેઠાણીયા રસ વિના શેષઠાણીયા રસના સંક્રમનો નિષેધ કરેલ છે.

આતપનામકર્મ, મનુષ્યાયુષ્ય અને તિર્યંચાયુષ્ય આ ત્રણ કર્મોનો "दुतिचउठाणाओ सेसाओ" આવો શાસ્ત્રપાઠ છે. તેનું વચન પ્રમાણ હોવાથી દ્વિસ્થાનિક, ત્રિસ્થાનિક અને ચતુઃસ્થાનિક એમ ત્રણે પ્રકારનો રસ તથા તેવા રસનો સંક્રમ સંભવે છે. તો પણ તથા-સ્વભાવે જ ત્રણઠાણીયા અને ચારઠાણીયા રસના સ્પર્ધકોની ઉદ્વર્તના કે અપવર્તના કે અન્યપ્રકૃત્યન્તરનયન રૂપ ત્રણે પ્રકારનો પણ સંક્રમ થતો નથી એવું સર્વજ્ઞ પરમાત્માનું વચન હોવાથી બેઠાણીયારસનો જ સંક્રમ થાય છે. અન્ય સ્થાનિકરસનો સંક્રમ થતો નથી. માટે જ દ્વિસ્થાનિકરસના સંક્રમનું જ ઉત્કૃષ્ટસંક્રમમાં શાસ્ત્રકારોએ વિધાન કરેલું છે.

આવા પ્રકારનું આ વિધાન જ આ વિષયને જણાવનાર છે. આ આતપનામકર્મ મનુષ્યાયુષ્ય અને તિર્યંચાયુષ્ય ત્રણે કર્મો છે અઘાતી. પરંતુ સર્વઘાતી એવી બીજી બીજી કર્મપ્રકૃતિઓના સંબંધથી આ ત્રણ કર્મોનો રસ પણ સર્વઘાતી જ થાય છે. પરંતુ અઘાતી રસ રહેતો નથી. જેમ ચોરોની સાથે મળેલો શાહુકાર પણ ચોર જ કહેવાય છે. તેમ સર્વઘાતીની સાથે ભળેલી આ ત્રણે કર્મપ્રકૃતિઓનો રસ પણ સર્વઘાતી જ હોય છે. તેથી જ આ ત્રણે કર્મોના રસના સંક્રમમાં દેશઘાતિ અને અઘાતિ રસના સંક્રમનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે. આમ સમજવું. (પંચસંગ્રહ સંક્રમણ કરણ ગાથા ૫૪) ॥૪૭॥

***અવતરણ :- ઉપર કહેલી કર્મપ્રકૃતિઓ વિનાની શેષ કર્મપ્રકૃતિઓના રસસંક્રમનો વિષય સમજાવે છે :-***

**सेसासु चउठाणे, मंदो सम्मत्त पुरिस संजलणे ।**
**एगठाणे सेसासु, सव्वघाइंमि दुठाणे ॥ ४८ ॥**

**ગાથાર્થ :-** બાકીની સર્વે પણ કર્મપ્રકૃતિઓમાં ચઉઠાણીયા (તથા સર્વઘાતી) રસનો જે સંક્રમ થાય છે. તે ઉત્કૃષ્ટરસસંક્રમ જાણવો. સમ્યક્ત્વમોહનીય, પુરૂષવેદ તથા સંજ્વલન ચાર કષાય આ છ કર્મોનો એઠઠાણયો રસ જ્યારે સંક્રમ પામે ત્યારે અને બાકીની સર્વકર્મ પ્રકૃતિઓનો બેઠાણીયો રસ જ્યારે સંક્રમ પામે ત્યારે જઘન્ય અનુભાગ સંક્રમ જાણવો. ॥૪૮॥

**વિવેચન :-** પાછલી ૪૭મી ગાથામાં કહેલી કર્મપ્રકૃતિઓથી શેષ બાકી રહેલી કર્મપ્રકૃતિઓનો (સમ્યક્ત્વમોહનીય મનુષ્યાયુષ્ય, તિર્યચાયુષ્ય, આતપનામકર્મ અને મિશ્રમોહનીય આ પાંચ કર્મપ્રકૃતિ વિનાની શેષ ૧૫૩ કર્મપ્રકૃતિઓનો) રસ સ્થાનને આશ્રયી સૌથી ઉત્કૃષ્ટ ચઉઠાણીયા રસનો જ્યારે સંક્રમ થાય ત્યારે અને ઘાતિપણાને આશ્રયી જ્યારે સર્વઘાતી રસનો સંક્રણ થાય ત્યારે જ ઉત્કૃષ્ટ અનુભાગસંક્રમ જાણવો. ઘાતીપણાને આશ્રયી કાં તો પોતાનો રસ સર્વઘાતી બંધાયો હોય ત્યારે અથવા સાહચર્યથી સર્વઘાતી બન્યો હોય ત્યારે સર્વઘાતી બનેલા રસનો આ જીવ જ્યારે સંક્રમ કરે છે ત્યારે ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ કહેવાય છે.

આ પ્રમાણે ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમનું પ્રમાણ કહ્યું.

● ● ●

હવે જઘન્ય અનુભાગ સંક્રમનું પ્રમાણ સમજાવે છે.

સમ્યક્ત્વમોહનીય, પુરૂષવેદ તથા સંજ્વલન ચાર કષાય એમ કુલ છ કર્મપ્રકૃતિઓનો એકસ્થાનિક રસ જ્યારે સંક્રમ પામે છે. ત્યારે તે છનો જઘન્ય અનુભાગ સંક્રમ કહેવાય છે આમ જાણવું.

કહેવાનો સાર એ છે કે સમ્યક્ત્વમોહનીયકર્મનો સર્વથા શુદ્ધ અર્થાત્ અતિશય અલ્પ માત્રાએ શંકા આકાંક્ષાદિ કરાવવા રૂપે જે રસ રહ્યો છે અર્થાત્ ઘણો જ ઘટી ગયેલો જે રસ છે. તે વધુ રસવાળાની અપેક્ષાએ સર્વથા શુદ્ધ કહેવાય છે. બાકી આ મોહનીયકર્મ હોવાથી અતિશય નિર્મળ કે શુદ્ધ સંભવતું જ નથી. પરંતુ તેની જે વિકારક શક્તિ હતી. તેમાં જેટલો શક્ય બને તેટલો ઘટાડો થયો હોય તેવો જે રસ તે સર્વવિશુદ્ધ રસ કહેવાય છે.

તેવા પ્રકારના સર્વથા જઘન્યરસથી યુક્ત એવાં જે રસનાં સ્પર્ધકો છે. તે સ્પર્ધકો જ્યારે સંક્રમ પામે છે ત્યારે તે સંક્રમ આ છ કર્મોનો જઘન્ય અનુભાગ સંક્રમ કહેવાય છે.

તથા ઉપર કહેલી છ કર્મપ્રકૃતિઓ વિના શેષ સર્વે પણ (૧૫૨) કર્મપ્રકૃતિઓનો ઘાતીને આશ્રયી સર્વઘાતી અને સ્થાનને આશ્રયી દ્વિસ્થાનિક રસ યુક્ત એવાં સર્વથી જઘન્ય રસનાં સ્પર્ધકો સંક્રમ પામે છે. ત્યારે તે સંક્રમને તેઓનો જઘન્ય અનુભાગ સંક્રમ કહેવાય છે.

જો કે મતિ-શ્રુત-અવધિ અને મન-પર્યાય જ્ઞાનાવરણીય એમ ચાર જ્ઞાનાવરણીય કર્મ, ચક્ષુ-અચક્ષુ અને અવધિ એમ ત્રણ દર્શનાવરણીયકર્મ અને અંતરાયકર્મની પાંચ પ્રકૃતિઓ એમ કુલ બાર પ્રકૃતિઓનો રસ નવમા ગુણઠાણે અમુક કાળ ગયા પછી એકઠાણીયો બંધાય છે. તો પણ ક્ષય કરવાના કાલે પૂર્વે બાંધેલો દ્વિસ્થાનિક (બેઠાણીયો) રસ પણ સત્તામાં છે. તેનો પણ સંક્રમ થતો હોવાથી શુદ્ધ એવા એકઠાણીયા રસનો સંક્રમ પ્રાપ્ત થતો નથી. અર્થાત્ કેવળ એકલા એકઠાણીયા રસનો સંક્રમ મળતો નથી.

તે કારણથી બંધમાં ભલે એક સ્થાનિક રસ બંધાય છે. પરંતુ સંક્રમને આશ્રયી સંક્રમના વિષયપણે એકઠાણીયા રસના સંક્રમનું અભિધાન કર્યું નથી. એકઠાણીયા રસના સંક્રમનું વિધાન કર્યું નથી. (પંચસંગ્રહ સંક્રમકરણ ગાથા ૫૬)

***અવતરણ : જઘન્ય અનુભાગ સંક્રમનું પરિમાણ સમજાવ્યું. હવે સાદિ-અનાદિના ભાંગા કહેવા જેવા છે. તે મૂલપ્રકૃતિ વિષયક અને ઉત્તર પ્રકૃતિ વિષયક એમ બે પ્રકારે છે ત્યાં મૂલપ્રકૃતિ વિષયક સાદિ-અનાદિના ભાંગા સમજાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે :-***

**अजहन्नो तिण्ह तिहा, मोहस्स चउव्विहो अहाऊस्स ।**
**एवमणुक्कोसो सेसिगाण तिविहो अणुक्कस्सो ॥ ४९ ॥**

**ગાથાર્થ :-** ત્રણ ઘાતી કર્મોનો અજઘન્ય અનુભાગ સંક્રમ ત્રણ પ્રકારે થાય છે. મોહનીયકર્મનો અજઘન્ય અનુભાગ સંક્રમ ચાર પ્રકારે થાય છે. આયુષ્ય કર્મનો અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ પણ ચાર પ્રકારે થાય છે. શેષ મૂલકર્મોનો અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ ત્રણ પ્રકારે છે. ॥૪૯॥

**વિવેચન :-** જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મ એમ મૂલ ત્રણ કર્મોનો અજઘન્ય અનુભાગ સંક્રમ ત્રણ પ્રકારે થાય છે. ૧ અનાદિ, ૨ ધ્રુવ અને ૩ અધ્રુવ. તે આ પ્રમાણે જાણવો :-

આ ત્રણે મૂલકર્મોનો જઘન્ય અનુભાગ સંક્રમ ક્ષીણકષાય નામના બારમા ગુણસ્થાનકની સમયાધિક એક આવલિકા બાકી રહે ત્યારે એક આવલિકાની અતીત્થાપના છોડીને ઉપરના એક સમયના અનુભાગનો જે સંક્રમ થાય તે જઘન્ય અનુભાગ સંક્રમ કહેવાય. આવો જઘન્ય સંક્રમ ત્યાં જ પ્રાપ્ત થાય છે અને તે માત્ર એક સમય જ રહે છે તેથી સાદિ-અધ્રુવ જાણવો.

આવા પ્રકારના આ જઘન્ય સંક્રમથી અન્ય સર્વ પણ સંક્રમ તે અજઘન્ય અનુભાગ સંક્રમ જાણવો. તે અજઘન્ય અનુભાગ સંક્રમ અનાદિકાળથી ચાલુ જ છે. માટે અનાદિ. તથા અધ્રુવ અને ધ્રુવ ભવ્ય તથા અભવ્ય જીવની અપેક્ષાએ જાણવો. આ પ્રમાણે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય તથા અંતરાય એમ મૂલ ત્રણકર્મોનો અજઘન્ય અનુભાગ સંક્રમ ત્રણ પ્રકારે જાણવો.

તથા મોહનીયકર્મનો અજઘન્ય અનુભાગ સંક્રમ ચાર પ્રકારે જાણવો. સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવ તે આ પ્રમાણે સમજવો :-

મોહનીયકર્મનો જઘન્ય અનુભાગ સંક્રમ સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકમાં વર્તતો ક્ષપક શ્રેણિવાળો જીવ સમયાધિક એક આવલિકા કાળ બાકી હોય ત્યારે અતીત્થાપનાની એક આવલિકા મૂકીને અન્તિમ એક સમયની સ્થિતિમાં રહેલા અનુભાગનો જ્યારે સંક્રમ કરે છે ત્યારે જઘન્ય સંક્રમની સાદિ તથા તે જ જીવ આગળ જાય ત્યારે સંક્રમ વિરામ પામી જાય છે તેથી જઘન્ય અધ્રુવ.

આ જઘન્ય સંક્રમ વિનાનો બાકીનો બધો જ સંક્રમ અજઘન્ય અનુભાગ સંક્રમ કહેવાય છે. જે આત્મા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ છે તે ઉપશમ શ્રેણિમાં ઉપશાન્ત મોહ ગુણસ્થાનકે જ્યારે વર્તતો હોય ત્યારે મોહનીયકર્મનો સંક્રમ બીલકુલ કરતો નથી. પરંતુ ત્યાંથી પડીને દસમા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે જ્યારે આવે છે ત્યારે મોહનીય કર્મનો જે સંક્રમ થાય છે તે અજઘન્ય અનુભાગ સંક્રમ કહેવાય છે ત્યારે તે સંક્રમની સાદિ થઈ કહેવાય.

જે આત્માઓ ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કરવાપૂર્વકનું ઉપશાન્તમોહગુણસ્થાનક પામ્યા નથી. તેવા જીવોને મોહનીયકર્મનો જે અનુભાગ સંક્રમ થાય છે. તે અનાદિકાળથી ચાલુ જ હોવાથી અનાદિ. ધ્રુવ અને અધ્રુવ ભવ્ય તથા અભવ્યની અપેક્ષાએ પૂર્વની જેમ સંક્રમ જાણવો. આ પ્રમાણે મોહનીયકર્મનો અજઘન્ય અનુભાગ સંક્રમ ચાર પ્રકરે સમજવો.

તથા આયુષ્યકર્મનો અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ આ જ પ્રમાણે એટલે કે મોહનીય કર્મના અજઘન્ય અનુભાગ સંક્રમની જેમ જ ચાર પ્રકારે જાણવો. સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવના ભેદથી તે આ પ્રમાણે :-

અપ્રમત્ત મુનિ દેવનું આયુષ્ય ૩૩ સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ અને ઉત્કૃષ્ટ અનુભાગવાળું બાંધીને એક બંધાવલિકા ગયા પછી તે આયુષ્યકર્મના અનુભાગનો ! સંક્રમ કરવાનો આરંભ કરે છે.

અહીં આયુષ્યકર્મમાં અન્ય પ્રકૃતિમાં નયન એ સંક્રમ તો થતો જ નથી. તેથી ઉદ્વર્તના - અપવર્તના નામનો સ્વસંક્રમ સમજવો. તેમાં પણ આયુષ્યકર્મ બાંધ્યા પછી તેમાં તેની સ્થિતિમાં વધઘટ થતી નથી. તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય ઉદયમાં ચાલુ હોય ત્યારે

અને તે પણ સોપક્રમી હોય તો વ્યાઘાતભાવિ અપવર્તના (ઘટાડાવાળું આયુષ્ય) થઈ શકે છે. પરંતુ દેવ અને નારકીના આયુષ્યમાં તો તે પણ થતું નથી.

તે માટે દેવના આયુષ્યમાં નિર્વ્યાઘાતભાવિ અપવર્તના કરવા સ્વરૂપ સ્વસંક્રમ સમજવો. સ્થિતિને ઘટાડ્યા વિના ઉપરની સ્થિતિમાંથી નીચેની સ્થિતિમાં દલિક રચના કરે તો તે સ્થિતિ સંક્રમ થયો કહેવાય. તે જ કર્મદલિકોમાં અનુભાગનો વધારો કે ઘટાડો કરે તો તે રસની ઉદ્વર્તના કે અપવર્તના કરી કહેવાય. આવા પ્રકારનો સ્વસંક્રમ જ આ આયુષ્ય કર્મમાં સમજવો.

અપ્રમત્ત મુનિ મહાત્મા ૩૩ સાગરોપમ પ્રમાણ અનુત્તરવાસીદેવનું આયુષ્ય બાંધીને એક બંધાવલિકા ગયા પછી તે બંધાયેલા તમામ આયુષ્યકર્મમાં રસની ઉદ્વર્તના કરવા રૂપ સંક્રમ એટલે સ્વસંક્રમ કરે છે. આવો આ સંક્રમ તે કાળે જ ચાલુ કર્યો છે તે માટે અનુત્કૃષ્ટની સાદિ, જે જીવો આવા પ્રકારનું સાતમું ગુણસ્થાનક અને ૩૩ સાગરોપમના બંધવાળું તથા ઉત્કૃષ્ટ અનુભાગની ઉદ્વર્તના કરાવે તેવું સ્થાન પામ્યા નથી. તે જીવોને પોતપોતાના ભવમાં પોતપોતાના આયુષ્યના રસની ઉદ્વર્તના કે અપવર્તના ચાલુ જ હતી. તેથી તે અનુત્કૃષ્ટ રસનો સંક્રમ અનાદિ, તથા ધ્રુવ અને અધ્રુવ અભવ્ય અને ભવ્યની અપેક્ષાએ જાણવો.

બાકી રહેલાં નામકર્મ ગોત્રકર્મ અને વેદનીયકર્મ આ ત્રણ કર્મોનો અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ ત્રણ પ્રકારે જાણવો. અનાદિ-ધ્રુવ અને અધ્રુવ.

ક્ષપક શ્રેણિમાં સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે આરૂઢ થયેલા જીવો દસમા ગુણસ્થાનકના ચરમ સમયે ઉત્કૃષ્ટ અનુભાગ બાંધીને બારમા ગુણસ્થાનકે ગયા બાદ એક બંધાવલિકા કાળ પસાર થાય ત્યારે તે બાંધેલા તે ઉત્કૃષ્ટ રસની ઉદ્વર્તના કરવા રૂપ સંક્રમ કરે છે. તે યાવત્ સંયોગી કેવલી ગુણસ્થાનકના ચરમ સમય સુધી કરે છે ત્યારબાદ અયોગી કેવલી થવાથી આ સંક્રમ કરતો નથી. તે માટે સાદિ અને અધ્રુવ આ ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ જાણવો.

તેનાથી બાકીનો બધો આયુષ્યકર્મના અનુભાગનો જે સંક્રમ છે. તે અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ જાણવો. આવો સંક્રમ ચાલુ જ હોવાથી અનાદિ, તથા ભવ્ય અને અભવ્યને આશ્રયી આ અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ અધ્રુવ અને ધ્રુવ જાણવો. આ પ્રમાણે નામકર્મ ગોત્રકર્મ અને વેદનીય કર્મનો અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ ત્રણ પ્રકારે જાણવો.

સારાંશ કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મ આ ત્રણ ઘાતિકર્મોનો અજઘન્ય અનુભાગ સંક્રમ ત્રણ પ્રકારે, મોહનીયકર્મનો અજઘન્ય અનુભાગ સંક્રમ ચાર પ્રકારે, આયુષ્યકર્મનો અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ ચાર પ્રકારે તથા શેષ બાકી રહેલા નામ-ગોત્ર અને વેદનીય કર્મ એમ ત્રણ અઘાતી કર્મોનો અનુત્કૃષ્ટ અનુભાગ સંકણ ત્રણ પ્રકારે જાણવી. (જુઓ પંચસંગ્રહ સંક્રમણકરણ ગાથા ૬૪/૬૫) ॥૪૯॥

**सेसा मूलप्पगईसु, दुविहा अह उत्तरा अजहज्जो ।**
**सत्तरसण्ह चउद्धा, तिविगप्पो सोलसण्हं तु ॥ ५० ॥**

**ગાથાર્થ :-** મૂલ આઠ કર્મોમાં બાકીના બધા જ વિકલ્પો સાદિ-અધ્રુવ જાણવા. હવે ઉત્તર પ્રકૃતિઓમાં (૧૭) સત્તર કર્મપ્રકૃતિઓનો અજઘન્ય અનુભાગ સંક્રમ ચાર પ્રકારે અને (૧૬) સોળ કર્મપ્રકૃતિઓનો અજઘન્ય અનુભાગ સંક્રમ ત્રણ પ્રકારે જાણવો. ॥૫૦॥

**વિવેચન :-** મૂલ આઠ કર્મોમાં ઉપર કહેલા વિકલ્પો વિનાના શેષ સર્વે પણ વિકલ્પો સાદિ અને અધ્રુવ જાણવા. ત્યાં ચારે ઘાતિકર્મોના ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટ અને જઘન્ય એમ ત્રણે પ્રકારના અનુભાગ સંક્રમ સાદિ-અધ્રુવ જ જાણવા.

ત્યાં જઘન્ય અનુભાગ સંક્રમ તો અજઘન્ય અનુભાગ સંક્રમના પ્રસંગે સમજાવેલ છે. ત્યાંથી જ સાદિ-અધ્રુવ જાણવો.

તથા ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ તો પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનકે ઉત્કૃષ્ટ કાષાયિક પરિણામમાં વર્તે ત્યારે સંજ્ઞી પંચેન્દ્રિયના ભવમાં ક્યારેક ૧-અથવા ૨ સમય સુધી ઉત્કૃષ્ટ અનુભાગ બાંધે ત્યારે બંધાવલિકા ગયા પછી પ્રતિનિયત કાલે જ ઉત્કૃષ્ટ અનુભાગ સત્તામાં હોય છે. તેથી ત્યારે જ ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ કરે, અન્યકાળે તે જ જીવ તે જ કર્મનો અનુત્કૃષ્ટ સંક્રમ કરે છે. આમ વારાફરતી રીતે આ સંક્રમ થવાનો સંભવ હોવાથી આ બન્ને સંક્રમ સાદિ અને અધ્રુવ છે.

બાકીનાં ચાર અઘાતિ-કર્મોના જઘન્ય, અજઘન્ય તથા ઉત્કૃષ્ટ એમ આ ત્રણે સંક્રમો સાદિ અને અધ્રુવ જ હોય છે ત્યાં ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ બે પ્રકારે છે. આ વાત અનુષ્કૃષ્ટ અનુભાગ સંક્રમ સમજાવતી વેળાએ જ સમજાવી દીધેલ છે.

હવે આ જ ચાર અઘાતિ કર્મોના જઘન્ય અનુભાગ સંક્રમનો સંભવ સૂક્ષ્મ અપર્યાપ્ત એકેન્દ્રિયનો જીવ, હણી નાંખી છે ઘણી ઘણી અનુભાગની સત્તા જેણે એવો જીવ જ્યારે અલ્પ અનુભાગની સત્તાવાળો બને છે ત્યારે તે જીવને જઘન્ય અનુભાગ સત્તામાં હોવાથી જે સંક્રમ થાય છે તે જઘન્ય અનુભાગ સંક્રમ કહેવાય છે. આવો જઘન્ય અનુભાગ સંક્રમ બીજા ભવોમાં અને બીજા સ્થાનમાં થતો નથી માટે આવા સૂક્ષ્મ નિગોદીયા જીવને જઘન્ય અનુભાગ સંક્રમની સાદિ,

આવા પ્રકારનો ઘણો રસ જેણે હણ્યો નથી. તેવા જીવને અજઘન્ય અનુભાગ સંક્રમ થાય છે. આ પ્રમાણે આ જઘન્ય અને અજઘન્ય અનુભાગ સંક્રમ સંસારમાં વારાફરતી આવતા હોવાથી તે બન્ને સંક્રમો સાદિ અને અધ્રુવ જ જાણવા.

મૂળ આઠ કર્મવિષયક સાદિ-અનાદિની પ્રરૂપણા કરી. હવે ઉત્તરપ્રકૃતિ વિષયક સાદ્યાદિની પ્રરૂપણા કરતાં જણાવે છે કે :-

ઉત્તર પ્રકૃતિઓમાં અનંતાનુબંધિ ૪ કષાય, સંજ્વલન ચાર કષાય અને નવ નોકષાય એમ કુલ ૧૭ મોહનીયકર્મની પ્રકૃતિઓનો અજઘન્ય અનુભાગ સંક્રમ સાદ્યાદિ ચાર પ્રકારે હોય છે. તે આ પ્રમાણે સમજવું :-

અનંતાનુબંધી ચાર કષાયને વર્જીને બાકીના ચાર સંજ્વલન કષાય તથા નવ નોકષાય એમ કુલ ૧૩ કર્મપ્રકૃતિઓની પોતપોતાની સત્તાનો સર્વથા ક્ષય થવાનો અવસર આવે ત્યારે ક્ષપકશ્રેણિમાં નવમા ગુણસ્થાનકે અને દસમા ગુણસ્થાનકે જઘન્ય સ્થિતિ સંક્રમ થાય છે ત્યારે જ આ ૧૩ કર્મપ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ સંક્રમ પણ થાય છે. તેથી ત્યારે જઘન્ય અનુભાગ સંક્રમની સાદિ અને ક્ષપકશ્રેણિમાં આગળ જાય ત્યારે સંક્રમ વિરામ પામે છે ત્યારે અધ્રુવ એમ જઘન્ય અનુભાગ સંક્રમના સાદિ-અધ્રુવ બે જ ભાંગા છે.

[1]અનંતાનુબંધી ચાર કષાયોને જ્યારે ઉદ્વલના સંક્રમ વડે ઉદ્વલના કરીને જ્યારે

૧. **પ્રશ્ન :** સંજ્વલન ચાર કષાય અને નવનોકષાય આમ ૧૩ કર્મપ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ સંક્રમ પોતપોતાની જઘન્યસ્થિતિના સંક્રમકાળે કહ્યો અને આ અનંતાનુબંધી ચાર કષાયનો જઘન્ય અનુભાગ સંક્રમ તે ચાર કષાયોની ઉદ્વલના થયા બાદ મિથ્યાત્વે ગયેલા જીવને ફરીથી અનંતાનુબંધી ચાર કષાય બાંધે અને તેની બંધાવલિકા પસાર થાય ત્યારબાદ બીજી આવલિકાના પ્રથમ સમયે જઘન્ય અનુભાગ સંક્રમ કહ્યો. તો મહાત્મા પુરુષોએ આમ કેમ કર્યું હશે ? પરંતુ તે અનંતાનુબંધિની પોતાની સત્તા ક્ષય થવાનો જ્યારે અવસર હોય ત્યારે ૧ સમયાધિક એક આવલિકા બાકી રહે ત્યારે જઘન્ય અનુભાગ સંક્રમ કેમ ન કહ્યો ? આવો પ્રશ્ન અહીં કદાચ થાય.

**ઉત્તર :** તેનો ઉત્તર આ પ્રમાણે જાણવો. જ્યારે ઉદ્વલના કરીને એટલે કે વિસંયોજના કરીને પહેલા ગુણઠાણે જીવ આવે છે અને નવો અનંતાનુબંધી કષાય બાંધે છે. ત્યારે નવા બંધાયેલા અનંતાનુબંધીની જ સ્થિતિ તથા રસ સત્તામાં છે. જુની સ્થિતિ અને જુની સ્થિતિનો રસ ઉદવલના દ્વારા અથવા વિસંયોજના દ્વારા ક્ષય કરેલો છે. તેથી શુદ્ધ એવી એક સમયની બાંધેલી લતા મળે છે. તેમાં જે રસ બાધેલો છે. તે એક સમય માત્રની બાંધેલી લતા હોવાથી જેટલી જઘન્ય રસ સંભવી શકે છે. તેટલો જઘન્ય રસ વિસંજયોનાના કાળે સંભવતો નથી. કારણ કે જ્યારે વિસંયોજના કરે છે ત્યારે જે ચરમ સ્થિતિખંડ કરે છે. તેમાં પણ કાળભેદે જુદા જુદા અનેક સમયોનાં બંધાયેલાં કર્મદલિકો તે અનંતાનુબંધીનાં છે ત્યાં અનેક સમયોનાં બંધાયેલાં કર્મદલિકો વિદ્યમાન હોવાથી તીવ્ર રસનો બંધ અને સંક્રમ સંભવી શકે છે. પરંતુ શુદ્ધ એક સમયમાં બંધાયેલી લતાના રસથી સહેજે પણ અધિક રસ હોવાનો સંભવ છે. એટલે જ વિસંયોજના કરવાના કાળે ચરમસ્થિતિ ખંડ ઉકેરે ત્યારે અનેક સમયમાં બંધાયેલાં કર્મદલિકો હોવાથી તેવા પ્રકારનો શુદ્ધ એક સમયની બંધાયેલી લતા જેવો જઘન્ય રસ સંભવી શકતો નથી. માટે ત્યાં સ્વમી કહ્યા નથી.

અનંતાનુબંધી કષાય જ એક એવો છે કે તેની સત્તાનો સર્વથા નાશ થયા પછી પણ તેનું બીજ જે મિથ્યાત્વમોહ છે. તેનો નાશ થયેલો ન હોવાથી ફરીથી પણ બંધાય છે અને ફરીથી સત્તામાં પણ આવે છે. એટલે તેના જઘન્ય અનુભાગનો સંક્રમ મિથ્યાત્વે પ્રાપ્ત થાય છે. પરંતુ સંજ્વલન અને નવ નોકષાયની જેમ ક્ષપણાકાળે જઘન્ય અનુભાગ સંક્રમ સંભવતો નથી.

સત્તામાંથી સર્વથા નાશ કર્યો હોય ત્યારે તેનો ક્ષય કરીને મિથ્યાત્વરૂપી બીજ હજુ સત્તામાં હોવાથી તેનો ઉદય થવાથી તેના નિમિત્તે ફરીથી નવા અનંતાનુબંધી ચાર કષાય તે જીવ બાંધે છે જ્યારે તેની બંધાવલિકા પસાર થાય છે ત્યારે બીજી આવલિકાના પ્રથમ સમયે જ જે સંક્રમ થાય છે. તે જઘન્ય અનુભાગ સંક્રમ થયો તે કાળે તેની સાદિ, (કારણ કે જે જુનો બાંધેલો અનંતાનુબંધી હતો તેનો પૂર્વકાલે જ ઉદ્વલના કરવા દ્વારા નાશ કરેલો છે. માત્ર હમણાં મિથ્યાત્વે આવ્યા પછી જે નવો બંધાયો તે જ છે. તેમાં પ્રથમ સમયે જે લતા બંધાઈ છે. તેનો જ માત્ર બંધાવલિકા ગયા પછી આ જીવ સંક્રમ કરે છે. તેથી માત્ર પ્રથમ સમયે બંધાયેલી એક લતાનો જ સંક્રમ હોવાથી તે જઘન્ય સંક્રમ કહેવાય છે. તે કાળે જઘન્યના સાદિ-અધ્રુવ ભાંગા જાણવા.

આ સંક્રમ વિનાનો બીજો બધો જ જે સંક્રમ છે તે અજઘન્ય સંક્રમ કહેવાય છે. ઉપશમ શ્રેણિમાં આરૂઢ થયેલા જીવો ઉપશાન્તમોહ વીતરાગ ગુણસ્થાનકે મોહનીયકર્મની આ (૧૭) સત્તરે પ્રકૃતિઓ ઉપશાન્ત થયેલી હોવાથી સંક્રમ થતો નથી. પરંતુ ત્યાંથી જ્યારે પડે છે અને દસમે-નવમે ગુણસ્થાનકે જ્યારે આવે છે એટલે સંક્રમ ચાલુ કરે છે ત્યારે અજઘન્ય અનુભાગ સંક્રમની સાદિ થાય છે.

જે જીવો આવું ઉપશાન્ત મોહ ગુણસ્થાનકનું સ્થાન પામ્યા નથી. તેવા જીવોને આશ્રયી અનાદિ, ધ્રુવ અને અધ્રુવ તો પૂર્વની જેમ જ ભવ્ય અને ભવ્યને આશ્રયી જાણવા. આ પ્રમાણે આ ૧૭ પ્રકૃતિઓનો અજઘન્ય અનુભાગ સંક્રમ ચાર પ્રકારે જાણવો.

તથા જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય કર્મની થિણદ્ધિત્રિક વર્જીને બાકીની છ, તથા અંતરાયકર્મની પાંચ એમ કુલ ૧૬ કર્મપ્રકૃતિઓનો અજઘન્ય અનુભાગ સંક્રમ અનાદિ ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારે જાણવો.

આ સોળે કર્મ પ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ સંક્રમ ક્ષીણકષાય નામના બારમા ગુણસ્થાનકે સમયાધિક એક આવલિકા કાળ બાકી હોય ત્યારે ત્યાં વર્તતા જીવને એક આવલિકાની અતીત્થાપના છોડીને અન્તિમ એક સમય માત્રમાં રહેલા કર્મ પરમાણુઓના રસની જે અપવર્તના કરવારૂપ સંક્રમ કરે છે. ત્યારે જઘન્યઅનુભાગ સંક્રમની સાદિ તથા સમયાન્તરે તે જ સંક્રમ વિરામ પામે એટલે અધ્રુવ. આમ જઘન્ય અનુભાગ સંક્રમ સાદિ-અધ્રુવ જાણવા.

તથા આ ચરમ સમયના દલિકોનો જે સંક્રમ થાય છે તે વિના બાકીનો બધો જ સંક્રમ આ ૧૬ કર્મપ્રકૃતિઓનો જે છે તે અજઘન્ય સંક્રમ કહેવાય છે. આવો અજઘન્ય સંક્રમ અનાદિકાળથી ચાલુ જ છે. કારણ કે જઘન્ય અનુભાગ સંક્રમ તો ક્ષીણમોહ નામના બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે જ થાય છે. તે કારણથી અનાદિ

મિથ્યાત્વી જીવને તે બારમું ગુણસ્થાનક ક્યારે ય આવ્યું નથી. માટે આ અજઘન્ય સંક્રમ અનાદિકાળથી ચાલે જ છે. તેથી અનાદિ, ધ્રુવ અને અધ્રુવ તો અભવ્ય અને ભવ્યની અપેક્ષાએ પૂર્વની જેમ જાણવો.

આ પ્રમાણે ૧૬ કર્મપ્રકૃતિઓનો અજઘન્ય અનુભાગ સંક્રમ ત્રણ પ્રકારે જાણવો. (પંચસંગ્રહ સંક્રમણ કરણ ગાથા ૬૬) ॥૫૦॥

**तिविहो छत्तीसाए णुक्कोसोऽह णवगस्स य चउद्धा ।**
**एयासिं सेसा सेसिगाण सव्वे य दुविगप्पा ॥ ५१ ॥**

**ગાથાર્થ :-** છત્રીસ કર્મપ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ અનુભાગસંક્રમ ત્રણ પ્રકારે હોય છે. તથા નવ પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ અનુભાગસંક્રમ ચાર પ્રકારે હોય છે. આ સર્વ પ્રકૃતિઓના શેષ વિકલ્પો તથા શેષપ્રકૃતિઓના સર્વે પણ વિકલ્પો સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે જ જાણવા. ॥૫૧॥

**વિવેચન :-** સાતા વેદનીય, પંચેન્દ્રિય જાતિ, તૈજસ સપ્તક, સમચતુરસ્ર સંસ્થાન, શુક્લ લોહિત અને હારિદ્રવર્ણ, સુરભિગંધ, કષાય, આમ્લ અને મધુર એમ ત્રણ રસ, મૃદુ, લઘુ, ઉષ્ણ અને શીત લક્ષણવાળુ વર્ણાદિ શુભ એકાદશક, અગુરૂલઘુ, ઉશ્વાસ, પરાઘાત, પ્રશસ્ત વિહાયોગતિ, ત્રસદશક અને નિર્માણ નામકર્મ એ સ્વરૂપવાળી કુલ ૩૬ પુણ્ય પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ અનાદિ-ધ્રુવ અને અધ્રુવના ભેદથી ત્રણ પ્રકારે થાય છે. તે આ પ્રમાણે -

આ છત્રીસે પુણ્ય પ્રકૃતિઓ છે. ક્ષપકશ્રેણિમાં વર્તતો જીવ પોતપોતાના બંધ વિચ્છેદના સમયે અતિશય વિશુદ્ધ પરિણામવાળો હોવાથી ઉત્કૃષ્ટ અનુભાગ બંધ કરે છે. તે ઉત્કૃષ્ટ અનુભાગ બંધ કર્યા પછી બંધાવલિકા પસાર થયે છતે તે બાંધેલી પુણ્ય પ્રકૃતિઓની ઉદ્વર્તના તથા અપવર્તના નામનો સંક્રમ કરવાનો આ જીવ આરંભ કરે છે.

તે પુણ્ય પ્રકૃતિઓનો સંક્રમ કરતો કરતો આ જીવ સંયોગિ કેવલી ગુણસ્થાનકના ચરમ સમય સુધી આવે છે. ત્યાં સર્વત્ર ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ પ્રાપ્ત થાય છે.

આ ક્ષપકશ્રેણિમાં વર્તતા સંયોગિકેવલી સુધીના જીવોને વર્જીને બાકીના સર્વે પણ જીવોને આટલી વિશુદ્ધતા ન હોવાથી તે જીવો જે સંક્રમ કરે છે. તે સઘળો પણ આ ૩૬ પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ સંક્રમ કહેવાય છે.

તે અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ અનાદિકાળથી ચાલુ જ છે. કારણ કે ક્ષપકશ્રેણિમાં જ ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ પ્રાપ્ત થાય છે. તેથી જ્યાં સુધી ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ કરવાનો

અવસર ન આવે ત્યાં સુધી આ જીવ અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ જ કરે છે. તે માટે તે અનાદિ. કારણ કે આદિ થવાનો જ અભાવ છે. તથા ધ્રુવ અને અધ્રુવ તો અભવ્ય અને ભવ્યની અપેક્ષાએ સમજી લેવો.

આ ગાથામાં લખેલો अह (એટલે કે अथ) શબ્દ तथा અર્થમાં છે. તેથી ૩૬ કર્મપ્રકૃતિઓનો અજઘન્ય અનુભાગ સંક્રમ ત્રણ પ્રકારે છે. તથા ઉદ્યોતનામકર્મ, વજ્રઋષભ નારાચસંઘયણ અને ઔદારિકસપ્તક એમ કુલ નવ નામકર્મની પુણ્યપ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ ચાર પ્રકારે છે. સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવના ભેદથી તેની વધારે સ્પષ્ટતા આ પ્રમાણે છે.

ઉદ્યોતનામકર્મ વિના બાકીની પ્રથમ સંઘયણ તથા ઔદારિક સપ્તક એમ કુલ આઠ કર્મપ્રકૃતિનો અત્યન્ત વિશુદ્ધ પરિણામવાળો એવો સમ્યગ્દષ્ટિ દેવ ઉત્કૃષ્ટ અનુભાગ બંધ કરીને બન્ધાવલિકા ગયે છતે તેનો સંક્રમ કરે છે.

તથા ઉદ્યોત નામકર્મનો સાતમી નારક ભૂમિમાં રહેલો નારકીનો મિથ્યાદષ્ટિ જીવ જ્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાને ઉત્સુક બન્યો હોય ત્યારે સર્વવિશુદ્ધ હોવાથી પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય બંધ કરતો એવો તે જીવ ઉદ્યોત નામકર્મનો ઉત્કૃષ્ટ અનુભાગ બંધ કરે છે.

તથા ઉત્કૃષ્ટબંધ કર્યા પછી બંધાવલિકા પસાર થયે છતે તે જીવ ઉદ્યોતનામકર્મના ઉત્કૃષ્ટ અનુભાગનો સંક્રમ કરે છે. જઘન્યથી અંતર્મુહૂર્ત કાળ સુધી અને ઉત્કૃષ્ટથી બે છાસઠ સાગરોપમ સુધી યાવત્ ઉદ્યોત નામકર્મનો આ જીવ ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ કરે છે.

અહીં એક આવી સૂક્ષ્મ વિચારણા સમજી લેવી કે સમ્યગ્દષ્ટિ સાતમી નારકીનો જીવ મૃત્યુકાળના અન્તિમ અંતર્મુહૂર્તમાં અવશ્ય મિથ્યાત્વે જાય જ છે. તો પણ ત્યાંથી નીકળીને પંચેન્દ્રિય તિર્યંચના ભવમાં આવીને અંતર્મુહૂર્ત બાદ જે જીવ અવશ્ય સમ્યક્ત્વ પામશે જ તેવો જ જીવ અહીં લેવો. જેથી અંતરાલમાં થોડોક સમય (અંતર્મુહૂર્તકાળ) મિથ્યાત્વે ગયો છે. તો પણ તે કાળની અવિવક્ષા કરીને જ બે છાસઠ સાગરોપમ પ્રમાણકાળ અમે અહીં કહ્યો છે.

આવા પ્રકારનો ઉત્કૃષ્ટ અનુભાગ બંધ કરવા દ્વારા તે બંધ કર્યા બાદ એક આવલિકા પછી ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ કરતાં કરતાં ૬૬ સાગરોપમકાળ સુધી ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ કરે છે. તે કાળે ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમની આદિ થાય છે અને સમ્યક્ત્વનો કાળ સમાપ્ત થતાં તેનો અંત થાય છે. તે માટે તે ઉદ્યોત નામકર્મનો ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ સાદિ-સાન્ત જાણવો.

જે જીવો તેવા પ્રકારના સમ્યક્ત્વવાળું સ્થાન પામ્યા નથી. તેવા જીવોને સદાકાળ ઉદ્યોતનામકર્મનો જે સંક્રમ થાય છે. તે નિયમા અનુત્કૃષ્ટ જ થાય છે. માટે અનુત્કૃષ્ટ સંક્રમ અનાદિ છે. તથા ધ્રુવ અને અધ્રુવ ભવ્ય તથા અભવ્યની અપેક્ષાએ જાણવો.

આ ઉપર કહેલી ૧૭-૧૬-૩૬ તથા ૯ સ્વરૂપવાળી કર્મપ્રકૃતિઓના ઉપર કહેલા સિવાઈના શેષ વિકલ્પો, તથા ૧૭, ૧૬, ૩૬ અને ૯ વિનાની શેષ બાકી રહેલી (૧૫૮ - ૭૮) કુલ ૮૦ કર્મપ્રકૃતિઓના સર્વે પણ વિકલ્પો સાદિ તથા અધ્રુવ એમ બે જ પ્રકારવાળા જાણવા. તે આ પ્રમાણે સમજવા.

*ઉપર કહેલી ૧૭ અને ૧૬ કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ મિથ્યાદષ્ટિ* જીવ ઉત્કૃષ્ટ સંક્લેશમાં વર્તતો હોય ત્યારે તે જીવ કરે છે. તે સિવાઈના કાલે ઉપરોક્ત ૧૭ અને ૧૬નો જે સંક્રમ છે. તે અનુત્કૃષ્ટ જ સંક્રમ હોય છે. આ પ્રમાણે આ બન્ને સંક્રમો વારાફરતી આવતા હોવાથી બન્ને સંક્રમો સાદિ અને અધ્રુવ છે.

તથા જઘન્ય સંક્રમ તો ઉપર અજઘન્ય સમજાવતી વેળાએ જ સમજાવ્યો છે. આ પ્રમાણે આ ૧૭ અને ૧૬ના ઉત્કૃષ્ટ - અનુત્કૃષ્ટ અને જઘન્ય અનુભાગ સંક્રમ સાદિ-અધ્રુવ જ છે. આમ જાણવું.

તથા સાતાવેદનીય આદિ ૩૬ કર્મપ્રકૃતિઓનો અને ઉદ્યોતનામકર્મ વિગેરે ૯ કર્મપ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ સંક્રમ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ કે જે જીવે અનુભાગની સત્તાનો ઘણો ખરો નાશ કર્યો છે. એવા અલ્પસત્તાવાળા જીવને પ્રાપ્ત થાય છે. અનુભાગની ઘણી સત્તાનો જ્યારે ક્ષય ન કર્યો હોય ત્યારે અજઘન્ય સંક્રમ થાય છે. આ પ્રમાણે જઘન્ય અને અજઘન્ય આ બન્ને સંક્રમો સાદિ-અધ્રુવ જાણવા. ઉત્કૃષ્ટ સંક્રમ તો અનુત્કૃષ્ટ સમજાવવાના કાળે જ સમજાવ્યો છે.

બાકી રહેતી શેષ કર્મપ્રકૃતિઓનો સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા જીવમાં વૈક્રિય સપ્તક, દેવદ્વિક, ઉચ્ચગોત્ર, આતપ, તીર્થંકરનામકર્મ, આહારકસપ્તક, મનુષ્યદ્વિક, દેવ મનુષ્ય અને તિર્યંચાયુષ્ય આવા સ્વરૂપવાળી ૨૪ની સંખ્યાવાળી પુણ્ય પ્રકૃતિઓનો અતિશય વિશુદ્ધિવાળો જીવ હોય ત્યારે અને થિણદ્ધિત્રિક, અસાતાવેદનીય, ત્રણ દર્શનમોહનીય, અપ્રત્યાખ્યાનીય કષાય, પ્રત્યાખ્યાનાવરણકષાય, નરકાયુષ્ય, નરકદ્વિક, તિર્યંચદ્વિક, પ્રથમની ચાર જાતિ, પ્રથમ સિવાયનાં પાંચ સંઘયણ અને પાંચ સંસ્થાન, અશુભવર્ણાદિનવક, અશુભવિહાયોગતિ, ઉપઘાત, સ્થાવર દશક, નીચગોત્ર એમ કુલ ૫૬ કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સંક્લેશદશામાં વર્તનો જીવ ઉત્કૃષ્ટઅનુભાગબંધ કરે છે. કારણ કે તેવા પ્રકારની ૨૪ પુણ્ય પ્રકૃતિઓ માટે તીવ્ર વિશુદ્ધિ અને ૫૬ પાપપ્રકૃતિઓ માટે તીવ્રસંક્લેશ હોય ત્યારે જ ઉત્કૃષ્ટઅનુભાગ બંધ કરે છે. તેથી ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અને ઉત્કૃષ્ટ સંક્લેશ આવે ત્યારે ત્યારે ઉત્કૃષ્ટ બંધ કરીને બંધાવલિકા પછી ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ કરે છે.

તેવા પ્રકારની તીવ્રવિશુદ્ધિ અને તેવા પ્રકારનો તીવ્ર સંક્લેશ ન હોય ત્યારે અનુત્કૃષ્ટ અનુભાગસંક્રમ થાય છે. આ રીતે તીવ્ર વિશુદ્ધિ હોય ત્યારે ૨૪ પુણ્યપ્રકૃતિઓનો અને તીવ્ર સંક્લેશ હોય ત્યારે ૫૬ પાપપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગસંક્રમ થાય અને તેવી અતિશય

તીવ્ર વિશુદ્ધ અને અતિશય તીવ્ર સંક્લેશાવસ્થા ન હોય ત્યારે અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ થાય છે. આમ આ બન્ને સંક્રમો વારાફરતી આવતા હોવાથી બન્ને સંક્રમો સાદિ-અધ્રુવ છે.

આ ૨૪ પુણ્યપ્રકૃતિઓ તથા ૫૬ પાપ પ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ સંક્રમ સૂક્ષ્મ એકેન્દ્રિયમાં હણી નાખી છે ઘણી ઘણી અનુભાગની સત્તા જેણે એવા જીવને સત્તા જ અલ્પ હોવાથી જઘન્ય અનુભાગ સંક્રમ ત્યાં પ્રાપ્ત થાય છે અને સૂક્ષ્મ એકેન્દ્રિયમાં જવા છતાં જે જીવે હજુ ઘણી અનુભાગની સત્તાનો નાશ કર્યો નથી પરંતુ નાશ કરે છે. તેવા જીવને વધારે સત્તા હોવાથી અજઘન્ય અનુભાગ સંક્રમ થાય છે. આ કારણે આ બન્ને સંક્રમો પણ સાદિ અને અધ્રુવ જ છે. ॥૫૧॥

***અવતરણ :*** *સાદ્યાદિની પ્રરૂપણા કરી. હવે સ્વામિત્વ સમજાવવાનો અધિકાર છે. તે બે પ્રકારનું છે. ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમનું સ્વામિત્વ અને જઘન્ય અનુભાગ સંક્રમનું સ્વામિત્વ. ત્યાં ઉત્કૃષ્ટ અનુભાગસંક્રમના સ્વામિત્વનું નિરૂપણ કરતાં કહે છે :- ત્યાં સૌથી પ્રથમ કાલ પ્રમાણનો નિયમ જણાવે છે :-*

**उक्कोसगं पबंधिय, आवलियमइच्छिऊण उक्कस्सं ।**
**जाव न घाएइ तयं, संकमइ आमुहुत्तंता ॥ ५२ ॥**

**ગાથાર્થ :-** મિથ્યાદષ્ટિ જીવ ઉત્કૃષ્ટ અનુભાગને બાંધીને, બાંધ્યા પછી એક આવલિકા કાળ ગયે છતે તેર પ્રકૃતિનો સંક્રમ ત્યાં સુધી કરે છે કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ રસનો નાશ કર્યો ન હોય. પરંતુ અંતર્મુહૂર્ત કાળ પછી ઉત્કૃષ્ટ અનુભાગનો અવશ્ય નાશ કરે છે. ॥૫૨॥

**વિવેચન :-** મિથ્યાદષ્ટિ જીવ તીવ્ર અશુદ્ધિવાળો હોવાથી તીવ્ર કષાયોના બલે ઉત્કૃષ્ટ અનુભાગનો બંધ કરે છે અને બંધાવલિકા ગયે છતે તેના પછીના સમયમાં વર્તતો આ જીવ ઉદયાવલિકા ઉપરની સ્થિતિમાં જે ઉત્કૃષ્ટ અનુભાગની સત્તા છે. તે અનુભાગનો આ જીવ ત્યાં સુધી ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ કરે છે કે જ્યાં સુધી સત્તાગત આ ઉત્કૃષ્ટ અનુભાગની સત્તા વિનાશ કરી ન હોય. ત્યાં સુધી સત્તામાં હોવાથી આ સંક્રમ ચાલુ જ રહે છે.

**પ્રશ્ન :-** ઉત્કૃષ્ટ અનુભાગ બાંધ્યા પછી કેટલો કાળ ગયે છતે તે જીવ ઉત્કૃષ્ટ અનુભાગની સત્તાનો નાશ કરે ? કે જેથી ઉત્કૃષ્ટ અનુભાગની સત્તા ચાલી જવાથી ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ પણ વિરામ પામે ?

**ઉત્તર :-** આવો પ્રશ્ન જો થતો હોય તો आमुहूर्त्ताद् - અર્થાત્ એક અંતર્મુહૂર્ત સુધી ઉત્કૃષ્ટ અનુભાગનો ઘાત કરતો નથી. તેથી તેવો અનુભાગ સત્તામાં હોય છે માટે ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ પણ અંતર્મુહૂર્ત સુધી કરે છે.

અંતર્મુહૂર્ત કાળથી આગળ વધારે સંક્લિષ્ટાવસ્થા આવવાથી પુણ્ય પ્રકૃતિઓના અનુભાગનો આ જીવ વિનાશ કરે છે અને વધારે વિશુદ્ધ અવસ્થા આવવાથી પાપ પ્રકૃતિઓના

અનુભાગનો અવશ્ય વિનાશ કરે છે. આ વાત ધ્યાનમાં રાખીને હવે નીચે સમજાવાતું ઉત્કૃષ્ટ અને જઘન્ય અનુભાગ સંક્રમનું સ્વામિત્વ વિચારવું. (પંચસંગ્રહ સંક્રમણ કરણ ગાથા-૫૭) ॥૫૨॥

*અવતરણ :- હવે ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમનું સ્વામિત્વ કહેવાય છે.*

**असुभाणं अन्नयरो, सुहुम अपज्जत्तगाइ मिच्छो उ ।**
**वज्जिअ असंखवासाउए य मणुओववाए य ॥ ५३ ॥**

**ગાથાર્થ :-** અશુભ કર્મપ્રકૃતિઓનો સૂક્ષ્મ અપર્યાપ્તા આદિ સર્વ મિથ્યાદૃષ્ટિ જીવો તીવ્રસંક્લેશવાળા હોય ત્યારે ઉત્કૃષ્ટ અનુભાગસંક્રમ કરે છે. પરંતુ અસંખ્યાતવર્ષના આયુષ્યવાળા યુગલિક જીવો તથા મનુષ્યમાં જ છે ઉત્પાત જેનો એવા નવમા દેવલોક આદિના દેવોને ત્યજીને આ સ્વામી જાણવા. ॥૫૩॥

**વિવેચન :-** જે જે અશુભ પ્રકૃતિઓ છે. જેમ કે જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય કર્મ નવ, અસાતા વેદનીય, મોહનીયકર્મની અઠ્ઠાવીસ પ્રકૃતિઓ, નરકદ્વિક, તિર્યંચદ્વિક, પ્રથમની ચારે જાતિ, પ્રથમ સિવાઈનાં પાંચ સંઘયણ અને પાંચ સંસ્થાન નીલ અને કૃષ્ણ બે વર્ણ, દુરભિ ગંધ, તિકત અને કટુ આમ બે રસ, રૂક્ષ, શીત, કર્કશ અને ગુરુ એમ ચાર સ્પર્શ આ પ્રમાણે અશુભ વર્ણાદિ નવક, ઉપઘાત, અપ્રશસ્ત વિહાયોગતિ, સ્થાવર દશક, નીચ ગોત્ર અને અંતરાય પાંચ એમ કુલ (૮૮) અઠ્યાસી કર્મપ્રકૃતિઓનો સૂક્ષ્મ અપર્યાપ્ત આદિ કોઈપણ મિથ્યાદૃષ્ટિ જીવ ઉત્કૃષ્ટ અનુભાગના સંક્રમનો સ્વામી છે.

આ વાક્યમાં લખેલા च શબ્દથી અપર્યાપ્તાસૂક્ષ્મની સાથે પર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિય તથા પર્યાપ્તા અને અપર્યાપ્તા બાદર એકેન્દ્રિય બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય અને સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ, સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય તથા દેવ અને નારકીના જીવોનો સંગ્રહ કરવો.

ઉપરોક્ત જીવોમાંનો કોઈપણ મિથ્યાદૃષ્ટિ જીવ ઉત્કૃષ્ટ અનુભાગના સંક્રમનો સ્વામી છે.

ઉપરના વાક્યમાં સામાન્યપણે બધા જ જીવો સ્વામી કહ્યા છે. તેમાં થોડોક અપવાદ જણાવે છે :-

ફક્ત અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા જે મનુષ્યો અને તિર્યંચો છે તે યુગલિક મનુષ્ય-તિર્યંચો તથા મનુષ્યભવમાં જ છે ઉત્પાત (જન્મ) જેનો એવા આનત-પ્રાણત-આરણ અને અચ્યુત દેવલોકના દેવો નવ ગ્રૈવેયકના દેવો તથા પાંચ અનુત્તરવાસી દેવો કે જેઓ પોતાના ભવમાંથી ચ્યવીને નિયમા મનુષ્યના ભવમાં જ ઉત્પન્ન થાય છે. આ કારણથી

આવા યુગલિક તિર્યંચ મનુષ્યો અને આનતાદિ દેવોને વર્જીને બાકીના તમામ જીવો ઉત્કૃષ્ટ અનુભાગના સંક્રમના સ્વામી જાણવા.

ઉપર કહેલા યુગલિક તિર્યંચો અને મનુષ્યો તથા અનુત્તરવાસી સિવાયના આનતાદિ દેવો જો કે મિથ્યાદષ્ટિ હોય છે. તો પણ મિથ્યાદષ્ટિ હોવા છતાં પણ તીવ્ર સંક્લેશવાળા ન હોવાથી પૂર્વે કહેલી ૮૮ અશુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ (રસ)નો બંધ જ કરતા નથી. કારણ કે આ જીવોમાં મિથ્યાદષ્ટિ હોવા છતાં તેવા પ્રકારનો તીવ્ર સંક્લેશ સંભવતો નથી.

તે કારણથી આ ૮૮ (અઠ્યાસી) પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગનો સંક્રમ આ યુગલિકમાં અને આનતાદિ દેવોમાં સંભવતો નથી. તેથી તેઓનું વર્જન કરેલું છે.

**પ્રશ્ન :-** અહીં એક પ્રશ્ન થવો સંભવિત છે કે યુગલિક મનુષ્યો અને આનતાદિ દેવો તીવ્ર સંકિલષ્ટ પરિણામવાળા ન હોવાના કારણે ઉત્કૃષ્ટ રસ (અનુભાગ) બાંધે નહીં. તેથી તેઓ ઉત્કૃષ્ટ રસના (અનુભાગના) સંક્રમના સ્વામી થાય નહીં. આમ કહેવામાં આવ્યું. પરંતુ આ યુગલિકો અને આનતાદિ દેવો જે ભવમાંથી ત્યાં ઉત્પન્ન થાય છે ત્યાં બંધાયેલો ઉત્કૃષ્ટ રસ સત્તામાં લઈને યુગલિકમાં અને આનતાદિ દેવોમાં આવે તો સત્તામાં ઉત્કૃષ્ટરસ હોવાથી સંક્રમ કેમ ન સંભવે ? સત્તામાં ગયા ભવથી લઈને આવેલા એવો ઉત્કૃષ્ટ અનુભાગ હોવાથી ઉત્કૃષ્ટ સંક્રમ ઘટી શકે છે.

**ઉત્તર :-** તેનો ઉત્તર આમ સમજવો કે મિથ્યાદષ્ટિ જીવો સંક્લિષ્ટતાના કારણે પુણ્યના તથા વિશુદ્ધિના કારણે પાપના રસને અંતર્મુહૂર્તથી વધારે સત્તામાં રાખી શકતા નથી. યુગલિકોનું તથા આનતાદિ દેવોનું આયુષ્ય શુભલેશ્યાઓમાં જીવ વર્તતો હોય ત્યારે જ બંધાય છે. આવી લેશ્યા મનુષ્ય અને તિર્યંચના ભવમાં અંતર્મુહૂર્ત આયુષ્ય શેષ બાકી હોય ત્યારે જ આવે છે. એટલે છેલ્લા મૃત્યુકાળના અંતર્મુહૂર્તમાં પ્રશસ્ત લેશ્યા હોવાના કારણે ઉપરોક્ત ૮૮ કર્મપ્રકૃતિઓનો કદાચ ઉત્કૃષ્ટ રસ પૂર્વે બાંધ્યો હોય તો પણ આ શુભ લેશ્યાઓના પ્રતાપે તે રસ ઘટી જાય છે. એટલે અશુભ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ રસની સત્તા લઈને યુગલિકમાં કે આનતાદિ દેવોમાં આ જીવો જતા નથી. તે કારણથી ઉત્કૃષ્ટરસના સંક્રમના અધિકારી પણ બનતા નથી. તે માટે ઉત્કૃષ્ટરસના સંક્રમના સ્વામિમાં તેઓનું વર્જન કરેલું છે. ॥૫૩॥

**सव्वत्थ आयवुज्जोयमणुयगइ पंचगाण आऊणं ।**
**समयाहिगालिगा, सेसिगत्ति सेसाण जोगंता ॥ ५४ ॥**

***ગાથાર્થ :-*** આતમ, ઉદ્યોત અને મનુષ્યગતિ પંચકનો (ઔદારિકસપ્તક લેવાથી એમ કુલ ૧૨ કર્મપ્રકૃતિઓનો) ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ સર્વત્ર (અર્થાત્ ઉપરોક્ત ગાથામાં કહ્યા

પ્રમાણે યુગલિક તથા આનતાદિ દેવો સાથે ઉપરોક્ત સર્વ જીવો બે છાસઠ સાગરોપમ સુધી) ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ કરે છે. ચાર આયુષ્યકર્મનો સમ્યગ્દષ્ટિ અથવા મિથ્યાદષ્ટિ જીવો ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમના સ્વામી છે અને બાકીની પુણ્યપ્રકૃતિ ૫૪નો બંધાવલિકા ગયા પછી સયોગિના ચરમ સમય સુધી ઉત્કૃષ્ટ અનુભાગનો સંક્રમ કરે છે. ।।૫૪।।

**વિવેચન :-** (૧) આતમ નામકર્મ, (૨) ઉદ્યોતનામકર્મ તથા મનુષ્ય ગતિ પંચક (મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક અને વજ્રઋષભ નારાચ સંઘયણ એમ પાંચ) અહીં ઔદારિકદ્વિકને બદલે ઔદારિક સપ્તક લેવાય છે. તેથી ૧ આતપ, ૧ ઉદ્યોત, ૨ મનુષ્યદ્વિક, ૭ ઔદારિક સપ્તક અને ૧ વજ્રઋષભ નારાચ સંઘયણ એમ કુલ ૧૨ કર્મપ્રકૃતિઓ ઉત્કૃષ્ટ અનુભાગનો સંક્રમ સર્વત્ર જાણવો.

આગલી ગાથા ૫૩માં સૂક્ષ્મ અપર્યાપ્તાદિ સર્વ જીવસ્થાનોમાં વર્તતા જીવો લેવાના કહ્યા હતા. પરંતુ તેમાં અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલિક તિર્યંચ અને મનુષ્યો તથા આનતાદિ દેવોનું વર્જન કરેલું હતું. જ્યારે અહીં **સવ્વત્થ** શબ્દ લખીને જણાવે છે કે સૂક્ષ્મ અપર્યાપ્તા આદિ સર્વ જીવો એટલે કે યુગલિકો તથા આનતાદિ દેવો પણ આ ૧૨ પ્રકૃતિના ઉત્કૃષ્ટ અનુભાગના સંક્રમના સ્વામી જાણવા.

તે આ પ્રમાણે :- સમ્યગ્દષ્ટિ જીવો પુણ્યપ્રકૃતિઓના અનુભાગનો ક્યારે ય વિનાશ કરતા નથી. પરંતુ બે છાસઠ સાગરોપમ કાલ સુધી યાવત્ આ અનુભાગને વિશેષ વિશેષે પુષ્ટ કરે છે. તેથી આટલા કાળ સુધી આ ૧૨ પુણ્ય પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ સત્તામાંથી જરા પણ વિનાશ કર્યા વિના સત્તા સાથે જ ઉચિત દેવ અથવા મનુષ્યાદિ યોગ્ય સ્થાનમાં ઉત્પન્ન થાય છે.

ત્યારબાદ મિથ્યાદષ્ટિ જીવોમાં પણ ઉપર કહેલી ૧૨ કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગની સત્તાનો નાશ કર્યા વિના ઉત્કૃષ્ટ અનુભાગ સત્તામાં હોતે છતે અંતર્મુહૂર્ત કાળ સુધી તો તેવા જ અનુભાગની સત્તાવાળો અને તેવા જ સંક્રમવાળો આ જીવ વર્તે છે.

આતમ અને ઉદ્યોત નામકર્મનો ઉત્કૃષ્ટ અનુભાગ મિથ્યાદષ્ટિ જીવ વડે જ બંધાય છે. કારણ કે તેનો બંધ ત્યાં જ છે. પરંતુ તે બન્નેના ઉત્કૃષ્ટ અનુભાગનો સંક્રમ ત્યાં એટલે કે મિથ્યાત્વે પણ થાય છે. ત્યાં અસંભવિત નથી. અર્થાત્ મિથ્યાત્વે પણ સત્તા હોવાથી ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ થાય છે. તથા તે જ જીવ મિથ્યાત્વે ઉત્કૃષ્ટ અનુભાગ બાંધ્યા પછી ત્યાંથી પડીને (એટલે કે મિથ્યાત્વદશાને ત્યજીને) સમ્યક્ત્વ ગુણ પ્રાપ્ત કરે છે તે સમ્યગ્દષ્ટિપણામાં પણ ઉત્કૃષ્ટ અનુભાગ સત્તામાં હોવાથી તેનો ઉત્કૃષ્ટસંક્રમ ચાલુ જ રહે છે.

સમ્યગ્દષ્ટિ જીવો સમ્યગ્દષ્ટિ હોય ત્યાં સુધી પુણ્યપ્રકૃતિઓનો રસ ઘટાડતા નથી. તેથી તે આતપ અને ઉદ્યોત નામકર્મ પુણ્ય પ્રકૃતિ હોવાના કારણે તે બન્ને પુણ્ય કર્મનો ઉત્કૃષ્ટ અનુભાગ સત્તામાં છે તેથી ઉત્કૃષ્ટ સંક્રમ મળી શકે છે. તેવા ઉત્કૃષ્ટ રસનો તે જીવો નાશ કરતા

નથી. તે કારણથી બે છાસઠ સાગરોપમ કાળ સુધી યાવત્ તે બન્ને કર્મનો ઉત્કૃષ્ટ સંક્રમ સમ્યગદ્રષ્ટિ જીવમાં મળી શકે છે.

ચારે આયુષ્યકર્મનો પણ સમ્યગ્દષ્ટિ અથવા મિથ્યાદષ્ટિ આત્મા ઉત્કૃષ્ટ અનુભાગ બાંધીને બન્ધાવલિકા ગયે છતે પ્રતિસમયે તે આયુષ્યમાં ઉત્કૃષ્ટ અનુભાગનો સંક્રમ કરે છે. યાવત્ તે તે આયુષ્ય કર્મની છેલ્લી સમયાધિક આવલિકા શેષ બાકી રહે ત્યાં સુધી આ સંક્રમ કરે છે. આ કારણથી ચારે પણ આયુષ્યકર્મના ઉત્કૃષ્ટ અનુભાગના સંક્રમના સ્વામી સમ્યગ્દષ્ટિ અથવા મિથ્યાદષ્ટિ જીવ પ્રાપ્ત થાય છે.

બાકી વધેલી પુણ્યપ્રકૃતિઓ સાતાવેદનીય, દેવદ્વિક, પંચેન્દ્રિય જાતિ, વૈક્રિય સપ્તક, આહારક સપ્તક, તૈજસ સપ્તક, સમચતુસ્ત્ર સંસ્થાન, શુક્લ-લોહિત અને હારિદ્ર એમ ત્રણ વર્ણ, સુરભિ ગંધ, કષાય, આમ્લ અને મધુર એમ ત્રણ રસ, મૃદુ-લઘુ-સ્નિગ્ધ અને ઉષ્ણ સ્પર્શ આ પ્રમાણે પ્રશસ્ત વર્ણાદિ એકાદશ, પ્રશસ્ત વિહાયોગતિ, ઉચ્છ્વાસ, અગુરુલઘુ, પરાઘાત ત્રણદર્શક, નિર્માણ નામકર્મ, તીર્થંકરનામકર્મ તથા ઉચ્ચગોત્ર એમ કુલ ૫૪ની સંખ્યાવાળી પુણ્યપ્રકૃતિઓનો બન્ધવિચ્છેદ થવાના અવસરે બન્ધાવલિકા પસાર થયા પછી ત્યાં સુધી સદાકાળ ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ આ જીવ કરે છે કે યાવત્ સંયોગિ કેવલી ગુણસ્થાનકનો ચરમ સમય આવે. કારણ કે સમ્યગ્દષ્ટિ જીવ પુણ્યકર્મનો હ્રાસ ક્યારેય કરતો નથી. તેથી સદાકાળ અનુભાગની સત્તા હોવાથી સદાકાળ ઉત્કૃષ્ટ અનુભાગનો સંક્રમ મળી શકે છે.

ઉપર સમજાવ્યા પ્રમાણે આ ૫૪ પુણ્ય પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગના સંક્રમના સ્વામી પોતપોતાના બંધ વિચ્છેદથી ઉપરના ગુણસ્થાનકમાં રહેતા સયોગી ગુણઠાણા સુધીના જીવો સ્વામી જાણવા. સારાંશ કે સમ્યગ્દષ્ટિ જીવો પુણ્ય પ્રકૃતિના ઉત્કૃષ્ટરસનો ઘાત કરતા નથી. તેથી સદાકાળ ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ મળી શકે છે. ॥૫૪॥

***અવતરણ :- ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમનું સ્વામિત્વ કહ્યું. હવે જઘન્ય અનુભાગના સંક્રમનું સ્વામિત્વ કહેવાય છે. સૌથી પ્રથમ જઘન્ય અનુભાગ સંક્રમનો સંભવ જાણવાના ઉપાયો કહે છે :-***

**खवगस्संतरकरणे, अकए घाईण सुहुमकम्मुवरिं ।**
**केवलिणो णंतगुणं, असन्निओ सेसअसुभाणं ॥ ५५ ॥**

**ગાથાર્થ :-** ક્ષપક જીવને અંતરકરણ ન કરે ત્યાં સુધી ઘાતીકર્મ સંબંધી અનુભાગ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો કરતાં ઉપર (અર્થાત્ અધિક રસ) હોય છે અને કેવલિ ભગવંતોને અશુભ એવી ૩૦ કર્મપ્રકૃતિઓના અનુભાગની સત્તા અસંજ્ઞી પંચેન્દ્રિયના જીવની સત્તા

કરતાં અનંતગુણી સત્તા હોય છે. બાકીની અશુભ પ્રકૃતિઓના જઘન્ય અનુભાગના સંક્રમનો સંભવ સૂક્ષ્મ એકેન્દ્રિયાદિમાં જાણવો. ॥૫૫॥

વિવેચન :- ક્ષપકશ્રેણિમાં આરૂઢ થયેલા જીવો જ્યાં સુધી અંતરકરણ કરતા નથી ત્યાં સુધી સર્વઘાતી કર્મપ્રકૃતિઓનો તથા દેશઘાતી કર્મપ્રકૃતિઓનો અનુભાગ (રસ) સૂક્ષ્મએકેન્દ્રિય જીવો કરતાં અધિક હોય છે અર્થાત્ સૂક્ષ્મએકેન્દ્રિય જીવોમાં રહેલા અનુભાગ કરતાં અનંતગુણો અનુભાગ ક્ષપક શ્રેણિમાં વર્તતા જીવોને હોય છે.

પરંતુ ક્ષપકશ્રેણિમાં જ્યારે આ જીવ અંતરકરણ કરે છે. ત્યારથી પ્રારંભીને તે ક્ષપક જીવને સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ કરતાં અનુભાગની સત્તા અનંતગુણ હીન હીન થાય છે. આ પ્રમાણે સર્વઘાતી તથા દેશઘાતી કર્મપ્રકૃતિઓમાં સમજવું.

તથા શેષ જે અઘાતી અશુભ કર્મપ્રકૃતિઓ છે જેમ કે અસાતવેદનીય, પ્રથમ વિનાનાં પાંચ સંસ્થાન અને પાંચ સંઘયણ, કૃષ્ણ અને નીલ વર્ણ, દુરભિગન્ધ, તિક્ત-કટુરસ, ગુરુ-કર્કશ-રૂક્ષ અને શીત એ ૪ સ્પર્શ એમ અશુભ વર્ણાદિ નવ, ઉપઘાત, અશુભ-વિહાયોગતિ, દૌર્ભાગ્ય, દુઃસ્વર, અનાદેય, અસ્થિર, અશુભ, અપર્યાપ્ત, અયશઃકીર્તિ અને નીચગોત્ર એમ ૩૦ કર્મપ્રકૃતિઓની અનુભાગની સત્તા અસંજ્ઞીપંચેન્દ્રિય જીવોમાં જે અનુભાગની સત્તા છે તેના કરતાં કેવલી પરમાત્માને અનંતગુણી જાણવી.

આમ હોતે છતે સર્વઘાતી અને દેશઘાતિ કર્મપ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ સંક્રમ, અન્તરકરણ કરેલા એવા ક્ષપકશ્રેણિમાં રહેલા જીવને જ હોય છે અને બાકીની અશુભ કર્મપ્રકૃતિઓના જઘન્ય અનુભાગના સંક્રમનો સંભવ સયોગી કેવલીમાં સંભવતો નથી. પરંતુ કેવલી પરમાત્માની અપેક્ષાએ અનંતમા ભાગ તુલ્ય અનુભાગવાળા અને હણી નાખી છે ઘણી અનુભાગની સત્તા જેણે એવા સૂક્ષ્મ એકેન્દ્રિય આદિ જીવોમાં હોય છે. ॥૫૫॥

***અવતરણ :- "संकमइ आमुहूत्तंता" આવું ગાથાનું ચરમપદ ૫૨ મી ગાથામાં કહ્યું હતું. તેથી સમ્યગ્દષ્ટિ આત્મા અથવા મિથ્યાદષ્ટિ આત્મા સર્વે પણ પ્રકૃતિઓનો અનુભાગ જે સત્તામાં હોય તેનો અવશ્ય વિનાશ કરે છે એવો અર્થ પ્રાપ્ત થાય છે. ત્યાં અપવાદ જણાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે :-***

**सम्मद्दिटठी ण हणइ, सुहाणुभागं असम्मद्दिट्ठी वि ।**
**सम्मत्तमीसगाणं उक्कस्सं वज्जिया खवणं ॥ ५६ ॥**

**ગાથાર્થ** :- સમ્યગ્દષ્ટિ આત્મા પુણ્ય પ્રકૃતિઓના અનુભાગનો નાશ કરતો નથી. (મિશ્રદષ્ટિ આત્મા પણ પુણ્ય પ્રકૃતિઓના અનુભાગનો નાશ કરતો નથી) તથા अपि શબ્દથી સમ્યગ્દષ્ટિ જીવો જ ક્ષાયિક પ્રાપ્ત કરવાના અવસરને છોડીને સદાકાળ સમ્યક્ત્વમોહનીય તથા મિશ્રમોહનીય કર્મના ઉત્કૃષ્ટ અનુભાગનો નાશ કરતા નથી. ॥૫૬॥

**વિવેચન :-** કર્મના ૧૫૮ ભેદોમાં અહીં જે જે પુણ્યપ્રકૃતિઓ છે. જેમ કે સાતાવેદનીય, દેવદ્વિક, મનુષ્યદ્વિક, પંચેન્દ્રિયજાતિ, પ્રથમસંઘયણ અને પ્રથમસંસ્થાન, ઔદારિકસપ્તક, વૈક્રિયસપ્તક, આહારકસપ્તક, તૈજસસપ્તક, શુભવર્ણાદિ એકાદશ, અગુરુલઘુ, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ ઉદ્યોત, પ્રશસ્ત વિહાયોગતિ, ત્રસદશક, નિર્માણ નામકર્મ, તીર્થંકરનામકર્મ અને ઉચ્ચગોત્ર આ પ્રમાણે આ ૬૬ પુણ્યપ્રકૃતિઓ જે છે તે સર્વનો પણ શુભ અનુભાગ ઉત્કર્ષથી એટલે વધારેમાં વધારે બે છાસઠ સાગરોપમ કાળ સુધી યાવત્ સમ્યગ્દષ્ટિ આત્મા તેનો વિનાશ કરતો નથી.[1]

તથા અસમ્યગ્દષ્ટિ એટલે કે મિથ્યાદષ્ટિ આત્મા તથા अपि શબ્દથી સમ્યગ્દષ્ટિ આત્મા પણ અર્થાત્ સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ આ બન્ને આત્માઓ સમ્યક્ત્વમોહનીયકર્મ તથા મિશ્રમોહનીયકર્મ એમ આ બન્ને કર્મોના ઉત્કૃષ્ટ અનુભાગનો વિનાશ કરતો નથી.

પરંતુ જ્યારે ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કરવાનો અવસર આવે છે. ત્યારે આ સાતે કર્મોનો આ જીવ નાશ કરતો હોવાથી ત્યારે આ બન્ને મોહનીયના રસનો પણ નાશ કરે છે. તે વિના રસનો ઘાત કરતો નથી.

જ્યારે ક્ષપણકાલ હોય છે અર્થાત્ ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કરવાનો કાળ હોય છે ત્યારે ૪ થી ૭ ગુણસ્થાનકમાં વર્તતો જીવ જ સમ્યક્ત્વમોહનીયના અને મિક્ષમોહનીયના ઉત્કૃષ્ટ અનુભાગનો અવશ્ય વિનાશ કરે જ છે. કારણ કે તે જીવને તે કાળે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાનું છે. તે માટે બન્ને દર્શનમોહનીયના અનુભાગની સર્વ સત્તાનો નાશ કરે છે. તે માટે ક્ષપણકાળનું અહીં વર્જન કરવામાં આવ્યું છે. ક્ષપણકાલ વિના સમ્યગ્દષ્ટિ આત્મા આ બે મોહનીયના રસનો વિનાશ કરતો નથી.

---

૧. સમ્યગ્દષ્ટિ આત્મા પુણ્ય પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગનો વિનાશ કરતો નથી. તે માટે અહીં બે છાસઠ સાગરોપ પ્રમાણ કાળ કહ્યો છે. પ્રથમ છાસઠ સાગરોપમ કાળ પ્રમાણ ક્ષયોપશમ સમ્યક્ત્વને ટકાવી રાખીને ત્યાંથી અંતર્મુહૂર્ત માત્ર કાળ મિશ્ર ગુણસ્થાનને જઈને ફરીથી બીજા પણ છાસઠ સાગરોપમ કાળ પ્રમાણ આ ક્ષયોપશમ સમ્યક્ત્વ ટકે છે ત્યારે આ રસ ટકાવી રાખી શકાય છે.

ત્યારબાદ આ જીવ કાં તો ક્ષપકશ્રેણિ માંડી કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષે જાય છે અથવા ક્ષયોપશમ સમ્યક્ત્વ વમીને મિથ્યાત્વે જાય છે. જો મિથ્યાત્વે જાય તો સંક્લિષ્ટ પરિણામોની ધારા હોવાથી અંતર્મુહૂર્ત પછી પુણ્ય પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગનો નાશ કરે છે. સારાંશ કે ૪ થી ૭ ગુણસ્થાનકોમાં રહેલો ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળો જીવ બે છાસઠ સાગરોપમ કાળ સુધી પુણ્ય પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ સત્તામાં ટકાવી રાખે છે. તેથી ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ પણ ત્યાં સુધી મળી શકે છે.

સમ્યક્ત્વ દેશવિરતિ અને સર્વવિરતિ જેવા ગુણોમાં વર્તનારા જીવના પરિણામ પ્રશસ્ત હોવાથી તે જીવો શુભ પ્રકૃત્તિઓના રસને ટકાવી રાખે છે. પણ રસનો ઘાત કરતા નથી. પરંતુ અશુભ પ્રકૃતિઓના રસને હીન કરે છે. મિથ્યાદષ્ટિ આત્મા અંતર્મુહૂર્તથી પછીના કાળમાં પુણ્ય પ્રકૃતિઓના રસને ટકાવી શકતા નથી.તથા જ્યારે વિશુદ્ધિમાં વર્તે ત્યારે પાપ પ્રકૃતિઓના રસને પણ હીન કરે છે.

પંચસંગ્રહ નામના ગ્રંથમાં કહ્યું છે કે :-

**सम्मद्दिट्ठी ण हणइ, सुभाणुभागं दुवे वि दिटठीणं ।**
**सम्मत्तमीसगाणं, उक्कोसं हणइ खवगो वि ॥ ६१ ॥**

**અર્થ :-** સમ્યગ્દષ્ટિ આત્મા પુણ્યપ્રકૃતિઓના રસનો ઘાત કરતો નથી તથા સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય આ બે દર્શનમોહનીયકર્મના રસનો પણ ક્ષપણકાળને વર્જીને શેષકાળમાં સમ્યગદ્રષ્ટિ જીવો અનુભાગને હણતા નથી.

ઉપરના સાક્ષી પાઠમાં दुवेवि એવો જે મૂલગાથામાં શબ્દ છે. તેનો અર્થ સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ એમ બન્ને પ્રકારના જીવો રસને હણતા નથી. ફક્ત "खवगो वि त्ति" ક્ષપક (એટલે કે ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કરતો) આત્મા રસનો ક્ષય કરે જ છે.

તથા મિથ્યાદષ્ટિ આત્મા સર્વે પણ સંક્લિષ્ટાવસ્થા પ્રાપ્ત કરવા વડે પુણ્યપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગનો અંતર્મુહૂર્ત બાદ અવશ્ય નાશ કરે જ છે. તથા તે જ મિથ્યાદષ્ટિ આત્મા જ્યારે ક્યારેક વિશુદ્ધિમાં વધારે વિકાસ કરે છે. ત્યારે વિશુદ્ધિ દ્વારા સર્વે પણ અશુભ કર્મ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગનો અંતર્મુહૂર્ત પછી અવશ્ય વિનાશ કરે જ છે. આ વાત પૂર્વે સમજાવેલી છે.

અ પ્રમાણે જઘન્ય અનુભાગ સંક્રમના સ્વામિત્વને સમજાવવા માટેની પૂર્વભૂમિકા રૂપે ભાવના સમજાવી. હવે તે જઘન્ય અનુભાગ સંક્રમનું સ્વામિત્વ જ સમજાવે છે. ॥૫૬॥

***અવતરણ :- હવે તે જ જઘન્ય અનુભાગ સંક્રમ જ સમજાવે છે.***

**अंतरकरणा उवरि, जहन्नठिइसंकमो उ जस्स जहिं ।**
**घाईण णियगचरमरसखंडगे दिट्ठिमोहदुगे ॥ ५७ ॥**

**ગાથાર્થ :-** અંતરકરણ કરે છતે ક્ષપકશ્રેણિમાં જ્યાં જે કર્મ પ્રકૃતિનો જઘન્ય સ્થિતિસંક્રમ થાય છે. ત્યાં જ તે કર્મોનો જઘન્ય અનુભાગ સંક્રમ પણ સમજી લેવો. તથા ઘાતિકર્મોમાં પણ જ્યાં જઘન્ય સ્થિતિ સંક્રમ થાય છે ત્યાં જ જઘન્ય અનુભાગ સંક્રમ પણ સમજવો તથા મોહનીયકર્મની બે દર્શનમોહનીયમાં પોતપોતાનો ચરમખંડ જ્યારે પરમાં સંક્રમાવે ત્યારે જઘન્ય અનુભાગ સંક્રમ થાય છે. ॥૫૭॥

**વિશેષાર્થ :-** શ્રેણિમાં આરૂઢ થયેલા જીવો અંતરકરણ કરે છે. ત્યારબાદ એટલે કે અંતરકરણ કર્યા પછી અંદર જે જે કર્મોનો જ્યાં જ્યાં એટલે કે જે જે ગુણસ્થાનકે જઘન્યસ્થિતિસંક્રમ જણાવ્યો છે. તે તે કર્મોનો જઘન્ય અનુભાગસંક્રમ પણ ત્યાં જ જાણવો.

ઉપરોક્ત વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે કે ક્ષપકશ્રેણિમાં નવમા ગુણસ્થાનકે મોહનીયકર્મનું અંતરકરણ કરે છતે તે ક્ષપક શ્રેણિવાળો જીવ નવ નોકષાય અને ચાર

સંજ્વલન કષાયનો ક્ષય કરવાની પદ્ધતિ પ્રમાણે ક્ષય કરતાં કરતાં અનુક્રમે આગળ વધતાં વધતાં જ્યારે આ ૯ + ૪ = ૧૩ની જઘન્યસ્થિતિનો સંક્રમ કરે છે ત્યારે જ ત્યાં તે તેરનો જઘન્ય અનુભાગ સંક્રમ પણ કરે જ છે.

ક્ષપકશ્રેણિમાં નવમા ગુણસ્થાનકે જીવ આ કામ કરે છે.

તથા જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય પાંચ અને થિણદ્ધિત્રિક વિનાની બાકીની દર્શનાવરણીય કર્મની છ પ્રકૃતિઓ એમ કુલ ૧૬ કર્મપ્રકૃતિઓનો ક્ષીણમોહ ગુણસ્થાનકે વર્તતો જીવ સમયાધિક એક આવલિકા શેષ રહે ત્યારે તે સ્થિતિમાં વર્તતો જીવ જઘન્ય અનુભાગ સંક્રમ કરે છે.

તથા દર્શનમોહનીયની બે પ્રકૃતિઓ (૧) સમ્યક્ત્વ મોહનીય અને (૨) મિશ્રમોહનીય. આ બે દર્શનમોહનીય કર્મનો જઘન્ય અનુભાગસંક્રમ ક્ષપણકાળે (ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં) પોતપોતાના ચરમખંડના સંક્રમકાળે જ જઘન્ય અનુભાગ સંક્રમ થાય છે. ક્ષય કરતાં કરતાં જ્યારે અન્તિમ રસ ખંડનો સંક્રમ કરે છે. ત્યારે જ વધારેમાં વધારે જઘન્ય અનુભાગનો પણ સંક્રમ કરે છે. માટે ત્યાં જ તેનું સ્વામિત્વ પ્રાપ્ત થાય છે. ॥૫૭॥

**आऊण जहन्नठिइ बंधे, जावत्थि संकमो ताव ।**
**उव्वलणतित्थसंजोयणा, य पढमालियं गंतुं ॥ ५८ ॥**

**ગાથાર્થ :-** ચારે પણ આયુષ્યકર્મમાં જઘન્ય સ્થિતિબંધ કર્યા પછી જ્યાં સુધી સંક્રમ પ્રાપ્ત થાય છે ત્યાં સુધી તે જઘન્ય અનુભાગ સંક્રમ પ્રાપ્ત થાય છે તથા ઉદ્વલના યોગ્ય ૨૧ કર્મપ્રકૃતિઓ તીર્થંકરનામકર્મ અને અનંતાનુબંધી ચાર કષાય એમ કુલ ૨૬ કર્મપ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ બંધ કર્યા પછી પ્રથમની બંધાવલિકા ગયા બાદ જે સંક્રમ થાય છે તે જ જઘન્ય અનુભાગ સંક્રમ કહેવાય છે. ॥૫૮॥

**વિવેચન :-** ચારે પણ આયુષ્યકર્મની જઘન્યસ્થિતિ બાંધીને બંધાવલિકા ગયા પછી જે સંક્રમ ચાલુ થાય છે તે યાવત્ બંધાયેલા નવા આયુષ્યકર્મની સમયાધિક એક આવલિકા બાકી રહે ત્યાં સુધી પોતાની સત્તાના સર્વકાળમાં જઘન્ય અનુભાગસંક્રમ આ જીવ કરે છે.

જ્યારે જઘન્યસ્થિતિ બંધાય ત્યારે જ જઘન્ય અનુભાગ પણ બંધાય છે. તેથી જઘન્યસ્થિતિ બંધકાળનું ગ્રહણ કર્યું છે. આ પ્રમાણે જઘન્ય આયુષ્ય બાંધ્યા બાદ જ્યાં સુધી સંક્રમ ચાલે ત્યાં સુધી જઘન્ય અનુભાગ સંક્રમ જ ચાલે છે.[1]

---

૧ ઉદ્વર્તનાનો બંધ સાથે સંબંધ છે. જ્યારે કોઈ પણ કર્મનો બંધ થતો હોય ત્યારે જ તે કર્મની ઉદ્વર્તના થાય છે. બંધ વિનાના કાળમાં ઉદ્વર્તના થતી નથી. આ રીતે ઉદ્વર્તનાનો બંધ સાથે સંબંધ છે. પણ અપવર્તનાનો બંધ સાથે સંબંધ નથી. પ્રકૃતિઓનો બંધ હોય કે બંધ ન હોય તો પણ અપવર્તના થાય છે. અપવર્તનાનો બંધ સાથે સંબંધ નથી. ચારે આયુષ્ય કર્મની જઘન્ય સ્થિતિ જ્યારે બંધાય છે ત્યારે તેનો

તથા નરકદ્વિક, મનુષ્યદ્વિક, દેવદ્વિક, વૈક્રિય સપ્તક, આહારક સપ્તક, ઉચ્ચગોત્ર એમ કુલ (૨૧) એકવીસ કર્મપ્રકૃતિઓ તથા તીર્થંકર નામકર્મ અને અનંતાનુબંધી ચાર કષાય આ પ્રમાણે કુલ ૨૬ કર્મપ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ બાંધીને એક બંધાવલિકા ગયે છતે ત્યારબાદ બંધાવાલિકા ઉપરની સ્થિતિના જઘન્ય અનુભાગનો આ જીવ સંક્રમ કરે છે.

કયો જીવ આ ૨૬ પ્રકૃતિઓનો સંક્રમ કરે છે ? આવો કદાચ પ્રશ્ન થાય તો કહે છે કે વૈક્રિય સપ્તક, દેવદ્વિક અને નરકદ્વિક આમ કુલ (૯) નવ કર્મપ્રકૃતિઓના જઘન્ય અનુભાગ સંક્રમનો સ્વામી અસંજ્ઞી પંચેન્દ્રિય જીવ, મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્રના જઘન્ય અનુભાગના સંક્રમનો સ્વામી સૂક્ષ્મ એકેન્દ્રિય નિગોદનો જીવ, આહારક સપ્તકના જઘન્ય અનુભાગ સંક્રમનો સ્વામી અપ્રમત્તમુનિ તથા તીર્થંકરનામકર્મના જઘન્ય અનુભાગ સંક્રમનો સ્વામી અવિરત સમ્યગ્દષ્ટિ જીવ, અને અનંતાનુબંધી ચાર કષાયના જઘન્ય અનુભાગ સંક્રમનો સ્વામી પાછળ કર્યું છે સમ્યક્ત્વ જેણે એવો અર્થાત્ સમ્યક્ત્વથી વમેલો (પડેલો) એવો મિથ્યાદષ્ટિ જીવ જઘન્ય અનુભાગ સંક્રમનો સ્વામી જાણવો. (જુઓ પંચસંગ્રહ સંક્રમણકરણ ગાથા (૬૩) ।।૫૮।।

*અવતરણ :- બાકીની કર્મ પ્રકૃતિઓના જઘન્ય અનુભાગ સંક્રમના સ્વામી સમજાવે છે :-*

**सेसाण सुहुम हयसंतकम्मगो, तस्स हेट्ठओ ज़ाव ।**
**बंधइ ताव एगिंदिओ व णेगेन्दिओ वा वि ॥ ५९ ॥**

**ગાથાર્થ :-** બાકી રહેલી ૯૭ કર્મપ્રકૃતિઓના જઘન્ય અનુભાગ સંક્રમનો સ્વામી *હણી છે ઘણા ઘણા અનુભાગની સત્તા જેણે એવો સૂક્ષ્મ એકેન્દ્રિય તેઉકાય તથા વાઉકાયનો* જીવ તે જ એકેન્દ્રિયના ભવમાં હોય ત્યારે અથવા એકેન્દ્રિયના ભવમાંથી નીકળીને અનેકેન્દ્રિયના ભવમાં હોય ત્યારે (અથવા એકેન્દ્રિય વિનાના અન્યભવમાં હોય ત્યારે) જઘન્ય અનુભાગની સત્તાનો તથા જઘન્ય અનુભાગના સંક્રમનો સ્વામી જાણવો. ।।૫૯।।

**વિવેચન :-** ઉપર કહેલી પ્રકૃતિઓમાંથી બાકી રહેલી શુભ અને અશુભ (૯૭) સત્તાણું કર્મપ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ સંક્રમ તેઉકાય તથા વાઉકાયના જીવો કે જેઓએ સત્તામાંથી ઘણો ઘણો રસ હણી નાખ્યો છે. હતબહુસત્તાક થયા છે. તેવા તેઉકાય અને વાઉકાયના જીવો સત્તામાં જે રસ છે તેટલો અથવા તેનાથી નીચે (ઓછો) રસ જ્યાં સુધી બાંધે ત્યાં સુધી જઘન્ય અનુભાગ સત્તામાં હોવાથી જઘન્ય અનુભાગના સંક્રમના સ્વામી જાણવા.

---

રસ પણ જઘન્ય બંધાય છે. આયુષ્ય કર્મના તે જઘન્ય આયુષ્ય બંધ કાળ સુધીમાં જો તેની ઉદ્વર્તના ન થાય તો જેવો બાંધ્યો છે તેવો સત્તામાં રહે છે અને તેનો સદા સંક્રમ ચાલે છે. યાવત્ સમયાધિક એક આવલિકા બાકી રહે ત્યાં સુધી આ જીવ સંક્રમ કરે છે.

તેઉકાય અને વાઉકાયના ભવમાં હોય ત્યારે અથવા જઘન્ય સત્તાવાળા થયા બાદ તેઉકાય અને વાઉકાયના ભવમાંથી નીકળીને બેઈન્દ્રિયાદિના ભવમાં ગયા હોય. પરંતુ જ્યાં સુધી અધિક રસ ન બાંધે ત્યાં સુધી જઘન્ય રસની સત્તા હોવાથી જઘન્ય અનુભાગ સંક્રમના સ્વામી બેઈન્દ્રિયાદિ જીવો પણ થાય છે. બેઈન્દ્રિયાદિ ભવોમાં વર્તતા આ જીવો હતપ્રભૂતાનુ ભાગની સત્તા વાળા હોવાથી જ્યાં સુધી ઘણો વધારે અનુભાગ બાંધે નહીં ત્યાં સુધી જે સત્તામાં છે તે જ જઘન્ય અનુભાગનો સંક્રમ કરે છે. તેવા જીવો સ્વામી જાણવા (પંચસંગ્રહ સંક્રમણ કરણ ગાથા ૬૩) ॥૫૯॥

***અવતરણ :- અનુભાગ સંક્રમ સમાપ્ત કર્યો. હવે ક્રમસર પ્રાપ્ત થયેલો પ્રદેશ સંક્રમ કહેવાનો અવસર છે. ત્યાં પાંચ અર્થાધિકારો (દ્વારો) છે. (૧) સામાન્ય લક્ષણ, (૨) ભેદ, (૩) સાદિ-અનાદિની પ્રરૂપણા, (૪) ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ સ્વામિત્વ, (૫) જઘન્ય પ્રદેશ સંક્રમ સ્વામિત્વ. આમ પાંચ દ્વાર પૈકી પ્રથમ દ્વાર સામાન્યલક્ષણ જણાવે છે :-***

**जं दलियमन्नपगइं णिज्जइ सो संकमो पएसस्स ।**
**उव्वलणो विज्झाओ अहापवत्तो गुणो सव्वो ॥ ६० ॥**

**ગાથાર્થ** :- સંક્રમને યોગ્ય જે કર્મદલિક અન્ય કર્મની પ્રકૃતિરૂપે લઈ જવાય તે પ્રદેશ સંક્રમ કહેવાય છે. તેના (૧) ઉદ્વલના સંક્રમ, (૨) વિધ્યાત સંક્રમ, (૩) યથાપ્રવૃત્ત સંક્રમ, (૪) ગુણસંક્રમ અને (૫) સર્વ સંક્રમ એમ કુલ સંક્રમના પાંચ ભેદો છે. ॥૬૦॥

**વિવેચન** :- સંક્રમને યોગ્ય એવું જે જે કર્મદલિક અન્ય અન્ય કર્મની પ્રકૃતિ રૂપે લઈ જવાય જેમ કે સાતા વેદનીય કર્મનું દલિક અસાતા વેદનીય રૂપે કરાય તથા નીચગોત્ર કર્મનું દલિક ઉચ્ચગોત્ર રૂપે કરાય તે પ્રદેશ સંક્રમ કહેવાય છે. જે પ્રકૃતિનું કર્મદલિક પોતાનાથી ભિન્ન એવી પતદ્ગ્રહ પ્રકૃતિ રૂપે પરિણામ પમાડાય તે પ્રદેશ સંક્રમ કહેવાય છે.

પ્રદેશ સંક્રમનું આ સામાન્ય લક્ષણ જણાવ્યું. હવે તે પ્રદેશસંક્રમ પાંચ પ્રકારનો છે.

પાંચ પ્રકારના પ્રદેશ સંક્રમોમાંથી ક્રમસર એક એક સંક્રમનું સ્વરૂપ ગ્રંથકારશ્રી સમજાવે છે:-

ત્યાં સૌથી પ્રથમ ઉદ્વલના સંક્રમ સમજાવે છે :-

અનંતાનુબંધી ૪ કષાય, સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય, દેવદ્વિક, નરકદ્વિક, વૈક્રિય સપ્તક, આહારક સપ્તક મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર એમ કુલ ૨૭ પ્રકૃતિઓ ઉદ્વલના સંક્રમ યોગ્ય છે. આ સર્વે પણ કર્મોની સ્થિતિ આ આત્મા પાસે પૂર્વકાલમાં બંધાયેલી કોડાકોડી સાગરોપમની સત્તામાં હોય છે. તેમાંથી સ્થિતિના અન્તિમ ભાગથી પલ્યોપમના અસંખ્યાતમા

ભાગ પ્રમાણ સ્થિતિ તોડવાનું કામ આ જીવ ચાલુ કરે છે. એક અંતર્મુહૂર્ત કાળે આટલી સ્થિતિવાળો સ્થિતિખંડ ઉકેરાઈ જાય છે અર્થાત્ ઉદ્વલિત થઈ જાય છે. સારાંશ કે તુટી જાય છે.

ઘણા ઘણા દલિકોથી અન્વિત (યુક્ત) એવા સ્થિતિખંડોમાંથી થોડા થોડાં દલિકો લઈને સ્થિતિને પાતળી કરતાં કરતાં તે સ્થિતિનો ઘટાડો કરવો અર્થાત્ તે સ્થિતિને તોડી પાડવી, ન્યૂન કરવી તેને ઉદ્વલના સંક્રમ કહેવાય છે. એક અંતર્મુહૂર્ત કાળે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિ તુટી જાય છે. ત્યારબાદ ફરીથી તેટલા જ પ્રમાણવાળો બીજો સ્થિતિ ખંડ તોડવાનો એટલે કે ઉદ્વર્તના કરવાનો આ જીવ પ્રારંભ કરે છે. બીજા એક અંતર્મુહૂર્ત કાળમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિનો બીજો ભાગ અર્થાત્ બીજો સ્થિતિખંડ ઉકેરે છે. ઉદ્વલના કરે છે. ફક્ત એટલું વિશેષ જાણવું કે ઘાત કરાતા સ્થિતિખંડોમાં પહેલા સ્થિતિખંડ કરતાં બીજો સ્થિતિખંડ અને બીજા સ્થિતિખંડ કરતાં ત્રીજો સ્થિતિખંડ ક્રમસર કંઈક હીન કંઈક હીન હોય છે.

પ્રથમ સ્થિતિખંડથી બીજો, બીજાથી ત્રીજો સ્થિતિખંડ એમ ક્રમસર હીન હીન સ્થિતિવાળા સ્થિતિખંડો ત્યાં સુધી જાણવા કે યાવત્ દ્વિચરમ સ્થિતિખંડ આવે. આ સર્વે પણ સ્થિતિખંડો અંતર્મુહૂર્તકાળે ઉદ્વલના કરાતાં કરાતાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિવાળા અને ક્રમસર પૂર્વ પૂર્વ સ્થિતખંડની અપેક્ષાએ વિશેષહીન વિશેષહીન એવા આ સ્થિતિખંડો છે. અને તે ત્યાં સુધી જાણવા કે યાવત્ દ્વિચરમરમ સ્થિતિખંડ આવે.

આ સર્વે સ્થિતિખંડો અનન્તરોપનિધાની અપેક્ષાએ પૂર્વ પૂર્વ સ્થિતિખંડ કરતાં વિશેષ વિશેષહીન સ્થિતિવાળા સ્થિતિ ખંડો જાણવા. પરંતુ પરંપરોપનિધાની અપેક્ષાએ પ્રથમ સ્થિતિ ખંડ કરતાં કેટલાક સ્થિતિખંડો પ્રારંભના અસંખ્યાત ભાગ હીન, ત્યાર પછીના કેટલાક સ્થિતિખંડો સંખ્યાત ભાગ હીન, ત્યાર પછીના કેટલાક સ્થિતિ ખંડો સંખ્યાત ગુણહીન, ત્યાર પછીના કેટલાક સ્થિતિખંડો અસંખ્યાતગુણહીન એમ કુલ ચાર પ્રકારના સ્થાનથી યુક્ત હાનિવાળા સ્થિતિખંડો પ્રાપ્ત થાય છે. આ ચાર પ્રકારની હાનિ સ્થિતિની અપેક્ષાએ જાણવી.

પરંતુ પ્રદેશોની અપેક્ષાએ જો વિચારણા કરીએ તો પૂર્વ પૂર્વ સ્થિતખંડ કરતાં ઉત્તર-ઉત્તર સ્થિતિખંડમાં ક્રમસર અનંતરોપનિધા પ્રમાણે વિશેષાધિક વિશેષાધિક દલિકવાળા આ સ્થિતિખંડો જાણવા.

તથા વળી જો પરંપરોનિધાની અપેક્ષાએ દલિકની વિચારણા કરીએ તો પ્રથમ સ્થિતિખંડમાં જેટલાં દલિકો હોય છે. તેની અપેક્ષાએ પ્રારંભના કેટલાક સ્થિત્તિઘાતો અસંખ્યાત ભાગ અધિક દલિકવાળા, ત્યાર પછીના કેટલાક સ્થિતિખંડો સંખ્યાત ભાગ અધિક દલિકવાળા, ત્યાર પછીના કેટલાક સંખ્યાત ગુણ અધિક અને ત્યાર પછીના કેટલાક અસંખ્યાત ગુણ અધિક દલિકવાળા સ્થિતિખંડો છે. એમ ચાર પ્રકારની વૃદ્ધિ જાણવી.

પહેલા સમયે થોડુક દલિક ઉકેરે (ઉપરના સ્કંધમાંથી ઉતારે) બીજા સમયે પ્રથમ સમય કરતાં અસંખ્યાત ગુણ અધિક કર્મદલિક ઉકેરે તેના કરતાં પણ ત્રીજા સમયે અસંખ્યાત ગુણ અધિક કર્મદલિક ઉકેરે. આ પ્રમાણે ત્યાં સુધી જાણવું કે તમામ સ્થિતિ ખંડોનો પોતપોતાના અન્તર્મુહૂર્તનો ચરમસમય આવે.

અહીં પ્રત્યેક સમયોમાં અસંખ્યાત ગુણ અધિક દલિક ઉકેરવાનું (ઉખેડવાનું અર્થાત્ ઉતારવાનું) જે કહ્યું છે ત્યાં એક પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં જે આંક હોય તેટલા ગણું આવું માપ જાણવું. સારાંશ કે પલ્યોપમના અસંખ્યાતમા ભાગની સંખ્યાતુલ્ય સંખ્યા વડે ગુણાકારવાળું આટલું દલિક ઉકેરે આમ સમજવું.

હવે ઉકેરાતુ (અર્થાત્ ઉખેડાતુ અથવા ઉતારાતું) તે કર્મ દલિક ક્યાં નાખે ? ક્યાં *ગોઠવે ? તો સમજવું કે કેટલુંક દલિક સ્વસ્થિતિમાં જ નીચેના સ્થિતિ સ્થાનોમાં આ જીવ* નાખે છે અને કેટલુંક દલિક પરપ્રકૃતિના સ્થિતિ સ્થાનોમાં નાખે છે. ત્યાં કયાં કેટલો ભાગ પ્રક્ષેપ કરે આવો પ્રશ્ન તત્ત્વ જાણવા માટે થતો હોય તો જણાવે છે કે : પહેલા સ્થિતિ ખંડના પ્રથમ સમયમાં જે કર્મદલિક અન્ય પ્રકૃતિઓમાં નખાય છે. તે કર્મદલિક સૌથી થોડુ હોય છે. તેના કરતાં સ્વસ્થાનમાં જ ઉપરથી નીચે જે નખાય છે તે તેનાથી અસંખ્યાત ગુણ અધિક હોય છે. તેના કરતાં પણ બીજા સમયે સ્વસ્થાનમાં જે નખાય છે. તે અસંખ્યાત ગુણ અધિક હોય છે. તથા વળી બીજા સમયે જે કર્મદલિક પરમાં નખાય છે તે પ્રથમ સમયે પરમાં જે પ્રક્ષેપ કર્યો તેની અપેક્ષાએ વિશેષહીન વિશેષહીન હોય છે. તૃતીય સમયમાં (અર્થાત્ ત્રીજા સમયમાં) સ્વસ્થાનમાં જે દલિક નખાય છે. તે બીજા સમયે સ્વસ્થાનમાં જે કર્મદલિક નાખ્યું તેના કરતાં અસંખ્યાત ગુણ અધિક જ હોય છે અને વળી જે ત્રીજા સમયે પર પ્રકૃતિમાં કર્મદલિક નખાય છે. તે દ્વિતીય સમયમાં જે નાખ્યું. તેની અપેક્ષાએ વિશેષહીન હોય છે.

આ પ્રમાણે પ્રથમસ્થિતિખંડથી દ્વિચરમ સ્થિતિખંડ (અર્થાત્ ઉપાન્ત્ય સ્થિતિખંડ એટલે કે છેલ્લાથી પૂર્વના સ્થિતિ ખંડ) સુધી જાણવું. હવે ચરમ સ્થિતિખંડની વાત સમજાવે છે.

હવે અન્તિમ સ્થિતિખંડની જે ઉત્કિરણા કરે છે. તેની વિધિ આ પ્રમાણે જાણવી.

*ચરમ સ્થિતિખંડ જે ઉકેરવાનો શરૂ કરે છે. તે સ્થિતિખંડ દ્વિચરમ સ્થિતિખંડ કરતાં* સ્થિતિની અપેક્ષાએ અસંખ્યાતગણો મોટો, પરંતુ પ્રથમ સ્થિતિખંડની અપેક્ષાએ અસંખ્યાતમા ભાગતુલ્ય અને દલિકની અપેક્ષાએ અસંખ્યાત ગુણો આવો આ ચરમસ્થિતિ ખંડ છે. તેને હવે ઉકેરવા (ઉખેડવા - નાશ કરવા)ની શરૂઆત કરે છે.

પંચસંગ્રહમાં કહ્યું છે કે :- "असंखगुणयं तु अंतिमयं" સંપૂર્ણ મૂળગાથા આ પ્રમાણે છે :- પંચસંગ્રહની સાક્ષીભૂત ગાથા - ૭૧.

**पढमाओ बीअखंडे, विसेसहीणं ठिईए अवणेइ ।**
**एवं जाव दुचरिमं, असंखगुणियं तु अन्तिमयं ॥** (પંચસંગ્રહ સંક્રમકરણ ગાથા ૭૧)

આ ગાથાની પંક્તિઓની વ્યાખ્યા આ પ્રમાણે છે કે ચરમસ્થિતિ ખંડ, દ્વિચરમ સ્થિતિ ખંડ કરતાં સ્થિતિની અપેક્ષાએ અસંખ્યાતમા ભાગ હીન હોય છે. પરંતુ કર્મદલિકની અપેક્ષાએ અસંખ્યાત ગુણ અધિક દલિત વાળો હોય છે.

હવે તે ચરમ સ્થિતિ ખંડ પણ ઉકેરાય છે. એટલે કે ઉખેડાય છે. ઉતારાય છે તે આ પ્રમાણે :-

ઉકેરાતા આ ચરમસ્થિતિખંડનું કર્મદલિક ઉદયાવલિકા માત્ર મુકીને શેષ તમામ કર્મદલિક અસંખ્યાત ગુણાકારે માત્ર પરમાં જ નખાય છે. સ્વમાં આ જીવ નાખતો નથી. કારણ કે તે કર્મને સમાપ્ત જ કરવું છે તે માટે માત્ર પરમાં જ પ્રક્ષેપ કરે છે તે આ પ્રમાણે :- પ્રથમ સમયે થોડુક દલિક પરમાં નાખે, ત્યારબાદ બીજા સમયે અસંખ્યાત ગુણ અધિક, ત્રીજા સમયે તેના કરતાં પણ અસંખ્યાતગુણ અધિક કર્મદલિક આ જીવ પરમાં પ્રક્ષેપ કરે છે એમ યાવત્ ચરમ સમય સુધી જાણવું.

ચરમ સમયે જે કર્મદલિક પરમાં પ્રક્ષેપ કરાય છે તે સર્વથા ખલાસ કરવા રૂપે નખાય છે. તે માટે તેને "**સર્વસંક્રમ**" પણ કહેવાય છે. કારણ કે સંક્રમને યોગ્ય જે કર્મદલિક હતું તે સર્વથા નિર્લેપ થાય છે. સમાપ્ત થાય છે. આમ સમજવું.

હવે કદાચ આવો પ્રશ્ન થાય કે આ ચરમ સ્થિતિખંડ કેટલો મોટો હશે ? તેનું માપ કંઈક કલ્પના કરીને પણ સમજાવો. તો ગ્રંથકારશ્રી કહે છે કે દ્વિચરમ સ્થિતિખંડની ઉત્કિરણા કરતાં કરતાં તે દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયમાં જેટલું કર્મદલિક પર પ્રકૃતિમાં નખાય છે. તે જ માપે જો ચરમ સ્થિતિખંડ ખાલી કરે તો ચરમ સ્થિતિ ખંડને ખાલી કરતાં અસંખ્યાતી ઉત્સર્પિણી અને અસંખ્યાતી અવસર્પિણી કાળ લાગે તેટલો મોટો આ ચરમ સ્થિતિખંડ છે આ કાળથી માપ સમજાવ્યું.

હવે જો આ ચરમસ્થિતિ ખંડનું માપ ક્ષેત્રથી જાણવું હોય તો દ્વિચરમસ્થિતિખંડ સંબંધી કર્મદલિક જેટલા માપે પરપ્રકૃતિઓમાં સંક્રમિત થાય છે. તેટલા જ માપે એકબાજુ ચરમસ્થિતિખંડના કર્મ દલિકોનો અન્યત્ર સંક્રમ કરવામાં આવે અને બીજી બાજુ એક એક આકાશપ્રદેશનું અપહરણ કરવામાં આવે તો આ પ્રમાણે બન્નેના તુલ્ય માપે અપહરણ કરાયે છતે એક બાજુ ચરમસ્થિતિ ખંડ ઉકેરાઈ જાય, એટલે કે અન્યત્ર સંક્રમી જાય, ત્યારે બીજી બાજુ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આકાશ પ્રદેશોનું અપહરણ પણ થઈ જાય.

સારાંશ કે દ્વિચરમ સ્થિતિ ખંડનો વિનાશ કરતાં કરતાં ચરમ સમયે પરમાં જે પ્રક્ષેપ કરવામાં આવે છે તે જ માપે જો ચરમસ્થિતિ ખંડ સમયે સમયે ખાલી કરવામાં આવે તો અંગુલના અસંખ્યાતના ભાગમાં જેટલા આકાશ પ્રદેશો છે. તેટલા સમય પ્રમાણ કાળ લાગે છે જે અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમય પ્રમાણ છે.

તથા વળી તે ચરમસ્થિતિ ખંડ કેવડો છે. તેનું માપ બીજી રીતે પણ સમજાવે છે. દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયે જેટલા માપનું કર્મદલિક સ્વસ્થાનમાં સંક્રમિત થાય છે. તે જ માપે જો ચરમસ્થિતિખંડ ખાલી કરવામાં આવે તો ચરમસ્થિતિખંડ ખાલી કરતાં એક પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલા સમયો પ્રમાણ કાળ લાગે તેવડા માપ વાળો આ ચરમ સ્થિતિ ખંડ છે.

આ પ્રમાણે ઉદ્વલના સંક્રમનું સ્વરૂપ સમજાવ્યું. ॥૬૦॥

***અવતરણ :- આ ઉદ્વલના સંક્રમ જ સમજાવતાં આહારક સપ્તકનો ઉદ્વલના સંક્રમ કરનારા જીવોમાં તેને કરવાની વિધિ સમજાવે છે :-***

**आहार तणू (ओ) भिन्नमुहूत्ता, अविरईगओ पउव्वलए ।**
**जा अविरइओ त्ति उव्वलइ, पल्लभागे असंखतमे ॥ ६१ ॥**

**ગાથાર્થ** :- આહારક સપ્તકની અવિરતિભાવને પામેલો જીવ અંતર્મુહૂર્ત કાળ પછી ઉદ્વતના કરે છે યાવત્ અવિરતિભાવમાં રહે ત્યાં સુધી તેની ઉદ્વલના તે જીવ કરે છે. પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ ગયે છતે તે ઉદ્વલના સંક્રમ સમાપ્ત થાય છે. ॥૬૧॥

**વિવેચન** :- સાતમા-આઠમા ગુણસ્થાનકે બંધાયેલા આહારકદ્વિક, (શબ્દમાં બહુવચન હોવાથી આહારક સપ્તક) જે સત્તામાં છે. તેની અવિરતિભાવના નિમિત્તે ઉદ્વલના કરે છે. સર્વવિરતિધર અપ્રમત્ત સાધુ આહારક સપ્તકને બાંધીને ત્યાંથી પતિત થયા છતા જેવા અવિરતિભાવને પામે છે (એકથી ચાર ગુણ સ્થાનકવર્તી થાય છે) તેવા તુરત જ આહારક સપ્તકની અવિરતિ ભાવના નિમિત્તે આ જીવ અવિરતિ ભાવને પામ્યા પછી એક અંતર્મુહૂર્ત જાય ત્યારે ઉદ્વલના કરે છે.

આ ઉદ્વલના કેટલાકાળે (સમાપ્ત) થાય. આવી વાત જાણવાની જિજ્ઞાસા થયે છતે ગ્રંથકારશ્રી જણાવે છે કે આ જીવ જ્યાં સુધી અવિરતિભાવમાં રહે છે અવિરતિભાવને ભજવાવાળો થાય છે. ત્યાં સુધી સદાકાળ ઉદ્વલના કરે છે. ગાથામાં લખેલો त्ति (એટલે इति) શબ્દ અર્થમાં જાણવો. એટલે કે આ જીવ સાતમા-ગુણસ્થાનકે જઈને આહારક સપ્તક બાંધીને તેની સત્તાવાળો થયો છતો ત્યાંથી પડીને અવિરત થયો છતો અવિરતિભાવના કારણે તે આહારકસપ્તની ઉદ્વલના કરે છે.

હવે આ ઉદ્દ્વલના ક્યાં સુધી કરે ? તે માપ જો બતાવવામાં ન આવે તો આ જીવ સમ્યક્ત્વમાં તો બે છાસઠ સાગરોપમ કાળ રહે છે અને અવિરતિભાવમાં તો અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળ રહે છે એટલે જો કોઈ માપ બાંધવામાં ન આવે તો ઘણો લાંબોકાળ આ ઉદ્વર્તના ચાલે છે. એવો અર્થ થાય. તે માટે માપ (નિયમ) કહે છે કે પલ્યનો એટલે કે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ જાય ત્યાં સુધી આવા પ્રકારના સ્થિતિ ખંડોને પૂર્વ-પૂર્વ સ્થિતિ ખંડો કરતાં પછી પછીના સ્થિતિ ખંડો નિયમા હીન-હીન સ્થિતિવાળા જ ઉકેરે છે. (તોડે છે.)

**अंतोमुहुत्तमद्धं, पल्लासंखेज्जमेत्तठिहखंडं ।**
**ऊक्किरइ पुणो वि तहा, ऊणूणमसंखगुणहं जा ॥ ६२ ॥**

**ગાથાર્થ :-** અંતર્મુહૂર્તકાળે પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિખંડ ઉકેરે છે ફરીથી પણ તે રીતે જ પૂર્વ સ્થિતિખંડથી ન્યૂન ન્યૂનતર સ્થિતિખંડ ઉકેરે છે. ॥૬૨ ॥

**વિવેચન :-** સ્થિતિઘાત ચાલુ કર્યા પછી પ્રથમ એક અંતર્મુહૂર્તે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિખંડ ઉકેરે છે ત્યારબાદ ફરીથી તે જ પ્રકારે બીજા એક અંતર્મુહૂર્તકાળે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ બીજા સ્થિતખંડને ઉકેરે છે. ત્યાં પૂર્વ પૂર્વ સ્થિતિખંડથી ઉત્તર ઉત્તર સ્થિતિખંડ ન્યૂન - ન્યૂનતર ઉકેરે છે આ પ્રમાણે ત્યાં સુધી જાણવું કે યાવત્ દ્વિચરમ સ્થિતિખંડ આવે. તે દ્વિચરમ સ્થિતિખંડ પ્રથમસ્થિતિખંડની અપેક્ષાએ અસંખ્યાતગુણ હીન જાણવો.

એમ કરતાં કરતાં પ્રથમ સ્થિતિખંડથી આરંભીને દ્વિચરમ સ્થિતિ ખંડ સુધી આ જ ક્રમે જાણવું. ઉકેરાતા (અર્થાત્ ઉદ્દ્વલના કરાતા) તે તે સ્થિતિખંડોનું કર્મદલિક આ જીવ ક્યાં કયાં નાખે અને કેટલું કેટલું નાખે ? તે વિષય હવે પછીની ગાથામાં ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

**तं दलियं सठाणे, समए समए असंखगुणियाए ।**
**सेढीइ परठाणे, विसेसहाणीइ संछुभइ ॥ ६३ ॥**

**ગાથાર્થ :-** ઉકેરાતું તે કર્મદલિક પ્રતિસમયે સ્વસ્થાનમાં અસંખ્યાત ગુણાકારે આ જીવ પ્રક્ષેપ કરે છે અને પરસ્થાનમાં વિશેષહાનિના ક્રમે પ્રક્ષેપ કરે છે. ॥૬૩॥

**વિવેચન :-** ઉદ્દ્વલના સંક્રમ વડે ઉવેલાતું (ઉખેડાતું) તે કર્મદલિક જીવ નીચે સ્વપ્રકૃતિમાં અને પર એવી સજાતીય પ્રકૃતિમાં એમ બન્નેમાં નાખે છે. ત્યાં સ્વસ્થાનમાં સમયે સમયે અસંખ્યાત ગુણ અધિકની શ્રેણિ વડે નાખે છે.

પરંતુ પરમકૃતિમાં પ્રથમસમયે થોડુક કર્મદલિક નાખે છે. તેના કરતાં સ્વસ્થાનમાં અસંખ્યાતગુણ અધિક દલિક નાખે છે. બીજા સમયે તેના કરતાં પણ સ્વસ્થાનમાં જે નખાય છે તે અસંખ્યાત ગુણ અધિક હોય છે તથા પરસ્થાનમાં જે કર્મદલિક પ્રક્ષેપ કરાય છે તે આદ્યસમયે પરસ્થાનમાં જે પ્રક્ષેપ કર્યો છે. તેના કરતાં વિશેષ વિશેષ હીનના ક્રમે પ્રક્ષેપ કરે છે.

આ પ્રમાણે પ્રતિસમયે સ્વસ્થાનમાં અસંખ્યાત ગુણાકારે અને પરસ્થાનમાં વિશેષ હીનના ક્રમે સંક્રમાવતો સંક્રામાવતો આ જીવ ત્યાં સુધી આગળ જાય છે. કે યાવત્ આ પ્રથમ સ્થિતિ ખંડની ઉદ્દ્વલનાસંક્રમની વિધિ સમાપ્ત થાય અર્થાત્ એક અંતર્મુહૂર્ત કાળ લાગે.

આ જ ક્રમે બીજો સ્થિતિખંડ ત્રીજો સ્થિતિખંડ ચોથો સ્થિતિ ખંડ એમ કરતાં કરતાં દ્વિચરમ સ્થિતિખંડ સુધી આ વિધિ જાણવી. ॥૬૩॥

*અવતરણ :- હવે ચરમસ્થિતિખંડની સંક્રમવિધિ જણાવે છે :-*

**जं दुचरमस्स चरमे, अन्नं संकमइ तेण सव्वं पि ।**
**अंगुलअसंखभागेण, हीरए एस उव्वलणा ॥ ६४ ॥**

**ગાથાર્થ :-** દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયે જે દલિક અન્ય કર્મપ્રકૃતિમાં સંક્રમ પામે છે. તે માપે જો અન્તિમ સ્થિતિ ખંડને સર્વથા સંક્રમાવે તો આ ઉદ્દ્વલના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આકાશપ્રદેશો વડે મપાય તેવી થાય છે. ॥૬૪॥

**વિવેચન :-** દ્વિચરમ સ્થિતિ ખંડના ચરમ સમયે પરપ્રકૃતિમાં જેટલા પ્રમાણનું કર્મદલિક આ જીવ સંક્રમાવે છે તે માપથી અર્થાત્ તેટલા જ પ્રમાણથી જો ચરમસ્થિતિખંડ ખાલી કરવામાં આવે અન્યત્ર સંક્રમાવવામાં આવે તો કાલથી અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી પસાર થઈ જાય એટલો મોટો આ ચરમસ્થિતિખંડ દલીકની અપેક્ષાએ હોય છે.

તથા વળી ક્ષેત્રથી જો વિચારીએ તો ચરમસ્થિતિખંડને દ્વિચરમ સ્થિતિખંડના ચરમસમયે પર પ્રકૃતિમાં જે કર્મદલિકનો પ્રક્ષેપ થયો તે માપે જો ખાલી કરવામાં આવે તો અંગુલના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશ પ્રદેશો હોય તેટલા સમય પ્રમાણ કાળ લાગે. આટલા માપવાળા દલિકના વિષયવાળી આહારસસપ્તકની ચરમસ્થિતિ ખંડમાં ઉદ્દ્વલના થાય છે. આમ જાણવું. ॥૬૪॥

*અવતરણ :- આ જ વિધિની વક્તવ્યતા અર્થાત્ ઉપરની વાત જ વધારે સ્પષ્ટતાથી સમજાવે છે :-*

**चरममसंखेज्जगुणं, अणुसमयमसंखगुणियसेढीए ।**
**देइ परठाणेवं संछुभंतीणमवि कसिणो ॥ ६५ ॥**

*ગાથાર્થ :-* ચરમ સ્થિતિખંડ દ્વિચરમસ્થિતિ ખંડ કરતાં સ્થિતિની અપેક્ષાએ અસંખ્યાત ગણો મોટો હોય છે. દરેક સમયોમાં અસંખ્યાતગુણાકારની શ્રેણિ વડે પરમાં જ સંક્રમ કરે છે. આમ કરતાં કરતાં ચરમ સમયે સર્વથા કર્મ દલિકોનો સંક્રમ કરે છે. ॥૬૫॥

**વિવેચન :-** દ્વિચરમ સ્થિતિખંડ કરતાં ચરમ સ્થિતિખંડ સ્થિતિની અપેક્ષાએ અસંખ્યાતગુણ મોટો હોય છે. તથા તે ચરમ સ્થિતિખંડ કે જે ઘણો મોટો છે. તેમાં જે કર્મપ્રદેશાગ્ર છે. તેમાં ઉદયાવલિકા સકલકરણને માટે અયોગ્ય હોવાથી તે ઉદયાવલિકામાં રહેલા કર્મદલિકને છોડીને શેષ બાકીનું બધું જ કર્મદલિક પરપ્રકૃતિઓમાં પ્રતિસમયે અસંખ્યાત-ગુણાકારની શ્રેણિ વડે સંક્રમાવે છે.

આ પ્રમાણે પ્રતિસમયે પરપ્રકૃતિમાં પ્રક્ષેપ કરતાં કરતાં અન્તિમ સમયમાં જે કોઈ દલિક બાકી રહી ગયું હોય તે સઘળું ય પણ કર્મદલિક ઓવારી બોવારીને સર્વથા પરમાં સંક્રમાવે છે. આ ચરમસમયે સર્વથા દલિકોનો જે સંક્રમ કર્યો તેને સર્વસંક્રમ પણ કહેવાય છે. ॥૬૫॥

*અવતરણ :- હવે વેદક સમ્યક્ત્વ (અર્થાત્ સમ્યક્ત્વ મોહનીય) આદિ કર્મોનો ઉદ્વલના સંક્રમ કરનારા જીવોની વિગત સમજાવે છે :-*

**एवं मिच्छद्दिट्ठिस्स वेयगं मिस्सगं तओ पच्छा ।**
**एगेन्दियस्स सुरदुगमओ सवेउव्वि णिरयदुगं ॥ ६६ ॥**

*ગાથાર્થ :-* આ પ્રમાણે મિથ્યાદૃષ્ટિ જીવને પ્રથમ સમ્યક્ત્વમોહનીય અને ત્યારપછી મિશ્રમોહનીયની ઉદ્વલના થાય છે. એકેન્દ્રિયમાં ગયેલા જીવને પ્રથમ દેવદ્વિકની અને ત્યારબાદ વૈક્રિય સપ્તક સાથે નરકદ્વિકની ઉદ્વલના થાય છે. ॥૬૬॥

**વિવેચન :-** ઉપશમ અથવા ક્ષયોપશમ સમ્યક્ત્વ પામેલો જીવ મોહનીયકર્મની ૨૮ની સત્તાવાળો થયો છતો મિથ્યાત્વે ગયા પછી સૌથી પ્રથમ ઉપર બતાવેલી નીતિરીતિ મુજબ સમ્યક્ત્વમોહનીય કર્મની ઉદ્વલના કરે છે. સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના સમાપ્ત થયા પછી મિશ્રમોહનીયની ઉદ્વલના કરે છે. તેની નીતિરીતિ આહારક સપ્તકની ઉપર જે રીત બતાવી છે. તે પ્રમાણે જ જાણવી. તેથી મોહનીયની ૨૮ની સત્તામાંથી પલ્યોપમનો એક અસંખ્યાતમો ભાગ ગયે છતે ૨૭ની સત્તા થાય છે અને પલ્યોપમનો બીજો અસંખ્યાતનો ભાગ ગયે છતે ૨૬ની સત્તા થાય છે.

તથા એકેન્દ્રિયનો જીવ આદારકસપ્તક અને તીર્થંકરનામકર્મની સત્તા વિના ૯૫ની સત્તાવાળો થયો છતો એકેન્દ્રિયના ભવમાં જતાંની સાથે જ દેવગતિ અને દેવાનુપૂર્વી એમ ૨ પ્રકૃતિઓની પૂર્વે કહેલી વિધિ પ્રમાણે જ ઉદ્વલના કરે છે અને ત્યારબાદ વૈક્રિય સપ્તક

અને નરકદ્વિક એમ કુલ ૯ કર્મપ્રકૃતિઓની આ જીવ એકી સાથે ઉદ્વલના કરે છે અને ૯૫માંથી ૯૩, અને ૯૩માંથી ૮૪ની સત્તાવાળો થાય છે. ॥૬૬॥

*અવતરણ :- બીજી કેટલીક પ્રકૃતિઓના ઉદ્વલના સંક્રમના સ્વામી જણાવે છે :-*

**सुहुमतसे गोउत्तममओ य णरदुगमहानियट्टिम्मि ।**
**छत्तीसाए णियगे, संजोयणदिट्ठिजुगले य ॥ ६७ ॥**

**ગાથાર્થ :-** સૂક્ષ્મ ત્રસકાય (એટલે કે તેઉકાય અને વાઉકાય) ગોત્ર ઉત્તમ અર્થાત્ ઉચ્ચગોત્રની અને ત્યારબાદ મનુષ્યદ્વિકની ઉદ્વલના કરે છે.

હવે અનિવૃત્તિબાદરસંપરાય ગુણસ્થાનકે (૩૬) છત્રીસપ્રકૃતિઓની ઉદ્વલના કરે છે તથા અનંતાનુબંધી ચાર કષાય અને દૃષ્ટિદ્વિક (મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીય)ની અવિરતિસમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાનકોમાં પોતપોતાના ક્ષયકાલે ઉદ્વલના કરે છે. ॥૬૭॥

**વિવેચન :-** સૂક્ષ્મત્રસકાય એટલે કે તેઉકાય અને વાઉકાયના જીવો ગોત્ર ઉત્તમ એટલે કે ઉચ્ચગોત્રની ઉદ્વલના પૂર્વે જણાવેલી વિધિપૂર્વક પ્રથમ કરે છે. ઉચ્ચગોત્રની ઉદ્વલના થઈ રહ્યા પછી તે જ જીવ મનુષ્યદ્વિકની એટલે કે મનુષ્યગતિ અને મનુષ્યની આનુપૂર્વીની આ જીવ ઉદ્વલના કરે છે.

આ પ્રમાણે મિથ્યાદૃષ્ટિ જીવને જે જે પ્રકૃતિઓની ઉદ્વલના થાય છે. તે સમજાવી. (સમ્યક્ત્વ મોહનીય, મિશ્રમોહનીય, વૈક્રિય એકાદશ, ઉચ્ચગોત્ર અને મનુષ્યદ્વિક આ ૧૬ કર્મપ્રકૃતિઓની ઉદ્વલા અનુક્રમે મિથ્યાત્વે, એકેન્દ્રિયના ભવમાં અને તેઉકાય વાઉકાયમાં થાય છે.)

ત્યાં એકેન્દ્રિયમાં ગયેલા જીવને પ્રથમ દેવદ્વિકની ઉદ્વલના થઈ ગયા પછી જ વૈક્રિયસપ્તક અને નરકદ્વિકની ઉદ્વલના થાય છે. ત્યારબાદ જ તેઉકાય અને વાઉકાયનો ભવ મળે ત્યારે પ્રથમ ઉચ્ચગોત્રની જ અને ત્યારપછી જ મનુષ્યદ્વિકની ઉદ્વલના થાય છે. તેથી નામકર્મનાં સત્તા સ્થાનક ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ આ ક્રમે આવે છે.

હવે સમ્યગ્દૃષ્ટિ જીવને જે જે ઉદ્વલના થાય છે તે સમજાવાય છે. ગાથામાં લખેલો अथ (अह) શબ્દ અધિકારાન્તરનો સૂચક છે. એટલે કે પૂર્વે કહેલી ૧૬ પ્રકૃતિઓની જે ઉદ્વલના છે તે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ કાળે થનારી અને મિથ્યાદૃષ્ટિ કર્તા વડે કરાય તેવી ઉદ્વલના છે. જ્યારે હવે કહેવાતી ઉદ્વલના અન્તર્મુહૂર્ત કાળે જ માત્ર થવાવાળી અને સમ્યગ્દૃષ્ટિ કર્તાવાળી છે. આ કારણે અધિકારાન્તર થાય છે. સારાંશ કે મિથ્યાદૃષ્ટિકર્તૃક પ્રકૃતિઓની ઉદ્વલના સમજાવી હવે અમે સમ્યગ્દૃષ્ટિકર્તૃક પ્રકૃતિઓની ઉદ્વલના સમજાવીશું.

અનિવૃત્તિ બાદર સંપરાય નામના નવમા ગુણસ્થાનકે (૩૬) છત્રીસ પ્રકૃતિઓની ઉદ્વલના થાય છે. તે આ પ્રમાણે :- ક્ષપકશ્રેણિમાં વર્તતો અનિવૃત્તિબાદરસંપરાય ગુણસ્થાનકવર્તી જીવ થિણદ્ધિત્રિક ૩, નામકર્મની ક્ષપકશ્રેણિમાં ક્ષય પામતી ૧૩ કર્મપ્રકૃતિઓ, મધ્યમના આઠ કષાય ૮, નવ નોકષાય ૯ અને સંજ્વલન ક્રોધ માન અને માયા ૩ એમ કુલ (૩૬) છત્રીસ કર્મપ્રકૃતિઓની ઉદ્વલના અંતર્મુહૂર્ત માત્ર કાલમાં કરે છે અને તે નવમા ગુણસ્થાનકે થાય છે. જ્યારે ક્ષપકશ્રેણિમાં વર્તતો જીવ, પોતપોતાની સત્તાનો ક્ષય કરવાનો અવસર આવે ત્યારે અંતર્મુહૂર્ત કાલે જ ઉદ્વલના કરે છે.

તથા મૂલ ગાથામાં "संयोजनदिट्ठिजुअले" આ પદમાં જે સપ્તમી વિભક્તિ લખી છે તે ષષ્ઠીના અર્થવાળી છે. તેથી અનંતાનુબંધી ચાર કષાય અને મિથ્યાત્વમોહનીય તથા મિશ્રમોહનીય એમ કુલ છ કર્મપ્રકૃતિઓનો ઉદ્વલના સંક્રમ પૂર્વે કહેલી વિધિ પ્રમાણે જ અંતર્મુહૂર્ત કાળમાં સ્વક્ષપકને એટલે અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકથી સાતમા ગુણસ્થાનક સુધીમાં ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતા જીવને સંક્રમ થાય છે. ॥૬૭॥

***અવતરણ :- આ પ્રમાણે ૧૬ + ૩૬ અને ૬ નો ઉદ્વલનાસંક્રમ સમજાવ્યો. હવે વિધ્યાત સંક્રમ સમજાવે છે. ત્યાં પ્રથમ વિધ્યાત સંક્રમનું લક્ષણ કહે છે :-***

**जासि न बंधो गुणभवपच्चयओ तासि होइ विज्झाओ ।**
**अंगुलअसंखभागेणवहारो तेण सेसस्स ॥ ६८ ॥**

**ગાથાર્થ** :- જે કર્મપ્રકૃતિઓનો ગુણના નિમિત્તે અથવા ભવના નિમિત્તે બંધ થતો નથી. તેવી પ્રકૃતિઓનો વિધ્યાત સંક્રમ થાય છે. તે વિધ્યાત સંક્રમ વડે શેષ સ્પર્ધકના કર્મદલિકનો જો સંક્રમ કરવામાં આવે તો અંગુલના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશ પ્રમાણ સમયોવાળો કાળ લાગે છે. ॥૬૮॥

**વિવેચન** :- જે જે કર્મપ્રકૃતિઓનો ભવના નિમિત્તે કે ગુણસ્થાનકના નિમિત્તે બંધ થતો નથી. તેઓનો વિધ્યાતસંક્રમ થાય છે આમ સમજવું.

**પ્રશ્ન** :- કઈ કઈ પ્રકૃતિઓનો કયાં કયાં વિધ્યાતસંક્રમ થાય છે ? અર્થાત્ તેવા પ્રકારની કેટલી પ્રકૃતિઓ છે અને તેઓનો વિધ્યાતસંક્રમ કયાં થાય છે. આવો જો પ્રશ્ન થતો હોય તો.

**ઉત્તર** :- ઉત્તર કહેવાય છે. અહીં મિથ્યાત્વ ગુણસ્થાનકે અન્ત થનારી ૧૬ કર્મપ્રકૃતિઓ જે છે તેઓનો સાસ્વાદનાદિમાં ગુણના નિમિત્તે બંધ થતો નથી.

તથા સાસ્વાદન ગુણસ્થાનકે બંધના અંતવાળી ૨૫ પ્રકૃતિઓનો મિશ્રદષ્ટિ વિગેરે ગુણસ્થાનકોમાં, તથા અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે બંધને આશ્રયી અંત પામનારી દશ

કર્મપ્રકૃતિઓનો દેશવિરતિ આદિ ગુણસ્થાનકમાં, દેશવિરતિ ગુણસ્થાનકે બંધને આશ્રયી અંત પામનારી ચાર કષાયાત્મક પ્રકૃતિઓનો પ્રમત્ત આદિ ગુણસ્થાનકોમાં તથા પ્રમત્તે જ અંત પામનારી છ કર્મપ્રકૃતિઓનો અપ્રમત્તાદિ ગુણસ્થાનકોમાં ગુણોની પ્રાપ્તિના કારણે જ બંધ થતો નથી. તેથી આ સઘળી કર્મપ્રકૃતિઓ ગુણપ્રત્યયિક બંધવિચ્છેદવાળી કહેવાય છે.

તે કારણથી જે જે કર્મપ્રકૃતિઓનો જ્યાં જ્યાં જે જે ગુણસ્થાનકે બંધવિચ્છેદ થયો છે ત્યારબાદ ઉપરનાં તે તે ગુણસ્થાનકોમાં તે તે કર્મપ્રકૃતિઓનો વિધ્યાત સંક્રમ પ્રવર્તે છે. આ જે વિધ્યાતસંક્રમ સમજાવવામાં આવ્યો છે તે ગુણ પ્રત્યયિક બંધવિચ્છેદ જે કર્મપ્રકૃતિઓનો થાય છે. તેઓને આશ્રયી કહ્યો છે.

હવે જે જે કર્મપ્રકૃતિઓનો ભવના કારણે બંધવિચ્છેદ થાય છે. તેઓનો પણ બંધવિચ્છેદ થયા બાદ વિધ્યાત સંક્રમ પ્રવર્તે છે. તે હવે સમજાવાય છે.

(૧) વૈક્રિયસપ્તક, દેવદ્વિક, નરકદ્વિક, એકેન્દ્રિય બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય એમ ચાર જાતિ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, અપર્યાપ્ત અને આતપનામકર્મ ઉપરોક્ત ૨૦ કર્મપ્રકૃતિઓના બંધનું કારણ મિથ્યાત્વ અવિરતિ વિગેરે હોવા છતાં પણ નારકીના જીવો પોતાના ભવના કારણે જ બાંધતા નથી.

(૨) નરકદ્વિક, દેવદ્વિક, વૈક્રિય સપ્તક, ત્રણ વિકલેન્દ્રિય જાતિ, સૂક્ષ્મ અપર્યાપ્તનામકર્મ અને સાધારણ નામકર્મ એમ કુલ (૧૭) સત્તર કર્મપ્રકૃતિઓને સમસ્ત એવા દેવો પોતાના ભવના કારણે જ બાંધતા નથી.

(૩) એકેન્દ્રિય જાતિ, આતમનામકર્મ અને સ્થાવરનામકર્મ આ ત્રણ કર્મપ્રકૃતિઓને સનત્કુમારાદિ દેવો પોતાના ભવના કારણે જ બાંધતા નથી.

(૪) છ સંઘયણ, પહેલા વિનાનાં બાકીનાં પાંચ સંસ્થાન, નપુંસકવેદ મનુષ્યદ્વિક, ઔદારિક સપ્તક, એકાન્તે તિર્યંચ પ્રાયોગ્ય જ હોય એવી સ્થાવરાદિ ૧૦ કર્મપ્રકૃતિઓ, દૌર્ભાગ્યાદિત્રિક, નીચગોત્ર અને અપ્રશસ્તવિહાયોગતિ એમ કુલ ૩૬ કર્મપ્રકૃતિઓનો અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલિકો પોતાના ભવના કારણે જ બંધ કરતા નથી.

આ પ્રમાણે જે જે પ્રકૃતિઓના જે જે જીવો પોતાના ભવના કારણે અબન્ધક છે. તે તે કર્મપ્રકૃતિઓના તે તે જીવો વિધ્યાત સક્રમના સ્વામી જાણવા.

હવે વિધ્યાત સંક્રમથી જે દલિક પરમાં નાખે છે. તેનું પ્રમાણ ગ્રંથકારશ્રી જણાવે છે :- વિધ્યાત સંક્રમ વડે જેટલા પ્રમાણવાળું કર્મદલિક પ્રથમ સમયે પર પ્રકૃતિમાં નખાય છે. પ્રક્ષેપ કરાય છે. તે જ માપે જો ચરમસ્થિતિખંડના દલિકોનો અપહાર (બહાર કાઢવાનું કામકાજ) કરવામાં આવે તો અંગુલના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશો વડે અપહાર (બહાર કાઢવાનું કામ) થાય તેટલો કાળ લાગે છે આ માપવાળો વિધ્યાત સંક્રમ છે.

સારાંશ કે જેટલા પ્રમાણવાળું કર્મદલિક પ્રથમ સમયે વિધ્યાત સંક્રમ દ્વારા બીજી કર્મપ્રકૃતિઓમાં પ્રક્ષિપ્ત કરાય છે. તેટલા જ પ્રમાણ વડે જો ચરમસ્થિતખંડ એટલે કે તે પ્રકૃતિમાં રહેલું સર્વ દલિક એક બાજુ અપહરણ કરાય (બહાર નિકાલાય) અને બીજી બાજુ એક એક આકાશ પ્રદેશ નિકાલાય (કઢાય) તો શેષસ્થિતિખંડને ખાલી કરતાં અંગુલ માત્ર ક્ષેત્રના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશો વડે અપહરણ કરાય (બહાર નિકાલાય) એટલું માપ જાણવું.

આ માપ ક્ષેત્રથી સમજાવ્યું. પરંતુ કાળથી જો વિચારીએ તો અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી વડે આ અપહરણ કરાય અર્થાત્ માપી શકાય તેમ છે. આ વિધ્યાતસંક્રમ જાણવો.

તથા આ વિધ્યાત સંક્રમ ઘણું કરીને યથાપ્રવૃત્ત સંક્રમના અંતે થાય છે. આમ સમજવું.[1] ॥૬૮॥

*અવતરણ :- હવે ગુણસંક્રમ કોને કહેવાય ? તે સમજાવવા ગુણસંક્રમનું લક્ષણ કહે છે :-*

**गुणसंकमो अबज्झंतिगाण, असुभाणपुव्वकरणाई ।**
**बंधे अहापवत्तो, परित्तिओ वा अबंधे वि ॥ ६९ ॥**

***ગાથાર્થ :-*** *અબધ્યમાન અશુભ કર્મ પ્રકૃતિઓનો અપૂર્વકરણ આદિ ગુણસ્થાનકોમાં* ગુણસંક્રમ પ્રવર્તે છે. તથા ધ્રુવબંધી પ્રકૃતિઓનો બંધ હોતે છતે અને પરાવર્તમાન પ્રકૃતિઓનો અબંધ હોય તો પણ જે સંક્રમ થાય છે. તેને યથાપ્રવૃત્તસંક્રમ કહેવાય છે. ॥૬૯॥

**વિવેચન :-** અપૂર્વકરણ આદિ એટલે કે આઠમું અપૂર્વકરણ નામનું જે ગુણસ્થાનક છે. ત્યાં રહેનારા જીવો ત્યાં અબધ્યમાન એવી અશુભ કર્મપ્રકૃતિઓ સંબંધી કર્મદલિક

૧. આ વિધ્યાતસંક્રમ ઘણુ કરીને યથાપ્રવૃત્ત સંક્રમના અંતે પ્રવર્તે છે. યથાપ્રવૃત્ત સંક્રમ સામાન્ય છે. બંધને યોગ્ય પ્રકૃતિઓનો બંધ હોય ત્યારે પણ તે થાય છે. જ્યારે આ વિધ્યાત સંક્રમ તો ભવના નિમિત્તે અથવા ગુણના નિમિત્તે બંધ વિચ્છેદ થયો હોય ત્યારે જ તે તે પ્રકૃતિઓનો આ સંક્રમ થાય છે. સારાંશ કે પ્રથમ યથાપ્રવૃત્ત સંક્રમ ઘણું કરીને પ્રવર્તે છે. પરંતુ જ્યારે તે તે પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ થઈ જાય છે. ત્યારથી પ્રાયઃ વિધ્યાત સંક્રમ પ્રવર્તે છે. આ પ્રમાણે યથાપ્રવૃત્ત સંક્રમના અંતે વિધ્યાતસંક્રમ પ્રવર્તે છે. આમ કહ્યું છે.

અહીં પ્રાયઃ ઘણું કરીને એમ કહેવાનું કારણ એ છે કે ક્યારેક યથાપ્રવૃત્તસંક્રમના અંતે પ્રવર્તવાના બદલે બીજા સંક્રમોના અંતે પણ આ વિધ્યાત સંક્રમ પ્રવર્તે છે. જેમ કે ઉપશમ શ્રેણિમાં આઠમા ગુણસ્થાનકથી ગુણસંક્રમ પ્રવર્ત્યા બાદ તે જ ઉપશમશ્રેણિમાં આ જીવ મૃત્યુ પામી અનુત્તરવિમાનમાં જન્મ ધારણ કરે ત્યારે ગુણના કારણે ન બંધાતી પ્રકૃતિઓનો વિધ્યાત સંક્રમ ત્યાં ગુણસંક્રમના અંતે પણ પ્રવર્તે છે તથા ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિકાલે મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયનો ગુણસંક્રમ જે થાય છે. તેના અંતે પણ વિધ્યાતસંક્રમ પ્રવર્તે છે. તે માટે યથાપ્રવૃત્તના અંતે વિધ્યાત સંક્રમ થાય છે. આ વાત પ્રાયઃ જાણવી.

પ્રતિસમયે અસંખ્યાત ગુણાકારની શ્રેણિ વડે બંધાતી કર્મપ્રકૃતિઓમાં જે પ્રક્ષેપ કરે છે. તેને ગુણસંક્રમ કહેવાય છે. અહીં ગુણ શબ્દ એટલે અસંખ્યાત લક્ષણવાળો જે ગુણાકાર, તેના વડે થતો સંક્રમ તે ગુણસંક્રમ કહેવાય છે આવો અર્થ સમજવો.

તે આ પ્રમાણે જાણવો :- મિથ્યાત્વમોહ, આતપ નામકર્મ અને નરકાયુષ્ય આ ત્રણકર્મને વર્જીને બાકીનાં મિથ્યાદષ્ટિ માત્રને જ બંધ યોગ્ય એવાં ૧૩ કર્મોનો (પહેલા ગુણઠાણે ૧૬નો જે બંધ વિચ્છેદ થાય છે. તેમાંથી આ ૩ વિના બાકીની (૧૩) તેર કર્મપ્રકૃતિઓનો અપૂર્વકરણ આદિ ગુણસ્થાનકોથી ગુણ સંક્રમ પ્રવર્તે છે.

તથા અનન્તાનુબંધી ૪ કષાય, તિર્યંચાયુષ્ય અને ઉદ્યોતનામકર્મ આમ છ કર્મપ્રકૃતિઓ વર્જીને શેષ બાકીની સાસ્વાદન ગુણસ્થાનકે બંધવિચ્છેદ પામતી (૨૫ બાદ ૬ = શેષ ૧૯) ઓગણીસ કર્મપ્રકૃતિઓનો અપૂર્વકરણ આદિ ગુણસ્થાનકોમાં ગુણ સંક્રમ પ્રવર્તે છે.

તથા ચોથા-પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનકે બંધ વિચ્છેદ પામતી મધ્યમ આઠ કષાય, અસ્થિર, અશુભ, અયશઃકીર્તિ, શોક, અરતિ અને અસાતાવેદનીય એમ કુલ ૧૪ કર્મપ્રકૃતિઓનો અપૂર્વકરણ આદિ ગુણસ્થાનકોમાં ગુણસંક્રમ પ્રવર્તે છે.

આ પ્રમાણે ૧૩+૧૯+૧૪ = ૪૬ કુલ છેતાલીસ કર્મપ્રકૃતિઓનો અપૂર્વકરણ આદિ ગુણસ્થાનકોમાં અસંખ્યાત ગુણાકારે સંક્રમ થવા રૂપ ગુણ સંક્રમ પ્રવર્તે છે.

પ્રથમ ગુણસ્થાનકે બંધવિચ્છેદ પામતી ૧૬માંથી ૩ અને બીજે ગુણસ્થાનકે બંધ વિચ્છેદ પામતી ૨૫માંથી ૬ જે બાદ કરવામાં આવી છે. તેનું કારણ એ છે કે મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધી ચાર કષાય અપૂર્વકરણ ગુણસ્થાનક આવતાં પૂર્વે જ ચોથાથી સાતમા સુધીમાં જ આ જીવ ખપાવી નાખે છે. પછી જ અપૂર્વકરણ આદિ ગુણસ્થાનકોમાં જાય છે. તથા આતમ અને ઉદ્યોત પુણ્યપ્રકૃતિઓ હોવાથી તેઓનો ગુણસંક્રમ થતો નથી. કારણ કે અબધ્યમાન **અશુભનો** જ ગુણસંક્રમ શાસ્ત્રોમાં કહેલો છે.

ચારે આયુષ્યોનો પરસ્પર સંક્રમ થતો જ નથી. તે કારણે ઉપરોક્ત પ્રકૃતિઓમાં ગુણસંક્રમનો નિષેધ કરેલ છે.

નિદ્રાદ્વિક આઠમા ગુણસ્થાનકના સાત ભાગ પૈકી પ્રથમ ભાગના અંતે બંધ વિચ્છેદને પામે છે. તેથી બીજા આદિ ભાગોમાં તથા ઉપઘાત અને અશુભવર્ણાદિ નવક, આ દશ કર્મપ્રકૃતિઓનો અપૂર્વ કરણ ગુણસ્થાનકના છઠ્ઠા ભાગે બંધ વિચ્છેદ થાય છે. તેથી સાતમા ભાગ આદિમાં અને હાસ્ય-રતિ-ભય અને જુગુપ્સા આ ચાર કર્મોનો આઠમા ગુણસ્થાનકના ચરમ સમયે બંધવિચ્છેદ થાય છે. તેથી નવમા ગુણસ્થાનક આદિમાં આ પ્રમાણે પોતપોતાના બંધવિચ્છેદ પછીથી આરંભીને ગુણસંક્રમ જાણવો.

અહીં એક વાત ખાસ ધ્યાનમાં લેવા જેવી છે કે અપૂર્વકરણ શબ્દ ગાથામાં છે. તેનાથી અપૂર્વકરણ નામનું આઠમું ગુણસ્થાનક માત્ર ન લેતાં અપૂર્વકરણ નામનું કરણ પણ લઈ લેવું. તેથી અપૂર્વકરણ ગુણસ્થાનકે અબધ્યમાન અશુભ કર્મપ્રકૃતિઓનો જેમ ગુણ સંક્રમ થાય છે. તેમ ચોથા ગુણસ્થાનકથી સાતમા ગુણસ્થાનક સુધીમાં ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં આઠમા ગુણસ્થાનકવાળું અપૂર્વકરણ ન હોવા છતાં પણ ત્રણ કરણવાળું અપૂર્વકરણ હોય છે તો પણ ત્યાં મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય અને અનંતાનુબંધી ચાર કષાય એમ કુલ ૬ કર્મપ્રકૃતિઓના પ્રવર્તતા ગુણસંક્રમને પણ ગુણસંક્રમ માનવામાં કોઈ જ તકલીફ પડતી નથી અર્થાત્ તેને પણ ગુણસંક્રમ કહેવામાં કંઈ વિરોધ આવતો નથી.[1]

આ પ્રમાણે ગુણસંક્રમનું લક્ષણ પૂર્ણ કર્યું. હવે યથાપ્રવૃત્તસંક્રમ સમજાવાશે.

---

૧. આ ગુણસંક્રમ અબધ્યમાન અશુભ કર્મપ્રકૃતિઓનો જ થાય છે તથા "અપૂર્વકરણ" શબ્દના બે અર્થો લેવા. એક તો અપૂવકરણ નામનું આઠમું ગુણસ્થાનક અને બીજો અર્થ અપૂર્વકરણ એટલે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં ચોથાથી સાતમા ગુણસ્થાનકમાં આવતું અપૂર્વકરણ નામનું જે કરણ છે તે લેવું.

ત્યાં અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનકથી ન બંધાતી તમામ અશુભ કર્મપ્રકૃતિઓનો ગુણસંક્રમ થાય છે. તથા ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં ચોથાથી સાતમા ગુણસ્થાનકવર્તી જીવોમાં થતાં ત્રણ કરણોમાંનું જે અપૂર્વકરણ નામનું કરણ છે. ત્યાં પણ મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય અને અનંતાનુબંધી ચાર કષાય એમ કુલ છ કર્મપ્રકૃતિઓનો જ ગુણ સંક્રમ થાય છે. ચોથાથી સાતમા સુધીમાં અનંતાનુબંધીની વિસંયોજના કરતાં તે ચારનો તથા ક્ષાયિક પ્રાપ્ત કરતાં મિથ્યાત્વ અને મિશ્રનો એમ બે દર્શનમોહનીયનો પણ ગુણસંક્રમ પ્રવર્તે છે.

તથા પહેલા ગુણઠાણે બંધ વિચ્છેદ પામનારી ૧૩, બીજે ગુણઠાણે બંધ વિચ્છેદ પામનારી ૧૯ અને ચોથાથી સાતમા સુધીમાં બંધ વિચ્છેદ પામનારી ૧૪ એમ કુલ ૪૬ કર્મપ્રકૃતિઓ તથા અપૂર્વકરણ નામના આઠમા ગુણઠાણે બંધવિચ્છેદ પામનારી નિદ્રાદ્વિક વર્ણાદિ અશુભ નવક, ઉપઘાત અને હાસ્યાદિ ૪ કુલ ૧૬ આ પ્રમાણે ૪૬ + ૧૬ = ૬૨ કર્મપ્રકૃતિઓ તથા ચોથા ગુણસ્થાનકથી સાતમા ગુણસ્થાનક સુધીમાં ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં થતા અપૂર્વકરણ નામના કરણકાળે અનંતાનુંબધી ૪, મિથ્યાત્વ અને મિશ્ર એમ કુલ છ પ્રકૃતિઓ કુલ મળીને ૬૨ + ૬ = ૬૮ કર્મપ્રકૃતિઓનો ગુણસંક્રમ ગ્રંથકારશ્રીએ જણાવ્યો. તેમાં વર્ણાદિના જે અશુભ નવ ભેદ લીધા છે તે ઉત્તરભેદ ન ગણતાં વર્ણાદિ ચાર જ ભેદ લઈએ તો ૬૮ ને બદલે ૬૩ કર્મપ્રકૃતિઓનો ગુણસંક્રમ થાય છે. આવો અર્થ નીકળે છે.

પરંતુ નવમા ગુણઠાણે ગયેલા જીવોને પુરૂષવેદ અને સંજ્વલન લોભ વિના સંજ્વલનના ત્રણ કષાય એમ કુલ ૪ કર્મોનો ગુણસંક્રમ ત્યાં સંભવી શકે છે. કારણ કે આ ચાર પણ પોતપોતાના બંધ વિચ્છેદ પછી અબધ્યમાન છે. તથા અશુભ પણ છે માટે આ ચારનો પણ ગુણસંક્રમ થાય છે તથા છઠ્ઠા કર્મગ્રંથની ગાથા ૬૭ની ટીકામાં પણ આ ચારે કર્મોના બંધવિચ્છેદ કાળે સમયન્યૂન બે આવલિકા કાળમાં બંધાયેલ અને સત્તામાં રહેલાં કર્મદલિકોનો તેટલા જ કાળે ગુણસંક્રમ દ્વારા ક્ષય કરે છે. એમ ત્યાં કહેલ છે માટે નવમા ગુણઠાણે આ ચાર કર્મપ્રકૃતિઓનો પણ ગુણસંક્રમ સંભવે છે. એટલે કુલ ૬૩ + ૪ = ૬૭ કર્મપ્રકૃતિઓનો ગુણસંક્રમ હોવો જોઈએ. છતાં ટીકાકાર મહાત્માઓએ આ ચારનો ગુણસંક્રમ કેમ કહ્યો નથી તે તો તેઓ જ જાણે અથવા બહુશ્રુત પુરૂષો જ જાણે.

યથાપ્રવૃત્તસંક્રમનું સ્વરૂપ આ પ્રમાણે છે :- ધ્રુવબંધી એવી ૪૭ કર્મપ્રકૃતિઓનો બંધ હોતે છતે યથાપ્રવૃત્ત સંક્રમ પ્રવર્તે છે તથા "परित्तिओ व" આ પદથી પરાવર્તમાન પ્રકૃતિઓ સંબંધી યથાપ્રવૃત્તસંક્રમ તો અબન્ધમાં પણ પ્રવર્તે છે. કેવળ બંધ હોય ત્યારે જ યથાપ્રવૃત્તસંક્રમ હોય એવો નિયમ નથી. પરંતુ અબન્ધ હોય તો પણ યથાપ્રવૃત્ત સંક્રમ હોય છે. એમ "अपि" શબ્દનો અર્થ કરવો.

અહીં ઉપરની વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે :- સંસારમાં રહેલા સર્વે પણ જીવોને ધ્રુવબંધી કર્મપ્રકૃતિઓનો બંધ હોતે છતે અને પોતપોતાના ભવને યોગ્ય પરાવર્તન એવી પ્રકૃતિઓનો બંધ હોય તો પણ અને બંધ ન હોય તો પણ યથાપ્રવૃત્ત સંક્રમ અવશ્ય પ્રવર્તે છે.

ત્યાં ધ્રુવબન્ધી પ્રકૃતિ હોય કે અધ્રુવબંધી પ્રકૃતિ હોય જો તે કાળે ઘણું દલિક બંધાતું પ્રાપ્ત થાય અને કેટલીક અધ્રુવબંધી પ્રકૃતિઓ તે તે ભવમાં બન્ધને યોગ્ય હોવા છતાં પણ પ્રતિપક્ષી હોવાથી ન બંધાતી હોય તો પણ પૂર્વે બાંધેલું કર્મદલિક જો અધિક માત્રાએ સ્ટોકમાં હોય તો ઘણા દલિકનો સંક્રમ આ જીવ કરે છે અને જો સ્ટોકમાં થોડુંક જ દલિત હોય તો થોડો સંક્રમ કરે છે. પણ યથાપ્રવૃત્તસંક્રમ થાય છે અવશ્ય જ.

તથા જઘન્યયોગમાં વર્તતો જીવ જઘન્ય સંક્રમ કરે છે. મધ્યમ યોગમાં વર્તતો જીવ મધ્યમ સંક્રમ કરે છે અને ઉત્કૃષ્ટ યોગમાં વર્તતો જીવ ઉત્કૃષ્ટ સંક્રમ કરે છે. આ પ્રમાણે યથાયોગ્ય રીતે સંક્રમની આ પ્રવૃત્તિ જીવ કરે છે. એટલે તેનું નામ યથાપ્રવૃત્ત સંક્રમ કહેવાય છે. તેથી સંક્રમનું આ નામ સાર્થક નામ પણ છે.

આ પાંચ પ્રકારના સંક્રમોમાં કયો સંક્રમ કયા સંક્રમને અટકાવીને પ્રવર્તે તે વિષય સમજાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે :- (૧) યથાપ્રવૃત્ત નામનો સંક્રમ પોતાના હેતુઓનો સંપર્ક હોવાના સામર્થ્યથી ચાલતો હોય ત્યારે તે સંક્રમનો બાધ કરીને વિધ્યાત સંક્રમ અથવા ગુણસંક્રમ પ્રવર્તે છે.

(૨) ઉદ્‌વલના સંક્રમના ચરમ સમયે ચરમખંડનો જે ચરમપ્રક્ષેપ થાય છે. તેને જ સર્વસંક્રમ કહેવાય છે. માટે તે સર્વસંક્રમ પણ ઉદ્‌વલના સંક્રમને અટકાવીને જ પ્રવર્તે છે. આટલી વિશેષતા જાણવી. ॥૬૯॥

***અવતરણ :- હવે આ જ (૧) ઉદ્‌વલના સંક્રમ, (૨) વિધ્યાતસંક્રમ, (૩) ગુણસંક્રમ, (૪) યથાપ્રવૃતસંક્રમ આ ચારે સંક્રમો વડે કરાતા સંક્રમનો અપહારકાળનું અલ્પ બહુત્વ સમજાવે છે :-***

**थोवोवहारकालो, गुणसंकमणे असंखगुणणाए ।**
**सेसस्सहायवत्ते विज्झाउव्वलणणामे अ ॥ ७० ॥**

**ગાથાર્થ :-** ગુણસંક્રમ વડે કરાતો શેષ સ્થિતિ ખંડનો અપહરણ કાળ સૌથી થોડો હોય છે. તેના કરતાં યથાપ્રવૃત્ત સંક્રમ વડે તથા વિધ્યાત સંક્રમ વડે અને ઉદ્‌વલના સંક્રમ વડે કરાતો અપહરણકાળ અસંખ્યાતગુણો અસંખ્યાતગુણો જાણવો. ॥૭૦॥

**વિવેચન :-** ઉદ્‌વલના સંક્રમ, ગુણસંક્રમ, યથાપ્રવૃત્ત સંક્રમ અને વિધ્યાત સંક્રમ એમ આ ચારે સંક્રમો દ્વારા ભિન્ન ભિન્ન કાલે વિવક્ષિત કર્મનું દલિક અન્ય કર્મપ્રકૃતિમાં લઈ જવાય છે તેથી ત્યાં પ્રશ્ન થાય છે કે કયા સંક્રમમાં કર્મ દલિક ઝડપથી લઈ જવાય છે એટલે કાળ અલ્પ થાય છે અને કયા સંકમ દ્વારા કર્મદલિક અલ્પ અલ્પ લઈ જવાય છે તેના કારણે કાળ વધારે લાગે છે ? આ વાત જાણવા અલ્પ બહુત્વ સમજાવે છે.

ઉદ્‌વલના સંક્રમ વડે કરાતા સંક્રમમાં જે સૌથી છેલ્લો ચરમ સ્થિતિ ખંડ ઉદ્‌વલના કરાય છે. તેને શેષ સ્થિતિ ખંડ કહેવાય છે. અહીં ગાથામાં ત્રીજા પદમાં લખેલા सेसस्स શબ્દથી તે ચરમ સ્થિતિ ખંડ સમજવો. એવો સરખા માપનો એક સ્થિતિખંડ જુદા જુદા સંક્રમ કરનારા એવા ચાર વ્યક્તિઓને ધારો કે આપવામાં આવ્યો હોય અને કહેવામાં આવ્યું હોય કે તમે તમારા માનેલા સંક્રમ વડે આ શેષ સ્થિતિ ખંડનો પરમાં સંક્રમ કરો તો.

(૧) ગુણસંક્રમ વડે જે આત્મા આ ચરમ સ્થિતિખંડનો સંક્રમ કરવાનો પ્રારંભ કરશે તે આત્મા આ ચરમ સ્થિતિખંડનો પરમાં સંક્રમ જલ્દી જલ્દી અર્થાત્ એક અંતર્મુહૂર્ત માત્ર કાળમાં જ સકલ એવો શેષ સ્થિતિ ખંડ પરમાં સંક્રમાવશે. કારણ કે પ્રતિસમયે અસંખ્યાત ગુણ-અસંખ્યાત ગુણ અધિક દલિક પરમાં સંક્રમાવવાનું છે. તેનાથી કાળ સૌથી અલ્પ થાય છે.

(૨) તેના કરતાં તે જ શેષ સ્થિતિખંડનો જો યથાપ્રવૃત્ત સંક્રમ વડે પરમાં સંક્રમ કરવામાં આવે તો તે શેષસ્થિતિખંડનો અપહરણકાળ તેના કરતાં પણ એટલે કે ગુણસંક્રમ વડે જે કાળ લાગે છે. તેના કરતાં યથાપ્રવૃત્ત સંક્રમ વડે કાળ અસંખ્યાતગણો થાય છે. કારણ કે જો યથાપ્રવૃત્તસંક્રમ વડે ચરમસ્થિતિખંડનો અપહાર કરવામાં આવે તો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ લાગે છે. તે માટે ગુણસંક્રમ કરતાં યથાપ્રવૃત્તસંક્રમમાં કાળ વધારે જાય છે.

(૩) તે યથાપ્રવૃત્તસંક્રણ કરતાં પણ વિધ્યાત સંક્રમ વડે જો આ શેષ સ્થિતિ ખંડનો અપહાર કરવામાં આવે તો તેના કરતાં પણ અસંખ્યાતગણો કાળ લાગે છે. કારણ કે તે ચરમ સ્થિતિખંડનો જો વિધ્યાતસંક્રમ વડે અપહાર કરવામાં આવે તો અસંખ્યાતી ઉત્સર્પિણી અને અસંખ્યાતી અવસર્પિણી કાળ લાગે છે. તેટલા લાંબા કાળે ચરમ સ્થિતિખંડનો અપહાર થાય છે.

(૪) તે વિધ્યાત સંક્રમ વડે ચરમ સ્થિતિખંડનો અપહરણ કરતાં જે કાળ લાગે છે તેના કરતાં જો ઉદ્‌વલના સંક્રમ વડે (એટલે કે ઉદ્‌વલના સંક્રમમાં દ્વિચરમ સ્થિતિખંડમાં

ચરમ સમયે પરપ્રકૃતિમાં જે સંક્રમ થાય છે તે માપ વડે) જો ચરમ સ્થિતિખંડની ઉદ્‌વલના કરવામાં આવે તો તે અપહરણ કરવામાં કાળ અતિશય ઘણી એવી અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળ લાગે છે. તે કારણથી પાછલા વિધ્યાતસંક્રમ કરતાં આ ઉદ્‌વલના સંક્રમ વડે કરાતો અપહરણકાળ અસંખ્યાતગુણ અધિક જાણવો.

તે જ ચરમસ્થિતિ ખંડનો અપહરણકાળ વિધ્યાતસંક્રમ વડે અથવા ઉદ્‌વલના સંક્રમ વડે જો કરવામાં આવે તો ક્ષેત્રથી અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશ પ્રદેશોની સંખ્યા તુલ્ય સમયવાળો કાળ લાગે છે.

ફક્ત તેમાં વિધ્યાતસંક્રણવાળા કાળ કરતાં ઉદ્‌વલના સંક્રમવાળાનો કાળ અંગુલના મોટા અસંખ્યાતમા ભાગ તુલ્ય જાણવો. આ પ્રમાણે આ ચારે સંક્રમોમાં અનુક્રમે અધિક અધિક કાળ થાય છે. આ પ્રમાણે ચારે સંક્રમોનો અપહરણ કાળ ક્રમસર અસંખ્યાતગુણ અધિક અસંખ્યાત ગુણ અધિક જાણવો.

ઉદ્‌વલના સંક્રમ જે સમજાવવામાં આવ્યો છે. તેમાં ચરમસ્થિતિ ખંડ જે છે. તેના ઉપર જુદી જુદી વ્યક્તિ જુદા જુદા સંક્રમ વડે તે ચરમસ્થિતિખંડ જો પરમાં સંક્રમાવવાનો પ્રયત્ન કરે તો કોને કેટલો કાળ લાગે ? આ બાબત જણાવવા દ્વારા ગ્રંથકર્તા ચારેમાં કોણ ઝડપવાળો સંક્રમ છે અને કોણ મંદગતિવાળો સંક્રમ છે તે બાબત આપણને સમજાવવા માગે છે.

ત્યાં તે ચરમસ્થિતિ ખંડને જો ગુણસંક્રમ દ્વારા પરમાં સંક્રમાવવામાં આવે તો સૌથી ઓછો કાળ લાગે અર્થાત્ એક અંતર્મુહૂર્ત માત્ર કાળ લાગે. કારણ કે પ્રતિસમયે અસંખ્યાતગુણ અધિકના ક્રમે જ સંક્રમાવવાનું છે.

તેના કરતાં યથાપ્રવૃત્ત સંક્રમ વડે જો ચરમ સ્થિતિખંડ સંક્રમાવવામાં આવે તો અસંખ્યાત ગણો કાળ લાગે. કારણ કે તેમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ લાગે છે. તેના કરતાં વિધ્યાત સંક્રમ વડે જો ચરમસ્થિતિખંડનો સંક્રમ કરવામાં આવે તો અસંખ્યાતગણો કાળ લાગે. કારણ કે તેમાં અસંખ્યાતી ઉત્સર્પિણી-અવસર્પિણી અથવા ક્ષેત્રથી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળ લાગે છે.

તેના કરતાં પણ જો ઉદ્‌વલનાં સંક્રમ વડે ચરમ સ્થિતિ ખંડનો સંક્રમ કરવામાં આવે તો તે સંક્રમ કરતાં પણ અસંખ્યાતગણો કાળ લાગે છે અર્થાત્ બૃહત્તર એવો અંગુલનો અસંખ્યાતમો ભાગ કાળ લાગે છે.

આ પ્રમાણે આ ચારે ય સંક્રમોનું અલ્પ બહુત્વ સમજાવ્યું છે. તેમાં ગુણસંક્રમનો કાળ અંતર્મુહૂર્ત છે અને તે શ્રેણિમાં થાય છે. આમ ૬૯ મી ગાથામાં કહ્યું છે તથા વિધ્યાત

સંક્રમનો કાળ ૬૮મી ગાથામાં કહ્યો છે. પરંતુ યથાપ્રવૃત્ત સંક્રમ તથા ઉદ્‌વલના સંક્રમનો કાળ કહ્યો નથી. (ઉદ્‌વલના સંક્રમના દ્વિચરમ સ્થિતિ ખંડના ચરમ સમયે પરમાં જે સંક્રમ થાય છે. તે માપે જો સંક્રમ કરવામાં આવે તો તેમાં સૌથી વધારે અસંખ્યાત ઉત્સર્પિણી અને અપસર્પિણી કાળ લાગે છે તે વાત પૂર્વે ૬૪મી ગાથામાં કહી છે. પરંતુ તે જ ઉદ્‌વલના સંક્રમ વડે દ્વિચરમસ્થિતિખંડના ચરમ સમયે સ્વસ્થાનમાં જે દલિકનો પ્રક્ષેપ થાય છે તે માપે જો ચરમસ્થિતિખંડનો સંક્રમ કરવામાં આવે તો કેટલો કાળ લાગે તે કાળનું માપ પૂર્વે કહ્યું નથી.)

આ બન્ને માપો જે કહ્યાં નથી તે હવે પછીની ગાથામાં જણાવે છે. ॥૭૦॥

***અવતરણ :- હવે તે બે સંક્રમનો જે કાળ કહ્યો નથી. તે જણાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે કે :-***

**पल्लासंखियभागेण हापवत्तेण सेसगवहारो ।**
**उव्वलणेण य थिबुओ, अणुइन्नाए उ जं उदये ॥ ७१ ॥**

**ગાથાર્થ :-** શેષ સ્થિતિખંડને જો યથાપ્રવૃત્ત સંક્રમ વડે સંક્રમિત કરવામાં આવે તો તેનો અપહરણકાલ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ થાય છે અને ઉદ્‌વલના સંક્રમના દ્વિચરમસ્થિતિખંડના ચરમસમયે જે સ્વસ્થાનમાં સંક્રમ કરવામાં આવે છે. તે માપે જો સંક્રમ કરવામાં આવે તો પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ લાગે છે. અનુદયવતી કર્મપ્રકૃતિઓનું જે કર્મદલિક ઉદયવતીમાં પ્રક્ષેપ કરાય તેને સ્તિબુક સંક્રમ કહેવાય છે. ॥૭૧॥

**વિવેચન :-** (૧) ઉદ્‌વલના સંક્રમમાં જે ચરમસ્થિતિખંડ છે કે જે સૌથી મોટો સ્થિતિખંડ છે. તેને જૈનશાસ્ત્રોમાં શેષ સ્થિતિખંડ કહેવાય છે. તે શેષ એટલે કે ચરમ સ્થિતિખંડ જે છે. તેનો જો યથાપ્રવૃત્ત સંક્રમ વડે અપહાર કરાય તો તેના અપહરણનો કાળ પલ્યોપમનો અસંખ્યાતમા ભાગ માત્ર કાળ લાગે છે. સારાંશ કે ચરમસ્થિતિખંડનો જો યથાપ્રવૃત્તસંક્રમ વડે પરમાં સંક્રમ કરવામાં આવે તો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ લાગે છે.

(૨) ઉદ્‌વલના સંક્રમમાં દ્વિચરમસ્થિતિખંડના ચરમ સમયે સ્વસ્થાનમાં જે દલિક પ્રક્ષેપ કરાય છે. તે માપે જો ચરમસ્થિતિ ખંડ ખાલી કરવામાં આવે તો તેમાં પણ યથાપ્રવૃત્ત સંક્રમ વડે કરાતા પ્રક્ષેપની જેમ તેટલો જ કાળ લાગે છે. સારાંશ કે ઉદ્‌વલના સંક્રમ વડે પણ દ્વિચરમ સ્થિતિ ખંડના ચરમ સમયમાં સ્વસ્થાનમાં જે દલિકની પ્રક્ષેપવિધિ છે. તે જ માપથી જો ચરમસ્થિતિખંડનો અપહાર કરવામાં આવે તો તે પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ જ લાગે છે. આ બન્નેનો કાળ સ્વસ્થાનમાં પ્રક્ષેપ કરવારૂપે તુલ્ય છે.

૭૦મી ગાથામાં ઉદ્‌વલના સંક્રમમાં સૌથી વધારે કાળ જે જણાવ્યો છે તે દ્વિચરમસ્થિતિખંડના ચરમ સમયમાં પર પ્રકૃતિમાં પ્રક્ષેપ જે કરાય છે. તેની અપેક્ષાએ સૌથી

વધારે અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળ લાગે છે એમ સમજવાનું કહ્યું હતું. પંચસંગ્રહમાં પણ આ પ્રમાણે જ જણાવ્યું છે. તે ગાથા આ પ્રમાણે છે.

**जं दुचरिमस्स चरिमे, सपरट्ठाणेसु देइ सममम्मि ।**
**ते भागे जहकमसो, अहापवत्तुव्वलणमाणे ॥ ८२ ॥**

**અર્થ :-** દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયે સ્વસ્થાનમાં તથા પરસ્થાનમાં કર્મદલિકોનો જે પ્રક્ષેપ થાય છે. તે જ માપે અનુક્રમે યથાપ્રવૃત્ત સંક્રમનું તથા ઉદ્‌વલના સંક્રમનું પ્રક્ષેપ કરવાનું કાર્ય સમજવું. ॥૮૨॥

સારાંશ કે ઉદ્‌વલના સંક્રમમાં અલ્પ બહુત્વ પ્રસંગે સૌથી વધારે કાળ જે કહ્યો છે. તે પરમાં જે સંક્રમ થાય છે. તે સંક્રમની અપેક્ષાએ જાણવો.

આ પ્રમાણે ગાથામાં કહેલા પાંચે પ્રકારના પ્રદેશ સંક્રમના ભેદોનું વર્ણન સમાપ્ત થયું.

હવે છઠ્ઠો એક સ્તિબુકસંક્રમ નામનો સંક્રમ પણ છે. પરંતુ તે સંક્રમ કરણ વિશેષ રૂપ નથી (અર્થાત્ કરણ વીર્ય વિશેષ સ્વરૂપ નથી) અને કરણ તે કહેવાય કે જે સલેશી વીર્ય વિશેષ રૂપ હોય. પરંતુ આ સ્તિબુક સંગ્રહ કરણ વીર્ય વિશેષ રૂપ નથી. કારણ કે લેશ્યાથી રહિત અને કરણવીર્ય વિનાના એવા અયોગી કેવલી ભગવંતોને પણ ચૌદમા ગુણસ્થાનકે તેના દ્વિચરમ સમયે અનુદયવતી એવી ૭૨ કર્મપ્રકૃતિઓનો સ્તિબુક સંગ્રહ થાય છે.

આ પ્રમાણે જૈન શાસ્ત્રોમાં કહેલું છે માટે તે સ્તિબુક સંક્રમ એ કરણ વિશેષ સ્વરૂપ નથી. સહજભાવે અનુદયવતી પ્રકૃતિઓમાં આ સ્તિબુક સંક્રમ પ્રવર્તે છે.

તથા વળી સ્તિબુક સંગ્રહ વડે સંક્રમિત થયેલું કર્મદલિક સર્વથા પર પ્રકૃતિ રૂપે (એટલે કે પતદ્‌ગ્રહ પ્રકૃતિરૂપે) પરિણામ પામતું નથી તે માટે અન્ય સંક્રમોની જેમ આ સ્તિબુક સંક્રમ એ કરણ વિશેષ સ્વરૂપ નથી. તો પણ તેને સંક્રમ શબ્દથી બોલાવાય છે. તે માટે સંક્રમના ભેદોનું વર્ણન કરવાના પ્રસંગે સ્તિબુક સંગ્રહનું પણ વર્ણન સમજાવાય છે.

"थिबुओ अणुइन्नाए उ जं उदये" अनुदीर्णायाः એટલે કે જે જે કર્મપ્રકૃતિઓ ઉદયમાં આવી નથી. તેવી અનુદયવતી કર્મપ્રકૃતિઓ સંબંધી કર્મદલિક પોતાની સજાતીય એવી ઉદયમાં આવેલી પ્રકૃતિમાં સમાન કાલે એટલે કે તે જ સમયમાં ઉદયમાં આવેલી એવી કર્મપ્રકૃતિમાં જે સંક્રમાવે અને સંક્રમાવીને તે કર્મપ્રકૃતિ રૂપે કરીને જે ભોગવે, તેને સ્તિબુક સંક્રમ કહેવાય છે.

જેમ કે મનુષ્યગતિ નામકર્મ ઉદયમાં આવ્યું હોય ત્યારે શેષ બાકીની ત્રણ ગતિનામકર્મ જે સત્તામાં છે. પરંતુ ઉદયમાં આવ્યાં નથી તે ત્રણેનું કર્મદલિક ઉદયમાં આવેલી મનુષ્યગતિમાં નાખીને જે ભોગવવું તેને સ્તિબુકસંક્રમ કહેવાય છે.

એવી જ રીતે એકેન્દ્રિય જાતિ ઉદયમાં આવી હોય ત્યારે તે જાતિમાં ઉદયમાં ન આવેલી શેષ ચાર જાતિનામકર્મને સંક્રમાવીને એકેન્દ્રિય જાતિ રૂપે ભોગવવી તે સ્તિબુક સંક્રમ કહેવાય છે.

અથવા ક્ષય કરવાના કાળે એટલે કે ક્ષપક શ્રેણિમાં સંજ્વલનક્રોધાદિ કષાયોની શેષીભૂત (વધેલી પહેલી સ્થિતિની) એક આવલિકા સંજ્વલનમાનાદિ કષાયોમાં જે પ્રક્ષેપ કરાય છે. તેને સ્તિબુકસંક્રમ કહેવાય છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે :-

**अनुदीर्णमुदीर्णान्तस्तुल्यकालं प्रतिक्षणम् ।**
**दलिकं सङ्क्रमं याति, येन स स्तिबुको मतः ॥ इति**

જે કર્મ દલિક ઉદયમાં આવ્યું નથી. તે કર્મદલિકને ઉદયમાં આવેલા કર્મદલિકની સાથે પ્રતિક્ષણે નાખીને. તે કર્મદલિક સ્વરૂપે કરીને ભોગવવું. તેને સ્તિબુક સંક્રમ કહેવાય છે.

આ સ્તિબુક સંક્રમનું જ બીજુ નામ પ્રદેશોદય પણ કહેવાય છે. આમ જૈન શાસ્ત્રોમાં મહાત્મા પુરૂષો કહે છે. ॥૭૧॥

*અવતરણ :- આ પ્રમાણે પ્રદેશ સંક્રમનું લક્ષણ તથા ભેદો સમજાવ્યા. હવે સાદિ-અનાદિની પ્રરૂપણા કરવાની છે. ત્યાં મૂલકર્મોનો પરસ્પર સંક્રમ થતો નથી તે માટે મૂલકર્મોના સાદ્યાદિ ભાંગા થતા નથી. આ કારણથી ઉત્તર પ્રકૃતિઓના તે સાદિ-અનાદિ વિગેરે ભાંગાની પ્રરૂપણા કરવાની ઈચ્છાવાળા એવા ગ્રંથકારશ્રી કહે છે :-*

**धुवसंकम अजहन्नो, णुक्कोसो तासि वा विवज्जित्तु ।**
**आवरणणवगविग्घं, ओरालियसत्तगं चेव ॥७२॥**

**साइयमाई चउद्धा, सेसविगप्पा य सेसियाणं च ।**
**सव्वविगप्पा णेया, साइग अधुवा पएसम्मि ॥ ७३ ॥**

ગાથાર્થ :- ધ્રુવસત્તા વાળી (૧૨૬) એકસોહ છવ્વીસ કર્મપ્રકૃતિઓનો અજઘન્ય પ્રદેશ સંક્રમ સાદ્યાદિ ચાર પ્રકારે જાણવો. તથા આવરણ નવક, અંતરાય પાંચ અને ઔદારિક સપ્તક એમ કુલ આ (૨૧) એકવીસ કર્મપ્રકૃતિઓ વિના બાકીની (૧૦૫) એકસોહ પાંચ ધ્રુવસત્તા વાળી કર્મપ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ પણ ચાર પ્રકારે છે. આ પ્રકૃતિઓના શેષ વિકલ્પો તથા શેષકર્મપ્રકૃતિઓના સર્વે પણ વિકલ્પો પ્રદેશ સંક્રમમાં સાદિ અને અધ્રુવ સમજવા. ॥૭૨-૭૩॥

**વિવેચન :-** અનાદિકાળથી સંસારી જીવોને જે અવશ્ય સત્તામાં છે જ, એવી (૧૨૬) એકસ્સોહ છવીસ કર્મ પ્રકૃતિઓનો અજઘન્ય પ્રદેશ સંક્રમ સાદ્યાદિ ચાર પ્રકારે થાય છે.

સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવ.

ત્યાં ક્ષપિતકર્માંશી જીવ કર્મોનો ક્ષય કરવામાં ઉદ્યમશીલ બનેલો હોય ત્યારે ધ્રુવ સત્તાવાળી સર્વે પણ કર્મપ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે છે અને તે સાદિ-અધ્રુવ છે. તેનાથી અન્ય સર્વે પણ પ્રદેશસંક્રમ અજઘન્ય કહેવાય છે.

ઉપશમ શ્રેણિમાં આરૂઢ થયેલા જીવોને બન્ધવિચ્છેદ થયે છતે સામે કોઈ પતદ્ગ્રહ રૂપ પ્રકૃતિ ન હોવાથી પ્રદેશસંક્રમ થતો નથી. પરંતુ ત્યાંથી પતિત થયે છતે જેમ જેમ બંધમાં કર્મપ્રકૃતિઓ શરૂ થાય છે. તેમ તેમ પતદ્ગ્રહ પ્રાપ્ત થવાથી સંક્રમ શરૂ થાય છે ત્યારે અજઘન્યપ્રદેશસંક્રમની સાદિ, તે અબન્ધવાળું સ્થાન ન પામેલા જીવોને આ અજઘન્યપ્રદેશસંક્રમ અનાદિ, તથા અભવ્ય અને ભવ્યની અપેક્ષાએ ધ્રુવ અને અધ્રુવ સ્વયં સમજી લેવા.

આ પ્રમાણે ૧૨૬ કર્મપ્રકૃતિઓનો અજઘન્યપ્રદેશ સંક્રમ ચાર પ્રકારે સમજાવ્યો.

તથા જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ચાર એમ આવરણનવક અને અંતરાય કર્મ પાંચ તથા ઔદારિક સપ્તક એમ કુલ ૨૧ કર્મપ્રકૃતિ વિના શેષ (૧૨૬ - ૨૧ = ૧૦૫) એકસોહ પાંચ કર્મપ્રકૃતિ ધ્રુવસત્તાવાળી જે છે. તેનો અનુત્કૃષ્ટ પ્રદેશસંક્રમ સાદ્યાદિ ચાર પ્રકારે જાણવો. તે આ પ્રમાણે :-

ગુણિતકર્માંશી જીવ જ્યારે કર્મોનો ક્ષય કરવા માટે ઉદ્યમશીલ થાય ત્યારે સર્વે પણ કર્મપ્રકૃતિઓનો ક્ષપકશ્રેણીમાં ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ પ્રાપ્ત થાય છે. આ સ્થાન વિના અન્યત્ર આવો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ પ્રાપ્ત થતો નથી. તેથી આ ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ જ્યારે જીવ ત્યાં પહોંચે ત્યારે થાય. માટે સાદિ અને સત્તાનો ક્ષય કરીને ઉપર જાય ત્યારે સંક્રમ વિરામ પામી જાય છે. તેથી ઉત્કૃષ્ટ અધ્રુવ એમ ઉત્કૃષ્ટના બે પ્રકાર છે.

આવા પ્રકારના આ ઉત્કૃષ્ટપ્રદેશ સંક્રમ વિનાનો શેષ સઘળો પણ સંક્રમ અનુત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ કહેવાય છે. ઉપશમ શ્રેણિમાં આરૂઢ થયેલા જીવને સામે પતદ્ગ્રહ ન હોવાથી સંક્રમનો વ્યવચ્છેદ થયેલો છે. પરંતુ ત્યાંથી જ્યારે પતન પામે છે ત્યારે તે તે કર્મોનો સંક્રમ ચાલુ થાય છે. માટે તે કાળે ગુણિતકર્માંશી જીવને અનુત્કૃષ્ટપ્રદેશ સંક્રમ સાદિ થાય છે. તે સ્થાન ન પામેલા જીવોને અનાદિ, ધ્રુવ અને અધ્રુવ પૂર્વની જેમ જાણવા.

આ (૧૦૫) એકસોહ પાંચ કર્મપ્રકૃતિઓના જઘન્ય અને ઉત્કૃષ્ટ આ બન્ને સાદિ-અધ્રુવ જાણવા... તથા જ્ઞાનાવરણીયાદિ જે ૨૧, એકવીસ કર્મપ્રકૃતિઓ છે કે જેનો અજઘન્ય ચાર પ્રકારે છે. પરંતુ અનુત્કૃષ્ટ ચાર પ્રકારે નથી તેવી તે (૨૧) એકવીસ કર્મપ્રકૃતિઓના જઘન્ય-ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ એમ આ ત્રણે પ્રકારના પ્રદેશ સંક્રમો સાદિ અને અધ્રુવ એમ બે પ્રકાર જ જાણવા.

ત્યાં (૧૦૫) એકસોહ પાંચ કર્મપ્રકૃતિઓના જઘન્ય અને ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ સાદિ અધ્રુવપણે બે પ્રકારના છે. તે ઉપરના અજઘન્ય અને અનુત્કૃષ્ટ સમજાવવાના અવસરે જ સમજાવેલ છે. તેથી તે સાદિ-અધ્રુવ છે.

જ્ઞાનાવરણીયાદિ ૨૧ કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ ગુણિત કર્માંશી મિથ્યાદષ્ટિ જીવમાં ક્યારેક જ પ્રાપ્ત થાય છે. શેષકાળે અનુષ્કૃષ્ટ પ્રદેશસંક્રમ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે આ બન્ને સાદિ અને અધ્રુવ જાણવા. જઘન્ય પ્રદેશ સંક્રમ તો સાદિ-અધ્રુવ છે. તે પૂર્વે જ અજઘન્ય પ્રસંગે સમજાવેલ જ છે.

આ (૧૨૬) કર્મપ્રકૃતિ વિનાની બાકી રહેલી (૩૨) બત્રીસ કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ - અનુત્કૃષ્ટ - જઘન્ય અને અજઘન્ય આ ચારે પ્રદેશ સંક્રમો સાદિ-અધ્રુવ જ હોય છે. તેમાં ૨૮ કર્મપ્રકૃતિઓ તો અધ્રુવસત્તાવાળી જ હોવાથી સત્તામાં જ ક્યારેક હોય અને ક્યારેક સત્તામાં ન હોય, જ્યારે હોય ત્યારે સંક્રમ થાય અને જ્યારે ન હોય ત્યારે સંક્રમ ન થાય તે માટે તેના સર્વે ભાંગા સાદિ-અધ્રુવ જાણવા.

તથા (૨૮) અધ્રુવસત્તા વિનાની ૧ મિથ્યાત્વ મોહ, નીચગોત્ર અને સાતા-અસાતા વેદનીય આ ચારે કર્મપ્રકૃતિ અનાદિકાળથી સત્તામાં છે. તો પણ સાતા-અસાતા-(ઉચ્ચ) નીચગોત્ર પરાવર્તમાન હોવાથી વારાફરતી બંધાય છે. માટે સત્તામાં બધી જ હોય. પરંતુ સાતા બંધાય ત્યારે અસાતાનો સંક્રમ હોય પણ સાતાનો ન હોય અને અસાતા બંધાય ત્યારે સાતાઓ સંક્રમ હોય પણ અસાતાનો ન હોય તે જ પ્રમાણે ગોત્રકર્મમાં પણ સમજવું. આ રીતે આ ચારે પ્રકૃતિના ચારે ભાંગા સાદિ-અધ્રુવ છે. તેમાંથી ઉચ્ચગોત્ર અધ્રુવસત્તામાં ગણાયેલ હોવાથી અહીં ત્રણના ભાંગા સાદિ-અધ્રુવ જાણવા.

તથા મિથ્યાત્વ મોહ ધ્રુવસત્તા હોવા છતાં પણ તેનો સંક્રમ સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયમાં જ થાય. અનાદિ મિથ્યાત્વી જીવને તે તે દર્શનમોહનીય સત્તામાં જ ન હોવાથી તેમાં મિથ્યાત્વનો સંક્રમ થવાનો અવસર આવતો નથી માટે મિથ્યાત્વના સંક્રમના પણ સામે પતદ્ગ્રહ ન હોવાથી સાદિ-અધ્રુવ એમ બે જ ભાંગા જાણવા. આ પ્રમાણે સાદિ-અનાદિની પ્રરૂપણા સમજાવી. ॥૭૨-૭૩॥

***અવતરણ :- તે આ પ્રમાણે સાદ્યાદિ પ્રરૂપણા કરી. હવે ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમનું સ્વામિત્વ કહેવાનું છે. તે ગુણિતકર્માંશી જીવમાં જ પ્રાપ્ત થાય છે. તેથી સૌથી પ્રથમ તે ગુણિતકર્માંશીનું લક્ષણ જણાવતાં કહે છે :-***

**जो बायरतसकालेणूणं, कम्मठिइं तु पुढवीए ।**
**बायरपज्जत्तापज्जत्तगदीहेयरद्धासु ॥ ७४ ॥**

**जोगकसाउक्कस्सो, बहुसो णिच्चमवि आउबंधं च ।**
**जोगजहण्णेणुवरिल्लठिइणिसेगं बहुं किच्चा ॥७५॥**

**ગાથાર્થ :-** બાદર ત્રસકાયના કાલથી ન્યૂન એવી મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રમાણ પૃથ્વીકાયમાં રહીને ત્યાં પણ બાદર પર્યાપ્તામાં દીર્ઘકાળ અને બાદર અપર્યાપ્તામાં અલ્પકાળ રહીને તેમાં પણ વારંવાર યોગ અને કષાય વડે ઉત્કૃષ્ટ બનીને તેમાં પણ જ્યારે જ્યારે આયુષ્યના બંધનો અવકાશ આવે ત્યારે ત્યારે જઘન્ય યોગવાળો બનીને ઉપરના ભાગમાં ઘણી ઘણી દલિક રચના કરીને પૃથ્વીકાયના ભવમાંથી નીકળે (તેવો જીવ) ॥૭૪-૭૫॥

**વિવેચન :-** હવે આ ગાથાઓમાં ગુણિતકર્માંશી જીવ કોને કહેવાય ? તે સમજાવે છે. હવે સમજાવાતી નીતિ રીતિ મુજબ કર્મોના ઘણા પ્રદેશો જેણે બાંધ્યા છે. તેવો જીવ ગુણિતકર્માંશી કહેવાય છે. તે આ પ્રમાણે સમજવો.

શાસ્ત્રોમાં તેઉકાય અને વાઉકાયાના જીવો ગમનાગમન કરતા હોવાથી ત્રસ કહેવાય છે. પરંતુ પોતાની ઇચ્છા પ્રમાણે દુ:ખથી બચવા અને સુખ પામવા ગમનાગમન કરી શકતા નથી. માટે બેઇન્દ્રિયાદિ જીવોની જેવા ત્રસ નથી. તેથી તે બન્ને કાયના જીવોને ગતિત્રસ અથવા સૂક્ષ્મત્રસકાય કહેવાય છે. તે ન આવી જાય એટલે મૂલગાથામાં બાદર ત્રસકાય એટલે બેઈન્દ્રિય તેઈન્દ્રિય ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો એવા ત્રસ જીવો કહ્યા છે.

તેવા બાદર ત્રસકાયમાં (એટલે કે બેઈન્દ્રિયાદિના ભવમાં) રહેવાનો જે કાળ, પૂર્વકોટિ પૃથક્ત્વ અધિક એવાં બે હજાર (૨૦૦૦) સાગરોપમ પ્રમાણ છે. તેટલો કાળ ન્યૂન કરો. એવી મોહનીયકર્મની જે સ્થિતિ (૭૦ કોડાકોડી સાગરોપમ) આટલો લાંબો કાળ બાદર પૃથિવીકાયના ભવોમાં રહીને જે જીવ ત્યાંથી નીકળીને ત્રસકાયમાં આવે.

બાદર પૃથ્વીકાયના ભવમાં (જે ૨૦૦૦ સાગરોપમ ન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ) જે જીવ રહ્યો. તે કેવી રીતે અને કેવા પ્રકારે રહ્યો ? તેની સ્પષ્ટતા વધારે કરે છે કે,

(૧) પર્યાપ્તાના ભવોમાં ઘણો લાંબો કાળ રહે અને અપર્યાપ્તાના ભવોમાં થોડો કાળ રહે, પર્યાપ્તાની સ્વકાયસ્થિતિ પૂર્ણ થતી હોય એટલે વચ્ચે વચ્ચે અપર્યાપ્તાના ભવો કરે આ રીતે ઘણા પર્યાપ્તાના ભવો અને થોડાક જ અપર્યાપ્તાના ભવોમાં રહીને જે નીકળે તે જીવ લેવો.

(૨) તથા તે પૃથ્વીકાયના ભવમાં જ્યાં સુધી (૨૦૦૦ સાગરોપમન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમ) રહે છે. તેમાં પણ વધારેમાં વધારે વાર ઉત્કૃષ્ટયોગવાળો થાય અને ઉત્કૃષ્ટકષાયવાળો પણ થાય તેવો જીવ લેવો.

અહીં બીજા એકેન્દ્રિય જીવો કરતાં બાદર પૃથ્વીકાયના જીવો ઘણા લાંબા (૨૨૦૦૦ હજાર વર્ષના) આયુષ્યવાળા છે. તેથી સતત પણે ઘણા ઘણા કર્મપુદ્ગલોનું ગ્રહણ આ જીવ કરે છે. તથા પૃથ્વીકાયના જીવો બલવાન હોવાથી વેદનાને અતિશય સહન કરવાની ક્ષમતાવાળા હોવાથી તેવા જીવને કર્મોનાં ઘણાં ઘણાં પુદ્ગલોનો નાશ થતો નથી. જે અસહિષ્ણુ જીવ હોય છે તે જ વેદના દ્વારા આકુલ-વ્યાકુલ થયો છતો તેવા તેવા ઉપાયો વડે ઘણાં ઘણાં કર્મ પુદ્ગલોનો નાશ કરી નાંખે છે. હાલ તેવા જીવનું પ્રયોજન નથી. તે માટે બહુ વિચારીને પૃથ્વીકાય બાદરજીવનું ગ્રહણ અહીં સ્વામિત્વમાં કર્યું છે.

(૩) જે અપર્યાપ્તાના ભવનું ગ્રહણ કર્યું છે. તે પરિપૂર્ણ સ્વકાય સ્થિતિ લેવા માટે જાણવું. સતત સતત પર્યાપ્તાના ભવ કરે તો પણ તેની સ્વકાયસ્થિતિ પૂર્ણ થાય એટલે ફરીથી તેટલા જ ભવો પર્યાપ્તાના પૃથ્વીકાયના કરી શકે તે માટે જ વચમાં અલ્પકાળ અપર્યાપ્તાના ભવ કરી આવે. તેવો જીવ અહીં લેવો.

આ જીવોમાં અપર્યાપ્તાના ભવો બહુ જ અલ્પ અને પર્યાપ્તાના ભવ ઘણા લેવાનું કારણ એ છે કે જલ્દી જલ્દી મરણ ન આવે એટલે આકુળતા-વ્યાકુળતા ન આવવાથી બળવાનપણુ ટકી રહેવાથી ઘણા ઘણા કર્મ પુદ્ગલોનો નાશ થાય નહીં અને ઘણાં દલિક સત્તામાં રહે તે માટે પર્યાપ્તાના ભવ ઘણા અને લાંબા આયુષ્યવાળા તથા અપર્યાપ્તાના ભવો થોડા અને ટુંકા આયુષ્યવાળા આવું વિધાન કરેલ છે.

જો આવું વિશેષણ ન લખીએ તો નિરંતર ઉત્પત્તિ અને મરણમાં જ વર્તનારો જીવ ઘણા ઘણા કર્મપુદ્ગલોનો પરિશાટ (નાશ) કરી નાખે અને આવાં ઘણાં કર્મપુદ્ગલોનો જે જીવ નાશ કરી નાખે તેવા જીવનું ઉત્કૃષ્ટ પ્રદેશોની સત્તાવાળા થવામાં કામ નથી. તે માટે આવું વિશેષણ લખ્યું છે કે દીર્ઘ જીવનવાળો, પર્યાપ્તાના ઘણા ભવ કરનારો અને વચ્ચે વચ્ચે અપર્યાપ્તાના થોડા થોડા ભવ કરનારો.

(૪) ઉત્કૃષ્ટ યોગસ્થાનકમાં વર્તતો જીવ, કારણ કે ઉત્કૃષ્ટ યોગમાં જ્યારે જ્યારે વર્તે ત્યારે ત્યારે ઉત્કૃષ્ટ કાર્મણવર્ગણા ગ્રહણ કરે ઘણાં ઘણાં કર્મપુદ્ગલોના જથ્થા તે જીવ ગ્રહણ કરે. હાલ આવા જીવનું જ પ્રયોજન છે તે માટે ઉત્કૃષ્ટ યોગવાળો એવો જીવ કહ્યો છે.

(૫) તથા વારંવાર ઉત્કૃષ્ટ સંકિલષ્ટ પરિણામવાળો થયેલો એવો જીવ લેવો. કારણ કે જીવ ઉત્કૃષ્ટસંક્લિષ્ટ પરિણામવાળો જ્યારે જ્યારે બને ત્યારે ત્યારે ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ બાંધે અને જ્યારે જ્યારે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે ત્યારે ત્યારે ઉત્કૃષ્ટ ઉદ્વર્તના કરે અને અપવર્તના થોડી જ કરે. એટલે ઉપરની સ્થિતિમાં ઘણા દલિકોનો સંગ્રહ થાય. હાલ તેનું પ્રયોજન છે. તે માટે ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામવાળો જીવ ગ્રહણ કર્યો છે. આ પ્રમાણે આ ઉત્કૃષ્ટયોગ અને ઉત્કૃષ્ટ કષાય ગ્રહણ કરવાનું કારણ સમજાવ્યું.

(૬) તથા તમામ ભવોમાં જ્યારે જ્યારે આયુષ્ય બાંધવાનો કાળ આવે છે. ત્યારે ત્યારે જઘન્ય યોગમાં વર્તતો જીવ થઈ જાય તેવો જીવ લેવો. કારણ કે આયુષ્યના બંધને યોગ્ય એવા ઉત્કૃષ્ટ યોગમાં વર્તતો જીવ આયુષ્યકર્મનાં ઘણાં ઘણાં પુદ્‌ગલોને ગ્રહણ કરે છે તથા ઉત્કૃષ્ટ યોગ દ્વારા આયુષ્યકર્મનાં ઘણાં કર્મ પુદ્‌ગલોને ગ્રહણ કરતો આત્મા તથાસ્વભાવે જ જ્ઞાનાવરણીયાદિ શેષકર્મોનાં ઘણાં ઘણાં કર્મપુદ્‌ગલોનો નાશ કરે છે. તેવા જીવનું આ ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમના સ્વામિત્વમાં કામ નથી. તેથી જઘન્યયોગવાળો થઈને આયુષ્ય બાંધે એવા જીવનું ગ્રહણ કર્યું છે.

(૭) તથા કર્મબંધ કર્યા પછી પણ દલિકોની રચના જ્યારે કરે ત્યારે ઉપર ઉપરની સ્થિતિઓમાં પોતાની ભૂમિકાને અનુસારે વધારે વધારે દલિકોની રચના કરવાવાળો એવો જીવ લેવો. કારણ કે ઉપરનાં સ્થિતિસ્થાનોમાં ઘણાં દલિકોની રચના કરેલી હોય તો ત્રસ કાયવાળા કાળમાં આવ્યા પછી ઘણાં દલિકોનો પરમાં સંક્રમ જીવ કરી શકે તે માટે.

આ પ્રમાણે બાદર એવા પૃથ્વીકાયના ભવોમાં બાદર ત્રસકાયની સ્થિતિથી ન્યૂન એવી ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ રહીને ત્યારબાદ તે જીવ તે પૃથ્વીકાયના ભવમાંથી નીકળે છે અને બાદર ત્રસકાયમાં એટલે કે બેઇન્દ્રિયાદિના ભવોમાં ઉત્પન્ન થાય છે. તેવો જીવ આ ગુણિત કર્માંશીના અધિકારમાં લેવો.

સર્વત્ર વધારે કર્મદલિકો ગ્રહણ કેમ થાય ? અને કર્મદલિકોનો વિનાશ કેમ ઓછો થાય ? તે ધ્યાનમાં રાખીને ઉત્કૃષ્ટ પ્રદેશોની સત્તા લાવવા માટે જ્ઞાનીપુરૂષોએ જે જોએલું છે. તેને અનુસારે આ વિધાન સમજવું. ॥૭૪-૭૫॥

**बायरतसेसु तक्कालमेवसंते य सत्तमखिईए ।**
**सव्वलहुं पज्जत्तो जोगकसायाहिओ बहुसो ॥ ७६ ॥**

**ગાથાર્થ :-** બાદર ત્રસકાયમાં તેટલો કાળ (૨૦૦૦ સાગરોપમ પ્રમાણ) રહે. તેમાં જેટલીવાર વધારે સાતમી નરકમાં જવાય તેટલીવાર જઈને છેલ્લો અન્તિમ ભવ પણ તે સાતમી નારકીનો કરે. ત્યાં બીજા જીવો કરતાં જલ્દી પર્યાપ્તો થાય. દરેક ભવોમાં યોગ અને કષાયની માત્રા વડે બહુવાર અધિક અધિક કર્મદલિક ગ્રહણ કરવાવાળો થાય. ॥૭૬॥

**વિવેચન :-** બાદર ત્રસકાયમાં (એટલે કે વિકલેન્દ્રિય અને અસંજ્ઞી તથા સંજ્ઞી પંચેન્દ્રિયના ભવમાં) પર્યાપ્તામાં ઘણો કાળ અને અપર્યાપ્તામાં અલ્પકાળ રહેલાપૂર્વક પૂર્વે કહેલી તમામ રીતરસમ મુજબ તેટલો કાળ એટલે કે બાદર ત્રસકાયનો જેટલો સ્થિતિકાળ છે. તેટલો (૨૦૦૦ સાગરોપમ પ્રમાણ) બાદર ત્રસકાયમાં પસાર કરે.

તે પરિભ્રમણ કરતાં કરતાં જેટલીવાર સાતમી નરકભૂમિમાં જવાને યોગ્ય હોય

તેટલી વધુવાર સાતમી નારકભૂમિમાં જાય, ત્યાં જઈને સાતમી નરકભૂમિપણે વર્તતો એવો તે જીવ. આ સાતમી નારકીમાં ઉત્કૃષ્ટ એવો યોગ અને ઉત્કૃષ્ટ એવો કષાય વારંવાર લભ્ય બને. તે માટે તથા દીર્ઘાયુષ્ય છે વારંવાર સતત મૃત્યુ નથી તે માટે જેટલીવાર સંભવ હોય તેટલીવાર સાતમી નારકીના ગમનનું ગ્રહણ કરેલ છે.

તથા તે સાતમી નારકીમાં સાતમી નારકીના અન્ય જીવો કરતાં જલ્દી જલ્દી પર્યાપ્તો થાય અર્થાત્ પર્યાપ્તાના ભવને પામે, તેવો જીવ લેવો. કારણ કે અહીં અપર્યાપ્તાની અપેક્ષાએ પર્યાપ્તાને અસંખ્યાતગણો યોગ અધિક હોય છે. તેમ હોય તો જ તે જીવને અતિશય ઘણાં કર્મપુદ્‌ગલોનું ગ્રહણ સંભવે છે. તેવા જીવનું જ અહીં પ્રયોજન છે. તે માટે "सर्वलघुपर्याप्त"સર્વ જીવો કરતાં જલ્દી જલ્દી પર્યાપ્તો થયેલો જીવ અહીં ગ્રહણ કર્યો છે.

તથા તે સાતમી નરકભૂમિમાં પણ અનેકવાર ઉત્કૃષ્ટ યોગસ્થાનકોમાં અને ઉત્કૃષ્ટ કાષાયિક અધ્યવસાય સ્થાનકોમાં = કાષાયિક પરિણામ વિશેષોને પામતો એવો જીવ અહીં ગ્રહણ કરવો. ॥૭૬॥

**जोगजवमज्झउवरिं, मुहुत्तमच्छित्तु जीवियवसाणे ।**
**तिचरिमबिचरिमसमए, पूरित्तु कसायउक्कस्सं ॥७७॥**

**जोगुक्कस्सं चरिमदुचरिमे, समए य चरिमसमयम्मि ।**
**संपुन्नगुणियकम्मो, पगयं तेणेह सामित्ते ॥७८॥**

**ગાથાર્થ :-** જીવનના છેલ્લા અંતર્મુહૂર્તકાળમાં યોગસ્થાનકોના યવમધ્યવાળા કાળમાં (આઠ સામાયિક સ્થાનોમાં) વર્તીને ત્રિચરમ અને દ્વિચરમ સમયોમાં ઉત્કૃષ્ટ કષાયોને પૂરીને ત્યારબાદ દ્વિચરમ અને ચરમ સમયોમાં ઉત્કૃષ્ટ યોગસ્થાનક ઉપર આરૂઢ થઈને તે જ જીવ ચરમ સમયમાં સંપૂર્ણ ગુણિતકર્માંશી થાય છે. તેવા ગુણિતકર્માંશી જીવનો અહીં સ્વામીત્વના વિષયમાં અધિકાર છે. ॥૭૭-૭૮॥

**વિવેચન :-** ગુણિત કર્માંશી જીવ કોને કહેવાય. તેનો અધિકાર ચાલે છે. ઉપર સમજાવ્યા મુજબ સાતમી નારકીના ભવમાં ૩૩ સાગરોપમ પ્રમાણ આયુષ્ય પસાર કરીને મૃત્યુકાળ નજીક આવે. ત્યારે છેલ્લું એક અંતર્મુહૂર્ત કાળ બાકી હોય ત્યારે યોગસ્થાનકોના યવમધ્ય ઉપર આરૂઢ થઈને એટલે કે અષ્ટ સામાયિકવાળા અધ્યવસાય સ્થાનો ઉપર આરૂઢ થઈને અસંખ્યાતગુણની વૃદ્ધિ વડે યોગસ્થાનકમાં વધતો અને તેના કારણે ઘણું દલસંચય કરતો એવો જીવ સાતમી નારકીના કાળના અન્તિમ કાળમાં પ્રવેશ કરે ત્યારે ત્રિચરમ અને દ્વિચરમ સમયમાં (છેલ્લા સમયથી ત્રીજા સમયમાં અને બીજા સમયમાં ધારો કે ૧૦૦ સમયનો કાળ હોય તો ૯૮મા અને ૯૯મા સમયમાં જાય ત્યારે) ઉત્કૃષ્ટ કાષાયિક સંક્લિષ્ટ સ્થાન ઉપર આરૂઢ થાય. (ત્રણ સમયો છે. ચરમ જેને એવો સમય અર્થાત્ જેનાથી

આરંભીને ચરમ સમય ત્રીજો બનતો હોય તેવો સમય) સારાંશ કે ૧૦૦ની અપેક્ષાએ ૯૮મો સમય તે ત્રિચરમ સમય કહેવાય છે.

એવી જ રીતે બે સમય છે ચરમ જેનાથી અર્થાત્ ચરમથી બીજો સમય જેમ કે ૧૦૦ની અપેક્ષાએ ૯૯મો સમય દ્વિચરમ સમય.

આ પ્રમાણે ત્રિચરમ (૯૮મા) સમયમાં અને દ્વિચરમ (૯૯મા) સમયમાં ઉત્કૃષ્ટ કાષાયિક સંક્લિષ્ટ સ્થાનમાં વર્તતો જીવ અને દ્વિચરમ (૯૯મા) સમયમાં તથા ચરમ સમયમાં (૧૦૦મા) સમયમાં ઉત્કૃષ્ટ યોગ સ્થાનમાં વર્તનારો જીવ સાતમા નારકીના ચરમ સમયે ગુણિત કર્માંશી કહેવાય છે.

અહીં ઉત્કૃષ્ટ યોગ અને ઉત્કૃષ્ટ કષાય આ બન્ને વધારેમાં વધારે ૧ સમય જ સાથે હોય છે. પણ અધિક સમય સુધી હોતા નથી. તે માટે ૯૮-૯૯માં ઉત્કૃષ્ટ કષાયવાળો અને ૯૯-૧૦૦માં ઉત્કૃષ્ટ યોગવાળો એવો જીવ લીધો છે. તથા ઉત્કૃષ્ટયોગ અને ઉત્કૃષ્ટકષાય બે જ સમય વધારેમાં વધારે હોય છે. તેથી આમ વિધાન કરેલ છે અર્થાત્ આમ વિષમ રીતે સમયોમાં ઉત્પન્ન થયેલા ઉત્કૃષ્ટયોગ સ્થાનકનું અને ઉત્કૃષ્ટકાષાયિક સ્થાનનું ગ્રહણ કર્યું છે.

ત્રિચરમ (૯૮મા) સમયમાં અને દ્વિચરમ (૯૯મા સમયમાં) ઉત્કૃષ્ટ સંક્લેશનું ગ્રહણ જે કર્યું છે. તે ઘણી ઉદ્વર્તના થાય અને થોડીક જ અપવર્તના થાય તે માટે છે. જેથી ઉપરમાં નિષેક સ્થાનોમાં ઘણું કર્મદલિક પ્રાપ્ત થઈ શકે. તે માટે આમ વિધાન કરેલ છે.

તથા દ્વિચરમ (૯૯મા) સમયમાં અને ચરમ (૧૦૦મા) સમયમાં ઉત્કૃષ્ટ યોગનું જે ગ્રહણ કર્યું છે તે વધારેમાં વધારે કર્મદલિકોનું ગ્રહણ થાય તે માટે કથન છે. આ પ્રમાણે જ ઘણા ઘણા પ્રદેશોનો ઉપચય સંભવી શકે છે. તે માટે આવું કથન કરેલ છે.

આ પ્રમાણે ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ પૃથ્વીકાયના ભવમાં રહીને બાદર ત્રસકાયમાં આવીને શક્ય બને તેટલી વાર ઉત્કૃષ્ટ યોગ અને ઉત્કૃષ્ટ કષાયવાળો બનીને ઘણું જ ઘણું કર્મદલિક ગ્રહણ કરીને વધારેમાં વધારે જેટલીવાર જવાય તેટલીવાર સાતમી નારકીમાં જઈને ત્યાં પણ ઉત્કૃષ્ટ કષાય અને ઉત્કૃષ્ટ યોગવાળો થઈને ત્રિચરમ-દ્વિચરમ સમયમાં ઉત્કૃષ્ટ કષાયવાળો તથા દ્વિચરમ ચરમ સમયમાં ઉત્કૃષ્ટ યોગવાળો થઈને સાતમી નારકીના ચરમ સમયમાં આ જીવ સંપૂર્ણ ગુણિત કર્માંશી બને છે.

તેવા ગુણિત કર્માંશી જીવ વડે જ અહીં ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમના સ્વામિત્વમાં અધિકાર છે. આ પ્રમાણે ૭૪-૭૫-૭૬-૭૭ અને ૭૮ આ પાંચ ગાથામાં સાથે મળીને ગુણિત કર્માંશી જીવ કોને કહેવાય ? તે માત્ર સમજાવ્યું છે. હવે પછીની ગાથાઓમાં આવા જીવમાં ઉત્કૃષ્ટ કર્મપ્રદેશાની સત્તા હોવાથી ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ સંભવી શકે છે. તેમ સમજીને સ્વામિત્વ સમજાવવામાં આવશે.

*અવતરણ :- ગુણિત કર્માંશી જીવ સમજાવ્યો, હવે સ્વામિત્વ કહેવાય છે.*

**तत्तो उव्वट्टित्ता, आवलिगासमयतब्भवत्थस्स ।**
**आवरणविग्घचोद्दसगोरालियसत्तगुक्कस्सो ॥ ७९ ॥**

**ગાથાર્થ :-** ત્યાંથી નીકળીને પંચેન્દ્રિય તિર્યંચના ભવમાં આવેલા એવા તે જીવને એક આવલિકા કાળ ગયા પછી તે જ આવલિકાના ચરમ સમયે આવરણ નવક, અંતરાય પાંચ અને ઔદારિક સપ્તક એમ (૨૧) એકવીસ કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ થાય છે. ॥૭૯॥

**વિવેચન :-** ગુણિત કર્માંશી બનેલો તે જીવ [1]સાતમી નારકીમાંથી નીકળીને પંચેન્દ્રિય ગર્ભજ તિર્યંચમાં ઉત્પન્ન થયો છતો તે ભવમાં વર્તતા એવા તે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચના જીવને તે ભવની પ્રથમ આવલિકાના અન્તિમ (ચરમ) સમયે જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ચાર, અંતરાય પાંચ અને ઔદારિક સપ્તક એમ કુલ (૫+૪+૫+૭ = ૨૧) એકવીસ કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ થાય છે.

ત્યાં ઉત્કૃષ્ટપ્રદેશ સંક્રમનું સ્વામિત્વ થવાનું કારણ એ છે કે નારકીના ભવના અન્તિમ સમયે ઉત્કૃષ્ટ યોગ વડે આ ૨૧ કર્મપ્રકૃતિઓનું અતિશય ઘણું દલિક આ જીવે ઉપાર્જન કરેલું છે. તે તમામ દલિક બંધની એક આવલિકા પસાર થયે છતે અન્યત્ર સંક્રમ પામવાને યોગ્ય બને છે.

આ જીવની પાસે આ ક્રમે જેટલું કર્મદલિક ભેગું થયેલું છે. તેટલું કર્મદલિક અન્યત્ર એટલે બીજા ભવોમાં બીજી કોઈ રીતે લભ્ય જણાતું નથી. તેથી આવા નારકીમાંથી આવેલા અને પંચેન્દ્રિય તિર્યંચના ભવમાં રહેલા જીવને આવલિકાના અન્ત્ય સમયે ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ મળી શકે છે. તેવો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ બીજે ક્યાંય પ્રાપ્ત થતો નથી. ॥૭૯॥

**कम्मचउक्के असुभाण, बज्झमाणीय खवग ( सुहुम ) रागंते ।**
**संछोभणम्मि णियगे, चउवीसाए नियट्टिस्स ॥ ८० ॥**

**ગાથાર્થ :-** ચાર કર્મમાં દસમા ગુણઠાણે જે જે અબધ્યમાન અશુભ-કર્મપ્રકૃતિઓ છે

---

૧. સાતમી નારકીમાંથી જે જે જીવો નીકળે છે તે તે જીવો સંજ્ઞી પંચેન્દ્રિયતિર્યંચ ગતિમાં જ જાય છે. તેથી સાતમી નારકી પછીનો સંજ્ઞી પંચેન્દ્રિયતિર્યંચનો ભવ કહેલ છે. સાતમી નારકીમાંથી નીકળતાં પહેલાં નરકભવના અન્તિમ સમયમાં જે કર્મ બાંધ્યું છે. તે દલિકની અપેક્ષાએ સૌથી વધારે છે. તેનો સંક્રમ ત્યાંથી નીકળી સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચના ભવમાં આવે ત્યારે પ્રથમ એક આવલિકા કાળ જાય ત્યારે જ સંક્રમ થઇ શકે છે. તે માટે ઉત્કૃષ્ટ સંક્રમ આવલિકાના ચરમ સમયે થઈ શકે છે. માટે ત્યાં સ્વામી કહ્યા છે.

તે (૩૨) [1]બત્રીસ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટપ્રદેશ સંક્રમ દશમા ગુણઠાણાના ચરમ સમયે ક્ષપક શ્રેણિવાળો જીવ કરે છે. તથા (૨૪) ચોવીશ અબધ્યમાન અશુભ કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ પોતપોતાના ચરમપ્રક્ષેપ કાળે અનિવૃત્તિ બાદર સંપરાયે કરે છે. ॥૮૦॥

**વિવેચન :-** મૂલ ચાર કર્મમાં (દર્શનાવરણીય - વેદનીય - નામ કર્મ અને ગોત્ર કર્મમાં) આવતી જે જે અશુભ પ્રકૃતિઓ છે અને સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે અબધ્યમાન છે. એવી નિદ્રાદ્વિક ૨, અસાતા વેદનીય ૧, પહેલા વિનાનાં પાંચ સંઘયણ ૫ અને પાંચ સંસ્થાન ૫, અશુભ વર્ણાદિ નવક ૯, ઉપઘાત ૧, અશુભ વિહાયોગતિ ૧, અપર્યાપ્ત નામકર્મ ૧, અસ્થિરાદિ ષટ્ક ૬, (અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય અને અપયશ એમ કુલ છ) અને નીચગોત્ર ૧ એમ કુલ (૩૨) બત્રીસ જે પ્રકૃતિઓ છે.

તે ૩૨ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ ગુણિતકર્માંશી જીવ ક્ષપકશ્રેણિમાં સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે વર્તતો તેના ચરમ સમયે હોય ત્યારે ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમનો સ્વામી થાય છે.

તથા મધ્યમ આઠ કષાય, થિણદ્ધિત્રિક, તિર્યંચદ્વિક, વિકલેન્દ્રિય ૩ જાતિ, સૂક્ષ્મ, સાધારણ, હાસ્યાદિ છ નોકષાય એમ કુલ (૨૪) ચોવીશ કર્મપ્રકૃતિઓનો પોતપોતાના ચરમ પ્રક્ષેપ વખતે અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનકે ગુણિત કર્માંશી ક્ષપક જીવ ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમનો સ્વામી થાય છે. ॥૮૦॥

**तत्तो अणंतरागयसमयादुक्कस्स सायबंधद्धं ।**
**बंधिय असायबंधावलिगंतसमयम्मि सायस्स ॥ ८१ ॥**

**ગાથાર્થ :-** તે સાતમી નારકીમાંથી નીકળીને અનંતર ભવમાં આવેલા જીવને પ્રથમ સમયથી જ ઉત્કૃષ્ટ કાલ સુધી સાત વેદનીય બંધાય. તે બાંધ્યા પછી અસાતા વેદનીય બંધાય. તેના બંધની એક આવલિકાના ચરમ સમયે સાતાનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ પ્રાપ્ત થાય છે. ॥૮૧॥

**વિવેચન :-** સાતમી નારકીના ચરમ સમયે ગુણિત કર્માંશી બનેલો તે જીવ નરકના

૧. ઉપર ૩૨ પ્રકૃતિઓમાં અસાતાવેદનીય કહી છે. ત્યાં સાતા અને અસાતા આ બન્ને કર્મપ્રકૃતિઓ પરાવર્તમાન હોવાથી. અંતર્મુહૂર્ત કાળથી વધારે કાળ બંધાતી નથી. સાતમી નારકીમાં જેટલી વાર વધારે અસાતા બંધાઈ શકે. તેટલી વાર અસાતા બાંધીને તેને ઘણા દલિકવાળી કરે. ત્યારબાદ સાતમી નારકીમાંથી નીકળીને પંચેન્દ્રિય તિર્યંચમાં તે જીવ આવે. પ્રારંભના પ્રથમ અંતર્મુહૂર્તમાં સાતા બાંધે અને તેમાં અસાતા સંક્રમાવે. આ પ્રમાણે સાતાનો બંધ થવાથી અને તેમાં અસાતા આવવાથી સાતા પણ ઘણા દલિકવાળી પુષ્ટ બને. તેને બાંધ્યાને એક બંધાવલિકા પસાર થાય. ત્યાર પછીના સમયે બંધાતી અસાતામાં સાતાનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ કરે તો અસાતાની જેમ સાતાનો પણ ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ ત્યાં પણ મળી શકે છે. (જે ૮૧મી ગાથામાં ગ્રંથકારશ્રી પોતે જ કહે છે.)

ભવમાંથી નીકળીને અનંતર એવા પંચેન્દ્રિય તિર્યંચના ભવમાં આવે છે. ત્યાં આવ્યા પછી ઉત્પત્તિના પ્રથમ સમયથી આરંભીને ઉત્કૃષ્ટ બંધકાળ સુધી એટલે કે મોટા એક અંતર્મુહૂર્ત સુધી માત્ર સાતા વેદનીયકર્મ બાંધે, ત્યારે અસાતા તેમાં સંક્રમાવે, ત્યારબાદ અસાતા વેદનીય બાંધવાનો પ્રારંભ કરે.

બંધાતી એવી તે અસાતાવેદનીયના બંધની પ્રથમ એક આવલિકા પસાર થયે છતે અસાતાના બંધના અન્ત્ય સમયે જ સાતાવેદનીયની બંધાવલિકા સમાપ્ત થયેલી હોવાથી પૂર્વે બાંધેલી તમામ સાતા વેદનીય, બંધાતી એવી અસાતા વેદનીયમાં યથાપ્રવૃત્તસંક્રમ વડે સંક્રમિત કરતાં સાતાવેદનીયનો ઉત્કૃષ્ટપ્રદેશ સંક્રમ પ્રાપ્ત થાય છે.[1] ॥૮૧॥

**संछोभणाए दोण्हं, मोहाणं वेयगस्स खणसेसे ।**
**उप्पाइय सम्मत्तं, मिच्छत्तगए तमतमाए ॥ ८२ ॥**

**ગાથાર્થ :-** બે દર્શનમોહનીયકર્મ (મિથ્યાત્વ અને મિશ્રમોહનીય)નો ઉત્કૃષ્ટપ્રદેશ સંક્રમ પોત પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપકશ્રેણિમાં થાય છે. તથા તમસ્તમા પ્રભા નામની સાતમી નારકીમાં અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી હોય ત્યારે સમ્યક્ત્વને ઉત્પન્ન કરીને મિથ્યાત્વે ગયેલા જીવને સમ્યક્ત્વમોહનીયનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ થાય છે. ॥૮૨॥

**વિશેષાર્થ :-** દર્શન મોહનીય કર્મની બે પ્રકૃતિઓ (૧ મિથ્યાત્વ મોહનીય અને (૨) મિશ્ર મોહનીય આ બે કર્મપ્રકૃતિઓ)નો ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતી વેળાએ ચોથાથી સાતમા ગુણસ્થાનકમાં તેનો પોતપોતાનો ચરમ પ્રક્ષેપ આ જીવ જ્યારે કરતો હોય છે ત્યારે સર્વ સંક્રમ વડે પરમાં સંક્રમાવતો હોય તે વેળાએ ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ થાય છે.

તથા ક્ષણશેષે = એટલે કે અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી હોય ત્યારે તમસ્તમા પ્રભા નારકીમાં (એટલે કે સાતમી નારકીમાં વર્તતો નારકીનો જીવ) ઔપશમિક સમ્યક્ત્વ પ્રગટ કરીને ગુણસંક્રમના લાંબા એવા અંતર્મુહૂર્ત કાલ વડે સમ્યક્ત્વમોહનીયમાં મિથ્યાત્વ અને મિશ્ર સંક્રમાવવા દ્વારા સમ્યક્ત્વમોહનીયને ઘણી જ પુષ્ટ કરીને (એટલે કે સમ્યક્ત્વમોહનીયનો ઘણો દલિકપુંજ એકઠો કરીને) સમ્યક્ત્વથી પતન પામી મિથ્યાત્વે આવે છતે મિથ્યાત્વે આવવાના કાળમાં પ્રથમ આવલિકા પસાર થયે છતે ત્યાર પછીના પ્રથમ સમયે જ સમ્યક્ત્વમોહનીયનો મિથ્યાત્વમોહનીયમાં જે સંક્રમ આ જીવ કરે છે. તે સમ્યક્ત્વ મોહનીયનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ જાણવો. (પંચસંગ્રહ સંક્રમણકરણ ગાથા ૯૨) ॥૮૨॥

---

૧. આ જ વિષય પંચસંગ્રહ સંક્રમકરણ ગાથા ૯૦માં જણાવેલી છે.

*અવતરણ :- હવે અનંતાનુબંધીનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ કહે છે :-*

**भिन्नमुहुत्ते सेसे, तच्चरिमावस्सगाणि किच्चेत्थ ।**
**संजोअणा विसंजोअगस्स, संछोभणा एसिं ॥ ८३ ॥**

**ગાથાર્થ** :- સાતમી નારકીમાં અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી હોતે છતે તે ભવના ચરમ કાળમાં કરવા લાયક સર્વ કાર્યો કરીને અહીં પંચેન્દ્રિય તિર્યંચના ભવમાં આવીને અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કરનારા જીવને ચરમ સંક્રમ જ્યારે કરે ત્યારે તે અનંતાનુબંધી ચાર કષાયોનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ થાય છે. ॥૮૩॥

**વિવેચન** :- સાતમી નારકીમાં રહીને જે જીવ ગુણિત કર્માંશી બન્યો છે અને અન્તિમ એક અંતર્મુહૂર્ત આયુષ્ય હજુ સાતમી નારકીનું બાકી છે. ત્યારે આ છેલ્લા અંતર્મુહૂર્ત કાળમાં કરવા લાયક જે જે કાર્યો છે. (પૂર્વે કહ્યાં છે. તે કાર્યો જેમ કે ત્રિચરમ-દ્વિચરમ સમયે ઉત્કૃષ્ટ કષાયવાળો તથા દ્વિચરમ સમયે અને ચરમ સમયે ઉત્કૃષ્ટ યોગવાળો બને ઇત્યાદિ જે જે કાર્યો પૂર્વે ગાથા ૭૭-૭૮માં જે કંઇ કહ્યું) તે તે કાર્યો કરીને જેમ કે યોગનાં યવમધ્ય (આઠ સમય સુધી ટકી શકે તેવા) સ્થાનો ઉપર આરૂઢ થઈને અન્તિમ અંતર્મુહૂર્તમાં અવસ્થાન કરવું ઇત્યાદિ તે તે કાર્યો કરીને તે સાતમી નારકીમાંથી નીકળીને અનન્તર ભવમાં એટલે કે પંચેન્દ્રિય તિર્યંચના ભવમાં આવીને સમ્યક્ત્વ ગુણ ઉત્પન્ન કરીને ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળો થયો છતો અનંતાનુબંધી ચાર કષાયની વિસંયોજના કરે છે.

વિસંયોજના એટલે એક પ્રકારની ક્ષપણા જ સમજવી.

વિસંયોજના અને ક્ષપણા આ બન્નેમાં અનંતાનુબંધી ચાર કષાયનો તો સર્વથા નાશ જ કરે છે. પરંતુ વિસંયોજના તેને કહેવાય છે કે જે આત્માએ અનંતાનુબંધી ચાર કષાયોનો નાશ કર્યો છે. પરંતુ તેના કારણભૂત બીજતુલ્ય મિથ્યાત્વનો નાશ નથી કર્યો. જેના કારણે ફરીથી અનંતાનુબંધી ચાર કષાય આવવાનો સંભવ છે. તેને વિસંયોજના કહેવાય છે અને જે આત્માએ અનંતાનુબંધી ચાર કષાય તથા તેના બીજભૂત મિથ્યાત્વ આમ બન્નેનો ક્ષય કર્યો છે. કે જેને ફરીથી અનંતાનુબંધી આવવાનો સંભવ નથી. તેને ક્ષપણા કહેવાય છે.

ક્ષપણાવાળાને ફરીથી અનંતાનુબંધી સત્તામાં કે બંધમાં આવતા નથી. પરંતુ વિસંયોજનાવાળાને અનંતાનુબંધી ચાર કષાય ફરીથી બંધાય પણ છે અને સત્તામાં પણ આવે છે.

આ પ્રમાણે આ ચાર અનંતાનુબંધી કષાયોની વિસંયોજના કરવા દ્વારા કરીને નાશ કરનારા આત્માને તે ચાર અનંતાનુબંધી કષાયોનો જ્યારે ચરમ પ્રક્ષેપ કરે ત્યારે સર્વસંક્રમ વડે જે સંક્રમ થાય છે તે જ ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ અનંતાનુબંધી ચાર કષાયનો કહેવાય છે. (પંચસંગ્રહ સંક્રમણ કરણ ગાથા ૯૩) ॥૮૩॥

**ईसाणागयपुरिसस्स, इत्थियाए व अट्ठवासाए ।**
**सासपुहुत्तब्भहिए, णपुंसगे सव्वसंकमणे ॥ ८४ ॥**

**ગાથાર્થ :-** ઈશાન દેવલોકમાં જઈને ત્યાંથી મૃત્યુ પામી. મનુષ્યભવમાં પુરૂષ અથવા સ્ત્રી થાય અને માસપૃથકત્વ અધિક એવાં આઠ વર્ષની ઉંમરવાળો થયો છતો જે જીવ ક્ષપકશ્રેણિ પ્રારંભે તેવા જીવને નવમા ગુણઠાણે નપુંસકવેદનો સર્વથા સંક્રમ કરતી વખતે નપુંસકવેદનો ઉત્કૃષ્ટપ્રદેશ સંક્રમ થાય છે. ॥૮૪॥

**વિવેચન :-** જે આત્મા સાતમી નરકમાં પૂર્વે કહેલી વિધિ પ્રમાણે ગુણિત કર્માંશી બન્યો છે. એવો તે જીવ સાતમી નારકીમાંથી નીકળીને તિર્યંચ પંચેન્દ્રિયમાં આવીને જે ઈશાન દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો છે. તેવો જીવ ઈશાન દેવલોકમાં ઘણા સંક્લિષ્ટ પરિણામ વાળો બન્યો છતો વારંવાર નપુસંકવેદ બાંધે છે. વારંવાર નપુંસકવેદ બાંધીને ઈશાન દેવલોકથી ચ્યવીને સ્ત્રી અથવા પુરૂષરૂપે મનુષ્ય થાય. જેથી નપુંસકવેદનું દલિક ઘણું ભોગવાઈ ન જાય.

ગર્ભકાળ પૂર્ણ થયે છતે જલ્દી જન્મ પામીને (ગર્ભકાળ સાથે) માસ પૃથક્ત્વ અધિક એવી આઠ વર્ષની વયવાળો બને. ત્યારબાદ આઠ વર્ષની વય થયે છતે કર્મોને ખપાવવા ક્ષપક શ્રેણિનો પ્રારંભ કરે. ઉદ્યમ કરે, તેવો જીવ ક્ષપકશ્રેણિમાં નવમા ગુણસ્થાનકે નપુંસકવેદને ખપાવતાં ખપાવતાં જ્યારે [1]ચરમ પ્રક્ષેપ કરે તે વખતે સર્વ સંક્રમ દ્વારા નપુંસકવેદ સંક્રમાવે ત્યારે નપુંસકવેદનો ઉત્કૃષ્ટપ્રદેશ સંક્રમનો સ્વામી થાય છે. (પંચસંગ્રહ સંક્રમણ કરણ ગાથા ૯૪) ॥૮૪॥

---

૧. "ચરમ પ્રક્ષેપ" શબ્દ અહીં નવો આપ્યો છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે જાણવો. નપુંસકવેદને પ્રારંભમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગના ટુકડા કરવા દ્વારા ઉદ્વલના સંક્રમ કરવા માંડે. ખંડો (ટુકડાઓ) કરી કરીને દૂર કરતાં જ્યારે ચરમખંડ સિવાઈના ખંડો ખંડાઈ જાય કે જનું દલિક સ્વમાં અને પરમાં એમ બન્નેમાં નંખાતુ હતું. સ્વમાં અસંખ્યાત ગુણાકારે અને પરમાં વિશેષ-વિશેષહીન આમ આ દ્વિચરમ સ્થિતિ ખંડ સુધી આ ઉદ્વલના સંક્રમ હતો. ત્યારબાદ ચરમ સ્થિતિ ખંડને પૂર્વ પૂર્વ સમયથી ઉત્તરોત્તર સમયે અસંખ્યાત ગુણાકારે કેવળ એકલા પરમાં જ સંક્રમાવતાં સંક્રમાવતાં અંતર્મુહૂર્તના ચરમ સમયે જે પરમાં સઘળું ય દ્રવ્ય નાખવામાં આવે છે. તેને સર્વસંક્રમ કહેવાય છે. અથવા "ચરમ પ્રક્ષેપ" પણ કહેવાય છે. આ વિષયમાં એકતો ગુણિત કર્માંશી આત્મા છે. એટલે ઘણાં પ્રદેશોની સત્તા છે. તથા વળી પૂર્વ પૂર્વ સમયથી ઉત્તરોત્તર સમયે અસંખ્યાત ગુણાકાર પ્રમાણે સંક્રમાવે છે. તેથી અન્તિમ સમયે ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ સારી રીતે ઉપલબ્ધ થાય છે.

ઉદ્વલના સંક્રમ દ્વારા સ્વમાં અને પરમાં એમ બન્નેમાં પ્રક્ષેપ કરાતો હતો અને આ ચરમખંડને તો માત્ર પરમાં જ સંક્રમાવે છે. સ્વમાં સંક્રમાવવાનો કોઈ અવસર જ નથી. આ પ્રમાણે આ નપુંસકવેદની જેમ જ્યાં જ્યાં "ચરમપ્રક્ષેપ" શબ્દ આવે ત્યાં ત્યાં ચરમખંડના ચરમ સમયે જે સંક્રમ થાય તે લેવો. જેથી અર્થની સંગતિ બરાબર થાય.

**इत्थीए भोगभूमीसु, जीविय वासाणसंखियाणि तओ ।**
**हस्सठिइं देवयत्ता, सव्वलहु सव्वसंछोभे ॥ ८५ ॥**

**ગાથાર્થ :-** ભોગભૂમિમાં (યુગલિકની ભૂમિમાં) અસંખ્યાત વર્ષો સુધીનું જીવન જીવીને ત્યાં સ્ત્રીવેદને ઘણો પુષ્ટ કરીને ત્યારબાદ હ્રસ્વસ્થિતિવાળો દેવભવ પ્રાપ્ત કરીને ત્યાં સ્ત્રી વેદને બાંધીને મનુષ્યભવમાં આવીને જલ્દી જલ્દી ક્ષપક શ્રેણિ માંડીને સ્ત્રીવેદનો જ્યારે ચરમ સંક્રમ કરે ત્યારે તેના ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમનો સ્વામી થાય છે. ॥૮૫॥

**વિશેષાર્થ :-** યુગલીયાના ભવમાં અસંખ્યાતા વર્ષોનું આયુષ્ય હોવાથી ત્યાં રહીને અસંખ્યાતાં વર્ષો સુધી સ્ત્રીવેદ બાંધીને તથા બંધાતા એવા તે સ્ત્રીવેદમાં અન્ય કર્મપ્રકૃતિઓનો સંક્રમ કરવા વડે સ્ત્રીવેદને વધારે વધારે પુષ્ટ કરીને તેનાં ઘણાં ઘણાં કર્મદલિકો એકઠા કરીને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ આયુષ્ય પસાર થયે છતે [1]અકાલમૃત્યુ વડે મરણ પામીને દસ હજાર વર્ષના આયુષ્યવાળા (હ્રસ્વ સ્થિતિવાળા) દેવના ભવને પ્રાપ્ત કરે.

દેવના ભવમાં પણ સ્ત્રીવેદને સતત બાંધે ત્યારબાદ દેવનો ભવ સમાપ્ત કરીને કર્મભૂમિના ક્ષેત્રમાં મનુષ્ય થાય. મનુષ્યના ભવમાં પુરૂષ અથવા નપુંસક એમ કોઈ પણ અન્ય વેદવાળો માનવ થાય. ત્યાં જન્મ્યા પછી માસપૃથક્ત્વ ગર્ભકાલથી અધિક આઠ વર્ષની વયવાળો થાય અને તુરત જ શીઘ્રપણે ક્ષપક શ્રેણિનો પ્રારંભ કરે ત્યાં વેદોનો ક્ષય કરતાં કરતાં જ્યારે સ્ત્રીવેદનો અન્તિમ સંક્રમ પરપ્રકૃતિમાં થતો હોય ત્યારે સર્વસંક્રમ વડે ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ થાય છે.

અહીં સ્ત્રીવેદના અતિશય ઘણા દલિકની પૂર્ણતા અને તેનો પરપ્રકૃતિમાં ઉત્કૃષ્ટ સંક્રમ થવાનો સંભવ સર્વજ્ઞ એવા શ્રી કેવલજ્ઞાની ભગવંતોએ આ પ્રમાણે જ જોયેલો છે. એટલે આપણે કેવલી પરમાત્માનું વચન અતિશય માન્ય હોવાથી આમ જ સ્વીકારવું. "न अन्या युक्तिर्मृग्या" બીજી કોઈ દલિત વિચારવી નહીં. આમ ટીકાકારશ્રી પોતે જ ટીકામાં જણાવે છે.

**वरिसवरित्थिं पूरिय, सम्मत्तमसंखवासियं लहिय ।**
**गन्ता मिच्छत्तमओ, जहन्नदेवठिइं भोच्चा ॥ ८६ ॥**

૧. अकालमृत्युना मृत्वा આવું પદ ટીકાકારશ્રીએ ટીકામાં લખ્યું છે. તે માટે યુગલિકોનું આયુષ્ય તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં અધ્યાય બીજામાં છેલ્લા સૂત્રથી અનપવર્તનીય હોવા છતાં અકાલમૃત્યુ થતું હોવું જોઈએ. એમ કલ્પના કરાય છે. વધારે આ વિષય તો સર્વજ્ઞ પરમાત્મા જાણે.

**आगंतुं लहुं पुरिसं, संछुभमाणस्स पुरिसवेअस्स ।**
**तस्सेव सगे कोहस्स, माणमायाणमवि कसिणो ॥८७॥**

**ગાથાર્થ :-** નપુંસકવેદ અને સ્ત્રીવેદને બંધ તથા સંક્રમથી પુષ્ટ કરીને સમ્યક્ત્વ પ્રાપ્ત કરે, ત્યાં અસંખ્યાતા વર્ષ સુધી સમ્યક્ત્વને પાળે ત્યારબાદ મિથ્યાત્વે જાય ત્યારબાદ જઘન્યસ્થિતિવાળો દેવ થાય દેવભવની સ્થિતિ ભોગવીને, મનુષ્યભવમાં આવીને જલ્દી જલ્દી ક્ષપકશ્રેણિ પ્રારંભે, ત્યાં પુરૂષવેદને સંક્રમાવતાં પુરૂષવેદનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ કરે, તે જ આત્માને શ્રેણિમાં આગળ જતાં સંજ્વલન ક્રોધ-માન અને માયાનો પણ ચરમપ્રક્ષેપ કરવાનો કાલ આવે ત્યારે તે તે કષાયોનો પણ ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ થાય છે. ॥૮૬-૮૭॥

**વિશેષાર્થ :-** આ બન્ને ગાથામાં પુરૂષવેદના તથા સંજ્વલન ક્રોધાદિ ત્રણ કષાયોના ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમના સ્વામી જણાવે છે :-

ઈશાન દેવલોક નામના બીજા દેવલોકમાં જે જીવ મિથ્યાત્વ અવસ્થામાં નપુંસકવેદને વારંવાર સતત બાંધવા વડે દલિકોથી પુષ્ટ કરે તથા બંધાતા એવા તે નપુંસકવેદમાં મોહનીય કર્મની બીજી બીજી પ્રકૃતિઓના દલિકોનો સતત સંક્રમ કરવા વડે પણ નપુંસકવેદને ઘણો પુષ્ટ કરે. નપુંસકવેદનાં કર્મદલિકોનો પુંજ ઘણો કરે.

દેવભવનું પોતાનું આયુષ્ય સમાપ્ત થયે છતે ત્યાંથી ચ્યવીને સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્યલોકમાં મનુષ્યનો ભવ પ્રાપ્ત કરીને ત્યાંથી ચ્યવીને અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા યુગલિક ક્ષેત્રમાં જઈને ત્યાં અસંખ્યાતા વર્ષો સુધી સ્ત્રીવેદને સતત બાંધવા વડે તથા અન્ય પ્રકૃતિઓના સંક્રમ વડે ઘણો પુષ્ટ કરે ત્યારબાદ તે જ ભવમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરે.

સમ્યક્ત્વના કારણે નપુંસકવેદ તથા સ્ત્રીવેદ ન બાંધતાં માત્ર પુરૂષવેદ જ બાંધે અને બંધાતા એવા તે પુરૂષવેદમાં મોહનીયકર્મની અન્ય કર્મપ્રકૃતિઓનો સંક્રમ કરે. આ પ્રમાણે બંધ દ્વારા તથા સંક્રમ દ્વારા પુરૂષવેદને ઘણો જ પુષ્ટ કરે, ત્યારબાદ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ પોતાનું સર્વ આયુષ્ય સમાપ્ત કરીને પર્યન્તે મિથ્યાત્વે જઈને ત્યારબાદ જઘન્ય સ્થિતિવાળા એટલે કે દસ હજાર વર્ષ પ્રમાણ આયુષ્યવાળા દેવભવમાં જાય. ત્યાં ઉત્પન્ન થયો છતો અંતર્મુહૂર્ત કાળે સમ્યક્ત્વ પ્રાપ્ત કરે.

ત્યાં દેવભવમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી સમ્યક્ત્વવાળી અવસ્થામાં સંપૂર્ણ દેવભવ પૂર્ણ કરે. ત્યારબાદ તે દેવભવથી ચ્યવીને મનુષ્યના ભવમાં આવીને સાત માસ અધિક આઠ વર્ષ (અર્થાત્ ગર્ભકાલ સાથે આઠ વર્ષ) પ્રમાણ કાળ વ્યતીત થયે છતે તુરત

જ ક્ષપકશ્રેણિ પ્રારંભે અને મોહના ક્ષય માટે ઉદ્યમ કરતાં કરતાં જ્યારે પુરૂષવેદનો [1]ચરમ પ્રક્ષેપ કરે ત્યારે તે પુરૂષવેદનો ઉત્કૃષ્ટ પ્રવેશ સંક્રમ આ જીવ કરે છે.

પુરૂષવેદનો બંધ વિચ્છેદ થાય તેની પૂર્વે બે આવલિકાકાળ દ્વારા જે કર્મદલિક બંધાયું છે. તે બંધાવલિકા પછી સંક્રમ યોગ્ય બને છે. પરંતુ તે દલિક અતિશય અલ્પ છે. તેથી કરીને તે દલિક જ્યારે બંધવિચ્છેદ પછી પરમાં સંક્રમાવે છે ત્યાં ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ મળતો નથી. તેના કારણે બંધ વિચ્છેદના ચરમ સમયે જ ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમનો સ્વામી જણાવ્યો છે. (જુઓ પંચસંગ્રહ સંક્રમકરણ ગાથા ૯૬) ॥૮૬-૮૭॥

**चउरुवसमित्तु खिप्पं, लोभजसाणं ससंकमस्संते ।**
**सुहधुवबंधिगणामाणावलिगं गंतु बंधंता ॥ ८८ ॥**

**ગાથાર્થ :-** ચાર વાર ઉપશમ શ્રેણિ પ્રારંભીને જલ્દી જલ્દી ક્ષપક શ્રેણિ પ્રારંભ કરનાર મહાત્માને સંજવલન લોભ અને યશનાકર્મ આ બન્ને કર્મપ્રકૃતિઓનો પોતપોતાના સંક્રમને અંતે ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ થાય છે. તથા શુભ એવી ધ્રુવબંધી ૨૦ કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ તેઓના બંધ વિચ્છેદ પછી એક આવલિકા ગયે છતે પછીના સમયે પ્રાપ્ત થાય છે. ॥૮૮॥

**વિશેષાર્થ :-** આ ગાથામાં સંજ્વલન લોભ, યશનામકર્મ તથા શુભ ધ્રુવબંધી (તૈજસ સપ્તક, શુકલ લોહિત હારિદ્ર ત્રણ વર્ણ, સુરભિગંધ, કષાય, આમ્લ અને મધુર રસ, મૃદુ, લઘુ, સ્નિગ્ધ, ઉષ્ણ સ્પર્શ, અગુરૂલઘુ તથા નિર્માણ નામકર્મ એમ) ૨૦ નામકર્મની શુભ ધ્રુવબંધી કર્મપ્રકૃતિઓ એમ કુલ ૨૨ પ્રકૃતિના ઉત્કૃષ્ટપ્રદેશ સંક્રમના સ્વામિત્વનું વર્ણન કરેલું છે.

---

૧. નવમા ગુણસ્થાનકે પુરૂષવેદનો બંધ જ્યાં સુધી ચાલુ હતો ત્યાં સુધી તેનો યથાપ્રવૃત્ત સંક્રમ થતો હતો. બંધ વિચ્છેદ થયા પછી અબધ્યમાન એવી અશુભ પ્રકૃતિઓનો ગુણસંક્રમ થાય છે. તેથી પુરૂષવેદનો પણ ગુણસંક્રમ થાય છે. ગુણસંક્રમ હોવાથી સમયે સમયે અસંખ્યાત ગુણ સંક્રમાવે તે માટે બંધવિચ્છેદના જ ચરમસમયે જે પરમાં ગુણસંક્રમ થાય તે જ ઉત્કૃષ્ટ સંક્રમ જાણવો.

બંધવિચ્છેદ થયા પછી બે સમય ન્યૂન બે આવલિકા કાળમાં બાંધેલો જે પુરૂષવેદ છે. તેનો જ સંક્રમ થાય છે. તેથી બંધવિચ્છેદના ચરમ સમયે જે દલિક બંધાયું તે એક સમય માત્રનું જ દલિક બે સમયન્યૂન બે આવલિકાના ચરમસમયે સંક્રમિત થતું હોય છે. ત્યાં એક સમય માત્રનું જ બંધાયેલ દલિક હોવાથી ઉત્કૃષ્ટ સંક્રમ મળવો સંભવિત નથી. માટે બંધવિચ્છેદના ચરમસમયે ગુણસંક્રમથી જે દલિક સંક્રમિત થાય છે. તેને જ ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ કહ્યો છે.

સંસાર ચક્રમાં ફરતા ફરતાં અનેક ભવોમાં જન્મ ધારણ કરતાં કરતાં ચાર વાર મોહનીય કર્મનો ઉપશમ કરીને (વધારેમાં વધારે ચાર જ વાર ઉપશમશ્રેણિ મંડાય છે. તે માટે ચાર જ વાર ઉપશમશ્રેણિ કરીને) જલ્દી જલ્દી ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થયેલા ગુણિતકર્માંશી જીવને પોતાના સંક્રમના અન્તે ચરમપ્રક્ષેપકાળે સંજ્વલન લોભ અને યશ નામકર્મનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ થાય છે.

**પ્રશ્ન :-** ચાર વાર ઉપશમ શ્રેણિ પ્રાપ્ત કરેલો જીવ લેવાનું શું કારણ ? સીધે સીધી ક્ષપક શ્રેણિ પ્રારંભ કરનારો જીવ કેમ ન લખ્યો ?

**ઉત્તર :-** ઉપશમશ્રેણિનો પ્રારંભ કરવાથી ત્યાં ન બંધાતી એવી બીજી ઘણી કર્મપ્રકૃતિઓનાં કર્મદલિકો ગુણસંક્રમ વડે મોહનીયમાં લોભમાં અને નામકર્મનાં યશમાં સંક્રમિત થાય છે. તેથી લોભનું અને યશનામકર્મનું ઉત્કૃષ્ટપણે દલિકોનું નિરન્તર પુરણ પ્રાપ્ત થાય છે. તે વાત સમજાવવા માટે ચારવાર ઉપશમ શ્રેણિનું પ્રતિપાદન કર્યું છે.

**પ્રશ્ન :-** જો ઉપશમશ્રેણિ માંડવાથી લોભ અને યશનાં કર્મદલિકોનું પુરણ પ્રાપ્ત થતું હોય તો ચાર વારને બદલે વધારે વાર પણ ઉપશમ શ્રેણિ માંડે. આમ પણ કહેવું જોઈએ ને ? જેટલીવાર ઉપશમ શ્રેણિ માંડશે તેટલી વાર દલિક સંચય વધશે તો ચારવારને બદલે ચૌદવાર ઉપશમ શ્રેણી માંડે એમ કેમ ન લખ્યું ?

**ઉત્તર :-** आ संसारं परिभ्रमतश्च = સંસાર માત્રમાં પરિભ્રમણ કરતાં કરતાં અનેક જન્મ-મરણ પ્રાપ્ત કરવા છતાં મોહનીય કર્મનો ઉપશમ વધારેમાં વધારે પ્રાણીને ચાર જ વાર થાય છે. પરંતુ અધિકવાર મોહનીયનો ઉપશમ થતો નથી. તેથી ચાર જ વાર મોહનીયના ઉપશમનું વિધાન કરેલ છે.

સંજ્વલનલોભનો અન્તરકરણના ચરમ સમયે જ ચરમ પ્રક્ષેપ જાણવો. તેનાથી આગળ ચરમ પ્રક્ષેપ ન જાણવો. કારણ કે ત્યારબાદ તો સંજ્વલન લોભનો સંક્રમ જ નથી. કારણ કે જ્યારે આ આત્મા અંતરકરણ કરે છે ત્યારે ચારિત્રમોહનીય કર્મની પ્રકૃતિઓનો આનુપૂર્વીએ જ સંક્રમ થવાનો ઉપદેશ શાસ્ત્રકારોએ કરેલો છે. તેથી લોભમાં સંક્રમ થાય તેવી કોઈ મોહનીયની લોભ પછીની પ્રકૃતિ જ નથી માટે અન્તકરણના ચરમ સમયે જ સ્વામી જાણવો.

યશકીર્તિ નામકર્મનો અપૂર્વકરણ ગુણસ્થાનકે નામકર્મની ૩૦ કર્મપ્રકૃતિઓનો બંધ વિચ્છેદ થાય ત્યારે તેના છઠ્ઠા ભાગના ચરમ સમયે જ સ્વામી જાણવો. કારણ કે તેનાથી આગળ આઠમા ગુણઠાણાના સાતમા ભાગથી યશનામકર્મનો જેમાં સંક્રમ થઈ શકે તેવી

નામકર્મની કોઈ પણ પ્રકૃતિનો સામે બંધ જ ન હોવાથી પતદ્ગ્રહ પ્રકૃતિનો અભાવ છે. તેના કારણે યશનામકર્મના સંક્રમનો પણ અભાવ છે.

નામકર્મની શુભ ધ્રુવબન્ધિની જે ૨૧ કર્મપ્રકૃતિઓ છે. તેમાં તૈજસ સપ્તક, શુકલાદિ શુભવર્ણાદિ એકાદશ (૧૧), અગુરૂલઘુ અને નિર્માણ આમ ૨૦ સંખ્યાવાળી શુભધ્રુવબંધી પુણ્ય પ્રકૃતિઓનો ચાર વાર મોહનીયકર્મનો ઉપશમ કર્યા પછી ક્ષપક શ્રેણિમાં આરોહણ કરતાં આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગે ૩૦ કર્મપ્રકૃતિઓનો બંધવિચ્છેદ થયા પછી એક આવલિકા ગયા બાદ યશકીર્તિનામકર્મમાં તે ૨૦ નામકર્મની પ્રકૃતિઓનો સંક્રમ કરાય, ત્યારે તે ૨૦ નામકર્મની પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ પ્રાપ્ત થાય છે.

આઠમા ગુણઠાણે અબધ્યમાન અશુભ કર્મ પ્રકૃતિઓના દલિકનો ગુણસંક્રમ વડે શુભ ધ્રુવ બંધી પ્રકૃતિઓમાં સંક્રમ થયા બાદ એક આવલિકા વ્યતીત થયે છતે જ તે દલિક અન્યત્ર સંક્રમ યોગ્ય બનવાથી બન્ધવિચ્છેદ પછી બન્ધાવલિકા ગયે છતે ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ થાય એમ ગ્રંથકારશ્રીએ કહ્યું છે અને તે બરાબર યુક્તિયુક્ત જ છે. ॥૮૮॥

**निद्धसमा य थिरसुभा, सम्मद्दिट्ठिस्स सुभधुवाओ वि ।**
**शुभसंघयणजुआओ, बत्तीससओदहि चियाओ ॥ ८९ ॥**

**ગાથાર્થ** :- સ્થિરનામકર્મ અને શુભનામકર્મ સ્નિગ્ધસ્પર્શની જેમ જાણવા. સમ્યગ્દષ્ટિ જીવને જે જે શુભ ધ્રુવબંધી પ્રકૃતિઓ છે. તે શુભ સંઘયણથી યુક્ત કુલ ૧૨ પુણ્ય પ્રકૃતિઓના (૧૩૨) એકસોહ બત્રીસ સાગરોપમ કાલ સુધી ઉપચિત કરાયા પછી ક્ષપક શ્રેણિમાં ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમના સ્વામી જાણવા. ॥૮૯॥

**વિવેચન** :- સ્થિર નામકર્મ, તથા શુભનામકર્મ (ત્રસના દશકામાંની) આ બે કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમના સ્વામી સ્નિગ્ધસ્પર્શની જેમ જાણવા. હમણાં જ ગાથા ૮૮માં શુભ ધ્રુવબંધીના જે સ્વામી કહ્યા છે. તે જ સ્થિર-શુભના સ્વામી જાણવા.

પાછલી ગાથા ૮૮માં જ શુભધ્રુવબંધી નામકર્મની ૨૦ કર્મપ્રકૃતિઓના સ્વામી કહેવાના પ્રસંગે તેમાં સ્નિગ્ધસ્પર્શના સ્વામી કહ્યા છે. તેવી જ રીતે તે જ જીવો આ બે નામકર્મની પ્રકૃતિના સ્વામી પણ જાણવા.

**પ્રશ્ન** :- સ્થિર અને શુભ આ બે પ્રકૃતિના સ્વામી જુદા કહેવાનું કારણ શું ?

**ઉત્તર** :- તે અધ્રુવબન્ધી છે તે માટે તેનું પૃથક્ ઉપાદાન કર્યું છે. પરંતુ તે પણ પુણ્યપ્રકૃતિ હોવાથી શુભધ્રુવબંધી પ્રકૃતિઓની જેમ જ તે બન્નેનું સ્વામિત્વ જાણવું.

હવે સમ્યગ્દષ્ટિ આત્માઓને જે અવશ્ય બંધમાં આવે જ છે. તેવી પુણ્ય પ્રકૃતિઓ (ભલે છે અધ્રુવબંધી, પરંતુ સમ્યગ્દષ્ટિ જીવને મિથ્યાત્વ ન હોવાથી મિથ્યાત્વ પ્રત્યયિકી પ્રકૃતિઓનો બંધ નીકળી જવાથી સમ્યગ્દષ્ટિ જીવને જે અવશ્ય બંધાય જ છે. એવી પુણ્ય પ્રકૃતિઓ) જેમ કે (૧) પંચેન્દ્રિય જાતિ, (૨) પ્રથમ સમચતુરસ્ર સંસ્થાન, (૩) પરાઘાત, (૪) ઉશ્વાસ (૫) શુભ વિહાયોગતિ (૬ થી ૯) ત્રસ ચતુષ્ક. (૧૦-૧૧-૧૨) સૌભાગ્યત્રિક આવા લક્ષણવાળી આ ૧૨ પ્રકૃતિઓ તથા તે ૧૨ને શુભસંઘયણથી યુક્ત કરીએ તો કુલ ૧૩ પુણ્ય પ્રકૃતિઓ અહીં વજ્રૠષભનારાચ સંઘયણ પુણ્ય પ્રકૃતિ છે. પરંતુ સમ્યગ્દષ્ટિ જીવોને અવશ્ય બંધાય જ એવી ધ્રુવબંધી નથી. કારણ કે સમ્યગ્દષ્ટિ જીવ જ્યારે જ્યારે દેવભવમાં હોય છે. ત્યારે ત્યારે મનુષ્ય પ્રાયોગ્ય બંધ હોવાથી વજ્રૠષભનારાચ સંઘયણ બાંધે છે.

પરંતુ જ્યારે જ્યારે મનુષ્યગતિમાં કે તિર્યંચગતિમાં આ જીવ વર્તતો હોય છે. ત્યારે ત્યારે સમ્યગ્દષ્ટિ જીવને દેવ પ્રાયોગ્ય જ બંધ સંભવતો હોવાથી સંઘયણના બન્ધની અનુપપત્તિ છે તે માટે સમ્યગ્દષ્ટિ જીવને અવશ્ય બંધાય જ એવી ધ્રુવબંધી આ પ્રકૃતિ નથી તે માટે તેનું પૃથગ્ કથન કર્યું છે.

આ પ્રમાણે આ પ્રથમ સંઘયણ સાથે કુલ ૧૩ પુણ્યપ્રકૃતિઓ (૧૩૨) એકસોહ બત્રીસ સાગરોપમ સુધી સતત પોતાના બંધથી અને અન્ય પ્રકૃતિઓના સંક્રમથી પુષ્ટ કરીને ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમને યોગ્ય બનાવવામાં આવી છે.

તે આ પ્રમાણે :- (૬૬) છાસઠ સાગરોપમ સુધી સમ્યક્ત્વ ગુણનું અનુપાલન કરતાં કરતાં સતત પોતાના બંધહેતુ વડે આ પ્રકૃતિઓ બંધાય જ છે તથા ત્યારબાદ અંતર્મુહૂર્ત કાલ માત્ર મિશ્રગુણસ્થાનકનો અનુભવ કરીને ફરીથી સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને તે સમ્યક્ત્વને અનુભવતાં અનુભવતાં બીજાં (૬૬) છાસઠ સાગરોપમ કાળ સુધી આ (૧૩) તેર પ્રકૃતિઓ અવશ્ય નિરંતર જે જીવ બાંધે, તે જીવ અહીં લેવો.

તે આ પ્રમાણે (૧૩૨) એકસોહ બત્રીસ સાગરોપમ સુધી સમ્યગ્દષ્ટિ જીવને ધ્રુવ બંધ વાળી હોવાથી તેને પુરીને (એટલે કે વધારેમાં વધારે દલિકો વાળી કરીને) તેમાં વજ્રૠષભ નારાચ સંઘયણને વચ્ચે વચ્ચેના મનુષ્યના ભવોમાં તે ન બંધાતુ હોવાથી તેટલા કાળ વિના બાકીનો શેષકાળ યથાસંભવ પ્રમાણે ઉત્કૃષ્ટ કાળ સુધી બંધ વડે ભરપુર કરીને ક્ષપકશ્રેણિનો પ્રારંભ કરે, ત્યાં અપૂર્વકરણ ગુણસ્થાનકના છઠ્ઠા ભાગે બંધ વ્યવચ્છેદ પછી એક આવલિકા માત્ર કાળ પસાર થયા બાદ બંધાતી એવી યશઃકીર્તિમાં આ તેર પ્રકૃતિઓનો જ્યારે સંક્રમ કરે છે ત્યારે તે તેર પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમનો આ જીવ સ્વામી થાય છે.

તે કાલે આ ૧૩ પુણ્યપ્રકૃતિઓનો જ બંધ થતો હોવાથી પ્રતિપક્ષી પ્રકૃતિઓ ન બંધાતી હોવાથી આ (૧૩) તેરનું પોતાના બંધથી પણ ઘણું દલિક સંચિત થયેલું છે. તથા ત્યાં ન બંધાતી અશુભ પ્રકૃતિઓનો ગુણસંક્રમ ચાલતો હોવાથી ગુણસંક્રમ વડે પ્રાપ્ત થયેલું બીજી અબધ્યમાન અશુભ કર્મપ્રકૃતિઓના અતિશય ઘણા એવા કર્મદલિકોનો આ ૧૩માં સંક્રમ થાય છે. તેની સંક્રમાવલિકા વ્યતીત થયા પછી તેના સંક્રમનો પણ સંભવ છે.

આ રીતે આ સમ્યગ્દષ્ટિ જીવને શુભ ધ્રુવબંધી ૧૨ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમના સ્વામી ક્ષપક શ્રેણિમાં અપૂર્વકરણ ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ પછી અર્થાત્ બંધવિચ્છેદ પછી બંધાવલિકા પછીના સમયે ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમના સ્વામી જાણવા. ફક્ત વજ્રઋષભ નારાચ સંઘયણ માટે દેવભવથી ચ્યૂત થયા પછી તે સમ્યગ્દષ્ટિ જીવ મનુષ્યગતિમાં આવીને દેવગતિ પ્રાયોગ્ય બંધ કરતો હોય ત્યારે માત્ર એક આવલિકા ગયા પછી ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ આ જીવ પ્રથમ સંઘયણનો કરે છે. આટલું વિશેષ જાણવું. (પંચસંગ્રહ સંક્રમણ કરણ ગાથા ૯૯) ॥૮૯॥

**पूरित्तु पुव्वकोडिपुहुत्त संछोभगस्स णिरयदुगं ।**
**देवगईणवगस्स य, सगबंधंतालिगं गंतुं ॥ ९० ॥**

**ગાથાર્થ** :- પૂર્વક્રોડી પૃથક્ત્વ સુધી ઉપચિત કરીને ક્ષપકશ્રેણિ પ્રારંભ કરતાં ચરમ સંક્રમણકાળે સર્વસંક્રમ વડે નરકદ્વિકનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ કરે છે. તથા દેવગતિ આદિ નવ કર્મપ્રકૃતિઓનો (ઉપરોક્ત કાળ પછી) ક્ષપકશ્રેણિ પ્રારંભતાં પોતાના બંધનો વ્યવચ્છેદ થયા બાદ એક બંધાવલિકા ગયા પછી ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમનો આ જીવ સ્વામી બને છે. ॥૯૦॥

**વિવેચન** :- પૂર્વકોટિના આયુષ્યવાળા પંચેન્દ્રિય તિર્યંચના ઉપરા ઉપર સાત ભવ કરે. તે સાતે ભવોમાં શક્ય બને તેટલું નરકગતિ અને નરકાનુપૂર્વી રૂપ નરકદ્વિક વધારેમાં વધારે પ્રદેશોવાળું બાંધે. આ રીતે બંધથી તથા અન્ય પ્રકૃતિના સંક્રમથી પૂર્વકોટિ પૃથક્ત્વ કાળ સુધી નરકદ્વિકને પુષ્ટ કરીને ત્યારબાદ આઠમા ભવમાં મનુષ્ય થાય.

મનુષ્ય થઈને ક્ષપકશ્રેણિનો પ્રારંભ કરે ત્યારે એકઠા કરેલા નરકદ્વિકના તે પ્રદેશોને અન્ય કર્મપ્રકૃતિમાં (બંધાતી એવી દેવગતિ આદિમાં) આ જીવ સંક્રમાવે છે. સંક્રમાવતાં સંક્રમાવતાં ચરમ સંક્રમણ વખતે સર્વસંક્રમ દ્વારા જ્યારે તેનો પરમાં સંક્રમ કરે છે. ત્યારે ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ થાય છે.

તથા દેવગતિ નામકર્મ, દેવાનુપૂર્વી નામકર્મ અને વૈક્રિય સપ્તક એમ કુલ ૯ કર્મપ્રકૃતિઓને (દેવગતિ નવકને) ઉપર સમજાવ્યું તે જ પ્રમાણે પૂર્વકોટિ પૃથક્ત્વ પ્રમાણ

બંધથી તથા અન્યના સંક્રમથી પુષ્ટ કરીને આઠમા ભવમાં ક્ષપકશ્રેણિને પામેલો. આ જ જીવ આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગના ચરમ સમયથી (એટલે કે બન્ધ વ્યવચ્છેદના ચરમ સમયથી) અનંતરપણે એક આવલિકા માત્ર કાળ પસાર કરીને જ્યારે તે નવે પ્રકૃતિનો બંધાતી એવી યશઃનામકર્મ નામની એક જ પ્રકૃતિમાં પ્રક્ષેપ આ જીવ કરે છે ત્યારે બંધથી પોતાનું ઘણું દલિક બંધાયેલું પણ છે તથા તે કાલે ન બંધાતી એવી બીજી ઘણી અશુભ પ્રકૃતિઓનું ગુણ સંક્રમ વડે પણ પોતાનામાં આવેલા કર્મદલિકોની સંક્રમાવલિકા અતિક્રાન્ત થયેલી હોવાથી તે ૯ ની સંખ્યાવાળી પુણ્ય પ્રકૃતિઓનો યશઃનામકર્મમાં ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ પ્રાપ્ત થઈ શકે છે માટે ત્યાં તેનો સ્વામી જાણવો.

(પંચસંગ્રહ સંક્રમણકરણમાં નરકદ્વિક માટે ગાથા ૧૦૦માં, અને દેવનવક માટે ગાથા ૧૦૨માં આ વિષય જાણવો.) ॥૯૦॥

**सव्वचिरं सम्मत्तं, अणुपालिय पूरइत्तु मणुयदुगं ।**
**सत्तमखिइ णिग्गयगे, पढमे समए णरदुगस्स ॥ ९१ ॥**

**ગાથાર્થ :-** સર્વથા શકય બને તેટલો વધારે કાળ સમ્યક્ત્વનું અનુપાલન કરીને અને તેના દ્વારા મનુષ્યદ્વિકને પુષ્ટ કરીને સાતમી નારકીમાંથી નીકળેલો જીવ તિર્યંચગતિના પ્રથમ સમયે જ મનુષ્યદ્વિકના ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમનો સ્વામી થાય છે. ॥૯૧॥

**વિવેચન :-** આ ગાથામાં મનુષ્યદ્વિકનો ઉત્કૃષ્ટપ્રદેશ સંક્રમનું સ્વામિત્વ જણાવે છે.

सर्वच्चिरं = સર્વથા વધારે લાંબો કાળ અંતર્મુહૂર્ત ન્યૂન (૩૩) તંત્રીસ સાગરોપમ કાળ સુધી સાતમી નારકીમાં સમ્યક્ત્વ ગુણનું સારી રીતે અનુપાલન કરીને તથા સમ્યક્ત્વગુણ હોવાના કારણે તેના નિમિત્તે સતત મનુષ્યદ્વિકને બંધથી પુષ્ટ કરીને સાતમી નારકીના પોતાના ભવના અન્તિમ અન્તર્મુહૂર્ત કાળમાં મિથ્યાત્વે જાય અને તેના નિમિત્તે તિર્યંચદ્વિક બાંધે.

તિર્યંચદ્વિકને બાંધતો એવો તે ગુણિતકર્માંશી જીવ સાતમી નારકીમાંથી નીકળીને પ્રથમ સમયે જ બંધાતા એવા તિર્યંચદ્વિકમાં યથાપ્રવૃત્ત સંક્રમ વડે મનુષ્યદ્વિકનો (જે પૂર્વે ૩૩ સાગરોપમ સુધી બાંધીને એકઠું કરેલું છે તેનો) સંક્રમ જે જીવ કરે છે. તે જીવને મનુષ્યદ્વિકનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ પ્રાપ્ત થાય છે. (પંચસંગ્રહ સંક્રમકરણ ગાથા ૧૦૧) ॥૯૧॥

**थावरतज्जायायावुज्जोयाओ णपुंसगसमाओ ।**
**आहारगतित्थयरं, थिरसममुक्कस्ससगकालं ॥ ९२ ॥**

**ગાથાર્થ :-** સ્થાવર, તેની જાતિ (એકેન્દ્રિય જાતિ), આતમનામકર્મ તથા ઉદ્યોત નામકર્મ એમ કુલ ૪ કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ નપુંસકવેદની સમાન જાણવો. આહારકદ્વિક તથા તીર્થંકરનામકર્મ આ બન્નેનો સ્થિરનામકર્મ સમાન જાણવો. (માત્ર પોતાના બંધકાળથી જેટલો બને તેટલો બાંધવા દ્વારા પુષ્ટ કરેલો બંધ લેવો.) ॥૯૨॥

**વિવેચન :-** સ્થાવર નામકર્મ, તેની જાતિ એટલે કે એકેન્દ્રિય જાતિ નામકર્મ, આતપનામકર્મ તથા ઉદ્યોતનામકર્મ આ ચાર કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામી નપુંસકવેદની તુલ્ય જાણવા. નપુંસવેદના ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમના સ્વામીની જે રીત પૂર્વે ગાથા ૮૪માં સમજાવી છે. તેની સમાન ભાવના આ ચાર કર્મપ્રકૃતિની પણ જાણવી.

તથા આહારક સપ્તક અને તીર્થંકરનામકર્મ આ બન્નેના ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમના સ્વામી સ્થિરનામકર્મની તુલ્ય જાણવા ફક્ત પોતપોતાનો ઉત્કૃષ્ટ બન્ધકાલ જેટલો વધારે મળી શકે તેટલો કાળ બંધ દ્વારા સંચિત કરેલા જીવનું સ્વામિત્વ લેવું. જેમ કે આહારક સપ્તક અપ્રમત્ત ગુણસ્થાનકે બંધાય છે. પ્રમત્ત-અપ્રમત્ત મનુષ્ય જ હોય છે. તેનું ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્વક્રોડ વર્ષનું હોય છે. તેમાં આઠ વર્ષની ઉંમરે સંયમ સ્વીકારે એટલે ગર્ભકાળનાં માસ પૃથક્ત્વ અધિક એવાં ૮ વર્ષ ન્યૂન પૂર્વક્રોડ વર્ષ કાલ સંયમ પર્યાયનો જાણવો.

તેમાં શક્ય બને તેટલો પ્રમત્ત ગુણઠાણે નાનુ અન્તર્મુહૂર્ત રહે, અને અપ્રમત્તે મોટું અંતર્મુહૂર્ત રહે તેવો જીવ લેવો. વચ્ચે વચ્ચે આવતા પ્રમત્તનો સઘળોકાળ ભેગો કરીએ તો પણ અંતર્મુહૂર્ત થાય તેમ જાણવું. એટલે કે અંતર્મુહૂર્ત એવો જે પ્રમત્તનો કાળ, તેના વિના દેશોનપૂર્વક્રોડ વર્ષ પ્રમાણ અપ્રમત્ત ગુણઠાણાનો કાળ જાણવો અને ત્યાં આહારક બંધાવાથી તેટલા પ્રમાણવાળા આહારકને પુરીને એટલે કે તેની સત્તા એકઠી કરીને પછી ક્ષપક શ્રેણિ માંડે તેવા જીવને આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગે બંધવિચ્છેદ થયા બાદ એક આવલિકા કાલ ગયા પછી જે સંક્રમ થાય છે તે આહારક સપ્તકનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ જાણવો.

તેવી જ રીતે તીર્થંકરનામકર્મ પણ ત્રીજા ભવથી નિકાચિત બંધાય છે માટે પહેલો અને ત્રીજો ભવ પૂર્વક્રોડ વર્ષનો લેવો. વચ્ચેનો બીજો ભવ ૩૩ સાગરોપમ પ્રમાણ સર્વાર્થ સિદ્ધનો લેવો. એટલે કુલ બે પૂર્વકોડી અધિક તેત્રીસ સાગરોપમ પ્રમાણ બાંધીને તેના બંધ દ્વારા ઘણા જ દલિકોનો સંગ્રહ કરીને ક્ષપક શ્રેણિ માંડે તેવો જીવ લેવો. (અહીં બે પૂર્વકોડ વર્ષમાં બન્ને ભવમાં કંઈક કંઈક ન્યૂન હોય છે. તે સ્વયં સમજી લેવું.)

આટલો કાળ તીર્થંકરનામકર્મ બાંધીને ક્ષપકશ્રેણિ પ્રારંભે ત્યારે આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગથી આગળ બંધ વિચ્છેદ થયા બાદ એક બંધાવલિકા ઓળંગીને જ્યારે (આહારક

સપ્તક તથા) તીર્થંકરનામકર્મ એમ બન્નેનો યશઃ નામકર્મમાં સંક્રમ કરે છે ત્યારે તે બન્નેનો આ જીવ ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમનો સ્વામી થાય છે આમ જાણવું. ॥૯૨॥

**चउरुवसमित्तु मोहं, मिच्छत्तगयस्स णीयबंधंता ।**
**उच्चगोउक्कस्सो, तत्तो लहु सिज्झओ होइ ॥ ९३ ॥**

**ગાથાર્થ :-** ચાર વાર મોહનીકર્મનો ઉપશમ કરીને મિથ્યાત્વે જાય, નીચગોત્રને વચ્ચે વચ્ચે વારંવાર બાંધે. તેના બંધના અંતે ઉચ્ચગોત્રનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ થાય કે જ્યારે તેની પછી તુરત જ તે જીવ સિદ્ધિપદ પામવાવાળો હોય. ॥૯૩॥

**વિવેચન :-** જે આત્મા મનુષ્યના બે ભવમાં ચાર વાર મોહનો ઉપશમ કરે અર્થાત્ બે ભવમાં ચાર વાર ઉપશમ શ્રેણિ માંડે તેના દ્વારા ચાર વાર મોહનો સર્વથા ઉપશમ કરે, જ્યારે શ્રેણિમાં વર્તે ત્યારે ઉચ્ચગોત્ર જ કર્મ બાંધે અને બંધાતા એવા ઉચ્ચગોત્રમાં નીચગોત્રનાં કર્મ દલિકો ગુણસંક્રમ વડે સંક્રમાવે. એટલા માટે ચારવાર ઉપશમશ્રેણિ કહી છે.

ચાર વાર મોહનો ઉપશમ બે ભવમાં થાય. કારણ કે "એક ભવમાં વધારેમાં વધારે બે વાર જ ઉપશમ શ્રેણિ આરંભાય" આવું શાસ્ત્રકાર મહાત્મા પુરુષોનું વચન છે.

ત્યાર બાદ ત્રીજા ભવે મિથ્યાત્વે જાય અને ત્યાં ગયો છતો નીચગોત્ર કર્મ બાંધે તે બાંધતો છતો તેમાં ઉચ્ચગોત્ર સંક્રમાવે, ત્યાર બાદ ફરીથી સમ્યક્ત્વ પામીને ઉચ્ચગોત્ર કર્મ બાંધતો એવો તે જીવ નીચગોત્રને ઉચ્ચગોત્રમાં સંક્રમાવે.

આ પ્રમાણે વારંવાર ઉચ્ચગોત્ર તથા નીચગોત્રને વારંવાર વારા ફરતી બાંધે અને પરસ્પર સંક્રમાવે એમ કરતાં કરતાં જલ્દી જલ્દી ક્ષપક શ્રેણિ માંડીને સિદ્ધિપદ પામવાની તૈયારીવાળો થાય. ત્યારે નીચગોત્રના બંધના અન્ત્ય સમયે (મિથ્યાત્વગુણસ્થાનકના અન્તિમ ત્યાગકાળે) ઉચ્ચગોત્રકર્મનો નીચગોત્રમાં જે સંક્રમ થાય તે ઉચ્ચગોત્રનો ઉત્કૃષ્ટપ્રદેશસંક્રમ જાણવો.

અહીં વારંવાર વચ્ચે વચ્ચે ઉચ્ચગોત્ર બંધાયું પણ છે તેથી બંધ દ્વારા તેનું દલિક વૃદ્ધિ પામ્યું છે. તથા જ્યારે જ્યારે ઉચ્ચગોત્ર બંધાતું હોય અને ગુણસ્થાનકના કારણે નીચગોત્ર બંધ વિચ્છેદ પામ્યું હોય. ત્યારે ત્યારે નીચગોત્રનો બંધાતા એવા ઉચ્ચગોત્રમાં ગુણસંક્રમ થાય તે કારણે ગુણસંક્રમ અને બંધ એમ બન્ને દ્વારા ઉચ્ચગોત્ર ઘણા જ દલિકવાળું બનેલું છે. તેનો નીચગોત્રમાં જે અન્તિમ સંક્રમ થાય છે. તે ઉચ્ચગોત્રનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ કહેવાય છે. (પંચસંગ્રહ સંક્રમણ કરણ ગાથા ૯૮) ॥૯૩॥

*અવતરણ :- તે આ પ્રમાણે ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમનું સ્વામિત્વ કહ્યું. હવે જઘન્ય પ્રદેશ સંક્રમનું સ્વામિત્વ કહેવાનું છે. તે ક્ષપિત કર્માંશી જીવમાં પ્રાયઃ પ્રાપ્ત થાય છે. તેથી હવે પ્રથમ ક્ષપિત કર્માંશીનું સ્વરૂપ જણાવે છે :-*

**पल्लासंखियभागूण, कम्मठिइमच्छिओ णिगोएसु ।**
**सुहुमेसु भवियजोगं, जहन्नगे कट्टु णिग्गम्म ॥ ९४ ॥**

**जोग्गेसुऽसंखवारे, सम्मत्तं लभिय देसविरइं च ।**
**अट्ठखुत्तो विरइं संजोअणहा तइयवारे ॥९५॥**

**चउरुवसमित्तु मोहं, लहुं खवंतो भवे खवियकम्मो ।**
**पाएण तयं पगयं, पडुच्च काओ वि सविसेसं ॥९६॥**

**ગાથાર્થ :-** પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન એવી કર્મસ્થિતિ પ્રમાણ સૂક્ષ્મ નિગોદના ભવમાં રહીને ભવ્યજીવને યોગ્ય એવો જઘન્ય દલસંચય કરીને તે જીવ નિગોદમાંથી નીકળે. ॥૯૪॥

સમ્યક્ત્વાદિ ગુણોની પ્રાપ્તિને યોગ્ય એવા ભવોમાં જન્મીને ત્યાં શક્ય બને તેટલી વધુ વાર સમ્યક્ત્વ અને દેશવિરતિ પ્રાપ્ત કરીને તથા આઠવાર સર્વવિરતિ પ્રાપ્ત કરીને તથા તેટલી જ વાર (એટલે કે આઠ વાર) અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કરીને. ॥૯૫॥

તથા ચાર વાર મોહનીયનો ઉપશમ કરીને જલ્દી જલ્દી ક્ષપક શ્રેણી પ્રારંભ કરનારો જીવ ક્ષપિત કર્માંશી કહેવાય છે. અહીં જઘન્ય પ્રદેશ સંક્રમમાં ઘણું કરીને આવા ક્ષપિત કર્માંશી જીવનો અધિકાર છે. છતાં પણ કેટલીક કર્મપ્રકૃતિઓ માટે વિશેષતા છે. ॥૯૬॥

**વિવેચન :-** હવે ગ્રંથકારશ્રી જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી સમજાવે છે. ઘણું કરીને ક્ષપિત કર્માંશી જીવ જઘન્ય પ્રદેશ સંક્રમનો સ્વામી થાય છે. એટલે પ્રશ્ન થાય છે કે ક્ષપિતકર્માંશી જીવનું સ્વરૂપ કેવું હોય ? તે પ્રશ્નના ઉત્તર રૂપે કહે છે :-

જે જીવ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન કર્મસ્થિતિ પ્રમાણ (એટલે કે પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ) કાળ સુધી યાવદ્ સૂક્ષ્મ નિગોદમાં એટલે કે સૂક્ષ્મ અનંતકાય એકેન્દ્રિયમાં રહીને (બહાર આવે તેવો જીવ લેવો.)

અહીં સૂક્ષ્મ નિગોદના જીવો અતિશય અલ્પ આયુષ્યવાળા હોય છે. તેથી સતત જન્મ-મરણવાળા હોવાથી નિરન્તર ઘણાં જન્મ અને મરણની પીડાઓની વેદના વડે આકૂલ-વ્યાકૂલ હોવાથી તેવા જીવોને પીડાના અતિશયથી ઘણાં ઘણાં પુદ્ગલોનો નાશ થાય છે. આ કારણથી અહીં સૂક્ષ્મ નિગોદનું ગ્રહણ કર્યું છે.

અતિશય અલ્પ કષાયવાળો જીવ કેમ લીધો ? તેનું કારણ જેમ સમજાવવામાં આવ્યું. તેમ હવે અલ્પયોગવાળો જીવ લેવાનું શું કારણ તે પણ સમજાવે છે.

મન્દ યોગદશા હોતે છતે નવાં નવાં કર્મપુદ્ગલોનું ગ્રહણ પણ અતિશય અલ્પમાત્રામાં કરે. જેથી કર્મપરમાણુઓની સત્તા અલ્પ હોય તો જઘન્ય પ્રદેશ સંક્રમ પ્રાપ્ત થઈ શકે તે માટે મન્દયોગદશાવાળો જીવ લેવો.

સૂક્ષ્મનિગોદનો જીવ આવી પ્રક્રિયાવાળો થઈને ભવ્યજીવમાં જઘન્ય કર્મપ્રદેશોની જેટલી સત્તા હોઈ શકે તેટલા જ કર્મપ્રદેશોનો સંચય કરીને ત્યાંથી એટલે કે સૂક્ષ્મ નિગોદના ભવમાંથી નીકળીને સમ્યક્ત્વ-દેશવિરતિ અને સર્વવિરતિ પામી શકાય એવા યોગ્ય ત્રસકાયના ભવોમાં ઉત્પન્ન થઈને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્ર પ્રમાણ કાળમાં અસંખ્યાતી વાર સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને અર્થાત્ જેટલી વાર સમ્યક્ત્વ પ્રાપ્ત કરાય તેટલીવાર સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને અને તેના કરતાં કંઈક ન્યૂનવાર દેશવિરતિ ધર્મ પ્રાપ્ત કરીને.

આ સમ્યક્ત્વ અને દેશવિરતિ કેવી કેવી રીતે પ્રાપ્ત કરે ? તે હકીક્ત સ્પષ્ટ કરે છે કે સૂક્ષ્મ નિગોદમાંથી નીકળીને બાદર પૃથ્વીકાયના ભવોમાં ઉત્પન્ન થાય. ત્યાં અંતર્મુહૂર્ત માત્ર કાળ રહીને ત્યાંથી નીકળીને પૂર્વકોટિ વર્ષના પ્રમાણવાળા મનુષ્યના ભવમાં ઉત્પન્ન થાય. ત્યાં મનુષ્યના ભવમાં પણ જલ્દી જલ્દી ગર્ભકાળ સમાપ્ત કરીને સાત માસ ગર્ભકાળ પસાર કરીને ત્યારબાદ ગર્ભસ્થાનમાંથી બહાર નીકળવા દ્વારા જન્મ પ્રાપ્ત કરે અને આઠ વર્ષની વયવાળો થયે છતે સંયમ માર્ગ સ્વીકારનાર થાય.

ત્યારબાદ દેશોનપૂર્વક્રોડ વર્ષ સુધી સંયમ પાલીને અલ્પ આયુષ્ય આ ભવનું શેષ રહે ત્યારે મિથ્યાત્વે જાય, ત્યારબાદ મિથ્યાત્વ સહિત જ મરીને દશ હજાર પ્રમાણના આયુષ્યવાળા દેવોમાં દેવપણે ઉત્પન્ન થાય. ત્યાં જન્મ પામ્યાને અંતર્મુહૂર્ત કાળ પસાર થયે છતે સમ્યક્ત્વ પ્રાપ્ત કરે.

ત્યારબાદ દેવના ભવના દસ હજાર વર્ષો સુધી દૈવિક જીવન જીવીને તથા તેટલો કાળ સમ્યક્ત્વનું સારી રીતે અનુપાલન કરીને મૃત્યુ પામતાં પહેલાં જીવનના અંતે મિથ્યાત્વે જાય, મિથ્યાત્વે જઈને ત્યાં કાલગત થાય.

દેવલોકમાં કાલગત થયો છતો (મૃત્યુ પામ્યો છતો) બાદર પૃથ્વીકાયના ભવમાં ઉત્પન્ન થાય. ત્યારબાદ અંતર્મુહૂર્ત ત્યાં રહીને પૃથ્વીકાયના ભવમાંથી નીકળીને મનુષ્યમાં ઉત્પન્ન થાય, ત્યારબાદ ત્યાં મનુષ્યના ભવમાં ફરીથી સમ્યક્ત્વ અને દેશવિરતિ ધર્મ પ્રાપ્ત કરે.

આ પ્રમાણે દેવ અને મનુષ્યના ભવો કરવા દ્વારા અને તે ભવોમાં વારંવાર સમ્યક્ત્વ અને દેશવિરતિ ગ્રહણ કરતો અને છોડતો ત્યાં સુધી જાણવો કે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્ર કાળની અંદર અસંખ્યાતી વાર યાવત્ સમ્યક્ત્વ પ્રાપ્તિનો લાભ પ્રાપ્ત કરે અને તેનાથી કંઈક ન્યૂનવાર દેશવિરતિપણાને પ્રાપ્ત કરે.

સમ્યક્ત્વ અને દેશવિરતિ આદિ ગુણોની પ્રાપ્તિ કાળે ઘણા ઘણા પ્રદેશોવાળી કર્મપ્રકૃતિઓ અલ્પપ્રદેશવાળી કરે છે. અહીં તેનું પ્રયોજન છે તે માટે બહુવાર સમ્યક્ત્વ આદિ ગુણોની પ્રાપ્તિનું વિધાન કરેલ છે.

સમ્યક્ત્વ અને દેશવિરતિ આદિ ગુણોની પ્રાપ્તિને યોગ્ય ભવોમાં વચ્ચે વચ્ચે આઠ વાર યાવત્ સર્વવિરતિ ધર્મ પણ પ્રાપ્ત કરનાર બને તેવો જીવ આ અધિકારમાં ગ્રહણ કરાય છે અને તેટલી જ વાર (આઠ વાર) અનંતાનુંબધી ચાર કષાયોની વિસંયોજના પણ કરે તેવો જીવ સમજવો. શાસ્ત્રમાં જ કહ્યું છે કે, "अणउव्वलणं च अडवारा" અનંતાનુબંધી ચાર કષાયોની આઠ વાર ઉદ્‌વલના વધારેમાં વધારે થાય છે. માટે આવો જીવ ગ્રહણ કરવો.

તથા ચાર વાર મોહનીયનો ઉપશમ કરે (અર્થાત્ ઉપશમ શ્રેણિ પ્રારંભે આ પ્રમાણે ચાર વાર મોહનીય કર્મને ઉપશમ શ્રેણિ દ્વારા ઉપશમાવીને તેના પછી મનુષ્યના ભવમાં આવીને જલ્દી જલ્દી ક્ષપકશ્રેણિ પ્રારંભ કરતો અને કર્મોને ખપાવતો હોય ત્યારે આ જીવ **ક્ષપિત કર્માંશી** કહેવાય છે.

આવા ક્ષપિતકર્માંશી જીવનું જ અહીં એટલે કે જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામિત્વની વિચારણામાં પ્રાયઃ ઘણુ કરીને બહુલતાએ અધિકાર છે. અર્થાત્ આવો ક્ષપિત કર્માંશી થયેલો જીવ જઘન્ય પ્રદેશના સંક્રમનો સ્વામી થાય છે.

ફક્ત કેટલીક પ્રકૃતિઓને આશ્રયી વિશેષતા છે. જે અમે આગળ ઉપર સમજાવીશું.[1] (પંચસંગ્રહ સંક્રમણકરણ ગાથા ૧૦૩-૧૦૪ અને ૧૦૫) ॥૯૪-૯૫-૯૬॥

*અવતરણ : હવે જઘન્ય પ્રદેશ સંક્રમનું સ્વામિત્વ પ્રકૃતિવાર પૃથક્ પૃથક્ સમજાવે છે :-*

**आवरणसत्तगम्मि उ सहोहिणा तं विणोहिजुगलम्मि ।**
**णिद्दादुगंतराइयहासचउक्के य बंधंते ॥ ९७ ॥**

---

૧. સંસારમાં અનેકવાર જન્મ-મરણ કરતો આ જીવ વધારેમાં વધારે સમ્યક્ત્વ અસંખ્યાતીવાર, દેશવિરતિધર્મ તેનાથી કંઈક ન્યૂનવાર, સર્વવિરતિ ધર્મ આઠવાર તથા અનંતાનુબંધિ ચાર કષાયોની વિસંયોજના પણ આઠ જ વાર કરી શકે છે. તે માટે ક્ષપિતકર્માંશી થવાની વિધિમાં પણ તેમજ કહ્યું છે.

**ગાથાર્થ :-** આવરણ સપ્તકમાં અવધિજ્ઞાનવાળો જીવ, તથા અવધિજ્ઞાનાવરણીય તથા અવધિદર્શનાવરણીય આ બે કર્મયુગલમાં તે અવધિજ્ઞાન વિનાનો જીવ સ્વામી જાણવો. નિદ્રાદ્વિક અંતરાય પાંચ તથા હાસ્યાદિ ચાર એમ કુલ (૨૦) વીસ કર્મપ્રકૃતિઓના જઘન્ય પ્રદેશના સંક્રમનો સ્વામી પોતાના બંધના અંતે જાણવો. ॥૯૭॥

**વિવેચન :-** મૂલ ગાથામાં "सहोहिणा" શબ્દ છે. તેનો અર્થ અવધિ જ્ઞાન વડે સહિત, આવો અર્થ થાય છે. જે વાક્ય અધુરૂ છે તે માટે "वर्तते यो जीवः, तस्य" આટલું પદ અધ્યાહરથી લઈને વાક્યનો અર્થ પૂર્ણ કરવો. સારાંશ કે અવધિજ્ઞાનથી સહિત એવો જે જીવ છે. તેને સ્વામી કહેવો આવો અર્થ સંગત કરવો.

આ વાક્યમાં જે સપ્તમી વિભક્તિ ગ્રંથકારે કરી છે તે છઠ્ઠીના અર્થમાં છે. તે માટે ત્યાં છઠ્ઠી વિભક્તિનો અર્થ કરવો.

અવધિજ્ઞાનાવરણીય વિનાનાં જ્ઞાનાવરણીય કર્મ (૪) ચાર, અવધિદર્શનાવરણીય કર્મ વિનાનાં દર્શનાવરણીયકર્મ (૩) ત્રણ એમ કુલ આવરણ સપ્તકનો પોતપોતાના બંધ વિચ્છેદકાળે યથાપ્રવૃત્ત સંક્રમ વડે જઘન્ય પ્રદેશ સંક્રમ થાય છે.

અવધિજ્ઞાનને ઉત્પન્ન કરતા જીવ વડે ઘણાં ઘણાં કર્મપુદ્ગલોનો વિનાશ કરાય છે. તે કારણથી આ સાત કર્મપ્રકૃતિઓના પોતાના બન્ધ વિચ્છેદકાળે થોડા જ કર્મપુદ્ગલો પ્રાપ્ત થાય છે. જેથી જઘન્ય પ્રદેશ સંક્રમ પ્રાપ્ત થાય છે અને અહીં જઘન્યપ્રદેશ સંક્રમનો જ અધિકાર છે. તે માટે "अवधिना सह यो वर्तते इत्युक्तम्" અવધિજ્ઞાન સાથે જે જીવ વર્તે છે. તે જીવ સ્વામી જાણવો.

તથા તે અવધિજ્ઞાન વિનાના જીવને એટલે કે અવધિજ્ઞાન અને અવધિદર્શનની લબ્ધિ વિનાના જીવને અવધિયુગલનો એટલે કે અવધિજ્ઞાનાવરણીયના તથા અવધિદર્શનાવરણીયના જઘન્ય પ્રદેશ સંક્રમનો સ્વામી જાણવો.

અવધિલબ્ધિથી યુક્ત જે જીવ હોય છે તે સાત આવરણનો અને અવધિલબ્ધિ જેને ન હોય તેવો જીવ અવધિજ્ઞાનાવરણીય અને અવધિદર્શનાવરણીયનો જઘન્ય પ્રદેશ સંક્રમનો સ્વામી છે આમ જાણવું.

**પ્રશ્ન :-** અવધિજ્ઞાનાવરણીય અને અવધિદર્શનાવરણીય આ બન્નેમાં અવધિલબ્ધિ રહિત જીવ શા માટે લેવાય છે ?

**ઉત્તર :-** અવધિજ્ઞાન અને અવધિદર્શનને પ્રગટ કરતાં ક્ષાયોપશમિક ભાવની પ્રબળતા હોવાથી આ બન્ને કર્મોનાં પુદ્ગલો અત્યન્ત રૂક્ષ થઈ જાય છે. રૂક્ષ થયેલાં ઘણાં

ઘણાં પુદ્ગલો હજુ નાશ કરવાનાં બાકી રહે છે. તે માટે પ્રદેશો ઘણા હોય છે. તેથી બન્ધવિચ્છેદ કાળે પણ ઘણાં ઘણાં પુદ્ગલો હોય છે અને તેનો ત્યાં નાશ થતો હોય છે. આમ હોવાથી આવી લબ્ધિવાળા જીવને આ બન્ને કર્મોનો જઘન્ય પ્રદેશ સંક્રમ પ્રાપ્ત થતો નથી માટે આ બે કર્મ પુરતુ "तं विना" તે અવધિલબ્ધિ વિનાનો જીવ કહ્યો છે.

"णिद्दादुग" નિદ્રાદ્વિક એટલે કે નિદ્રા અને પ્રચલા સ્વરૂપ જે નિદ્રાદ્વિક છે તેનો તથા હાસ્ય+રતિ-ભય અને જુગુપ્સા લક્ષણવાળુ હાસ્ય ચતુષ્ક તથા અંતરાયકર્મ પાંચ એમ સર્વ મળીને કુલ (૧૧) અગીયાર કર્મપ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશ સંક્રમ પોતપોતાના બંધ વિચ્છેદ કાળે યથાપ્રવૃત્ત સંક્રમ વડે થાય છે.

નિદ્રાદ્વિક અને હાસ્યાદિ ચતુષ્કનો બંધવિચ્છેદ થાય ત્યારબાદ તે પ્રકૃતિઓ અબધ્યમાન અશુભ હોવાથી તેઓનો ગુણસંક્રમ પ્રવર્તે છે. તેથી સંક્રમમાં ઘણું દલિક જાય છે ત્યાં જઘન્ય પ્રદેશ સંક્રમ પ્રાપ્ત થતો નથી.

તથા અંતરાયની પાંચ પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ થયા પછી સામે પતદ્ગ્રહ પ્રકૃતિ કોઈ ન હોવાથી સંક્રમ જ થતો નથી. તેથી બન્ધવિચ્છેદના ચરમ સમયે જ જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી કહ્યા છે. (પંચસંગ્રહ સંક્રમણ કરણ ગાથા ૧૦૬) ॥૯૭॥

**सायस्स णुवसमित्ता, असाय बंधाण चरम बंधंते ।**
**खवणाए लोभस्स वि, अपुव्वकरणालिगा अंते ॥ ९८ ॥**

**ગાથાર્થ :-** ચાર વાર ઉપશમ શ્રેણિ માંડવાનું કામ કર્યા વિના જ ચારિત્ર મોહનીયની ક્ષપણા માટે તૈયાર થયેલો જીવ અસાતાના બંધમાં અન્ત્યબંધકાલે સાતાનો જઘન્ય પ્રદેશ સંક્રમ કરે છે. તથા ચાર વાર ઉપશમ કર્યા વિના જ ક્ષપકશ્રેણિમાં આરૂઢ થયેલા જીવને અપૂર્વકરણની પ્રથમ આવલિકાના ચરણ સમયે સંજ્વલન લોભનો જઘન્ય પ્રદેશનો સંક્રમ થાય છે. આમ જાણવું. ॥૯૮॥

**વિવેચન :-** આ ગાથામાં સાતાવેદનીય અને સંજ્વલન લોભ એમ બે કર્મપ્રકૃતિના જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી જણાવે છે :-

મોહનીય કર્મનો ચારવાર ઉપશમ કર્યા વિના જ ક્ષપકશ્રેણિ માંડનારા જીવને સાતા અને અસાતા પરાવર્તે પરાવર્તે જે બંધાય છે. ત્યાં અસાતાના બન્ધમાં જે છેલ્લો અસાતાનો બંધ થાય કે જે અસાતા બાંધ્યા પછી નિયમા ક્ષપકશ્રેણિ જ માંડવાની હોય અને તેના કારણે કેવળ એકલી સાતા જ બાંધવાની હોય. પણ અસાતા બાંધવાની ન હોય તેવા જીવને અસાતાના ચરમ બન્ધના અન્તિમ સમયે તે આસાતામાં સાતાનો જે સંક્રમ થાય છે તે જઘન્ય પ્રદેશ સંક્રમ સમજવો.

તેનાથી આગળ અસાતાનો બંધ વિરામ પામવાથી સાતા જ કેવળ એક બંધાય છે. તેથી તે સાતા તો પતદ્ગ્રહ જ બને છે. પણ તે સાતાનો સંક્રમ થતો નથી. આ રીતે અસાતાના અન્તિમ બંધકાળે સાતાનો જઘન્ય પ્રદેશ સંક્રમ જાણવો.

તથા મોહનીયનો ચારવાર ઉપશમ કર્યા વિના ક્ષપણા કરવા ઉદ્યત થયેલા જીવને ક્ષપક શ્રેણિમાં અપૂર્વકરણ ગુણસ્થાનકના કાલની પ્રથમ એક આવલિકાના ચરમ સમયે સંજ્વલન લોભનો જઘન્ય પ્રદેશ સંક્રમ પ્રાપ્ત થાય છે. તેનાથી આગળ તો ગુણસંક્રમથી સંજ્વલન લોભમાં આવેલા અતિશય ઘણા દલિકની સંક્રમાવલિકા અતિકાન્ત થઈ ગયેલ હોવાથી તેના પણ સંક્રમનો સંભવ હોવાથી જઘન્ય પ્રદેશ સંક્રમ લભ્ય બનતો નથી. માટે ત્યાં જઘન્ય પ્રદેશ સંક્રમ કહેલ નથી. (પંચસંગ્રહ સંક્રમકરણ ગાથા ૧૧૪) ॥૯૮॥

**अयर छावट्ठिदुगं गालिय थीवेयथीणगिद्धितिगे ।**

**सगखवणहापवत्तस्संते एमेव मिच्छत्ते ॥ ९९ ॥**

**ગાથાર્થ :-** સ્ત્રીવેદ તથા થિણદ્ધિત્રિક એમ ચાર પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશ સંક્રમ બે છાસઠ (૧૩૨) સાગરોપમ સુધી દલિક પરમાં સંક્રમાવવા વડે ગાળીને ક્ષપણા કરતાં યથાપ્રવૃત્ત સંક્રમના અન્તિમ સમયે જઘન્ય પ્રદેશ સંક્રમ થાય છે. મિથ્યાત્વમોહનીયકર્મમાં પણ આ જ પ્રમાણે સમજવું. પરંતુ પોતાની ક્ષપણા કરવાના યથાપ્રવૃત્ત સંક્રમના અન્ત્ય સમયે વિધ્યાત સંક્રમથી જઘન્ય પ્રદેશ સંક્રમ જાણવો. ॥૯૯॥

**વિવેચન :-** બે છાસઠ (૧૩૨) સાગરોપમ સુધી ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં જે જીવ વર્તે ત્યારે સમ્યક્ત્વ હોવાથી સ્ત્રીવેદ તથા થિણદ્ધિત્રિક બંધાતુ નથી. પરંતુ સમ્યક્ત્વ હોવાના કારણે તેના પ્રભાવે તે ચારે કર્મપ્રકૃતિઓ સંબંધી જે દલિક સત્તામાં છે. તેમાંનું ઘણું ખરૂં કર્મદલિક પરમાં સંક્રમાવવા વડે નાશ કરેલું છે. હવે સત્તામાં અલ્પ જ વર્તે છે.

તે કિંચિદ્ દલિક છે શેષ જેનું એવી આ ચાર પ્રકૃતિઓ સંબંધી કર્મદલિકની સત્તાનો ક્ષય કરવા ઉદ્યમશીલ બનેલા ક્ષપકશ્રેણિમાં આરૂઢ થયેલા જીવને યથાપ્રવૃત્તકરણના અન્તિમ સમયે સાતમા ગુણઠાણે વિધ્યાતસંક્રમ દ્વારા સંક્રમ કરતાં જઘન્યપ્રદેશ સંક્રમ પ્રાપ્ત થાય છે.

તેનાથી આગળ જતાં અપૂર્વકરણ ગુણસ્થાનક આવવાથી અબધ્યમાન અશુભ કર્મપ્રકૃતિઓનો ગુણસંક્રમ શરૂ થતો હોવાથી ઘણા ઘણા કર્મદલિકોનો સંક્રમ સંભવે છે. તે માટે જઘન્ય પ્રદેશ સંક્રમનો અલાભ થાય છે. એમ વિચારીને જ યથાપ્રવૃત્તકરણના અન્તિમ સમયમનું કથન કરેલું છે.

મિથ્યાત્વમોહનીય કર્મનો પણ જઘન્ય પ્રદેશ સંક્રમ આ જ પ્રમાણે જાણવો. સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી (૧૩૨) બે છાસઠ સાગરોપમ કાલ સમ્યક્ત્વમાં રહીને સમ્યક્ત્વના અનુપાલન દ્વારા મિથ્યાાત્વમોહને મિશ્ર મોહનીયમાં અને સમ્યક્ત્વ મોહનીયમાં સંક્રમાવવા વડે ગાળી ગાળીને અત્યન્ત અલ્પ કરેલ અને કિંચિત્ શેષ રાખેલ, ત્યારબાદ ચોથાથી સાતમા ગુણસ્થાનકમાં જ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા માટે આ આત્મા તત્પર બન્યો.

ત્યાં પોતાના ક્ષય માટે કરાયેલાં ત્રણ કરણ પૈકી યથાપ્રવૃત્ત કરણના ચરમ સમયે જ વિધ્યાત સંક્રમ દ્વારા મિથ્યાત્વનો મિશ્રમાં અને સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમ કરતો હોય ત્યારે જઘન્ય પ્રદેશ સંક્રમ જાણવો. તેનાથી આગળ અપૂર્વકરણાદિના કાળમાં તો ગુણસંક્રમ ચાલુ થતો હોવાથી તે જઘન્ય પ્રદેશ સંક્રમ પ્રાપ્ત થતો નથી. આ માટે આ વાત ઉપયોગપૂર્વક સમજીને કહેવી. (પંચસંગ્રહ સંક્રમકરણ ગાથા ૧૦૭) ॥૯૯॥

**हस्सगुणसंकमद्धाइ पूरइत्ता समीससम्मत्तं ।**
**चिरसम्मत्ता मिच्छत्त, गयस्सुव्वलण थोगे सिं ॥ १०० ॥**

**ગાથાર્થ :-** અલ્પ એવા ગુણસંક્રમના કાળ વડે મિશ્રમોહનીય સહિત સમ્યક્ત્વ મોહનીયને પુષ્ટ કરીને લાંબો કાળ સમ્યક્ત્વમાં ટકી રહે, ત્યારબાદ મિથ્યાત્વે જાય અને ચિર ઉદ્વલના વડે ઉદ્વલના કરતાં કરતાં જ્યારે પરમાં સ્તોક ઉદ્વલના થતી હોય ત્યારે આ બન્ને દર્શનમોહનીયનો જઘન્ય પ્રદેશ સંક્રમ આ જીવ કરે છે. ॥૧૦૦॥

**વિવેચન :-** સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને અલ્પ માત્ર કાળ મિથ્યાત્વમોહને ગુણસંક્રમ દ્વારા મિશ્રમાં અને સમ્યક્ત્વમોહમાં સંક્રમાવીને તથા એક આવલિકા બાદ મિશ્રને સમ્યક્ત્વ મોહમાં સંક્રમાવીને સમ્યક્ત્વનો જે (૧૩૨) બે છાસઠ સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ કાળ છે. તેટલો કાળ સમ્યક્ત્વમાં રહીને અર્થાત્ સમ્યક્ત્વને ધારણ કરીને આ બન્ને પ્રકૃતિઓને સંક્રમાવતાં સંક્રમાવતાં બે છાસઠ સાગરોપમ પ્રમાણ કાળ ગયા પછી મિથ્યાત્વે જાય.

મિથ્યાત્વે ગયા પછી ચિરઉદ્વલના સંક્રમ વડે સમ્યક્ત્વમોહનીયની અને મિશ્ર-મોહનીયની ઉદ્વલના ચાલુ કરે, ઉદ્વલના સંક્રમ દ્વારા ઉદ્વલના કરતાં કરતાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ ગયે છતે દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયે પર પ્રકૃતિમાં જે ઉદ્વલના થાય છે. તે અતિશય સ્તોક છે. જ્યારે સ્તોક ઉદ્વલના પરમાં થાય છે ત્યારે મિથ્યાત્વરૂપ પરસ્થાનમાં દલિક પ્રક્ષેપ કરવારૂપે જે સંક્રમ થાય છે તે સમ્યક્ત્વમોહનીય અને

મિશ્ર મોહનીયનો જઘન્ય પ્રદેશ સંક્રમ [1]આ જીવ કરે છે. (પંચસંગ્રહ સંક્રમણકરણ ગાથા ૧૦૯) ॥૧૦૦॥

**संजोअणाण चउरुवसमित्तु संजोयइत्तु अप्पद्धं ।**
**अयरछावट्ठिदुगं पालिय सकहप्पवत्तंते ॥ १०१ ॥**

**ગાથાર્થ :-** ચાર વાર મોહનીયનો ઉપશમ કરીને પડીને મિથ્યાત્વે જઈ અલ્પ કાળ માત્ર અનંતાનુબંધી બાંધીને સમ્યક્ત્વ પામીને બે છાસઠ (૧૩૨) સાગરોપમ કાળ સુધી સમ્યક્ત્વનું અનુપાલન કરીને ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે. ત્યાં પોતાના યથાપ્રવૃત્તકરણના અંતે આ ચાર અનંતાનુબંધીનો જઘન્ય પ્રદેશ સંક્રમ કરે છે. ॥૧૦૧॥

**વિવેચન :-** આ ગાથામાં અનંતાનુબંધી ચાર કષાયનો જઘન્યપ્રદેશ સંક્રમ સમજાવે છે. જે જીવ પ્રથમ ચાર વાર મોહનીયનો ઉપશમ કરે તેવો જીવ અનંતાનુબંધીના જઘન્ય પ્રદેશના સંક્રમનો સ્વામી થાય. આમ ગ્રંથકારશ્રીનો કહેવાનો આશય છે.

**પ્રશ્ન :-** જો અનંતાનુબંધીના જઘન્ય પ્રદેશના સંક્રમનો સ્વામી જણાવવો જ છે તો ત્યાં ચારવાર મોહના ઉપશમનું પ્રતિપાદન કરવાની શું જરૂર ?

**ઉત્તર :-** હા, તમારો પ્રશ્ન બરાબર છે. પરંતુ ચાર વાર મોહનો ઉપશમ કર્યા પછી આ જીવ અંતર્મુહૂર્ત કાળ મિથ્યાત્વે જાય અને અતિશય અલ્પકાળ ત્યાં રહીને અલ્પ અનંતાનુબંધી બાંધે. આમ કહેવાનું છે. હવે જ્યારે આ જીવ મિથ્યાત્વે જાય છે અને અતિશય અલ્પકાળ પણ (નાના અંતર્મુહૂર્ત કાળ માત્ર પણ) અનંતાનુબંધી નવો બાંધે છે આમ આગળ ઉપર કહેવાના છે.

તે કાળે બંધાતા તે અનંતાનુબંધિમાં ચારિત્ર મોહનીયકર્મની પ્રકૃતિઓનો સંક્રમ થાય છે. હવે જો ચારવાર ઉપશમ શ્રેણિ પ્રારંભેલી હોય તો સ્થિતિઘાતાદિ ઉપાયો વડે તે ચારિત્રમોહનીયનું ઘણું ઘણું કર્મદલિક હણાઈ ચુકયુ હોવાથી સત્તામાં થોડુ જ હોય છે. તેથી પહેલા ગુણઠાણે જઈને જ્યારે નાના અંતર્મુહૂર્ત કાળ પ્રમાણ અનંતાનુબંધી બાંધે છે ત્યારે બંધાતા તે અનંતાનુબંધીમાં ચારિત્રમોહનીયનું દલિક સત્તામાં થોડુક જ હોવાથી

---

૧. આ જીવ જ્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. ત્યારે એક અંતર્મુહૂર્ત સુધી નિયમા ચઢતા પરિણામવાળો હોય છે. તેથી તેટલો કાલ મિથ્યાત્વમોહનાં દલિકોને મિશ્રમાં અને સમ્યક્ત્વમોહનીયમાં અને મિશ્રનાં દલિકોને સમ્યક્ત્વ મોહમાં ગુણસંક્રમ વડે સંક્રમાવે છે. આ ગુણસંક્રમ હોવાથી ઘણાં ઘણાં દલિકો સંક્રમે છે તે માટે શક્ય બને તેટલો સમ્યક્ત્વમાં અલ્પકાળ રહે તેવો જીવ લેવો. જેથી જઘન્ય પ્રદેશ સંક્રમ કહેવામાં કોઈ મુશ્કેલી ન આવે.

અલ્પ જ સંક્રમ પામે છે અને હાલ જઘન્ય પ્રદેશ સંક્રમનું સ્વામિત્વ કહેવું છે. ત્યાં તેનું પ્રયોજન છે તે માટે ચારવાર મોહના ઉપશમનું વિધાન કરેલ છે.

આ પ્રમાણે ચાર વાર મોહનો ઉપશમ કરીને પહેલા મિથ્યાત્વ ગુણઠાણે આવીને નાના અંતર્મુહૂર્ત કાળ પ્રમાણ અનંતાનુબંધી બાંધીને તેમાં ચારિત્રમોહનીય સત્તામાં અલ્પ માત્રાએ જ છે. તેથી અલ્પ માત્રાએ સંક્રમાવીને ફરીથી જલ્દી સમ્યક્ત્વ પ્રાપ્ત કરે તેવો જીવ ગ્રહણ કરવો.

આવો જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને બે છાસઠ સાગરોપમ કાલ સુધી સમ્યક્ત્વમાં રહીને તે કાલે અનંતાનુબંધીનો શક્ય બને તેટલો બીજા બંધાતા ૧૨ કષાયોમાં જે બંધાતા હોય તેમાં સંક્રમાવીને અલ્પ સત્તાવાળા કરીને પછી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે.

ક્ષપણા કરવાનો ઉદ્યમ કરતા એવા તે જીવને પોતાના યથાપ્રવૃત્ત સંક્રમના ચરમ સમયે જ તે ચાર અનંતાનુબંધી કષાયનો વિધ્યાત સંક્રમ દ્વારા શેષ કષાયોમાં સંક્રમ કરતો હોય ત્યારે જઘન્ય પ્રદેશ સંક્રમ આ જીવ કરે છે.

યથાપ્રવૃત્ત સંક્રમથી આગળ અપૂર્વકરણ કરે ત્યારે પ્રથમ સમયથી જ ગુણસંક્રમનો પ્રારંભ કરે છે. તેથી ત્યાં જઘન્ય સંક્રમ પ્રાપ્ત થતો નથી. તે માટે યથાપ્રવૃત્તના ચરમ સમયે અને વિધ્યાત સંક્રમ દ્વારા સંક્રમ કરતાં સ્વામી કહ્યો છે. (પંચસંગ્રહ સંક્રમણ કરણ ગાથા ૧૧૦) ॥૧૦૧॥

**अट्ठकसायासाए, असुभधुवबंधि अत्थिरतिगे य ।**
**सव्वलहुं खवणाए, अहापवत्तस्स चरमम्मि ॥ १०२ ॥**

**ગાથાર્થ :-** આઠ [8]કષાયો અસાતાવે[1]દનીય, અશુભધ્રુવ[10]બંધી દસ અને [3]અસ્થિરત્રિક, એમ કુલ (૨૨) કર્મપ્રકૃતિઓના અન્ય જીવો કરતાં જે જીવ જલ્દી જલ્દી ક્ષપણા માટે તૈયાર થાય છે. તેવા જીવને યથાપ્રવૃત્ત કરણના ચરમ સમયમાં જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી જાણવા. ॥૧૦૨॥

**વિવેચન :-** મધ્યમના આઠ કષાયો, અસાતાવેદનીય, અશુભ ધ્રુવબંધી કર્મપ્રકૃતિઓ દસ (વર્ણાદિ નવક અને ઉપઘાત) તથા (અસ્થિરત્રિક અસ્થિર - અશુભ અને અપયશનામકર્મ) એમ કુલ (૨૨) બાવીસ કર્મપ્રકૃતિઓના જઘન્ય પ્રદેશના સંક્રમના સ્વામી અન્ય જીવો કરતાં મનુષ્યભવમાં જલ્દી જલ્દી ક્ષપણા માટે ઉદ્યત થયેલા અર્થાત્ માસ પૃથકત્વ ગર્ભકાલ સાથે આઠ વર્ષની વય થયે છતે ક્ષપકશ્રેણિ પ્રારંભે એવો જીવ ઉપરોક્ત ૨૨માંથી આઠ કષાય વિના (૧૪) ચૌદ પ્રકૃતિઓનો,

તથા મનુષ્યભવમાં દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી સંયમ પાળવા દ્વારા મધ્યમ આઠ કષાયોને સંજ્વલનમાં સંક્રમાવવા વડે અલ્પ પ્રમાણવાળા કર્યા પછી ક્ષપણા માટે ઉદ્યત થયેલા એવા જીવને યથાપ્રવૃત્તાદિ ત્રણ કરતી વેળાએ યથાપ્રવૃત્તકરણના ચરમ સમયે (સાતમા ગુણસ્થાનકે) મધ્યમ આઠ કષાયોના જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી જાણવા.

દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી સંયમ પાળે ત્યારે મધ્યમ આઠ કષાયોને સંજ્વલનમાં સંક્રમાવે છે. તેથી અન્તે પ્રદેશસંક્રમ ન્યૂન મળે છે. તે માટે સંયમના અનુપાલનનું વિધાન કરેલ છે.

જોકે પંચસંગ્રહમાં આ (૨૨) બાવીસે પ્રકૃતિઓ માટે દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી સંયમનું અનુપાલન કરીને જલ્દી જલ્દી ક્ષપક શ્રેણિ પ્રારંભે એવા જીવને જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી કહ્યા છે. (જુઓ પંચસંગ્રહ સંક્રમણ કરણ ગાથા ૧૦૮)

આ પ્રમાણે ક્ષપકશ્રેણિને પામેલા જીવને યથાપ્રવૃત્ત સંક્રમના ચરમ સમયે કષાય અષ્ટકનો વિધ્યાત સંક્રમ દ્વારા અને બાકીની ૧૪ કર્મપ્રકૃતિઓનો યથાપ્રવૃતસંક્રમ દ્વારા જઘન્ય પ્રદેશ સંક્રમ થાય છે આમ જાણવું. ॥૧૦૨॥

**पुरिसे संजलणतिगे य, घोलमाणेण चरमबद्धस्स ।**
**सगअंतिमे असाएण समं अरईइ (य) सोए व ॥ १०३ ॥**

**ગાથાર્થ :-** પુરૂષવેદ અને સંજ્વલન ત્રિક એમ કુલ ચાર કર્મપ્રકૃતિઓના જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી પોતાના બંધના અન્ત્ય સમયે ઘોલમાન પરિણામ વડે જે દલિક બંધાયું છે. તેનો ચરમ પ્રક્ષેપ કરતી વેળાએ જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી જાણવા. અરતિ તથા અશોક મોહનીય આ બન્ને કર્મોનું સ્વામિત્વ અસાતાની સમાન જાણવું. ॥૧૦૩॥

**વિવેચન :-** હવે આ ગાથામાં પુરૂષવેદ તથા સંજ્વલન ત્રણ કષાયો ક્રોધ-માન અને માયા એમ કુલ ચાર કર્મોના જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી સમજાવાય છે.

ક્ષપિત કર્માંશી બનેલો આત્મા મોહનીયકર્મનો ક્ષય કરવા માટે ક્ષપકશ્રેણિ પ્રારંભવા ઉદ્યત થયેલો હોય ત્યારે અપૂર્વકરણ ગુણસ્થાનક પસાર કરીને અનિવૃત્તિ બાદર સંપરાય નામના નવમા ગુણસ્થાનકે આવ્યો છતો ઉપરોક્ત ચારે મોહનીયકર્મની પ્રકૃતિઓના પોતપોતાના બંધવ્યવચ્છેદ સમયે ઘોલમાન પરિણામવાળા જઘન્યયોગી જીવ વડે જઘન્યયોગ દ્વારા જે કર્મદલિક બંધાયું છે. તેનો ચરમ પ્રક્ષેપ જ્યારે કરે છે ત્યારે જઘન્ય પ્રદેશ સંક્રમનો સ્વામી થાય છે.

આ ચારે મોહનીયકર્મની પ્રકૃતિઓ છે. તેઓના પોતપોતાના બન્ધવિચ્છેદ સમયે સમયન્યૂન બે આવલિકા કાળમાં જે બાંધેલું કર્મદલિક છે. તેની જ સત્તા (સ્ટોક) હોય છે. તે વિના અન્ય બીજું કોઈ કર્મદલિક પ્રદેશ સંક્રમ યોગ્ય શેષ નથી અર્થાત્ બીજુ બધું જ કર્મ દલિક ક્ષય થયેલું છે.

તથા જે આ એક સમયન્યૂન બે આવલિકાકાળમાં બાંધેલું ક્ષય કર્યા વિનાનું કર્મ સત્તામાં છે તે કર્મદલિક પણ પ્રતિસમયે ગુણસંક્રમ દ્વારા પરમાં સંક્રમાવતાં સંક્રમાવતાં ક્ષય કરે છે. ત્યાં ચરમ સમયે એટલે કે બન્ધવિચ્છેદના અન્તિમ સમયમાં બંધાયેલા કર્મદલિકનો અસંખ્યાતમો ભાગ જ કર્મદલિક ક્ષય કર્યા વિનાનો શેષ હોય છે.

ત્યારબાદ તે અન્તિમ સમયમાં તે બાકી રહેલા કર્મદલિકનો સર્વસંક્રમ વડે પરમાં જયારે સંક્રમ કરે છે ત્યારે જઘન્ય પ્રદેશ સંક્રમ થાય છે.

અરતિ મોહનીય અને શોકમોહનીયના જઘન્ય પ્રદેશના સંક્રમનું સ્વામિત્વ અસાતા વેદનીય કર્મની જેમ જ જાણવું (કમ્મપયડિ સંક્રમણ કરણ ગાથા ૧૦૨ના પૂર્વાર્ધમાં કહ્યા પ્રમાણે જાણવા.) (આ વિષયનું કથન પંચસંગ્રહ સંક્રમણ કરણ ગાથા ૧૧૯માં પણ જાણવું.) ।।૧૦૩।।

**वेउव्वेक्कारसगं उव्वलिअं, बंधिउण अप्पद्धं ।**
**जेट्ठठिई णिरयाउ उव्वट्टित्ता अबंधित्तु ॥ १०४ ॥**
**थावरगयस्स चिरउव्वलणे एयस्स एवमुच्चस्स ।**
**मणुअदुगस्स य तेउसु वाउसु वा सुहुमबद्धाणं ॥१०५॥**

ગાથાર્થ :- વૈક્રિય એકાદશકની પ્રથમ એકેન્દ્રિયના ભવમાં જઈને ઉદ્વલના કર્યા પછી પંચેન્દ્રિયના ભવમાં આવીને નાના એક અંતર્મુહૂર્ત કાળમાં તે વૈક્રિય એકાદશક બાંધીને ત્યાંથી મૃત્યુ પામીને સાતમી નારકીમાં જયેષ્ઠ સ્થિતિવાળો નારકી થાય ત્યાં ૩૩ સાગરોપમ પ્રમાણ નરકાયુષ્યના કાળમાં ઘણુ ઘણું દલિક ભોગવીને મૃત્યુ પામીને પંચેન્દ્રિય તિર્યંચના ભવમાં જાય, ત્યાં જઈને આ વૈક્રિય એકાદશકનો બંધ કર્યા વિના જ એકેન્દ્રિયમાં જાય. ત્યાં ચિરકાળવાળી ઉદ્વલના કરે તેવા જીવને દ્વિચરમ સ્થિતિ ખંડના ચરમ સમયે પરમાં સંક્રમ કરતી વેળાએ જઘન્ય પ્રદેશ સંક્રમ થાય છે આમ જાણવું. તથા આ જ પ્રમાણે સૂક્ષ્મ એકેન્દ્રિયના ભવમાં ઉચ્ચગોત્ર અને મનુષ્યદ્વિક આ ત્રણને અલ્પકાળ બાંધીને તેઉકાય અને વાઉકાયના ભવમાં ગયેલા જીવને ચિર ઉદ્વલના કરતાં દ્વિચરમ સ્થિતિ ખંડના ચરમ સમયે પરમાં સંક્રમાવતાં જઘન્ય પ્રદેશ સંક્રમ જાણવો. ।।૧૦૪-૧૦૫।।

**વિવેચન :-** વૈક્રિય એકાદશક એટલે કે દેવદ્વિક, નરકદ્વિક તથા વૈક્રિય સપ્તક એમ કુલ અગીયાર (૧૧) કર્મપ્રકૃતિઓના જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી આ પ્રમાણે જાણવા.

પૂર્વકાલમાં પંચેન્દ્રિયાદિ ભવો પ્રાપ્ત કરીને જે વૈક્રિય એકાદશક બાંધેલુ હોય. તેની એકેન્દ્રિયના ભવમાં જઈને તે જીવ વડે સર્વથા ઉદ્વલના કરવામાં આવી હોય સત્તામાંથી પરમાં સંક્રમિત કરીને તે સર્વપ્રકૃતિઓને નિઃસત્તાક કરી હોય.

ત્યારબાદ ફરીથી પંચેન્દ્રિયનો ભવ પ્રાપ્ત કરવા વડે અલ્પકાળ માત્ર એટલે કે અન્તર્મુહૂર્ત કાળ માત્ર વૈક્રિય એકાદશક નવાં બાંધ્યાં તે અન્તર્મુહૂર્ત કાળ માત્ર બાંધીને ત્યારબાદ જ્યેષ્ઠ સ્થિતિવાળો એટલે કે (૩૩) તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળો સાતમી નારકભૂમિમાં નારકપણે ઉત્પન્ન થયો.

ત્યાં સાતમી નારકીમાં તેટલો કાળ (એટલે કે ૩૩ સાગરોપમકાળ) સુધી યથાસંભવ એટલે કે નરદ્વિક અને વૈક્રિય સપ્તકને ઉદયથી ભોગવવા દ્વારા અને દેવદ્વિકનો તેમાં સંક્રમ કરવા દ્વારા અનુભવવા વડે અનુભવ કરીને (આ રીતે અન્તર્મુહૂર્ત માત્રમાં બાંધેલા કર્મદલિકને ભોગવવા દ્વારા અને સંક્રમવવા દ્વારા) ખાલી કરતાં કરતાં ૩૩ સાગરોપમ કાળ જાય.

ત્યારબાદ તે જીવ તે સાતમી નારકીમાંથી નીકળીને પંચેન્દ્રિય તિર્યચમાં ઉત્પન્ન થાય ત્યાં તે વૈક્રિય એકાદશકને બાંધ્યા વિના જ સ્થાવરમાં એટલે કે એકેન્દ્રિયના ભવમાં જે જીવ ઉત્પન્ન થાય ત્યાં ઉત્પન્ન થઈને ચિરોદ્વલના વડે એટલે કે પલ્યોપમના મોટા અસંખ્યાતા ભાગ પ્રમાણ કાળ વડે ઉદ્વલના કરતાં કરતાં જ્યારે દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયે પર પ્રકૃતિમાં જે દલિકોનો પ્રક્ષેપ કરે છે. તે સૌથી અલ્પ જઘન્ય પ્રદેશ સંક્રમ જાણવો.

આ જ જીવ કે જે હમણાં જ ઉપર સમજાવ્યો. તેવો જીવ પૂર્વે કહેલી વિધિ પ્રમાણે તેઉકાય અને વાઉકાયમાં ગયો છતો ત્યાં જઈને પૂર્વકાળમાં સૂક્ષ્મ એકેન્દ્રિયના ભવમાં વર્તતા તે જીવ વડે જે ઉચ્ચગોત્ર અને મનુષ્યદ્વિક કર્મ અલ્પમાત્રામાં બંધાયું હતું. તેની તેઉકાયમાં અને વાઉકાયમાં આવીને ચિરઉદ્વલના વડે ઉદ્વલના કરતાં કરતાં દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયમાં પરપ્રકૃતિમાં જે કર્મદલિક સંક્રમ પામે છે તે આ બન્નેનો (ઉચ્ચગોત્ર અને મનુષ્યદ્વિકનો) જઘન્ય પ્રદેશ સંક્રમ કહેવાય છે.

ઉપર સમજાવેલી વાતનો ભાવાર્થ (પ્રણાલિકા) આ પ્રમાણે છે. કોઈ એક જીવ પ્રથમ તેઉકાય અને વાઉકાયના ભવમાં ગયો ત્યાં જઈને તેની પૂર્વના ભવોમાં જે કંઈ બાંધેલું ઉચ્ચગોત્ર અને મનુષ્યદ્વિક સત્તામાં હતું તેની ઉદ્વલના કરી એટલે તે ત્રણની સત્તા વિનાનો થયો.

ત્યારબાદ સૂક્ષ્મ એકેન્દ્રિયના ભવમાં તે જીવ ગયો અને ત્યાં નાના એક (અલ્પમાત્રવાળા એવા એક) અંતર્મુહૂર્ત માત્ર કાળ વડે આ ત્રણ કર્મપ્રકૃતિઓ અલ્પ પ્રમાણમાં બાંધી, ત્યારબાદ પંચેન્દ્રિયના ભવમાં જઈને (આ ૩ કર્મપ્રકૃતિઓ નવી વધારે બાંધ્યા વિના જ) સાતમી નારકીમાં આ જીવ ઉત્પન્ન થયો. ત્યાં પણ ઉત્કૃષ્ટ આયુષ્યવાળામાં જન્મ્યો. ત્યાં (૩૩) તેત્રીસ સાગરોપમ કાળ સુધી સાતમી નારકીના ભવના કારણે જ આ ત્રણ પ્રકૃતિઓ નવી બાંધે નહીં એટલે કર્મદલિક વૃદ્ધિ પામે નહીં. પણ સત્તાગત તે કર્મપ્રકૃતિઓના પ્રદેશોનો પરપ્રકૃતિમાં સંક્રમ કરવા વડે પર પ્રકૃતિ રૂપે (નીચગોત્રમાં અને તિર્યંચદ્વિક આદિમાં સંક્રમાવવા વડે) પ્રદેશોદયથી અનુભવીને ઘણું ઓછું કરે.

ત્યારબાદ ફરીથી સાતમી નારકીમાંથી નીકળીને પંચેન્દ્રિય તિર્યંચમાં આવીને પછી તેઉકાય અને વાઉકાયમાં ઉત્પન્ન થાય. ત્યાં તે મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્રકર્મની ચિરકાળવાળી ઉદ્‌વલના કરતાં જ્યારે દ્વિચરમ સ્થિતિ ખંડ આવે અને તેની ઉદ્‌વલના કરતાં ચરમ સમયે પરપ્રકૃતિમાં દલિકોનો પ્રક્ષેપ કરતી વેળાએ જે સંક્રમ થાય તે મનુષ્યદ્વિકનો અને ઉચ્ચગોત્રનો જઘન્ય પ્રદેશ સંક્રમ થાય છે. આમ જાણવું. (પંચસંગ્રહ સંક્રમકરણ ગાથા ૧૧૨ તથા ૧૧૩) ॥૧૦૪-૧૦૫॥

**हस्सं कालं बंधिय, विरओ आहारसत्तगं गंतुं ।**
**( भुज्जो ) अविरइ महुव्वलंतस्स जा थोव उव्वलणा ॥ १०६ ॥**

**ગાથાર્થ :-** અલ્પ કાળ માત્ર અપ્રમત્ત સંયત થયો છતો આ જીવ આહારક સપ્તક બાંધે ત્યાં બાંધીને ફરીથી અવિરતિ થાય ત્યાં મોટી (એટલે કે ચિર) ઉદ્‌વલના કરતાં જ્યારે થોડી ઉદ્‌વલના હોય ત્યારે આહારક સપ્તકનો જઘન્ય પ્રદેશ સંક્રમ થાય છે. ॥૧૦૬॥

**વિવેચન :-** સૌથી પ્રથમ જે જીવે આહારક સપ્તક પૂર્વકાળમાં બાંધ્યું જ નથી. તેની સત્તા છે જ નહીં. આવો જીવ દીક્ષિત થઈને અપ્રમત્ત સંયત થયો છતો એક નાના અંતર્મુહૂર્ત કાળમાં આહારક સપ્તક બાંધે. અલ્પમાત્રામાં બાંધીને કર્મોદયની વિચિત્રતાથી ફરીથી પણ તે જીવ અવિરતિ થાય. (દીક્ષિત જીવન ત્યજી દે.)

આવા પ્રકારનો તે જીવ અવિરતિ થયો છતો તેવા પ્રકારના અવિરતિભાવને પામ્યો છતો તે જીવ એક અંતર્મુહૂર્ત બાદ ચિર ઉદ્‌વલના વડે આહારક સપ્તકની પલ્યોપમના મોટા અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળ વડે ઉદ્‌વલના કરતાં કરતાં જ્યારે થોડી ઉદ્‌વલના થાય ત્યારે અર્થાત્ દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયે પરપ્રકૃતિમાં પ્રક્ષેપ કરવા સ્વરૂપ ઉદ્‌વલના કરે ત્યારે આહારક સપ્તકનો જઘન્ય પ્રદેશ સંક્રમ થાય છે. (પંચસંગ્રહ સંક્રમણ કરણ ગાથા-૧૧૧). ॥૧૦૬॥

**तेवट्ठिसयं उदहीण, स चउपल्लाहिगं अबंधित्ता ।**
**अंते अहापवत्तकरणस्स उज्जोयतिरियदुगे ॥ १०७ ॥**

**ગાથાર્થ :-** (૧૬૩) એકસોહ ત્રેસઠ સાગરોપમ કાળ સુધી તથા ચાર પલ્યોપમ અધિક કાળ સુધી ઉદ્યોતનામકર્મ તથા તિર્યંચદ્વિક બાંધ્યા વિના જ મનુષ્યભવમાં આવીને ક્ષપકશ્રેણિ પ્રારંભ કરતાં યથાપ્રવૃત્ત સંક્રમના અંતે આ ત્રણ પ્રકૃતિના જઘન્ય પ્રદેશ સંક્રમનો સ્વામી થાય છે. ॥૧૦૭॥

**વિવેચન :-** ત્રેસઠ (૬૩) છે અધિક જેમાં એવાં એકસોહ એટલે કે એકસોહ અને ત્રેસઠ સાગરોપમ (૧૬૩) તથા તેમાં ચાર પલ્યોપમ અધિક કાળ સુધી તિર્યંચદ્વિક અને ઉદ્યોત નામકર્મને બાંધ્યા વિના પરમાં માત્ર સંક્રમાવવા વડે અલ્પસત્તા વાળાં કરીને નવાં બાંધ્યા વિના જ મનુષ્યભવમાં આવીને ક્ષપિત કર્માંશી એવો તે જીવ જલ્દી જલ્દી ક્ષપક શ્રેણિ પ્રારંભે ત્યાં યથાપ્રવૃત્તકરણના અંતે ચરમ સમયે ઉદ્યોતનામકર્મ તથા તિર્યંચદ્વિકનો જઘન્ય પ્રદેશ સંક્રમ કરે છે.

**પ્રશ્ન :-** (૧૬૩) એકસોહ ત્રેસઠ સાગરોપમ કાળ સુધી ઉદ્યોત નામકર્મ તથા તિર્યંચદ્વિક ન બાંધે આવું ઉપર જે કહેવામાં આવ્યું છે તે (૧૬૩) સાગરોપમ સુધી અબંધ થાય તે વાત કેવી રીતે સમજવી ?

**ઉત્તર :-** તે (૧૬૩) એકસોહ ત્રેસઠ સાગરોપમ કાળ સુધી અબંધ આ રીતે થાય છે :- તે ક્ષપિત કર્માંશી જીવ ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા મનુષ્યભવમાં (યુગલિકના ભવમાં) ઉત્પન્ન થાય. ત્યાં યુગલિક હોવાથી દેવદ્વિક જ બાંધે. પરંતુ તિર્યંચદ્વિક અને ઉદ્યોતનામકર્મ ન બાંધે. ત્યાં અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે ત્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને તે સમ્યક્ત્વથી પતન પામ્યા વિના જ એક પલ્યોપમની સ્થિતિવાળો દેવ થાય. ત્યાં દેવભવમાં આ તિર્યંચદ્વિક અને ઉદ્યોતનામકર્મ જો કે બંધાય છે. તો પણ આ જીવ સમ્યક્ત્વી હોવાથી સમ્યક્ત્વના કારણે આ ત્રણ કર્મપ્રકૃતિઓ બાંધે નહીં.

ત્યારબાદ સમ્યક્ત્વભાવથી પડ્યા વિના દેવભવથી ચ્યવીને મનુષ્યભવમાં ઉત્પન્ન થાય, ત્યારબાદ તે પૂર્વે પ્રાપ્ત કરેલા સમ્યક્ત્વ ગુણથી પડ્યા વિના જ સમ્યક્ત્વની સાથે જ મૃત્યુ પામીને પરભવમાં એકત્રીસ (૩૧) સાગરોપમવાળો ગ્રૈવેયકદેવ થાય, ત્યાં ઉત્પન્ન થયા પછી તરત જ અંતર્મુહૂર્ત બાદ મિથ્યાત્વે જાય, મિથ્યાત્વ ગુણસ્થાનક આવવા છતાં પણ ગ્રૈવેયકનો ભવ હોવાથી ભવના નિમિત્તે આ ત્રણ પ્રકૃતિઓ આ જીવ ન બાંધે.

ત્યારબાદ અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી હોતે છતે ફરીથી સમ્યક્ત્વ પ્રાપ્ત કરે, ત્યારબાદ મનુષ્યના ભવ તથા અનુત્તર સુર આદિના ભવોમાં જવા વડે બે છાસઠ સાગરોપમ (૧૩૨ સાગરોપમ) સમ્યક્ત્વગુણમાં વર્તનારો બને ત્યાં પણ સમ્યક્ત્વ હોવાના કારણે આ કર્મોનો બંધ ન કરે.

ત્યાંથી મૃત્યુ પામીને કર્મભૂમિનો મનુષ્ય થાય. ત્યાં આવીને જલ્દી જલ્દી ક્ષપક શ્રેણિનો પ્રારંભ કરવાનો ઉદ્યમ કરે ત્યાં ક્ષપણા કરવાના કારણે હવે બંધ ન હોય. આ પ્રમાણે એકસોહ ત્રેસઠ (૧૬૩) સાગરોપમ તથા ચાર પલ્યોપમ અધિક તથા વળી કેટલાક વચ્ચે વચ્ચેના મનુષ્યભવો સાથે અબંધકાળ જાણવો. એટલે કે તિર્યંચદ્વિક તથા ઉદ્યોતનામકર્મના બંધનો અભાવ સમજવો. (પંચસંગ્રહ સંક્રમણકરણ ગાથા ૧૧૫ પંચમકર્મગ્રંથ ગાથા ૫૬) ॥૧૦૭॥

**इगविगलिंदियजोग्गा, अट्ठ अपज्जत्तगेण सह तासिं ।**
**तिरियगईसमं णवरं, पंचासीउदहि सयं तु ॥ १०८ ॥**

**ગાથાર્થ :-** એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયને યોગ્ય એવી આઠ કર્મપ્રકૃતિઓ તથા અપર્યાપ્ત નામકર્મ એમ કુલ નવ કર્મપ્રકૃતિઓના જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી તિર્યંચગતિની સમાન જાણવા. પરંતુ (૧૬૩ને બદલે) ૧૮૫ સાગરોપમ સુધી અબંધકાળ લેવો. ॥૧૦૮॥

**વિવેચન :-** એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવોને યોગ્ય એવી (૮) આઠ કર્મપ્રકૃતિઓ (એકેન્દ્રિય બેઈન્દ્રિય-તેઈન્દ્રિય તથા ચઉરિન્દ્રિય જાતિ એમ ચાર જાતિનામકર્મ, સ્થાવર, આતંપ, સૂક્ષ્મ અને સાધારણ નામકર્મ આવા લક્ષણ વાળી આઠ કર્મપ્રકૃતિઓ) તથા અપર્યાપ્ત નામકર્મ એમ કુલ નવ (૯) કર્મપ્રકૃતિઓના જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી તિર્યંચગતિની સમાન જાણવા.

પરંતુ ત્યાં (૧૬૩) એકસોહ ત્રેસઠ સાગરોપમ સુધીનો અબંધકાળ કહ્યો હતો. તેને બદલે આ નવ કર્મપ્રકૃતિઓમાં ચાર પલ્યોપમ અધિક એકસોહ પંચાસી સાગરોપમ સુધીનો અબંધકાળ કહેવો. આટલી વિશેષતા છે.

**પ્રશ્ન :-** (૧૮૫) એકસોહ પંચાસી સાગરોપમ સુધીનો અબંધકાળ કહ્યો. તે આટલો કાળ કેવી રીતે અબન્ધ થાય ? તે સમજાવો.

**ઉત્તર :-** આવો પ્રશ્ન જો કરતા હો તો કહે છે કે : અહીં ક્ષપિત કર્માંશી જીવ (૨૨) બાવીસ સાગરોપમની સ્થિતિવાળો છઠ્ઠી નારકભૂમિમાં નારકી થાય. ત્યાં છઠ્ઠી નારકીમાં આ ઉપર કહેતી નવે પ્રકૃતિઓ ભવ પ્રત્યયથી જ જીવ બાંધતો નથી. આખા ભવમાં બાંધ્યા

વિના નારકીનો ભવ સમાપ્ત થવા આવે ત્યારે અન્તે અંતર્મુહૂર્ત કાળ બાકી હોય ત્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને મનુષ્યના ભવમાં આવે.

મનુષ્યનો સંપૂર્ણ ભવ સમાપ્ત થાય ત્યાં સુધી સમ્યક્ત્વમાં રહીને સમ્યક્ત્વ હોતે છતે જ દેશવિરતિ પ્રાપ્ત કરીને મૃત્યુ પામીને ચાર પલ્યોપમની સ્થિતિવાળો સૌધર્મ દેવલોકમાં દેવ થાય. વચ્ચેના મનુષ્યભવમાં સમ્યક્ત્વવાળો હોવાના કારણે ઉપર કહેલી (૯) નવ પ્રકૃતિઓ બાંધે નહી અને સૌધર્મ દેવલોકમાં જન્મે.

ત્યાં પણ સમ્યક્ત્વ હોવાથી એકેન્દ્રિય તથા વિકલેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરે નહીં ત્યાંથી મનુષ્યના ભવમાં આવી દીક્ષિત થઈને સંપૂર્ણ ભવ પર્યન્ત સંયમ પાલીને તથા સંયમના પ્રભાવે ઉપરોક્ત (૯) નવ કર્મપ્રકૃતિઓ બાંધ્યા વિના જ મૃત્યુ પામીને નવમી ગ્રૈવેયકમાં (૩૧) એકત્રીસ સાગરોપમની સ્થિતિવાળો દેવ થાય.

ત્યાં જન્મ્યા પછી અંતર્મુહૂર્ત બાદ મિથ્યાત્વી થાય. આખો ભવ મિથ્યાત્વ અવસ્થામાં પસાર કરે. પરંતુ ભવપ્રત્યયથી જ નવમી ગ્રૈવેયક હોવાના કારણે આ નવ કર્મપ્રકૃતિઓ ન બંધાય, ભવના અન્તિમ અન્તર્મુહૂર્ત કાળમાં પુનઃ સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને સમ્યક્ત્વથી પતન પામ્યા વિના જ સમ્યક્ત્વ સાથે જ મનુષ્યભવમાં જન્મ ધારણ કરે.

મનુષ્યભવમાં સર્વવિરતિ ધર્મનું સારી રીતે અનુપાલન કરીને બે વાર વિજયાદિમાં જવા વડે (૬૬) છાસઠ સાગરોપમ સુધી સમ્યક્ત્વના કાલને પૂર્ણ કરીને ત્યારબાદ મનુષ્યના ભવમાં વચ્ચે એક અંતર્મુહૂર્ત કાલ મિશ્ર ગુણસ્થાનકનો અનુભવ કરીને ત્યારબાદ બીજી વાર ત્રણ વખત અચ્યુત દેવલોકમાં જવા વડે સમ્યક્ત્વનો (૬૬) છાસઠ સાગરોપમનો કાલ ફરીથી પૂર્ણ કરે.

તે આ પ્રમાણે સમ્યક્ત્વનું પૂર્ણપણે પાલન કરીને સમ્યક્ત્વનો તે કાળ અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે ક્ષપકશ્રેણિ પ્રારંભે. આ પ્રમાણે (૧૮૫) એકસોહ પંચાશી સાગરોપમ પલ્યોપમ અધિક કેટલાક મનુષ્યના ભવ સાથે પૂર્વે કહેલી નવ (૯) કર્મપ્રકૃતિઓનો અબંધકાળ જાણવો.

ઉપર જે (૧૮૫) એકસોહ પંચાશી સાગરોપમ સમજાવવામાં આવ્યાં. તેમાં સમ્યક્ત્વનો (૬૬) છાસઠ સાગરોપમ કાળ સમાપ્ત થયા પછી બીજીવાર (૬૬) છાસઠ સાગરોપમ સમ્યક્ત્વમાં રહેતાં પહેલાં વચ્ચે એક અંતર્મુહૂર્ત માત્ર મિશ્ર ગુણસ્થાનકે જવાનું જે કહ્યું છે તે કર્મગ્રંથકારના મતે જાણવું. કર્મગ્રંથના મતે આ વાત અવિરુદ્ધ જ છે.

પરંતુ સિદ્ધાન્તના મતે તે વાત માન્ય નથી. કારણ કે સિદ્ધાન્તમાં આ પ્રમાણે કહ્યું નથી. કલ્પભાષ્યની ગાથા આ પ્રમાણે છે.

**मिच्छत्ता संकंती अविरुद्धा होइ सम्ममीसेसु ।**
**मीसाओ वा दोसुं सम्मा मिच्छं न उण मीसं ॥ ति ॥**

**અર્થ :-** મિથ્યાત્વથી સમ્યક્ત્વ અને મિશ્ર એમ બન્ને ગુણસ્થાનકે જવાય છે. તથા મિશ્રથી પણ બન્ને ગુણસ્થાનકે જવાય છે. પરંતુ સમ્યક્ત્વથી મિથ્યાત્વે જવાય છે. પણ સમ્યક્ત્વથી મિશ્રે જવાતું નથી. (આ કલ્પ ભાષ્યની ગાથા છે.) ॥૧૦૮॥

**छत्तीसाइ सुभाणं, सेढिमणारुहिय सेसगविहीहिं ।**
**कट्टु जहन्नं खवणं, अपुव्वकरणालिगा अंते ॥ १०९ ॥**

**ગાથાર્થ :-** ચાર વાર ઉપશમ શ્રેણિ ઉપર આરોહણ કર્યા વિના બાકીની શેષ વિધિ વડે ક્ષપિત કર્માંશી બનેલા જીવને શુભ એવી (૩૬) છત્રીસ કર્મપ્રકૃતિઓનો જઘન્યસ્થિતિ સંક્રમ અપૂર્વકરણની એક આવલિકા ગયે છતે તેના અન્તિમ સમયમાં થાય છે. ॥૧૦૯॥

**વિવેચન :-** ક્ષપિત કર્માંશી થવાની પૂર્વે જે વિધિ જણાવી છે તે વિધિ મુજબ ક્ષપિત કર્માંશી બનેલો આત્મા પરંતુ ચારવાર મોહનીય કર્મનો ઉપશમ કરવા સ્વરૂપ જે ઉપશ્રેણિ કરવાનું તેમાં વિધાન છે તે વાત ન લેવી અર્થાત્ ઉપશમશ્રેણિ માંડ્યા વિના બાકીની શેષવિધિથી જે ક્ષપિતકર્માંશી બન્યો હોય તેવો આત્મા અહીં લેવો. કારણ કે છત્રીસ શુભ પ્રકૃતિઓના જઘન્ય સ્થિતિ સંક્રમના સ્વામી અહીં કહેવાના છે.

ત્યાં જો ચારવાર ઉપશમ શ્રેણી પ્રારંભે તો અબધ્યમાન એવી અશુભ કર્મપ્રકૃતિઓનો શુભમાં ગુણ સંક્રમ થવાથી શુભ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશ સંક્રમ પ્રાપ્ત થાય નહીં. તેથી ચારવાર મોહનો ઉપશમ કરવાની પ્રક્રિયા વિના બાકીની શેષવિધિ વડે જે આત્મા ક્ષપિતકર્માંશી થયો હોય તેવા જીવને (૩૬) છત્રીસ પુણ્ય પ્રકૃતિઓનો ક્ષપક શ્રેણિ પ્રારંભવાને ઉદ્યમશીલ બનેલા જીવને અપૂર્વકરણની પ્રથમ એક આવલિકા કાળ જાય ત્યારે તેના અન્તિમ સમયમાં જઘન્ય પ્રદેશ સંક્રમ પ્રાપ્ત થાય છે.

કારણ કે બીજા સમયથી તેનામાં સંક્રમથી આવેલા કર્મદલિકોની એક આવલિકા પસાર થવા આવી છે. તેથી પ્રથમ સમયે દ્વિતીય સમયે જે કર્મદલિક આવ્યું હોય તેને આવ્યાને સંક્રમાવલિકા પસાર થવા આવી છે. તેથી તે દલિકનો પણ અન્યમાં સંક્રમ થવાનો સંભવ હોવાથી જઘન્ય સંક્રમ પ્રાપ્ત થતો નથી. તેથી અપૂર્વકરણની પ્રથમ આવલિકાના ચરમ સમયે જ સ્વામી જાણવા.

**પ્રશ્ન :-** આવા પ્રકારની શુભ ૩૬ પુણ્યપ્રકૃતિઓ કઈ કઈ છે ?

**ઉત્તર :-** પંચેન્દ્રિય જાતિ, પ્રથમ સમચતુરસ્ર સંસ્થાન, પ્રથમ વજ્રઋષભ નારાચ સંઘયણ, તૈજસ સપ્તક, પ્રશસ્ત વિહાયોગતિ, શુક્લ લોહિત અને હારિદ્ર વર્ણ, સુરભિ ગંધ, કષાય, આમ્લ અને મધુર રસ, મૃદુ, લઘુ, સ્નિગ્ધ અને ઉષ્ણસ્પર્શ એમ શુભ વર્ણાદિ એકાદશ, અગુરૂલઘુ, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસદશક અને નિર્માણ નામકર્મ એમ કુલ (૩૬) પુણ્ય પ્રકૃતિઓના અપૂર્વકરણની પ્રથમ આવલિકાના ચરસમયે જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી જાણવા.

પંચસંગ્રહ નામના ગ્રથમાં "पणतीसाए सुभाणं अपुव्वकरणालिगा अंते त्ति" (સંક્રમણ કરણ ગાથા ૧૧૪ના ઉત્તરાર્ધમાં) કહ્યું કે વજ્રઋષભ નારાચ સંઘયણ વિના બાકીની ૩૫ પુણ્યપ્રકૃતિઓના જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી કહ્યા છે અને પ્રથમ સંઘયણના જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી પોતાના બંધ વિચ્છેદના સમયે કહ્યા છે. આટલી વિશેષતા જાણવી. ॥૧૦૯॥

**सम्मद्दिट्ठी अजोग्गाण, सोलसण्हं पि असुभपगडीणं ।**
**थीवेएण सरिसगं णवरं पढमं तिपल्लेसु ॥ ११० ॥**

**ગાથાર્થ :-** સમ્યગ્દષ્ટિ જીવને બંધને આશ્રયી અયોગ્ય એવી (૧૬) સોળ કર્મપ્રકૃતિઓના જઘન્ય સ્થિતિ સંક્રમના સ્વામી સ્ત્રીવેદની સમાન જાણવા. પરંતુ પ્રથમ ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા મનુષ્યમાં જન્મેલો જીવ જાણવો. ॥૧૧૦॥

**વિવેચન :-** સમ્યગ્દષ્ટિ મહાત્માને બંધને આશ્રયી અયોગ્ય (અર્થાત્ બંધમાં ન આવે તેવી) અશુભ પ્રકૃતિઓ પહેલા સિવાયનાં પાંચ સંસ્થાન અને પાંચ સંઘયણ, અશુભ વિહાયોગતિ, દૌર્ભાગ્ય, દુઃસ્વર અને અનાદેય, નપુંસકવેદ તથા નીચગોત્ર એમ કુલ (૧૬) સોળ કર્મપ્રકૃતિઓના જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી સ્ત્રીવેદની જેમ (સંક્રમણકરણ કર્મપ્રકૃતિ ગાથા ૯૯માં કહ્યા મુજબ) જાણવા.

પરંતુ આ ૧૬ કર્મપ્રકૃતિઓના જઘન્ય પ્રદેશના સંક્રમનો સ્વામી ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા મનુષ્યમાં ઉત્પન્ન થયેલો જીવ જાણવો. ત્યાં ત્રણ પલ્યોપમના આયુષ્યની સમાપ્તિ થવા આવે ત્યારે અન્તિમ એક અંતર્મુહૂર્ત માત્ર આયુષ્ય બાકી હોતે છતે સમ્યક્ત્વ જે જીવે પ્રાપ્ત કર્યું છે. આવો પ્રાપ્ત સમ્યક્ત્વવાળો જીવ સ્વામી જાણવો. બાકીનું બધું પૂર્વની જેમ જ જાણવું. ॥૧૧૦॥

**नरतिरियाण तिपल्लस्संति, ओरालियस्स पाउग्गा ।**
**तित्थयरस्स य बंधा, जहन्नओ आलिगं गंतु ॥ १११ ॥**

**ગાથાર્થ :-** મનુષ્ય અને તિર્યંચોને ત્રણ પલ્યોપમના અંતે ઔદારિક પ્રાયોગ્ય પ્રકૃતિઓનો (એટલે કે ઔદારિક સપ્તકનો) જઘન્ય પ્રદેશ સંક્રમ થાય છે. તીર્થંકરનામકર્મનો બંધ કરતા જીવ વડે પ્રથમ સમયે જે કર્મદલિક બાંધ્યું તે જ એક આવલિકા પછી યથાપ્રવૃત્ત સંક્રમ વડે પરમાં સંક્રમાવતાં જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે. ॥૧૧૧॥

**વિવેચન :-** આ ગાથામાં ઔદારિક શરીર પ્રાયોગ્ય સાત કર્મ પ્રકૃતિઓ તથા તીર્થંકરનામકર્મ એમ કુલ (૮) આઠ કર્મપ્રકૃતિઓના જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામિત્વનું કથન છે. ત્યાં પ્રથમ ઔદારિક સપ્તકના સ્વામી જણાવે છે.

જે જીવ અન્ય બીજા જીવોની અપેક્ષાએ સર્વ કરતાં અતિશય જઘન્ય પ્રદેશોની સત્તા વાળો થયો છે. તેવો જીવ મનુષ્ય હોય અથવા પંચેન્દ્રિય તિર્યંચ હોય તેવા જીવને પોતાનું ત્રણ પલ્યોપમ પ્રમાણ આયુષ્ય હોય તેના ચરમ સમયમાં વર્તતો હોય ત્યારે ઔદારિક શરીરને પ્રાયોગ્ય એવી સાત પ્રકૃતિઓ એટલે કે ઔદારિકસપ્તકનો જઘન્યપ્રદેશ સંક્રમ કરે છે. આવો જીવ સ્વામી થાય છે.

તથા તીર્થંકર નામકર્મનો બંધ કરતો જીવ પ્રથમ સમયે જ જે કર્મદલિક બાંધ્યું. તેની બન્ધાપલિકા પસાર થયે છતે પરપ્રકૃતિઓમાં જે કર્મપ્રદેશો યથાપ્રવૃત્ત સંક્રમ વડે સંક્રમિત કરે છે. ત્યારે તેનો જઘન્ય પ્રદેશ સંક્રમ થાય છે. કારણ કે આ સ્થાને જેટલા ઓછા પ્રદેશોનો સંક્રમ છે. તેટલો ન્યૂન બીજે ક્યાંય પ્રાપ્ત થતો નથી. આ પ્રમાણે આ પ્રદેશ સંક્રમ કહ્યો. તે કહે છતે સંક્રમણકરણ સમાપ્ત થયું. ॥૧૧૧॥

# સંક્રમણ કરણ - સમાપ્ત



# ઉદ્વર્તના - અપવર્તનાકરણ

*અવતરણ :- હવે ઉપર કહેલાં આઠ કરણોના ક્રમ પ્રમાણે એટલે કે ઉદ્દેશને અનુસારે ઉદ્વર્તના અને અપવર્તના કરણ કહેવાનો અવસર આવ્યો છે. આ બન્ને કરણો માત્ર સ્થિતિ અને અનુભાગને (રસને) આશ્રયી જ પ્રવર્તે છે. ત્યાં સ્થિતિ સંબંધી ઉદ્વર્તના સૌથી પ્રથમ કહે છે.*

**उव्वट्टणा ठिईए, उदयावलियाइ बाहिरठिईणं ।**
**होइ अबाहा अइत्थावणाउ जावलिया हस्सा ॥ १ ॥**

**ગાથાર્થ :-** સત્તામાં રહેલી સ્થિતિની ઉદયાવલિકાની બહારની સ્થિતિની ઉદ્વર્તના થાય છે. તથા અબાધાકાળ તે અતીત્થાપના થાય છે. યાવત્ એક આવલિકા જેટલી જઘન્ય અતીત્યાપના જાણવી. ॥૧॥

**વિવેચન :-** આ ગાથાથી ઉદ્વર્તના અને અપવર્તના હવે કરણ શરૂ કરાય છે. સંક્રમ હંમેશાં પરપ્રકૃતિમાં થાય છે. જ્યારે ઉદ્વર્તના અપવર્તના સ્વમાં જ થાય છે. સાતાને અસાતા રૂપે કરવી કે અસાતાને સાતા રૂપે કરવી તે સંક્રમ કહેવાય છે. આ સંક્રમમાં જે દલિકો જે સમયમાં ગોઠવાયાં છે. તેનો ફેરફાર થતો નથી. સ્થાન અને સમય હતાં તે જ સમયમાં રહે છે. પણ તે કર્મદલિકોનું સ્વરૂપ પલટાય છે. સાતા રૂપે ફળ આપવાવાળાં દલિકો અસાતારૂપે ફળ આપે તેવાં બની જાય છે. આ પ્રમાણે સ્થાન ન બદલાય પણ સ્વરૂપ બદલાય તેને સંક્રમ કહેવાય છે અને આ સંક્રમ હંમેશાં મૂળકર્મથી સજાતીય એવી પર પ્રકૃતિમાં જ થાય છે.

જ્યારે ઉદ્વર્તના અને અપવર્તનામાં સ્વરૂપ બદલાતું નથી. સાતાનાં દલિકો સાતા રૂપે જ રહે છે અને અસાતાનાં દલિકો અસાતા રૂપે જ રહે છે. પરંતુ સ્થાન બદલાય છે. જે કર્મદલિકો નીચેના સ્થાનોમાં ગોઠવાયાં છે. તેને ઉપરના સ્થાનોમાં લઈ જવાં તે ઉદ્વર્તના કહેવાય છે અને જે કર્મદલિકો ઉપરના સ્થાનોમાં ગોઠવાયાં છે. તેને નીચેના સ્થાનોમાં લાવવાં તેને અપવર્તના કહેવાય છે. ઉદ્વર્તના-અપવર્તના સ્વમાં જ થાય છે અને સંક્રમ હંમેશાં પરમાં જ થાય છે.

ઉદ્વર્તના બંધની સાથે સંબંધ ધરાવે છે. પણ અપવર્તના બંધની સાથે સંબંધ ધરાવતી નથી. તેથી સત્તામાં જે કર્મની જેટલી સ્થિતિ અને રસ હોય છે. તે સઘળાની ઉદ્વર્તના થતી નથી. પરંતુ નવી જેટલી સ્થિતિ અને રસ બંધાય છે. તેટલા પ્રમાણવાળી સ્થિતિ અને રસમાં ઉદ્વર્તના પ્રવર્તે છે. પરંતુ અધિક સત્તામાં રહેલી સ્થિતિમાં ઉદ્વર્તના

પ્રવર્તતી નથી. જ્યારે અપવર્તનામાં આ નિયમ લાગુ પડતો નથી. બંધ હોય તો પણ અને બંધ ન હોય તો પણ અપવર્તના થઈ શકે છે.

તથા જે સમયોમાં ગોઠવાયેલા દલિકોમાં સંક્રમ, ઉદ્‌વર્તના કે અપવર્તના થાય છે. તે સમયોમાં ગોઠવાયેલાં તમામ દલિકોનાં સંક્રમ આદિ થતાં નથી. જેથી તે સ્થિતિ સર્વથા ખાલી થતી નથી. પરંતુ તે તે સમયોમાં ગોઠવાયેલાં કર્મદલિકોમાંથી થોડાં થોડાં કર્મદલિકો પરમાં નખાય છે તે સંક્રમ, સ્વમાંને સ્વમાં નીચેની સ્થિતિમાંથી ઉપરની સ્થિતિમાં જે નખાય છે. તે ઉદ્‌વર્તના અને ઉપરની સ્થિતિમાં જે દલરચના છે. તેમાંથી થોડાં-થોડાં દલિક નીચેની સ્થિતિમાં જે લાવવાં તે અપવર્તના કહેવાય છે.

બંધાવલિકા, ઉદયાવલિકા તથા સંક્રમાવલિકા સકલ કરણને માટે અયોગ્ય છે માટે તે આવલિકાઓમાં રહેલાં કર્મદલિકોને છોડીને જ સંક્રમ-ઉદ્‌વર્તના અને અપવર્તના થાય છે. જ્યારે જ્યારે ઉદ્‌વર્તના અથવા અપવર્તના પ્રવર્તે છે ત્યારે ત્યારે જે જે સમયનું કર્મદલિક ઉચકવામાં આવ્યું. ત્યાંથી અમુક સ્થિતિ સ્થાનો છોડીને જ ઉપર કે નીચે તે દલિક નખાય છે. જે સ્થાનો વચ્ચે છોડવામાં આવ્યાં. તેને **"અતીત્થાપના"** કહેવાય છે. દાખલા તરીકે પાંચમા સમયમાં ગોઠવાયેલું કર્મદલિક પચીસમા સમયમાં નાખવામાં આવ્યું. ત્યાં છઠ્ઠા સમયથી ચોવીસમા સમય સુધીની જે સ્થિતિ તે અતીત્થાપના કહેવાય છે. તેવી જ રીતે ૨૫મા સમયના દલિકોની પાંચમા સમયમાં ગોઠવણી કરી ત્યાં ૨૪મા સમયથી છઠ્ઠા સમય સુધીની **અતીત્થાપના** કહેવાય છે. અતીત્થાપના એટલે ઓળંગવા લાયક સ્થિતિ.

તથા કોઈ પણ એક સ્થિતિ સ્થાનમાં ધારો કે ૧૦૦૦, એક હજાર કર્મદલિકોની રચના થયેલી છે. તો તેમાંથી ૫૦ કર્મદલિકો નીચેની સ્થિતિમાં લઈ જવાય છે. તેને અપવર્તના કહેવાય છે તથા તે જ સ્થિતિમાં રહેલાં બીજાં ૫૦ કર્મદલિકો ઉપરની સ્થિતિમાં લઈ જવાય છે. તેને ઉદ્‌વર્તના કહેવાય છે તથા ત્રીજાં ૫૦ કર્મદલિકો પરમાં પણ નખાય છે. તેને સંક્રમ કહેવાય છે. તથા બીજાં ૫૦ કર્મદલિકોને ઉચકીને ઉદય સમયમાં લઈ જવાય છે. તેને ઉદીરણા કહેવાય છે. આમ એક સમયમાં ગોઠવાયેલાં ૧૦૦૦ કર્મદલિકોમાં ઘણાં કરણ પ્રવર્તે છે. છતાં તે સમયનાં તમામ દલિકો ખાલી કરાતાં નથી. આ રીતે આ કરણોનું પ્રવર્તન જીવમાં વીર્ય વિશેષ પ્રમાણે થાય છે.

ઉદ્‌વર્તના એટલે નિષેક રચના કાળે જે કર્મદલિકો જે રીતે ગોઠવાયાં છે. તેમાં વહેલાં ભોગવાય. તેવાં દલિકોને મોડાં ભોગવાય તેવાં કરવાં તેને ઉદ્‌વર્તના કહેવાય છે. (ઉદ્‌વર્તના એટલે સ્થિતિ અને રસનું વધારવું.) તથા અપવર્તના એટલે નિષક રચના કાળે જે કર્મદલિકો જે સમયોમાં ગોઠવાયાં છે. તે જ કર્મદલિકો મોડાં ભોગવાય તેમ છે. તેને

બદલે વહેલાં ભોગવાય તેમ કરવું. તેને અપવર્તના કહેવાય છે. (અપવર્તના એટલે સ્થિતિ અને રસનું ઘટાડવું.)

બંધકાલે કર્મદલિકોની જે નિષેક રચના થયેલી છે. તેમાં ફેરફાર કરીને નીચે ગોઠવેલાં દલિકોને ઉપરની સ્થિતિમાં લઈ જવાં તે ઉદ્વર્તના અને ઉપરની સ્થિતિમાં ગોઠવેલાં દલિકોને નીચેના સ્થાનોમાં લાવવાં તે અપવર્તના કહેવાય છે. પરંતુ આ પ્રક્રિયા કરતી વખતે અમુક સ્થાનો છોડીને જ નીચે કે ઉપર નખાય તે છોડાતા સ્થાનોને અતીત્થાપના કહેવાય છે. જેમ કોઈ પણ પુરૂષ જ્યારે જ્યારે ચાલવાનું કામ કરે છે. ત્યારે એક પગ જ્યાં પડેલો છે. તેના પછીના અનંતર સ્થાનમાં બીજો પગ મૂકી શકતો નથી. પરંતુ ઓછામાં ઓછું એક ફુટ જેટલું ક્ષેત્ર છોડીને આગલા સ્થાનમાં બીજો પગ મૂકે છે. તેની જેમ જે સમયનું દલિક ઉદ્વર્તના કે અપવર્તના કરવા માટે ઉચકાય છે. તે કર્મદલિક તેના અનંતરપણે રહેલા આગલા-પાછલા સમયમાં ગોઠવાતું નથી. પણ સામાન્યથી એક આવલિકા છોડીને જ ગોઠવાય છે તે છોડેલી આવલિકાને અતીત્થાપના કહેવાય છે.

ઉદ્વર્તનામાં બંધ સાથે સંબંધ છે. જેટલી સ્થિતિ નવી બંધાતી હોય તેનાથી જુની બાંધેલી લતામાં સ્થિતિ વધારે હોય તો પણ જેટલી સ્થિતિ નવી બંધાય છે. તેટલા જ સ્થાનોમાં ઉદ્વર્તના પ્રવર્તે છે તથા વળી નવા બંધાતા કર્મનો જેટલો અબાધાકાળ હોય તેટલા અબાધાકાળમાં રહેલી પૂર્વે બાંધેલા તે જ કર્મની સ્થિતિની ઉદ્વર્તના થતી નથી. એટલે કે નવા કર્મના અબાધાકાળ જેટલાં સ્થાનોમાં રહેલી જુના કર્મની લતાને ઉચકીને અબાધાકાળ ઉપરના સ્થાનોમાં લઈ જવા રૂપ ઉદ્વર્તના આ જીવ ક્યારેય કરતો નથી. પરંતુ અબાધાકાળમાં રહેલા કર્મદલિકોને અબાધાકાળમાંને અબાધાકાળમાં નીચેના સ્થાનમાંથી ઉપરના સ્થાનમાં નાખવા સ્વરૂપ ઉદ્વર્તના કરે છે.

અબાધાવાળી સ્થિતિમાં ઉદ્વર્તન જ થતી નથી એમ ન જાણવું. પરંતુ અબાધાવાળી સ્થિતિમાં અબાધાની ઉપર લઈ જવા રૂપ ઉદ્વર્તના થતી નથી. પરંતુ અબાધામાં અને અબાધામાં નીચેના સ્થાનનું દલિક ઉપરના સ્થાનમાં લઈ જવાય છે. આવી ઉદ્વર્તના થાય છે.

ઉદ્વર્તનામાં જે દલિકો જે સમયમાં ફળ આપવા રૂપે ગોઠવાયાં છે. ત્યાંથી ઉચકીને એક આવલિકા અથવા એક આવલિકાનો અસંખ્યાતમો ભાગ ઓળંગીને તેના પછીના સમયોમાં ઉદયમાં આવનારા દલિકોની સાથે ગાઠવવામાં આવે છે. એક આવલિકાનો અસંખ્યાતમો ભાગ ઓળંગવામાં આવ્યો છે. તે **અતીત્થાપના** કહેવાય છે. ત્યાર પછીના ઉપરના સમયોમાં ફળ આપવા રૂપે ગોઠવાય છે. તેવી જ રીતે અપવર્તનામાં પણ જે દલિકો

જે સમયમાં ફળ આપવા રૂપે ગોઠવાયાં છે. જે નિષેક રચના થયેલી છે. તે દલિકોને ત્યાંથી ઉંચકીને વહેલાં ફળ આપે તેવા સ્થાનોમાં આગલા સમયોમાં ગોઠવવાં ત્યાં એક આવલિકા અથવા ૧ સમયન્યૂન બે તૃતીયાંશ કાળ પહેલાં વહેલાં ફળ આપે તેવાં કરવાં. તેને સ્થિતિ અપવર્તના કહેવાય છે અને આ એક આવલિકા અથવા ૧ સમયન્યૂન બે તૃતીયાંશ ભાગ કુદવામાં આવ્યો. તે **અતીત્થાપના** કહેવાય છે.

ઉદ્વર્તના અને અપવર્તનામાં મૂળભૂમિકા રૂપે આટલી વાત સમજાવી. હવે મૂળ ગાથાનો અર્થ વધારે સ્પષ્ટ કરવામાં આવે છે. અહીં ઉદ્વર્તના અને અપવર્તના માત્ર સ્થિતિ અને રસની જ થાય છે. પ્રકૃતિ તો તેની તે જ રહે છે. સાતા રૂપે બંધાયેલાં કર્મદલિકો સાતા રૂપે જ રહે છે. પ્રકૃતિ બદલાતી નથી. જો પ્રકૃતિ બદલાય તો તેને ઉદ્વર્તના-અપવર્તના કહેવાતી નથી. પણ સંક્રમ કહેવાય છે માટે સ્થિતિ અને રસનો તેની તે જ પ્રકૃતિમાં વધારો થવો તે ઉદ્વર્તના અને તેની તે જ કર્મપ્રકૃતિમાં સ્થિતિ-રસનો ઘટાડો થવો તે અપવર્તના કહેવાય છે.

આ કારણે સ્થિતિની ઉદ્વર્તના અને રસની ઉદ્વર્તના એમ ઉદ્વર્તના જેમ બે પ્રકારની થાય છે. તેવી જ રીતે સ્થિતિની અપવર્તના અને રસની અપવર્તના એમ અપવર્તના પણ બે પ્રકારની છે. ત્યાં સ્થિતિની ઉદ્વર્તના અને સ્થિતિની અપવર્તના પ્રથમ સમજાવે છે. ત્યારબાદ રસની ઉદ્વર્તના અને રસની અપવર્તના સમજાવવામાં આવશે.

સૌથી પ્રથમ સ્થિતિની ઉદ્વર્તના સમજાવાય છે. આત્મા જે સ્થિતિ સ્થાનમાં વર્તે છે. ત્યાંથી એક આવલિકા જે છે. તેને ઉદયાવલિકા કહેવાય છે. આ આત્માએ જ્યારે વિવક્ષિત કર્મના બંધનો આરંભ કર્યો. ત્યારથી એક આવલિકા તે બંધાવલિકા કહેવાય છે. આ બંધાવલિકા અને ઉદયાવલિકા તથા સંક્રમાવલિકા સકલ કરણને માટે અયોગ્ય હોય છે. તે એક આવલિકામાં કોઈ પણ કરણ લાગતાં નથી. તે માટે ધારો કે આ જીવે સાતા વેદનીય કર્મ બાંધવાનો આરંભ કર્યો. કલ્પના પ્રમાણે ચાર સમયની એક આવલિકા કલ્પીએ તો જે સમયે જીવે સાતાવેદનીય કર્મ બાંધવાનો પ્રારંભ કર્યો. તે કર્મને ૧ થી ૪ સમય સુધી સંક્રમ ઉદ્વર્તના કે અપવર્તના કરી શકે નહીં, બંધાવલિકા હોવાથી,

પરંતુ ૧ થી ૪ સમય ગયા પછી પાંચમા સમયમાં વર્તતો જીવ પ્રથમ સમયે બંધાયેલી લતાની ઉદ્વર્તના કરી શકે છે. એવી જ રીતે છઠ્ઠા સમયમાં ગયેલો જીવ પહેલા અને બીજા સમયમાં બંધાયેલી લતાની ઉદ્વર્તના કરી શકે છે. આમ આગળ આગળ સમજવું. આ પ્રમાણે પ્રથમ એક બંધાવલિકા સકલ કરણને માટે અયોગ્ય છે.

તથા જીવ જે સમયમાં વર્તે છે. ત્યાંથી પ્રારંભીને એક આવલિકા તે ઉદયાવલિકા કહેવાય છે તે ઉદયાવલિકામાં રહેલું કર્મદલિક પણ સકલકરણને માટે અયોગ્ય હોય છે. તેવી જ રીતે કોઈ પણ એક કર્મનું દલિક બીજા કર્મમાં સંક્રાન્ત થઈને આવ્યું હોય તો તેનો સંક્રમ થયાને એક આવલિકા પૂર્ણ ન થાય ત્યાં સુધી તેનો અન્યમાં સંક્રમ થતો નથી. આ રીતે સંક્રમાવલિકા પણ સકલકરણને માટે અયોગ્ય હોય છે. આ પ્રમાણે બંધાવલિકા-ઉદયાવલિકા અને સંક્રમાવલિકા એમ ત્રણ આવલિકાનું દલિક સકલ કરણ માટે અયોગ્ય છે.

આ રીતે વિચારણા કરતાં સ્થિતિની ઉદ્‌વર્તના ઉદયાવલિકા બહારની જ સ્થિતિની થાય છે આમ જાણવું. કારણ કે ઉદયાવલિકા સકલકરણને માટે અયોગ્ય હોવાથી ત્યાં સંક્રમનો પ્રતિષેધ શાસ્ત્રકારોએ કરેલો છે.

તથા વળી જે જે કર્મપ્રકૃતિઓ હાલ બંધાય છે. તેની જ ઉદ્‌વર્તના થાય છે. તેમાં પણ હાલ બંધાતી પ્રકૃતિઓનો જેટલો અબાધાકાળ છે. તેટલા કાળમાં રહેલી જુની બંધાયેલી કર્મોની જે લતા છે. તેની પણ ઉદ્‌વર્તના થતી નથી. તેનો અર્થ એવો છે કે હાલ નવા બંધાતા કર્મોનો જેટલો અબાધાકાળ હોય છે. તેમાં પૂર્વે બાંધેલી કર્મપ્રકૃતિઓનું જે દલિક સત્તામાં પડ્યું છે. તેની ઉદ્‌વર્તના કરીને અબાધાકાળની ઉપરનાં સ્થાનોમાં નાખવા રૂપ ઉદ્‌વર્તના થતી નથી. પરંતુ અબાધાકાળની અંદર રહેલી આ સત્તાગત સ્થિતિનાં નીચેની સ્થિતિસ્થાનોનાં કર્મદલિકો અબાધાકાળની અંદર જ ઉપરના સ્થિતિ સ્થાનોમાં લઈ જવા રૂપ ઉદ્‌વર્તના થાય છે. જ્યારે ઉદયાવલિકાગત જે કર્મસ્થિતિ છે. તેની તો સર્વથા ઉદ્‌વર્તના થતી જ નથી. અબાધાકાળગત સ્થિતિસ્થાનોની અબાધાકાળની ઉપરના ભાગમાં લઇ જવા રૂપ ઉદ્‌વર્તના થતી નથી.

નવી બંધાતી પ્રકૃતિઓના અબાધાકાળમાં પૂર્વે બાંધેલી જુની પ્રકૃતિઓની જે લતા પડેલી છે. તેને ઉપાડીને તે અબાધાકાળના ઉપરના સ્થિતિ સ્થાનોમાં નિક્ષેપ થવા રૂપ ઉદ્‌વર્તના થતી નથી. કારણ કે તે સ્થિતિ સ્થાનો અબાધાની અંદર પ્રવેશેલાં છે. આ પ્રમાણે વિચારતાં અબાધાકાળની ઉપરનાં તમામ સ્થિતિ સ્થાનોની ઉદ્‌વર્તના થાય છે. તે આ પ્રમાણે નવાકર્મના અબાધાકાળની અંદર પ્રવેશેલી જુના પૂર્વકાલમાં બાંધેલા કર્મોની સ્થિતિઓ અબાધાકાળની ઉપર લઈ જવા સ્વરૂપ ઉદ્‌વર્તના કરવાને માટે **અતિક્રમણીય** છે અર્થાત્ ત્યજવા લાયક છે આવો અર્થ કરવો.

આ પ્રમાણે અતિક્રમણીય (અર્થાત્ અતીત્થાપના વાળી) સ્થિતિ કેટલી હોય ? તેનું પ્રમાણ જણાવે છે કે :- અબાધા તે અતીત્થાપના બને છે એટલે કે અબાધાની સ્થિતિઓ (ઉપર લઈ જવા સ્વરૂપ) ઉદ્‌વર્તનાને આશ્રયી અતિક્રમણીય (ત્યજવા લાયક) બને છે. તે

કારણથી જે ઉત્કૃષ્ટ અબાધાકાળ છે. તે જ અબાધા ઉપર લઈ જવા રૂપ ઉદ્વર્તનાને આશ્રયી અતીત્થાપના (અર્થાત્ ત્યજવા લાયક સ્થિતિઓ) બને છે માટે જે ઉત્કૃષ્ટ અબાધાકાળ છે. તે જ ઉત્કૃષ્ટ અતીત્થાપના છે.

તેમાંથી એક-બે આદિ સમયો હીનવાળી અબાધા થાય ત્યારે અતીત્થાપના પણ તેટલી હીન હીનતર થાય છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે છેલ્લી અબાધા પણ અંતર્મુહૂર્ત પ્રમાણ રહે ત્યારે અતીત્થાપના પણ તેટલી જ અંતર્મુહૂર્ત પ્રમાણ રહે.

તેના કરતાં પણ વધારે જઘન્યતર અતીત્થાપના છેલ્લી જે ઉદયાવલિકા છે તે આવલિકામાં રહેલાં જે સ્થિતિ સ્થાનો છે. તે સર્વથા અનુદ્વર્તનીય કહેલાં છે. (અબાધાકાળમાં જો કે નીચેનાં સ્થાનોની ઉદ્વર્તના અબાધાકાળની ઉપર લઈ જવા રૂપ ઉદ્વર્તના થતી નથી. પરંતુ અબાધાની અંદરને અંદર નીચેથી ઉપર લઈ જવા રૂપ ઉદ્વર્તના થાય છે. પરંતુ ઉદયાવલિકામાં તો તે પણ થતું નથી. સર્વથા અનુદ્વર્તનીય જ હોય છે. આટલી વિશેષતા છે.

**પ્રશ્ન :-** "**आबन्धा उक्कड्ढइ त्ति**" આવું (કમ્મપયડિ ઉદ્વર્તના અપવર્તના કરણ ગાથા ૧૦માં) વચન હોવાથી બન્ધ હોય ત્યારે જ ઉદ્વર્તના થવાની છે. બંધ ન હોય ત્યારે ઉદ્વર્તના થવાની જ નથી અને બન્ધ હોય ત્યારે અબાધાકાળ પણ હોય જ છે અને અબાધાકાળનાં સ્થિતિ સ્થાનોમાં ઉદ્વર્તના થતી નથી. આ વાત તો હમણાં જ કહેવાઈ ગઈ છે અને ઉદયાવલિકા અબાધાકાળની અંદર જ હોવાથી જો અબાધાકાળમાં ઉદ્વર્તના ન થાય તો ઉદયાવલિકામાં પણ ન થાય. આ વાત તો તેમાં જ અંતર્ગત થઈ જાય છે. ફરીથી અબાધાથી જુદી ઉદયાવલિકા અનુદ્વર્તીય છે. આ પ્રમાણે ભિન્ન પણે વિધાન કરવાની શું જરૂર ?

**ઉત્તર :-** "**मैवं**" = આવો પ્રશ્ન કરવો નહીં. કારણ કે અબાધાની અંતર્ગત જે સ્થિતિ સ્થાનો છે. તેની ઉદ્વર્તના થતી નથી એમ જે ઉપર કહેવામાં આવ્યું છે. ત્યાં અબાધાની અંદરનાં સ્થિતિ સ્થાનોનું દલિક અબાધાની ઉપરનાં સ્થાનોમાં લઈ જવાતું નથી. તેમ ઉદ્વર્તનાનો નિષેધ કરવામાં આવ્યો છે. પરંતુ ઉદ્વર્તનાની અંદર જ નીચેનાં સ્થિતિ સ્થાનોની અબાધાની અંદર જ ઉપરનાં સ્થિતિ સ્થાનોમાં સંક્રમ થાય છે. નિષેધ માત્ર ઉપર લઈ જવાની અપેક્ષાએ જ છે. પણ અંદરો અંદર નીચેથી ઉપર લઇ જવાનો નિષેધ નથી.

તે કારણથી ઉદયાવલિકા પણ અબાધાની અંતર્ગત હોવાથી તેમાં પણ આદિના સમયોની ઉદ્વર્તના પાછલા સમયોમાં થાય તેવો અર્થ નીકળી શકે છે. કારણ કે આબાધાની અંદર તે સ્થિતિ સ્થાનોની હવે કહેવાતા. ક્રમ પ્રમાણે ઉદ્વર્તના અને નિક્ષેપની પ્રવૃત્તિ થવામાં કોઈ વિરોધ નથી.

તે કારણથી ઉદયાવલિકાની અંદર અંતર્ગત એવાં જે સ્થિતિ સ્થાનો છે. તેમાં પણ ઉદ્‌વર્તના થતી હશે અર્થાત્ ઉદ્‌વર્તના થવાનો પ્રસંગ આવે. ઉદ્‌વર્તના પ્રાપ્ત થાય છે. આવી શંકા થઈ જાય તે દૂર કરવા માટે જ આ નિષેધ સમજાવેલ છે. ઉદયાવલિકા સકલકરણને માટે અયોગ્ય છે. તે માટે अप्रसक्त અર્થાત અબાધામાં પ્રાપ્ત એવી જે ઉદ્‌વર્તના છે. તેનો જ નિષેધ સમજાવ્યો છે. અપ્રાપ્ત હોવાથી જ ઉદીરણા થતી નથી આમ જાણવું. ॥૧॥

*અવતરણ :- હવે ઉદ્‌વર્તના કરાયેલા દલિકનો નિક્ષેપ કયાં કરે ? તે નિક્ષેપનું નિરૂપણ કરવા માટે કહે છે :-*

**आवलिय असंभागाइ, जाव कम्मठिइत्ति णिखेवो ।**
**समउत्तरालिआए, साबाहाए भवे ऊणे ॥ २ ॥**

**ગાથાર્થ :-** આવલિકાના અસંખ્યાતમા ભાગથી પ્રારંભીને યાવત્ કર્મસ્થિતિ પ્રમાણ નિક્ષેપ થાય છે. તેથી અબાધાકાળ સાથે આવલિકાના અસંખ્યાતમા ભાગે અધિક એવી એક આવલિકા ન્યૂન કરીએ એટલો ઉત્કૃષ્ટ નિક્ષેપ જાણવો. ॥૨॥

**વિવેચન :-** ઉદ્‌વર્તના કરણની પ્રથમ ગાથામાં ઉત્કૃષ્ટ ઉદ્‌વર્તના કેટલી થાય તે સમજાવ્યું. બંધાવલિકા અને ઉદયાવલિકામાં સર્વથા ઉદ્‌વર્તના થતી નથી. તે બે આવલિકા પછીની જે સ્થિતિ છે. તેમાં અબાધાકાળવાળા જે સ્થિતિ સ્થાનો છે. તેમાં અબાધાની ઉપર લઈ જવા રૂપ ઉદ્‌વર્તના થતી નથી. તથા છેલ્લી અન્તિમ આવલિકાની ઉદ્‌વર્તના થતી નથી. આમ ઉદ્‌વર્તનાનું પ્રમાણ જણાવ્યું. હવે આ ગાથામાં નિક્ષેપનું પ્રમાણ ગ્રંથકારશ્રી જણાવે છે :-

આ કરાયેલી ઉદ્‌વર્તનાનો નિક્ષેપ જઘન્યથી આવલિકાના અસંખ્યાતમા ભાગમાં થાય છે. ધારો કે આ આત્મા પાસે ૧૦૦૦ સમય પ્રમાણ કોઈ પણ એક કર્મ સ્ટોકમાં છે. તેમાંથી અન્તિમ ૧૦૦૦ મો સમય, ૯૯૯મો સમય, ૯૯૮મો સમય, ઇત્યાદિ સમયોમાં રહેલા કર્મદલિકની ઉદ્‌વર્તના થતી નથી. કારણ કે તેનો નિક્ષેપ કયાં કરવો ? કારણ કે ૧૦૦૦થી ઉપર તો સ્થિતિ સ્ટોકમાં છે જ નહીં તે માટે ૧૦૦૦મા સમયથી એક આવલિકા અને એક આવલિકાનો અસંખ્યાતમો ભાગ નીચે ઉતરીએ ત્યાર પછીના સ્થિતિ સ્થાનની ઉદ્‌વર્તના થાય છે.

તે સમયની ઉદ્‌વર્તના કરીને આ જીવ એક આવલિકાની અતીત્થાપના ત્યજીને ઉપરના આવલિકાના અન્તિમ અસંખ્યાતમા ભાગમાં દલિકનો નિક્ષેપ કરે છે. આ સૌથી જઘન્ય નિક્ષેપ જાણવો.

ટીકાકારશ્રી જણાવે છે કે - સર્વથી ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધેલી જ્યારે સત્તામાં હોય છે. ત્યારે બંધાવલિકા ગયા પછી તે સઘળી પણ સ્થિતિ સકલકરણ માટે સાધ્ય બને છે. ત્યાં ઉદ્વર્તના કરણ માટેની વિધિ આ પ્રમાણે જાણવી. ઉત્કૃષ્ટ બંધાયેલી સ્થિતિના ચરમ સમયથી પ્રારંભીને નીચે નીચે એક આવલિકા તથા આવલિકાનો અસંખ્યાતમો ભાગ અધિક એટલી સ્થિતિનો ભાગ નીચે ઉતર્યા પછી જે તેની નીચેની સ્થિતિ હોય, તેના દલિકોને ગ્રહણ કરીને એક અતીત્થાપના આવલિકા ઓળંગીને તેના ઉપરના આવલિકાના અસંખ્યાતમા ભાગવર્તી સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ કરે છે. આ વાત બરાબર સમજાવવા માટે (૧૨) બાર સમયની એક આવલિકા અસત્કલ્પનાએ કલ્પવામાં આવે છે.

તથા આવલિકાનો અસંખ્યાતમો ભાગ એટલે કલ્પના કૃત (૩) ત્રણ સમય જાણવા. હવે આ આત્મા પાસે ધારો કે ૧૦૦૦ એક હજાર સમય પ્રમાણ કર્મની સત્તા છે. ત્યાં ૧૦૦૦મો સમય, ૯૯૯માં સમય, ૯૯૮મો સમય, ૯૯૭નો સમય એમ અગ્રિમ ભાગથી આવલિકાનો અસંખ્યાતમો ભાગ (૩) સમય, તથા એક આવલિકા (૧૨) સમય. કુલ (૧૫) સમય પ્રમાણ નીચે ઉતરીને ૯૮૫મા સમયના દલિકની ઉદ્વર્તના જીવ કરે છે અને તે ૯૮૫મા સમયનું કર્મદલિક ૯૮૬ થી ૯૯૭ સમય સુધીની પરિપૂર્ણ એક આવલિકાની અતીત્થાપના ઓળંગીને ૯૯૮-૯૯૯ અને ૧૦૦૦ એમ કુલ (૩) સમય એટલે આવલિકાના અસંખ્યાતમા ભાગમાં નિક્ષેપ કરે છે.

આ આવલિકાનો અસંખ્યાતમો ભાગ જે નિક્ષેપ કહ્યો તે સૌથી જઘન્ય નિક્ષેપ જાણવો તથા અન્તિમ સ્થિતિથી એક આવલિકા તથા આવલિકાનો એક અસંખ્યાતમો ભાગ નીચે ઉતર્યા પછી (એટલે કે ૩ + ૧૨ = કુલ ૧૫ સ્થાનો અસત્કલ્પનાએ નીચે ઉતર્યા પછી) તેના પછીના બીજા સ્થાનની (એટલે કે અસત્કલ્પનાએ ૯૮૪મા સ્થાની) જો ઉદ્વર્તના થાય તો તે કાળે અતીત્થાપના તો એક આવલિકા જ રહે છે. પરંતુ નિક્ષેપમાં ૧ સમય વધે છે. એટલે કે આવલિકાનો અસંખ્યાતમો ભાગ જે નિક્ષેપ હતો તે સમયાધિક થાય છે. (૯૮૫ થી ૯૯૬ સમય સુધીની એક આવલિકા અતીત્થાપના ત્યજીને ૯૯૭ થી ૧૦૦૦ એમ કુલ ૪ સમયમાં અર્થાત્ સમયાધિક અસંખ્યાતમા ભાગમાં નિક્ષેપ થાય છે.

જ્યારે ઉપરથી ત્રીજા સમયની (એટલે કે અસત્કલ્પનાએ ૯૮૩મા સમયની) ઉદ્વર્તના થાય છે. ત્યારે નિક્ષેપ બે સમય અધિક અસંખ્યાતનો ભાગ થાય છે. (અસત્કલ્પનાએ ૯૮૪ થી ૯૯૫ સમય સુધીની એક આવલિકા અતીત્થાપના છોડીને ૯૯૬ થી ૧૦૦૦માં નિક્ષેપ થાય છે.

આ પ્રમાણે જેમ જેમ નીચેની સ્થિતિની ઉદ્‌વર્તના થાય છે. તેમ તેમ નિક્ષેપ વધે છે. પરંતુ અતીત્થાપના તો માત્ર આવલિકા જ રહે છે. એમ યાવત્ ઉત્કૃષ્ટ નિક્ષેપ સુધી સમજવું.

**પ્રશ્ન :-** વધારેમાં વધારે ઉત્કૃષ્ટ નિક્ષેપ કેટલો હોઈ શકે ?

**ઉત્તર :-** સમયાધિક એક આવલિકા તથા અબાધાકાળને ત્યજીને સર્વ કર્મસ્થિતિ પ્રમાણ ઉત્કૃષ્ટ નિક્ષેપ જાણવો. તેની સ્પષ્ટતા આ પ્રમાણે જાણવી. - કોઈ પણ કર્મની ધારો કે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધેલી સત્તામાં છે. તો તેનો અબાધાકાળ છોડીને તેના પછીના પ્રથમ સમયની ઉદ્‌વર્તના થાય તે ઉદ્‌વર્તના પામેલાં દલિકો તેના પછીની એક આવલિકાની અતીત્થાપના છોડીને જ ઉપર સર્વસ્થિતિ સ્થાનોમાં નિક્ષેપ કરાય છે. દાખલા તરીકે જ્ઞાનાવરણીય કર્મ ૩૦ કોડાકોડી સાગરોપમનું બાંધ્યું. બંધાવલિકા અબાધાકાળની અંદર જ છે. એટલે તે જુદી ગણાતી નથી. પરંતુ ૩૦૦૦ વર્ષનો અબાધાકાળ છોડીને તેના પછીના પ્રથમ સમયની જે ઉદ્‌વર્તના થાય તે ત્યાંથી એક આવલિકા (અસત્કલ્પનાએ ૩૦૦૦ વર્ષ પછીના બીજા સમયથી ૧૩મા સમય સુધીની એમ ૧૨ સમયની અતીત્થાપના મૂકીને બાકીના સર્વસ્થાનોમાં નિક્ષેપ થાય છે. તેથી અબાધાકાળ - તેના પછીનો ઉદ્‌વર્ત્યમાન સમય તથા તેના ઉપરની એક અતીત્થાપના આવલિકા આટલું છોડીને સર્વત્ર નિક્ષેપ થાય છે. આ ઉત્કૃષ્ટ નિક્ષેપ જાણવો. કારણ કે ઉદ્‌વર્ત્યમાન સ્થિતિના દલિકનો નિક્ષેપ ઉદ્‌વર્તમાન સ્થિતિથી ઉપર જ નિક્ષેપ કરાય. તેનાથી નીચે નિક્ષેપ ન કરાય. જો નીચે નિક્ષેપ કરે તો તે અપવર્તના થઈ કહેવાય.

તે માટે ઉદ્‌વર્ત્યમાન સ્થિતિને ઉચકીને તેના પછીની એક આવલિકા માત્ર સ્થિતિની અતીત્થાપના ઓળંગીને સર્વત્ર નિક્ષેપ થાય છે. સર્વ સ્થિતિ સ્થાનોમાં નિક્ષેપ કરાય છે. તે કારણથી (૧) અતીત્થાપનાની એક આવલિકા, (૨) ઉદ્‌વર્તના કરાતી એક સમયની સ્થિતિ તથા (૩) અબાધાકાળ આ ત્રણને વર્જીને શેષ સર્વ પણ સ્થિતિ ઉત્કૃષ્ટથી દલિક નિક્ષેપનો વિષય જાણવો.

આ **ઉત્કૃષ્ટ નિક્ષેપનો વિષય** જે સમજાવ્યો તે અબાધાકાળના ઉપરના પ્રથમ સમયના સ્થિતિ સંબંધી દલિકની ઉદ્‌વર્તના જીવ કરે. તેને આશ્રયી જાણવો તથા **જઘન્ય નિક્ષેપનો વિષય** જાણવો હોય તો સત્તાગત સ્થિતિમાંના અન્તિમ આવલિકા તથા આવલિકાના અસંખ્યાતમા ભાગના પૂર્વવર્તી સમયની ઉદ્‌વર્તનાને આશ્રયી જાણવો.

આ વિષયમાં પંચસંગ્રહ નામના ગ્રંથમાં શાસ્ત્રકાર ભગવંતોએ આ પ્રમાણે કહ્યું છે -

**आबाहोवरि ठाणगदलं, पडुच्चेह परमणिक्खेवो ।**
**चरिमुव्वट्टणठाणं, पडुच्च इह जायइ जहन्नो ॥ १ ॥**

(પંચસંગ્રહ ઉદ્વર્તના - અપવર્તનાકરણ ગાથા ૪)

**અર્થ** :- અબાધાના ઉપરના પ્રથમ સ્થાનના દલિકને આશ્રયી ઉત્કૃષ્ટ નિક્ષેપ થાય છે અને છેલ્લા ઉદ્વર્તના સ્થાનને આશ્રયી જઘન્ય નિક્ષેપ થાય છે. (પંચસંગ્રહ ઉદ્વર્તનાકરણ ગાથા ૪)

ઉપર સમજાવાયેલી વાતનો સારાંશ એ છે કે (૧) આ આત્મા જ્યારે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે અને ઉત્કૃષ્ટ સ્થિતિની સત્તા હોય ત્યારે (૧) બંધાવલિકા, (૨) અબાધાકાળ, (૩) તથા સ્થિતિના અન્તિમ ભાગમાં રહેલી એક આવલિકા અતીત્થાપનાની અને નિક્ષેપને યોગ્ય આવલિકાનો અસંખ્યાતમો ભાગ આટલી સ્થિતિ છોડીને બાકીના સર્વ સ્થાનોમાંથી આ જીવ ઉદ્વર્તના કરે છે. ઉદ્વર્તના યોગ્ય સ્થિતિ સ્થાનોમાંથી કોઈ પણ સમયના દલિકોને ઉંચકીની તેના પછીની એક આવલિકાની અતીત્થાપના છોડીને તેના પછીનાં સર્વ સ્થાનોમાં આ જીવ નિક્ષેપ કરે છે. ॥૨॥

**णिव्वाघाएणेवं, वाघाए संतकम्महिगबंधे ।**
**आवलिअसंखभागाइ, होइ अइत्थावणा णवरि ॥ ३ ॥**

**ગાથાર્થ** :- નિર્વ્યાઘાત ઉદ્વર્તનામાં આ પ્રમાણે સમજવું. પરંતુ સત્તાગત કર્મથી અધિક બંધ હોય તેવી વ્યાઘાત ભાવિ - ઉદ્વર્તનામાં આવલિકાના અસંખ્યાતમા ભાગ આદિ રૂપ અતીત્થાપના પણ હોય છે. ॥૩॥

**વિવેચન** :- આ ઉદ્વર્તના બે જાતની છે. (૧) નિર્વ્યાઘાત ભાવિ ઉદ્વર્તના અને (૨) બીજી વ્યાઘાત ભાવિ ઉદ્વર્તના.

ત્યાં ઉપર જે કંઈ સમજાવવામાં આવ્યું છે તે નિર્વ્યાઘાત ભાવિ ઉદ્વર્તનાને આશ્રયી જાણવું. પરંતુ વ્યાઘાતભાવિ ઉદ્વર્તનામાં વિધિ જુદી છે.

**પ્રશ્ન** :- આ વ્યાઘાત ભાવિ અને નિર્વ્યાઘાત ભાવિ ઉદ્વર્તના એટલે શું ! તેનો અર્થ તો પ્રથમ સમજાવો.

**ઉત્તર** :- સત્તામાં જે કર્મની સ્થિતિ જેટલી હોય તેના સમાન કે તેનાથી ન્યૂન બંધ નવો થતો હોય ત્યારે જે ઉદ્વર્તના થાય તેને નિર્વ્યાઘાત ઉદ્વર્તના કહેવાય છે અને સત્તામાં જે કર્મની જેટલી સ્થિતિ હોય તેના કરતાં વધારે સ્થિતિ બંધ જ્યારે થતો હોય ત્યારે જે

*ઉદ્વર્તના થાય તેને વ્યાઘાત ભાવિ ઉદ્વર્તના* કહેવાય છે. આ ગાથાની ટીકામાં જ કહ્યું છે કે "प्राक्तनस्थितिसत्कर्मापेक्षयाऽभ्यधिकाभिनवकर्मबन्धरूपे व्याघाते पुनरेवं" અર્થાત્ પૂર્વની બાંધેલી કર્મની જે સ્થિતિ સત્તા છે. તેની અપેક્ષાએ અધિક નવીન કર્મબંધ થતો હોય ત્યારે જે ઉદ્વર્તના થાય છે તે વ્યાઘાત ભાવિ ઉદ્વર્તના કહેવાય છે. તેમાં દલિક નિક્ષેપ વિધિ આ પ્રમાણે છે -

હવે આ ગાથામાં વ્યાઘાતભાવિ ઉદ્વર્તનાને આશ્રયી નિક્ષેપ વિધિ તથા અતીત્થાપના વિધિ સમજાવવામાં આવે છે. ગાથાના અંતે લખેલું णवरि (नवरम्) આવું જે પદ છે તે पुनः ના અર્થમાં છે. તેને ભિન્ન ક્રમના અર્થમાં જોડવાનું છે. એટલે કે નિર્વ્યાઘાત ઉદ્વર્તનાની વિધિ કહી. (णवरि) પરંતુ હવે વ્યાઘાત ભાવિ ઉદ્વર્તના આ પ્રમાણે જાણવી. આમ અર્થ કરવો.

"સત્તા કરતાં અધિક બંધ કરવા રૂપ વ્યાઘાતભાવિ ઉદ્વર્તના જીવ કરે ત્યારે" અતીત્થાપના પણ એક આવલિકા નથી હોતી. પરંતુ આવલિકાના અસંખ્યાતમા ભાગ રૂપ જ હોય છે તથા નિક્ષેપ પણ આવલિકાના અસંખ્યાતમા ભાગ રૂપ જ હોય છે.

ઉપર કહેલી વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે કે "પૂર્વે બાંધેલું જે કર્મ સત્તામાં છે. તેની અપેક્ષાએ ૧ સમય, ૨ સમય અથવા ૩ સમય આદિ રૂપે અધિક બંધ થતો હોય તેને જ અહીં **વ્યાઘાત** મનાયો છે. આવી વ્યાઘાત ભાવિ ઉદ્વર્તના જ્યારે થતી હોય ત્યારે અતીત્થાપના પણ જઘન્ય હોય છે અને તે આવલિકાના અસંખ્યાતમા ભાગ આદિ સ્વરૂપ નિક્ષેપ પણ જઘન્ય હોય છે.

તેની વધારે સ્પષ્ટતા આ પ્રમાણે છે :- ધારો કે આ આત્મા પાસે ૧૦૦૦ સમયનું પૂર્વે બાંધેલું જ્ઞાનાવરણીય કર્મ છે. પરંતુ નવું જ્ઞાનાયરણીય કર્મ ૧૦૦૧, સમયનું બંધાય છે અથવા ૧૦૦૨ સમયનું બંધાય છે. ત્યારે પૂર્વે બાંધેલું જે ૧૦૦૦, સમય પ્રમાણ કર્મ સત્તાગત છે. તેની સ્થિતિના અન્તિમ ૧૦૦૦મા સમયની, ૯૯૯મા સમયની કે ૯૯૮મા સમયની ઉદ્વર્તના થતી નથી. યાવત્ જુની બાંધેલી લતામાંથી અન્તિમ એક આવલિકા તથા આવલિકાના અસંખ્યતા ભાગ પ્રમાણ (અસત્કલ્પનાએ ૧૨ + ૩ = ૧૫) સમયોની ઉદ્વર્તના થતી નથી. પરંતુ ૯૮૫ મા સમય સુધીની જ ઉદ્વર્તના થાય છે.

આ પ્રમાણે જુના બાંધેલા કર્મોની સત્તા કરતાં ૧ સમય અધિક, બે સમય અધિક, અથવા ત્રણ સમય અધિક એમ યાવત્ આવલિકાના બે અસંખ્યાતા ભાગે અધિક નવો બંધ ન થાય ત્યાં સુધી જુની સત્તમાંની અન્તિમ આવલિકા તથા આવલિકાના અસંખ્યાતમા ભાગની (અસતકલ્પનાએ ૯૮૬ થી ૧૦૦૦ સમયોની) ઉદ્વર્તના થતી નથી.

પરંતુ નવીન કર્મબંધ જ્યારે આવલિકાના પૂરેપૂરા બે અસંખ્યાતમા ભાગ પ્રમાણ (અર્થાત્ અસત્કલ્પનાએ ૩ + ૩ = ૬ સમય અધિક) એટલે કે અસતકલ્પનાએ ૧૦૦૬ સમય પ્રમાણ બંધ થાય છે. ત્યારે પૂર્વની સત્તાગત સ્થિતિના અન્તિમ સમયની પણ એટલે કે ૧૦૦૦મા સમયની પણ (અર્થાત્ ૯૮૬ થી ૧૦૦૦ સમય સુધીના તમામ સ્થાનોની જે ઉદ્‌વર્તના થતી ન હતી તે ઉદ્‌વર્તના ચાલુ થાય છે અને ૧૦૦૦મા અન્તિમ સમયનું જે દલિક છે. તેની ઉદ્‌વર્તના કરીને ૧૦૦૧ થી ૧૦૦૩ સમય સુધીની આવલિકાના અસંખ્યાતમા ભાગ સ્વરૂપ અતીત્થાપના ઓળંગીને ત્યાર પછીના ૧૦૦૪ થી ૧૦૦૬ સમય સુધીના આવલિકાના બીજા અસંખ્યાતમા ભાગ સ્વરૂપ કાળમાં નિક્ષેપ થાય છે.

આ પ્રમાણે ૧૦૦૦ મા સમયની ઉદ્‌વર્તના જે કરાય છે. તેને આશ્રયી અતીત્થાપના અને નિક્ષેપ આ બન્ને ત્રણ-ત્રણ સમયનો એટલે કે સત્કલ્પનાએ આવલિકાના અસખ્યાતમા ભાગ રૂપ જે મળે છે તે જ જઘન્ય અતીત્થાપના અને જઘન્ય નિક્ષેપ કહેવાય છે.

જ્યારે જુની સત્તાગત સ્થિતિ કરતાં આવલિકાના બે અસંખ્યતમા ભાગ તથા ઉપરાંત ૧ સમય અધિક આવો બંધ (એટલે કે અસત્કલ્પનાએ ૧૦૦૭ સમય પ્રમાણે બંધ) થાય છે ત્યારે તે ૧ સમય અતીત્થાપમાં વધે છે. પરંતુ નિક્ષેપ તેટલો જ રહે છે. સારાંશ કે એક આવલિકાનો અસંખ્યાતમો ભાગ જે પ્રથમ છે. (૧૦૦૧ થી ૧૦૦૩ સમયનો જે છે) તેમાં ૧ સમય અધિક કરીને તેટલી અતીત્થાપમા જાણવી તેને ઓળંગીને પાછલા (૧૦૦૫ થી ૧૦૦૭ વાળા) અસંખ્યાતમા ભાગમાં દલિકનિક્ષેપ આ જીવ કરે છે.

આ પ્રમાણે વિચારતાં ધારો કે નવીન કર્મબંધ બે સમય અધિક અથવા ૩ સમય અધિક એવા આવલિકાના બે અસંખ્યાતમા ભાગ પ્રમાણ નવો કર્મબંધ આ જીવ જ્યારે કરે ત્યારે અતીત્થાપનામાં જ સમય વધે છે. પરંતુ નિક્ષેપમાં એક પણ સમય વધતો નથી. નિક્ષેપ તો તેટલો ને તેટલો (આવલિકાના અસંખ્યાતમાં ભાગ રૂપ જ) રહે છે.

એમ કરતાં કરતાં નવીન કર્મબંધમાં જેમ જેમ સમયાદિની વૃદ્ધિ થાય છે. તેમ તેમ અતીત્થાપના વધે છે. પરંતુ નિક્ષેપ વધતો નથી. નિક્ષેપ તો તેટલો જ રહે છે અર્થાત્ અતીત્થાપના જે આવલિકાના અસંખ્યાતમા ભાગ રૂપ હતી તે પરિપૂર્ણ આવલિકા થાય ત્યાં સુધી આ પ્રમાણે સમજવું. સારાંશ કે અતીત્થાપના વધતી વધતી પરિપૂર્ણ એક આવલિકા થાય ત્યાં સુધી નિક્ષેપ તો આવલિકાનો અસંખ્યાતમો ભાગ જ રહે છે.

ત્યારબાદ અતીત્થાપનાની આવલિકા પૂર્ણ થયા પછી નવા કર્મબંધમાં જેમ જેમ વધારો થાય. તેમ તેમ માત્ર નિક્ષેપ જ વધે છે. અતીત્થાપના વધતી નથી. યાવત્ ઉત્કૃષ્ટ

સ્થિતિબંધ થાય ત્યાં સુધી સમજવું. અતીત્થાપનાની એક આવલિકા પૂર્ણ ન થાય ત્યાં સુધી તે અતીત્થાપના જ વધે છે. પરંતુ અતીત્થાપનાની એક આવલિકા સમાપ્ત થાય ત્યાર પછી કેવળ નિક્ષેપ જ વધે છે. પંચસંગ્રહમાં કહ્યું છે કે -

**आवलिदोसंखंसा जइ वड्ढइ अहिणवो उ ठिइबंधो ।**
**उव्वट्टइ तो चरमा एवं, जावलिय अइत्थवणा ॥ ७ ॥**
**अइत्थावणालियाए, पुण्णाए वड्ढइत्ति णिखेवो॥ (८/१)**

**અર્થ :-** "જ્યારે નવો થતો કર્મબંધ સત્તાગત સ્થિતિ કરતાં આવલિકાના બે અસંખ્યાતમા ભાગ જેટલો વધારે બંધ થાય છે ત્યારે ચરમ સ્થિતિની પણ ઉદ્વર્તના થાય છે યાવત્ અતીત્થાપનાની એક આવલિકા પૂર્ણ થાય ત્યાં સુધી આ પ્રમાણે સમજવું. ત્યારબાદ નિક્ષેપ જ કેવળ વૃદ્ધિ પામે છે."

સારાંશ કે સત્તાગત પૂર્વકર્મની સ્થિતિ કરતાં નવો બંધ જ્યાં સુધી આવલિકાના પૂરેપૂરા અસંખ્યાતમા ભાગ બે પૂર્ણ ન થાય ત્યાં સુધી પૂર્વબદ્ધ સત્તાગત કર્મની ચરમ *સ્થિતિથી આરંભીને એક આવલિકા તથા એક* આવલિકાના અસંખ્યાતમા ભાગ અધિક એટલા સ્થાનોની (૧૨ + ૩ = અસત્કલ્પનાએ ૧૫ સ્થાનોની) ઉદ્વર્તના થતી નથી. તેનાથી નીચેના એટલે કે અસતકલ્પનાએ ૯૮૫ મા સ્થાનથી તમામ સ્થાનોની ઉદ્વર્તના થાય છે.

તથા જે આ એક આવલિકા અને આવલિકાના અસંખ્યાતમા ભાગ અધિક સ્થાનોથી નીચેના (એટલે કે અસત્કલ્પનાએ ૯૮૫મા) સ્થાનની ઉદ્વર્તના થાય છે. તેની ઉદ્વર્તના કરતો આ જીવ તેના પછીની એક આવલિકા (૯૮૬ થી ૯૯૭ સુધીનાં સ્થાનોની) અતીત્થાપના છોડીને ઉપરિતન ભાગવર્તી (૯૯૮ - ૯૯૯ અને ૧૦૦૦મો સમય એમ ૩ સમય પ્રમાણ) આવલિકાના અસંખ્યાતમા ભાગમાં નિક્ષેપ કરે છે.)

જો નીચેના બીજા સ્થાનની (એટલે કે અસત્કલ્પનાએ ૯૮૪મા સ્થાનની) ઉદ્વર્તના કરે તો ઉપરના સમયાધિક એવા આવલિકાના અસંખ્યાતમા ભાગમાં (અસત્કલ્પનાએ ૯૯૭ - ૯૯૮ - ૯૯૯ અને ૧૦૦૦મા સ્થનમાં) નિક્ષેપ કરે છે. આ પ્રમાણે તત્ત્વ બરાબર સમજી લેવું. ૯૮૩ મા સ્થાનની ઉદ્વર્તના કરે તો ૯૯૬ થી ૧૦૦૦માં નિક્ષેપ કરે છે. આમ સર્વત્ર નિક્ષેપ જ વધે છે. પણ અતીત્થાપના વધતી નથી આમ સમજી લેવું.

હવે અલ્પબહુત્વ કહેવાય છે. (૧) જઘન્ય અતીત્યાપના અને જઘન્ય નિક્ષેપ સૌથી થોડો હોય છે અને પરસ્પર તુલ્ય હોય છે. કારણ કે તે બન્ને આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જ છે. (૨) તે બન્ને કરતાં પરિપૂર્ણ અતીત્થાપના અસંખ્યાત ગણી છે. કારણ કે તે અતીત્થાપના ઉત્કૃષ્ટથી અબાધાકાળ તુલ્ય છે. (૩) તેના કરતાં પણ ઉત્કૃષ્ટ નિક્ષેપ અસંખ્યાત ગુણ અધિક છે. સમયાધિક એક આવલિકા અને અબાધકાળ વિનાની સર્વકર્મસ્થિતિ પ્રમાણ તે ઉત્કૃષ્ટ નિક્ષેપ છે. (૪) તેના કરતાં પણ સર્વ કર્મસ્થિતિ વિશેષાધિક છે. ઉત્કૃષ્ટ નિક્ષેપમાં ન્યૂન કરાયેલી જે સ્થિતિ છે. તે તેમાં ઉમેરવાથી થાય છે. આ પ્રમાણે અલ્પ બહુત્વ જાણવું. આ પ્રમાણે સ્થિતિની ઉદ્વર્તના કહી[1]. ॥૩॥

અવતરણ : સ્થિતિની ઉદ્વર્તના કહીને હવે સ્થિતિની અપવર્તના કહે છે :-

**उव्वट्टंतो य ठिइं, उदयावलि बाहिरा ठिइविसेसा ।**
**निखिवइ तइयभागे, समयाहिगे सेसमइवइय ॥ ४ ॥**

---

૧. એક હજાર સમય પ્રમાણ (અસત્કલ્પનાએ સત્તામાં છે. તેટલો જ નવો બંધ થતો હોય ત્યારે ઉપર સમજાવ્યા પ્રમાણે (૧૨ સમયની એક આવલિકા અને ત્રણ સમયનો આવલિકાનો એક અસંખ્યાતમો ભાગ એમ કુલ ૧૫ સમય છોડીને ૯૮૫-૯૮૪-૯૮૩ વિગેરે સમયોમાં રહેલા દલિકોની ઉદ્વર્તના થાય છે. ૯૮૬ થી ૧૦૦૦ એમ ૧૨ + ૩ = ૧૫ સ્થાનોની ઉદ્વર્તના થતી નથી. પરંતુ ૧૦૦૦ સમયની સત્તા કરતાં ૧ સમય બે સમય યાવત્ ૫ સમય પ્રમાણ વધારે બંધ થાય (અર્થાત્ આવલિકાના અસંખ્યાતમા ભાગ ૨ પરિપૂર્ણ નહી એવો બંધ વધે તો પણ આ જ પ્રમાણે ૯૮૫ સમયની જ ઉદ્વર્તના થાય છે. પરંતુ ૯૮૬ થી ૧૦૦૦ સમયની ઉદ્વર્તના થતી નથી.

પરંતુ સત્તામાં ધારો કે પૂર્વે બાંધેલું કર્મ ૧૦૦૦ સમય પ્રમાણ જ છે અને નવું બંધાતું કર્મ ૧૦૦૬ સમય પ્રમાણ ૧૦૦૭ સમય પ્રમાણ એમ બંધાય તો જુના બાંધેલા કર્મની સત્તામાંથી ૧૦૦૦મા સમયની ૯૯૯મા સમયની એમ સર્વ સમયોમાં રહેલા દલિકોની ઉદ્વર્તના થાય છે.

હવે ત્યાં ૧૦૦૦મા સમયની જે ઉદ્વર્તના થાય છે. તેનો નિક્ષેપ ૧૦૦૧, ૧૦૦૨, ૧૦૦૩ એમ આવલિકાનો પ્રથમ અસંખ્યાતઓ ભાગ અતીત્થાપના ત્યજીને ૧૦૦૪-૧૦૦૫ અને ૧૦૦૬ એમ આવલિકાના બીજા અસંખ્યાતમા ભાગમાં નિક્ષેપ કરે છે. આ વાત તો ઉપરનો ભાવ સમજવાથી સમજાય તેમ છે. પરંતુ ૧૦૦૦ સમયની જુની સત્તા હોય અને ૧૦૦૬ - સમય આદિ અધિક નવો બંધ આ જીવ જયારે કરે છે ત્યારે ૯૯૯ - ૯૯૮ - ૯૯૭ આદિ સમયોની જે ઉદ્વર્તના કરે છે. તેમાં અતીત્થાપનામાં તે સમયો વધારવા. પરંતુ નિક્ષેપ તો ૧૦૦૪-૧૦૦૫ અને ૧૦૦૬ માં જ થાય તેમ સમજવું. યાવત્ અતીત્થાપનાની ૧ આવલિકા સમાપ્ત થાય ત્યાં સુધી જાણવું. પરંતુ અતીત્થાપનાની એક આવલિકા પરિપૂર્ણ થાય ત્યાર પછી કેવળ એકલો નિક્ષેપ જ વધે છે. જેમ કે ૧૦૦૬ સમય પ્રમાણ નવું કર્મ બાંધે ત્યારે ૯૯૧મા સમયનું દલિક ૯૯૨ થી ૧૦૦૩ સમય સુધીની એક પરિપૂર્ણ અતીત્થાપના થાય ત્યાં સુધી નિક્ષેપ ૧૦૦૪ થી ૧૦૦૬માં જ થાય છે. ત્યારબાદ ૯૯૦મા આદિ સમયોની ઉદ્વર્તનામાં કેવળ એકલો નિક્ષેપ જ વધે છે.

**वड्ढो तत्तोऽइत्थावणाओ जावालिगा हवइ पुन्ना ।**
**ते णिक्खेवो समयाहिगालिग दुगूणकम्मठिई ॥५॥**

**ગાથાર્થ :-** સ્થિતિની અપવર્તના કરતો જીવ એક ઉદય આવલિકા પછીના સમયની અપવર્તના કરતો છતો ૧ સમય ન્યૂન બે તૃતીયાંશ ભાગ ઓળંગીને ૧ સમયાધિક ત્રીજા એક ભાગમાં જ દલિકોનો નિક્ષેપ કરે છે. ।।૪।।

ત્યારબાદ અતીત્થાપના વધે છે. યાવત્ આવલિકા પૂર્ણ થાય ત્યાં સુધી, ત્યારબાદ નિક્ષેપ જ વધે છે તે સમયાધિક બે આવલિકા ન્યૂન કર્મસ્થિતિ પ્રમાણ હોય છે. ।।૫।।

**વિવેચન :-** ઉદ્‌વર્તનાનું વર્ણન સમાપ્ત થયેલું હોવાથી આ ગાથામાં અપવર્તના (સ્થિતિ રસનો ઘટાડો થવો તે) સમજાવે છે.

કર્મનો બંધ થયા પછી અર્થાત્ બંધાવલિકા ગયા પછી તે બાંધેલું કર્મ સર્વ કરણોને યોગ્ય થવાથી આ જીવ તેમાં અપવર્તના (ઘટાડો) કરી શકે છે. એટલે બંધાવલિકા ગયા પછી તેના પછીના સમયમાં વર્તતો આ જીવ અપવર્તનાનો પ્રારંભ કરે છે. પરંતુ ઉદયાવલિકા પણ સકલકરણને માટે અયોગ્ય છે. તેથી ઉદયાવલિકાના પ્રથમ સમયમાં વર્તતો એવો આ જીવ ઉદયાવલિકા ઉપરના સમયોની અપવર્તના કરે છે. એટલે કુલ બે અવલિકા ન્યૂન સર્વ કર્મસ્થિતિની અપવર્તના ચાલુ થાય છે.

ઉદાહરણ તરીકે ધારો કે આપણી પાસે જ્ઞાનાવરણીય કર્મ ૩૦ કોડાકોડી સાગરોપમનું હાલ બંધાયું છે. તેને બાંધ્યાને ૧ આવલિકા કાલ પસાર થઈ છે. તે અસત્કલ્પનાએ ૩૦,૦૦૦ ત્રીસ હજાર સમયનું બંધાયું છે. બાંધતાં બાંધતાં આ જીવે ૧ થી ૧૨ સમયની પ્રથમ એક આવલિકા પસાર કરી ત્યારે ૧૩મા સમયમાં આવેલો આ જીવ ૧૩મા સમયથી ૨૪મા સમય સુધીની ઉદયાવલિકા છોડીને ૨૫મા સમયથી ૩૦,૦૦૦મા સમય સુધીની તમામ સ્થિતિમાંથી દલિક લઈને તે દલિકોમાં સ્થિતિ-રસ ઘટાડીને આગલી સ્થિતિમાં નાખે છે. તેને અપવર્તના કહેવાય છે.

**પ્રશ્ન :-** બંધાવલિકા તથા ઉદયાવલિકા એમ બે આવલિકા ન્યૂન કર્મની સર્વસ્થિતિ અપવર્તના પામે છે. એમ ઉપર સમજાવવામાં આવ્યું. ત્યાં ૨૫મા સમયના દલિકની તથા ૨૬મા ૨૭મા સમયના દલિકોની અપવર્તના કરીને તે દલિકોનો નિક્ષેપ આ જીવ ક્યાં કરતો હશે ? તે નિક્ષેપ પણ સાથે સાથે સમજાવો.

**ઉત્તર :-** બે આવલિકા પછીના પ્રથમ સમયની (એટલે કે અસત્કલ્પનાએ ૨૫મા સમયની) અપવર્તના કરતો જીવ તેનાં કર્મ દલિકોને (૧ થી ૧૨ સમયની પ્રથમની

બંધાવલિકા વીતી ગયા પછી જ આ અપવર્તના શરૂ થાય છે. તે માટે તે ૧૨ સમયો ગયા પછીના (૧૩ થી ૨૪ સુધીના) ૧૨ સમયની જે બીજી આવલિકા છે. જેને ઉદયાપલિકા કહેવાય છે. તેના સમયાધિક એક તૃતીયાંશ ભાગમાં (એટલે કે ૧૩ થી ૧૭માં) નિક્ષેપ કરે છે અને ૧ સમય ન્યૂન બે તૃતીયાંશ ભાગની (૧૮ થી ૨૪) સમયોની અતીત્થાપના રાખે છે અર્થાત્ ૨૫મા સમયનું દલિક ઉચકીને ૨૪ થી ૧૮ સમયો કુદાવીને ૧૭ થી ૧૩ સમયમાં નિક્ષેપ કરે છે. આ જઘન્ય નિક્ષેપ અને જઘન્ય અતીત્થાપના ગણાય છે.

તથા બે આવલિકા પછીના બીજા સમયની (એટલે કે ૨૬મા સમયની) જે અપવર્તના થાય છે. તેનો નિક્ષેપ પણ તેટલામાં જ અર્થાત્ (૧૩ થી ૧૭માં) એટલે કે સમયાધિક એક તૃતીયાંશમાં જ થાય છે. પરંતુ અતીત્થાપનામાં એક સમય વધે છે. એટલે કે ૧ સમયન્યૂન બે તૃતીયાંશ જે અતીત્થાપના (૧૮ થી ૨૪ સમયની) હતી. તેમાં ૧ સમય વધે છે અર્થાત્ (૧૮ થી ૨૫) સમય સુધીની આવલિકાના પરિપૂર્ણ અસંખ્યાતમા બે ભાગ અતીત્થાપના રહે છે.

આ જ પ્રમાણે તેના પછીના સમયોની જેમ જેમ અપવર્તના થાય છે. તેમ તેમ અતીત્થાપનામાં સમયો વધે છે યાવત્ એક આવલિકા અતીત્થાપના પરિપૂર્ણ થાય. ત્યાં સુધી જાણવું. પરંતુ ત્યાં સુધી નિક્ષેપ તો સમયાધિક એક તૃતીયાંશ જે છે તે જ રહે છે. એટલે કે ૨૭-૨૮ મા સમયની અપવર્તના કરે ત્યારે અતીત્થાપના અનુક્રમે ૧૮ થી ૨૬ સમય સુધીની ૯ સમયની એટલે કે સમયાધિક બે તૃતીયાંશની તથા ૧૮ થી ૨૭ સમયની તથા ૧૮ થી ૨૮ સમય સુધીની રાખે છે. આમ અતીત્થાપનાની એક આવલિકા પરિપૂર્ણ થાય ત્યાં સુધી આમ કરે છે ત્યારબાદ અતીત્યાપના વધતી નથી. પરંતુ માત્ર નિષેધ જ વધે છે.

ભાવાર્થ સમજયા પછી હવે ટીકાના પદોના અર્થને આપણે અનુસરીએ. સ્થિતિની અપવર્તના કરતો આ જીવ ઉદયાવલિકાથી બહારના જે સ્થિતિ વિશેષો (૧૩ થી ૨૪ સમય પછીના) છે. એક સમય માત્રના (એટલે કે ૨૫મા સમયના) બે સમય માત્રના (એટલે કે ૨૬મા સમયના) જે સ્થિતિ વિશેષો (સ્થિતિ ભેદો) છે. તેની આ જીવ અપવર્તના કરી શકે છે.

આ પ્રમાણે અપવર્તના કરાતા સ્થિતિ વિશેષો (સ્થિતિ સ્થાનો) ત્યાં સુધી પ્રાપ્ત થાય છે કે બન્ધાવલિકા અને ઉદયાવલિકા વિનાની (૧ થી ૨૪ સમય વિનાની) સર્વ કર્મ સ્થિતિમાંથી (અર્થાત્ ૨૫મા સમય થી ૩૦૦૦૦ મા સમય સુધીના સર્વ સમયોમાંથી) અપવર્તના કરે છે.

**પ્રશ્ન :-** બે આવલિકા પછીના સર્વ સમયોમાંથી જે અપવર્તના કરી. તેનો નિક્ષેપ કયાં કરે ? તે દલિકો કયાં ગોઠવે ? ક્યાં નિક્ષેપ કરે ?

**ઉત્તર :-** નીચેના સમયાધિક ત્રીજા ભાગમાં રચના કરે છે. (અસત્ કલ્પનાએ ૧૩ થી ૧૭માં ગોઠવે છે અને બાકીનો ૧ સમય ન્યૂન બે તૃતીયાંશ ભાગ પ્રમાણ (૧૮ થી ૨૪ સમય પ્રમાણ) સ્થાનોને ઓળંગીને નિક્ષેપ કરે છે.

ઉપરની વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે :- (૧૩ થી ૨૪ સમય પ્રમાણ) ઉદયાવલિકા છે. તે ઉદયાવલિકા ઉપરની જે ૧ સમય માત્રની (૨૫મા સમયની) જે સ્થિતિ છે. તે સમયના દલિકોની અપવર્તના કરતો આ જીવ ઉદયાવલિકાના અંદરના ઉપરિતન ભાગવર્તી (૧૮ થી ૨૪ સમય પ્રમાણ) એટલે કે ૧ સમયન્યૂન બે તૃતીયાંશ ભાગ જે છે. તેને ઓળંગીને તેની નીચેના સમયાધિક ત્રીજા ભાગમાં (૧૩ થી ૧૭માં) નિક્ષેપ કરે છે.

આ સૌથી ન્યૂન એટલે કે જઘન્ય નિક્ષેપ અને જઘન્ય અતીત્થાપના જાણવી. હવે પછીના સમયોની જે અપવર્તના થાય છે. તેમાં અતીત્થાપના જ કેવળ વધે છે. નિક્ષેપ તેરલો જ રહે છે. યાવત્ અતીત્થાપનાની અધુરી આવલિકા સમાપ્ત થાય. એટલે કે ઉદયાવલિકા ઉપરની બીજા સમયની (૨૬મા સમયની) અપવર્તના કરતો જીવ ૧૩ થી ૧૭ સમયમાં જ નિક્ષેપ કરે છે. પરંતુ અતીત્થાપનામાં ૧ સમય વધે છે. એટલે કે પરિપૂર્ણ બે તૃતીયાંશ ભાગની અપવર્તના રાખે છે. એટલે કે અતીત્થાપના જે પૂર્વે હતી તે સમયાધિક થાય છે. પરંતુ નિક્ષેપ તેટલો જ રહે છે.

જ્યારે ઉદયાવલિકા ઉપરની ત્રીજી સ્થિતિની (૨૭મા સમયની) અપવર્તના કરતો જીવ (૧૮ થી ૨૬ સમય સુધીની) અતીત્થાપના કરે છે. એટલે કે પૂર્વે કહેલા માપવાળી ૧ સમયન્યૂન બે તૃતીયાંશ ભાગની જે અતીત્થાપના હતી. તેમાં બે સમય વધે છે. એટલે કે સમયન્યૂન બે તૃતીયાંશ ભાગ તેમાં બે સમય અધિક એટલી અતીત્થાપના થાય છે. અર્થાત્ એક સમયાધિક બે તૃતીયાંશ ભાગની અતીત્થાપના થાય છે. નિક્ષેપ તેટલો જ રહે છે.

આ પ્રમાણે અતીત્થાપના ત્યાં સુધી વધારવી કે જ્યાં સુધી અતીત્થાપનાની આવલિકા જે અધુરી છે તે પરિપૂર્ણ થાય. ત્યાં સુધી નિક્ષેપ તો સમયાધિક એક તૃતીયાંશ જ રહે છે. હવે પછી આગળ આગળ અતીત્થાપના સર્વત્ર તેટલી જ (અર્થાત્ આવલિકા માત્ર જ) પ્રવર્તે છે. હવે નિક્ષેપ જ કેવળ વધે છે. તે ત્યાં સુધી વધે છે કે બંધાવલિકા (૧ થી ૧૨ સમય પ્રમાણ) તથા અન્તિમ અતીત્થાપનાવલિકા (૨૯૯૮૮ થી ૨૯૯૯૯ સુધીની અતીત્થાપનાની આવલિકા) તથા અન્તિમ અપવર્ત્યમાન સમય (૩૦,૦૦૦મો સમય) આટલાં સ્થાનો કુલ સમયાધિક બે આવલિકા ન્યૂન સર્વ કર્મ સ્થિતિ પ્રમાણ નિક્ષેપ જાણવો.

કારણ કે બંધાવલિકા પસાર થયે છતે જ કર્મોની અપવર્તના કરવાનો આ જીવ આરંભ કરે છે એટલે એક બંધની આવલિકા તો આ જ ન્યૂન થઈ. તથા સર્વથા ઉપરિતન સ્થિતિ સ્થાન (એટલે કે ૩૦,૦૦૦મું જે સ્થિતિસ્થાન) છે તે અપવર્ત્યમાન છે એટલે તેમાં નિક્ષેપ થતો નથી. તથા તેની નીચેની એક આવલિકા (૨૯૯૯૯ થી ૨૯૯૮૮ સુધીની જે આવલિકા) છે તે અતીત્થાપના રૂપ છે. એટલે તેમાં પણ આ જીવ નિક્ષેપ કરતો નથી. આ રીતે વિચારતા ૧ બંધાવલિકા, એક અતીત્થાપનાવલિકા અને અન્તિમ અપવર્ત્યમાન ૧ સમય આટલાં સ્થાનો છોડીને નીચેનાં સર્વ પણ સ્થાનોમાં આ જીવ નિક્ષેપ કરે છે. જેથી સમયાધિક બે આવલિકાન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રમાણ ઉત્કૃષ્ટ નિક્ષેપ યથોક્ત રીતે પ્રાપ્ત થાય છે. પંચસંગ્રહ નામના ગ્રંથમાં કહ્યું છે કે :-

**समयाहियइत्थावणा, बन्धावलिया य मोत्तु निक्खेवो ।**
**कम्मट्ठिइ बंधोदयआवलिया मोत्तु ओवट्टे ॥ १३ ॥**

**અર્થ :-** સમયાધિક એક અતીત્થાપની આવલિકા તથા બંધની આવલિકાને ત્યજીને શેષ સર્વ કર્મસ્થિતિ પ્રમાણ નિક્ષેપ જાણવો તથા બંધાવલિકા અને ઉદયાવલિકાને મુકીને શેષ સ્થિતિની અપવર્તના થાય છે. ॥૧૩॥ (આ ગાથા પંચસંગ્રહ ઉદવર્તના-અપવર્તના કરણની ૧૩મી ગાથા છે.)

સારાંશ કે અન્તિમ અપવર્ત્યમાન સમય, તેનાથી અધિક એવી તેની પૂર્વની અતીત્થાપનાવલિકા તથા બંધાવલિકાને ત્યજીને શેષ સર્વ પણ સ્થિતિ સ્થાનોમાં ઉત્કૃષ્ટ નિક્ષેપ થાય છે. એટલે બંધાવલિકા અને ઉદયાવલિકા એમ બે આવલિકાન્યૂન સર્વ પણ કર્મસ્થિતિની આ જીવ અપવર્તના કરે છે અને બંધાવલિકા તથા સમયાધિક અતીત્થાપના આવલિકા વિના સર્વસ્થિતિમાં ઉત્કૃષ્ટ નિક્ષેપ થાય છે. આવો આ ગાથાનો ભાવાર્થ છે આમ જાણવું.

તે આ પ્રમાણે ઉદયાવલિકા ઉપરનું (૨૫મા સમયનું) જે સ્થિતિસ્થાન છે. તેની અપવર્તનાને આશ્રયી ઉપર કહેલો એક સમય અધિક આવલિકાનો ત્રીજો ભાગ એ જઘન્ય નિક્ષેપ જાણવો અને ૩૦૦૦૦ મા સ્થાનની એટલે કે સર્વથા ઉપરિતન ભાગવર્તી અન્તિમ સ્થાનની અપવર્તનાને આશ્રયી યથોક્ત સ્વરૂપવાળો ઉત્કૃષ્ટ નિક્ષેપ હોય છે. આવો ભાવાર્થ જાણવો. આમ આ વિષય નક્કી થયો. આ જે કંઈ સમજાવ્યું તે નિર્વ્યાઘાત અપવર્તનાની વિધિ જાણવી. ॥૪-૫॥

*અવતરણ : આ નિર્વ્યાઘાત અપવર્તનાવિધિ કહી. હવે વ્યાઘાતમાં થનારી જે અપવર્તના છે તેની વિધિ કહે છે :-*

**वाघाए समउणं कंडगमुक्कस्सिया अइत्थावणा ।**
**डायठिई किंचूणा, ठिइकंडुक्कस्सगपमाणं ॥ ६ ॥**

**ગાથાર્થ :-** વ્યાઘાત ભાવિ અપવર્તનામાં એક સમય ન્યૂન એક કંડક પ્રમાણ ઉત્કૃષ્ટ અતીત્થાપના જાણવી. કંઈક ન્યૂન એવી ડાયસ્થિતિ તે જ સ્થિતિ કંડકનું ઉત્કૃષ્ટ પ્રમાણ જાણવું. ॥૬॥

**વિવેચન :-** આ ગાથામાં વ્યાઘાતભાવિ અપવર્તના સમજાવવામાં આવે છે. અહીં વ્યાઘાત શબ્દનો અર્થ સ્થિતિઘાત જાણવો. આ વિષયનો સાક્ષીપાઠ આપતા ગ્રંથકારશ્રી જણાવે છે કે "ठिइघाओ एत्थ होइ वाघाओ" (પંચસંગ્રહ ઉદ્‌વર્તના-અપવર્તનાકરણ ગાથા ૧૪) તે સ્થિતિઘાત કરાયે છતે એક સમય ન્યૂન કંડક માત્રની જે સ્થિતિ છે તે ઉત્કૃષ્ટ અતીત્થાપના જાણવી.

ઉપરિતનવર્તી જે એક સમયનું સ્થિતિ સ્થાન છે. તેની અપવર્તના કરાયે છતે તેની સાથે તેની નીચેના એક કંડક માત્ર પ્રમાણ સ્થિતિ સ્થાનો ઓળંગાય છે. ત્યારબાદ નીચે નિક્ષેપ થાય છે. તે કારણથી તે એક સમય ન્યૂન એવું જે કંડક તે જ અતીત્થાપના કહેવાય છે.

**પ્રશ્ન :-** આ જે ઓળંગવા માટેનું કંડક કહ્યું. તે કેટલું હશે ? શું તેનું કંઈ માપ છે ? કંડક કેટલા માપનું જાણવું ?

**ઉત્તર :-** હા, તેનુ માપ છે. તે આ પ્રમાણે જાણવું "જે કર્મપ્રકૃતિના જે સ્થિતિસ્થાનનો બંધ ચાલતો હોય ત્યાંથી કુદકો મારીને ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ આ જીવ કરી શકે ત્યાંથી પ્રારંભીને તે સઘળી પણ સ્થિતિ ડાયસ્થિતિ કહેવાય છે" ત્યાં સુધીની તે ડાયસ્થિતિનું પ્રમાણ (માપ) જાણવું. પંચસંગ્રહની ટીકામાં ગ્રંથકારશ્રીએ આ પ્રમાણે કહ્યું છે :- "डायस्थितिरुत्कर्षतः किञ्चिदूना - किञ्चिदूनकर्मप्रमाणा" = આ ડાયસ્થિતિ ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન કર્મસ્થિતિ પ્રમાણ જાણવી. તે વાત વધારે સ્પષ્ટતાથી આ પ્રમાણે સમજવી.

કોઈ પણ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ સંજ્ઞી પંચેન્દ્રિય જીવ ઉત્કૃષ્ટ સંક્લેશના વશથી કરે છે. તેની પૂર્વે તે જીવ અંતઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણ બંધ કરતો હતો. એટલે અંતઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિનો બંધ કરતાં કરતાં ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામ આવવાથી સંજ્ઞી પંચેન્દ્રિય જીવ તે તે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે. તેથી તે એક અંતઃ કોડાકોડી સાગરોપમ ન્યૂન અર્થાત્ કિંચિત્ ન્યૂન એવી કર્મસ્થિતિ પ્રમાણ જે સ્થિતિ થઈ તેને જ કંડકનું ઉત્કૃષ્ટ માપ જાણવું.[1]

---

૧. किंचूणा આવું જે મૂલ ગાથામાં પદ છે. તેને ડાયસ્થિતિના વિશેષણ તરીકે જાણવું. અર્થાત્ કંઈક ન્યૂન એવી જે ડાયસ્થિતિ તે જ ઉત્કૃષ્ટ કંડકનું માપ જાણવું. અંતઃકોડાકોડી સાગરોપમથી ઉત્કૃષ્ટ સ્થિતિ સુધીની જે સ્થિતિ છે. તે ડાયસ્થિતિ કહેવાય છે. કારણ કે આ જીવ ડાય એટલે ફાળ મારીને અર્થાત્ કુદકો મારીને આટલી સ્થિતિ બાંધી શકે છે માટે તેને ડાયસ્થિતિ કહેવાય છે. તેમાં કંઈક ન્યૂન સમય બે સમય ઈત્યાદિ ન્યૂનતા જાણવી.

સૌથી ઉત્કૃષ્ટ કંડક, અંતઃ કોડીકોડી સાગરોપમ ન્યૂન ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ પ્રમાણ જાણવું. આ ઉત્કૃષ્ટ કંડકમાં કદાચ એક સમય બે સમય જેવી અલ્પ ન્યૂનતા હોય તો પણ તેને કંડક જ કહેવાય છે. આમ ઘટતાં ઘટતાં યાવત્ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્ર પ્રમાણ જે સ્થિતિ હોય તેને જઘન્ય કંડક કહેવાય છે.

આ જે જઘન્ય કંડક (પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ) છે. તેમાંથી એક સમય ન્યૂન કરો તો વ્યાઘાત ભાવિ અપવર્તનામાં જઘન્ય અતીત્થાપના જાણવી. હવે અલ્પબહુત્વ કહેવાય છે.

(૧) અપવર્તનામાં જઘન્ય નિક્ષેપ સૌથી થોડો, કારણ કે તે જઘન્ય નિક્ષેપ સમયાધિક આવલિકાના ત્રીજી ભાગ માત્ર રૂપ છે. (૨) તેનાથી જઘન્ય અતીત્થાપના દ્વિગુણ (અર્થાત્) બમણી છે. તેમાં ત્રણ સમય ન્યૂન છે. કદાચ અહીં આવો પ્રશ્ન થાય કે ત્રણ સમય ન્યૂન દ્વિગુણત્વ કેવી રીતે થાય ? તો તેનો ઉત્તર આ પ્રમાણે જાણવો. વ્યાઘાત વિનાની એટલે કે નિર્વ્યાઘાત જઘન્ય અતીત્થાપના એક સમય ન્યૂન આવલિકાના બે તૃતીયાંશ ભાગ પ્રમાણ છે. આ વાત સમજાવવા માટે આવલિકા અસત્કલ્પનાએ (૩૦) ત્રીસ સમય પ્રમાણની કલ્પાય છે.

તેમાં બે તૃતીયાંશ ભાગ એટલે ૨૦ સમય અને તેમાં પણ समयोन એક સમય ન્યૂન એટલે (૧૯) ઓગણીસ સમય થશે. બીજી બાજુ જઘન્ય નિક્ષેપ સમયાધિક આવલિકાનો ત્રીજો ભાગ છે. તે ત્રીજો ભાગ એટલે (૧૦) દસ સમય અને તેમાં સમયાધિક કરો એટલે (૧૧) અગીયાર થશે. આ ૧૧ને દ્વિગુણ = બમણો કરશો તો (૨૨) બાવીશ થશે તેમાં त्रिसमयोन ત્રણ સમય ન્યૂન કરશો એટલે (૧૯) ઓગણીશ જ થશે. માટે જઘન્ય નિક્ષેપ અને જઘન્ય અતીત્થાપના બન્ને આટલું જ થાય છે.

(૩) તેના કરતાં વ્યાઘાત વિના અર્થાત્ નિર્વ્યાઘાત અતીત્થાપના વિશેષાધિક, કારણ કે તે પરિપૂર્ણ એક આવલિકા પ્રમાણ છે. (૪) તેના કરતાં વ્યાઘાતમાં ઉત્કૃષ્ટ અતીત્થાપના અસંખ્યાત ગણી છે. કારણ કે તે અતીત્થાપના કંઈક ન્યૂન એવી જે ડાયસ્થિતિ છે. તે કંડક પ્રમાણ છે માટે (૫) તેના કરતાં ઉત્કૃષ્ટ નિક્ષેપ વિશેષાધિક જાણવો. કારણ કે તે ઉત્કૃષ્ટ નિક્ષેપ એક સમય અધિક એવી બે આવલિકા ન્યૂન કરીએ એવી ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ પ્રમાણ છે. (૬) તેનાથી સંપૂર્ણ એવી કર્મસ્થિતિ વિશેષાધિક છે.

હવે ઉદ્વર્તના અને અપવર્તના આ બન્નેના સંયોગે (આ બન્નેનું સાથે મેળવીને અલ્પબહુત્વ કહેવાય છે ત્યાં (૧) ત્યાં વ્યાઘાતભાવિ એવી ઉદ્વર્તનામાં જઘન્ય અતીત્થાપના અને જઘન્ય નિક્ષેપ આ બન્ને સૌથી અલ્પ છે અને સ્વસ્થાનમાં પરસ્પર તુલ્ય છે. કારણ કે આ બન્ને આવલિકાના અસંખ્યાતમા ભાગ રૂપ છે. (૨) તેના કરતાં અપવર્તનામાં જઘન્ય

નિક્ષેપ અસંખ્યાતગણો છે. કારણ કે તે જઘન્ય નિક્ષેપ સમયાધિક એવા આવલિકાના ત્રીજા ભાગ પ્રમાણ છે. (૩) તેના કરતાં પણ અપવર્તનામાં જ જઘન્ય અતીત્થાપના ત્રણ સમય ન્યૂન દ્વિગુણ (બમણી) જાણવી. આ વિષયની ભાવના પૂર્વે સમજાવેલી છે. (૪) તેના કરતાં પણ વ્યાઘાતભાવિની એવી ઉત્કૃષ્ટ અતીત્થાપના વિશેષાધિક જાણવી. કારણ કે તે અતીત્થાપના પરિપૂર્ણ એક આવલિકા પ્રમાણ છે. (૫) તેના કરતાં પણ ઉદ્વર્તનામાં ઉત્કૃષ્ટ અતીત્થાપના સંખ્યાત ગણી છે. કારણ કે તે અતીત્થાપના ઉત્કૃષ્ટ અબાધા સ્વરૂપ છે. (૬) તેના કરતાં પણ વ્યાઘાતભાવિ અપવર્તનામાં ઉત્કૃષ્ટ અતીત્થાપના અસંખ્યાતગુણ છે. કારણ કે તે કંઈક ન્યૂન ડાયસ્થિતિ પ્રમાણ છે. (૭) તેના કરતાં પણ ઉદ્વર્તનામાં ઉત્કૃષ્ટ નિક્ષેપ વિશેષાધિક છે. (૮) તેના કરતાં પણ અપવર્તનામાં ઉત્કૃષ્ટ નિક્ષેપ વિશેષાધિક છે. (૯) તેના કરતાં પણ કર્મની સર્વસ્થિતિ વિશેષાધિક છે.

તે આ પ્રમાણે ઉદ્વર્તના અને અપવર્તનામાં સ્થિતિ સંબંધી બધી હકિકત કહી. ॥૬॥

***અવતરણ :- સ્થિતિ અપવર્તના ઉપર પ્રમાણે કહી. હવે અનુભાગની ઉદ્વર્તના અને અપવર્તના કહેવાની છે. ત્યાં પ્રથમ અનુભાગની ઉદ્વર્તનાને જણાવે છે :-***

**चरमं णोवट्टिज्जइ, जावाणंताणि कट्टगाणि तओ ।**
**उस्सक्किय उक्कड्ढइ, एवं उव्वट्टणाईओ ॥ ७ ॥**

**ગાથાર્થ** :- ચરમ સ્પર્ધકની ઉદ્વર્તના થતી નથી. યાવત્ અનંતા સ્પર્ધકોની ઉદ્વર્તના થતી નથી. ત્યારબાદ તેનાથી નીચે ઉતરીને જે સ્પર્ધકો છે. તેની ઉદ્વર્તના થાય છે. આ પ્રમાણે અપવર્તના પણ સમજી લેવી. પરંતુ તે આદિમ ભાગથી થાય છે. ॥૭॥

**વિવેચન** :- સત્તામાં રહેલી કર્મસ્થિતિના અન્તિમ સ્થિતિ સ્થિતિસ્થાનમાં જે રસસ્પર્ધકો છે. તેમાંના ચરમ રસસ્પર્ધકની ઉદ્વર્તના થતી નથી. દ્વિચરમ-ત્રિચરમ સ્પર્ધકની પણ ઉદ્વર્તના થતી નથી. એમ ચરમ સ્પર્ધકથી યાવત્ અનંતા સ્પર્ધકોની ઉદ્વર્તના થતી નથી.

ઉદ્વર્તનામાં જે જઘન્ય નિક્ષેપ આવલિકાનો અસંખ્યાતમો ભાગ કહ્યો છે. તે તથા સર્વથા ઉપરની અતીત્થાપનાની એક આવલિકા એમ (અસત્કલ્પનાએ ૧૦૦૦, સમયની જે સ્થિતિની કલ્પના કરવામાં આવી છે. તેમાંના ૯૮૬ થી ૯૯૭ સુધીની આવલિકા, તથા ૯૯૮ થી ૧૦૦૦ સમય પ્રમાણ આવલિકાનો જે અસંખ્યાતમો ભાગ એમ કુલ ૧૫ સમયનાં) તે સ્થિતિ સ્થાનોમાં રહેલાં સર્વે પણ અનંતા રસસ્પર્ધકો જે છે. તેની ઉદ્વર્તના થતી નથી. આમ ઉપરની વાતનું રહસ્ય છે. પરંતુ ત્યાંથી નીચે ઉતરીને એક સમય માત્ર સ્થિતિગત (અર્થાત્ ૯૮૫મા સ્થાનગત રસ સ્પર્ધકોની ઉદ્વર્તના કરીને ૯૮૬ થી ૯૯૭મા સ્થિતિ સ્થાનગત અર્થાત્ એક આવલિકાગત રસસ્પર્ધકોની અતીત્થાપના હોવાથી તેને

ઓળંગીને તેના ઉપરના ભાગમાં રહેલી આવલિકાના અસંખ્યાતમા ભાગ રૂપ જે સ્થિતિ છે. (૯૯૮ થી ૧૦૦૦ સમયની જે સ્થિતિ છે.) તેમાં રહેલા રસસ્પર્ધકોમાં તેનો (૯૮૫મા સમયમાં રહેલાં રસ સ્પર્ધકોનો) નિક્ષેપ થાય છે. આ પ્રમાણે સ્થિતિને અનુસારે રસસ્પર્ધકોની ઉદ્વર્તના જાણવી.

તેનાથી પણ નીચે ઉતરીને જ્યારે બીજા સ્થિતિસ્થાનમાં રહેલા રસના સ્પર્ધકોની (એટલે ઉપર કલ્પેલી કલ્પના પ્રમાણે ૯૮૪ના સ્થિતિસ્થાનમાં રહેલા રસનાં સ્પર્ધકોની ઉદ્વર્તના કરીને ત્યાંથી એક આવલિકા પ્રમાણ (એટલે કે ૯૮૫ થી ૯૯૬ સમય સુધીની એક આવલિકાગત સ્થિતિસ્થાનોમાં રહેલા) રસસ્પર્ધકોની અતીત્થાપના હોવાથી તેને મૂકીને તેના ઉપરની સમયાધિક આવલિકાના અસંખ્યાતમા ભાગમાં (૯૯૭ થી ૧૦૦૦ સુધીના સ્થિતિસ્થાનોમાં) રહેલા રસસ્પર્ધકોમાં નિક્ષેપ કરે છે.

નીચેના બીજા સ્થિતિ સ્થાનગત રસસ્પર્ધકોની (૯૮૩મા સ્થિતિ સ્થાનમાં રહેલા રસસ્પર્ધકોની) ઉદ્વર્તના કરીને આ જીવ એક આવલિકાગત રસસ્પર્ધકોની અતીત્થાપના છોડીને (૯૮૪ થી ૯૯૫ સુધીનાં સ્થિતિસ્થાનોમાં રહેલાં રસસ્પર્ધકોની અતીત્થાપના છોડીને) તેની ઉપરના બે સમય અધિક આવલિકાના અસંખ્યાતમા ભાગમાં (૯૯૬ થી ૧૦૦૦ સુધીના સ્થિતિ સ્થાનોમાં) રહેલા રસસ્પર્ધકોમાં નિક્ષેપ કરે છે.

ઉપર મુજબ ભાવાર્થ સમજાવીને હવે ટીકાના પદોને અનુસારે અર્થ સમજાવાય છે :- અન્તિમ સ્થિતિસ્થાનમાં રહેલાં અનંતા રસસ્પર્ધકોમાંનું ચરમ સ્પર્ધક જે છે. તેની ઉદ્વર્તના થતી નથી તથા દ્વિચરમ ત્રિચરમ આદિ રસસ્પર્ધકોની ઉદ્વર્તના થતી નથી. યાવત્ ચરમસ્પર્ધકથી નીચે નીચે અનંતા રસસ્પર્ધકોની ઉદ્વર્તના થતી નથી.

એમ કરતાં કરતાં જે જઘન્ય નિક્ષેપનાં સ્થાનો છે. એક આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થાનોમાં રહેલાં રસસ્પર્ધકો તથા તેનાથી પણ નીચે એક આવલિકા પ્રમાણ અતીત્થાપનાવલિકામાં રહેલાં રસસ્પર્ધકો એમ આટલાં સ્થિતિ સ્થાનોમાં (૧૦૦૦મા સ્થિતિ સ્થાનથી ૯૯૮, તથા ૯૯૭ થી ૯૮૬ આટલા સ્થિતિ સ્થાનોમાં) રહેલાં સર્વે પણ અનંતા રસસ્પર્ધકો જે છે. તેની ઉદ્વર્તના થતી નથી. આમ ગ્રંથકારશ્રીનો કહેવાનો ભાવ છે.

પરંતુ તેનાથી નીચે ઉતરીને (૯૮૫મું) જે સ્થિતિ સ્થાન આવે છે. તેમાં રહેલાં એટલે કે (૯૮૫ મા) એક સમયના સ્થિતિ સ્થાનમાં રહેલાં જે રસસ્પર્ધકો પ્રાપ્ત થાય છે. તેની ઉદ્વર્તના કરાય છે. તેની ઉદ્વર્તના કરીને (૯૮૬ થી ૯૯૭ સુધીની) જે એક આવલિકા છે. તેમાં રહેલાં અનંતા રસસ્પર્ધકોને ઓળંગીને તેની ઉપરિતન ભાગવર્તી આવલિકાના અસંખ્યાતમા ભાગમાં (૯૯૮ થી ૧૦૦૦ મા સ્થાનમાં) રહેલાં જે અનંતા રસસ્પર્ધકો છે. તેમાં તેનો નિક્ષેપ કરાય છે.

તેનાથી પણ નીચે ઉતરીને જ્યારે બીજા સ્થિતિ સ્થાન ગત (૯૮૪ મા સ્થિતિ સ્થાનમાં રહેલાં) રસસ્પર્ધકોની ઉદ્‌વર્તના થાય છે. ત્યારે (૯૮૫ થી ૯૯૬ સુધીની) એક આવલિકા માત્રમાં રહેલાં રસસ્પર્ધકોની અતીત્થાપના ઓળંગીને તેના ઉપરના (૯૯૭ થી ૧૦૦૦મા) સ્થિતિ સ્થાનમાં રહેલા અર્થાત્ સમયાધિક એક આવલિકા સંબંધી અસંખ્યાતમા ભાગ માત્રમાં રહેલા સ્પર્ધકોમાં નિક્ષેપ કરે છે.

આ પ્રમાણે જેમ જેમ (૯૮૩ - ૯૮૨ - ૯૮૧) એમ નીચે ઉતરીને નીચે નીચેના સ્થિતિ સ્થાનગત રસસ્પર્ધકોની ઉદ્‌વર્તના થાય છે. તેમ તેમ ઉપરનાં નિક્ષેપ સ્થાનોમાં વૃદ્ધિ થાય છે. પરંતુ અતીત્થાપના તેટલી જ રહે છે અર્થાત્ સર્વત્ર પણ આવલિકા જેટલી સ્થિતિ માત્રમાં રહેલાં જે અનંતા રસસ્પર્ધકો છે તે પ્રમાણ જ અતીત્થાપના રહે છે.

હવે અહીં કદાચ આવો પ્રશ્ન થાય કે ઉદ્‌વર્તનામાંવધારેમાં વધારે ઉત્કૃષ્ટ નિક્ષેપ કેટલો હોય. આ પ્રમાણે કોઈ પ્રશ્ન જો કરે તો ઉત્તર એમ છે કે (૧) સમયાધિક એક આવલિકા તથા (૨) અબાધાનાં સ્થાનો વિનાનાં શેષ સર્વ સ્થિતિસ્થાનોમાં રહેલાં રસસ્પર્ધકોમાં નિક્ષેપ થાય છે. તે આ પ્રમાણે સમજવું.

અબાધાસ્થાનોમાં રહેલાં રસનાં સ્પર્ધકોની ઉદ્‌વર્તના થતી નથી (અર્થાત્ અબાધા અન્તર્ગત સ્થાનોમાં ઉદ્‌વર્તના થાય છે. પરંત અબાધા ઉપરના સ્થાનોમાં લઈ જવા રૂપ અને ત્યાં નિક્ષેપ કરવા રૂપ ઉદ્‌વર્તના થતી નથી) આબાધાસ્થાન પછીનું જે પ્રથમ સ્થિતિ સ્થાન છે. તેની જો કે ઉદ્‌વર્તના થાય છે. પરંતુ તેમાં નિક્ષેપ થતો નથી. તથા તેના પછીની જે એક અતીત્થાપનાવલિકા છે. તેમાં રહેલાં રસસ્પર્ધકોની પણ અતીત્થાપના જ કહેવાય છે આ પ્રમાણે (૧) અબાધામાં રહેલાં રસસ્પર્ધકોની ઉદ્‌વર્તના (ઉપર લઈ જવા રૂપ) થતી નથી. માટે ત્યાં અબાધાની ઉપરનિક્ષેપ કરવારૂપ નિક્ષેપ નથી. તથા (૨) ઉદ્‌વર્તના કરાતો અબાધા પછીનો જે પ્રથમ સમય, તેમાં રહેલાં રસસ્પર્ધકોની તો ઉદ્‌વર્તના કરાય જ છે. માટે ત્યાં નિક્ષેપ થતો નથી. (૩) તથા તેના પછીની એક આવલિકા કે જે અતીત્થાપનાની આવલિકા છે. તેમાં રહેલાં રસસ્પર્ધકોમાં પણ નિક્ષેપ કરાતો નથી. કારણ કે તે અતીત્થાપનાની આપલિકાનાં સ્પર્ધકો છે.

ઉપર પ્રમાણે (૧) અબાધાસ્થાનો, (૨) ઉદ્‌વર્ત્યમાન સમય અને (૩) અતીત્થાપનાવલિકા આ ત્રણને મૂકીને બાકીનાં સર્વસ્થિતિ સ્થાનોમાં રહેલાં રસસ્પર્ધકોમાં ઉદ્‌વર્ત્યયાન રસસ્પર્ધકોનો નિક્ષેપ કરાય છે. આ ઉત્કૃષ્ટ નિક્ષેપ સમજાવ્યો. જઘન્ય નિક્ષેપ તો આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલાં જેટલાં સ્થિતિ સ્થાનો છે. તદ્‌ગત અનંતા રસસ્પર્ધકો જે છે તે જ જઘન્ય નિક્ષેપ જાણવો.

હવે અહીં ઉદ્‌વર્તનામાં અલ્પ બહુત્વ કહેવાય છે.

(૧) સર્વથી થોડો જઘન્ય નિક્ષેપ છે. કારણ કે તે જઘન્ય નિક્ષેપ તો એક આવલિકાના અસંખ્યાતમા ભાગ માત્રમાં રહેલાં જે રસ સ્પર્ધકો છે. તેટલા જ પ્રમાણ વાળો છે.

(૨) તેનાથી અતીત્થાપના અનંતગુણી છે. કારણ કે નિક્ષેપના વિષયવાળાં (આવલિકાના અસંખ્યાતમા ભાગમાં) જે રસસ્પર્ધકો છે. તેની અપેક્ષાએ સંપૂર્ણ આવલિકા જે અતીત્થાપનાની છે. તેમાં રહેલાં રસ સ્પર્ધકો અનંતગુણાં છે. તે કારણથી.

(૩) તેના કરતાં પણ ઉત્કૃષ્ટ નિક્ષેપ અનંતગુણાં છે તથા

(૪) તેના કરતાં પણ સર્વસ્થાનોનો અનુભાગ (રસ સ્પર્ધકો) અનંતગુણો છે. આ પ્રમાણે અનુભાગ ઉદ્દ્વર્તના કહી (જે લગભગ સ્થિતિ ઉદ્દ્વર્તનાને અનુસારે સહેલાઈથી સમજાય તેમ છે.)

હવે અનુભાગની અપવર્તના સમજાવતાં ભલામણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે :- "एवं उव्वट्टणाईओ" આ પ્રમાણે જ અપવર્તના પણ જાણવી અર્થાત્ ઉદ્દ્વર્તનામાં કહેલી નીતિ રીતિ મુજબ અપવર્તના પણ અનુભાગના વિષયવાળી જાણવી. ફક્ત તે અપવર્તનાને આદિથી આરંભીને કહેવી (ઉદ્દ્વર્તનાને જેમ અન્તિમ સ્થાનથી સમજાવી. તેમ અપવર્તના આદિના સ્થાનોથી કહેવી) તે આ પ્રમાણે છે :-

જીવ જ્યાં વર્તે છે. ત્યાંના પ્રથમ સ્થિતિ સ્થાનગત જે અનંતા રસનાં સ્પર્ધકો છે. તેમાંનું પ્રથમ સ્પર્ધક અપવર્તના પામતું નથી. બીજુ સ્પર્ધક પણ અપવર્તના પામતું નથી. ત્રીજું સ્પર્ધક પણ અપવર્તના પામતું નથી. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે ઉદયાવલિકામાં રહેલાં જે સ્થિતિસ્થાનો છે. તે સ્થિતિસ્થાનોમાં રહેલાં જે અનંતા રસનાં સ્પર્ધકો છે. તેની અપવર્તના થતી નથી. તેનાથી ઉપરના સ્થિતિસ્થાનમાં જે રસનાં સ્પર્ધકો છે. તેની અપવર્તના થાય છે.

ત્યાં ઉદયાવલિકા ઉ પરનું જે પ્રથમ સ્થિતિસ્થાન છે. તેમાં રહેલાં રસનાં સ્પર્ધકોની અપવર્તના જ્યારે કરે છે. ત્યારે એક સમયન્યૂન આવલિકાના બે તૃતીયાંશ ભાગમાં રહેલાં જે રસસ્પર્ધકો છે. તેને ઓળંગીને તેના પૂર્વ ભાગમાં રહેલાં સમયાધિક એક તૃતીયાંશ ભાગ પ્રમાણ આવલિકાના સ્થિતિસ્થાનોમાં રહેલાં જે રસસ્પર્ધકો છે. તેમાં તેનો નિક્ષેપ કરે છે.

જ્યારે ઉદ્દ્યાવલિકાથી ઉપરના બીજા સમયના સ્થિતિ સ્થાનમાં રહેલાં રસ સ્પર્ધકોની અપવર્તના થાય છે. ત્યારે પૂર્વે કહેલી જે અતીત્થાપના છે. તેમાં એક સમય માત્રમાં રહેલાં સ્પર્ધકો વડે અધિક અતીત્થાપના થાય છે. અર્થાત્ પરિપૂર્ણ બે તૃતયાંશ ભાગ અતીત્થાપના થાય છે. પણ નિક્ષેપ તો સમયાધિક એક તૃતીયાંશ આવલિકા માત્રમાં રહેલા જ રસસ્પર્ધકો રહે છે.

આ પ્રમાણે સમય માત્ર સમય માત્રનો વધારો અતીત્થાપનામાં ત્યાં સુધી કરવો કે સમયન્યૂન બે તૃતીયાંશ ભાગની જે અતીત્થાપના હતી. તે સંપૂર્ણ એક આવલિકા પ્રમાણ અતીત્થાપના થાય. અતીત્થાપનાની એક આવલિકા પૂર્ણ થાય ત્યાં સુધી આ સમયો અતીત્થાપનામાં વધે છે. પરંતુ નિક્ષેપ તો સમયાધિક એક તૃતીયાંશ જ રહે છે. પરંતુ જ્યારે અતીત્થાપનાની આવલિકા પૂર્ણ થાય છે. ત્યારબાદ નિક્ષેપ જ માત્ર વધે છે. અતીત્થાપના વધતી નથી. આ પ્રમાણે રસસંબંધીવર્ણન નિર્વ્યાઘાત અપવર્તનામાં સમજવું.

આ જ વાત કલ્પિત ઉદાહરણ સાથે આ પ્રમાણે જાણવી. જીવ જે સ્થાનમાં વર્તે છે. તે સ્થાનથી (૧ થી ૧૨ સમયનાં સ્થિતિ સ્થાનો પ્રમાણ) એક આવલિકા પ્રમાણ અર્થાત્ ઉદયાવલિકા પ્રમાણ સ્થિતિસ્થાનો ઓળંગીને ત્યાર પછીનું (૧૩મું) સ્થિતિસ્થાન જે છે. તેમાં રહેલાં રસનાં સ્પર્ધકોની અપવર્તના થાય છે. તેનો નિક્ષેપ પાંચમા સ્થાનથી બારમા સ્થાન સુધીની અતીત્થાપના છોડીને એકથી ચાર સમયવાળા સમયાધિક ત્રીજા ભાગના સ્થાનોમાં રહેલાં જે રસ સ્પર્ધકો છે. તેમાં તેનો નિક્ષેપ થાય છે. ૧૩મા સમયના સ્પર્ધકોની અપવર્તના કરીને પાંચમા સ્થાનથી બારમા સમયના સ્થાનને ઓળંગીને પ્રથમ સમયના સ્થાનથી ચાર સમયના સ્થાન સુધીના રસસ્પર્ધકોમાં તેનો નિક્ષેપ કરે છે.

ત્યાર પછીના બીજા સ્થાનમાં (એટલે કે ૧૪મા સમયના સ્થાનમાં) રહેલા રસસ્પર્ધકોની અપવર્તના કરીને પણ નિક્ષેપ તો તેટલામાં જ (૧ થી ૪ સમયનાં રસસ્પર્ધકોમાં જ કરે છે. પરંતુ અતીત્થાપના જે પૂર્વે હતી. તેમાં ૧ સમયનો વધારો થાય છે. અર્થાત્ પરિપૂર્ણ બે તૃતીયાંશ ભાગ અતીત્થાપના રહે છે.) ત્યારબાદ તેના પછીના સ્થાનમાં એટલે કે ૧૫મા સમયના સ્થાનમાં રહેલા રસસ્પર્ધકોની અપવર્તના કરીને પણ નિક્ષેપ તો તેટલામાં જ એટલે કે સમયાધિક ત્રીજા ભાગમાં જ કરે છે. પરંતુ અતીત્થાપના વધે છે. જે ૧ સમયાધિક બે તૃતીયાંશની થાય છે.

આ પ્રમાણે જેમ જેમ પછીના સયમની અપવર્તના થાય છે. તેમ તેમ અતીત્થાપના વધે છે. પરંતુ નિક્ષેપ તો આવલિકાના ત્રીજા ભાગમાં ૧ સમય અધિક જ રહે છે. તે ત્યાં સુધી જાણવું કે અતીત્થાપનાની આવલિકા સમાપ્ત થાય ત્યાં સુધી જાણવું. ત્યારબાદ માત્ર નિક્ષેપ જ વધે છે. અતીત્થાપના તેટલી જ એટલે કે એક આવલિકા જ રહે છે. નિક્ષેપ ઉત્કૃષ્ટ થાય છે. આ પ્રમાણે રહસ્ય છે.

ઉપર જે કંઈ સમજાવવામાં આવ્યું. તે સઘળું ય નિર્વ્યાઘાત અપવર્તનામાં જાણવું. પરંતુ વ્યાઘાતભાવી અપવર્તનામાં તો એક સમય માત્રની સ્થિતિમાં રહેલાં સ્પર્ધકોથી ન્યૂન એવી એક કંડક પ્રમાણ અતીત્થાપના જાણવી. અહીં કંડકનું પ્રમાણ કિંચિદ્ ન્યૂન ડાયસ્થિતિ

જે પૂર્વે કહી છે તે જ માપ સમજવું. તથા સમયન્યૂન કરવાનું કારણ તે વિવક્ષિત સમય અપવર્ત્યમાન છે. તે માટે તેનાથી ન્યૂન નિક્ષેપ જાણવો.[1]

હવે અપવર્તનામાં અલ્પ બહુત્વ સમજાવે છે :- (૧) અપવર્તનામાં જઘન્ય નિક્ષેપ સૌથી અલ્પ છે. તે સમયાધિક એક તૃતીયાંશ ભાગ વર્તી રસસ્પર્ધકો છે. (૨) તેના કરતાં જઘન્ય અતીત્યાપના અનંતગુણી છે. જે એક સમય ન્યૂન બે તૃતીયાંશ સ્થિતિ ભાગવર્તી રસસ્પર્ધકો છે. (૩) તેના કરતાં પણ વ્યાઘાતભાવી અતીત્થાપના અનંતગુણી છે. જે અન્તઃ કોડાકોડી ન્યૂન ઉત્કૃષ્ટ કાયસ્થિતિ પ્રમાણ છે તથા તેનાથી પણ ઉત્કૃષ્ટ અનુભાગ કંડક વિશેષાધિક છે. કારણ કે ઉત્કૃષ્ટ સ્થિતિગત સ્પર્ધકોમાં ડાયસ્થિતિ લેતાં જે ૧ સમય ન્યૂન કરવામાં આવ્યો છે. તે ૧ સમયમાં રહેલાં અનુભાગમાં સ્પર્ધકો વિશેષાધિક છે. આ રીતે એક સમયગત રસસ્પર્ધકો વડે અતીત્થાપના કરતાં અનુભાગ કંડક વિશેષાધિક છે. તેના કરતાં પણ ઉત્કૃષ્ટ નિક્ષેપ વિશેષાધિક છે. કારણ કે ઉદયાવલિકા-અતીત્થાપનાવલિકા અને અપવર્ત્યમાન ૧ સમય વિનાની સઘળી પણ સ્થિતિ નિક્ષેપનો વિષય બને છે. તેના કરતાં પણ સર્વ અનુભાગ વિશેષાધિક જાણવો. નિક્ષેપમાં જે ત્યજવામાં આવ્યો. તે પણ આ વિષયમાં લેવામાં આવે છે તે માટે, આ પ્રમાણે આ અલ્પ બહુત્વ જાણવું. ।।૭।।

***અવતરણ :- હવે ઉદ્વર્તના અને અપવર્તના એમ બન્નેનું સાથે અલ્પ બહુત્વ સૂત્રકાર મહારાજા કહે છે :-***

**थोवं पणसगुणहाणिअंतरं दुसु जहन्ननिखेवो ।**
**कमसो अनंतगुणिया, दुसु वि अइत्थावणा तुल्ला ॥ ८ ॥**

**वाघाएणंणुभागकंडगमिक्काइ वग्गणाऊणं ।**
**उक्कस्सो णिक्खेवो ससंतबंधो य सविसेसो ॥ ९ ॥**

**ગાથાર્થ** :- એક દ્વિગુણવૃદ્ધિ અને એક દ્વિગુણહાનિની વચ્ચે જે સ્પર્ધકપટલ છે. તે સૌથી થોડાં છે. તેના કરતાં ઉદ્વર્તના અને અપવર્તનામાં જઘન્ય નિક્ષેપ અનંતગુણો છે. તેની અપેક્ષાએ અનુક્રમે બન્નેમાં અતીત્થાપના અનંતગુણી છે અને પરસ્પર તુલ્ય છે. તેના

---

૧. ઉદ્વર્તના બંધની સાથે સંબંધ ધરાવે છે. પરંતુ અપવર્તના તો બંધ હોય તો પણ થાય અને બંધ ન હોય તો પણ થાય. પરંતુ ઉદ્વર્તના તો બંધ ચાલતો હોય તો જ થાય છે. એટલું જ નહીં. પરંતુ જે પ્રકૃતિની જેટલી સ્થિતિ બંધાતી હોય તેટલી જ જુની બાંધેલી સ્થિતિમાં ઉદ્વર્તના થાય છે. બંધાતી સ્થિતિ કરતાં પૂર્વે બાંધેલી તે પ્રકૃતિની સત્તા અધિક હોય તો તે અધિક સ્થિતિમાં ઉદ્વર્તના થતી નથી. પરંતુ અપવર્તના તો બંધની સાથે આવો સંબંધ ધરાવતી નથી એટલે જે સ્પર્ધકોની અપવર્તના થાય છે. તેનો બંધ હોય અથવા બંધ ન હોય તો પણ અપવર્તના થાય છે. તથા અત્યન્ત વિશુદ્ધ પરિણામ આવે ત્યારે બંધ દ્વારા પ્રાપ્ત થયેલાં અને સત્તામાં રહેલા રસ સ્પર્ધકોથી પણ અત્યન્ત હીન રસવાળા બનાવવા રૂપે પણ અપવર્તના થાય છે.

કરતાં પણ વ્યાઘાતભાવિ અપવર્તનામાં થતું અનુભાગ કંડક કે જે એક સમય માત્રની સ્થિતિગત રસસ્પર્ધકોની સંખ્યાથી ન્યૂન છે તે અનંતગુણ જાણવું. તેના કરતાં ઉત્કૃષ્ટ નિક્ષેપ સવિશેષ (એટલે કે વિશેષાધિક) જાણવો. તેના કરતાં પણ ઉત્કૃષ્ટ સ્થિતિ અને અનુભાગની સત્તા સહિત એવો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ અને અનુભાગ બંધ વિશેષાધિક જાણવો. ॥૯-૧૦॥

**વિવેચન :-** આ બન્ને ગાથામાં ઉદ્‌વર્તના અને અપવર્તનાનું સાથે અલ્પબહુત્વ ગ્રંથકારશ્રી જણાવે છે :- કોઈ પણ એક સ્થિતિ સ્થાનમાં રહેલી (બંધાયેલી) જે કાર્મણ વર્ગણા છે. તેમાં ચડતા ક્રમે વર્ગણાઓનાં જે સ્પર્ધકો થાય છે. તેમાં અનુક્રમ આ પ્રમાણે છે. કોઈ પણ એક સ્થિતિ સ્થાનમાં રસનાં જે સ્પર્ધકો છે. તેને ક્રમસર સ્થાપીને ગણાય છે. સર્વથી જઘન્ય રસવાળુ સ્પર્ધક પહેલું, તેનાથી વિશેષાધિક રસવાળું સ્પર્ધક બીજું, તેનાથી પણ અધિક રસવાળું સ્પર્ધક ત્રીજું, આ પ્રમાણે ક્રમસર અધિક અધિક રસવાળાં સ્પર્ધકોને ગોઠવતાં ગોઠવતાં સૌથી અધિક રસવાળું સ્પર્ધક અન્તે ગોઠવવું.

ત્યાં આદિમ સ્પર્ધકથી અન્તિમ સ્પર્ધક સુધી રસ વિશેષ વિશેષ અધિક અધિક છે. પરંતુ પ્રદેશોની અપેક્ષાએ ઉત્તરોત્તર સ્પર્ધકો વિશેષહીન વિશેષહીન પ્રદેશોવાળાં છે. પરંતુ તે જ સ્પર્ધકોને જો ઉલટી રીતે જોઈએ તો એટલે કે અન્તિમ સ્પર્ધકથી આરંભીને નીચે નીચેનાં સ્પર્ધકો જો તપાસવામાં આવે તો પ્રદેશોની અપેક્ષાએ વિશેષ અધિક વિશેષઅધિક પ્રદેશોવાળાં તે સ્પર્ધકો છે. કારણ કે અધિક અધિક રસવાળાં સ્પર્ધકો હીનહીન પ્રદેશોવાળાં જ હોય છે. તે સ્પર્ધકોમાં જે એક દ્વિગુણવૃદ્ધિ અથવા એક દ્વિગુણહાનિની વચ્ચે જે અનુભાગ સ્પર્ધકનો સમૂહ છે તે સર્વથી અલ્પ છે.

(૧) અથવા પૂર્વે કહેલા સ્નેહ પ્રત્યય સ્પર્ધકમાં અનુભાગના વિષયવાળી દ્વિગુણવૃદ્ધિના આંતરામાં અથવા દ્વિગુણહાનિના આંતરામાં વર્તતું અનુભાગ પટલ એટલે કે રસનાં સ્પર્ધકોનો સમૂહ તે હવે જે કંઈ કહેવાશે તેની અપેક્ષાએ સૌથી અલ્પ છે.

(૨) તેના કરતાં (દુસુ) ઉદ્‌વર્તનામાં તથા અપવર્તનામાં જે જઘન્ય નિક્ષેપ થાય છે. તે અનંતગુણો છે અને પરસ્પર સ્વસ્થાનમાં તુલ્ય છે. જો કે ઉદ્‌વર્તનામાં જે જઘન્ય નિક્ષેપ છે તે આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલા અનુભાગના (રસના) સ્પર્ધકોના સમૂહ રૂપ છે. જ્યારે અપવર્તનામાં જે રસસ્પર્ધકો છે તે સમયાધિક આવલિકાના ત્રીજા ભાગમાં રહેલા સ્પર્ધકોના સમૂહરૂપ છે. એટલે ઉદ્‌વર્તના કરતાં અપવર્તનામાં અધિક સ્પર્ધકો છે. એમ લાગે પરંતુ તો પણ પ્રાથમિક સ્થિતિ સ્થાનોમાં સ્પર્ધકો થોડાં થોડાં જ હોય છે અને અન્તિમ સ્થિતિ સ્થાનોમાં તે રસસ્પર્ધકો ઘણાં ઘણાં હોય છે. તેથી અપવર્તનાના પ્રસંગમાં પ્રાથમિકમાં સમયાધિક આવલિકાના ત્રીજા ભાગમાં જેટલાં રસ સ્પર્ધકો થાય છે. તેટલાં જ બરાબર સ્પર્ધકો ઉદ્‌વર્તનામાં ઉપરના આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રસનાં સ્પર્ધકો પણ થાય

છે. અપવર્તના નીચેના ભાગમાં છે અને ઉદ્‌વર્તના ઉપરના ભાગમાં છે જેથી રસસ્પર્ધકો સમાન હોઈ શકે છે.

તે કારણથી બન્ને ભાગોમાં સ્પર્ધકોની તુલ્યતાનું જે વિધાન છે. તેમાં કોઈ વિરોધ આવતો નથી. માટે અપવર્તનામાં પ્રાથમિક સ્થિતિસ્થાનો ઘણાં, પરંતુ રસનાં સ્પર્ધકો અલ્પ માત્રામાં છે. જ્યારે ઉદ્‌વર્તનામાં અન્તિમ સ્થિતિસ્થાનો થોડા, પરંતુ રસનાં સ્પર્ધકો ઘણાં જ અધિક હોવાથી બન્નેની તુલ્યતાનું વિધાન કરવામાં કોઈ વિરોધ આવતો નથી.

આ જ ભાવના અર્થાત્ આ જ યુક્તિ (દલિલ) અતીત્થાપનામાં અને ઉત્કૃષ્ટ નિક્ષેપમાં પણ સમજવી સારાંશ કે ઉદ્‌વર્તનામાં અને અપવર્તનામાં એમ બન્નેમાં નિક્ષેપ કરતાં અતીત્થાપના અનંતગુણી છે અને પરસ્પર તુલ્ય છે. જો કે રસની ઉદ્‌વર્તનામાં અતીત્થાપના આવલિકાનો અસંખ્યાતમો ભાગ છે અને રસની અપવર્તનામાં એક સમય ન્યૂન આવલિકાના બે તૃતીયાંશ ભાગ સ્વરૂપ છે. તો પણ ઉદ્‌વર્તનામાં ઉપરિભાગવર્તી અને અપવર્તનામાં અધો ભાગવર્તી સ્થાનો હોવાથી તુલ્યતા ઘટી શકે છે. વિશેષ તો કેવલી પરમાત્મા જાણે.

આ બન્ને ગાથાઓમાં જે **क्रमशः** શબ્દ છે તે પૂર્વના (૨૧૩મા) પાના ઉપર ૧ નંબરમાં જે વિષયનું વિધાન છે. તેની અપેક્ષાએ આ (૨૧૩મા) પાના ઉપરનું જે બે નંબરનું વિધાન કરવામાં આવ્યું છે ત્યાં આ ક્રમશઃ શબ્દ જોડવો. પરંતુ તુલ્ય તરીકે જેનું વિધાન કરવામાં આવ્યું છે. તેવી અતીત્થાપનામાં અને ઉત્કૃષ્ટ નિક્ષેપમાં આ ક્રમશઃ શબ્દ ન જોડવો. કારણ કે તે બન્ને પરસ્પર તુલ્ય છે.

(૩) તથા ઉપર કહેલા બે નંબરવાળા સ્થાનો કરતાં એટલે કે ઉદ્‌વર્તતા અને અપવર્તનાનાં નિક્ષેપસ્થાનો કરતાં વ્યાઘાતથી બહિર્ભૂત (અર્થાત્ નિર્વ્યાઘાત) એવી અતીત્થાપના અનંતગુણ છે. સ્વસ્થાનમાં બન્ને અતીત્થાપના પરસ્પર તુલ્ય છે. જોકે રસની ઉદ્‌વર્તનામાં અતીત્થાપના આવલિકાનો અસંખ્યાતમો ભાગ છે અને રસની અપવર્તનામાં એક સમય ન્યૂન આવલિકાના બે તૃતીયાંશ ભાગ જેટલી અતીત્થાપના છે. તો પણ ઉદ્‌વર્તનામાં ઉપરિભાગવર્તી અતીત્થાપના હોવાથી અને અપવર્તનામાં અધોભાગવર્તી અતીત્થાપના હોવાથી પરસ્પર તુલ્યપણુ હોઈ શકે છે. કારણ કે ઉદ્‌વર્તનામાં ઉપરના ભાગમાં સમાન રસવાળા પરમાણુઓ ઓછા મળવાથી વર્ગણાઓ અને સ્પર્ધકો વધારે થાય છે અને અપવર્તનામાં નીચેના ભાગમાં સમાન રસવાળા ઘણા ઘણા પરમાણુઓ મળવાથી વર્ગણાઓ અને સ્પર્ધકો ઓછાં ઓછાં થાય છે. પરંતુ આવલિકાનો અસંખ્યાતો ભાગ અને આવલિકાનો ત્રીજો ભાગ એમ કાળથી વિષમતા હોવા છતાં સ્પર્ધકોનું તુલ્યપણું હોઈ શકે છે.

(૪) તેના કરતાં પણ એક સમય માત્રની સ્થિતિમાં રહેલાં રસનાં સ્પર્ધકો વડે ન્યૂન એવું ઉત્કૃષ્ટ અતીત્થાપનાપણે પ્રગટ થતું અનુભાગ કંડક જે છે તે અનંતગુણ અધિક છે.

(૫) તેના કરતાં પણ ઉદ્વર્તનામાં અને અપવર્તનામાં ઉત્કૃષ્ટ નિક્ષેપ વિશેષાધિક છે અને ઉદ્વર્તના તથા અપવર્તનામાં આ ઉત્કૃષ્ટ નિક્ષેપ પરસ્પર તુલ્ય છે.

(૬) તેના કરતાં પણ સસદ્બન્ધ એટલે કે પૂર્વકાલમાં બાંધેલી ઉત્કૃષ્ટ સ્થિતિ અને ઉત્કૃષ્ટ રસની સત્તા સહિત હાલ બંધાતી ઉત્કૃષ્ટ સ્થિતિ તથા બંધાતો ઉત્કૃષ્ટ રસ સવિશેષ છે. એટલે કે વિશેષાધિક છે. કારણ કે સમયાધિક એવી અતીત્થાપનાની આવલિકામાં રહેલાં પૂર્વે બાંધેલા અને હાલ બંધાતાં રસનાં સ્પર્ધકો વડે તેમાં અધિકપણું થાય છે તે માટે આ પ્રમાણે આ છ બોલનું અલ્પબહુત્વ આ ગાથામાં સમજાવ્યું. ॥૮-૯॥

*અવતરણ :- હવે આ ગાથામાં ઉદ્વર્તના તથા અપવર્તનાના વિષયમાં કાલનિયમન તથા વિષય નિયમન કહે છે :-*

**आबंधा उक्कड्ढइ, सव्वहिमोक्कड्ढणा ठिइरसाणं ।**
**किट्टीवज्जे उभयं, किट्टिसु ओवट्टणा एक्का ॥ १० ॥**

**ગાથાર્થ :-** તે તે પ્રકૃતિનો બંધ હોય ત્યારે જ ઉદ્વર્તના પ્રવર્તે છે અને અપવર્તના સ્થિતિ-રસની સર્વત્ર પ્રવર્તે છે. કિટ્ટીકૃત દલિકને વર્જીને બાકીના તમામમાં બન્ને પ્રવર્તે છે. પરંતુ કિટ્ટીકૃત દલિકમાં તો એકલી અપવર્તના જ પ્રવર્તે છે. ॥૧૦॥

**વિવેચન :-** आबन्धात् = જે કર્મપ્રકૃતિનો જ્યાં સુધી બંધ પ્રવર્તે છે. તે કર્મપ્રકૃતિના સ્થિતિ-રસની ત્યાં સુધી જ ઉદ્વર્તના થાય છે. તેનાથી આગળ ઉદ્વર્તના પ્રવર્તતી નથી અર્થાત્ જે જે કર્મપ્રકૃતિનો જ્યાં જ્યાં બંધવિચ્છેદ થાય છે. ત્યાંથી આગળ આ જીવ તે તે કર્મ પ્રકૃતિઓના સ્થિતિ-રસની ઉદ્વર્તના કરતો નથી અર્થાત્ ઉદ્વર્તના થતી નથી.

તથા સ્થિતિ અને રસની અપવર્તના તો બંધ હોય તો પણ થાય છે અને બંધ ન હોય તો પણ સર્વકાલ પ્રવર્તે છે. ઉદ્વર્તનામાં બંધ સાથે સંબંધ છે. અપવર્તનામાં બંધ સાથે સંબંધ નથી. આ પ્રમાણે આ કાલનિયમ કહ્યો. ઉદ્વર્તના ક્યારે પ્રવર્તે ? અને અપવર્તના ક્યારે પ્રવર્તે ? આ વાત સમજાવી.

૧. પ્રત્યેક સ્થિતિસ્થાનો રસનાં અનંત અનંત સ્પર્ધકોથી ભરેલાં હોય છે. તેથી ઉદ્વર્તના-અપવર્તના અનંતા સ્પર્ધકોની થઈ શકે છે. તથા તેનો નિક્ષેપ પણ નીચે અને ઉપર અનંત સ્પર્ધકોમાં થાય છે. આ કારણે આ અલ્પબહુત્વમાં નિક્ષેપના સ્થાનોમાં તથા અતીત્થાપનામાં રસસ્પર્ધકો જે અનંત કહ્યાં છે તે ઉચિત જ છે.

અથવા आबन्धात् પદનો બીજો આવો અર્થ પણ કરવો કે જેટલી માત્રા વાળી નવી સ્થિતિ અને જેટલી માત્રાવાળો નવો રસ બંધાતો હોય, તેટલી જ જુની બાંધેલી સ્થિતિની અને તેટલાજ જુના બાંધેલા રસની ઉદ્વર્તના થાય છે. પરંતુ વર્તમાનકાલે ચાલતા બંધ કરતાં અતીતકાળમાં બાંધેલાં કર્મોની જેટલા પ્રમાણની સ્થિતિ રસ અધિક સત્તામાં પડેલાં હોય તેની ઉદ્વર્તના થતી નથી.[1]

ઉદ્વર્તનામાં જેવો બંધ સાથે નિયમ છે. તેવો અપવર્તનામાં બંધ સાથે નિયમ નથી. તે કારણથી વર્તમાનકાળમાં ચાલતા બંધના પ્રમાણ કરતાં અતીત કાળમાં બાંધેલા અને સત્તામાં રહેલા એવા સ્થિતિ અને રસ વધારે માત્રામાં હોય તો પણ અને અલ્પ માત્રામાં હોય તો પણ તે સ્થિતિ-રસની અપવર્તના થાય છે.

સારાંશ કે બન્ધના પ્રમાણથી સત્તાગત સ્થિતિ અને સત્તાગત રસ ન્યૂન હોય તો પણ તથા પૂર્વકાલની સ્થિતિ અને રસ કરતાં નવી બંધાતી સ્થિતિ અને રસ અધિક માત્રામાં હોય તો પણ અપવર્તના સર્વત્ર થઈ શકે છે.

તથા જે કર્મદલિકોનો રસ કિટ્ટીકૃત થયો નથી અર્થાત્ સૂક્ષ્મ કરાયો નથી. હજુ બાદર જ છે. ત્યાં ઉદ્વર્તના અને અપવર્તના એમ બન્ને પ્રવર્તે છે અને જે કર્મદલિકોનો રસ કિટ્ટીકૃત કરાયો છે અર્થાત્ સૂક્ષ્મ કરાયો છે. ત્યાં કેવળ એકલી અપવર્તના જ પ્રવર્તે છે. પરંતુ ત્યાં ઉદ્વર્તના પ્રવર્તતી નથી. આ વિષય નિયમ જણાવ્યો. ॥૧૦॥

**આ પ્રમાણે કર્મપ્રકૃતિ નામના આ ગ્રંથમાં ઉદ્વર્તના અને અપવર્તનાકરણનો આ અધિકાર સમાપ્ત થયો.**

---

૧. વર્તમાન કાલે જે પ્રકૃતિનો બંધ ચાલતો હોય તેના જ સ્થિતિ-રસની ઉદ્વર્તના થાય એટલો જ નિયમ નથી. પરંતુ જેટલી માત્રામાં બંધ ચાલતો હોય તેટલી માત્રાવાળી જુની બાંધેલી સ્થિતિનો તથા જુના બાંધેલા રસની ઉદ્વર્તના થઈ શકે છે. પણ સત્તાગત અધિક સ્થિતિ-રસની ઉદ્વર્તના થતી નથી. આ વાત ખાસ ધ્યાનમાં રાખવી. ઉદાહરણ તરીકે જ્ઞાનાવરણીય કર્મની સત્તાગત સ્થિતિ ધારો કે દશ કોડાકોડી સાગરોપમ સ્ટોકમાં છે. પણ નવો બંધ વિશુદ્ધિના કારણે પાંચ કોડાકોડી સાગરોપમ થાય છે. ત્યારે પ્રારંભનાં પાંચસો વર્ષ પ્રમાણ સ્થિતિ સ્થાનો નવા બંધની અબાધા રૂપ હોવાથી તેને છોડીને પાંચસો એક, પાંચસો બે ઇત્યાદિ સ્થાનોની ઉદ્વર્તના જીવ કરે છે. પરંતુ સત્તાગત દશ કોડાકોડીની સ્થિતિમાંથી માત્ર પ્રારંભની પાંચ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ સ્થાનોમાં જ આ ઉદ્વર્તના પ્રવર્તે છે. પરંતુ અધિક જે સત્તાગત છ થી દસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ છે. ત્યાં ઉદ્વર્તના પ્રવર્તતી નથી. સ્થિતિને અનુસારે રસમાં પણ આ જ પ્રમાણે સ્વયં સમજી લેવું.



श्रीमद्पूज्यस्य वाचा, कथनगुणगणैः ।
सम्भृता दीप्यमाना ।
सूक्ष्मार्थैरुत्प्रगाढा, विविधनययुता ।
सर्वनिक्षेपदृप्ता ॥
अध्यात्मानन्दपूता, मुनिजनविधृता ।
नैकगम्भीरभावा ।
सैषा विद्वद्मनोज्ञा, नयविजयशिशोः ।
श्रीयशोदायिन्येषा ॥

ભાવાર્થ : પરમ પૂજ્ય શ્રી શિવશર્મસૂરીશ્વરજી કૃત "કમ્મપયડિ" નામના ગ્રંથ ઉપર બનાવેલી પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સાહેબની સંસ્કૃત ટીકા કેવી છે ? તેનું યત્કિંચિત્ વર્ણન આ શ્લોકમાં છે.

(૧) કથન કરવાના ઘણા ગુણોના સમૂહથી ભરપૂર ભરેલી, (૨) દેદીપ્યમાન, (૩) સૂક્ષ્મ-સૂક્ષ્મ અર્થોથી ઉંડા વિષયવાળી, (૪) અનેક પ્રકારના નયોથી ભરપૂર ભરેલી, (૫) અધ્યાત્મદશાના આનંદને આપવાથી અતિશય પવિત્ર બનેલી, (૬) મહાત્મા એવા મુનિપુરુષો વડે વારંવાર ધારણ કરાયેલી અર્થાત્ વાંચનમાં લેવાયેલી, અને (૭) વિદ્વાન પુરુષોના મનને હરણ કરનારી (મનને ખૂબ જ ગમી જનારી) એવી આ પૂજ્ય નયવિજયજી મહારાજશ્રીના શિષ્ય એવા શ્રીમદ્ અને પૂજ્ય એવા વિશેષણોવાળા ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજશ્રીની બનાવેલી આ સંસ્કૃત ટીકાનું ખરેખર (પઠન-પાઠન કરવાથી) વાસ્તવિક યશને આપનારી બને તેવી છે. માટે હૃદય પરોવીને આ ગ્રંથનો ખૂબ જ અભ્યાસ કરજો એવી હાર્દિક-આશા સાથે આ ગુજરાતી વિવેચન શ્રી સંઘના કરકમલમાં ઘણાં જ અહોભાવ સાથે સમર્પિત કરું છું.

આવા ગ્રન્થો બનાવનારા મહાત્મા,
પુરુષોને વારંવાર નમસ્કાર

એ જ આશા
દ. ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

BHARAT GRAPHICS - Ahmedabad-1
Ph. : 079-22134176, M : 9925020106